॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૮

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## નિરયાવલિકા-પંચક — પયન્નાઓ-૧૦+૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૨૮ માં છે...

- ૦ નિરયાવલિકા
- ૦ કલ્પવતંસિકા
- ૦ પુષ્પિકા
- ૦ પુષ્પચૂલિકા
- ૦ વૃષ્ણિદશા

આ પાંચ ઉપાંગસૂત્રો ક્રમ-૮ થી ૧૨

- ૦ ચતુઃશરણ
- ૦ આતુર પ્રત્યાખ્યાન
- ૦ મહાપ્રત્યાખ્યાન
- ૦ ભક્તપરિજ્ઞા
- ૦ તંદુલ વૈચારિક
- ૦ સંસ્તારક
- ૦ ગચ્છાચાર
- ૦ ગણિવિદ્યા
- ૦ દેવેન્દ્રસ્તવ
- ૦ વીરસ્તવ
- ૦ ચંદ્રવેધ્યક

આ દશ + એક [વૈકલ્પિક] પયન્નાસૂત્રો

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨૮ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**આગમ સટીક અનુવાદશ્રેણિના સર્જક**

***મુનિ શ્રી દીપરત્નસાગરજી મ.સા.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**૦ શ્રી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ**

**– થાનગઢ**

**૦ શાહ હંજારીમલજી ભૂરમલજી**

**– કર્નૂલ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્દગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે "કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્ય્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દેષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફસ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**નમો નમો નિમ્મલદંસણસ્સ**

**પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# -: ભાગ-૨૮ :-

આ ભાગમાં કુલ-૧૫ આગમોનો સમાવેશ કરાયેલ છે. જેનો સંક્ષેપમાં ઉલ્લેખ કરીએ તો ''નિરયાવલિકા-પંચક'' અને ''દશ પયન્ના'' કહેવાય. ઉપાંગ સૂત્રોમાં ઉપાંગ ૮ થી ૧૨ માં પાંચ ઉપાંગ સૂત્રો આવે છે – નિરયાવલિકા, કલ્પવતંસિકા, પુષ્પિતા, પુષ્પચૂલિકા, વૃષ્ણિદશા. આ પાંચેનો નિરયાવલિકા-પંચકરૂપે ઉલ્લેખ પ્રાપ્ત છે. તેની વિશેષ પ્રસ્તાવના અમારા પૂર્વના આગમ-પ્રકાશનોથી જાણવી.

દશ પયન્નામાં પણ નામોની પસંદગીમાં ભેદ છે. અમોએ અહીં સ્વીકારેલ પયન્ના આ પ્રમાણે છે – ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, ભક્તપરિજ્ઞા, તંદુલવૈચારિક, સંસ્તારક, ગચ્છાચાર વિકલ્પમાં ચંદ્રવેધ્યક, ગણિવિધા, દેવેન્દ્રસ્તવ, વીરસ્તવ. એ રીતે ૧૦ + ૧ એમ વિકલ્પ સહિત ૧૧-પયન્ના લીધેલ છે.

ઉપાંગ સૂત્ર-નિરયાવલિકાપંચકની વૃત્તિ શ્રી ચંદ્રસૂરિજીની સુપ્રાપ્ય છે, તેનો અત્રે ટીકાનુવાદમાં સમાવેશ કરેલ છે.

પયન્ના સૂત્રોમાં અમે ચતુઃશરણ અને તંદુલવૈચારિકમાં વિજય વિમલ ગણિ કૃત્ વૃત્તિ લીધી છે, આતુર પ્રત્યાખ્યાન અને સંસ્તારક માટે ગુણરત્નસૂરિકૃત્ અવચૂરી લીધી છે, ગચ્છાચાર માટે શ્રી વાનર્ષિની લઘુવૃત્તિ અવચૂરી લીધી છે. બાકીના પયન્નામાં માત્ર મૂળનો અર્થ છે. અંચલગચ્છીય ટીકા અમે લીધેલ નથી.

ઉક્ત પંદરે આગમોના વિષય ભિન્ન-ભિન્ન હોવાથી અમે અહીં પ્રસ્તાવનામાં તે પ્રત્યેકની વિષયચર્ચાનો ઉલ્લેખ કરતા નથી, તે જિજ્ઞાસુઓએ અન્ય ગ્રંથથી જાણવા.

પાંચે ઉપાંગો કથાનુયોગની મુખ્યતાવાળા છે, પયન્ના સૂત્રોમાં અંતિમ આરાધના અને આચરણાની પ્રધાનતા છે.





# ૧૯ | નિરયાવલિકા-ઉપાંગસૂત્ર-૮

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ શ્રી શાંતિનાથ દેવને નમસ્કાર થાઓ. શ્રી પાર્શ્વનાથને નમસ્કાર કરીને પ્રાયઃ અન્ય ગ્રંથમાં જોયેલ, નિરયાવલિકા શ્રુતસ્કંધની વ્યાખ્યા કંઈક પ્રકાશિત કરીએ છીએ. તેમાં નિરયાવલિકા નામક ઉપાંગગ્રંથને અર્થથી, શ્રી મહાવીરના મુખથી નીકળેલ વચનને કહેવા ઈચ્છતા શ્રી સુધર્મસ્વામી સૂત્રકાર કહે છે - x -

### ❀ અધ્યયન-૧-કાલી ❀

-- x -- x -- x --

● **સૂત્ર-૧ :-**

***તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ઋદ્ધિમંત૦ આદિ. તેની બહાર ઈશાનખૂણામાં ગુણશીલ ચૈત્ય હતું - વર્ણન૦ ત્યાં અશોક નામે વૃક્ષ અને પૃથ્વીશિલાપટ્ટક હતો.***

● **વિવેચન-૧ :-**

તે કાળે - અવસર્પિણીના ચોથા આરારૂપ. તે સમયે - તેમાં વિશેષરૂપે જેમાં તે રાજગૃહ નામે નગર છે, શ્રેણિક નામે રાજા છે. સુધર્મા [વર્ધમાન] સ્વામી છે. [હતાં]. અવસર્પિણીત્વથી કાળનું વર્ણન ગ્રંથવર્ણિત વિભૂતિયુક્ત અહીં નથી. ''ઋદ્ધ'' શબ્દથી અહીં નગર વર્ણન સૂચવેલ છે. તે આ પ્રમાણે –

ભવનાદિથી વૃદ્ધિને પામેલ, ભયવર્જિતપણાથી સ્થિર, ધનધાન્યાદિથી સમૃદ્ધ. પ્રમોદ કારણ વસ્તુના સદ્‌ભાવથી પ્રમુદિત લોકો નગરમાં રહેતાં લોકો, ત્યાં આવીને રહેલા-જાનપદો. સૌભાગ્યના અતિશયથી ખુલ્લા, અનિમિષ નયનો વડે તે પ્રેક્ષણીય છે. ચિત્તને પ્રસક્તિકારી-પ્રાસાદીય છે. જેને જોતાં ચક્ષુને શ્રમ ન લાગે તેવું દર્શનીય છે. મનોજ્ઞરૂપ છે. જોનાર-જોનાર પ્રત્યે સુંદરરૂપ છે.

તેના ઈશાન ખૂણામાં ગુણશિલ નામે ચૈત્ય હતું. ચૈત્ય એટલે અહીં વ્યંતરનું આયતન. ચૈત્યવર્ણન - તેની સ્થાપના ચિરકાળથી થયેલ હતી. પૂર્વ પુરુષોએ તે પૂજવા યોગ્યપણે પ્રકાશિત કરેલ હતું. છત્ર-ધ્વજા-પતાકા સહિત હતું. તેમાં વેદિકા રચેલ હતી. ભૂમિતલ છાણ આદિથી લિંપેલ હતું, ભીંતો ખડી ચુના આદિથી ધોળેલ હતી. તેથી આ બંને વડે પૂજિત જેવું - પૂજેલું હતું.

તે ગુણશીલ ચૈત્યમાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ હતું. તે વૃક્ષની નીચે થડની પાસે એક મોટો પૃથ્વીશિલાપટ્ટક હતો. તેની લંબાઈ-પહોળાઈ સુપ્રમાણ હતી. આજિનક-ચર્મમય વસ્ત્ર, રૂ, બૂર નામક વનસ્પતિ, નવનીત-માખણ, તૂલ-આકડાનું રુ. આ બધાં જેવો તેનો અતિ કોમળ સ્પર્શ હતો. તથા તે પ્રાસાદીયાદિ હતો.

● **સૂત્ર-૨ :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય આર્ય સુધર્મા નામે અણગાર જાતિસંપન્ન, કેશી ગણધર સમાન હતા. ૫૦૦ અણગારો સાથે પરિવરેલા, પૂર્વાનુપૂર્વીથી વિચરતા, જ્યાં રાજગૃહનગર યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરી સંયમ વડે યાવત્ વિચરતા હતા.***

***પર્ષદા નીકળી, ધર્મ કહ્યો, પર્ષદા પાછી ફરી.***

● **વિવેચન-૨ :-**

જાતિસંપન્ન - ઉત્તમ માતૃપક્ષયુક્ત. અન્યથા માતૃકપક્ષ સંપન્નત્વ પુરુષ માત્રને હોય, તેથી ઉત્કર્ષના અભિધાન માટે આ વિશેષણ ગ્રહણ કરેલ છે. કુલ - પિતૃપક્ષ. બલ-સંહનન વિશેષથી સમુત્પન્ન પ્રાણ. અહીં કેશી સ્વામીનું વર્ણન કહેવું. વિનયથી યુક્ત, લાઘવ - દ્રવ્યથી અલ્પ ઉપધિત્વ, ભાવથી - ત્રણ ગૌરવનો ત્યાગ. ઓયંસી - મનના ધૈર્યવાળા, તેયંસી - શરીરની પ્રભાવાળા, વચ્ચંસી - સૌભાગ્યાદિયુક્ત વચનવાળા, જસંસી - ખ્યાતિવાળા.

ક્રોધ, માન, માયા, લોભને જીતનારા અર્થાત્ ઉદયપ્રાપ્ત ક્રોધાદિને વિફળ કરનારા, જીવવા-પ્રાણ ધારણની વાંછા અને મરણના ભયથી વિપ્રમુક્ત અર્થાત્ તે બંનેના ઉપેક્ષક. બીજા મુનિજનની અપેક્ષાથી તપમાં ઉત્તમ તે તપોપ્રધાન, સંયમગુણમાં પ્રધાન, ચારિત્રપ્રધાન, અનાચાર પ્રવૃત્તિના નિષેધથી નિગ્રહપ્રધાન, અલ્પ સત્ત્વવાળા જીવો વડે દુઃખે કરીને આચરી શકાય તેવા ઘોર બ્રહ્મચર્યવાસી. શરીરને તજેલ હોય તેવા અર્થાત્ શરીરસત્કારમાં નિસ્પૃહી. કેવળ જ્ઞાન સિવાયના ચાર જ્ઞાનોપયુક્ત.

એવા આચાર્ય સુધર્મા ૫૦૦ અણગારો સાથે પરિવરી પૂર્વાનુપૂર્વી - અનુક્રમથી સંચરતા, વિવક્ષિત ગામથી બીજે ગામ તે ગ્રામાનુગ્રામ જતાં - એક ગામથી બીજું ગામ ઉલ્લંઘ્યા સિવાય જતાં, આના વડે અપ્રતિબદ્ધ વિહાર કહ્યો. તેવો વિહાર પણ ઉત્સુકતા રહિત કહ્યો. સુખેસુખે - શરીરના ખેદના અભાવે, સંયમની બાધા રહિત વિચરતા કે ગ્રામાદિમાં રહેતા હતા.

જ્યાં રાજગૃહ નગર, જ્યાં ગુણશિલક ચૈત્ય છે, ત્યાં આવે છે. આવીને યથોચિત મુનિજન અવગ્રહ - આવાસને અનુજ્ઞાપૂર્વક ગ્રહણ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહે છે.

શ્રેણિકરાજાદિ લોકો-પર્ષદા સુધર્માસ્વામીના વંદનાર્થે નીકળી, ધર્મ સાંભળીને, જે દિશાથી આવેલા, તે જ દિશામાં પર્ષદા-પાછી ગઈ.

● **સૂત્ર-૩ :-**

***તે કાળે તે સમયે આર્ય સુધર્મા અણગારના શિષ્ય જંબૂ નામે અણગાર, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત યાવત્ સંક્ષિપ્ત-વિપુલ તેજ લેશ્યાવાળા, સુધર્મા અણગારની કંઈક સમીપ, ઉર્ધ્વજાનૂ થઈ યાવત્ વિચરતા હતા.***

● **વિવેચન-૩ :-**

- x - આર્ય જંબૂનામે અણગાર કાશ્યપ ગોત્રીય હતા. સાત હાથ ઉંચા,



સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, સુવર્ણનો પુલક, તેની જે કષપટ્ટ રેખારૂપ, પદ્મગર્ભવત્ જે ગૌર. - x - x - ઉગ્ર-અપ્રધૃષ્ય તપવાળા. તાપિત તપ યુક્ત - જેના વડે કર્મો તપાવાય, તે તપથી સ્વાત્મા પણ તપોરૂપ સંતાપિત છે. દીપ્તતપ - હુતાશન માફક જ્વલત તેજ, કર્મવનના દાહકત્વથી છે. ઉદાર-પ્રધાન. ઘોર-નિર્ઘૃણ પરીષહ-ઈન્દ્રિય-કષાય નામક શત્રુનો વિનાશ કરવા નિર્ઘૃણ. બીજા વડે આચરી ન શકે તેવા વ્રતવાળા, ઘોર તપ વડે યુક્ત, શરીરની અંદર લીન, અનેક યોજન પ્રમાણ ક્ષેત્ર આશ્રિત વસ્તુના દહનમાં સમર્થ, વિશિષ્ટ તપોજન્ય લબ્ધિવિશેષ પ્રભાવ - તેજોલેશ્યા આદિ ગુણવિશિષ્ટ જંબૂસ્વામી, સુધર્માસ્વામી સ્થવિરની બહુ દૂર નહીં - બહુ નીકટ નહીં તેવા ઉચિત પ્રદેશે રહ્યા.

કઈ રીતે ? શુદ્ધ પૃથ્વી આસન વર્જીને, ઔપગ્રહિક નિષધાના અભાવથી ઉત્કટુક આસને રહીને, તે ઉર્ધ્વ જાનુ, અધોમુખ - ઉંચે કે તીર્છી દૃષ્ટિ રાખીને. નિયત ભૂભાગે નિયમિત દૃષ્ટિવાળા. ધ્યાનરૂપ જે કોષ્ઠ, જેમાં કોઠામાં રહેલ ધાન્ય વિખેરાતું નથી તેમ, તે ભગવન્ ધર્મધ્યાન કોષ્ઠમાં પ્રવેશીને, ઈન્દ્રિય અને મનને આશ્રીને સંવૃતાત્મા થાય છે. સંવર અને તપ વડે આત્મામાં વાસિત થઈને રહે છે.

● **સૂત્ર-૪ :-**

***ત્યારે તે જંબૂસ્વામી જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતાં આમ કહે છે કે — ભગવન્ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્તે ઉપાંગોનો શો અર્થ કહેલો છે ?***

***નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવંતે યાવત્ એ પ્રમાણે ઉપાંગોના પાંચ વર્ગો કહ્યા છે, તે આ પ્રમાણે — નિરયાવલિકા, કલ્પવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા અને વૃષ્ણિદશા.***

***ભગવન્ ! જો શ્રમણ ભગવંતે૦ ઉપાંગના પાંચ વર્ગો કહેલા છે - x - તો ભગવન્ ! પહેલાં વર્ગરૂપ ઉપાંગ - નિરયાવલિકાના શ્રમણ ભગવંતે૦ કેટલાં અધ્યયનો કહ્યા છે ?***

***નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવંતે૦ ઉપાંગોના પ્રથમ વર્ગ નિરયાવલિકાના દશ અધ્યયનો કહેલા છે — કાલ, સુકાલ, મહાકાલ, કૃષ્ણ, સુકૃષ્ણ, મહાકૃષ્ણ, વીરકૃષ્ણ, રામકૃષ્ણ, પિતૃસેનકૃષ્ણ અને મહાસેનકૃષ્ણ.***

● **વિવેચન-૪ :-**

ધ્યાન પછી તે આર્ય જંબૂ, કેવા થયા ? જેને પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે. તેવા જાતશ્રદ્ધ - વક્ષ્યમાણ વસ્તુ તત્ત્વ પરિજ્ઞાન માટેની ઈચ્છાવાળા થયા. તથા સંશયવાળા, કુતૂહલ - ઉત્સુકતા વાળા - બધી વસ્તુનો વ્યતિકર અંગસૂત્રોમાં કહ્યા પછી ઉપાંગોમાં બીજો શો અર્થ ભગવંતે કહ્યો હશે ? તેને હું કઈ રીતે જાણીશ ? તેવી ઉત્સુકતાથી ઉભા થઈને આર્ય સુધર્માને ત્રણવાર આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે - દક્ષિણ બાજુથી આરંભીને પરિભ્રમણ કરતાં ફરી દક્ષિણ પાર્શ્વની પ્રાપ્તિ, તેને કરે છે. પછી વચનથી સ્તુતિ કરે છે, કાયાથી નમન કરે છે, ઉચિત દેશે શ્રવણની ઈચ્છાથી નમન કરતાં, અંજલિ જોડીને, વિનયથી, પર્યુપાસના કરતા બોલ્યા —

ભગવંતે ઉપાંગોના પાંચ વર્ગ કહ્યા. વર્ગ - અધ્યયન સમુદાય, તે પાંચ વર્ગ- નિરયાવલિકાદિ૦ છે. તેમાં પહેલો વર્ગ દશ અધ્યયનરૂપ કહેલ છે. અધ્યયન દશક - કાલ, કાલીનો પુત્ર તે કાલ, સુકાલીનો પુતર્ સુકાલ ઈત્યાદિ જાણવું. - x - x - કાળ, પછી સુકાલ, મહાકાલ એ ક્રમે દશ અધ્યયન છે. - x -

● **સૂત્ર-૫ :-**

***ભગવન્ ! જો શ્રમણ યાવત્ સંપ્રાપ્તે ઉપાંગના પ્રથમ વર્ગ નિરયાવલિકાના દશ અધ્યયનો કહ્યા, તો - x - પહેલાં અધ્યયનનો શો અર્થ ભગવંતે કહેલ છે ?***

***નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરત ક્ષેત્રમાં ચંપા નામે નગરી ઋદ્ધિવાળી નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ કોણિક નામે રાજા હતો.***

***તે કોણિક રાજાને પદ્માવતી નામે રાણી હતી. સુકુમાલ યાવત્ વિચરતી હતી. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની લઘુમાતા કાલી નામે રાણી હતી. તે સુકુમાલ યાવત્ સુરૂપા હતી.***

● **વિવેચન-૫ :-**

આ જંબૂદ્વીપ અર્થાત્ અસંખ્યેય જંબૂદ્વીપમાંના બીજા કોઈ નહીં. ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરી હતી. ઋદ્ધ-સ્તિમિતાદિ. તેના ઈશાન ખૂણામાં પૂર્ણભદ્ર ચૈત્ય- વ્યંતરાયતન હતું. કોણિક નામે શ્રેણિક રાજપુત્ર રાજા હતો. તે મહાહિમવંત જેવો મહાન્ - બીજા રાજાની અપેક્ષાથી, મલયપર્વત - મેરુ પર્વત અને શક્રાદિ દેવરાજ સમાન હતો. ત્યાં વિઘ્નો, રાજકુમારાદિકૃત્ ડમરો, વિડ્વર શાંત થયેલા હતા. એવો તે રાજ્યને પાલન કરતો રહેલો.

કોણિકની રાણી પદ્માવતી સુકુમાલ હાથ-પગ વાળી, અહીન પંચેન્દ્રિય શરીર, - x - લક્ષણ, વ્યંજન, ગુણો વડે ઉપયુક્ત - x - x - માન, ઉન્માન, પ્રમાણથી પ્રતિપૂર્ણ, સુજાત-સર્વાંગ સુંદરી - x - x - ચંદ્ર જેવી સૌમ્યાકાર, કમનીય, તેથી જ પ્રિય દર્શનવાળી, તેથી જ સ્વરૂપથી સુરૂપા પદ્માવતી દેવી કોણિક સાથે ઉદાર ભોગોપભોગને ભોગવતી રહેલી હતી. [વ્યાખ્યા પૂર્ણ સૂત્રોવત્]

બીજા કહે છે — કાર્તિકી ચંદ્રની જે વિમલ, પ્રતિપૂર્ણ, સૌમ્ય વદનવાળી. કુંડલો વડે ધૃષ્ટ કપોલ વિરચિત મૃગમદાદિ રેખાવાળી, શ્રૃંગાર રસના ગૃહ સમાન, ચારુ વેષવાળી.

કાલી નામે રાણી, શ્રેણિકની પત્ની, કોણિક રાજાની લઘુમાતા હતી. તેણી શ્રેણિક રાજાને વલ્લભ, કાંત, પ્રિયા, મનોજ્ઞા પ્રશસ્ત નામધેયા, હૃદયમાં ધારણીય, વિશ્વાસ્યા, સંમત, બહુમત, અનુમત, આભરણના કરંડીયા સમાન, માટીના તેલના ભાજનવત્ સુસંગોપ્યા, વસ્ત્રમંજૂષાવત્ સુસંપરિગ્રહિતા હતી. [વ્યાખ્યા પૂર્વ સૂત્રોવત્] તે કાલી શ્રેણિક રાજા સાથે યાવત્ વિચરતી હતી.

● **સૂત્ર-૬ :-**

***તે કાલીદેવીનો પુત્ર કાલ નામે કુમાર હતો. તે સુકુમાલ યાવત્ સુરૂપ***



***હતો. - - તે કાલકુમાર અન્ય કોઈ દિવસે ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ અશ્વ, ત્રણ કરોડ મનુષ્યો વડે ગરુડ વ્યૂહ રચીને, પોતાના અગિયારમા ભાગના સૈન્ય વડે કોણિકરાજા સાથે રથમુસલ સંગ્રામમાં ઉતર્યો.***

● **વિવેચન-૬ :-**

તેનો કાલ નામે પુત્ર હતો. તે સુકુમાલ૦ ઈત્યાદિ પૂર્વોક્ત વર્ણન પ્રાસાદીય, દર્શનીયાદિ સુધી કહેવું.

શ્રેણિક રાજાને બે રત્નો હતા - અઢાર સરોહાર, સેનચક હાથી. ત્યાં શ્રેણિક રાજાના રાજ્યના મૂલ્ય જેટલું તે દેવે આપેલ હાર અને હાથીનું મૂલ્ય હતું. તે હારની ઉત્પત્તિ પ્રસંગે કહેવાશે, કોણિકની ઉત્પત્તિ અહીં વિસ્તારથી કહીશું. કેમકે તેના કામમાં જ કાલાદિનું મરણ અને નરક યોગ્ય કર્મચય છે. વિશેષ એ - કોણિક ત્યારે કાલાદિ દશકુમાર સાથે ચંપામાં રાજ્ય કરતો હતો. તે બધાં પણ દોગુંદક દેવની માફક કામભોગ પરાયણ ત્રાયસ્ત્રિંશક દેવની જેમ - x - x - ભોગ ભોગવતા રહેલાં હતા.

હલ્લ અને વિહલ્લ નામે કોણિકના બીજા બે ભાઈઓ જે ચેલ્લણા રાણીના પુત્રો પણ હતા, હવે હારની ઉત્પત્તિ કહે છે —

શક્રેન્દ્રએ શ્રેણિકની ભગવંત પ્રત્યેની નિશ્ચલ ભક્તિની પ્રશંસા કરી. ત્યારે સેડુકનો જીવ દેવ થયેલો, તે ભક્તિથી પ્રસન્ન થઈ શ્રેણિકને તે હાર અને બે ગોળ દડા આપેલા. શ્રેણિકે તે હાર ચેલ્લણાને આપ્યો. બે ગોળ દડા અભયની માતા સુનંદાને આપ્યા. તે વખતે સુનંદાએ ''શું હું દાસી છું'' એમ કહી ગોળાને ભીંતમાં ફેંક્યા. ત્યારે ગોળા ફાટતા કુંડલ જોડ અને વસ્ત્ર જોડ નીકળ્યા.

કોઈ વખતે અભયકુમારે ભગવંતને પૂછ્યું — છેલ્લો રાજા કોણ દીક્ષા લેશે ? ભગવંતે કહ્યું — ઉદાયી, પછી કોઈ નહીં લે. ત્યારે અભયે રાજ્ય ન સ્વીકારતા કોણિકને રાજ્ય આપ્યું, હલ્લને સેચનક હાથી અને વિહલ્લને હાર આપ્યો. - x - અભયકુમારે માતા સહિત દીક્ષા લીધી. ચેલ્લણાના ત્રણ પુત્રો થયેલા - કોણિક, હલ્લ અને વિહલ્લ. હવે કોણિકની ઉત્પત્તિ કહીએ —

કાલી, મહાકાલી આદિ દશને કાલ, મહાકાલાદિ દશ પુત્રો હતા. કોણિકે કાલાદિ દશકુમારો સાથે મળીને શ્રેણિક રાજાને [પોતાના પિતાને] જેલમાં નાંખ્યા. કોણિક પૂર્વ ભવનું વૈર હોવાથી શ્રેણિકને રોજ સવાર-સાંજ ૧૦૦ કોરડા મારતો હતો. તેને ભોજન કે પાણી પણ ન આપતો. ચેલ્લણા પોતાના વાળમાં બાંધીને લઈ ગયેલ અડદના બાકુડાને મદિરાના પાણીથી ધોઈને આપતી.

કોઈ વખતે પદ્માવતીથી થયેલ કોણિકના પુત્રના નિમિત્તે - x - માતા ચેલ્લણાને કહ્યું કે — મને આ પુત્ર કેટલો પ્રિય છે ? ત્યારે ચેલ્લણાએ શ્રેણિકના કોણિક પ્રત્યેના પ્રેમની વાત કહી [જે ગ્રંથાતરથી જાણવી] ત્યારે જમતો જમતો જ ઉભો થઈને કોણિક કુહાડો લઈ પિતાની બેડી તોડવા દોડ્યો. - x - ત્યારે શ્રેણિક - x - તાલપુટ વિષ ખાઈને જીવનનો અંત કર્યો.

કેટલાંક કાળ પછી - x - રાજગૃહથી નીકળી કોણિક ચંપામાં રાજધાની કરીને રહ્યો. કોણિકની કથા પહેલાં એટલાં માટે કહી કે – તેણે કરેલા રથમુસલ સંગ્રામમાં ઘણાં જ લોકોનો ક્ષય કરવાથી નરક યોગ્ય કર્મો પાર્જન કાલાદિ દશેને થયું. તેમાં કાલકુમારને આશ્રીને આ પહેલું અધ્યયન છે.

રથમુશલ સંગ્રામ – ચંપામાં કોણિક રાજા હતો, તેના નાના ભાઈ હલ્લ, વિહલ્લ પિતાએ આપેલા હાર અને હાથી સાથે વિલાસ કરતા હતા. - x - પદ્માવતીએ કોણિકને તે હાથી લઈ લેવા ઉશ્કેર્યો. - x - બંને નાના ભાઈ ભયથી વૈશાલીમાં પોતાના માતામહ-ચેટક પાસે ચાલ્યા ગયા. - x - x - તે નિમિત્તે યુદ્ધ થયું. ત્યારે કૂણિક સાથે પોતાની બીજી માતાના પુત્રો એવા દશ ભાઈઓ પણ યુદ્ધમાં જોડાયા. તે પ્રત્યેકને ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ ઘોડા, ત્રણ કરોડનું પાયદળ હતું. કોણિકને પણ હતું. - x -

ત્યારે પોતાનું આ ૧૧-માં ભાગનું સૈન્ય લઈને કાળ કુમાર પહેલો યુદ્ધમાં ચડ્યો. ચેટક રાજાએ પણ પોતાના ગણરાજાને બોલાવ્યા. ચેટક સહિતને બધાંનું પણ તેટલું જ હાથી આદિ બલ પરિમાણ હતું. યુદ્ધ થયું ચેટક રાજાને એક જ અમોઘ બાણ છોડવાની પ્રતિજ્ઞા હતી. કોણિકે ગરુડ વ્યૂહ રચ્યો. ચેટકે સાગર વ્યૂહ રચ્યો. - x - ચેટકે એક જ બાણ વડે તેને મારી નાંખ્યો. સૈન્ય ભાગ્યુ.

બીજે દિવસે એ જ પ્રમાણે સુકુમાલને હણ્યો. એ પ્રમાણે ક્રમશઃ દશ દિવસમાં - x - દશે કુમારોને હણ્યા. તેથી કોણિકે યુદ્ધ જીતવા અઠ્ઠમ કર્યો. ત્યારે શક્રેન્દ્ર અને ચમરેન્દ્ર બંને આવ્યા, - x - કોણિકે મહાશિલા સંગ્રામ અને રથમુસલ સંગ્રામ કર્યો - x -

● સૂત્ર-૭ :-

*ત્યારપછી તે કાલીદેવીને અન્ય કોઈ દિવસે કુટુંબ જાગરિકા કરતા આવો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. - નિશ્ચે મારો પુત્ર કાલકુમાર ૩૦૦૦ હાથી આદિ સાથે યુદ્ધે ચડેલ છે. તો શું તે જીતશે કે નહીં જીતે ? જીવશે કે નહીં જીવે ? બીજાનો પરાભવ કરશે કે નહીં કરે ? કાલકુમારને હું જીવતો જોઈશ ? એ રીતે અપહત મન થઈને યાવત્ ચિંતામગ્ન બની.*

*તે કાળે, તે સમયે ભગવન્ મહાવીર સમોસર્યા. પર્ષદા નીકળી. ત્યારે કાલીદેવી આ વૃત્તાંત સાંભળીને, તેના મનમાં આવો સંકલ્પ યાવત્ થયો - નિશ્ચે ભગવન્ મહાવીર પૂર્વાનુંપૂર્વીથી અહીં આવીને રહ્યા છે, તથારૂપનું સ્મરણ પણ મહાફળને માટે છે યાવત્ વિપુલ અર્થનું ગ્રહણ તો મહાફલ માટે થાય જ. તો ત્યાં જઉં અને યાવત્ ભગવંતની પર્યુપાસના કરું. આ પ્રશ્ન પૂછીશ.*

*એમ વિચારીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આમ કહ્યું – દેવાનુપ્રિયો ! જલ્દીથી ધાર્મિક યાનપ્રવર જોડીને લાવો. લાવીને યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. પછી તે કાલીદેવી ન્હાઈ, બલિકર્મ કરી યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત્ શરીરી થઈ ઘણી કુબ્જાદાસી સાથે યાવત્ મહત્તરાના*



*વૃંદથી પરીવરીને અંતઃપુરથી નીકળી. નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળામાં ધાર્મિક શ્રેષ્ઠ યાન પાસે આવીને તેમાં બેઠી.*

*ત્યારપછી પોતાના પરિવાર સાથે પરીવરીને ચંપા નગરીની વચ્ચોવચ્ચથી નીકળીને પૂર્ણભદ્ર ચૈત્યે આવી, આવીને છત્રાદિ દૂર કરી, યાનને રોક્યું, રોકીને તે ધાર્મિક શ્રેષ્ઠયાનથી ઉતરી, પછી ઘણી કુબ્જાદાસી આદિથી પરીવરીને શ્રમમ ભગવન્ મહાવીર પાસે આવી, ભગવંતને ત્રણ વખત વંદન કરી, પોતાના પરિવાર સાથે શ્રવણેચ્છાથી અભિમુખ નમન કરી, વિનયથી અંજલી જોડીને પર્યુપાસના કરે છે.*

*ત્યારપછી ભગવંત મહાવીરે યાવત્ કાલીદેવીને તથા તે મહા મોટી પર્ષદાને ધર્મકથન કર્યું યાવત્ શ્રાવક કે શ્રાવિકા આજ્ઞામાં વિચરતા આરાધક થાય છે. ત્યારપછી તે કાલીરાણીએ ભગવંતની પાસે ધર્મ સાંભળી, અવધારી યાવત્ હર્ષિત થઈ ભગવંતને ત્રણ વખત વંદના કરી યાવત્ પૂછ્યું – ભગવન્ ! મારો પુત્ર કાલકુમાર યાવત્ રથમુશલ સંગ્રામમાં ગયો છે, તો તે જીતશે કે નહીં જીતે ઈત્યાદિ. ભગવંતે કાલી રાણીને કહ્યું – હે કાલી ! તારો પુત્ર - x - યાવત્ - x - હત, મથિત, પ્રવર વીર ઘાતિત, નિપતિત ચિહ્ન-ધ્વજ-પતાકાયુક્ત થયો, દિશા ન સૂઝતા ચેટક રાજાની સન્મુખ આવ્યો તેના રથની સન્મુખ રથ કર્યો, ત્યારે ચેટક રાજાએ કાલકુમારને આવતો જોયો, જોઈને ક્રોધથી યાવત્ ધમધમતા ધનુષ્ લીધું, તીર લીધું. વૈશાખી સ્થાને ઉભા રહ્યા, કાન સુધી તીરને ખેંચ્યુ, ખેંચીને કાલકુમારને એક જ બાણ વડે હણી નાંખ્યો.*

*હે કાલી ! તે મૃત્યુ પામ્યો, તારા કાલકુમારને હવે તું જીવતો જોઈશ નહીં. ત્યારે કાલીદેવી ભગવંત પાસે આ કથન સાંભળી, અવધારી, પુત્રના મહા શોકથી વ્યાપ્ત થઈ કુહાડાથી કાપેલ ચંપકલતાની જેમ ધસ થઈને પૃથ્વીતલને વિશે સર્વાંગથી પડી, પછી મુહૂર્ત બાદ કાલીદેવી આશ્વસ્ત થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા. કરીને કહ્યું – ભગવન તે એમ જ છે, તેમજ છે, ભગવન્ ! તે અવિતથ છે, અસંદિગ્ધ છે. જે આપે કહ્યો તે અર્થ સત્ય છે. એમ કહી શ્રમણ ભગવંતને વાંદી-નમી, તે જ ધાર્મિક શ્રેષ્ઠ યાનમાં બેસી - x - પાછી ગઈ.*

● વિવેચન-૭ :-

શું જયશ્લાઘાને પામશે, પારકા સૈન્યનો પરાભવ કરી શકશે કે નહીં કરી શકે ? કાલ નામક મારા પુત્રને જીવતો જોઈશ કે નહીં ? એ રીતે યુક્ત-અયુક્તના વિવેચનમાં ઉપહત મનો સંકલ્પવાળી, હથેળી ઉપર મુખ રાખી, આર્તધ્યાનોપગત અને અધોમુખ વદન અને નયનવાળી થઈ. દિનની જેમ વિવર્ણવદનવાળી થઈ. - x - મનોમાનસિક દુઃખથી અભિભૂત થઈ. - x -

આ આવા સ્વરૂપે આત્મવિષયક, સ્મરણરૂપ, પ્રાર્થિત, મનમાં વર્તતો પણ બહાર પ્રકાશિત ન થયેલ વિકલ્પ ઉત્પન્ન થયો, તેને જ કહે છે – ભગવન્ ! ગામેગામ

વિચરતા અહીં પધાર્યા છે - સમોસર્યા છે, આ જ ચંપાનગરીમાં પૂર્ણભદ્ર ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચી સંયમ અને તપથી પોતાને ભાવિત કરતાં વિચરે છે. તથારૂપ અરહંત ભગવંતનું નામ ગોત્ર પણ શ્રવણ કરતાં મહાફળ પ્રાપ્ત થાય છે, તો પછી સન્મુખ જવું, વાંદવું, નમવું, પ્રતિપૃચ્છા કરવી, પર્યુપાસના કરવાના ફળનું પૂછવાનું જ શું હોય ? એક પણ આર્ય ધાર્મિક વચન શ્રવણનું મહાફળ છે, તેથી વિપુલ અર્થગ્રહણાર્થે૦ હું ત્યાં જઉં, ભગવન્ ! મહાવીરને વંદન-નમન-સત્કાર-સન્માન કરું. કલ્યાણ-મંગલ-દૈવ-ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરું, જે ભવાંતરમાં પણ મને હિતકારી આદિ થશે. ઈત્યાદિ - x -

[અત્રે વૃત્તિકારશ્રી ઉક્ત શબ્દોની વ્યાખ્યા કરે છે, જે પૂર્વે અનેકવાર કરાયેલ હોવાથી અમે અત્રે નોંધતા નથી.] - x - x - x -

પછી ધર્મકાર્યાર્થે નિયુક્ત ચાતુર્ઘંટ અશ્વરથ - x - ઉપસ્થાપિત કરવા આજ્ઞા આપી. સ્નાન કર્યુ, પછી સ્વગૃહે દેવોનું બલિક્રમ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા જેથી દુઃસ્વપ્નાદિ નિવારણ થાય. - x - શુદ્ધ પ્રાવેશ્ય વસ્ત્રો પહેર્યા. - x - કુબ્જિકા, ચિલાતી, વટભા આદિ [જ્ઞાતાધર્મકથામાં વર્ણિત] દાસીઓ સાથે - x - પરીવરીને ઉપવેશન મંડપમાં આવી, રથમાં બેઠી. ભગવંત મહાવીર પાસે પહોંચી યાવત્ પર્યુપાસના કરવા લાગી. - x - x -

ત્યારપછી સૂત્રમાં - કાલીદેવીનો પુત્ર કાલકુમાર હાથી-ઘોડાદિ સાથે કોણિક રાજા વડે નિયુક્ત અને ચેટક રાજા સાથે રથમુશલ સંગ્રામમાં જે કર્યુ તે કહે છે — સૈન્યનું હત થવું, માનનું મથન, સુભટોનો વિનાશ, ગરુડાદિ ધજાનું પાડી દેવાયું. તેથી દિશા ન સૂઝતા ચેટક રાજાની લગોલગ આવી ગયો. - x - તે જોઈને ક્રોધિત-રુષ્ટ થયેલા, કુપિત, ક્રોધ જ્વાલાથી બળતા - x - ચેટક રાજાએ - x - x - બાણના એક જ પ્રહારથી પાષાણમય મહામારણ યંત્રની માફક પ્રહારથી તેને હણ્યો.

**● સૂત્ર-૮ થી ૧૦ :-**

*[૮] ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામીએ યાવત્ વાંદીને પૂછ્યું — ભગવન્ ! કાલકુમાર યાવત્ રથમુશલ સંગ્રામમાં લડતા ચેટક રાજા વડે કૂટ પ્રહાર વત્ એક પ્રહારથી હણીને મારી નાંખતા, તે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ? ગૌતમ ! એમ કહી ભગવંત મહાવીરે એમ કહ્યું — ગૌતમ ! નિશ્ચે કાલકુમાર યાવત્ - x - મરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં હેમાભ નામે નરકમાં ૧૦ સાગરોપમ સ્થિતિક નરકાવાસે નૈરયિકપણે ઉત્પન્ન થયો.*

*[૯] ભગવન્ ! કાલકુમાર કેવા આરંભ - કેવા સમારંભ - કેવા આરંભ સમારંભથી, કેવા ભોગ - કેવા સંભોગ - કેવા ભોગસંભોગથી, અશુભકૃત્ કર્મના ભારથી કાળમાસે કાળ કરીને ચોથી પંકપ્રભાપૃથ્વમાં નૈરયિકપણે ઉપજ્યો ?*

*નિશ્ચે ગૌતમ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ નગર હતું. ત્યાં શ્રેણિક નામે મહાન્ રાજા હતો. તેને નંદા નામે રાણી હતી. જે સુકુમાલ૦ યાવત્ વિચરતી હતી. તે શ્રેણિક રાજા અને નંદા રાણીનો આત્મજ એવો અભય નામે સુકુમાલ યાવત્ સુરૂપકુમાર હતો. જે શામ૦ દંડમાં ચિત્રની જેમ યાવત્ રાજ્યધુરાનો ચિંતક હતો.*

*તે શ્રેણીક રાજાને બીજી ચેલ્લણા નામે સુકુમાલ યાવત્ રાણી પણ હતી.*

*[૧૦] તે ચેલ્લણા દેવીને કોઈ દિવસે તે તેવા પ્રકારના વાસગૃહમાં યાવત્ સિંહ સ્વપ્ન જોઈને પ્રભાવતી માફક જાગી યાવત્ સ્વપ્નપાઠકને વિદાય આપી. યાવત્ ચેલ્લણા તે વચનોને સ્વીકારી પોતાના ભવનમાં પ્રવેશી. ત્યારપછી ચેલ્લણાને અન્ય કોઈ દિવસે ત્રણ માસ બહુ પ્રતિપૂર્ણ થતાં આવા પ્રકારનો દોહદ થયો - તે માતાઓ ધન્ય છે યાવત્ તેમનું જન્મ અને જીવિતનું ફળ છે, જે શ્રેણિક રાજાના ઉદરનું માંસ પકાવી, તળી, સેકીને સુરા યાવત્ પ્રસન્ના સાથે આસ્વાદન કરતી યાવત્ પરિભાગ કરતી દોહદને પૂર્ણ કરે છે.*

**● વિવેચન-૧૦ :-**

સોલ્લેહિં૦ આદિ-પકાવીને, તળીને, ભુંજીને, પ્રસન્નાદ્રાક્ષાદિ દ્રવ્યજન્ય મનની પ્રસક્તિ હેતુ, કંઈક આસ્વાદન કરતી, પરસ્પર બીજાને ખવડાવતી. [આ દોહદથી] તેણી લોહી વિનાની સુષ્ક, ભુખ્યા જેવી, માંસ રહિત, ભગ્ન મનોવૃત્તિવાળી, ભગ્નદેહ, નિસ્તેજ, દીન, સફેદ થઈ ગયેલા વદનવાળી, અધોમુખી થઈ યોગ્યાયોગ્યનો વિવેક ભૂલી ગઈ. ઈત્યાદિ - x - તેથી શ્રેણિકનો આદર ન કરતી, સામે ન જતી, મૌન રહે છે.

**● સૂત્ર-૧૧ :-**

*ત્યારે તે ચેલ્લણાદેવી, તે દોહદ પૂર્ણ ન થતાં સુષ્ક, ભુખી, નિર્માંસ, અવરુગ્ણા, ભગ્ન શરીરી, નિસ્તેજ, દીનવિમન વદના, પાંડુ મુખી, અવનમિત નયન અને વદન કમળવાળી થઈ, યથોચિત પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકારનો ઉપભોગ ન કરતી, હાથ વડે મસળેલ કમળની માળા જેવી, અપહત મનો સંકલ્પા થઈ યાવત્ ચિંતામગ્ન થઈ.*

*પછી તે ચેલ્લણા દેવીની અંગ પરિચારિકાઓએ તેણીને શુષ્ક યાવત્ ચિંતામગ્ન જોઈ, જોઈને શ્રેણિક રાજા પાસે આવી, આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું — નિશ્ચે હે સ્વામી ! અમે જાણતા નથી કે ચેલ્લણાદેવી કયા કારણથી સુષ્ક, ભુખી યાવત્ ચિંતામગ્ન છે.*

*ત્યારે શ્રેણિકરાજાએ તે અંગ પરિચારિકા પાસે આ અર્થ સાંભળી, સમજી પૂર્વવત્ સંભ્રાંત થઈ ચેલ્લણા દેવી પાસે આવે છે, આવીને તેણીને સુષ્ક યાવત્ ચિંતામગ્ન જોઈને આમ બોલ્યા — હે દેવાનુપ્રિયા ! તું કેમ સુષ્ક યાવત્ ચિંતામગ્ન છો ? ત્યારે ચેલ્લણાદેવી શ્રેણિક રાજાના આ કથનનો આદર કરતી નથી, જાણતી નથી પણ મૌન રહે છે. ત્યારે તે શ્રેણિક રાજા ચેલ્લણાને બીજી-ત્રીજી વખત પણ આમ કહે છે — શું હું તારી વાતને સાંભળવા યોગ્ય નથી કે જેથી તું આ અર્થને ગોપવે છે ? ત્યારે તે ચેલ્લણાદેવી શ્રેણિક રાજાએ બે-ત્રણ વખત*

*આ પ્રમાણે પૂછતાં શ્રેણિક રાજાને આમ કહ્યું —*

*હે સ્વામી ! એવી કોઈ વાત નથી, જે સાંભળવા તમે યોગ્ય ન હો, આ અર્થને સાંભળવા તો તમે અયોગ્ય છો જ નહીં. નિશ્ચે હે સ્વામી ! મને તે ઉદાર યાવત્ મહાસ્વપ્ન આવ્યા પછી ત્રણ માસ પ્રતિપૂર્ણ થતાં આવો દોહદ ઉત્પન્ન થયો કે — તે માતા ધન્ય છે, જે તમારા ઉદરમાસને પકાવીને યાવત્ દોહદ પૂર્ણ કરે છે. તેથી હે સ્વામી ! તે દોહદ પૂર્ણ ન થતાં સુષ્ક, ભુખી યાવત્ ચિંતામગ્ન છું. ત્યારે શ્રેણિકે ચેલ્લણાને કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! તું અપહત યાવત્ ચિંતામગ્ન ન થા, હું તેવો કંઈ યત્ન કરીશ, જેથી તારા દોહદ પૂર્ણ થશે. એમ કહી ચેલ્લણા દેવીને તેવી ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ઉદાર, કલ્યાણ-શિવ-ધન્ય-મંગલ, મિત, સશ્રીક વાણી વડે આશ્વાસિત કરે છે. ચેલ્લણા દેવીની પાસેથી નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસનની પૂર્વાભિમુખ બેસે છે. તે દોહદની સંપ્રાપ્તિ નિમિત્તે ઘણાં આય અને ઉપાયોને ઔત્પાતિકી-વૈનયિકી-કાર્મિકી-પારિણામિકી બુદ્ધિ વડે વિચારતા તે દોહદના આયને અને ઉપાયને કે સ્થિતિને ન પામતાં અપહત મનો સંકલ્પાદિ થયો.*

*આ તરફ અભયકુમાર ન્હાઈ યાવત્ અલંકૃત્ શરીરે પોતાના ઘેરથી નીકળી બાહ્ય ઉપસ્થાન શાળામાં શ્રેણિક રાજા પાસે આવે છે. શ્રેણીકને યાવત્ ચિંતામગ્ન જોઈને આમ કહ્યું — હે તાત ! અન્ય સમય તમે મને જોઈને યાવત્ હર્ષિત હૃદયી થતા. હે તાત ! આજે તમે કેમ યાવત્ ચિંતામગ્ન છો ? હે તાત ! જો હું આ વાતને શ્રવણ કરવા યોગ્ય હોઉં તો મને આ વાત જેમ હોય તેમ અવિતથ, અસંદિગ્ધ કહો. જેથી હું તે અર્થનું અંતગમન કરી શકું. ત્યારે શ્રેણિકે અભયકુમારને કહ્યું —*

*હે પુત્ર ! એવો કોઈ અર્થ નથી કે જે સાંભળવા તું અયોગ્ય હોય. નિશ્ચે હે પુત્ર ! તારી લઘુમાતા ચેલ્લણા દેવીને તે ઉદાર યાવત્ મહાસ્વપ્નના ત્રણ માસ બહુ પ્રતિપૂર્ણ થતાં યાવત્ મારા ઉદરનું માંસ પકાવીને યાવત્ દોહદ પૂર્ણ થાય. ત્યારથી તે ચેલ્લણાદેવી તે દોહદને અપૂર્ણ થતાં શુષ્ક યાવત્ ચિંતામગ્ન થઈ છે. હે પુત્ર ! ત્યારથી હું તે દોહદની સંપ્રાપ્તિ નિમિત્તે ઘણાં આય યાવત્ સ્થિતિ ન જાણી શકવાથી યાવત્ ચિંતામગ્ન છું.*

*ત્યારે તે અભયકુમારે શ્રેણિક રાજાને કહ્યું — હે તાત ! તમે અપહત૦ યાવત્ ચિંતામગ્ન ન થાઓ. હું તેવો પ્રયત્ન કરીશ, જેથી મારી લઘુમાતા ચેલ્લણાદેવીના દોહદની સંપ્રાપ્તિ થશે. એમ કહી શ્રેણિક રાજાને તેવી ઈષ્ટ યાવત્ વાણીથી આશ્વાસિત કર્યા, કરીને પોતાના ઘેર આવ્યો. આવીને અભ્યંતર રહસ્ય સ્થાનીય પુરુષોને બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! તમે જાઓ. કસાઈખાનેથી તાજું માંસ, લોહી અને બસ્તિપુટક લાવો.*

*ત્યારે તે સ્થાનીય પુરુષો, અભયકુમારે આમ કહેતાં હર્ષિત થઈ યાવત્ સ્વીકારી, ત્યાંથી નીકળીને કસાઈઓ પાસે આવ્યા. તાજું માંસ-લોહી-વસ્તિપુટક લીધા, લઈને અભયકુમાર પાસે આવી યાવત્ તે માંસ-લોહી-બસ્તિપુટક ધર્યા. ત્યારે અભયકુમારે તે માંસ અને લોહીને કાપણી વડે કાપ્યા, સરખા કર્યા. શ્રેણિક રાજા પાસે આવીને શ્રેણિક રાજાને ગુપ્ત સ્થાને શય્યામાં ચત્તા સુવડાવ્યા. પછી શ્રેણિકના ઉદર ઉપર તે તાજા માંસ અને લોહીને મૂક્યા, બસ્તિપુટકથી વીંટ્યા, રાજાને ગાઢ આક્રંદ કરાવ્યુ, ચેલ્લણા દેવીને ઉપરના પ્રાસાદમાં જોઈ શકે તેમ બેસાડ્યા, ચેલ્લણાદેવીની બરાબર સન્મુખ શ્રેણિક રાજાને ચત્તા સુવડાવી, શ્રેણિકરાજાના ઉદરના માંસને કાંપણીથી કાપે છે, તે ભાજનમાં મૂકે છે. ત્યારે શ્રેણિક રાજા મૂર્છાનો દેખાવ કરે છે, મુહૂર્ત પછી એકબીજા સાથે વાર્તાલાપ કરતાં રહે છે.*



*પછી અભયકુમાર શ્રેણિક રાજાના ઉદરના માંસને ગ્રહણ કરીને ચેલ્લણા દેવી પાસે આવીને, તેની પાસે રાખે છે. પછી ચેલ્લણા દેવી શ્રેણિકરાજાના તે ઉદરના માંસને પકાવીને દોહદ પૂર્ણ કરે છે પછી તેણીના દોહદ સંપૂર્ણ, સંમાનિત, વિચ્છિન્ન થતાં ગર્ભને સુખે સુખે વહન કરે છે. તેણીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ આવો સંકલ્પ યાવત્ થયો - આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે પિતાના ઉદરનું માંસ ખાધું. મારે એ શ્રેયસ્કર છે કે આ ગર્ભને સાટિત, પાટિત, ગાલિત, વિધ્વંસિત કરવો.*

*એ પ્રમાણે વિચારી તે ગર્ભને ઘણાં ગર્ભશાતન-પાતન-ગાલણ-વિધ્વંસણ વડે સાટિત-પાતિત-ગાલિત-વિધ્વંસિત કરવા ઈચ્છ્યો, પણ તે ગર્ભ સડ્યો-પડ્યો-ગળ્યો કે વિધ્વંસ પામ્યો નહીં. ત્યારપછી જ્યારે ચેલ્લણા દેવી તે ગર્ભને સડાવવા યાવત્ નાશ કરવા સમર્થ ન થઈ ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત, નિર્વિણ્ણ થઈ અકામિત-અવસવસ-આર્ત્ત વશાર્ત્ત દુઃખાર્ત્ત થઈ ગર્ભ વહે છે.*

**● વિવેચન-૧૧ :-**

[વૃત્તિ સ્પષ્ટ છે. કિંચિત્ ઉલ્લેખ સૂત્ર-૧૦માં કર્યો છે, શેષ કથન—] તે માતા ધન્ય છે, કૃત્લક્ષણ છે, તેમના જન્મ જીવિતનું ફળ સુલબ્ધ છે - x - x - બસ્તિપુટક-ઉદરનો અંતવર્ત્તી પ્રદેશ. - x - સપ્રતિદિક્અતિ અભુમુખ. - x - x - ઔષધ વડે સાતન - ઉદરની બહાર કરવું. પાતન - ગાલન, વિધ્વંસ-સર્વ ગર્ભ પાડી દેવો. શ્રાંત-તાંત-પરિતાંત એ એકાર્થક ખેદવાચી શબ્દો છે. - x -

**● સૂત્ર-૧૨ :-**

*ત્યારપછી ચિલ્લણા દેવીએ નવ માસ બહુ પ્રતિપૂર્ણ થતાં યાવત્ સુકુમાલ, સુરૂપ બાળકને જન્મ આપ્યો. પછી તે ચેલ્લણાને આવો સંકલ્પ યાવત્ થયો. જ્યારે આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે પિતાના ઉદરનું માંસ ખાધું, ન જાણે આ બાળક મોટો થઈ અમારા કુળનો અંતકર થશે. તે મારે શ્રેયસ્કર છે કે હું આ બાળકને એકાંતે ઉકરડામાં ફેંકાવી દઉં. એમ વિચારી દાસીને બોલાવીને કહ્યું — દેવાનુપ્રિયા ! તું આ બાળકને એકાંતે ઉકરડામાં ફેંકી દે.*

*ત્યારે તે દાસી ચેલ્લણાએ આમ કહેતા હાથ જોડી યાવત્ તેણીના વચનને વિનયથી સ્વીકારીને, તે બાળકને બે હાથમાં લઈ અશોક વાટિકામાં જઈ, તે બાળકને એકાંતે ઉકરડામાં ફેંકે છે. તે બાળકને ત્યાં ફેંકતા - x - ત્યાં અશોક વાટિકામાં ઉધોત થયો.*

*પછી શ્રેણિક રાજાને આ વૃત્તાંત પ્રાપ્ત થતાં અશોકવાટિકાએ ગયો, જઈને તે બાળકને એકાંતમાં ઉકરડામાં ફેંકાયેલો જોયો, જોઈને ક્રોધિત થઈ યાવત્ મિસમિસાહટ કરતાં તે બાળકને બે હાથ વડે ગ્રહણ કરીને ચિલ્લણાદેવી પાસે આવ્યો. તેણીને ઉચ્ચ-નીચ વચનો વડે આક્રોશ કર્યો, નિર્ભર્ત્સના કરી, ઉદ્ધર્ષણા કરી. કરીને કહ્યું – તેં મારા પુત્રને એકાંતે ઉકરડામાં કેમ ફેંક્યો ? એમ કહીને ચેલ્લણા દેવીને આકરા સોગંદ આપીને કહ્યું – દેવાનુપ્રિયા ! તું આ બાળકને અનુક્રમે સંરક્ષણ સંગોપન સંવર્દ્ધન કર. ત્યારે ચેલ્લણા શ્રેણિક રાજાને આમ કહેતા સાંભળી લજ્જિત, વ્રીડિત, વ્રિડા થઈ [ઘણી જ શરમાઈ] બે હાથ જોડી શ્રેણિક રાજાના વચનને વિનયથી સ્વીકાર્યુ. તે બાળકને અનુક્રમે સંરક્ષણ-સંગોપન-સંવર્દ્ધન કરવા લાગી.*

● **વિવેચન-૧૨ :-**

આક્રોશ, નિર્ભર્ત્સના, ઉદ્ધર્ષણા સમાનાર્થી શબ્દો છે.

● **સૂત્ર-૧૩ :-**

*ત્યારે તે બાળકને એકાંતે ઉકરડામાં ફેંકેલો ત્યારે અગ્રાંગુલી કુકડાના પીંછાથી દુભાઈ હતી. વારંવાર પરુ અને લોહી નીકળતા હતા. ત્યારે તે બાળક વેદનાભિભૂત થઈ, મોટા-મોટા શબ્દોથી રડતો હતો. ત્યારે તે શ્રેણિક રાજા તે બાળકને બરાડતો સાંભળી - સમજી તે બાળક પાસે આવ્યો. આવીને તે બાળકને બે હાથ વડે ગ્રહણ કરે છે, અગ્રાંગુલીને પોતાના મુખમાં નાંખી, લોહી અને પરુને મુખ વડે ચુસે છે. ત્યારે તે બાળક સમાધિ પામી, વેદના રહિત થઈ મૌન રહ્યો. જ્યારે તે બાળક વેદનાથી - x - બરાડતો હતો, ત્યારે શ્રેણિક રાજા તે બાળકને હાથમાં લેતો યાવત્ તે બાળક વદેના રહિત થતો શાંત થતો હતો.*

*તે બાળકના માતાપિતાએ ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્ય દર્શન કરાવ્યું યાવત્ બારમો દિવસ આવતા આવા પ્રકારનું ગુણનિષ્પન્ન નામ કર્યુ. આ બાળકની - x - આંગળી કુકડાના પીંછાથી દુભાઈ, તેથી તેનું નામ કોણિક થાઓ. - x - એ રીતે કોણિક નામ કર્યુ. પછી અનુક્રમે સ્થિતપતિતાદિ મેઘની માફક યાવત્ ઉપરી પ્રાસાદે વિચરે છે.*

● **વિવેચન-૧૩ :-**

સ્થિતિપતિતા - કુળક્રમથી આવેલ જન્માનુષ્ઠાન.

● **સૂત્ર-૧૪ :-**

*પછી કોણિકકુમારને મધ્યરાત્રિએ યાવત્ આવો સંકલ્પ થયો. હું શ્રેણિક રાજાની વ્યાઘાતથી સ્વયં રાજ્યશ્રી કરવા, પાળવા સમર્થ નથી. તો મારે શ્રેણિક રાજાને બેડીમાં નાંખીને, મનો પોતાને અતિ મહાન્ રાજ્યાભિષેકથી અભિસિંચિત્ કરવો. એમ વિચારી શ્રેણિક રાજાના અંતર, છિદ્રો, વિરહોને જોતો-જોતો રહેવા લાગ્યો. પછી કોણિક તેમના અંતર યાવત્ મર્મ ન પામતા, કોઈ દિવસે કાલાદિ દશે કુમારોને પોતાને ઘેર બોલાવ્યા. કહ્યું કે – નિશ્ચે આપણે શ્રેણિક રાજાના વ્યાઘાતથી સ્વયં રાજ્યશ્રીને કરતા-પાળતા વિચરવા સમર્થ નથી. તે આપણે તેમને બેડીમાં નાંખીને રાજ્ય, રાષ્ટ્ર, બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર, જનપદને ૧૧-ભાગે વહેંચી સ્વયં રાજ્યશ્રીને કરતા, પાળતા યાવત્ વિચરીએ.*

*ત્યારે કાલાદી દશે કુમારો કોણિકના આ અર્થને વિનયથી સ્વીકારે છે. પછી કોણિક કુમારે કોઈ દિવસે શ્રેણિક રાજાના અંતરને જાણીને શ્રેણિક રાજાને કેદમાં નાંખે છે. પોતાને અતિ મહાન્ રાજાભિષેક વડે અભિસિંચિત્ કરાવે છે. પછી તે કોણિક રાજા થયો૦ પછી કોઈ દિવસે કોણિક રાજા સ્નાન યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ ચેલ્લણા દેવીને પાદ વંદનાર્થે શીઘ્ર આવે છે.*

● **વિવેચન-૧૪ :-**

અંતર - અવસર, છિદ્ર-અલ્પ પરિવારાદિ, વિરહ-નિર્જન.

● **સૂત્ર-૧૫ :-**

*ત્યારે કોણિક રાજાએ ચેલ્લણા દેવીને અપહત યાવત્ ચિંતા મગ્ન જોઈ, જોઈને તેણીના પગે પડ્યો અને કહ્યું – કેમ માતા ! તમને તુષ્ટિ, ઉત્સવ, હર્ષ કે આનંદ નથી ? કે જેથી હું પોતે જ રાજ્યલક્ષ્મીને ભોગવતો યાવત્ વિચરું છું. ત્યારે ચેલ્લણા દેવીએ કોણિક રાજાને કહ્યું – હે પુત્ર ! મને ક્યાંથી તુષ્ટિ આદિ થાય ? જે તેં તારા પિતા, દેવ સમાન, ગુરુજનસમાન, તારા પર અતિ સ્નેહાનુરાગ વડે રક્ત એવા શ્રેણિક રાજાને બેડીમાં બાંધી પોતાનો રાજ્યાભિષેક કરાવેલ છે ?*

*ત્યારે કોણિક રાજાએ ચેલ્લણા દેવીને આમ કહ્યું – શ્રેણિક રાજા મારો ઘાત કરવા ઈચ્છતા હતા, મને મારવા-બાંધવા-નિછુભણા કરવા ઈચ્છતા હતા. તો તેમને મારા ઉપર અતિ સ્નેહાનુરાગ કેમ હોય ? ત્યારે ચેલ્લણાદેવીએ કોણિકને કહ્યું – પુત્ર ! તું મારા ગર્ભમાં આવ્યો, ત્રણ માસ પુરા થતાં દોહદ ઉત્પન્ન થયો ઈત્યાદિ પૂર્વવત્૦ પુત્ર ! તારા ઉપર આવો સ્નેહાનુરાગ હતો.*

*ત્યારે કોણિક રાજા, ચેલ્લણા દેવી પાસે આ અર્થને સાંભળી, સમજીને ચેલ્લણાદેવીને કહ્યું – મેં ખોટું કર્યુ, પિતા-દેવ-ગુરુજનસમ, અતિ સ્નેહાનુરાગ રક્ત શ્રેણિક રાજાને બેડીમાં નાંખ્યા તો હું જઉં અને શ્રેણિક રાજાની જાતે જ બેડી છેદું. એમ કહી હાથમાં કુહાડી લઈ કેદખાનામાં જવા નીકળ્યો.*

*ત્યારે શ્રેણિક રાજાએ કોણિકને હાથમાં પરસુ લઈને આવતો જોયો, જોઈને કહ્યું – આ કોણિકકુમાર અપ્રાર્થિત પ્રાર્થિત યાવત્ શ્રી-હ્રી પરિવર્જિત છે, હાથમાં પરસુ લઈ જલ્દી આવે છે. જાણતો નથી કે તે મને કયા કુમાર વડે મારશે, એમ કહી ડરી યાવત્ સંજાત ભયથી તાલપુટ વિષ મુખમાં નાંખે છે. ત્યારે*

*- x - મુહૂર્ત્તાન્તરમાં વિષ પરિણામ પામતાં શ્રેણિક રાજા નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, જીવરહિત થઈ પૃથ્વી ઉપર પડી ગયા.*

*ત્યારે કોણિક કુમારે કેદખાનામાં જઈને શ્રેણિક રાજાને યાવત્ જીવરહિત જોયા. જોઈને પિતાસંબંધી શોકથી વ્યાપ્ત થયો. કુહાડાથી કાપેલ ચંપકવૃક્ષવત્ પૃથ્વીતલે સર્વાંગથી ધસી પડ્યો. પછી કોણિક મુહૂર્ત્તાંતર બાદ સાવધાન થઈ રોતો - આક્રંદ કરતો - શોક કરતો - વિલાપ કરતો બોલ્યો — અહો ! મેં અધન્ય, અપુન્ય, અકૃત્પુન્યે દુષ્ટ કર્યું કે મારા પિતા યાવત્ સ્નેહાનુરાગ રક્તને બેડીનું બંધન કર્યું, મારા નિમિત્તે જ શ્રેણિક રાજા મૃત્યુ પામ્યા. એમ કહી ઈશ્વર, તલવર યાવત્ સંધિપાલ સાથે પરિવરી રુદન આદિ કરતાં મહાન્ ઋદ્ધિ અને સત્કાર સમુદય વડે શ્રેણિક રાજાનું નીહરણ કર્યું તથા લૌકિક મૃત કાર્ય કર્યા.*

*ત્યારપછી કોણિક આ મહા મનોમાનસિક દુઃખથી અભિભૂત થઈ, અન્ય કોઈ દિવસે અંતઃપુર પરિવાર સહિત, ભાંડોપગરણ લઈ રાજગૃહીથી નીકળી, ચંપાનગરી આવ્યો. ત્યાં પણ વિપુલ ભોગ સમૂહને પામ્યો અને કેટલાંક કાળે શોક રહિત થયો.*

● **વિવેચન-૧૫ :-**

ઘાતન, મારણ, બંધન, નિચ્છુભણ એ પરાભવ સૂચક શબ્દો છે. નિષ્પ્રાણ-નિશ્ચેષ્ટાદિ પ્રાણ અપહાર સૂચક છે. अवतीर्ण - ભૂમિ ઉપર પડી ગયો. - x - મનોમાનસિક - વચન વડે અપ્રકાશિત.

● **સૂત્ર-૧૬,૧૭ :-**

*[૧૬] ત્યારપછી તે કોણિક રાજા અન્ય કોઈ દિને કાલાદિ દશ કુમારને બોલાવીને રાજ્ય યાવત્ જનપદને ૧૧-ભાગમાં વહેંચે છે. પછી સ્વયં રાજ્યશ્રીને કરતા, પાળતા વિચરે છે.*

*[૧૭] ત્યાં ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ કોણિક રાજાના સહોદર નાનો ભાઈ વેહલ્લ નામે સુકુમાર યાવત્ સુરૂપકુમાર હતો. તે વેહલ્લકુમારને શ્રેણિક રાજાએ જીવતાં જ સેચનક હાથી અને અઢારસરો હાર પૂર્વે આપેલ. ત્યારે તે વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિ સાથે અંતઃપુર પરિવારથી પરીવરીને ચંપાનગરીની મધ્યેથી નીકળે છે, નીકળીને વારંવાર ગંગા મહાનદીમાં સ્નાન ક્રીડાર્થે ઉતરે છે. ત્યારે સેચનક ગંધહસ્તિ રાણીઓને સુંઢથી ગ્રહણ કરે છે, પછી કેટલીકને પાછળ બેસાડે છે, કેટલીકને સ્કંધે બેસાડે છે. એ રીતે કુંભ ઉપર, મસ્તકે, દંતમુશલે, બેસાડે છે. સુંઢ વડે ગ્રહણ કરી ઉંચે આકાશમાં ઉછાળે છે, સુંઢમાં લઈ હીંચકા ખવડાવે છે, દાંતના અંતરમાંથી કાઢે છે, સુંઢમાં પાણી ભરીને સ્નાન કરાવે છે અને ક્રીડા કરાવે છે.*

*ત્યારે ચંપા નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, માર્ગોમાં ઘણાં લોકો પરસ્પર એમ કહે છે યાવત્ પ્રરૂપે છે — એ પ્રમાણે નિશ્ચે દેવાનુપ્રિયો ! વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિ વડે અંતઃપુરને પૂર્વવત્ પાઠ કહેવો. આ વેહલ્લ કુમાર રાજ્યશ્રીનું ફળ અનુભવતો વિચરે છે, કોણિક નહીં.*



*ત્યારે પદ્માવતીને આ વૃત્તાંત જાણીને આવો સંકલ્પ થયો. આ રીતે વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિથી યાવત્ ક્રીડા કરે છે ઈત્યાદિ૦ તો અમારે આ રાજ્ય યાવત્ જનપદથી શું પ્રયોજન, જો અમારે સેચનક ગંધહસ્તિ નથી. તો મારે કોણિક રાજાને આ વાત કરવી શ્રેયસ્કર છે, એમ વિચારી કોણિકરાજા પાસે આવી બે હાથ જોડી યાવત્ કહ્યું — સ્વામી ! વેહલ્લકુમાર યાવત્ - x - સેચનક ગંધહસ્તિ નથી ? કોણિક રાજાએ પદ્માવતીની આ વાતનો આદર ન કર્યો, સન્મુખ ન જોયું, પણ મૌન રહ્યો. ત્યારે પદ્માવતીએ વારંવાર કોણિક રાજાને આ વાત વિનવ્યા કરી.*

*ત્યારે કોણિક રાજા, પદ્માવતી દેવીએ વારંવાર આ વાત વિનવતા અન્ય કોઈ દિને વેહલ્લકુમારને બોલાવીને સેચનક હાથી અને અઢારસરો હાર માંગ્યો. ત્યારે વેહલ્લે કોણિકને કહ્યું — હે સ્વામી ! શ્રેણિક રાજાએ જીવતાં જ તે બંને મને આપેલ છે, તો હે સ્વામી ! જો મને અર્ધુ રાજ્ય અને જનપદ આપો તો હું તમને તે બંને આપું. ત્યારે કોણિકે તેની આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં, પણ વારંવાર હાથી અને હાર માંગ્યા કર્યા.*

*ત્યારે તે વેહલ્લકુમાર કોણિક રાજાએ વારંવાર હાથી અને હાર ઝુંટવવા - લઈ લેવા - ખેંચી લેવા ઈચ્છે છે જાણી તેણે વિચાર્યુ કે કોણિક રાજા મારા હાથી અને હારને યાવત્ ખેંચી ન લે, તેટલામાં મારે તે બંને ગ્રહણ કરી અંતઃપુર પરિવાર સહિત, ભાંડોપગરણ આદિ લઈને ચંપાનગરથી નીકળી વૈશાલીનગરીમાં આર્યક ચેટક પાસે જઈને રહેવું યોગ્ય છે. એમ વિચારી તે કોણિક રાજાના અંતરાદિ યાવત્ જાગતો વિચરે છે.*

*ત્યારપછી વેહલ્લકુમાર અન્ય કોઈ દિને કોણિક રાજાના અંતરને જાણીને ગંધહસ્તિ તથા અઢાર સરાહારને લઈને, અંતઃપુરના પરિવારથી પરિવરી, ભાંડ-માત્ર-ઉપકરણ સહિત ચંપાનગરીથી નીકળી, વૈશાલીનગરી આવ્યો. આવીને વૈશાલીમાં આર્યક ચેટક રાજા પાસે જઈને રહ્યો.*

*કોણિકરાજાએ આ વૃત્તાંત જાણીને વેહલ્લકુમાર મને કીધા વિના હાર અને હાથી લઈને યાવત્ આર્યચેટક રાજા પાસે જઈને રહેલ છે, તો મારે તે બંને માટે દૂત મોકલવો. એમ વિચારી દૂતને બોલાવીને કહ્યું — તું જા, વૈશાલી નગરી જઈ મારા માતામહ ચેટક રાજાને હાથ જોડી વધાવીને કહે કે — હે સ્વામી ! કોણિક રાજા વિનવે છે કે વેહલ્લકુમાર કોણિકરાજાને કહ્યા વિના યાવત્ આવેલ છે, તો હે સ્વામી ! અનુગ્રહ કરીને કોણિક રાજાને હાર અને હાથી પાછા સોંપો, વેહલ્લકુમારને મોકલો.*

*ત્યારે દૂતે કોણિક રાજાના વચનને સ્વીકારી પોતાના ઘેર જઈ ચિત્રની માફક યાવત્ વધાવીને કહ્યું — નિશ્ચે હે સ્વામી ! કોણિક રાજા વિજ્ઞપ્તિ કરે છે કે યાવત્ વેહલ્લકુમારને મોકલો. ત્યારે ચેટકરાજાએ દૂતને કહ્યું — દેવાનુપ્રિય !*

*કોણિક રાજા શ્રેણિકરાજાનો પુત્ર, ચેલ્લણાદેવીના આત્મજ, મારો દોહિત્ર છે, તેમજ વેહલ્લ પણ૰ છે. શ્રેણિક રાજાએ જીવતાં જ વેહલ્લને સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર પૂર્વે આપેલ છે. તો જો કોણિક રાજા વેહલ્લને રાજ્ય અને જનપદનો અર્ધભાગ આપે તો હાર અને હાથી બંને પાછા આપું અને વેહલ્લકુમારને પાછો મોકલું.*

*તે દૂતને સત્કારી, સન્માની વિદાય કર્યો. ત્યારે તે દૂત ચેટકરાજાથી વિદાય પામી, ચાતુર્ઘંટ અશ્વરથ - x - માં બેસી વૈશાલીની મધ્યેથી નીકળી માર્ગમાં શુભ વસતિ અને પ્રાતરાશ વડે યાવત્ વધાવીને કોણિકને કહ્યું – સ્વામી ! ચેટક રાજા આજ્ઞા કરે છે કે - યાવત્ પૂર્વવત્ - તો હે સ્વામી ! ચેટકરાજા હાર અને હાથી આપતા નથી કે વેહલ્લને મોકલતા નથી.*

*ત્યારે કોણિક રાજાએ બીજી વખત દૂતને બોલાવીને કહ્યું – તું વૈશાલી જા - મારા માતામહ ચેટક રાજાને કહે કે – સ્વામી ! કોણિક રાજા કહે છે કે – જે કોઈ રત્નો ઉપજે તે બધાં રાજકુલગામી હોય, શ્રેણિક રાજાને રાજ્યશ્રી કરતાં અને પાળતાં બે રત્નો ઉપજ્યા, સેચનક ગંધહસ્તી અને અઢારસરો હાર. તો રાજકુલની પરંપરાથી આવતી સ્થિતિ લોપ્યા વિના તે બંને અને વેહલ્લને પાછો સોંપો.*

*ત્યારે તે દૂત કોણિક રાજાને પૂર્વવત્ યાવત્ વધાવી બોલ્યો હે સ્વામી ! કોણિક રાજા કહે છે૰ ઈત્યાદિ. ત્યારે ચેટક રાજાએ તે દૂતને કહ્યું – પૂર્વવત્ યાવત્ દૂતને સત્કારીને વિદાય કર્યો. ત્યારે દૂતે યાવત્ કોણિક રાજાને પૂર્વવત્ બધું નિવેદન કર્યુ.*

*ત્યારે કોણિક રાજા તે દૂત પાસે આ સાંભળી, સમજી ક્રોધિત થઈ યાવત્ ધમધમતો ત્રીજા દૂતને બોલાવીને કહ્યું – તું જા, વૈશાલીનગરીમાં ચેટક રાજાને ત્યાં ડાબા પગે પાદપીઠને પ્રહાર કરી, ભાલાની અણીથી આ લેખ આપીને ક્રોધિત થઈ યાવત્ મસ્તકે ત્રિવલી ચડાવી ચેટક રાજાને કહેજે – ઓ ચેટક રાજા ! અપ્રાર્થિતના પ્રાર્થિત, દુરંત૰ યાવત્ પરિવર્જિત આ કોણિક રાજા આજ્ઞા કરે છે – કોણિક રાજાને હાર, હાથી, વેહલ્લકુમાર પાછા સોંપો અથવા યુદ્ધ માટે સજ્જ થઈને રહો. કોણિકરાજા બલ-વાહન અને સ્કંધાવાર સહિત યુદ્ધસજ્જ થઈ જલ્દી આવે છે.*

*ત્યારે તે દૂત બે હાથ હોડી૰ યાવત્ ચેટક રાજાને વધાવીને કહ્યું હે સ્વામી ! આ મારી વિનય પ્રતિપત્તિ છે. હવે કોણિક રાજાની આજ્ઞા પ્રમાણે યાવત્ પૂર્વવત્ બધું કર્યુ - કહ્યું.*

*ત્યારે તે ચેટક રાજાએ તે દૂતની પાસે આ અર્થને સાંભળી, સમજી ક્રોધિત થઈ યાવત્ કહ્યું – હું કોણિક રાજાને હાર, હાથી, વેહલ્લકુમારને નહીં મોકલું, યુદ્ધસજ્જ થઈને હું રહીશ. દૂતને સત્કાર્યા, સન્માન્યા વિના પાછલે દ્વારેથી કાઢ્યો.*





**● વિવેચન-૧૭ :-**

*[સૂત્રમાં માત્ર વેહલ્લકુમાર નામ છતાં વૃત્તિકારે હલ્લ અને વિહલ્લ પૂર્વ સૂત્રમાં કહ્યા, ચેલ્લણા રાણીના કહેવાથી કોણિક શ્રેણિક રાજાને છોડાવવા જાય છે, પણ વૃત્તિકાર પુત્રપ્રેમની વાત નોંધે છે, સૂત્ર કરતાં વૃત્તિમાં આ ભિન્ન કથન નિવેદનના ઔચિત્ય વિશે બહુશ્રુતો પાસે જાણવું.]*

[વૃત્તિકારે નોંધેલ વૃત્તિમાંથી કિંચિત્ આ રીતે –] આર્યક એટલે માતામહ, संपेह - વિચારવું, अंतर - પ્રવિરલ મનુષ્યાદિ. 'ચિત્ર' - રાજપ્રશ્નીય ઉપાંગમાં જે ચિત્ર નામે દૂત છે, તેની માફક છે. પ્રાતરાશ - સૂર્ય ઉગ્યા પછી પહેલાં બે પ્રહરનો ભોજન કાળ - x - अलोवेमाण - પરંપરાથી આવતી પ્રીતિને ન લોપીને. - x - x -

**● સૂત્ર-૧૮ :-**

*ત્યારે તે કોણિકરાજાએ તે દૂત પાસે આ અર્થને સાંભળી, સમજી ક્રોધિત થઈ કાલાદિ દશ કુમારોને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિય ! નિશ્ચે વેહલ્લકુમાર મને કહ્યા વિના સેચનક હાથી અને અઢારસરો હાર લઈ પૂર્વવત્ ચાલ્યો ગયો છે. મેં દૂતો મોકલ્યા ઈત્યાદિ પૂર્વવત્૰ હે દેવાનુપ્રિયો ! આપણે ચેટક રાજાની યાત્રા ગ્રહણ કરવી [તેની સાથે યુદ્ધ કરવું] શ્રેયસ્કર છે. ત્યારે કાલાદિ દશે કુમારો કોણિક રાજાના આ અર્થને વિનયથી સ્વીકારે છે.*

*પછી કોણિકે કાલાદિ દશે કુમારોને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે પોત-પોતાના રાજ્યોમાં જઈ, ન્હાઈ યાવત્ પ્રાયશ્ચિત્ત કરી દરેકે દરેક હાથીના સ્કંધે બેસી, ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ ઘોડા, ૩ કરોડ પાયદળ સાથે પરીવરી સર્વ ઋદ્ધિ યાવત્ નાદ વડે પોત-પોતાના નગરથી નીકળી મારી પાસે આવો. ત્યારે કાલાદિ દશેએ કોણિકના આ અર્થને સાંભળી યાવત્ તે પ્રમાણે નીકળી અંગ જનપદમાં ચંપાનગરીમાં કોણિક રાજા પાસે આવ્યા. - x -*

*ત્યારે કોણિક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્ન સજાવો. અશ્વ-હાથી-રથ-ચાતુરંગિણી સેના સજ્જ કરો. યાવત્ આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારપછી કોણિકરાજા સ્નાનગૃહે આવ્યો. યાવત્ નીકળીને બાહ્ય ઉપસ્થાન-શાળામાં યાવત્ નરપતિ આરૂઢ થયો. પછી કોણિક રાજા ૩૦૦૦ હાથી યાવત્ નાદ સહિત ચંપાનગરીની મધ્યેથી નીકળીને કાલાદિ દશકુમારો પાસે આવ્યો. તેમની સાથે ભળી ગયો. પછી કોણિક રાજા ૩૩,૦૦૦ હાથી યાવત્ ૩૩ કરોડ પાયદળ સાથે પરીવરી સર્વઋદ્ધિથી યાવત્ નાદથી શુભ વસતિ અને પ્રાતરાશ વડે અતિ દૂર નહીં તે રીતે અંતરાવાસથી વસતો વસતો અંગજનપદની મધ્યેથી વિદેહ જનપદમાં વૈશાલીનગરી જવા નીકળ્યો.*

*ત્યારે ચેટકરાજા આ વાત જાણીને નવ મલ્લકી, નવ લેચ્છકી, કાશી કોશલના અઢાર ગણરાજાને બોલાવીને કહ્યું – વેહલ્લકુમાર, કોણિક રાજાને કહ્યા વિના અહીં આવેલ છે ઈત્યાદિ બધું પૂર્વોક્ત જાણવું. તો શું કોણિક રાજાને*

*સેચનક હાથી અને અઢાર સરોહાર આપી દેવો ? કે યુદ્ધ કરવું. ત્યારે તે બધાંએ ચેટક રાજાને કહ્યું — હે સ્વામી ! આ વાત યુક્ત નથી, પ્રતીત નથી, રાજાને યોગ્ય નથી. - x - જો કોણિક - x - યુદ્ધ કરવા આવે છે, તો આપણે પણ યુદ્ધ કરીશું.*

*ત્યારે તે ચેટક રાજા નવ મલ્લકી, નવ લેચ્છવી, કાશીકોશલના અઢાર ગણરાજાને એમ કહ્યું — જો તમે કોણિક રાજા સાથે યુદ્ધ કરવા ઈચ્છો છો, તો પોત-પોતાના રાજ્યમાં જઈ, સ્નાન કરી, યાવત્ કાલાદી માફક યાવત્ જય-વિજય વડે વધાવે છે. પછી ચેટક રાજા કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું — આભિષેક્ય હસ્તિ તૈયાર કરો, કોણિકની જેમ યાવત્ આરૂઢ થયો. પછી ચેટક રાજા ૩૦૦૦ હાથી આદિ સાથે કોણિક માફક યાવત્ વૈશાલી મધ્યેથી નીકળ્યો. નવ મલ્લકી આદિ રાજાઓ હતા, ત્યાં આવ્યો. પછી ચેટક રાજા સત્તાવન-સત્તાવનહજાર હાથી-ઘોડા-રથ અને ૫૭ કરોડ પાયદળ સાથે પરીવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી શુભ વસતી અને પ્રાતરાશ વડે યાવત્ છાવણી નાંખતો કોણિક સાથે યુદ્ધ માટે સજ્જ રહ્યો.*

*ત્યારે તે કોણિક રાજા સર્વ ઋદ્ધિ યાવત્ રવથી દેશના પ્રાંતે આવીને ચેડગરાજાથી યોજનને અંતરે છાવણી નાંખી. પછી બંને રાજાએ રણભૂમિને સજ્જ કરાવી, રણભૂમિમાં ગયા.*

*ત્યારપછી કોણિક રાજાએ ૩૩,૦૦૦ હાથી આદિથી ગરુડ વ્યૂહ રચ્યું અને રથમુસલ સંગ્રામમાં આવ્યો. પછી સેટક રાજા ૫૭,૦૦૦ હાથી આદિથી શકટવ્યૂહ રચ્યો. રચીને રથમુસલ સંગ્રામે આવ્યા.*

*પછી બંને રાજાના સૈનિકો સન્નદ્ધ યાવત્ ગૃહિત આયુધ પ્રહરણ થઈ, ફળાંને હાથમાં લીધા, ખડ્ગ મ્યાન બહાર કર્યા, ભાથાને ખભે લટકાવ્યા, ધનુષ્ પ્રત્યંચાયુક્ત કર્યા, બાણો ભાથામાંથી ખેંચ્યા, બરછી આદિ ઉછાળ્યા, સાથળે બાંધેલ ઘુઘરા હટાવ્યા. શીઘ્ર વાજિંત્રો વગાડ્યા, મોટા ઉત્કૃષ્ટ સીંહનાદાદિ અને કલકલ શબ્દો કરવા લાગ્યા. તેથી સમુદ્રવત્ ગર્જના કરતા હોય તેમ સર્વ સમૃદ્ધિ સહ યાવત્ વાજિંત્રના શબ્દ સહિત અશ્વરો અશ્વારો સાથે આદિ૦ લડવા લાગ્યા.*

*પછી બંને રાજાના સૈનિકો સ્વામીની આજ્ઞામાં રક્ત હોવાથી મોટા જનક્ષયને કરતાં, જનવધ-જનમર્દન કરતાં, સંવર્તક વાયુવત્ લોકોને ઉપરઉપર એકત્ર કરતાં, નૃત્ય કરતાં ધડ વડે અને હાથમાંથી પડી ગયેલ વાર વડે રણભૂમિને ભયંકર કરતાં, લોહીનો કાદવ કરતાં પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે તે કાલકુમાર - x - ગરુડ વ્યૂહ વડે પોતાના ૧૧-માં ભાગના સૈન્ય વડે કોણિક સાથે રહીને રથમુશલ સંગ્રામમાં યુદ્ધ કરતો હત-મથિતાદિ થયો યાવત્ મૃત્યુ પામ્યો.*

*ગૌતમ ! એ રીતે કાલકુમાર આવા આરંભ યાવત્ અશુભ કૃત કર્મના ભારથી કાળ કરી ચોથી પંકપ્રભા નરકે૦ ઉત્પન્ન થયો.*



**● વિવેચન-૧૮ :-**

કાલાદિ એ કોણિકના વચનો વિનયથી સ્વીકાર્યા - x - x - કોણિકે ત્રણ દૂત મોકલ્યા. - x - तोण - બાણ, सजीव - પ્રત્યંચાસહ, - x - भीम - રૌદ્ર. બાકી બધું સુગમ છે.

**● સૂત્ર-૧૯ :-**

*ભગવન્ ! કાળકુમાર ચોથી નરકથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહમાં ઉંચા ધનાઢ્ય કુળોમાં ઉત્પન્ન થઈ દૃઢપ્રતિજ્ઞાવત્ કહેવું. યાવત્ દીક્ષા લઈને સિદ્ધ, બુદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

## ❀ અધ્યયન-૨ થી ૧૦ ❀

— x — x — x —

**● સૂત્ર-૨૦,૨૧ :-**

*[૨૦] ભગવન્ ! જો શ્રમણ યાવત્ સંપ્રાપ્તે નિરયાવલિકાના પહેલાં અધ્યયનનો આ અર્થ કહેલ છે, તો નિરયાવલિકાના બીજા અધ્યયનનો શ્રમણ ભગવંતે૦ શો અર્થ કહ્યો છે ?*

*જંબૂ ! તે કાળે તે સમયે ચંપા નામે નગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, કોણિક રાજા, પદ્માવતી દેવી હતા. તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની લઘુમાતા સુકાલી રાણી હતી. તે સુકાલીદેવીને સુકાલ નામે પુત્ર હતો. ત્યાર તે સુકાલ કુમાર અન્ય કોઈ દિને ૩૦૦૦ હાથી૦ કાલકુમારની માફક બધું પૂર્વવત્ કહેવું યાવત્ મહાવિદેહ ક્ષેત્રે મોક્ષે જશે.*

*[૨૧] એ પ્રમાણે બાકીના આઠ અધ્યયનો પહેલાંની માફક જાણવા. માત્ર માતાના નામ પુત્ર સદૃશ કહેવા.*

**નિરયાવલિકા સૂત્રના દશ અધ્યયનનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## આગમ સૂત્ર-૧૯, ઉપાંગસૂત્ર-૮ પૂર્ણ

— x — x — x — x — x — x —

# ૨૦ કલ્પવતંસિકા-ઉપાંગસૂત્ર-૯

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ આને નિરયાવલિકા સૂત્રનો બીજો વર્ગ પણ કહે છે.

### ❁ અધ્યયન-૧ થી ૧૦ ❁

-- x -- x -- x --

● **સૂત્ર-૧ :-**

*ભગવન્ ! જો શ્રમણ ભગવંતે-ઉપાંગના પહેલાં વર્ગમાં નિરયાવલિકાનો આ અર્થ કહેલ છે, તો ભગવન્ ! કલ્પવતંસિકા નામે બીજા વર્ગનો ભગવંતે કેટલાં અધ્યયનો કહ્યા છે ? હે જંબૂ ! શ્રમણ ભગવંતે કલ્પવતંસિકાના દશ અધ્યયનો કહ્યા છે. તે આ પ્રમાણે – પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનિગુલ્મ, આનંદ અને નંદન.*

*ભગવન્ ! જો શ્રમણ ભગવંતે યાવત્ કલ્પવતંસિકાના દશ અધ્યયનો કહ્યા છે, તો પહેલાં અધ્યયનનો - x - શો અર્થ કહેલ છે ? હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય, કોણિક રાજા, પદ્માવતીદેવી હતી. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિકની લઘુમાતા કાલી નામે સુકુમાલદેવી હતી, તે કાલીદેવીને કાલ નામે સુકુમાલ પુત્ર હતો.*

*તે કાલકુમારને પદ્માવતી નામે રાણી હતી. જે સુકુમાલ યાવત્ વિચરતી હતી. તે પદ્માવતીને અન્ય કોઈ દિને તેવા પ્રકારના વાસગૃહ જે અભ્યંતર સચિત્ર કર્મ યુક્ત હતું યાવત્ સીંહનું સ્વપ્ન જોઈને જાગી. એ રીતે મહાબલવત્ જન્મ કહેવો યાવત્ નામ રાખ્યું, જ્યારથી અમારો આ બાળક કાલકુમારનો પુત્ર અને પદ્માવતીનો આત્મજ થાય ત્યારે તેનું પદ્મ નામ પાડીશું બાકી બધું મહાબલ મુજબ, આઠ દયાજા યાવત્ ઉપરના પ્રાસાદે રહે છે.*

*સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી, કોણિક નીકળ્યો, પદ્મ પણ મહાબલવત્ નીકળ્યો. તે રીતે જ માતા-પિતાની રજા લીધી યાવત્ દીક્ષા લઈ અણગાર યાવત્ ગુપ્તબ્રહ્મચારી થયા. પછી તે પદ્મ અણગાર શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવીરો પાસે સામાયિક આદિ અગિયાર અંગો ભણ્યા, ભણીને ઘણાં ઉપવાસ, છઢ, અઢમાદિ કરતાં યાવત્ વિચરે છે.*

*ત્યારપછી તે પદ્મ અણગાર તે ઉદાર તપ વડે મેઘની જેમ ધર્મ જાગરિકા કરતા, મેઘની જેમ ભગવંતને પૂછીને વિપુલ પર્વતે યાવત્ પાદોપગત અનશન કરી તથારૂપ સ્થવિર પાસે સામાયિક આદિ ૧૧-અંગ ભણી, બહુ પ્રતિપૂર્ણ પાંચ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળી, માસિકી સંલેખનાથી ૬૦ ભક્તો છેદી, અનુક્રમે કાળ કર્યો. સ્થવિરો ઉતર્યા. ગૌતમસ્વામીએ પૂછ્યું. સ્વામીએ કહ્યું યાવત્ સૌધર્મકલ્પે બે સાગરોપમાયુવાળા દેવપણે ઉપજ્યા.*

*ભગવન્ ! તે પદ્મદેવ તે દેવલોકથી આયુક્ષય કરી ક્યાં જશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં દૃઢપ્રતિજ્ઞવત્ યાવત્ અંત કરશે. હે જંબૂ ! શ્રમણ ભગવંતે કલ્પવતંસિકાના પહેલાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તેમ હું કહું છું.*



● **સૂત્ર-૨ થી ૫ :-**

*[૨] ભગવન્ ! ભગવંતે પહેલાં અધ્યયનનો ઉક્ત અર્થ કહ્યો, તો બીજાનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે૦ ચંપા નગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, કોણિક રાજા, પદ્માવતી રાણી હતી. ત્યાં શ્રેણિક રાજાની પત્ની, કોણિકરાજાની લઘુમાતા સુકાલી રાણી હતી. તેણીને સુકાલ નામે પુત્ર હતું. સુકાલને મહાપદ્મ નામે રાણી હતી. મહાપદ્મે કોઈ દિને પૂર્વવત્ સ્વપ્ન જોયું. મહાપદ્મ બાળક થયો. યાવત્ મોક્ષે જશે વિશેષ એ કે ઈશાનકલ્પે ઉત્કૃષ્ટ સ્થિતિક દેવ થયો. હે જંબૂ ! ભગવંતે આ અર્થ કહ્યો છે.*

*[૩] એ પ્રમાણે બાકીના આઠે અધ્યયનો કહેવા. માતાની સદૃશ નામો છે. અનુક્રમે કાલાદિ દશ પુત્રો –*

*[૪] પહેલાં બે નો પાંચ, પછીના ત્રણનો ચાર, પછીના ત્રણનો ત્રણ, છેલ્લા બેનો બે વર્ષ ચારિત્ર પર્યાય જાણવો.*

*[૫] દશેનો ઉપપાત અનુક્રમે સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, નવમાનો પ્રાણત અને દશમાનો અચ્યુત કલ્પે છે. બધાંની ત્યાં ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી. બધાં મહાવિદેહે મોક્ષે જશે.*

● **વિવેચન-૧ થી ૫ :-**

શ્રેણિકના પૌત્રો એટલે કાલ, મહાકાલાદિના પુત્રોનો ક્રમશઃ વ્રત-પર્યાય કહેનારી ગાથા કહી. તે દશમાં પહેલાં બે એટલે કાલ અને સુકાલના પુત્રોના વ્રતપર્યાય પાંચ-પાંચ વર્ષનો હતો ઈત્યાદિ. તેમાં પહેલો પુત્ર પદ્મ, કામભોગ ત્યજી ભગવંત મહાવીર પાસે વ્રત ગ્રહી ૧૧-અંગધારી થઈ, અતિ ઉગ્ર તપ તપી, શરીરે અતિ કૃશ થઈ, વિચાર્યુ કે મારે બળ, વીર્યાદિ છે ત્યાં ભગવંતની અનુજ્ઞાથી મારે પાદપોપગમન કરવું શ્રેય છે. તેમ કરી, પાંચ વર્ષ વ્રતપાળી, માસિકી સંલેખનાથી કાળ કરી સૌધર્મ ઉત્કૃષ્ટ સ્થિતિ દેવ થયો. - x -

એ રીતે સુકાલ અને મહાપદ્માનો પુત્ર મહાપદ્મનું કથન છે. - x - તે ઈશાનકલ્પે ઉત્કૃષ્ટ સ્થિતિક દેવ, મહાવિદેહે મોક્ષે જશે.

ત્રીજી મહાકાલના પુત્રની, ચોથી કૃષ્ણકુમારના પુત્રની, પાંચમી સુકૃષ્ણના પુત્રની વક્તવ્યતા છે. ત્રણે ચાર વર્ષનો પર્યાય પાળ્યો અનુક્રમે ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકે ઉત્પન્ન થયા. - x - બધાંનું તે-તે કલ્પે ઉત્કૃષ્ટાયું પામ્યા. ત્યાંથી મહાવિદેહમાં મોક્ષે જશે.

અધ્યયન-૬-માં મહાકૃષ્ણના પુત્રની, ૭-માં વીરકૃષ્ણના પુત્રની ૮-માં

રામકૃષ્ણપુત્રની વક્તવ્યતા છે. ત્રણેનો ત્રણ વર્ષનો પર્યાય હતો. ઉપપાત ક્રમશઃ છ-સાત-આઠમાં કલ્પે થયો. ઉત્કૃષ્ટ આયુ પામી, મહાવિદેહે મોક્ષે જશે.

અધ્યયન-૯માં પિતૃસેનકૃષ્ણનો પુત્ર, બે વર્ષનો પર્યાય, દશમાં કલ્પે ઉપપાત, ૧૯ સાગરોપમાયુ, મહાવિદેહે મોક્ષે જશે. દશમાં અધ્યયનમાં મહાસેનકૃષ્ણનો પુત્ર, બે વર્ષ પર્યાય, અનશનાદિથી બારમાં દેવલોકે ઉપપાત, ૨૨-સાગરોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષ. - - એ રીતે કલ્પાવતંસક દેવ પ્રતિબદ્ધ ગ્રંથ પદ્ધતિ કહી.

**કલ્પવતંસિકા ઉપાંગ સૂત્રના દશે અધ્યયનનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## આગમ સૂત્ર-૨૦, ઉપાંગ સૂત્ર-૯-પૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x --



# ૨૧ | પુષ્પિકા-ઉપાંગસૂત્ર-૧૦

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ આ સૂત્રને નિરયાવલિકાનો ત્રીજો વર્ગ કહે છે.

### ❁ અધ્યયન-૧-ચંદ્ર ❁

-- x -- x -- x --

● સૂત્ર-૧ થી ૩ :-

*[૧] ભગવન્ ! શ્રમણ ભગવંતે૦ કલ્પવતંસિકા ઉપાંગનો આ અર્થ કહ્યો, તો ત્રીજો વર્ગ-પુષ્પિકા ઉપાંગનો કયો અર્થ કહેલ છે ? હે જંબૂ ! શ્રમણ ભગવંતે૦ તેના દશ અધ્યયનો કહ્યા.*

*[૨] ચંદ્ર, સૂર્ય, શુક્ર, બહુપુત્રિકા, પૂર્ણભદ્ર, માણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદૃત. [આ દશ અધ્યયન છે.]*

*[૩] ભગવન્ ! - x - પુષ્પિકાના પહેલાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહ નગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા હતો. તે કાલે૦ સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી.*

*તે કાળે૦ જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સીંહાસને ૪૦૦૦ સામાનિકો૦ યાવત્ વિચરે છે. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિજ્ઞાનથી અવલોકતો, જોતો સૂર્યાભદેવવત્ શ્રમણ ભગવંત મહાવીરને જુએ છે. આભિયોગ દેવને બોલાવીને યાવત્ સુરેન્દ્રના અભિગમન યોગ્ય વિમાનને કરીને, મારી આજ્ઞા પાછી સોંપો. સુસ્વરા ઘંટા યાવત્ વિકુર્વણા. યાન વિમાન ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ હતું. ૬૨ાા યોજન ઉંચુ, ૨૫ યોજન ઉંચો મહેન્દ્ર ધ્વજ, શેષ સર્વે સૂર્યાભવત્ યાવત્ તે ચંદ્રેન્દ્ર ભગવંત પાસે આવ્યો. નૃત્યવિધિ દેખાડી પાછો ગયો.*

*ભગવન્ ! ગૌતમસ્વામીએ પૂછ્યું, કૂટાગારશાલાવત્ શરીરમાં અનુપ્રવેશી, પૂર્વભવ - તે કાળે૦ શ્રાવસ્તીનગરી, કોષ્ઠક ચૈત્ય, ત્યાં અંગતી ગાથાપતિ, આઢ્ય યાવત્ અપરિભૂત હતો. તે શ્રાવસ્તી નગરીમાં આનંદશ્રાવકવત્ બહુમાન્ય આદિ હતો.*

*તે કાળે પુરુષાદાનીય પાર્શ્વ અરહંત, ભ૦ મહાવીરવત્ હતા. નવ હાથ ઉંચા, ૧૬,૦૦૦ શ્રમણો, ૩૮,૦૦૦ શ્રમણી યાવત્ કોષ્ઠક ચૈત્યે સમોસર્યા. તે વૃત્તાંત જાણી અંગતી ગાથાપતિ ‘‘કાર્તિક શ્રેષ્ઠી’’ની જેમ હર્ષિત થઈ નીકળે છે. યાવત્ પર્યુપાસે છે. ધર્મ સાંભળી, સમજી બોલ્યો – દેવાનુપ્રિય ! મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી પછી આપની પાસે યાવત્ દીક્ષા લઉં. ‘‘ગંગદત્ત’’ની જેમ દીક્ષા*

લઈ યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયો.

પછી તે અંગતી અણગાર પાર્શ્વ અરહંતના તથારૂપ સ્થવિર પાસે સામાયિકાદિ ૧૧-અંગ ભણ્યો. ઘણાં ઉપવાસાદિથી યાવત્ ભાવિત કરતો, ઘણાં વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને અર્દ્ધ માસિકી સંલેખનાથી ૩૦ ભક્તોને અનશનથી છેદીને વિરાધિત શ્રામણ્યથી કાળ કરી ચંદ્રાવતંસક વિમાનમાં, ઉપપાત સભામાં દેવશયનીયમાં, દેવદૂષ્યાંતરિત જ્યોતિષ્કેન્દ્ર ચંદ્રરૂપે ઉપજ્યો.

ત્યારે તે અધુનોત્પન્ન જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર પંચવિધ પર્યાપ્તિ વડે પર્યાપ્તિ ભાવ પામ્યો. ભગવન્ ! ચંદ્રની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! લાખ વર્ષાધિક એક પલ્યોપમ. ગૌતમ ! ચંદ્ર યાવત્ જ્યોતિષ્ રાજે તે દિવ્ય દેવ ઋદ્ધિ મેળવી. ભગવન્ ! ચંદ્ર તે દેવલોકથી આયુક્ષયથી ચ્યવીને ક્યાં જશે ? મહાવિદેહે મોક્ષે જશે. - x -

● વિવેચન-૧ થી ૩ :-

ત્રીજો વર્ગ પણ દશ અધ્યયનાત્મક છે. - x - નિગમન વાક્ય કહેવું. કેવલકલ્પ - સ્વકાર્યકરણ સમર્થ-સ્વગુણથી સંપૂર્ણ. કુટાગાર શાલા દૃષ્ટાંત - કોઈ ઉત્સવમાં, કોઈ નગરના બહારના પ્રદેશમાં લોકોને વસવા યોગ્ય શાળા હતી. મેઘવૃષ્ટિ થતાં ત્યાં રમમાણ લોકો તે શાળામાં પ્રવેશ્યા, એ રીતે આ દેવ વિરચિત લોક નાટ્યાદિ કરીને દેવના શરીરમાં પ્રવેશી ગયો. તે આ શાળાનું દૃષ્ટાંત.

આઢ્ય - આઢ્ય, દિપ્ત, વિત્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન ઈત્યાદિ લેવું. आनंद - ઉપાસક દશામાં કહેલ એક શ્રાવક. તેના વિશેષણો - x - અહીં પણ સમજી લેવા.

પુરુષાદાનીય - પુરુષો વડે આદાનીય. - x - x - गंगदत्त - ભગવતીજીમાં કહેવાયેલ. તે પણ વિષયસુખને કિંપાકના ફળ જેવા જાણી, જીવિતને પાણીના પરપોટા સમાન૦ ઈત્યાદિ બધું ગંગદતવત્ કહેવું યાવત્ અંગતિ પણ બધાંને ત્યાગી પ્રવ્રજિત થયો. પાંચ સમિતિ-ત્રણગુપ્તિયુક્ત, મમતા રહિત ઈત્યાદિ - x -

ઉપવાસ આદિ એટલે એક ઉપવાસ, બે ઉપવાસ યાવત્ માસક્ષમણ વડે આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળ્યો. શ્રામણ્ય-વ્રતની વિરાધના, મૂળગુણ વિષયક નહીં પણ ઉત્તરગુણ વિષયક છે. તે પિંડની અશુદ્ધતાદિ, ઈર્યાસમિતિ આદિ શોધવામાં અનાદર, ક્યારેક લીધેલ અભિગ્રહનો ભંગ ઈત્યાદિથી વ્રત વિરાધના, ગુરુ પાસે આલોચના ન કરી. - x - x -

## ❀ અધ્યયન-૨-"સૂર્ય" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૪ :-

ભગવન્ ! શ્રમણ ભગવંતે જો પુષ્પિકાના અધ્યયન-૧-નો યાવત્ આ અર્થ કહ્યો, તો બીજાનો - x - શો અર્થ કહેલ છે ? હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિકરાજા હતો. સમોસરણ, ચંદ્રની જેમ સૂર્ય



પણ આવ્યો યાવત્ નૃત્યવિધિ દેખાડી, પાછો ગયો. પૂર્વભવ પૃચ્છા - શ્રાવસ્તી નગરી, સુપ્રતિષ્ઠ ગાથાપતિ, અંગતિ માફક વિચરે છે. પાર્શ્વનાથ પધાર્યા, અંગતી માફક દીક્ષા લીધી, શ્રામણ્ય વિરાધ્યુ. મહાવિદેહે મોક્ષે જશે.

● વિવેચન-૪ :-

નિગમન, તે પૂર્વે કહેલ છે તેમ.

## ❀ અધ્યયન-૩-"શુક્ર" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૫ થી ૭ :-

[૫] ભગવન્ !૦ ઉત્ક્ષેપ કહેવો. રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી. તે કાળે૦ મહાગ્રહ શુક્ર, શુક્રાવતંસક વિમાનમાં શુક્ર સિંહાસનમાં, ૪૦૦૦ સામાનિકો સાથે૦ ચંદ્રની જેમ યાવત્ આવ્યો. નૃત્યવિધિ દેખાડી, પાછો ગયો. કૂટાગારશાલા દૃષ્ટાંત. પૂર્વભવની પૃચ્છા —

ગૌતમ ! તે કાળે૦ વાણારસી નગરી હતી. ત્યાં સોમિલ બ્રાહ્મણ રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત અને ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત હતો. ભ૦ પાર્શ્વ પધાર્યા. પર્ષદા પર્યુપાસે છે. સોમિલ બ્રાહ્મણે આ વૃત્તાંત જાણતાં આવા પ્રકારે સંકલ્પ થયો. આ અરહંત પુરુષાદાનીય પાર્શ્વ પૂર્વાનુપૂર્વીથી યાવત્ આમ્રશાલવનમાં વિચરે છે, તો હું પાર્શ્વ અરહંત પાસે જઉં. આ આવા સ્વરૂપના અર્થો અને હેતુઓને પૂછું જેમ ભગવતીજી સૂત્રમાં કહેલ છે.

સોમિલ વિદ્યાર્થીરહિત એકલો નીકળ્યો. યાવત્ આમ કહે છે — ભગવન્ ! આપને યાત્રા છે ?, યાપનીય છે ? એ રીતે સરસવ, અડદ, કુલત્થાદિની પૃચ્છા. યાવત્ બોધ પામ્યો. શ્રાવક ધર્મ સ્વીકારી ગયો.

ત્યારપછી પાર્શ્વ અરહંત અન્ય કોઈ દિને વાણારસી નગરીના આમ્રશાલવન ચૈત્યથી નીકળ્યા, બહાર જનપદ વિહારે વિચરવા લાગ્યા. ત્યારપછી તે સોમીલ બ્રાહ્મણ અન્ય કોઈ દિને સાધુના દર્શન અને પર્યુપાસના રહિત થઈ મિથ્યાત્વપર્યાયોથી વધતો અને સમ્યક્ત્વ પર્યાયોથી ઘટતો મિથ્યાત્વને પામ્યો. ત્યારે સોમિલ બ્રાહ્મણને કોઈ દિને મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતા આવો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. હું નિશ્ચે વાણારસી નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ અતિ મોટા કુળમાં ઉત્પન્ન થયલો છું, તેથી મેં વ્રતો આચર્યા છે, વેદ ભણ્યો, સ્ત્રીઓ સાતે લગ્ન કર્યા, પુત્રો થયા, ઘણી સમૃદ્ધિ પામ્યો, પશુવધ કર્યા, યજ્ઞો કર્યા, દક્ષિણા આપી, અતિથિ પૂજ્યા, અગ્નિહોત્ર કર્યા, યજ્ઞસ્તંભ નાંખ્યા. તેથી કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતાં વાણારસી બહાર ઘણાં આંબાના વનો રોપવા. એ રીતે બીજોરા, બિલા, કોઠા, આંબલીના વન તથા પુષ્પના બગીચા રોપવા શ્રેયસ્કર છે. એમ વિચારી - x - યાવત્ તેમ કર્યું.

પછી ઘણાં આમ્રવન યાવત્ પુષ્પ બગીચાને અનુક્રમે સંરક્ષતા, સંગોપતા, સંવર્દ્ધિત કરતા બગીચાઓ કૃષ્ણ-કૃષ્ણાભાસ યાવત્ રમ્ય, મહામેઘનિકુરંબરૂપ,

પત્રિત-પુષ્પિત-ફલિત-હરિત શોભાયમાન અને શ્રી વડે અત્યંત ઉપશોભિત થઈ ગયા. પછી સોમિલ બ્રાહ્મણને કોઈ દિને મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતા આવો સંકલ્પ થયો કે —

નિશ્ચે હું વાણારસીનગરીનો સોમિલ બ્રાહ્મણ યાવત્ મેં યજ્ઞસ્તંભ રોપ્યા. પછી વાણારસીનગરી બહાર ઘણાં આમ્રવન યાવત્ પુષ્પ બગીચા રોપ્યા. મારે એ શ્રેય છે કે — કાલે યાવત્ સૂર્ય પ્રકાશિત થતાં ઘણાં લોહકડાહ-કડછાં, તાંબી, તાપસના ભાંડ ઘડાવીને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ કરાવી, મિત્રાદિને આમંત્રી, તેમને વિપુલ અશન યાવત્ સન્માનિત કરી, તેમની સામે મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, તે મિત્રાદિને પૂછી, ઘણાં લોહકડાયાદિ લઈને આ ગંગાકુળે વનપ્રસ્થ તાપસ થાઉં, તે આ રીતે — હોત્રિક, પોત્રિક, કોત્રિક, જંનતી, સહ્રતી, ઘાલતી, હુંબઉટ્ઠા, દંતુખ્ખલિયા, ઉમ્મજ્જગ, સંમજ્જગ, નિમ્મજ્જગ, સંપ્રક્ષાલક, દક્ષિણકુલા, ઉત્તરકુલા, શંખધમા, કૂલધમા, મૃગલુબ્ધકા, હસ્તિ તાપસ, ઉદ્દંડ, દિશાપ્રૌક્ષિક, વલ્કવાસી, બિલવાસી, જલવાસી, રુક્ષમૂલિક, અંબુભક્ષી, વાયુભક્ષી, સેવાલભક્ષી, મૂલાહારી, કંદાહારી, ત્વચાહારી, પત્રાહારી, પુષ્પાહારી, ફલાહારી, બીજાહારી, પરિસડિત કંદમૂલ-ત્વચા-પત્ર-પુષ્પ-ફલાહારી, જલાભિષેકથી કઠિન શરીરવાળા, આતાપનાથી અને પંચાગ્નિતાપથી અંગાર પક્વ અને કંદુપક્વ સમાન પોતાને કરીને વિચરે છે.

તેમાં જે દિશાપ્રૌક્ષિક તાપસો છે, તેમની પાસે દિશાપ્રૌક્ષિકપણે પ્રવ્રજ્યા લઈશ. લઈને આવા પ્રકારે અભિગ્રહ કરીશ — માટે જાવજ્જીવ છઠ્ઠ-છઠ્ઠના અનિક્ષિપ્ત દિશાચક્રવાલ તપોકર્મથી ઉંચી બાહા રાખીને, સૂર્યાભિમુખ આતાપનાભૂમિમાં આતાપના લેતા વિચરવું કલ્પે, એમ વિચારી કાલે યાવત્ સૂર્ય પ્રકાશિત થતાં ઘણાં લોહકડાયા યાવત્ દિશાપ્રૌક્ષિક તાપસપણે પ્રવ્રજિત થયા, થઈને આ આવા પ્રકારે અભિગ્રહ યાવત્ ગ્રહણ કરીને પહેલો છઠ્ઠ તપ સ્વીકારીને વિચરે છે.

ત્યારપછી સોમિલ બ્રાહ્મણ ઋષિ પહેલી છઠ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતર્યા, વલ્કલના વસ્ત્ર પહેરી પોતાના ઝુંપડે આવ્યા, આવીને વાંસની કાવડ લીધી, લઈને પૂર્વ દિશાનું પ્રોક્ષણ કર્યું. "પૂર્વ દિશાના સોમ લોકપાલ પ્રસ્થાન માર્ગે ચાલેલા સોમિલ બ્રાહ્મણ ઋષિનું રક્ષણ કરો. એમ પ્રાર્થી ત્યાંના કંદ, મૂલ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ અને હરિત લેવાની આજ્ઞા આપો, એમ કહી પૂર્વ દિશામાં ચાલ્યો. ત્યાંના જે કંદાદિ હતાં તે ગ્રહણ કર્યા. તેનાથી વાંસની કાવડ ભરી. દર્ભ, કુશ, પત્રામોડ, સમિધ અને કાષ્ઠ લીધા. લઈને ઝુંપડીએ આવ્યા. કાવડ નીચે મૂકી, વેદિકા બનાવી, છાણ વડે લંપીને સમાર્જન કર્યું, હાથમાં દર્ભ અને કળશ લીધા. ગંગા નદીએ જઈને તેમાં પ્રવેશી જલમજ્જન કર્યું. જળક્રીડા કરી, જલાભિષેક કર્યો. આચમન કર્યું, ચોક્ખો થયો.

પછી દેવ અને પિતૃનું કાર્ય કર્યું. દર્ભ અને કળશ હાથમાં રાખી, ગંગા



નદીની બહાર નીકળ્યો. નીકળીને પોતાની ઝુંપડીએ આવ્યો. દર્ભ, કુશ અને માટીની વેદિકા કરી, સરક કર્યું, અરણી કરી, સરક વડે અરણીનું મથન કર્યું, અગ્નિ સળગાવ્યો, અગ્નિ પ્રદીપ્ત કર્યો, સમિધનો લાકડાં નાંખ્યા, અગ્નિ દેદીપ્યમાન કર્યો. કરીને અગ્નિની જમણી બાજુ સાત અંગની સ્થાપના કરી, તે આ પ્રમાણે —

[૬] સકથ, વલ્કલ, સ્થાન, શય્યા, ભાંડ, કમંડલ, દંડદારુ અને આત્મ [પોતાને.]

[૭] પછી મધ, ઘી, ચોખા વડે અગ્નિમાં હોમ કર્યો, ચરુ સાધ્યો. બલિ વડે વૈશ્વદેવ કર્યો. અતિથિની ભોજનાદિ વડે પૂજા કરી. પછી પોતે આહાર કર્યો. પછી સોમિલ બ્રાહ્મણ ઋષિએ બીજા છઠ્ઠના પારણે તે બધું જ કહેવું. યાવત્ આહાર કર્યો. વિશેષ એ - દક્ષિણ દિશામાં યમ લોકપાલને પ્રાર્થના કરી - સોમિલ બ્રહ્મર્ષિની રક્ષા કરો, જે ત્યાં કંદાદિ છે, તેની યાવત્ અનુજ્ઞા આપો, એમ કહી દક્ષિણ દિશામાં ચાલ્યો. એ રીતે પશ્ચિમમાં વરુણ લોકપાલ યાવત્ પશ્ચિમ દિશામાં ચાલ્યો. ઉત્તરમાં વૈશ્રમણ લોકપાલ યાવત્ ઉત્તર દિશામાં ચાલ્યો. પૂર્વ દિશાના આલાવાની માફક ચારે દિશા કહેવી.

ત્યારપછી તે સોમિલ બ્રહ્મર્ષિ અન્ય કોઈ દિને મધ્યરાત્રિ સમયે અનિત્ય જાગરિકાથી જાગતા, આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો - હું વાણારસી નગરીનો સોમિલ બ્રહ્મર્ષિ, અતિ ઉચ્ચ બ્રાહ્મણકુળમાં જન્મ્યો. મેં વ્રત લીધા યાવત્ યજ્ઞસ્તંભ રોપ્યા. પછી પુષ્પના બગીચા રોપ્યા ઈત્યાદિ પૂર્વવત્ - x - હવે મારે એ શ્રેય છે કે કાલે સવારે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતાં ઘણાં જોયેલા આદિ અને પૂર્વ સંગતિક તથા પર્યાયસંગતિકને પૂછીને તથા આશ્રમમાં રહેલા સેંકડો મૃગાદિ સત્વોનું સન્માન કરીને, વલ્કલવસ્ત્ર પહેરી, વાંસની કાવડ તથા ભંડોપગરણને લઈને કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખીને મહાપ્રસ્થાન માર્ગે ચાલવું. એમ વિચારી બીજે દિવસે પ્રાતઃકાળે યાવત્ - x - કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધીને આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કર્યો —

હું જ્યાં હોઉં તે જળ-સ્થળ-દુર્ગ-નિમ્નપ્રદેશ - પર્વત-વિષમ-ગર્ત્તા કે દરીમાં ક્યાંય સ્ખલના પામું કે પડું તો મારે ઉભા થવું ન કલ્પે, એમ વિચારી આ આવો અભિગ્રહ ગ્રહણ કરે છે. ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખી મહાપ્રસ્થાન માર્ગે ચાલ્યો એવો તે સોમિલ બ્રહ્મર્ષિ મધ્યાહ્ન કાળે શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. તેની નીચે કાવડ સ્થાપી, વેદિકા રચી, ઉપલેપન-સંમાર્જના કરી, દર્ભ અને કળશ હાથમાં લઈને ગંગા મહાનદીએ ગયો. "સિવ"ની માફક યાવત્ ગંગા મહાનદીથી બહાર નીકળ્યો. શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. દર્ભ-કુશ-માટી વડે વેદિકા રચી, શરક કર્યુ યાવત્ બલિ સાધીને વૈશ્વદેવ કર્યો, કરીને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધી મૌન રહ્યો.

પછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિ પાસે મધ્યરાત્રિએ એક દેવ પ્રગટ થયો.

*પછી તે દેવે સોમિલ બ્રાહ્મણને એમ કહ્યું — ઓ સોમિલ બ્રાહ્મણ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. ત્યારે તે સોમિલે તે દેવના બે-ત્રણ વખત કહેલ આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં યાવત્ મૌન રહ્યો. ત્યારે તે દેવ સોમિલ દ્વારા અનાદર પામતા જે દિશામાંથી આવેલ તે જ દિશામાં પાછો ગયો.*

*પછી તે સોમિલ બીજે દિવસે યાવત્ સૂર્ય જ્વલંત થતાં વલ્કલના વસ્ત્ર પહેરી કાવડ લઈ, અગ્નિહોત્રના ભાંડોપકરણ લઈ કાષ્ઠ મુદ્રા વડે મુખ બાંધી ઉત્તરાભિમુખ ચાલ્યો. પછી તે સોમિલ બીજે દિવસે મધ્યાહ્ન કાળે જ્યાં સપ્તપર્ણવૃક્ષ નીચે કાવડ સ્થાપી, વેદિકા રચી, શ્રેષ્ઠ અશોકવૃક્ષે યાવત્ અગ્નિ હોમ કર્યો. કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યુ, મૌન રહ્યો. ત્યારે તે સોમિલની પાસે મધ્યરાત્રિ કાળ સમયમાં એક દેવ પ્રગટ થયો. તે દેવે આકાશમાં રહી શ્રેષ્ઠ અશોકવૃક્ષવત્ યાવત્ પાછો ગયો.*

*પછી તે સોમિલ કાલે યાવત્ સૂર્ય પ્રકાશતા વલ્કલના વસ્ત્રો પહેર્યા, કાવડ લીધી, કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધ્યુ. ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ ચાલ્યો. પછી સોમિલ ત્રીજા દિવસે મધ્યાહ્ન કાળે શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. ત્યાં નીચે કાવડ રાખી, વેદિકા રચી યાવત્ ગંગાનદીથી બહાર આવ્યો. યાવત્ પૂર્વવત્ મૌન રહ્યો. મધ્યરાત્રિએ સોમિલ પાસે એક દેવ પ્રગટ થયો. પૂર્વવત્ બોલીને પાછો ગયો.*

*પછી સોમિલે યાવત્ સૂર્ય પ્રકાશિત થતાં વલ્કલ વસ્ત્ર પહેર્યા - x - ઉત્તરમાં ચાલ્યો. ચોથે દિવસે મધ્યાહ્ને વડના વૃક્ષ નીચે કાવડ રાખી - x - મૌન રહ્યો. ત્યારે મધ્યરાત્રિએ સોમિલ પાસે એક દેવ પ્રગટ થયો, તે પ્રમાણે બોલીને પાછો ગયો. - x - પૂર્વવત્ યાવત્ પાંચમે દિવસે મધ્યાહ્ન કાળે ઉંબર વૃક્ષ નીચે કાવડ રાખી આદિ પૂર્વવત્ - x - મધ્યરાત્રિએ એક દેવ તેની પાસે આવ્યો. ઓ સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે, એક વખત બોલ્યો, સોમિલ પૂર્વવત્ મૌન રહ્યો. દેવે બીજી-ત્રીજી વખત પણ તેમ કહ્યું. ત્યારે સોમિલે તે દેવને - x - એમ કહેતા સાંભળી તે દેવને પૂછ્યું - કઈ રીતે મારી દુષ્પ્રવ્રજ્યા છે ?*

*ત્યારે દેવે સોમિલ બ્રાહ્મણને કહ્યું — નિશ્ચે તેં પાર્શ્વ અરહંત પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત એમ બાર ભેદે શ્રાવક-ધર્મ સ્વીકાર્યો છે પછી પૂર્વવત્ - x - કાવડ લઈ યાવત્ મૌન રહ્યો. પછી તે મધ્યરાત્રિએ તારી સન્મુખ પ્રગટ થઈ મેં કહ્યું — સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. - x - યાવત્ પાંચમે દિવસે પણ - x - કહ્યું કે તારી દુષ્પ્રવ્રજ્યા છે. ત્યારે સોમિલે તે દેવને પૂછ્યું — મારી પ્રવ્રજ્યા કઈ રીતે સુપ્રવ્રજ્યા થાય ? ત્યારે તે દેવે સોમિલને કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! જો તું આ પૂર્વે સ્વીકારેલ પાંચ અણુવ્રતો સ્વયં જ સ્વીકારીને વિચરે, તો તારી આ સુપ્રવ્રજ્યા થશે. ત્યારે તે દેવે સોમિલને વાંદે છે, નમે છે, પછી જે દિશામાંથી આવ્યો ત્યાં પાછો ગયો. પછી સોમિલ બ્રાહ્મણ ઋષિ તે દેવે એમ કહેતા પૂર્વે સ્વીકારેલ પાંચ અણુવ્રત સ્વયં જ સ્વીકારીને વિચરે છે. પછી*



*સોમિલ ઘણાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ યાવત્ માસક્ષમણાદિ વિવિધ તપ-ઉપધાન વડે પોતાને ભાવિત કરતો ઘણાં વર્ષો શ્રાવક પર્યાય પાળીને અર્ધમાસિકી સંલેખનાથી આત્માને ઝોસિત કરી ૩૦ ભક્તથી અનશનથી છેદીને તે સ્થાનના આલોચના પ્રતિક્રમણ ન કરીને વિરાધિત સમ્યક્ત્વથી કાળ કરીને શુક્રાવતંસક વિમાનમાં ઉપપાતસભામાં દેવ શયનીયમાં યાવત્ તે અવગાહનાથી શુક્રમહાગ્રહપણે ઉત્પન્ન થયો.*

*પછી તે નવો ઉત્પન્ન શુક્ર મહાગ્રહ યાવત્ ભાષામનપર્યાપ્તિ, એ રીતે હે ગૌતમ ! શુક્ર મહાગ્રહે તે દિવ્ય યાવત્ અભિસમન્વાગત કરી. એક પલ્યોપમ સ્થિતિ. તે શુક્ર દેવલોકથી આયુક્ષય થતાં ક્યાં જશે ? તે મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે - નિક્ષેપ કહેવો.*

**● વિવેચન-૫ થી ૭ :-**

ઉત્ક્ષેપ અર્થાત્ પ્રારંભ વાક્ય. - x - પુષ્પિકાના ત્રીજા અધ્યયનનો ભગવંતે શો અર્થ કહ્યો છે ? જંબૂ ! તે કાળે૦ રાજગૃહનગર૦ ઈત્યાદિ. - x - ऋग्वेद० - ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણવેદ, ઈતિહાસ, નિઘંટુને સાંગોપાંગ, રહસ્ય સહિત, તેના ધારક-વારક-પારગ, છ અંગવિદ્, ષષ્ટિ તંત્ર વિશારદ, ગણિત સ્કંધ, શિક્ષાકલ્પ, વ્યાકરણ છંદ, જ્યોતિષ્ શાસ્ત્ર અને બીજા બ્રાહ્મણ શાસ્ત્રમાં સુપરિનિષ્ઠિત સોમિલ બ્રાહ્મણ, પાર્શ્વજિનનું આગમન સાંભળી કુતૂહલથી જિન સમીપે ગયો, આ અર્થને, હેતુને, પ્રશ્નો, કારણો, વ્યાકરણાદિ પૂછીશ, એમ વિચારી નીકળ્યો.

खंडियविहुण - છાત્ર રહિત. ભગવંત પાસે જઈને કહ્યું — ભંતે! આપને યાત્રા છે? યાપનીય છે? એ પ્રમાણે સરસવ, માસ, કુલત્થા ઈત્યાદિના પ્રશ્નો કર્યા. सरिसवय - સરસવ કે સદેશવય, मास - ધાન્ય વિશેષ કે સુવર્ણાદિનું માન, અડદ. कुलत्था - કળથી, કુળમાં રહેલ. ઈત્યાદિ પ્રશ્ન - x - x - એક છો? બે છો? વગેરે પ્રશ્ન.

ભગવંતે ઉત્તર આપ્યા. જેમકે દ્રવ્યાર્થથી જીવ એક છે, પ્રદેશાર્થથી અનેક છે. - x - જ્ઞાન, દર્શનથી કદાચ બેપણું છે. ઈત્યાદિ - x - x - તે અક્ષય, અવ્યય, નિત્ય, અવસ્થિત છે આદિ - x - એ રીતે સંશય છેદાતા બાર ભેદે શ્રાવકધર્મ સ્વીકાર્યો, સોમિલ બ્રાહ્મણ સ્વસ્થાને ગયો.

असाहुदंसण - કુદર્શની, તાપસાદિ તેના દર્શનથી અને સુસાધુના અદર્શનથી, કેમકે તેમના દેશાંતર વિચરણથી દર્શન ન થયા. તેમના અભાવે પર્યુપાસનાનો પણ અભાવ થયો. તેથી મિથ્યાત્વના પુદ્ગલો વધતાં ગયા અને સમ્યક્ત્વ પુદ્ગલો ઘટતાં ગયા. તેથી મિથ્યાત્વી થયો. - x - તેથી આત્મવિષયક, સ્મરણરૂપ, કંઈક આશંસિત મનમાં જ વર્તતો પણ બહાર ન પ્રકાશિત સંકલ્પ ઉત્પન્ન થયો.

व्रत - નિયમો, તે શૌચ સંતોષ તપ સ્વાધ્યાયાદિનું પ્રણિધાન. - x - મિત્ર-સુહૃદ, જ્ઞાતિ-સમાનજાતિ, નિજક-કાકા વગેરે, સંબંધી-શ્વશૂરાદિ, પરિજન-દાસદાસી આદિ, - x - વાનપ્રસ્થ-વનમાં હોવું તે અવસ્થા, અથવા બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, યતિ. એ ચારે લોક પ્રસિદ્ધ આશ્રમો છે, તેમાં ત્રીજો આશ્રમ. होत्ति - અગ્નિ હોતૃક,

पोत्तिय - વસ્ત્રધારી, कोत्तिय - ભૂમિએ સૂનારા, जन्नइ - યજ્ઞકર્તા, सड्ढइ - શ્રાદ્ધ, थालइ - ભાંડ લીધેલા, हुंउट्ठ - હુંડિકા શ્રમણ, दंतुक्खलिय - ફળભોજી, - x - x - संखधमा - શંખ વગાડીને જમનારા, कूलधमग - કૂળમાં રહીને શબ્દ કરીને ખાય છે. हस्तितापस - હાથીને મારીને ઘણો કાળ ભોજન કરે उद्दंडग - દંડ ઉંચો રાખીને ફરે, दिसाप्रोक्षी - જળ વડે દિશા પ્રોક્ષીને ફળ, પુષ્પાદિ ભેગા કરે. - x - x - x - दिसाचक्कवाल तपोकम्म - પારણે પૂર્વ દિશામાં જે ફલાદિ તેને લાવીને ખાય, એ રીતે દક્ષિણમાં, એમ ક્રમશઃ જાણવું. - x - उटज - તાપસાશ્રમ, किठिण - કાવડ - x -

- x - वेइ - વેદિકા, वर्धयति - પ્રમાર્જે છે. - x - જલમજ્જન - જળ વડે માત્ર બાહ્ય શુદ્ધિ કરવી. - x - चोक्ख - અશુચિ દ્રવ્યો દૂર કરવા - x - शरक - નિર્મન્થકાષ્ઠ, अरणि - નિર્મન્થનીય કાષ્ઠ, મથ્ન-ઘસવું - x - सकथ - ઉપકરણ વિશેષ, સ્થાન-જ્યોતિ સ્થાન કે પાત્ર સ્થાન, શચ્યા ભાંડ-શચ્યા ઉપકરણ, કમંડલ-કુંડિકા ઈત્યાદિ - x -

चरु - ભાજન વિશેષ, તેમાં પકાવાતું દ્રવ્ય પણ ચરુ અર્થાત્ બલિ છે. साधयति - રાંધે છે. બલિ વડે વૈશ્વાનરને પૂજે છે. - x - x - જેમ કાષ્ઠમય પૂતળું ન બોલે, તેમ તે પણ મૌન રહે છે અથવા મુખના છિદ્રને આચ્છાદક કાષ્ઠ ખંડમય મુખબંધનથી મુખ બાંધવું. - x - મહાપ્રસ્થાન-મરણકાળ ભાવિ કરીને પછી આગળ વધે. - x - x -

## ❀ અધ્યયન-૪-"બહુપુત્રિકા" ❀

— x — x — x — x —

● સૂત્ર-૮ :-

*ઉત્ક્ષેપ. નિશ્ચે જંબૂ ! તે કાળે૰ રાજગૃહનગર, ગુણશિલ ચૈત્ય, શ્રેણિક રાજા, સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી. તે કાળે૰ બહુપુત્રિકા દેવી સૌધર્મકલ્પમાં બહુપુત્રિકા વિમાનમાં સુધર્માસભામાં બહુપુત્રિકા સીંહાસને ૪૦૦૦ સામાનિકો, ચાર મહત્તરિકાદિ "સૂર્યાભદેવ" સમાન ભોગવતી વિચરતી હતી. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિ જ્ઞાન વડે અવલોકતી, જોતી, શ્રમણ ભગવન્ મહાવીરને જુએ છે. સૂર્યાભ દેવ સમાન યાવત્ નમીને સીંહાસને પૂર્વાભિમુખ બેઠી.*

*આભિયોગિકો સૂર્યાભવન્, સુસ્વરા ઘંટા, આભિયોગિકદેવોને બોલાવે છે, યાનવિમાન ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ યાવત્ ઉત્તરના નિર્યાણ માર્ગથી હજારો યોજનના પગલાં વડે ગમન કરીને સૂર્યાભની જેમ ભગવંત પાસે આવી, ધર્મકથા સમાપ્ત થઈ.*

*પછી તે બહુપુત્રિકા દેવીએ દક્ષિણી ભૂજા પ્રસારી, ૧૦૮ દેવ કુમારો, ડાબી ભૂજાથી ૧૦૮ દેવકુમારીઓ, પછી ઘણાં દારક અને દારિકા, ડિંભ અને ડિંભિકા વિકુર્વ્યા. સૂર્યાભની જેમ નૃત્યવિધિ દેખાડીને ગઈ.*

*ભંતે ! ગૌતમસ્વામીએ એમ કહી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને યાવત્ બહુપુત્રિકા દેવીની તે દિવ્ય દેવર્દ્ધિની પૃચ્છા કરી, યાવત્ કઈ રીતે સન્મુખ આવી. ગૌતમ ! તે કાળે૰ વાણારસી નગરી, આમ્રશાલવન ચૈત્ય હતું. ત્યાં વાણારસી નગરીમાં ભદ્ર સાર્થવાહ હતો. તે આઢ્ય અને અપરિભૂત હતો. તેને સુભદ્રા નામે સુકુમાલ, વંધ્યા પત્ની હતી. તેણી અપ્રસુતા હોવાથી માત્ર કોણી અને ઢીંચણની માતા હતી.*



*ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીને અન્ય કોઈ દિને મધ્યરાત્રિ કાળે કુટુંબ જાગરિકા કરતાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો — નિશ્ચે હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગોપભોગ ભોગવતા વિચરું છું. પણ એક પણ બાળક કે બાલિકાનો પ્રસવ ન થયો, તે માતાઓ ધન્ય છે યાવત્ તે માતાનો મનુષ્યજન્મ અને જીવિતનું ફળ સુલબ્ધ છે, જેમની પોતાની કુક્ષિથી ઉત્પન્ન બાળકો સ્તનનું દુધ પીવામાં લુબ્ધ થયેલાં, મધુર ઉલ્લાપને કરનારા, અવ્યક્ત વચન બોલનારા, સ્તનના મૂળથી કક્ષાના દેશ ભાગ સુધી ફરતાં ફરતાં દુધ પાન કરે છે, એમ હું માનું છું. વળી તે માતાઓ પોતાના કોમળ કમળ જેવા બે હાથ વડે ખોળામાં બેસાડે છે, મધુર સમુલ્લાપને આપે છે, વારંવાર મનોહર વચનો બોલે છે, હું તો અધન્ય-અપુણ્ય-અકૃત્ પુણ્ય છું, જેથી ઉક્ત એક પણ બાળકને પામી નથી. એ રીતે વિચારી અપહત મનવાળી થઈ યાવત્ ચિંતામગ્ન બેઠી.*

*તે કાળે૰ સુવ્રતા આર્યા કે જે ઈર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા - ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકી સમિતિવાળા, મન-વચન-કાય ગુપ્તિવાળા, ગુપ્તેન્દ્રિયા, ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુતા, બહુપર્યાયા હતા તે પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતાં વાણારસી નગરી પધાર્યા. પછી યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી વિચરે છે.*

*ત્યારે તે સુવ્રતા આર્યાના એક સંઘાટક વાણારસીમાં ઉંચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાર્થે અટન કરતાં ભદ્ર સાર્થવાહના ઘરમાં પ્રવેશ્યા, સુભદ્ર સાર્થવાહીએ તે આર્યાઓને આવતા જોયા, જોઈને હર્ષિત થઈ, આસનેથી ઉઠી, સાત-આઠ ડગલાં સન્મુખ લઈ, વંદન-નમસ્કાર કર્યા, વિપુલ અશનાદિ વડે પ્રતિલાભીને આ પ્રમાણે બોલી — હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ સમૃદ્ધિવાળા શબ્દાદિ કામભોગને ભોગવતી રહું છું. તો પણ મને પુત્ર કે પુત્રીની પ્રાપ્તિ થઈ નથી. ઈત્યાદિ. હે આર્યાઓ ! તમે ઘણું જાણો છો, ઘણું ભણ્યા છો, ઘણાં ગામ, નગર યાવત્ સંનિવેશમાં વિચરો છો, ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહાદિના ગૃહમાં પ્રવેશો છો, તો તેવો કોઈ વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, વમન, વિરેચન, બસ્તિકર્મ, ઔષધ, ભૈષજ કંઈપણ જાણો છો કે જેથી મને પુત્ર કે પુત્રી થાય ?*

*ત્યારે તે આર્યાઓએ સુભદ્રા સાર્થવાહીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયા ! અમે શ્રમણી, નિર્ગ્રન્થી, ઈર્યા સમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારીણી છીએ. અમને આવી વાત કાનથી પણ સાંભળવી કલ્પતી નથી, તો તેને કહેવાનું કે આચરવાનું તો કલ્પે જ કેમ ? પણ હે દેવાનુપ્રિયા ! અમે તને કેવલી ભગવંત પ્રરૂપિત ધર્મ જ કહીએ છીએ. પછી સુભદ્રા સાર્થવાહી, તે આર્યા પાસે ધર્મ સાંભલી, સમજી,*

હર્ષિત-સંતુષ્ટ થઈ, તે આર્યાને ત્રણ વખત વંદન-નમન કરીને બોલી — હે આર્યાઓ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું છું, હે આર્યા નિર્ગ્રન્થીઓ ! તે એમ જ છે, તેમજ છે, યાવત્ શ્રાવકધર્મ અંગીકાર કરવા ઈચ્છું છું.

દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે સુભદ્રાએ તે આર્યાઓ પાસે યાવત્ શ્રાવક ધર્મ સ્વીકારી, તે આર્યાને વંદન-નમન કરી, વિદાય આપી. પછી સુભદ્રા શ્રાવિકા થઈ યાવત્ વિચરવા લાગી. પછી સુભદ્રા શ્રાવિકાને કોઈ દિવસે મધ્યરાત્રિએ કુટુંબ જાગરિકા કરતાં વિચાર આવ્યો કે હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગ ભોગવતી વિચરું છું, પણ એકે બાળકને જન્મ ન આપ્યો. મારે શ્રેય એ છે કે કાલે ભદ્ર સાર્થવાહને પૂછીને સુવ્રતા આર્યા પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી.

એમ વિચારી બીજા દિવસે ભદ્ર સાર્થવાહ પાસે આવીને બે હાથ જોડીને બોલી — હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે નિશ્ચે આપની સાથે ઘણાં વર્ષો વિપુલ ભોગથી યાવત્ વિચરું છું ઈત્યાદિ - x - ત્યારે ભદ્ર સાર્થવાહે, સુભદ્રાને કહ્યું — તું હમણાં મુંડ યાવત્ પ્રવ્રજિત ન થા. મારી સાથે વિપુલ ભોગ ભોગવ. પછી ભુક્ત ભોગી થઈ સુવ્રતા આર્યા પાસે દીક્ષા લે. ત્યારે સુભદ્રાએ ભદ્રના આ અર્થનો આદર ન કર્યો, જાણ્યો નહીં, બીજી-ત્રીજી વખત ભદ્રા સાર્થવાહીએ કહ્યું કે — હું આપની આજ્ઞા પામીને દીક્ષા લેવા ઈચ્છું છું.

ત્યારે ભદ્ર સાર્થવાહ જ્યારે ઘણી આઘવણા, પન્નવણા, સંજ્ઞાપના, વિજ્ઞાપનાથી તેણીને સમજાવવા યાવત્ સમર્થ ન થયો ત્યારે અનિચ્છાએ સુભદ્રાને નિષ્ક્રમણની અનુજ્ઞા આપી.

પછી ભદ્ર સાર્થવાહે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિ૰ પછી ભોજનવેળાએ યાવત્ મિત્ર, જ્ઞાતિ૰ સત્કાર, સન્માન કરે છે. પછી સુભદ્રા સાર્થવાહી સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ પુરુષસહસ્રવાહિની શિબિકામાં બેઠી. પછી સુભદ્રા મિત્ર, જ્ઞાતિ યાવત્ સંબંધીથી પરીવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી વાણારસી નગરીની વચ્ચોવચ્ચથી જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવીને પુરુષસહસ્રવાહિની શિબિકા સ્થાપી, સુભદ્રા સાર્થવાહી તેમાંથી નીચે ઉતરી.

પછી ભદ્ર સાર્થવાહ સુભદ્રાને આગળ કરીને સુવ્રતા આર્યા પાસે આવ્યો. સુવ્રતા આર્યાને વંદન-નમસ્કાર કરીને બોલ્યો — આ સુભદ્રા મારી પત્ની છે. ઈષ્ટ, કાંત છે. યાવત્ તેને વાત-પીત્ત-કફ-સંનિપાતથી વિવિધ રોગાતંક ન સ્પર્શે તે રીતે તેણીને રાખી છે, તે હવે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મ મરણથી ડરીને, આપની પાસે મુંડિત થઈ યાવત્ દીક્ષા લેવા ઈચ્છે છે. હું આપને શિષ્યાભિક્ષા આપું છું. આપ શિષ્યાભિક્ષા સ્વીકાર કરો.

દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.





ત્યારે સુભદ્રાને સુવ્રતા આર્યાએ તેમ કહેતા હર્ષિત થઈ સ્વયં જ આભરણાલંકાર ઉતારે છે, સ્વયં પંચમુષ્ટી લોચ કરે છે, સુવ્રતા આર્યા પાસે આવે છે, ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદીનમીને એમ કહે છે — સંસાર સળગી રહ્યો છે, યાવત્ "દેવાનંદા" માફક પ્રવ્રજ્યા લીધી યાવત્ આર્યા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ.

પછી તે સુભદ્રા આર્યા અન્ય કોઈ દિવસે ઘણાં માણસોના બાળકો ઉપર મૂર્છાવાળી થઈ યાવત્ આસક્ત થઈ અભ્યંગન, ઉદ્વર્તન, પ્રાસુકપાન, અલત્તક, કંકણ, અંજન, વર્ણક, ચૂર્ણક, ખેલ્લક, ખંજનક, ખીર, પુષ્પની ગવેષણા કરે છે. કરીને ઘણાં લોકોના બાલક-બાલિકા, કુમાર-કુમારી, ડિંભ-ડિંભિકામાં કેટલાંકનું અભ્યંગન કરે છે, કેટલાંકનું ઉદ્વર્તન, એ રીતે અચિત જળથી સ્નાન, પગ રંગે, ઓઠ રંગે, આંખ આંજે, ખોળામાં બેસાડે, તિલક કરે, હીંચોળે, પંક્તિમાં બેસાડે, મુખ ધોવે, વર્ણકથી રંગે, ચૂર્ણ લગાડે, રમકડાં આપે, ખાજા ખવરાવે, ખીર ખવડાવે, પુષ્પ સુંઘાડે, પગે બેસાડે, જાંઘે બેસાડે, સાથળે બેસાડે, એ રીતે કેડે, પીઠે, છાતીએ, મસ્તકે બેસાડી, બે હાથના સંપુટથી ઉછાળે, ગીત ગાય, ગવડાવે એ રીતે પુત્રાદિની પિપાસાને પૂર્ણ કરતી.

ત્યારે સુવ્રતા આર્યાએ સુભદ્રા આર્યાને કહ્યું — આપણે શ્રમણી, નિર્ગ્રન્થી, ઈર્યાસમિતિવાળી, યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. આપણને જાતક કર્મ કરવું ન કલ્પે. જ્યારે તું ઘણાં બાળકોમાં મૂર્છિત યાવત્ આસક્ત થઈ અભ્યંગનાદિ કરીને રહે છે. - x - તો તું આ સ્થાનની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કર.

ત્યારે સુભદ્રા આર્યાએ તેમના કથનનો આદર ન કર્યો કે સારો ન માન્યો અને તેમજ રહેવા લાગી. ત્યારે તે શ્રમણી નિર્ગ્રન્થીઓ સુભદ્રા આર્યાની હીલના, નિંદા, ખિંસા, ગર્હા કરવા લાગી અને વારંવાર આ અર્થનું નિવારણ કરવા લાગી. ત્યારે યાવત્ સુભદ્રા આર્યાને આવો અધ્યવસાય થયો કે — જ્યારે હું ગૃહસ્થાવાસમાં હતી ત્યારે સ્વતંત્ર હતી, પણ મુંડ થઈ-પ્રવ્રજિત થઈ છું ત્યારથી જ પરવશ છું. પહેલાં તો આ શ્રમણીઓ મારો આદર કરતી હતી. હવે નથી કરતી, તો મારે શ્રેયસ્કર છે કે કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતાં સુવ્રતા આર્યા પાસેથી નીકળી બીજા ઉપાશ્રય ગ્રહણ કરી વિચરું. યાવત્ - x - જુદા ઉપાશ્રયે રહેવા લાગી.

ત્યારપછી સુભદ્રા આર્યા બીજા આર્યાઓ દ્વારા ન નિવારાતા સ્વચ્છંદ મતિવાળી થઈ, ઘણાં બાળકો ઉપર મૂર્છા પામી યાવત્ અભ્યંગનાદિ કરતી, યાવત્ પુત્રાદિની પિપાસા અનુભવતી રહી. પછી સુભદ્રા આર્યા પાર્શ્વસ્થા-પાર્શ્વસ્થવિહારી, અવસન્ના૰, કુશીલા૰, સંસક્તા૰, યથાછંદા૰ થઈ ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, અર્દ્ધ માસિકી સંલેખનાથી ૩૦ ભક્ત અનશન વડે છેદીને તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરી સૌધર્મ કલ્પે બહુપુત્રિકા વિમાનમાં ઉપપાત સભામાં દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, અંગુલના

અસંખ્યાતમા ભાગ અવગાહનાથી બહુપુત્રિકાદેવી રૂપે ઉત્પન્ન થઈ. તુરંતની ઉત્પન્ન થયેલ તે બહુપુત્રિકાદેવી પંચવિધ પર્યાપ્તિથી યાવત્ ભાષામન પર્યાપ્તિ પર્યાપ્ત થઈ. - x -

ભગવન્ ! તેને બહુપુત્રિકા દેવી કેમ કહે છે ? ગૌતમ ! તેણીને જ્યારે જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રની સભામાં નાટક કરવા જાય ત્યારે ઘણાં બાલક-બાલિકા, ડિંભક-ડિંભિકાને વિકુર્વે છે. પછી શક્રેન્દ્ર પાસે આવી, શક્રને તે દિવ્ય દેવર્દ્ધિ-દેવદ્યુતિ-દેવાનુભાવ દેખાડે છે, તેથી તે બહુપુત્રિકાદેવી કહેવાય છે.

બહુપુત્રિકાદેવીની સ્થિતિ કેટલાં કાળની છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ. તેણી દેવલોકથી આયુ-સ્થિતિ-ભવક્ષય પછી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! આ જ જંબૂદ્વીપમાં વિંધ્યગિરિની તળેટીમાં બિભેલસંનિવેશમાં બ્રાહ્મણકુળમાં પુત્રીરૂપે જન્મશે.

પછી તે બાલિકાના માતા-પિતા ૧૧-મો દિવસ જતાં યાવત્ બારમો દિવસ જતાં આવું નામ પાડશે. અમારી પુત્રીનું નામ 'સોમા' થાઓ. પછી સોમા બાલ્યભાવથી મુક્ત થઈ, વિજ્ઞાન પરિણત થતાં યૌવનને પામી, રૂપ-યૌવન-લાવણ્યથી ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી યાવત્ થશે. પચી સોમાના માતાપિતા, તેણીને - x - યૌવન પામેલી જાણીને પ્રતિકુપિત દ્રવ્યથી, પ્રતિરૂપે કરીને પોતાના ભાણેજ 'રાષ્ટ્રકૂટ'ને પત્નીપણે આપશે.

સોમા પણ તેની ઈષ્ટા, કાંતા યાવત્ ભાંડ કરંડક સમાન, તેલકૈલ સમાન સુસંગોપિત, ચેલપેડાવત્ સુસંપરિક્ષિત, રત્નકરંડક સમાન સુરક્ષિત, સુસંગોપિત હતી યાવત્ રોગાતંકાદિ ન સ્પર્શે તેમ સાચવી હતી. પછી તે સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગો ભોગવતા પ્રત્યેક વર્ષે યુગલને જન્મ આપતી સોળ વર્ષમાં બત્રીશ બાળકોને જન્મ આપ્યા. પછી તે સોમા બ્રાહ્મણી તે ઘણાં બાળક, બાલિકા, કુમાર-કુમારી, ડિંભ-ડિંભિકામાં કેટલાંકને ચત્તા કરવા, એ રીતે કેટલાંકને સ્તનપાન, સ્તને રાખવા, નાચવું, ઉછળકુદ, સ્ખલના, દુધ માંગે, રમકડા-ખાજા-ભાત-પાણી માંગવા વડે,

એ જ પ્રમાણે હસવું, શેષ, આક્રોશ, અતિ આક્રોશ, માર, ભાગવું, પકડવું, રોવું, આક્રંદ, વિલાપ, મોટેથી પોકાર, ઉંચા શબ્દો કરવા, નિદ્રા પામવા, પ્રલાપ કરવો, દાઝવું, વમન, વિષ્ટા, મૂત્ર એ બધાંથી અતિ વ્યાકુળ થશે. તેમના મૂત્ર, વિષ્ટા, વમનથી અતિ લેપાયેલી રહેશે, વસ્ત્રો અતિ મલિન રહેશે, શરીર અતિ દુર્બળ રહેશે યાવત્ અતિ બીભત્સ અને દુર્ગંધવાળી થવાથી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ કામભોગ ભોગવી વિચરવા સમર્થ થશે નહીં.

ત્યારપછી સોમા બ્રાહ્મણી અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતી હતી ત્યારે આવો સંકલ્પ ઉત્પન્ન થયો. હું આ ઘણાં દારક યાવત્ ડિંભિકાથી, જેમાં કેટલાંકને ચતા કરવા યાવત્ કેટલાંકના મૂત્ર વડે, દુષ્ટ બાળકો વડે, દુષ્ટ જન્મ વડે, વિપ્રહત અને ભગ્ન થયેલ હોવાથી એક પ્રહારથી પડી



જવાય તેવી તથા મૂત્રાદિથી લેપાયેલ યાવત્ અતિ દુર્ગન્ધવાળી હું - x - ભોગ ભોગવવા સમર્થ નથી. તે માતાઓ ધન્ય છે, યાવત્ તેમનું જીવિત સફળ છે, જે વાંઝણી છે, જેમને પ્રસૂતિ થતી નથી, માત્ર ઢીંચણ અને કોણીની માતા છે. સુરભિ સુગંધ સુગંધિકા, વિપુલ માનુષી ભોગ ભોગવતી વિચરે છે. પણ હું અધન્ય, પુણ્યહીન, અકૃત્ પુન્ય છું, જેથી રાષ્ટ્રકૂટ સાથે વિસ્તારવાળા યાવત્ કામભોગોને ભોગવતી વિચરી શકતી નથી.

તે કાળે૦ સુવ્રતા આર્યા, જે ઈર્યાસમિત યાવત્ બહુપરિવારા હતા, તે પૂર્વાનુપૂર્વીથી જ્યાં બિભેલ સંનિવેશ હતું ત્યાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને યાવત્ રહ્યા. પછી તેમના એક આર્યા સંઘાટક બિભેલના ઉંચ-નીચ ગૃહોમાં યાવત્ ભમતાં રાષ્ટ્રકૂટના ગૃહમાં પ્રવેશ્યા. ત્યારે તે સોમા બ્રાહ્મણી, તે આર્યાને આવતા જોઈને હર્ષિત થઈ, જલ્દી આસનેથી ઉભી થઈ. સાત-આઠ ડગલાં સામે ગઈ. વાંદી-નમી, વિપુલ અસનાદિ પડિલાભીને બોલી — હું રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગ ભોગવતાં યાવત્ - x - બત્રીશ બાળકો થયા. હવે તે ઘણાં બાળકોથી યાવત્ - x - ભોગ ભોગવી વિચરવા સમર્થ નથી. તેથી હું આપની પાસે ધર્મ સાંભળવા ઈચ્છું છું.

ત્યારે તે આર્યાઓ સોમા બ્રાહ્મણીને વિચિત્ર યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે. ત્યારપછી સોમા બ્રાહ્મણી, તે આર્યા પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત થઈ યાવત્ તે આર્યાને વાંદી-નમીને બોલી — હે આર્યાઓ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ તેને માટે અભ્યુદ્યત છું. હે આર્યાઓ ! તેમજ છે, તમે જે ધર્મ કહો છો એમ જ છે. હું રાષ્ટ્રકૂટની રજા લઉં પછી આપની પાસે મુંડિત યાવત્ પ્રવ્રજિત થાઉં.

દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

પછી સોમા બ્રાહ્મણી આર્યાઓને વાંદી-નમીને વિદાય આપશે. પોતે રાષ્ટ્રકૂટ પાસે આવી, બે હાથ જોડી કહેશે — દેવાનુપ્રિય ! મેં આર્યા પાસે ધર્મ સાંભળેલ છે, તે મને ઈષ્ટ યાવત્ રુચિકર છે. તો આપની આજ્ઞા પામી હું સુવ્રતા આર્યા પાસે દીક્ષા લઉં. ત્યારે રાષ્ટ્રકૂટ, સોમાને કહેશે કે હમણાં મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા ન લે, હાલ મારી સાથે વિપુલ કામભોગ ભોગવ પછી ભુક્ત ભોગી થઈ સુવ્રતા આર્યા પાસે દીક્ષા લેજે. ત્યારે સોમા બ્રાહ્મણી, રાષ્ટ્રકૂટના આ અર્થને અંગીકાર કરશે.

ત્યારપછી સોમા બ્રાહ્મણી સ્નાન યાવત્ શરીરવિભૂષા કરી, દાસીના સમૂહથી પરીવરી, ઘેરથી નીકળી, બિભેલ સંનિવેશ મધ્યે થઈને સુવ્રતા આર્યાના ઉપાશ્રયે આવશે, સુવ્રતા આર્યાને વંદન-નમસ્કાર કરી, પર્યુપાસના કરશે. પછી સુવ્રતા આર્યા તેણીને કેવલી પ્રરૂપિત ધર્મ કહેશે — જે પ્રકારે જીવો કર્મ બાંધે છે, ઈત્યાદિ.

ત્યારે તે સોમા સુવ્રતા આર્યા પાસે યાવત્ બાર પ્રકારે શ્રાવકધર્મ અંગીકાર

*કરશે. કરીને સુવ્રતા આર્યાને વાંદી-નમીને જે દિશાથી આવી હતી, તે દિશામાં પાછી જશે. પછી સોમા શ્રાવિકા થઈ, જીવાજીવ સ્વરૂપને જાણી યાવત્ આત્માને ભાવતી રહેશે.*

*ત્યારપછી સુવ્રતા આર્યા કદાચિત્ બિભેલ સંનિવેશથી નીકળશે. બહારના દેશોમાં વિહાર કરશે. ત્યારપછી તે સુવ્રતા આર્યા અન્ય કોઈ દિને પૂર્વાનુપૂર્વીથી યાવત્ આવીને રહ્યા. ત્યારે સોમા બ્રાહ્મણી આ કથા સાંભળી હર્ષિત થઈ, ન્હાઈ પૂર્વવત્ નીકળી યાવત્ વાંદી-નમીને ધર્મ સાંભળી યાવત્ રાષ્ટ્રકૂટને પૂછીને પછી પ્રવ્રજ્યા લઈશ. - - સુખ ઉપજે તેમ કરો - -*

*પછી સોમા બ્રાહ્મણીએ સુવ્રતા આર્યાને વાંદી, નમીને તેમની પાસેથી નીકળશે. પછી પોતાના ઘેર રાષ્ટ્રકૂટ પાસે આવી, બે હાથ જોડી પૂર્વવત્ પૂછીને યાવત્ દીક્ષા લઉં.*

*દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.*

*પછી રાષ્ટ્રકૂટે વિપુલ અશનાદિ પૂર્વવત્ સુભદ્રા યાવત્ આર્યા થયા, ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી. પછી તે સોમા આર્યા, સુવ્રતા આર્યા પાસે સામાયિકાદિ ૧૧-અંગો ભણશે. ઘણાં ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમાદિ યાવત્ ભાવતી, ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પામી, કાળ કરીને શક્રેન્દ્રના સામાનિક દેવપણે ઉપજશે. ત્યાં - x - સોમદેવની સ્થિતિ બે સાગરોપમ કહી છે. તે દેવલોકથી આયુક્ષયથી યાવત્ ચ્યવીને - x - મહાવિદહેમાં યાવત્ મોક્ષે જશે.*

*જંબૂ ! એ પ્રમાણે શ્રમણ ભગવંતે આનો અર્થ કહેલ છે.*

**● વિવેચન-૮ :-**

ઉત્ક્ષેપ-પ્રારંભવાક્ય - x - ચોથા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? - x - આ દિવ્ય ઋદ્ધિ કયા હેતુથી ઉપાર્જિત કરી છે ? ઈત્યાદિ - x - વાણારસીમાં ભદ્ર નામે ઋદ્ધિવાન્, દર્પવાન્, વિખ્યાત, વિસ્તીર્ણ વિપુલ ભવનાદિ યુક્ત સાર્થવાહ હતો. તેને સુભદ્રા નામે સુકુમાર પત્ની હતી. તે વંધ્યા હતી. પ્રસવ પછી બાળક મરી જાય તો પણ વંધ્યા કહેવાય, તેથી કહે છે — અપત્યોને જન્મ આપી ન શકનારી, તેના શરીરના ઢીંચણ અને કોણી જ સ્તનોને સ્પર્શતા હતા, સંતાનો નહીં. તેણીને આવો આત્માશ્રિત, સ્મરણરૂપ, મનોગત સંકલ્પ ઉપજ્યો. તે માતાઓ-સ્ત્રીઓ ધન્યા છે, પવિત્ર છે, સુકૃત્ કરેલી છે, લક્ષણો સફળ કરેલી છે. તે સ્ત્રીના મનુષ્ય જન્મ અને જીવિત સફળ છે. જેને નિજકુક્ષિથી ઉત્પન્ન ડિંભ-બાળક, સ્તનના દૂધમાં લુબ્ધ છે ઈત્યાદિ - x - [બધું સૂત્રાર્થવત્ જાણવું] - x - x -

પછી જે થયું, તે કહે છે — ગૃહોમાં સમુદાન-ભિક્ષાટન્ કરતું સાધ્વી યુગલ ત્યાં આવ્યું. સુભદ્રાએ મનમાં વિચાર્યુ કે — સમૃદ્ધ અતિશય શબ્દાદિ ભોગવતા વિચરીએ છીએ તો પણ બાળકને જન્મ ન આપ્યો. પુત્ર સંપત્તિવાળી સ્ત્રીઓ જ ધન્ય



છે. તેમ ખેદ પરાયણ થઈ સાધ્વીને તેનો - x - ઉપાય પૂછ્યો. કેવલી પ્રજ્ઞપ્તધર્મ - જીવદયા, સત્ય વચન, પરધન પરિવર્જન, સુશીલ, ક્ષાંતિ, પંચેન્દ્રિયનિગ્રહાદિ. - x - આપનું વચન સત્ય છે, સંદેહરહિત છે. - x - એમ કહી શ્રાવક ધર્મ સ્વીકારી દેવ-ગુરુ-ધર્મની પ્રતિપત્તિ કરે છે. - x -

आघवणा - સામાન્ય કથન, पन्नवणा - વિશેષ કથન, सन्नवणा - સંબોધના, विन्नवणा - વિજ્ઞપ્તિકા. - x - સુભદ્રા ભાર્યાને વ્રત ગ્રહણ માટે નિષેધ કરવા કહ્યું. પછી અનિચ્છાથી - x - અનુમતિ આપી.

સુવ્રતા આર્યાથી જુદા ઉપાશ્રયે વિચરે છે. अणोहट्टिय - બળપૂર્વક હાથ પકડી પ્રવર્તમાનને નિવારવા. अनिवारिता - નિષેધક વગરની, તેથી જ સ્વચ્છંદમતિકા. - x - उवत्थाणियं - પ્રેક્ષણક કરવાને માટે ત્યાં જવું. - x - x - x - प्रतिकूजित - प्रतिभाषित. - x - इष्ट - વલ્લભ, कंत - કમનીયત્વથી, पिया - સદા પ્રેમવિષયત્વથી, મનોજ્ઞસુંદરપણાથી. - x - x - चेलपेडा - वस्त्रमंजूषा. युगल - બાલક અને બાલિકારૂપ - x - x - શેષ સુગમ છે.

## અધ્યયન-૫-“પૂર્ણભદ્ર”

— x — x — x — x —

**● સૂત્ર-૯ :-**

*ભગવન્ ! - x - ઉત્ક્ષેપ. હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા હતો. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી, તે કાળે૦ પૂર્ણભદ્ર દેવ સૌધર્મકલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં સુધર્મા સભામાં પૂર્ણભદ્ર સીંહાસને ૪૦૦૦ સામાનિકો સાથે યાવત્ સૂર્યાભ દેવવત્, યાવત્ બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડીને - x - પાછો ગયો. કૂટાગારશાલા દૃષ્ટાંત, પૂર્વભવ વિશે પૃચ્છા.*

*ગૌતમ ! તે કાળે૦ આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મણિપતિતા નામે સમૃદ્ધ નગરી હતી. ચંદ્રોત્તરાયણ ચૈત્ય હતું. ત્યાં પૂર્ણભદ્ર નામે આઢ્ય ગાથાપતિ હતો. તે કાળે૦ સ્થવિર ભગવંત, જાતિ સંપન્ન યાવત્ જીવિતાશા-મરણભયમુક્ત બહુશ્રુત, બહુ પરિવારવાળા હતા તે પૂર્વાનુપૂર્વીથી યાવત્ પધાર્યા, પર્ષદા નીકળી.*

*ત્યારે પૂર્ણભદ્ર ગાથાપતિ આ વૃત્તાંત જાણી, હર્ષિત થઈ યાવત્ ‘ગંગદત્ત’ માફક નીકળ્યો યાવત્ દીક્ષા લઈ યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયો. પછી પૂર્ણભદ્ર અણગારે ભગવંત પાસે સામાયિકાદિ ૧૧-અંગ ભણ્યા. ઘણાં છટ્ઠ-અટ્ઠમ યાવત્ કરીને ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ કરી, સૌધર્મ કલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં કરી, સૌધર્મ કલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં ઉપપાતસભામાં યાવત્ દેવ થયો. - x -*

*ગૌતમ ! એ રીતે પૂર્ણભદ્રદેવે તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ પ્રાપ્ત કરી. પૂર્ણભદ્રદેવની - x - સ્થિતિ બે સાગરોપમ છે. તે દેવલોકથી ચ્યવીને - x - મહાવિદેહે મોક્ષે જશે. — નિક્ષેપ —*

## ❀ અધ્યયન-૬-"માણિભદ્ર" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૧૦ :-

*ઉત્ક્ષેપ૦ — હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, સ્વામી પધાર્યા. તે કાળે૦ માણિભદ્ર દેવ સુધર્માસભામાં માણિભદ્ર સીંહાસને ૪૦૦૦ સામાનિકો૦ પૂર્ણભદ્રની જેમ આગમન નૃત્યવિધિ૦, પૂર્વભવ પૃચ્છા. મણિપતિ નગરી, માણિભદ્ર ગાથાપતિ. સ્થવિરો પાસે પ્રવ્રજ્યા, ૧૧-અંગો ભણ્યા. ઘણાં વર્ષનો પર્યાય, માસિકી સંલેખના, ૬૦ ભક્તોનું છેદન. માણિભદ્ર વિમાને ઉપપાત. બે સાગરોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષે જશે. - - નિક્ષેપ - -*

## ❀ અધ્યયન-૭ થી ૧૦ - "દત્ત" આદિ ❀

-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧૧ :-

*એ પ્રમાણે દત્ત, શિવ, બલ, અનાદૃત એ ચારે પૂર્ણભદ્ર દેવની સમાન જાણવું. બધાંની બે સાગરોપમ સ્થિતિ. વિમાનોના નામો દેવ સદૃશ છે. પૂર્વભવમાં દત્ત-ચંદનામાં, શિવ-મિથિલામાં, બલ-હસ્તિનાપુરમાં, અનાદૃત-કાકંદી નગરીમાં ઉત્પન્ન થયા. - x -*

● વિવેચન-૧૧ :-

આ ગ્રંથમાં પહેલો વર્ગ દશ અધ્યયનાત્મક નિરયાવલિકા નામે છે. બીજો દશ અધ્યયનાત્મક વર્ગ 'કલ્પાવતંસિકા' નામે છે. ત્રીજો વર્ગ દશ અધ્યયનાત્મક પુષ્પિકા નામે છે.

પુષ્પિકાના પહેલાં અધ્યયનમાં ચંદ્ર નામે જ્યોતિષ્કેન્દ્રની કથા છે. પછી અનુક્રમે સૂર્ય, શુક્ર, બહુપુત્રિકા, પૂર્ણભદ્ર, માણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદૃતની વક્તવ્યતા છે.

પુષ્પિકા ઉપાંગ સૂત્રના અધ્યયન-૧ થી ૧૦નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ

## આગમ સૂત્ર-૨૧, ઉપાંગસૂત્ર-૧૦ પૂર્ણ

-- x -- x -- x -- x -- x -- x --



# ૨૨ પુષ્પચૂલિકા-ઉપાંગસૂત્ર-૧૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ❀ અધ્યયન-૧ થી ૧૦ ❀

● સૂત્ર-૧ થી ૩ :-

*[૧] ઉત્ક્ષેપ૦ - પુષ્પચૂલિકાના દશ અધ્યયનો કહેલા છે.*

*[૨] શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલા, સુરા, રસ, ગંધ.*

*[૩] જો પુષ્પચૂલા ઉપાંગના દશ અધ્યયન કહ્યા છે, તો પહેલાંનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી.*

*તે કાળે૦ શ્રીદેવી સૌધર્મકલ્પમાં શ્રીવતંસક વિમાને સુધર્માસભામાં શ્રી સીંહાસને ૪૦૦૦ સામાનિકાદિ સાથે બહુપુત્રિકાદેવીવત્ હતી યાવત્ નૃત્યવિધિ દેખાડી, પાછી ગઈ. દારિકા ન કહેવી.*

*પૂર્વભવ પૃચ્છા — હે જંબૂ! તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, જિતશત્રુરાજા. ત્યાં રાજગૃહનગરમાં સુદર્શન ગાથાપતિ રહેતો હતો. તેને પ્રિયા નામે પત્ની હતી. તેઓની ભૂતા નામે પુત્રી હતી. તે મોટી થવા છતાં કુંવારી જ રહી. જીર્ણ છતાં કુમારી હતી, તેણીના સ્તન શિથિલ અને પડી ગયા હતા. તેમજ પતિ વગરની હતી.*

*તે કાળે૦ પુરુષાદાનીય પાર્શ્વ અરહંત યાવત્ નવ હાથના હતા આદિ પૂર્વવત્ વર્ણન. સમોસર્યા. પર્ષદા નીકળી. ત્યારે ભૂતાએ આ વૃત્તાંત જાણ્યો. હર્ષિત થઈ, માતા-પિતા પાસે જઈને કહ્યું — પાર્શ્વ અરહંત પૂર્વાનુપૂર્વીથી વિચરતા યાવત્ દેવગણથી પરિવૃત્ત વિચરે છે. હે માતાપિતા ! આપની અનુજ્ઞા પામી, પાર્શ્વ અરહંતના પાદવંદનાર્થે જવા ઈચ્છું છું. - - સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર.*

*પછી ભૂતા કન્યા ન્હાઈ યાવત્ શરીરી થઈ દાસીના સમૂહથી પરીવરીને પોતાના ઘેરથી નીકળી, બાહ્ય ઉપસ્થાનશાળાએ આવી, ધાર્મિક યાનપ્રવરે આરૂઢ થઈ. ત્યારપછી ભૂતા પોતાના પરિવારથી પરિવૃત્ત થઈ રાજગૃહીની મધ્યેથી નીકળી, ગુણશીલ ચૈત્યે આવી. તીર્થંકરના છત્રાદિ અતિશય જોઈ, ધાર્મિક યાનપ્રવરથી ઉતરી, દાસીવૃંદથી પરીવરી અરહંત પાર્શ્વ પાસે આવી. ત્રણ વખત યાવત્ પર્યુપાસે છે.*

*ત્યારપછી પાર્શ્વ અરહંતે ભૂતાને અને તે પર્ષદાને ધર્મ કહ્યો. તે સાંભળી, સમજી, હર્ષિત થઈ, વાંદી-નમીને ભૂતા બોલી — ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ તેના માટે અભ્યુત્થિત છું, તે આપ કહો છો, તેમજ છે. વિશેષ એ - માબાપને પૂછીશ. પછી હું યાવત્ દીક્ષા લઈશ.* યથાસુખં૦

પછી ભૂતા તે જ ધાર્મિક યાન પ્રવરે યાવત્ બેસીને રાજગૃહનગરે આવી, રાજગૃહી મધ્યેથી પોતાના ઘેર આવી. રથથી ઉતરી. માતાપિતા પાસે આવી, હાથ જોડી, જમાલી માફક પૂછે છે. યથાસુખં૦ પછી સુદર્શન ગાથાપતિએ વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિજનાદિને આમંત્ર્યા. યાવત્ જમીને, શૂચિભૂત થઈને, દીક્ષા માટે અનુમતિ લઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા - જલ્દીથી ભૂતા માટે હજાર પુરુષ દ્વારા વાહ્ય શિબિકા લાવો. યાવત્ આજ્ઞા પાછી સોંપો. - x -

પછી સુદર્શન ગાથાપતિ, ભૂતાને સ્નાન યાવત્ વિભૂષિત શરીરે હજાર પુરુષથી વાહ્ય શિબિકમાં બેસાડે છે. પછી મિત્ર, જ્ઞાતિ૦ યાવત્ રવ વડે રાજગૃહીનગરની મધ્યેથી ગુણશીલ ચૈત્યે આવે છે. તીર્થંકરના છત્રાદિ અતિશય જોઈ. શિબિકા રોકી. ભૂતા ઉતરી. ભૂતાને આગળ કરી માતા-પિતા પાર્શ્વ અરહંત પાસે આવ્યા. ત્રણ વખત વંદન-નમન કરીને કહ્યું — દેવાનુપ્રિય ! ભૂતા અમારી એક માત્ર પુત્રી છે, અમને ઈષ્ટ છે, સંસારભયથી ઉદ્વિગ્ન છે યાવત્ આપની પાસે મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લેવા ઈચ્છે છે. અમે આપને શિષ્યા ભિક્ષા આપીએ છીએ. આપ તે સ્વીકારો. - યથાસુખં૦

ત્યારે ભૂતા, પાર્શ્વ અરહંતે આમ કહેતા હર્ષિત થઈને પૂર્વમાં જઈ સ્વયં આભરણ અલંકાર ઉતારે છે. "દેવાનંદા" માફક પુષ્પચૂલા આર્યા પાસે દીક્ષા લઈ યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ. પછી તે ભૂતા આર્યા કોઈ દિવસે શરીરબાકુશિકા થઈ, વારંવાર હાથ-પગ-મુખ-સ્તનાંતર-કક્ષાંતર-ગુહ્યાંતર ધુવે છે. જે જે સ્થાને શય્યા કે નિષિધિકા કરે છે, ત્યાં ત્યાં પહેલાં પાણી છાંટે છે. પછી શય્યા કે નિષિધિકા કરે છે. ત્યારે તે પુષ્પચૂલા આર્યા, ભૂતા આર્યાને કહે છે — આપણે ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારીણી શ્રમણી નિર્ગ્રન્થીઓ છીએ. આપણે શરીર બાકુશિક થવું ન કલ્પે. તું શરીર બાકુશિત થઈ વારંવાર હાથ ધોવે છે યાવત્ નિષિધિકા કરે છે. તો તું આ સ્થાનની આલોચના કર. બાકી સુભદ્રા મુજબ યાવત્ બીજે જઈને રહે છે.

પછી તે ભૂતા આર્યા ઘણાં ઉપવાસ, છઠ્ઠ આદિ કરી, ઘણાં વર્ષો શ્રામણ્યપર્યાય પાળી, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ ન કરી કાળમાસે કાળ કરી સૌધર્મકલ્પમાં શ્રીવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશયનીયમાં યાવત્ તેટલી અવગાહનાથી શ્રીદેવીપણે ઉત્પન્ન થઈ પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ.

એ રીતે ગૌતમ ! શ્રીદેવીએ આ દિવ્ય દેવર્દ્ધિ પ્રાપ્ત કરી, સ્થિતિ એક પલ્યોપમ. શ્રીદેવી ક્યાં જશે ? મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. હે જંબૂ ! — નિક્ષેપ.

એ પ્રમાણે બાકીના નવે અધ્યયનો કહેવા. સદૃશ નામના વિમાન, સૌધર્મ કલ્પ, પૂર્વભવમાં નગરાદિના નામ સંગ્રહણી મુજબ છે. બધી પાર્શ્વ પાસે દીક્ષિત થઈ - x - બધી મહાવિદેહે મોક્ષે જશે.

● વિવેચન-૧ થી ૩ :-

ચોથો વર્ગ-પુષ્પચૂલિકા પણ દશ અધ્યયનાત્મક છે. શ્રીદેવી આદિ પ્રતિબદ્ધ અધ્યયનાત્મક છે. વૃત્તિ સર્વથા સુગમ છે. - x - x -



# ૨૩ વૃષ્ણિદશા-ઉપાંગસૂત્ર-૧૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

● સૂત્ર-૧,૨ :-

[૧] ઉત્ક્ષેપ૦ - x - પાંચમો વર્ગ વહ્નિદશા ઉપાંગનો શ્રમણ ભગવંતે યાવત્ શો અર્થ કહેલો છે ? જંબૂ ! ભગવંતે યાવત્ બાર અધ્યયનો કહ્યા છે.

[૨] નિષધ, અનિય, વહ, વેહલ, પ્રગતિ, જુત્તિ, દશરથ, દૃઢરથ, મહાધનુ, સપ્તધનુ, દશધનુ, શતધનુ.

### ❀ અધ્યયન-૧-"નિષધ" ❀

-- x -- x -- x -- x --

● સૂત્ર-૩ :-

ભગવન્ ! - x - પહેલાં અધ્યયનનો શો અર્થ કહેલ છે ? હે જંબૂ ! તે કાળે૦ દ્વારવતી નગરી હતી. બાર યોજન લાંબી યાવત્ પ્રત્યક્ષ દેવલોકરૂપ, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ. તે દ્વારવતી બહાર ઈશાન દિશામાં રૈવત નામે પર્વત હતો. ઉંચો, ગગનતલને સ્પર્શતા શિખરોયુક્ત, વિવિધ પ્રકારે વૃક્ષ-ગુલ્મ-લતા-વલ્લી વડે પરિવરેલ હોવાથી અભિરામ, હંસમૃગ ક્રૌંચ સારસ કાક મેના સાલુંકી કોયલના સમૂહ સહિત, તટ કટક વિવર નિર્ઝરણા પ્રપાત અને શિખરોથી વ્યાપ્ત છે. અપ્સરાગણ, દેવસંઘ, વિદ્યાધર યુગલથી યુક્ત છે. દસાર શ્રેષ્ઠ વીર પુરુષો, ત્રૈલોક્ય બલવગ, સૌમ્ય સુભગ પ્રિયદર્શન, સુરૂપ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.

તે રૈવતક પર્વતની કંઈક સમીપે અહીં નંદનવન ઉદ્યાન છે. સર્વ ઋતુક પુષ્પ યાવત્ દર્શનીય છે. ત્યાં સુરપ્રિય યક્ષનું યક્ષાયતન છે, તે ઘણું પ્રાચીન યાવત્ ઘણાં લોકો આવીને ત્યાં અર્ચા કરે છે તે એક મોટા વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. તેનું વર્ણન પૂર્ણભદ્ર યક્ષાયતનવત્ જાણવું.

તે દ્વારાવતી નગરીમાં કૃષ્ણ નામે વાસુદેવ, યાવત્ રાજ્યને શાસિત કરતો વિચરતો હતો. તે ત્યાં સમુદ્રવિજયાદિ દશ દસારો, બલદેવ આદિ પાંચ મહાવીરો, ઉગ્રસેન આદિ ૧૬,૦૦૦ રાજા, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ આદિ ૬૦,૦૦૦ દુર્દાંતો, વીરસેન આદિ ૨૧,૦૦૦ વીરો, રુક્મિણી આદિ ૧૬,૦૦૦ રાણી, અનંગ સેનાદિ અનેક હજાર ગણિકાઓ, બીજા ઘણાં રાઈસર યાવત્ સાર્થવાહાદિ તથા વૈતાઢ્યગિરિ અને સાગરની મર્યાદાના દક્ષિણાર્દ્ધ ભરતનું આધિપત્યાદિ કરતાં યાવત્ વિચરતા હતા.

તે દ્વારાવતી નગરીમાં બલદેવ નામે મહાન્ રાજા હતો. યાવત્ રાજ્યને

પ્રશાસિત કરતો વિચરતો હતો. તેને રેવતી નામે સુકુમારદેવી યાવત્ રહેલી હતી. તે રેવતી રાણીએ કોઈ દિવસે તેવા પ્રકારની શય્યામાં યાવત્ સીંહનું સ્વપ્ન જોઈને જાગી. - x - કળાથી યાવત્ મહાબલવત્ ૫૦નો દાયજો, ૫૦ રાજકન્યા સાથે એક જ દિવસે પાણિગ્રહણ, નિષધ નામ, ઉપરી પ્રાસાદે રહે છે.

તે કાળે૦ અરિષ્ટનેમિ અરહંત, આદિકર૦ દશ ધનુષ્ ઉંચા આદિ યાવત્ પધાર્યા. પર્ષદા નીકળી. ત્યારે કૃષ્ણ વાસુદેવ આ વાત સાંભળી હર્ષિત થઈ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું — જલ્દીથી સુધર્માસભામાં સામુદાનિક ભેરી વગાડો. ત્યારે તેમણે યાવત્ વગાડી. પછી તે સામુદાનિક ભેરીને મોટા-મોટા શબ્દોથી વગાડતા સમુદ્રવિજય આદિ દશ દસારો યાવત્ અનંગસેનાદિ અનેક હજાર ગણિકા અને બીજા પણ રાઈશ્વરાદિ ન્હાઈ યાવત્ સર્વાલંકાર ભૂષિત થઈ, યથા વૈભવ ઋદ્ધિ સત્કાર સમુદયથી કેટલાંક અશ્વો પર યાવત્ પુરુષ સમૂહ વડે પરિવૃત્ત થઈ કૃષ્ણ વાસુદેવ પાસે આવ્યા. કૃષ્ણને વધાવ્યા.

પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું — જલ્દીથી આભિષેક્ય હાથી સજાવો, ઘોડા-હાથી આદિ સેના સજ્જ કરો૦ પછી કૃષ્ણ વાસુદેવ સ્નાનગૃહમાં યાવત્ આરૂઢ થઈ, આઠ અષ્ટમંગલો કોણિક માફક ચાલ્યા, શ્રેષ્ઠ શ્વેત ચામરથી વિંઝાતો, સમુદ્રવિજયાદિ દશ દસાર યાવત્ સાર્થવાહથી પરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ રવથી દ્વારવતી મધ્યેથી નીકળ્યો. શેષ કોણિક મુજબ૦ - x -

પછી તે નિષધકુમાર ઉપરી પ્રાસાદે મોટા જન શબ્દોને જમાલીવત્ સાંભળી યાવત્ ધર્મ સાંભળી, વાંદી-નમીને બોલ્યો — હું નિર્ગ્રન્થપ્રવચનની શ્રદ્ધા કરું છું, ''ચિત્ત''ની માફક યાવત્ શ્રાવકધર્મ સ્વીકાર્યો. તે કાળે૦ અરિષ્ટનેમિ અરહંતના શિષ્ય વરદત્ત અણગાર ઉદાર યાવત્ વિચરતા હતા. પછી તે વરદત્ત અણગારે નિષધને જોયો. શ્રદ્ધાથી યાવત્ પર્યુપાસતા કહ્યું — ભગવન્ ! નિષધકુમાર ઈષ્ટ — ઈષ્ટરૂપ, કાંત૦ પ્રિય, મનોજ્ઞ, મણામ૦ સૌમ્ય૦ પ્રિયદર્શન અને સુરૂપ છે. નિષધે આવી માનુષી ઋદ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી ?

સૂર્યાભની જેમ, પ્રશ્ન. હે વરદત્ત ! તે કાળે૦ આ જંબૂદ્વીપે ભરતક્ષેત્રે રોહિતક નામે સમૃદ્ધ નગર હતું, મેઘવન ઉદ્યાન, મણિદત્ત યક્ષનું યક્ષાયતન. ત્યાં મહાબલ રાજા, પદ્માવતી રાણી હતા. કોઈ દિવસે તેવી શય્યામાં સીંહ સ્વપ્ન જોયું. એ રીતે મહાબલ માફક જન્મ કહેવો. વિશેષ એ — 'વિરાંગદ' નામ, ૩૨નો દાયજો, ૩૨ રાજકન્યા સાથે લગ્ન યાવત્ ગાતા-ગાતા પ્રાવૃર, વર્ષારાત્ર, શરદ, હેમંત, ગ્રીષ્મ અને વસંત, છ એ ઋતુને યોગ્ય વૈભવથી યાવત્ વિચરે છે.

તે કાળે૦ સિદ્ધાર્થ નામે જાતિસંપન્ન આચાર્ય ''કેશી'' સમાન હતા. વિશેષ એ — બહુશ્રુત, બહુપરિવારવાળા. રોહિતક નગરે મેઘવર્ણ ઉદ્યાનમાં મણિદત્ત-યક્ષાયતને આવ્યા. યથાપ્રતિરૂપ અવગ્રહ લઈ યાવત્ રહ્યા, પર્ષદા નીકળી. પછી વીરાંગદ કુમાર ઉપરી પ્રાસાદે મહત્ત શબ્દો સાંભળી જમાલી માફક નીકળ્યો. ધર્મ



સાંભળ્યો. જમાલી માફક માતા-પિતાને પૂછવું, જમાલીની જેમ જ નીકળવું યાવત્ અણગાર થયા, યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા.

પછી વીરાંગદ અણગાર સિદ્ધાર્થ આચાર્ય પાસે સામાયિક આદિ યાવત્ ૧૧-અંગો ભણ્યા. ઘણાં ઉપવાસાદિથી યાવત્ આત્માને ભાવિત કરતાં પ્રતિપૂર્ણ ૪૫-વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, બેમાસિકી સંલેખનાથી આત્માને ઝોસિત કરીને, ૧૨૦ ભક્તને અનશનથી છેદીને આલોચનાથી સમાધિ પામી, કાળ કરી બ્રહ્મલોક કલ્પે મનોરમ વિમાને દેવપણે ઉપજ્યો. - x - ત્યાં તેની સ્થિતિ ૧૦ સાગરોપમ હતી. તે દેવ ત્યાં ચ્યવીને યાવત્ આ જ દ્વારાવતી નગરીમાં બલદેવ રાજાની રેવતી રાણીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. તેથી રેવતીદેવી તેવા પ્રકારની શય્યામાં સ્વપ્નદર્શન યાવત્ ઉપરી પ્રાસાદે વિચરે છે. એ પ્રમાણે હે વરદત્ત ! નિષધકુમારે આવી ઋદ્ધિ પ્રાપ્ત કરી.

ભગવન્ ! નિષધકુમાર આપની પાસે દીક્ષા લેવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તેમજ છે, કહી વરદત્ત૦ વિચરે છે.

પછી અરિષ્ટનેમિ અરહંત અન્ય કોઈ દિને દ્વારાવતીથી યાવત્ બાહ્ય જનપદમાં વિચરે છે. નિષધકુમાર શ્રાવક થઈ, જીવાજીવ જાણીને યાવત્ વિચરે છે. પછી નિષધ અન્ય કોઈ દિને પૌષધશાળે આવ્યા યાવત્ દર્ભસંથારામાં રહ્યા. પછી તેને મધ્યરાત્રિમાં ધર્મ જાગરિકાથી જાગતા આવો સંકલ્પ થયો — તે ગામ, નગરાદિ ધન્ય છે, જ્યાં અરિષ્ટનેમિ અરહંત વિચરે છે. તે રાઈસર આદિ ધન્ય છે, જે અરિષ્ટનેમિને વંદનાદિ કરે છે. જો ભગવંત૦ વિચરતા નંદનવનમાં પધારે, તો હું તેમને વાંદુ યાવત્ પર્યુપાસુ.

ત્યારે અરિષ્ટનેમિ અરહંત નિષધના આવા સંકલ્પને યાવત્ જાણીને, ૧૮,૦૦૦ શ્રમણો સાથે યાવત્ નંદનવન ઉદ્યાને આવ્યા. પર્ષદા નીકળી, નિષધકુમાર પણ - x - જમાલીવત્ નીકળ્યો. યાવત્ માતાપિતાને પૂછીને૦ યાવત્ અણગાર થયો૦.

પછી નિષધ અણગાર અરિષ્ટનેમિ અરહંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧-અંગ ભણ્યો. ઘણાં - x - તપોકર્મથી આત્માને ભવિ પૂર્ણ નવ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળી ૪૨ ભક્તોને અનશનથી છેદી, આલોચના-પ્રતિક્રમણ કરી અનુક્રમે કાળધર્મ પામ્યો.

ત્યારે વરદત્ત અણગારે - x - અરિષ્ટનેમિ અરહંતને યાવત્ પૂછ્યું - x - x - નિષધ અણગારની ગતિ શી થઈ ? ભગવંતે કહ્યું - x - ૦ - x - સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયો. ત્યાં ૩૩ સાગરોપમની સ્થિતિ છે. નિષધદેવ દેવલોકના આયુ-ભવ-સ્થિતિનો ક્ષય કરીને૦ - x - જંબૂદ્વીપના મહાવિદેહમાં ઉન્નાત નગરમાં રાજકુળમાં પુત્ર થશે. યાવત્ તથારૂપ સ્થવિરો પાસે કેવલબોધિથી બોધ પામીને દીક્ષા લેશે. અણગાર થશે૦

તે ત્યાં ઘણાં - x - તપોકર્મથી આત્માને ભાવિ, ઘણાં વર્ષ શ્રમણપર્યાય

*પાળી માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને છેદશે. જે માટે નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન યાવત્ અદંતવણ, અછત્ર, અનોપાહણ, કાષ્ઠશય્યા. બ્રહ્મચર્યવાસાદિ કર્યા - x - તે આરાધી છેલ્લા શ્વાસે સિદ્ધ-બુદ્ધ થઈ સર્વ દુઃખોનો અંત કરશે. - નિક્ષેપ૦ -*

### ❀ અધ્યયન-૨ થી ૧૨ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૪ :-**

***એ પ્રમાણે બાકીના ૧૧ અધ્યયનો સંગ્રહણી અનુસાર જાણવા.***

● **વિવેચન-૧ થી ૪ :-**

પાંચમો વર્ગ વૃષ્ણિદશા નામે ૧૨-અધ્યયનાત્મક કહ્યો. પ્રાયઃ સર્વે પણ પાંચમો વર્ગ સુગમ છે. ચિરાઈય - અતિ પ્રાચીન, - x - x - આયુક્ષય - આયુદલિક નિર્જરણા. ભવક્ષય - દેવભૂત નિબંધનરૂપ કર્મ, ગત્યાદિની નિર્જરા ઈત્યાદિ. - x -

**વૃષ્ણિદશા - ઉપાંગસૂત્રના બારે અધ્યયનોનો મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ પૂર્ણ**

## -: આગમસૂત્ર-૨૩-ઉપાંગ સૂત્ર-૧૨ પૂર્ણ :-

-- x -- x -- x -- x -- x -- x -- x --



# ૨૪ ચતુઃશરણ-પ્રકીર્ણક સૂત્ર-૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આ અધ્યયન પરમપદપ્રાપ્તિના બીજભૂતપણાથી શ્રેયરૂપ છે. તેથી તેના આરંભે ગ્રંથાકાર મંડલરૂપે સામાયિકાદિ આવશ્યક અર્થકથન ભાવમંગલ કારણ દ્રવ્યમંગલભૂત ચૌદ સ્વપ્નોચ્ચારણ. - x - વીર નમસ્કારરૂપ મંગલ કહે છે. અથવા છ આવશ્યકયુક્ત જ પ્રાયઃ ચતુઃશરણ સ્વીકારાદિ યોગ્યતા થાય. તે માટે આવશ્યક —

● **સૂત્ર-૧ થી ૭ :-**

*[૧] સાવધયોગ વિરતી, ગુણોનું ઉત્કિર્તન, ગુણવંતની વંદના, સ્ખલિતની નિંદા, વ્રણ ચિકિત્સા, ગુણધારણા [એ છ.]*

*[૨] અહીં સામાયિક વડે નિશ્ચે ચારિત્રની વિશુદ્ધિ કરાય છે. તે સાવધના ત્યાગ અને નિરવધની સેવનાથી થાય છે.*

*[૩] દર્શનાચારની વિશુદ્ધિ ચતુર્વિંશતી સ્તવથી કરાય. તે જિનવરેન્દ્રના અતિ અદ્ભુત ગુણકિર્તનરૂપ છે.*

*[૪] જ્ઞાનાદિ ગુણો, તેનાથી યુક્ત પ્રતિપત્તિ કરવા વડે - વિધિપૂર્વક વંદનથી જ્ઞાનાદિ ગુણોની વિશુદ્ધિ થાય.*

*[૫] જ્ઞાનાદિમાં જે સ્ખલનાની જે વિધિપૂર્વક નિંદના તે પ્રતિક્રમણ, તે પ્રતિક્રમણથી તેની શુદ્ધિ કરવી જોઈએ.*

*[૬] ચારિત્રાદિના જે અતિચારની યથાક્રમે વ્રણચિકિત્સારૂપથી પ્રતિક્રમણ પછી રહેલ અશુદ્ધિ કાયોત્સર્ગથી શોધવી.*

*[૭] ગુણધારણારૂપ પ્રત્યાખ્યાનથી તપના અતિચારની અને વીર્યાચારની સર્વે આવશ્યકથી શુદ્ધિ કરવી.*

● **વિવેચન-૧ થી ૭ :-**

[૧] સાવધ-પાપ સહિત વર્તે તે, યોગ-મન, વચન, કાયા, રૂપ, વ્યાપાર, તેની વિરતિ-નિવૃત્તિ, તે સાવધ યોગ વિરતિ, જે સામાયિક વડે થાય છે. - - ઉત્કિર્તન-જિન ગુણોનું કીર્તન, તે ચતુર્વિંશતિ સ્તવથી થાય. - - ગુણ - જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ, ગુણવંત-ગુરુઓ, તેમની ભક્તિ તે ગુણવંત પ્રતિપત્તિ, તે વંદનથી થાય. - - પોતાના થયેલા અતિચારોની નિંદા અને ફરી ન થાય, તે માટે ઉધત્ થવું તે પ્રતિક્રમણ. - - અતિચારરૂપ ભાવ વ્રણના પ્રતિકારરૂપ તે કાયોત્સર્ગ - - મૂલગુણ અને ઉત્તરગુણરૂપ ધારણા, તે પ્રત્યાખ્યાન વડે થાય છે.

હવે સામાયિકાદિ છનું સ્વરૂપ અને ફળ કહે છે —

[૨] પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ ચારિત્રાચારની નિર્મળતા કરાય છે, કઈ

રીતે ? સમભાવલક્ષણ સામાયિકથી. અહીં - જિનશાસનમાં, બીજે ક્યાંય નહીં, કેમકે તેમને સામાયિકની પરિભાષા જ નથી. કઈ રીતે વિશોધિ કરાય છે ? योग - કાય આદિ વ્યાપરા. તેમાં સાવધનું વર્જન અને નિરવધના આસેવનથી કરાય. હવે દર્શનાચારવિશુદ્ધિ —

[૩] દર્શન-સમ્યક્ત્વ, તેના આચાર - નિઃશંકિતાદિ આઠ. તેની વિશોધિ-નિર્મળતા, ૨૪-તીર્થંકર સંબંધી સ્તવ જેમાં કરાય છે તે. 'લોગસ્સ' ઈત્યાદિરૂપ, તેના વડે કરાય. અર્થાત્ ચતુર્વિંશતિસ્તવ. - x - કઈ રીતે ? સર્વાતિશાયી લોકોદ્યોતકરાદિ જે ગુણો, તેનું વર્ણન, તે રૂપે. કોનું ? जिन - રાગાદિના જયથી ઉપશાંત મોહાદિ, તેમાં શ્રેષ્ઠ કેવલી, તેના ઈન્દ્ર જેવા, તીર્થંકર કે જિનવરેન્દ્ર. હવે જ્ઞાનાચારની અને ચારિત્રાચાર-દર્શનાચારની વિશેષથી વિશુદ્ધિ —

[૪] કાળ, વિનયાદિ અષ્ટવિધ જ્ઞાનાચાર. आदि શબ્દથી દર્શનાચાર, ચારિત્રાચાર લેવા. કેમકે આ ત્રણેથી યુક્ત જ વંદનને યોગ્ય છે, બીજા કોઈ નહીં. પાર્શ્વસ્થાદિ વ્યવહારથી જ્ઞાનાવાન્ પણ કે ચારિત્રવાન્ પણ નિહ્નવાદિ નહીં. આ જ્ઞાનાદિ જ ગુણો છે. તેનાથી યુક્ત ગુરુ, તેમની ભક્તિ કરવી તે. તેનો વિનય કરવો. કોના વડે? વંદન વડે, કઈ રીતે? ૩૨-દોષ રહિત, ૨૫-આવશ્યકની વિશુદ્ધિથી. - x - x -વંદનથી જ્ઞાનાદિ ત્રણ આચારની શુદ્ધિ કહી, હવે બે ગાથાથી બે આવશ્યક —

[૫] વ્રતવિષયના અતિક્રમ, વ્યતિક્રમાદિ પ્રકારના થયેલા અપરાધ. જ્ઞાનાચારાદિનું પુનઃ પ્રતિષેધનું કરવું, કરવા યોગ્ય ન કરવું, અશ્રદ્ધાન્, વિપરીત પ્રરૂપણાદિ પ્રકારે થયેલા અતિચારનું સૂત્રોક્ત પ્રકારથી જે નિંદન - મેં આ દુષ્ટ કર્યું, આદિ શબ્દથી ગર્હાદિ લેવા. ગુરુ સાક્ષીએ પોતાના દોષ કહેવા તે ગર્હા. એ રીતે સ્ખલનાનું જે નિંદનાદિ કરણ, તે પ્રતિક્રમણ. પાછું ખસવું તે પ્રતિક્રમણ. - x -

[૬] ચારિત્રનું અતિક્રમણ તે ચરણાતિગ-અતિચાર. તેમાં બધાં અતિચાર, તે ચરણાતિગાદિ. પ્રતિક્રમણ - પૂર્વોક્ત શુદ્ધ કે અર્ધ શુદ્ધોની શુદ્ધિ, પૂર્વોક્ત રીતે કાયોત્સર્ગથી કરવી. કઈ રીતે? ક્રમથી પ્રાપ્ત, દશ પ્રાયશ્ચિત્તમાં પાંચમા પ્રાયશ્ચિત્તથી, વ્રણ-દ્રવ્ય અને ભાવ બે ભેદે. દ્રવ્યવ્રણ - કાંટો આદિ વાગતા, ભાવવ્રણ - અતિચાર શલ્યરૂપ. તે ભાવવ્રણની પ્રતિકાર રૂપ કાયોત્સર્ગ. મહાનિર્જરાનું કારણ હોવાથી તેના વડે અતિચાર શોધવા. જ્ઞાનનય પ્રાધાન્યથી ત્યાં જ્ઞાનાદિ કહ્યું, ક્રિયાનય પ્રાધાન્યથી ચરણાદિ જાણવું.

અતિચાર શુદ્ધિ કહી. હવે તપોવીર્યાચાર કહે છે —

[૭] ગુણ - વિરતિ આદિ. વિરતિથી આશ્રવદ્વાર બંધ કરવા, કરીને તૃષ્ણાનો છેદ, તેથી અતુલ ઉપશમ, તેથી પ્રત્યાખ્યાન શુદ્ધિ, તે શુદ્ધિથી ચારિત્રનૈર્મલ્ય. તેથી કર્મ વિવેક - અપૂર્વકરણ - કેવળજ્ઞાન. તેનાથી મોક્ષ થાય. તે ગુણ ધારણા પ્રત્યાખ્યાન વડે થાય. તે દશ ભેદે છે, અથવા પાંચમહાવ્રત કે શ્રાવકના બાર વ્રત, નવકારશી આદિ રૂપે છે. તપાચારના અતિચારની વિશુદ્ધિ તપ વડે થાય.



આત્માને વિશેષથી તે-તે ક્રિયામાં પ્રેરે તે. વીર્ય પાંચ ભેદે-તપવીર્ય, ગુણવીર્ય, ચારિત્રવીર્ય, સમાધિવીર્ય, આત્મવીર્ય. તેનો આચાર તે વીર્યાચાર. તે બધાંની શુદ્ધિ છ આવશ્યક વડે થાય - x - હવે સર્વ જિનગુણોત્કીર્તન ગર્ભ મંગલરૂપ ગજાદિ સ્વપ્નને કહે છે —

- **સૂત્ર-૮ :-**

***ગજ, વૃષભ, સીંહ, અભિષેક, માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજા, કુંભ, પદ્મસરોવર, સાગર, વિમાન-ભવન, રત્નોત્કર, શીખા.***

- **વિવેચન-૮ :-**

ગાથા-સુગમ છે. વિશેષ આ — ચોથા સ્વપ્નમાં બંને પડખે રહેલ, હાથીની શુંઢમાં રહેલ કળશયુગલ વડે સીંચાતી લક્ષ્મીને જિનમાતા જુએ. બારમા સ્વપ્નમાં વિમાન, દેવલોકથી તીર્થંકર આવે તો વિમાન, નરકથી આવે તો ભવન જુએ. વિમાન કે ભવનનો આકાર માત્ર ભેદ છે. [સ્વપ્નફલ કલ્પસૂત્ર ટીકાથી જોવું.] સ્વપ્ન મંગલ કહ્યું. હવે વીર નમસ્કાર રૂપ ત્રીજું મંગલ, અધ્યયન પ્રસ્તાવના —

- **સૂત્ર-૯ :-**

***દેવેન્દ્ર, નરેન્દ્ર અને મુનીન્દ્ર વંદિત ભગવંત મહાવીરને વાંદીને કુશલાનુબંધિબંધુ અધ્યયન હું કહીશ.***

- **વિવેચન-૯ :-**

अमरेन्द्र - અપમૃત્યુથી ન મરે તે અમર, તેનો ઈન્દ્ર-દેવેન્દ્ર. - x - તેમના વડે વંદિત, महावीर - જેનું વીર્ય મહત્ છે, અનંતબલ હોવાથી દેવકૃત્ પરીક્ષામાં પણ બિલકુલ ક્ષોભિત ન થયા તે. કુશલ મોક્ષ, તેને પરંપરાએ દેનાર. बन्धुर - મનોજ્ઞ, જીવોને આલોક-પરલોકમાં સમાધિ હેતુષણાથી. અર્થ સમુદાય જેમાંથી જણાય તે અધ્યયન-શાસ્ત્ર. હવે પ્રસ્તુત અધ્યયન અર્થાધિકાર —

- **સૂત્ર-૧૦ :-**

***ચાર શરણે જવું, દુષ્કૃત્ ગર્હા અને સુકૃત્ અનુમોદના, આ ત્રણ અધિકાર મોક્ષના કારણ હોવાથી નિરંતર કરવા જોઈએ.***

- **વિવેચન-૧૦ :-**

(૧) અરહંત, સિદ્ધ, સાધુ, ધર્મના શરણે જવું. (૨) દુષ્ટ કરવું તે દુષ્કૃત, તેનું ગુરુ સાક્ષીએ કથન. (૩) શોભન કરવું તે સુકૃત્, તેની અનુમોદના - મેં આ કર્યું તે ભવ્ય છે. આ ત્રણે સતત અનુસરણીય છે. કેમકે તે મોક્ષનું કારણ છે.

હવે ચતુઃશરણ અધિકાર —

- **સૂત્ર-૧૧ :-**

***અરહંત, સિદ્ધ, સાધુ, કેવલી, કથિત સુખ આપનાર ધર્મ આ ચારે શરણા ચતુર્ગતિ નાશક છે. તેને ધન્યો પામે છે.***

- **વિવેચન-૧૧ :-**

अरहंत - દેવેન્દ્રકૃત્ પૂજાને યોગ્ય. સિદ્ધ-નિષ્ઠિતાર્થ હોય તે. साधु - નિર્વાણ

સાધક ધર્મ વ્યાપાર કરે તે. ધર્મ - દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારે તે. કેવલી - જ્ઞાની વડે પ્રતિપાદિત. - x - વળી કેવો ધર્મ-પરંપરાથી પ્રકર્ષને આપે તેવો સુખાવહ. આના વડે મિથ્યાદૅષ્ટિ ધર્મનો - x - નિષેધ કર્યો. આ ચાર શરણ ચાર ગતિને નિવારી સિદ્ધ લક્ષણરૂપ પાંચમી ગતિ અપાવે છે. તેથી જ ભવ અટવીમાં શરણરહિતો ભટકે છે. કોઈ સુકૃત્ કર્મોને જ શરણ પ્રાપ્ત થાય.

● **સૂત્ર-૧૨ :-**

***હવે તીર્થંકરની ભક્તિના સમૂહે કરી ઉછળતી રોમરાજી રૂપ બખ્તરે શોભાયમાન આત્મા હર્ષથી મસ્તકે અંજલી કરી કહે છે —***

● **વિવેચન-૧૨ :-**

તે શરણ પ્રતિપન્ન ચતુર્વિધ સંઘમાંનો કોઈપણ જીવ, જિન ભક્તિના પ્રાબલ્યથી રોમાંચિત થયેલ - x - તેથી અંતરંગ શત્રુના ભીષણ, પ્રકૃષ્ટ હર્ષથી જે પ્રણામ, તેના વડે વ્યાકુળ જે રીતે થાય, અથવા આનંદાશ્રુથી ગદ્ગદ્ સ્વર, તથા મસ્તકે અંજલિ કરીને કહે છે — હવે અરહંત શરણ અંગીકાર કરીને જે બોલે તે —

● **સૂત્ર-૧૩ થી ૨૨ :-**

***[૧૩] રાગ-દ્વેષરૂપ શત્રુના હણનાર, આઠ કર્માદિ શત્રુના હણનારા, વિષય કષાય શત્રુને હણનાર - અરિહંતો મને શરણ થાઓ.***

***[૧૪] રાજ્યશ્રીને તજીને, દુષ્કર તપ ચારિત્રને સેવીને કેવલજ્ઞાન લક્ષ્મીને યોગ્ય અરહંતો મને શરણ થાઓ.***

***[૧૫] સ્તુતિ-વંદનને યોગ્ય, ઈન્દ્રો-ચક્રવર્તીની પૂજાને યોગ્ય શાશ્વત સુખ પામવાને યોગ્ય અરહંતો મને શરણ થાઓ.***

***[૧૬] બીજાના મનોભાવને જાણતાં, યોગીન્દ્ર અને મહેન્દ્રને ધ્યાન કરવા યોગ્ય, વળી ધર્મકથાને યોગ્ય અરહંતો મને શરણ હો.***

***[૧૭] સર્વ જીવોની દયા પાળવાને યોગ્ય, સત્ય વચનને યોગ્ય, બ્રહ્મચર્યને યોગ્ય અરહંતો મને શરણ થાઓ.***

***[૧૮] સમોસરણમાં બેસીને, ચોત્રીશ અતિશયોને સેવવા પૂર્વક, ધર્મકથાને કહેતા અરિહંતો મને શરણ થાઓ.***

***[૧૯] એક વાણી વડે અનેક પ્રાણીના સંદેહને એક સાથે છેદતા ત્રણ જગત્‌ને અનુશાસિત કરતાં અરિહંતો મને શરણ થાઓ.***

***[૨૦] વચનામૃત વડે જગત્‌ને શાંતિ પમાડતાં, ગુણોમાં સ્થાપતા, જીવલોકનો ઉદ્ધાર કરતાં અરિહંતો મને શરણ થાઓ.***

***[૨૧] અતિ અદ્ભુત ગુણવાળા, પોતાના યશરૂપ ચંદ્ર વડે દિશાઓના અંતને શોભાવનાર, શાશ્વત-અનાદિ-અનંત અરહંતોને મેં શરણપણે અંગીકાર કરેલા છે.***

***[૨૨] જરા-મરણને તજનાર, દુઃખપીડિત સમસ્ત પ્રાણીના શરણરૂપ, ત્રણ જગત્‌ના લોકને સુખ આપનાર અરિહંતોને નમસ્કાર.***





● **વિવેચન-૧૩ થી ૨૨ :-**

[૧૩] રાગ ત્રણ ભેદે - દૅષ્ટિરાગ, કામરાગ, સ્નેહરાગ. દ્વેષ-બીજાના દ્રોહના અધ્યવસાય અથવા આસક્તિમાત્ર રાગ, અપ્રીતિ માત્ર દ્વેષ ઉપલક્ષણથી મદ, મત્સર, અહંકાર લેવા. તે રૂપ શત્રુના હણનાર. જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી શત્રુ, આદિ શબ્દથી પરીષહ, વેદના અને ઉપસર્ગાદિ લેવા, તેના હણનાર. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ વિષય અને કષાય — ક્રોધ, માન, માયા, લોભ - x - તે રૂપ શત્રુના હણનાર. અથવા વિષય, કષાયોના વિનાશકત્વથી શત્રુપણું છે. એવા પ્રકારના અરિહંત-જિન મને શરણ-પરિત્રાણ થાઓ.

[૧૪] રાજ્યલક્ષ્મીને છોડીને, કર્મમલના દૂર કરવાથી આત્મા સુવર્ણ જેમ અગ્નિ વડે તપે તે તપ, તેનું આ સેવન, જે સામાન્ય સાધુને કરવું અશક્ય છે, તે છમાસાદિ રૂપ અને અપ્રમત્તતા-મૌન-કાયોત્સર્ગાદિ તે તપ સેવીને જે કેવળજ્ઞાન વિભૂતિને યોગ્ય થાય તે અરહંત-તીર્થંકર, મને શરણ થાઓ. અથવા રાજ્યશ્રીને તજતા, દુશ્ચર તપ-ચારિત્રને અનુચરતા, કેવલશ્રીને પામનાર મને શરણ હો. - x - જો કે શક્રાદિને બધી અવસ્થામાં જિનો નમસ્કાર યોગ્ય નથી કેમકે અવિરતિપણે છે. જે અનાગત જિન સાધુ વડે નમસ્કાર કરાય છે, તે પણ ભાવિભાવચારિત્રાવસ્થા જ છે.

[૧૫] સ્તવ કે સ્તુતિ - સદ્ભૂત ગુણોત્કીર્તન, વંદન-કાયિક પ્રણામ, તે બંનેને યોગ્ય, અમરેન્દ્ર-નરેન્દ્રોની પૂજા - સમવસરણાદિ સમૃદ્ધિને યોગ્ય, શાશ્વત સુખ - નિર્વાણ પછીનું, તેને પણ યોગ્ય.

[૧૬] પોતાના સિવાયના, બીજાના મનમાં રહેલ ચિંતિત, તેને જાણતાં, - x - તેના વડે અનુત્તર દેવોના મનના સંશય જાણીને તેના ઉચ્છેદમાં સમર્થ, તથા યોગી-મુનિના ઈન્દ્ર-ગૌતમાદિ, મહાન્ ઈન્દ્રો - શક્રાદિ, તેમના ધ્યાનને યોગ્ય. - x - ધર્મકથા - દાન, શીલ, તપ, ભાવનાદિના કથનને યોગ્ય, સર્વજ્ઞપણાથી સર્વ ભાષાનુયાયી, યોજનગામીની વાણી, છદ્મસ્થાવસ્થામાં મૌન ધારણ કરેલા આદિ.

[૧૭] સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર જે જીવો, તેમની હિંસા નહીં તે અહિંસા - રક્ષા, તેને યોગ્ય, સજ્જનોનું હિત તે સત્ય - તથ્ય. તે અને તેનું કહેવું, તેને યોગ્ય - x - તથા અઢાર ભેદે બ્રહ્મવ્રત - x - તેની આસેવના, પ્રરૂપણા અને અનુમોદનાને યોગ્ય.

[૧૮] સંસારના ભયથી ઉદ્વિગ્ન જીવો વડે અવસરણ થાય તે સમવસરણ તેને અલંકરીને, ૩૪ અતિશય - જન્મથી, કર્મક્ષયથી, દેવોએ કરેલ અનુક્રમે ૪-૧૧-૧૯ અતિશયો સેવતા ઉપલક્ષણથી વાણીના ૩૫-વચનાતિશયવાળા, ધર્મકથા કહીને જે મુક્તિમાં ગયા-જાય છે-જશે અથવા ધર્મકથા કહેતા, તેમનું શરણ. - x - x - સ્તુતિ ઉપદેશ રૂપથી પુનરુક્તિ થાય તેમાં દોષ નથી.

[૧૯] એક પણ વચનથી અનેક પ્રકારે સંશયોને, કોના ? સુર, અસુર, મનુષ્ય અને તિર્યંચોના. સમકાળે જ છેદીને - x - ત્રિભુવનને શિક્ષિત કે અનુશાસિત કરીને - સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિરૂપ શિક્ષાપ્રદાનથી, મોક્ષે જનાર. બાકી પૂર્વવત્.

[૨૦] વચનામૃત કેમકે ભૂખ, તરસાદિ દોષને દૂર કરે છે. તેના વડે લોકને તૃપ્તિ પમાડી શાંત કરતાં કે ખુશ કરતાં તથા ઉત્તર-ઉત્તર ગુણસ્થાનકોમાં સમ્યક્ત્વાદિમાં પૂર્વોક્ત ભુવનને સ્થાપીને કે સ્થાપતા અર્થાત્ સદુપદેશવશથી પમાડતા. ભવ્યજીવલોક કેમકે અભવ્યો તીર્થંકર ઉપદેશથી પણ બોધ ન પામે, તેને ઉદ્ધરતા અર્થાત્ ભવાંધકૂવાથી પોતાના વચનરજ્જુ વડે ખેંચતા.

[૨૧] બીજાને અસંભવ એવા અતિ અદ્ભુત જે ગુણો-પ્રાતીહાર્યાદિ લક્ષણ કે રૂપ આદિ જેમાં વિધમાન છે તે. તથા ચંદ્ર વડે વિભૂષિત દિશા પર્યન્ત પોતાના યશથી પ્રસરેલા કે પ્રકાશિત, નિયત - શાશ્વત, આદિ અને અંત રહિતનું શરણ પામીને - તેને આશ્રીને. ત્રણ કાળ ભાવિ અનંત જિનો અહીં ગ્રહણ કર્યા છે.

[૨૨] હવે અર્હત્ શરણ કરીને વિશેષથી તેમને નમસ્કાર કરતાં કહે છે — જેના વડે જરા-મરણ તજેલ છે, તેના કારણરૂપ કર્મરહિત. સંપૂર્ણ જે દુઃખો, તેના વડે આર્ત્ત-પીડિત જે પ્રાણી, તેમને શરણ્ય અથવા જેમના દુઃખ સમાપ્ત થયાં છે તે. તથા જન્મ-જરા-મરણાદિ દુઃખ વડે પીડિત જે સત્વો, તેમને શરણરૂપ. પોતાના અવતાર વડે ત્રિભુવનના લોકોને સુખ આપે છે. - x - આ ગુણોથી અરહંતોને નમસ્કાર થાઓ.

- - હવે બીજા શરણનો સ્વીકાર કહે છે —

**● સૂત્ર-૨૩ થી ૨૯ :-**

***[૨૩] અરિહંતના શરણથી મલશુદ્ધિ પ્રાપ્ત, સુવિશુદ્ધ થયેલા સિદ્ધો વિશે બહુમાનવાળા, પ્રણત-શિર-રચિત હસ્ત કમળની અંજલિથી હર્ષ સહિત [સિદ્ધોનું શરણ] કહે છે —***

***[૨૪] અષ્ટકર્મક્ષયથી સિદ્ધ, સ્વાભાવિક જ્ઞાન-દર્શન સમૃદ્ધ, સર્વ અર્થની લબ્ધિમાં સિદ્ધ થયેલાં સિદ્ધો મને શરણ થાઓ.***

***[૨૫] ત્રિલોકના મસ્તકે રહેલાં, પરમ પદ પામેલા, અચિંત્ય બળવાળા, મંગલસિદ્ધ પદસ્થ, પ્રશસ્ત સુખી સિદ્ધોનું શરણ હો.***

***[૨૬] અંતર્ શત્રુને મૂળથી ઉખેડનાર, અમૂઢ લક્ષ્યા, સયોગી પ્રત્યક્ષ, સ્વાભાવિક આત્મસુખી, પરમ મોક્ષા સિદ્ધો શરણ હો.***

***[૨૭] પ્રતિપ્રેરિત પ્રત્યનીકો, સમગ્ર ધ્યાનાગ્નિથી દગ્ધ ભવબીજવાળા, યોગીશ્વરોને શરણીય, સ્મરણીય સિદ્ધો શરણ હો.***

***[૨૮] પરમાનંદને પ્રાપ્ત, ગુણ નિસ્યંદ, વિદિર્ણ ભવકંદા, સૂર્ય-ચંદ્રને ઝાંખા કરનાર, દ્વંદ્વક્ષપક સિદ્ધો મને શરણ થાઓ.***

***[૨૯] પરમબ્રહ્મને પામેલા, દુર્લભ લાભ પ્રાપ્ત, સંરંભ વિમુક્ત, ભુવનગૃહને ધારવામાં સ્તંભ, નિરારંભી સિદ્ધો મને શરણ હો.***

**● વિવેચન-૨૩ થી ૨૯ :-**

[૨૩] અરહંતનું શરણ તે અર્હત્શરણ, તેથી પૂર્વોક્ત જે કર્મરજની શુદ્ધિ, તેનાથી પ્રાપ્ત નિર્મળ સિદ્ધો પ્રતિ ભક્તિ. અથવા અતિશય નિર્મળ. પછી ભક્તિના વશથી નમ્ર થઈને જે મસ્તકે રચેલ હાથરૂપી કમળ વડે શેખર, એવો તે હર્ષથી



કહે છે —

[૨૪] આઠ કર્મના ક્ષયથી સિદ્ધ, તે તીર્થસિદ્ધાદિ ભેદથી-૧૫. ૧. તીર્થસિદ્ધ-પ્રસન્નકુમારાદિ, ૨. અતીર્થસિદ્ધ - મરુદેવ્યાદિ, ૩. ગૃહલિંગ સિદ્ધ-પુણ્યાઢ્યાદિ, ૪. અન્યલિંગસિદ્ધ - વલ્કલચીર્યાદિ, ૫. સ્વલિંગ સિદ્ધ-જંબૂસ્વામ્યાદિ, ૬. સ્ત્રીલિંગસિદ્ધ - રાજીમત્યાદિ. ૭. નરસિદ્ધ-ભરતાદિ, ૮. કૃત્રિમનપુંસકસિદ્ધ - ગુણસેનાદિ, ૯. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ - નમિરાજાદિ, ૧૦. સ્વયંબુદ્ધ સિદ્ધ - સમુદ્રપાલાદિ, ૧૧. બુદ્ધબોધિત સિદ્ધ - ૧૫૦૦ તાપસાદિ, ૧૨. એક સિદ્ધ - ગજસુકુમાલાદિ, ૧૩. અનેક સિદ્ધ - ભરતપુત્રાદિ, ૧૪. અજિનસિદ્ધ - પુંડરીકાદિ, ૧૫. જિનસિદ્ધ - ઋષભાદિ.

વળી તે કેવા ? નિરાવરણ એવા જે અનવચ્છિન્ન જ્ઞાનદર્શન, તેના વડે સમૃદ્ધ, તે બધાં અર્થની લબ્ધિ-પ્રાપ્તિવાળા, સિદ્ધ-નિષ્પન્ન. સિદ્ધ સર્વ કાર્યા - પ્રાપ્ત સર્વ સુખજ્ઞાનાદિ ભાવ અર્થાત્ કૃતકૃત્ય. અથવા સર્વાર્થલબ્ધિ વડે સિદ્ધ-નિષ્ઠિત સિદ્ધો મને શરણ થાઓ.

[૨૫] ત્રિલોક-ચૌદ રાજરૂપ, તેના મસ્તકે - સર્વોપરી સ્થાને, ૪૫-લાખ યોજન વિસ્તીર્ણ ઈષત્ પ્રાગ્ભારા નામે સિદ્ધશિલાના ઉપરના યોજનમાં ઉપરના ૨૪માં ભાગ રૂપ આકાશદેશે રહેલા. પરમપદ - મોક્ષ, સર્વકર્મરહિત સ્વરૂપ, ત્યાં રહેલ. અચિંત્ય-અનંત સામર્થ્ય-જીવશક્તિ વિશેષબળ જેને છે તે, મંગલરૂપ સિદ્ધ-સંપન્ન પદાર્થો જેના છે તે. અથવા સાંસારિક દુઃકરહિત મંગલભૂત જે સિદ્ધિપદ, ત્યાં રહેલ, તે સિદ્ધો મને શરણ થાઓ. કેવા ? જન્મ-જરા-મરણ-ભુખ-તૃષાદિ બાધારહિત સુખ - x - અનંતસુખી.

[૨૬] મૂળથી ઉખેડી નાંખેલ પ્રતિપક્ષ - કર્મરૂપ જેણે તે. અર્થાત્ સમૂલ નિર્મૂલિત કર્મોવાળા અથવા સંસાર હેતુ-કર્મબંધના મૂળ એવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગરૂપ શત્રુસંઘાતનો ક્ષય કરવામાં પ્રતિપક્ષ સમાન વૈરી જેવા, તેનો જય કરનારા. દ્રષ્ટવ્ય પદાર્થમાં મૂઢ નહીં તેવા, કેમકે સદા ઉપયોગવાળા છે, સયોગી કેવલીને પ્રત્યક્ષ પણ શેષ જ્ઞાનીને અવિષયપણે, સ્વાભાવિક - અકૃત્રિમ સુખવાળા તથા પ્રકૃષ્ટ અત્યંત કર્મોથી દૂર, મોક્ષ-વિયોગ. તે સિદ્ધોનું શરણ થાઓ.

[૨૭] પ્રતિપ્રેરિત-અનાદર કરેલ. પ્રત્યનિક-શત્રુ, કેમકે શત્રુ અને મિત્રમાં સમ છે. અથવા નિરાકૃત્ છે રાગાદિ અંતર્ શત્રુ જેના વડે તે. સંપૂર્ણ જે ધ્યાન-શુક્લ ધ્યાન. તે જ અગ્નિ વડે ભસ્મસાત્ કરેલ સંસારનું બીજ-જ્ઞાનાવરણીયાદિ કર્મ જેણે તે, યોગીશ્વર - ગણધર કે છદ્મસ્થ તીર્થંકરો, તેના વડે નમસ્કર ધ્યાનાદિથી આશ્રયણીય, તથા સ્મરણીય - x - એવા સિદ્ધો મને શરણ થાઓ.

[૨૮] પ્રાપિત-આત્મજીવ પ્રતિ પ્રાપ્ત પરમાનંદ જેનાથી સદા મુદિતપણાથી તે, ગુણ-જ્ઞાન, દર્શનાદિના પરિપાક પ્રાપ્તત્વથી સાર જેમાં છે તે. - x - સંસારનો મોહનીયાદિ કર્મરૂપ કંદ વિદારિત છે જેના વડે તે. લોકાલોક પ્રકાશક કેવલ ઉધોતથી સૂર્ય-ચંદ્રના પ્રકાશને પણ અલ્પપ્રભાવી કરાયેલ છે, કેમકે તેનો પ્રકાશ પરિમિત યોજનમાં હોય છે, ક્ષપિત-ક્ષય, દ્વન્દ્વ-સંગ્રામાદિરૂપ, કેમકે સર્વથા નિષ્કાયપણું છે. આવા પ્રકારના સિદ્ધો મને શરણ થાઓ.

[૨૯] ઉપલબ્ધ-પ્રાપ્ત પરમબ્રહ્મ-પ્રકૃષ્ટ જ્ઞાન. અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત. જેને મુક્તિપદ પ્રાપ્તિરૂપ દુર્લભ લાભ છે, બધાં લાભોમાં અગ્રેસરપણાથી અને સર્વચારિત્રાદિ ક્રિયામાં તે મળતાં જ સાફલ્ય છે. તથા પરિત્યક્ત કરણીય પદાર્થોમાં આટોપ જેના વડે છે, સર્વ પ્રયોજન જેના નિષ્પન્ન થયાં છે તે. ભુવન-જીવલોક વત્ જે ગૃહ, તે સંસાર ગર્તામાં પડતાંને રક્ષણમાં સ્તંભરૂપ. આરંભથી બહાર રહેલા. કેમકે સર્વથા કૃતકૃતત્વ છે. આવા સિદ્ધો મને શરણ - આલંબન થાઓ.

હવે સાધુશરણ પ્રતિપાદિત કરવા કહે છે —

● **સૂત્ર-૩૦ થી ૪૦ :-**

***[૩૦] સિદ્ધના શરણ વડે નય અને બ્રહ્મહેતુ સાધુના ગુણમાં પ્રગટેલ અનુરાગવાળો અતિ પ્રશસ્ત મસ્તકને પૃથ્વીએ મૂકી કહે છે —***

***[૩૧] જીવલોકના બંધુ, કુગતિરૂપ સિંધુના પાર પામનાર, મહા ભાગ્યવાળા, જ્ઞાનાદિથી મોક્ષ સુખસાધક સાધુ શરણ થાઓ.***

***[૩૨] કેવલી, પરમાવધિ જ્ઞાની, વિપુલમતિ, શ્રુતધરો, જિનમતમાં રહેલાં આચાર્યો, ઉપાધ્યાયો, તે સર્વે સાધુ શરણ હો.***

***[૩૩,૩૪] ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વી, બાર અંગી, અગિયાર અંગી, જિનકલ્પી, યથાલંદી, પરિહાર વિશુદ્ધિક સાધુ તથા ક્ષીરાશ્રવલબ્ધિક, મધ્વાશ્રવલબ્ધિક, સંભિન્નશ્રોતલબ્ધિક, કોષ્ઠબુદ્ધિ, ચારણમુનિ, વૈક્રિય લબ્ધિક, પદાનુસારીલબ્ધિક સાધુ મને શરણ થાઓ.***

***[૩૫] વૈર વિરોધ ત્યાગી, નિત્ય અદ્રોહા, પ્રશાંતમુખ શોભા, અભિમત ગુણ સંદોહા, હતમોહા સાધુ મને શરણ થાઓ.***

***[૩૬] સ્નેહબંધન તોડનારા, અકામધામી, નિકામસુખકામી, સત્પુરુષોને મણાભિરામ, આત્મરામી મુનિઓ મને શરણ થાઓ.***

***[૩૭] વિષય કષાયને દૂર કરનાર, ઘર અને સ્ત્રીસંગ સુખ-સ્વાદના ત્યાગી, હર્ષ-વિષાદ રહિત, પ્રમાદરહિત સાધુ શરણ હો.***

***[૩૮] હિંસાદિ દોષ રહિત, કરુણાભાવવાળા, સ્વયંભૂરમણ સમ બુદ્ધિવાળા, જરા-મરણ રહિત મોક્ષમાર્ગમાં જનારા, સુકૃત્ પુન્યવાળા સાધુ મને શરણ થાઓ.***

***[૩૯] કામવિડંબનાથી મુક્ત, પાપમલરહિત, ચોરીના ત્યાગી, પાપરજના કારણરૂપ, સાધુના ગુણરૂપ રત્નની કાંતિવાળા૦***

***[૪૦] સાધુરૂપે સુસ્થિત હોવાથી આચાર્યો પણ સાધુ જ છે. સાધુના ગ્રહણથી ગૃહિત છે, માટે તે સાધુ મને શરણ થાઓ.***

● **વિવેચન-૩૦ થી ૪૦ :-**

[૩૦] નૈગમાદિથી ઉપલક્ષિત જે શ્રુતજ્ઞાન-દ્વાદશાંગરૂપ, તેના કારણરૂપ જે વિનયાદિ સાધુગુણ, કેમકે વિનયાદિ ગુણ સંપન્નને જ શ્રુતની પ્રાપ્તિ થાય, ઉક્ત બધાથી જનિત બહુમાન જેને છે તે. કોના બહુમાનથી ? તે કહે છે. પૂર્વોક્ત સિદ્ધ શરણથી. વળી તે કઈ રીતે ? ભક્તિથી સભર નમ્ર થઈને મસ્તક જેણે પૃથ્વી ઉપર



મૂકેલ છે, તેવા સાધુગુણ રાગી - x - આ પ્રમાણે કહે છે —

[૩૧] જે કહે છે, તે નવ ગાથા વડે કહે છે — જીવલોક એટલે છ જીવનિકાયરૂપ પ્રાણી વર્ગના ત્રિવિધ-ત્રિવિધ રક્ષાકારીપણાથી બાંધવ સમાન બાંધવ, નરક તિર્યંચાદિરૂપ કુગતિ, તે જ સમુદ્ર કે મહાનદીને કિનારે જનાર કે તટવર્તી, અનેકલબ્ધિસંપન્નત્વથી અતિશય વિશેષ, જ્ઞાનદર્શન ચારિત્રથી મોક્ષશર્મને સાધે છે તે શિવસૌખ્ય સાધક, એવા સાધુ મને શરણરૂપ થાઓ.

[૩૨] હવે સાધુના ભેદો કહે છે — કેવલ - મત્યાદિ જ્ઞાનાપેક્ષાથી અસહાય, સર્વ દ્રવ્ય-પર્યાયાદિ જ્ઞાનયુક્ત તે કેવલી. રૂપી દ્રવ્યમાં પ્રવૃત્તિરૂપ મર્યાદા તે અવધિ, પરમાવધિ - જેની ઉત્પત્તિ પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય એવા પરમાવધિસાધુ ઉત્કૃષ્ટ અવધિ સાધુ લેવાથી મધ્યમ અને જઘન્ય અવધિ પણ લેવા. મનઃપર્યાયજ્ઞાન બે ભેદે - ઋજુમતિ અને વિપુલમતિ. - x - અહીં વિપુલમતિના ગ્રહણ થકી ઋજુમતિ પણ લેવું. તે બંને મનુષ્યક્ષેત્રવર્તી સંજ્ઞી પંચેન્દ્રિય મનોદ્રવ્ય પરિચ્છેકપણે છે. - x - શ્રુત-કાલિક, ઉત્કાલિકાદિ લક્ષણ, સૂત્ર અર્થ અને ઉભયને ધારણ કરે તે - x - શ્રુતધર. [તથા]

સામાન્યથી બધાં વિશેષણ મોક્ષાર્થી વડે આસેવિત છે તેથી આચાર્ય-પંચવિધ આચારધારી, સૂત્રાર્થવેદી, ગચ્છાલંબન રૂપાદિ. ઉપાધ્યાય - x - બાર અંગના સૂત્રને ભણાવનારા. તે માટે - x - વિશેષણ મૂક્યું કે જિનમત - જિનશાસનમાં જે આચાર્યોપાધ્યાય, તેથી પ્રવર્ત, સ્થવિર, ગણાવચ્છેદક પણ અહીં લેવા. - x - તે બધાં સાધુ શરણ હો.

[૩૩] ચૌદપૂર્વી - શ્રીપ્રભવ આદિ, દશપૂર્વી - આર્યમહાગિરિ આદિ, પ્રાયઃ છેલ્લા ચાર પૂર્વો સમુદિત જ વિચ્છેદ પામે છે માટે ચૌદ પૂર્વી પછી સીધા દશપૂર્વી કહ્યા. નવપૂર્વી - આર્યરક્ષિતાદિ, બાર અંગધારી. ચૌદપૂર્વી અને દ્વાદશાંગીધરમાં શો ભેદ ? બારમું અંગ દૃષ્ટિવાદ છે. તે પરિકર્મ, સૂત્ર, પૂર્વાનુયોગ, પૂર્વગત અને ચૂલિકા પાંચ ભેદે છે ચૌદે પૂર્વો પૂર્વગતમાં છે. તેથી બારમાં અંગના એકદેશ રૂપ છે. - x -

હવે વિશેષ અનુષ્ઠાનીને કહે છે — જિનકલ્પ એકાકીપણે નિષ્પ્રતિકર્મશરીરપણે જિનની જેમ આચારવાળા તે જિનકલ્પિક-દુષ્કર ક્રિયાકારી. યથાલંદિક - x - x - x - પરિહાર વિશુદ્ધિકો - x - x - x - પછી વિશેષ લબ્ધિસંપન્ન સાધુને કહે છે — ક્ષીરાશ્રવ લબ્ધિ - ચક્રવર્તી સંબંધી જે - x - ખીર, તેની જેમ જેમના વચનમાં માધુર્ય રસ ટપકે છે તે. મધુ - શર્કરા આદિ મધુર દ્રવ્ય, તેના રસતુલ્ય વચન જેના છે તે. ઉપલક્ષણથી સર્પિરાશ્રવા પણ લેવા. સુગંધ ઘીના રસતુલ્ય વચનવાળા. સંભિન્ન શ્રોતલબ્ધિ - શરીરના બધાં અવયવોથી સાંભળે અને જાણે, ચક્રવર્તીની છાવણીમાં માણસ અને તિર્યંચોના કોલાહલના શબ્દોમાં "આ આનો, આ આનો" એમ અવાજને પૃથક્ પૃથક્ જાણે તે.

કોષ્ઠબુદ્ધિ - કોઠામાં ઠાલવેલ ધાન્ય માફક જે સુનિશ્ચિત સ્થિર સંસ્કાર સૂત્રાર્થવાળા છે તે. ચારણલબ્ધિ - અતિશય વડે ચરણ તે ચારણ, બે ભેદે છે — જંઘા

ચારણ અને વિદ્યાચારણ. [સામર્થ્ય વર્ણન પૂર્વવત્] બીજા પણ ઘણાં પ્રકારના ચારણ સાધુ હોય છે. તે આ રીતે — આકાશગામી પર્યંકાવસ્થામાં બેસેલ કાયોત્સર્ગસ્થ શરીરી કે પાદોત્ક્ષેપ વિના પણ આકાશચારી. કેટલાંક ફળ, પુષ્પ, પત્ર૦ ઈત્યાદિના આલંબનથી ગતિ પરિણામ કુશલ હોય છે, તથા વાવ-નદ્યાદિના જળમાં તેના જીવને વિરાધ્યા વિના ભૂમિની જેમ પાદોત્ક્ષેપ નિક્ષેપ કુશળ એવા જલચારણો હોય તથા જમીન ઉપર ચાર આંગળ માપે આકાશમાં પગ લેવા-મુકવામાં કુશળ જંઘાચારણો હોય.

વૈક્રિય લબ્ધિવાળા સાધુ - વૈક્રિયશક્તિ વડે વિવિધરૂપથી અસંખ્યાત દ્વીપ અને સમુદ્રને પૂરે છે. જંબૂદ્વીપને પણ મનુષ્યાદિમાંના કોઈ રૂપે ભરી દે છે. પદાનુસારી લબ્ધિ - પૂર્વાપર પદાનુસાર સ્વયં ત્રુટિત પદને પૂરી દે તે. અહીં ઉપલક્ષણથી આમર્ષૌષધ્યાદિ લબ્ધિવાળા સાધુઓ પણ જાણવા. આવા વિવિધ સાધુ મને શરણ થાઓ.

[૩૫] હવે સર્વ સાધારણ ગુણવાળા જે સાધુ તેને પાંચ ગાથા વડે કહે છે — ઘણાં કાળનું વૈર શ્રી વીરજિન પ્રતિ ત્રિપુષ્ઠના ભવમાં સીંહના જીવનું હતું, તે હાલિક બ્રાહ્મણ૦ પ્રતિમાર્થે ઉદાયન અને ચંડ પ્રદ્યોતનું અથવા વૈરના હેતુ વિરોધ, તે વૈર વિરોધ છોડીને તેથી ત્યક્ત વૈર વિરોધા, તેથી જ સતત પરદ્રોહ વર્જિત, તેથી અદ્રોહા. તેથી જ પ્રસન્ન મુખ શોભાવાળા - x - આવા હોવાથી અભિમત-પ્રશસ્ય. ગુણનો સમૂહ જેનો છે તે. એવા પ્રકારે જ્ઞાનાતિશય થાય, તેથી હત-મોહ-અજ્ઞાન. આવા સાધુનું મને શરણ હો.

[૩૬] જેણે સ્નેહરૂપી રજ્જુને તોડી નાંખેલ છે જેમ આર્દ્રકુમાર તેની જેવા છિન્નસ્નેહા. તેથી જેને કામ-વિષયાભિલાષ વિદ્યમાન નથી તેવા. કેમકે છિન્ન સ્નેહત્વમાં જ વિષયરૂપી ગૃહનો ત્યાગ થાય અથવા વિદ્યમાન નથી કામધામ - વિષયગૃહ જેને તે. અર્થાત્ વિષયાસક્તિ હેતુ રમ્ય મંદિર રહિત અથવા કામના સ્થાન રહિત તે અકામધામા. તેથી જ નિર્વિષય જે મોક્ષ સંબંધી સુખ, તેના વિષયમાં અભિલાષ જેનો છે તે. એટલે કે મોક્ષ સુખાભિલાષી. તથા સત્પુરુષો - આચાર્યાદિના ઇંગિત આકાર સંપન્નત્વાદિથી - x - સ્વશાંતત્વ આદિથી દમદંત માફક યુધિષ્ઠીરાદિના ચિત્તને આનંદ આપે છે, તે સત્પુરુષ મનોભિરામ. પ્રવચનોક્ત ક્રિયામાં રમે એ તે આત્મારામ, અથવા આરામ સમાન ભવ્ય જીવોના ક્રીડા સ્થાનવત્ આત્મા જેમાં હર્ષનો હેતુ છે તે અથવા પાંચ પ્રકારના આચારમાં જાય તે આચારામ ઈત્યાદિ મુનિ-સાધુઓ મને શરણ થાઓ.

[૩૭] જેનાથી શબ્દાદિ વિષય અને ક્રોધાદિ કષાયો દૂર કરાયેલા છે તે - વિષયકષાય રહિત. ગૃહ અને ગૃહિણી - સ્ત્રી, તે બંનેનો સંબંધ, તેમાંથી જે સુખાસ્વાદ પરિહરેલો છે તેવા નિષ્પરિગ્રહી અર્થાત્ નિઃસંગ. જે હર્ષ-વિષાદ કે પ્રમોદ-વૈમનસ્યથી આશ્રિત નથી અર્થાત્ સમભાવમાં રહેલ છે તે. પ્રમાદ રહિત અર્થાત્ અપ્રમત્ત છે ખંખેરી નાંખેલ છે શ્રોત - આશ્રવદ્વાર લક્ષણ અથવા ચિત્તનો ખેદ જેણે ફેંકી દીધેલ છે તે. અર્થાત્ અસંયમ સ્થાનને દૂર કરેલ કે શોકરહિત. એવા સાધુઓ મને શરણ થાઓ.



[૩૮] હિંસા આદિ દોષો, આદિ શબ્દથી અસત્યભાષણ, પરદ્રવ્ય લેવું, સ્ત્રીસેવા, પરિગ્રહાદિ ચારે લેવા. હિંસાદિ દોષોથી રહિત જીવલોકના દુઃખને નિવારવાની ઈચ્છાવાળા અર્થાત્ બધાં જીવોમાં કૃપાર્દ્ર ચિત્તવાળા. જિનોક્ત જીવાજીવાદિ પદાર્થોની રુચિ-શ્રદ્ધા અર્થાત્ સમ્યકત્વ. પ્રજ્ઞા-બુદ્ધિ અર્થાત્ સમ્યગ્જ્ઞાન. સ્વયં થાય તે સ્વયંભૂ. જે સમ્યકત્વ જ્ઞાનમાં સ્વયંભૂ છે, તે સ્વયંભૂ રુક્પ્રજ્ઞા. અથવા સ્વયંભૂત ક્ષાયિકાદિ સમ્યકત્વથી પૂર્ણ. એટલે મિથ્યાત્વને દૂર કરેલ છે તે. અથવા સ્વયંભૂ શબ્દથી સ્વયંભૂ રમણ સમુદ્ર કહેવાય છે, તેના જેવી વિશાળ બુદ્ધિવાળા અથવા આત્મનિર્વાહક, કોઈ પણ આશ્રય રહિત રહેલાં તે સ્વયંભરોત્પન્ના. જેને જરા-મૃત્યુ વિદ્યમાન નથી તે અજરામર-નિર્વાણ, તે માર્ગના ઉપદર્શકપણાથી પ્રવચન શાસ્ત્રો, તેમાં નિપુણ અર્થાત્ સમ્યક્તત્ત્વવેદી. ફરી ફરી પરિશીલન વડે આસેવિત જ્ઞાનદર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ જેના વડે - x - સમ્યગ્ મોક્ષમાર્ગ પ્રકાશક એવા સાધુ મને શરણરૂપ થાઓ. વળી કેવા ? અતિશય કૃત્ પુણ્ય - ચારિત્ર પ્રાપ્તિ લક્ષણ અથવા સ્વર્ગાદિ લાભ લક્ષણ તે સુકૃત્ પુણ્યા. અથવા તપ વગેરેથી પૂર્ણ સંચિત પ્રભૂત તપવાળા.

[૩૯] વિષયાર્થી વડે અભિલાષા કરાય તે કામ, તે કામ જનિત વિકાર કે વિડંબના, તેના વડે પરિવેષ્ટન, પરમાર્થને જાણીને તેનો ત્યાગ કરેલ એવા. તથા પાપમુક્ત - પવિત્ર ચારિત્ર નીર વડે તેને પ્રક્ષાલન કરેલ, વિવિક્ત-અદત્તાદાન નિયમથી આત્માને પૃથક્ કરેલ અર્થાત્ સ્વામી, જીવ, તીર્થંકર, ગુરુ અનુજ્ઞાત વસ્ત્ર, ભોજન, પાનાદિના ગ્રહણથી સર્વથા તેનો પરિહાર કરેલ. જીવને દુર્ગતિમાં પાડે તે પાપ, તેના કારણથી પાપરજ રૂપ જે મૈથુન તેના ત્યાગી. આવા પ્રકારના સાધુઓ. વળી વ્રતષટ્ક રૂપ રત્નોથી દીપ્ત - x -

[૪૦] અહીં સાધુશરણ અધિકારમાં જ્યેષ્ઠ પદ વર્તીત્વથી આચાર્યાદિ કેમ લીધા, તે સંશય નિવારવા કહે છે — સાધુ સ્વરૂપમાં, સમભાવ - પરસાહાચ્ય-દાન - મુક્તિ સાધક - યોગ સાધનાદિ લક્ષણમાં અતિશય સ્થિત અથવા સાધુપણે સુસ્થિત, તેથી આચાર્ય આદિ પાંચે પણ સાધુ કહેવાય છે - x - બધાં પણ અતીત, અનાગત, વર્તમાનકાળ ભાવિનું આ અધિકારમાં મને શરણ થાઓ.

**● સૂત્ર-૪૧ થી ૪૮ :-**

***[૪૧] સાધુનું શરણ સ્વીકારીને, અતિ હર્ષથી રોમાંચિત શોભિત શરીરવાળો, જિનધર્મના શરણને સ્વીકારવા બોલે છે —***

***[૪૨] પ્રવર સુકૃતથી પ્રાપ્ત, વળી ભાગ્યવાને નહીં પણ પામેલ એવો તે કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ હું શરણરૂપે સ્વીકારું છું.***

***[૪૩] જે ધર્મ પામીને અને પામ્યા વિના પણ જેણે મનુષ્ય અને દેવના સુખો મેળવ્યા, પણ મોક્ષ સુખ તો ધર્મ પામેલે જ મેળવ્યું તે ધર્મ મને શરણ થાઓ.***

***[૪૪] મલિન કર્મોનો નાશ કરનાર, જન્મ પવિત્ર કરનાર, અધર્મ દૂર કરનાર, પરિણામે સુંદર જિનધર્મ મને શરણ થાઓ.***

*[૪૫] ત્રણ કાળે પણ નાશ ન પામેલ, જન્મ-જરા-મરણ અને સેંકડો વ્યાધિને શમાવનાર, અમૃત માફક બહુમત એવા જિનમત અને ધર્મનું હું શરણ સ્વીકારું છું.*

*[૪૬] કામના ઉન્માદને શમાવનાર, દૃષ્ટ-અદૃષ્ટ પદાર્થોનો જેમાં વિરોધ નથી એવા, મોક્ષ સુખ ફળ આપવામાં અમોઘ એવા ધર્મનું શરણું હું સ્વીકારું છું.*

*[૪૭] નરકગતિમાં ગમનને રોકનાર, ગુણ સંદોહ, પ્રવાદી માટે અક્ષોભ્ય, કામસુભટને હણનાર ધર્મનું શરણ હું સ્વીકારું છું.*

*[૪૮] દેદીપ્યમાન, સુવર્ણની સુંદર રચનારૂપી અલંકાર વડે મોટાઈના કારણભૂત, મહાર્ઘ, નિધાનની માફક દારિદ્ય હરનાર જિનદેશિત ધર્મને વંદન કરું છું.*

● **વિવેચન-૪૧ થી ૪૮ :-**

[૪૧] સાધુ કે શ્રાવકમાંનો કોઈ પણ જીવ સાધુનું શરણું સ્વીકારી, ફરી પણ જિનધર્મનું શરણ સ્વીકારવા આમ કહે છે — તે કેવો છે ? પ્રકૃષ્ટ હર્ષવાળો, તેનાથી જન્મેલ રોમાંચવાળો ઈત્યાદિ૦

[૪૨] વિશિષ્ટ પુણ્ય વડે પ્રાપ્ત સમ્યક્ત્વ, દેશવિરતિરૂપ ધર્મ, અર્દ્ધપુદ્ગલ પરાવર્તમાં ભવ્ય જીવોએ - આસન્ન સિદ્ધિકોએ પ્રાપ્ત કરેલ. તથા ભાગ્યવાને પણ - બ્રહ્મદત્ત ચક્ર આદિ એ ફરી ન પ્રાપ્ત કરેલ - x - એવા કેવલજ્ઞાનોપલબ્ધ સમસ્ત તત્ત્વો વડે પ્રકાશિત ધર્મ - શ્રુત અને ચારિત્રરૂપ છે, તેનું શરણ હું સ્વીકારું છું.

[૪૩] ધર્મનું માહાત્મ્ય દેખાડતાં કહે છે — પ્રાપ્ત કે અપ્રાપ્તને પણ, જે જૈનધર્મથી નર-સુર સુખો પ્રાપ્ત થયા, જે રીતે સમ્યક્ત્વ પ્રાપ્તિથી ધન સાર્થવાહે યુગલિક સુખ પ્રાપ્ત કર્યુ. - x - સમ્યક્ત્વ લાભ પૂર્વે દેવતાના સુખો નયસારાદિએ પ્રાપ્ત કર્યા. - x - અથવા અનેક ભવ્યોને ધર્મની પ્રાપ્તિથી મનુષ્ય-દેવસુખ પ્રાપ્ત થયા અને અભવ્યોને ધર્મ અપ્રાપ્ત થવા છતાં કેવળ ક્રિયાદિ બળથી પણ નવમા ગ્રૈવેયક સુધી ગમન સાંભળેલ છે. પણ મોક્ષસુખ તો ધર્મથી જ પ્રાપ્ત છે, બીજી રીતે નહીં. મરુદેવાદિ પણ ભાવથી ચારિત્ર પરિણામ પામીને જ મોક્ષે ગયા. તે ધર્મ મને શરણ થાઓ.

બીજી રીતે અપાયેલ વ્યાખ્યાનો સાર :- પાત્ર - જ્ઞાતિકુળ સૌભાગ્યાદિ ગુણયુક્ત, અપાત્ર - દારિદ્રાદિથી ઉપહત, જે કારણે મનુષ્ય અને દેવની સમૃદ્ધિ પામ્યા. તેમાં પાત્ર - ઋજુત્વાદિ ગુણવાન્, નરસુખને પામે છે, અપાત્ર - દુઃખથી આક્રાંત થઈને દ્રમકની જેમ પામે. પાત્ર - દેવતા સુખ મળે - x - માત્ર મોક્ષસુખ-શિવશર્મ માત્ર પાત્રને જ - ચારિત્રધર્મ આધારભૂત, તથા ભવ્યત્વ લક્ષણથી પમાય છે૦ - x -

[૪૪] નિર્દલિત - જે ધર્મ વડે મલિન કર્મો વિદારેલ છે એટલે બધાં પાપો દૂર કરેલ છે, શુભ જન્મ કે કર્મ સેવક જન વડે કરાયેલ છે તે ગણધર - તીર્થંકરત્વાદિ પ્રાપ્તિ લક્ષણ તે કૃત્ શુભ જન્મા કે કર્મા છે વૈરની જેમ કાઢી મૂકેલ છે, તે અધર્મ કે કુધર્મ સમ્યક્ત્વ વાસિત અંતઃકરણથી જેણે તે તથા આ જિનધર્મ આલોકમાં પણ રમ્ય છે અને ભવાંતરમાં પણ પરિપાકથી રમ્ય છે. રમ્ય - મનોજ્ઞ, મિથ્યાદૃષ્ટિ ધર્મ



આવા પ્રકારે નથી. તેમાં આરંભે પણ કષ્ટ છે, પરિણામે પણ અસુંદર છે. વિષયસુખ આદિમાં સુંદર છે પણ પરિણામે કટુ વિપાકી છે. જિનધર્મ આદિમાં પણ રમ્ય છે, પરિણામે પણ રમ્ય છે.

[૪૫] અતીત, અનાગત, વર્તમાન ત્રણ કાળરૂપે જે વિનાસ પામતો નથી, કેમકે ભરત, ઐરવતમાં વ્યવચ્છેદ થાય પણ મહાવિદેહમાં ત્રણે કાળે પણ ધર્મનો નિરંતર સદ્‌ભાવ છે. સેંકડો જન્મ, જરા, મરણ અને વ્યાધિને શાંત કરે છે. અર્થાત્ સિદ્ધિપદ પ્રદાનથી તેને નિવારે છે. અથવા અતિશયપણે જન્માદિનો વિનાશ કરે છે. - x - અમૃતની જેમ સર્વલોકને આનંદ, તુષ્ટિ, પુષ્ટિ આપતો હોવાથી બહુમત છે અર્થાત્ બધાંને અતિશય અભિષ્ટ છે. માત્ર જિન ધર્મ જ નહીં, પણ જિન પ્રવચન-દ્વાદશાંગરૂપ ગુણ સુંદર છે૦ - x -

[૪૬] પ્રકર્ષથી કટુ વિપાકતા દર્શનથી ઉપશમ લાવે છે. જેના વડે કામનો પ્રકૃષ્ટ ઉન્માદ નિવારિત છે. કેમકે જિનધર્મ ભાવિત મતિને કામની નિવૃત્તિ વર્તે છે. દૃષ્ટ-બાદર એકેન્દ્રિય જીવો, અદૃષ્ટ-સર્વલોકવર્તી સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ - x - એવા દૃષ્ટાદૃષ્ટ પદાર્થોમાં જેના વડે વિપરીત પ્રરૂપણારૂપ વિરોધ પ્રાપ્ત નથી, કેવલી પ્રજ્ઞપ્ત હોવાથી યથાવસ્થિત સ્વરૂપ આવેદક છે. શિવસુખ ફળ આપે છે. તેથી જ અમોઘ-અવંધ્ય છે. તેવા ધર્મનું શરણ હો.

[૪૭] પાપકારી મનુષ્યોને જે નરકાદિ ગતિ, તેમાં ગમન, તેને નિવારે છે તેથી નરક ગતિ ગમન રોધ. ક્ષાંત્યાદિ સમુદાય જેમાં છે તે, તથા પ્રકૃષ્ટવાદી તે પ્રવાદી ક્ષોભિત કરી શકતા નથી. અથવા પ્રવાદિથી ક્ષોભ ચાલ્યો ગયો છે તેવા, અથવા સર્વજ્ઞોક્ત ધર્મ હોવાથી વાદી વડે ક્ષોભ પમાડવો અશક્ય છે. જેના વડે કામસુભટ નાશ કરાયેલ છે - x - તેવા ધર્મનું હું શરણ લઉં છું.

[૪૮] હવે નિધાનની ઉપમાથી ધર્મને નમસ્કાર કહે છે — દેવાદિ ભાસુર ગતિનો હેતુ હોવાથી શોભન શ્લાઘા ગુણોત્કીર્તન રૂપ જેમાંથી છે, તે સુવર્ણ. કેમકે ચારિત્રવંતને ઈન્દ્રાદિ વડે પણ શ્લાઘ્ય છે. સુંદર - મનોજ્ઞ જે ક્રિયાકલાપ વિષય દશવિધ સામાચારી રૂપ જે રચના, તેનાથી શોભા વિશેષ તે, સુંદર રચનાલંકાર, મહત્ત્વવાળો, માહાત્મ્યથી મહાર્થ - x - અથવા શોભન વર્ણ-શ્લાઘા વડે સુંદર જે સામાચારી આદિ રચનારૂપ અલંકારવાળો. - x - શ્રુત પક્ષે - x - કેવલી વડે કહેવાયેલ હોવાથી ભાસ્વર અક્ષરાદિ યુક્ત તથા સુંદર જે રચના, તેની જે શોભા વિશેષ - x - x - મહાર્ઘ-બહુમૂલ્ય દુર્ગતિ-ચારિત્રપક્ષે કુદેવત્વાદિગતિ, શ્રુતપક્ષે અજ્ઞાન, તેને હરનાર. નિધાનપક્ષે દુર્ગતિ-દારિદ્રને હરનાર એવો ધર્મ જિન-સર્વજ્ઞ વડે ઉપદેશાયેલ છે, તેને હું નમસ્કાર કરું છું.

*હવે દુષ્કૃત્ ગર્હા રૂપ બીજો અધિકાર —*

● **સૂત્ર-૪૯ થી ૫૪ :-**

*[૪૯] ચાર શરણા સ્વીકારવાથી સંચિત સુચરિતથી રોમાંચ યુક્ત શરીરી દુષ્કૃત્ ગર્હાથી અશુભ કર્મના ક્ષયને ઈચ્છતો કહે છે —*

*[૫૦] ઈહભવિક કે અન્યભવિક મિથ્યાત્વ પ્રવર્તનરૂપ અધિકરણ, જેને જિનપ્રવચનમાં નિષેધેલ છે, તે દુષ્ટ પાપને ગર્હું છું.*

*[૫૧] મિથ્યાત્વરૂપ તમસ્થી અંધ મેં અજ્ઞાનથી અરિહંતાદિ વિશે જે અવર્ણવાદ કર્યો હોય, તે પાપને હું ગર્હું છું.*

*[૫૨] શ્રુતધર્મ, સંઘ, સાધુમાં શત્રુપણાથી જે પાપ આચર્યું હોય તે અને બીજા પાપોમાં જે પાપ લાગ્યુ હોય તેને હું ગર્હું છું.*

*[૫૩] બીજા પણ મૈત્રી-કરુણાદિના વિષયરૂપ જીવોમાં પરિતાપનાદિ દુઃક ઉપજાવેલ હોય, તે પાપને હાલ હું ગર્હું છું.*

*[૫૪] મન, વચન, કાયા વડે કરવા, કરાવવા, અનુમોદના થકી આચરેલું જે ધર્મથી વિરુદ્ધ અને અશુદ્ધ સર્વ પાપને ગર્હું છું.*

● **વિવેચન-૪૯ થી ૫૪ :-**

[૪૯] ચાર શરણના અંગીકારથી સંચિત, જે સુચરિત-પુન્ય, તેના વડે જે રોમોલ્લાસથી ભૂષિત શરીર જેનું છે તે, તથા આ ભવે કે બીજા ભવે કરેલ જે દુષ્કૃત્ - પાપકૃત્ય, તેની ગુરુ સમક્ષ ગર્હા ‘‘અરે ખોટું કર્યુ’’ ઈત્યાદિ નિંદાથી જે અશુભકર્મક્ષય - પાપકર્મ અપગમ, તેમાં આકાંક્ષાવાન્ કહે છે, દુષ્કૃતગર્હાથી જે પાપાપગમ થાય છે, તે આત્માની અભિલાષાથી આમ કહે છે —

[૫૦] આ ભવમાં જે કરેલ, તે ઈહભવિક, બીજા ભવમાં કરેલ તે અન્યભવિક, મિથ્યા પ્રવર્તન - કુતીર્થિક દાન સન્માન, તેના દેવની પૂજા, તેના ચૈત્ય કરાવવાદિ, બીજા પણ અધિકરણ - ભવન, આરામ, તળાવાદિ કરવા, ખડ્ગાદિ દાન તથા જિનપ્રવચનમાં જે નિષેધ કરાયેલ બીજા દુષ્ટ-પાપની હું ગર્હા કરું છું.

[૫૧] સામાન્યથી દુષ્કૃત્ગર્હા કહી. હવે તેને વિશેષથી કહે છે — મિથ્યાત્વ જ અંધકાર છે, મિથ્યાત્વ શાસ્ત્રથી ઉપહત ભાવ ચક્ષુ વડે જીવે અરહંતાદિના પૂજા બહુમાનમાં અવર્ણવાદ કે અવજ્ઞા વચન કહી હીલનારૂપ, જે અજ્ઞાનથી - વિવેક શૂન્યતાથી કહ્યું તથા ત્રણ કાળમાં ક્રમશઃ કર્યુ - કરાવ્યુ - અનુમોધુ, બીજા પણ જે જિનધર્મ-પ્રત્યનીકત્વ, વિતથ પ્રરૂપણાદિ - x - તે પાપની ગર્હા-નિંદા કરું છું અર્થાત્ ગુરુ સમક્ષ આલોચના કરું છું.

[૫૨] શ્રુત, ધર્મ, સંઘ અને સાધુ તેની આશાતના રૂપ પ્રત્યનીકતા - વિદ્વિષ્ટ ભાવથી જે રચિત, તેમાં દ્વાદશાંગરૂપ શ્રુતના. જે અધ્યાપકાદિ ઉપર જે અરુચિ-અબહુમાનાદિ ચિંતન, જેમકે ‘‘અજ્ઞાન જ સુંદર છે’’ એમ કહેતા માષતુષ મુનિને પૂર્વભર્વમાં શ્રુત પ્રત્યનીકતા ઈત્યાદિ - x - જાણવા. તથા બીજા પણ પ્રાણાતિપાતાદિ અઢાર પાપોમાં જે કોઈ પાપ હોય, તેની હું ગર્હા કરું ચું.

[૫૩] ‘‘બીજા પાપોમાં’’ એમ જે કહ્યું, તે હવે સ્પષ્ટ કરે છે — તીર્થંકરાદિ સિવાયના બીજા એકેન્દ્રિયાદિ બધાં ભેદ ભિન્નોમાં જે મૈત્રી-કારુણ્ય-માધ્યસ્થ વિધેયતાથી વિષય જેમાં છે તે, તથા તેમાં નિષ્પાદિત પરિતાપના - અભિહતાદિ દશે પદોમાં જીવોને જે કંઈ દુઃખ-કષ્ટ પહોંચાડ્યું, તે પાપની પણ ગર્હા કરું છું.



[૫૪] હવે ઉપસંહાર કહે છે — જે કંઈ પાપ મન-વચન-કાયાથી રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનવશથી કર્યુ-કરાવ્યુ-અનુમોધુ હોય જિનધર્મ વિરુદ્ધ આચરેલ હોય, તેથી જ અશુદ્ધ-સદોષ. તે સર્વ પાપની હું ગર્હા કરું છું - ફરી ન કરવાનું સ્વીકારું છું, ગુરુની પાસે આલોચું છું. - x - હવે **સુકૃત અનુમોદના** રૂપ ત્રીજો અધિકાર —

● **સૂત્ર-૫૫ થી ૫૮ :-**

*[૫૫] હવે દુષ્કૃત્‌ની નિંદાથી પાપ કર્મનો નાશ કરનાર અને સુકૃતના રાગથી વિકસ્વર રોમરાજીવાળો જીવ આમ કહે છે —*

*[૫૬,૫૭] અરિહંતોમાં અરિહંતપણું, સિદ્ધોમાં સિદ્ધપણું, આચાર્યોમાં આચાર, ઉપાધ્યાયોમાં ઉપાધ્યાયત્વ, સાધુમાં જે સાધુચરિત, શ્રાવકજનોમાં જે દેશવિરતિ, સમકિત દૃષ્ટિનું જે સમકિતપણું એ સર્વેને હું અનુમોદું છું.*

*[૫૮] અથવા વીતરાગના વચનાનુસાર જે સર્વ સુકૃત્ ત્રણ કાળમાં કર્યુ હોય, તે બધાંને ત્રિવિધે અનુમોદું છું.*

● **વિવેચન-૫૫ થી ૫૮ :-**

[૫૫] હવે દુષ્કૃત્ ગર્હા પછી તે જીવ કેવો થાય ? દુશ્ચરિત્ર નિંદા વડે પ્રબળ પાપો દલિત-ચૂર્ણિકૃત્ કરેલો તે સ્પષ્ટ થાય તે રીતે કહે છે. વળી તે કેવો થઈને ? સુકૃત અનુરાગથી સંજાત પુન્ય બંધના હેતુપણાથી પવિત્ર જે રોમોદ્ગમ વિશેષ, તેના વડે વ્યાપ્ત અથવા કર્મવૈરી પ્રતિ ભીષણ. જે કહે છે તે બે ગાથાથી જણાવે છે—

[૫૬] અરહંતપણું - તીર્થંકરત્વ, પ્રતીદિન ધર્મદેશના કરવાથી, ભવ્ય જીવોને પ્રતિબોધ અને તીર્થ પ્રવર્તનાદિની અનુમોદના કરું છું. સિદ્ધત્વ - કેવળજ્ઞાનોપયુક્તત્વ, સર્વકર્મ વિમુક્તત્વ આદિની સિદ્ધોમાં અનુમોદના કરું છું. જ્ઞાનાચારાદિ આચાર્યો વિશે, સિદ્ધાંત-અધ્યાપકરૂપ ઉપાધ્યાયને વિશે હું અનુમોદુ છું.

[૫૭] સામાયિકાદિ ચારિત્રવાન્ સાધુના પુલાકાદિ બધાં ભેદે જે સાધુ, સર્વકાલ-ક્ષેત્ર વિશેષિત ચરણાદિ ક્રિયા કલાપ, જ્ઞાન-દર્શન-ચારિત્ર ધારીત્વ સમભાવત્વ આદિ રૂપની હું અનુમોદના કરું છું. સાધુ ક્રિયા - સર્વ સાધુ સામાચારી રૂપ. દેશવિરતિ-સમ્યક્ત્વ, અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રત, અગિયાર પ્રતિમારૂપ. શ્રા - તત્ત્વાર્થ શ્રદ્ધાને પકાવે, व - જિનભવનાદિ સાત ક્ષેત્રોમાં પોતાનું ધન વાવે, क - ક્લિષ્ટ કર્મરજને વિખેરે છે. તે શ્રાવક, તેમના શ્રાવકત્વની અનુમોદના કરું છું. બધાંનું સમ્યક્ત્વ-જિનોક્ત તત્ત્વમાં શ્રદ્ધા. જેમની અવિપરીત દૃષ્ટિ છે તે સમ્યગ્દૃષ્ટિ, તેમની સમ્યગ્દૃષ્ટિની૦

[૫૮] હવે સર્વ અનુમોદનાના સંગ્રાહાર્થે કહે છે — બધું જ વીતરાગ વચનાનુસારી જે સુકૃત્ - જિનભવન, બિંબકરણાદિ યાવત્ - માર્ગાનુસારીતા, તેને ત્રિવિધ ત્રિવિધે હું અનુમોદુ છું. હર્ષ ગોચરતા પામું છું. - x - હવે ચતુઃશરણાદિ કૃત્યના ફળને કહે છે —

● **સૂત્ર-૫૯,૬૦ :-**

*[૫૯] નિત્ય શુભ પરિણામી જીવ ચતુઃશરણ સ્વીકારાદિને આચરતો કુશલ*

*પ્રકૃતિને બાંધે છે, બાંધેલને શુભાનુબંધી કરે છે.*

*[૬૦] વળી ઉક્ત જીવ મંદાનુભાવ બદ્ધને તીવ્રાનુભાવયુક્ત કરે છે, અશુભને નિરનુબંધી અને તીવ્રને મંદ રસવાળી કરે છે.*

● **વિવેચન-૫૯,૬૦ :-**

શુભ પરિણામ - પ્રશસ્ત મનો અધ્યવસાયથી સદૈવ ચાર શરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના કરતો સાધુ આદિ જીવ પુન્ય પ્રકૃતિ, જે ૪૨-ભેદે છે, તેને બાંધે છે. શુભાધ્યવસાયથી શુભ અનુબંધ - ઉત્તરકાળ ફલ વિપાકરૂપને કરે છે. તે જ શુભ પ્રકૃતિ પૂર્વે મંદાનુભાવ બદ્ધ-મંદરસ બદ્ધ, - x - તીવ્રાનુભાવ - અત્યુત્કટ રસા કરે છે. ઉપલક્ષણથી અલ્પકાલ સ્થિતિને દીર્ઘકાળ સ્થિતિ કરે છે. અલ્પપ્રદેશકને બહુપ્રદેશક કરે છે.

જે અશુભ - જ્ઞાનાંતરાયાદિ ૮૨-સંખ્યક છે. તે પૂર્વબદ્ધને નિરનુબંધ કરે છે, અર્થાત્ ઉત્તરકાળે તેના વિપાકજન્ય દુઃખ ન હોય. જે તીવ્ર રસવાળી છે, તેને મંદરસવાળી કરે છે. અહીં પણ ઉપલક્ષણથી દીર્ઘકાળવાળી સ્થિતિને અલ્પકાલીન કરે છે. બહુ પ્રદેશકને અલ્પ પ્રદેશક કરે છે. શુભ પરિણામથી અશુભ પ્રકૃતિના સ્થિતિ, રસ, પ્રદેશનો હ્રાસ સંભવે છે – હવે ચતુઃશરણાદિ અવશ્ય કરવા, તે કહે છે.

● **સૂત્ર-૬૧ :-**

*તે માટે પંડિતોએ સંકલેશમાં આ આરાધના નિત્ય કરવી અને અસંકલેશમાં ત્રણ કાળ કરતાં સમ્યક્ સુકૃત ફળ પામે.*

● **વિવેચન-૬૧ :-**

તે કારણથી, આ અનંતરોક્ત ચાર શરણાદિ કરવા જોઈએ. વિબુધ - અવગત તત્ત્વોથી સતત [કરવી.] સંક્લેશ-રોગાદિ આપત્તિમાં, જેમ શાલી વાવતા સાથે ઘાસ પણ ઉગે, તેમ ચતુઃશરણાદિ સતત કર્મનિર્જરા માટે કરતાં આ લોકમાં પણ રોગાદિ-ઉપસર્ગની શાંતિ પામે છે. તથા અસંક્લેશ - રોગાદિ અભાવમાં ચતુઃશરણાદિ ત્રણ સંધ્યારૂપે ત્રણે કાળે કરવા. તે પણ સમ્યક્ મન-વચન-કાયયુક્તતાથી કરવી. તેનાથી સ્વર્ગ અને મોક્ષરૂપ સુગતિ ફળ મળે. સાધુને મોક્ષ યાવત્ શ્રાવકને અચ્યુત કલ્પે ગતિ થાય. - - - હવે અતિ દુર્લભ મનુષ્યત્વ આદિ સામગ્રી પામીને પ્રમાદાદિથી ચતુઃશરણાદિ ન કરે તે –

● **સૂત્ર-૬૨ :-**

*ચાર અંગવાળો જિનધર્મ ન કર્યો, ચાર અંગવાળું શરણ પણ ન કર્યું, ચતુરંગ ભવનો છેદ ન કર્યો, તે જન્મ હારી ગયો છે.*

● **વિવેચન-૬૨ :-**

ચાર – દાન, શીલ, તપ, ભાવનારૂપ, અંગો જેના છે તે ચાર અંગ. જિન-અર્હત્ ધર્મ ન કર્યો, આળસ-મોહાદિ કારણોથી ચાલી ગયેલ વિવેકપણાથી. ચતુરંગ ધર્મ જ નહીં ચતુરંગ શરણ પણ ન કર્યા - અરહંત, સિદ્ધ, સાધુ, ધર્મરૂપ. ચતુરંગ ભવ - નરક, તિર્યંચ, મનુષ્ય, દેવરૂપ, તેનો વિનાશ, વિશિષ્ટ ચારિત્ર - તપશ્ચરણાદિ



વડે ન કર્યો. તેણે મનુષ્યજન્મ વૃથા ગુમાવ્યો છે. તે હારવાથી અને ધર્મ ન કરવાથી જીવને ફરી માનુષ્યત્વ દુષ્પ્રાપ્ય છે. અથવા તે જ પ્રમાદાદિથી પૂર્વે અનારાધિત જિનધર્મ, અંત્ય સમયે વિવેક જન્મતા સ્વયં વિચારે છે - મેં ચતુરંગ જિનધર્મ ન કર્યો આદિ. અરે મેં મનુષ્ય જન્મને નિષ્ફળ કર્યો છે. દેવો પમ આવો ખેદ કરે છે.

● **સૂત્ર-૬૩ :-**

*હે જીવ ! આ રીતે પ્રમાદરૂપી શત્રુને જિતનાર, કલ્યાણરૂપ અને મોક્ષના સુખોના અવંધ્ય કારણ આ અધ્યયન ત્રિસંધ્યા ધ્યાન કર.*

● **વિવેચન-૬૩ :-**

હે જીવ ! આ અધ્યયનનું ત્રણ સંધ્યા ધ્યાન કર. કેવા ? પ્રમાદ જ મોટો શત્રુ છે. ચૌદપૂર્વીને પણ તે નિગોદાદિમાં પાડે છે તે પ્રમાદ શત્રુના વિનાશ માટે સુભટ સમાન. વળી તે ભદ્રાંત - મોક્ષપ્રાપક છે અથવા હે વીર !, હે ભદ્ર ! બંને સંબોધન છે. - x - વળી કેવા ? અવંધ્યકારણ, કોનું ? મોક્ષ સુખનું. પ્રમાદરૂપ મોટા દુશ્મનને જીતેલ એવા વીરભદ્ર સાધુ, ભગવંતના ૧૪,૦૦૦ સાધુમાંના એક, તેણે આની રચના કરી. - x - x - x -

**ચતુઃશરણ પ્રકીર્ણકસૂત્ર-૧ આગમસૂત્ર-૨૪નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક-અનુવાદ પૂર્ણ**

# ૨૫ આતુરપ્રત્યાખ્યાન-પ્રકીર્ણક સૂત્ર-૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

**● સૂત્ર-૧ :-**

***એક દેશ દેશવિરત સમ્યગ્દષ્ટિ જીવ જે મરે, તેને જિનશાસનમાં બાલપંડિત મરણ કહેલું છે.***

**● વિવેચન-૧ :-**

ત્રસકાયનો એક દેશ, તેના સંકલ્પજન્ય હિંસાની નિવૃત્તિ, તે પણ સાપરાધ અને નિરપરાધ બે પ્રકારે છે. તેમાં સ્વયં ઘાત કરવા વડે નિવૃત્ત એવો સમ્યગ્ દૃષ્ટિ જો મરે, તેવો શ્રાવક જીવ, તેને જિનશાસનમાં બાલપંડિત મરણ કહ્યું - x -

**● સૂત્ર-૨ થી ૫ :-**

***[૨] દેશ યતિ [વિરતિ] ધર્મમાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતો હોય છે. સર્વથી કે દેશથી યુક્ત દેશવિરત હોય છે.***

***[૩] પ્રાણિવધ, મૃષાવાદ, અદત્ત, પરસ્ત્રીનિયમન, અપરિમિત ઈચ્છા, એ બધાંનું નિયમન-વિરમણ તે પાંચ અણુવ્રતો છે.***

***[૪] જે દિગ્વિરમણ, અનર્થદંડ વિરમણ અને દેશાવકાસિક એ ત્રણે ગુણવ્રતો કહેવાય છે.***

***[૫] ભોગનું પરિમાણ, સામાયિક, અતિથિસંવિભાગ, પૌષધવિધિ એ સર્વે - ચારે મળી શિક્ષાવ્રત કહેલાં છે.***

**● વિવેચન-૨ થી ૫ :-**

[૨] જેના યોગે દેશયતિ થાય છે, તે વ્રતોને દર્શાવતા કહે છે - પાંચ અણુ-લઘુવ્રતો કે બીજી વ્રતપ્રતિપત્તિયુક્ત દેશયતિ થાય છે.

[૩] પ્રાણના વધથી પ્રાણિવધ કેમકે અજીવ વધ અશક્ય છે. મૃષાવાદ ત્રણ ભેદે — મૃષા, મિથ્યા બોલવું, અનૃત્. તે દ્રવ્ય-ભાવ ભેદથી બે પ્રકારે છે. ક્રોધાદિ ભેદથી ચાર પ્રકારે છે. - x - ન આપેલ તે અદત્ત. તે સ્વામી આદિ ચાર ભેદથી છે. બીજાની સ્ત્રી કે પત્ની તે પરસ્ત્રી. પાંચમું અપરિમિત ઈચ્છા. આ બધાંથી વિરમવું. આ અણુવ્રતો.

[૪] દિશાથી વિરમવું તે દિક્વિરમણ, એ પહેલવું ગુણવ્રત. જે દિશા વ્રત સ્વીકારે, તે ત્યાંના સર્વે જીવોને અભય આપે છે, લોભસમુદ્રને ઉચ્છેદે છે. અનર્થ દંડ-નિષ્પ્રયોજન દંડ, જીવો જેનાથી દંડાય છે તે, તેનાથી જે વિરમવું તે, બીજું ગુણવ્રત. ત્રીજું દિશાનો અવકાશ પ્રતિ દિનમાને થવું તે દેશાવકાશિક. તેનાથી વિરમવું તે.



મૂલક્રમમાં તેને બીજું શિક્ષાવ્રત કહેલ છે. *[જો કે તત્ત્વાર્થ સૂત્રકારે આ જ ગુણવ્રતાદિ પરિપાટીક્રમ સ્વીકારેલ છે. અહીં પયન્નામાં પણ ગુણવ્રત અને શિક્ષાવ્રતના ક્રમમાં પ્રસિદ્ધ ક્રમ કરતાં ભેદ છે, માટે અવશ્ય આવી કોઈ - પરિપાટી હોય જ, આવશ્યક ચૂર્ણિમાં પણ આવો ઉલ્લેખ મળે છે.]*

બધાં વ્રતનો સંક્ષેપ હોવાથી અન્ય આચાર્યો દેશાવકાસિકને બધાં વ્રતમાં ગુણકારીપણાથી તેને ગુણવ્રત કહે છે.

[૫] એકવાર ભોગવાય તે ભોગ, વારંવાર ભોગવાય તે પરિભોગ, તેનું પ્રમાણ કરવું તે પહેલું શિક્ષાવ્રત અહીં પ્રસિદ્ધ ક્રમમાં ભિન્નતા છે - x - ધર્મની પુષ્ટિ આપે તે પૌષધ. સમનો આય તે સામાયિક. અતિથિનો સંવિભાગ, તે અતિથિ સંવિભાગ.

**● સૂત્ર-૬ થી ૯ :-**

***[૬] ઉતાવળું મરણ થવાથી, જીવિતની આશા ન તુટવાથી, સ્વજનોએ રજા ન આપવાથી, છેવટની સંલેખના કર્યા વિના...***

***[૭] શલ્યરહિત થઈ, પાપ આલોવી, પોતાના ઘેર, સંથારે આરૂઢ થઈને જો દેશ વિરત થઈ મરે તો તે બાલપંડિતમરણ છે.***

***[૮] જે વિધિ ભક્તપરિજ્ઞા વિશે વિસ્તારથી બતાવેલો છે, તે નક્કી બાલપંડિતમરણને વિશે યથાયોગ્ય જાણવો.***

***[૯] કલ્પોપન્ન વૈમાનિકને વિશે નિયમથી તેની ઉત્પત્તિ થાય છે, નિશ્ચે કરીને તે સાતમા ભવે સિદ્ધ થાય છે.***

**● વિવેચન-૬ થી ૯ :-**

[૬] आसुक्कार - શીઘ્રકરણ, અવિચારેલ ક્રમે અથવા ક્રમથી જ મરણકાળ આવે ઈત્યાદિ, ત્યારે અંતિમકાળનું કર્તવ્ય સમજી સંલેખના તપ વડે શરીરનું શોષણ કૃત્ય ન કરવું.

[૭] તે ઘેર કઈ રીતે મરે ? ગુરુ પાસે આલોચના કરી, આપેલ પ્રાયશ્ચિત્ત સ્વીકારી, ભાવશલ્યથી મુક્ત થઈ, પોતાના ઘેર જ સંથારો સ્વીકારી, અનશન કાળે દર્ભ ઉપર સંથારીને મરે.

[૮] ભક્તપરિજ્ઞા અધ્યયનમાં જે શ્રાવકની અનશન સ્વીકાર વિધિ કહી, તે જ આ અધ્યયનમાં યથાવિધિ જાણવી.

[૯] વૈમાનિકો, જ્યોતિષ્કો પણ હોય, તેથી તેના વિચ્છેદ માટે કલ્પોપન્ન કહ્યું. શ્રાવક કલ્પાતીતમાં ન જાય.

**● સૂત્ર-૧૦ :-**

***અરિહંત શાસનમાં આ બાલપંડિતમરણ કહેલ છે. હવે હું પંડિત મરણને સંક્ષેપમાં કહીશ.***

**● વિવેચન-૧૦ :-**

પછી પંડિત પંડિત મરણ - સાધુ મરણ કહીશ. - x - શિષ્ય ગુરુને વિજ્ઞપ્તિ કરતો કહે છે કે —

● **સૂત્ર-૧૧ :-**

*હું ઉત્તમાર્થને - અશન કરવાને ઈચ્છું છું. હું ભુતકાળના, ભાવિમાં થનારા અને વર્તમાન પાપ વ્યાપારને પ્રતિક્રમુ છું. કરેલા, કરાવેલા અને અનુમોદિત પાપને પ્રતિક્રમુ છું. મિથ્યાત્વ, અસંયમ કષાય અને પાપપ્રયોગને પ્રતિક્રમું છું.*

*મિથ્યાદર્શનના પરિણામને વિશે, આલોક કે પરલોકને વિશે, આલોક કે પરલોકને વિશે, સચિત્ત કે અચિતને વિશે, પાંચ ઈન્દ્રિયોના વિષયમાં —*

*— અજ્ઞાન, અનાચાર, કુદર્શન, કોહ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ઈચ્છા, મિથ્યા, મૂર્છા, શંકા, કાંક્ષા, ગૃદ્ધિ કે ગૃહ, આશંસા, તૃષ્ણા, ક્ષુધા, પંથ, પંથાન, નિદ્રા, નિયાણુ, સ્નેહ, કામ, કલુષતા, કલહ, યુદ્ધ, નિયુદ્ધ, સંગ, સંગ્રહ, વ્યવહાર, કય-વિક્રય, અનર્થદંડ, આભોગ, અનાભોગ, ઋણ, વેર, વિતર્ક, હિંસા, હાસ્ય, પ્રહાસ્ય, પ્રદ્વેષ, પરુષ, ભય, રૂપ, આત્મપ્રશંસા, પરિનંદા, પરગર્હા, પરિગ્રહ, પરપરિવાદ, પરદૂષણ, આરંભ, સંરંભ, પાપાનુમોદન, અધિકરણ, અસમાધિમરણ, ગાઢ કર્મોદય, ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ, અવિરતિ, અમુક્તિમરણ...*

*ઉક્ત બધું ચિંતવતા... દિવસ કે રાત્રિ સંબંધી, સુતા કે જાગતાં ઉત્તમાર્થના વિષયમાં કંઈ પણ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર થયા હોય તેનું મિચ્છામિદુક્કમ્.*

● **વિવેચન-૧૧ :-**

હું અભિલાષા કરું છું. ગુરુને વિજ્ઞપ્તિ કરે છે. હું અનશન સ્વીકારવા ઈચ્છું છું. સામાન્ય પાપોથી નિવર્તી, સર્વ સન્માર્ગ સ્વીકારી, સામાન્યથી પ્રતિક્રમણ ભણવા છતાં વિશેષથી ત્રિકાળ વિષયક પણ કહે છે. તે અતિતાદિ ત્રણ કાળથી, કરવા આદિ ત્રણ, મિથ્યાત્વ - આભિગ્રહિકાદિ પાંચ પ્રકારે છે. અસંયમ અનેકવિધ છે. કષાય ચાર પ્રકારે, પાપપ્રયોગ ત્રણ ભેદે, પાંચ ઈન્દ્રિયોમાં અનુરાગ કે વિરાગાદિ કર્યો. અહીં સૂત્રમાં ૬૨-વિષયનું મિથ્યાદુષ્કૃત્ આપેલ છે. તેમાં કેટલાંક શબ્દોની વ્યાખ્યા અહીં નોંધેલ છે —

સ્વ ઉત્કર્ષ તે માન, બીજાને છેતરવા તે માયા, અત્યંગ રાગથી જે અભિષ્વંગ - આસક્તિ, તે મૂર્છા, સંશય કરવો તે શંકા, બીજા-બીજાના દર્શન ગ્રહણની ઈચ્છા તે કાંક્ષા, ભુખ-તરસથી જન્મેલ કષ્ટ વિશેષ તે, પ્રસ્થાન - અશુભમનથી ગમન અથવા મહાન્ પંથનું ધ્યાન. સ્વર્ગાદિની પ્રાર્થના તે નિયાણું, સ્નેહ તે મોહોદય જન્ય, કામ-વિષયાભિલાષ, કલહ-રાડો પાડવી, યુદ્ધ - પરસ્પર પ્રાણ લેવાના અધ્યવસાય, નિયુદ્ધ - અધમ યુદ્ધ છોડવું અને દૃષ્ટિ આદિ યુદ્ધ કરવું તે. તજેલાનો જે ફરી સંયોગ તે સંગ. કયવિક્રય - લાભને માટે અલ્પમૂલ્યથી બહુમૂલ્ય વસ્તુનું ગ્રહણ.

અનર્થદંડ-નિષ્પ્રયોજન પ્રાણીઘાત, આભોગ - જ્ઞાનોપયોગ સહ, અનાભોગ - અત્યંત વિસ્મૃતિ, અણ-ઋણ, હિંસા-મહિષ આદિ જીવને મારવા, હાસ્ય - બીજાની મજાક, પ્રહાસ - ઉપહાસ, પ્રદ્વેષ - પ્રકુષ્ટ દ્વેષ. ફરુસ-નિષ્ઠુર, ભય-મોહાંતર્ગત્ કર્મ





પ્રકૃતિ, પરગર્હા-બીજાના દોષોનું ઉદ્‌ઘાટન, પરિગ્રહ - બાહ્ય અભ્યંતર બે ભેદે છે તે. બીજા વિશે વિકથન તે પરપરિવાદ. બીજાએ ન કર્યા છતાં પોતાના દોષનું તેનામાં સ્થાપન તે પરદુષણ. સંરભ - વિષયાદિમાં તીવ્ર અભિલાષ અધિકરણ - આત્માને દુર્ગતિમાં નાંખે તે, કર્મોપાદાન હેતુ. ઋદ્ધિ-રાજ્ય ઐશ્વર્યાદિની પ્રાપ્તિ. - x - x -

કઈ અવસ્થામાં ઉક્ત અતિચારાદિ થયા ? સુતા કે જાગતાં, કઈ રીતે ? બહુ કે અલ્પ, દૈવસિક કે રાત્રિક. તે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચારનું મિચ્છામિદુક્કડમ્.

● **સૂત્ર-૧૨,૧૩ :-**

*[૧૨] જિનવરવૃષભ વર્દ્ધમાન સ્વામીને તથા ગણદર સહિત બાકીના બધાં તીર્થંકરોને હું નમસ્કાર કરું છું.*

*[૧૩] સર્વ પ્રાણારંભ, અસત્ય વચન, સર્વ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના હવે પચ્ચક્ખાણ કરું છું.*

● **વિવેચન-૧૨,૧૩ :-**

હવે હું સર્વ સંઘને પ્રત્યક્ષ કરીને, સામાન્ય કેવલીઓમાં શ્રેષ્ઠ એવા વર્ધમાન નામક, તથા બીજા પણ ઋષભાદિ જિનો, ગણધરો, નિજ-નિજ સંઘ સમેત એવા તેમને નમસ્કાર કરું છું.

● **સૂત્ર-૧૪ થી ૧૮ :-**

*[૧૪] મારે બધાં પ્રાણીઓ સમાન છે, મારે કોઈ સાથે વૈર નથી, વાંછાઓનો ત્યાગ કરીને હું સમાધિ રાખું છું.*

*[૧૫] બધાં પ્રકારની આહાર વિધિનો, સંજ્ઞા-ગારવ અને કષાયોનો અને સર્વે મમતાનો ત્યાગ કરું છું, બધાંને ખમાવું છું.*

*[૧૬] જો મારા જીવિતનો ઉપક્રમ આ અવસરમાં હોય તો આ પચ્ચક્ખાણ અને વિસ્તારવાળી આરાધના મને થાઓ.*

*[૧૭] સર્વ દુઃખ ક્ષય થયાં છે, જેમનાં એવો સિદ્ધો, અરહંતોને નમસ્કાર થાઓ. જિનેશ્વરોએ કહેલ તત્ત્વ સદ્દહું છું, પાપોને પચ્ચક્ખું છું.*

*[૧૮] જેમના પાપો ક્ષય થયા છે, એવા સિદ્ધો અને મહર્ષિને નમસ્કાર થાઓ. જે રીતે કેવળીએ બતાવ્યો, તે રીતે સંથારો સ્વીકારીશ.*

● **વિવેચન-૧૪ થી ૧૮ :-**

[૧૪] સમનો ભાવ તે સામ્ય-સમતા મને બધાં જીવો પ્રતિ છે, વૈર વિરોધ કોઈ સાથે નથી. સમાધિ-મન સ્વાસ્થ્ય.

[૧૫] ચર્તુવિધ આહાર વિધિ હું ત્યજુ છું. ચાર સંજ્ઞા અથવા દશવિધ સંજ્ઞા, ત્રણ પ્રકારે ગૌરવ, ૧૬-કષાય, મૂર્છાને તજું યું.

[૧૬] જો મારું જીવન ટુટે તો, મને પ્રત્યાખ્યાનાદિનો હેતુ થાઓ.

[૧૭] અહીં સાકાર પ્રત્યાખ્યાન કહેલ છે. હવે પંડિત ક્ષપક જે ભક્ત પ્રત્યાખ્યાન કરે છે, તે કહે છે —

[૧૮] જેમના પાપ - આઠ પ્રકારના કર્મ ગયેલા છે, તેને નમસ્કાર. તે સિદ્ધ, તીર્થંકર, ગણધર, મહર્ષિને નમસ્કાર. સંસ્તારક વિધિથી કરાતું અનશન જે રીતે કેવલીએ કહ્યું, તેમ હું સ્વીકારું છું.

**● સૂત્ર-૧૯ થી ૨૪ :-**

*[૧૯] જે કંઈપણ ખોટું આચરેલ હોય, તે બધું હું ત્રિવિધે વોસિરાવું છું. સર્વ આગાર રહિત હું ત્રણ ભેદે સામાયિક કરું છું.*

*[૨૦] બાહ્ય-અભ્યંતર ઉપધિ, ભોજન સહિત શરીરાદિ, એ સર્વને ભાવથી, મન-વચન-કાયાથી વોસિરાવું છું.*

*[૨૧] સર્વ પ્રાણારંભને, અસત્ય વચનને, સર્વ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહને હું પચ્ચક્ખું છું.*

*[૨૨] મારે સર્વ પ્રાણી સાથે મૈત્રી છે૰ આદિ ગાથા-૧૪વત્.*

*[૨૩] રાગ, બંધ, પ્રદ્વેષ, હર્ષ, દીનભાવ, ઉત્સુકતા, ભય, શોક, રતિ અને અરતિને હું વોસિરાવું છું.*

*[૨૪] નિર્મમત્વમાં ઉપસ્થિત એવો હું મમત્વનો ત્યાગ કરું છું, મારે આત્મા આલંબન છે, બાકી બધું હું વોસિરાવું છું.*

**● વિવેચન-૧૯ થી ૨૪ :-**

તે સાધક સંથારો સ્વીકારીને શું કરે ? જે કંઈ અકૃત્ય - સાધુએ ન સેવવા યોગ્ય હોય, તેનો ત્યાગ કરું છું. સમ - જ્ઞાનાદિ, તેનો આય - લાભ તે સમાય. તે જ્ઞાન, શ્રદ્ધા, ક્રિયારૂપ ત્રણ ભેદે છે.

બાહ્ય ઉપધિ - પાત્રાદિ, અભ્યંતર - કષાયાદિ લક્ષણ બંધ. પ્રદ્વેષ-મત્સર, - x - મારો આત્મા જ આરાધનાનો હેતુ છે. બાકી બધું શરીર અને પથ્યાદિનો ત્યાગ કરું છું.

**● સૂત્ર-૨૫ થી ૨૯ :-**

*[૨૫] મને જ્ઞાનમાં આત્મા, દર્શનમાં આત્મા, ચારિત્રમાં આત્મા, પચ્ચક્ખાણમાં આત્મા, સંયમ-યોગમાં પણ આત્મા થાઓ.*

*[૨૬] જીવ એકલો જાય છે, એકલો જ ઉપજે છે, એકલાને જ મરણ થાય છે અને કર્મ રહિત એકલો જ સિદ્ધ થાય છે.*

*[૨૭] જ્ઞાન-દર્શન સહિત મારો આત્મા જ શાશ્વત છે, બાકીના બધાં બાહ્ય ભાવો મારે સંબંધ માત્ર સ્વરૂપવાળા છે.*

*[૨૮] જેનું મૂળ સંયોગ - સંબંધ છે એવી દુઃખની પરંપરા આ જીવે પ્રાપ્ત કરી છે, તે સર્વે સંયોગ સંબંધને સર્વ ભાવથી - મન વચન કાયાથી હું વોસિરાવું છું.*

*[૨૯] પ્રમાદ વડે જે મૂળગુણ અને ઉત્તરગુણ મેં આરાધ્યા નહીં, તે સર્વેને હું નિંદુ છું, ભાવિ વિરાધનાને પ્રતિક્રમુ છું.*

**● વિવેચન-૨૫ થી ૨૯ :-**

મારા જ્ઞાન વિષયમાં આત્મા સ્પષ્ટ્ આલંબન થાઓ. તે રીતે દર્શનાદિમાં પણ



થાઓ. સર્વવિરતિરૂપ સંયમ અને પ્રશસ્ત ત્રણ યોગમાં મારે આત્મા જ આલંબન છે.

મૂલગુણ - પ્રાણાતિપાતાદિ, ઉત્તરગુણ - પિંડ વિશુદ્ધ્યાદિ, જે મેં આરાધેલ નથી, પ્રમાદથી સમ્યક્ પરિપાલના કરી નથી, તે બધાંની હું સર્વથા નિંદા કરું છું. આગામી વિરાધનાને પચ્ચકખું છું.

**● સૂત્ર-૩૦ થી ૩૫ :-**

*[૩૦] સાત ભય, આઠ મદ, ચાર સંજ્ઞા, ત્રણ ગારવ, તેત્રીશ આશાતના, રાગ-દ્વેષની ગર્હા કરું છું.*

*[૩૧] અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ તથા જીવ અને અજીવમાં સર્વ મમત્વને હું નિંદુ છું - ગર્હા કરું છું.*

*[૩૨] નિંદવા યોગ્યને હું નિંદુ છું અને મને જે ગર્હવા યોગ્ય છે, તેની ગર્હા કરું છું. સર્વ બાહ્ય-અભ્યંતર ઉપધિ આલોચું છું.*

*[૩૩] જેમ બોલતો એવો બાળક કાર્ય-અકાર્યને સરળપણે ભણે છે, તેમ તે માયામૃષાવાદને મૂકીને પાપને આલોવે.*

*[૩૪] જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એ ચારેમાં અકંપ, ધીર, આગમ કુશલ, રહસ્યો ન કહેનાર [ગુરુ પાસે આલોચના કરવી.]*

*[૩૫] રાગ કે દ્વેષથી, અકૃતજ્ઞતા કે પ્રમાદથી, હે પૂજ્ય ! મેં જે કંઈ પણ અયુક્ત કહ્યું હોય, તેને હું ત્રિવિધે ખમાવું છું.*

**● વિવેચન-૩૦ થી ૩૫ :-**

૦ આઠ મદ-જાત્યાદિ, આહારાદિ ચાર સંજ્ઞા, ગારવ-ઋદ્ધ્યાદિ ત્રણ... ૦ અસંયમ વિરાધના એક ભેદે છે, અજ્ઞાન અને મૂઢતાથી એક ભેદ જ થાય. વિપર્યયપણું તે મિથ્યાત્વ, તે પણ એક ભેદે... ૦ અસંયમકરણાદિની નિંદા, પિંડગ્રહણાદિની ગર્હા, આલોચવું - ગુરુ પાસે નિવેદન કરવું, માયાદિ અભ્યંતર ઉપધિ છે. પ્રાણાતિપાત વિષયક તે બાહ્ય ઉપધિ છે... ૦ આલોચના કઈ રીતે કરવી ?

જેમ બાળક કાર્ય-અકાર્યનો વિચાર કર્યા વિના બોલે છે કે નથી બોલતો, તે પોતાની માતાને સરળતાથી કહે છે, ત્યારે આ લજ્જા વાળું છે તેમ વિચારતો નથી, તેવી રીતે ગુરુ પાસે આલોચના કરવી. પણ માયા, પ્રચ્છાદનરૂપ મૃષા કે અન્યથા કથનનો ત્યાગ કરે.

૦ જ્ઞાન પાંચ પ્રકારે, દર્શન - ક્ષાયોપશમિક, તપ-બાર ભેદે, ચારિત્ર-સામાયિકાદિ, ધૈર્ય રાખે તે ધીર, રહસ્ય ગોપવે તેવા આલોચક પાસે આલોચવું... ૦ રાગ - અતિ પ્રેમવશ, પ્રમાદ - સ્ખલના આદિ, કંઈપણ રૂપે મેં અસત્ય કહ્યું, તેની ત્રિવિધે ક્ષમા યાચું છું.

**● સૂત્ર-૩૬ થી ૩૮ :-**

*[૩૬] મરણ ત્રણ પ્રકારે કહેલ છે — બાળમરણ, બાલ-પંડિત મરણ, પંડિત મરણ કે જે મરણે કેવળી મરે છે.*

*[૩૭] વળી જે આઠ મદવાળા, વિનષ્ટ બુદ્ધિવાળા અને વક્રભાવવાળા*

***અસમાધિએ મરે છે, તેઓ નિશ્ચે આરાધક નથી.***

***[૩૮] મરણ વિરાધતા દેવમાં દુર્ગતિ થાય, સમ્યકત્વ પામવું દુર્લભ થાય અને આગામી કાળે અનંતો સંસાર થાય.***

**● વિવેચન-૩૬ થી ૩૮ :-**

૦ બાળ ત્રણ પ્રકારે – અજ્ઞાન, અવિવેક, વિકલત્વ. તે અસંયત અવિરત સમ્યક્દૃષ્ટિ પર્યાય હોય, દેશ વિરતિથી બાલ પંડિત, વિજ્ઞાન યુક્તત્વથી પંડિત હોય. તેઓ પાદપોપગમન કરે છે... ૦ જો સમાધિ મરણે ન મરે, તો અસમાધિમરણમાં દોષો દર્શાવતા કહે છે – જેઓ આઠ મદવાળા છે, વિષયકષાયાદિથી ચલિત છે, સન્માર્ગથી ભ્રષ્ટ બુદ્ધિવાળા છે, વક્ર છે, તે અસમાધિથી અચિત્ત અસ્વાસ્થ્યરૂપે મરે છે... ૦ મરણ વિરાધતા નિદાનાદિથી દુર્ગતિ થાય. તેમને બોધ દુર્લભ કે દુષ્પ્રાપ્ય થાય. અનંત પુદ્ગલ પરાવર્ત પરિભ્રમણરૂપ સંસાર થાય છે.

**● સૂત્ર-૩૯ થી ૪૬ :-**

***[૩૯] દેવની દુર્ગતિ કઈ ? અબોધિ શું ? શા હેતુથી મરણ થાય ? કયા કારણે જીવો અનંત-અપાર સંસાર ભમે ?***

***[૪૦] મરણ વિરાધતા કંદર્પ-કિલ્બિષિક-આભિયોગિક-આસુરી અને સંમોહા દેવ થાય. તે દેવદુર્ગતિ થાય... [૪૧] અહીં મિથ્યાદર્શન-રત, નિયાણાપૂર્વક, કૃષ્ણલેશ્યાવાળા જે જીવો મરણ પામે, તેઓને બોધિ દુર્લભ થાય... [૪૨] સમ્યગ્દર્શનરત, નિયાણારહિત, શુક્લ લેશ્યાવાળા જીવો જે અહીં મરે, તેમને બોધિ સુલભ થાય.***

***[૪૩] વળી જે ગુરુપ્રત્યનિક, બહુ મોહવાળા, શબલ દોષયુક્ત, કુશીલ, અસમાધિથી મરે તેઓ અનંત સંસારી થાય... [૪૪] જિનવચને અનુરક્ત, ભાવથી ગુરુનું વચન આદરે, શબલ દોષરહિત, અસંક્લિષ્ટ હોય, તે પરિત્ત સંસારી થાય... [૪૫] જેઓ જિનવચનને જાણતા નથી, તે બિચારા બાળમરણે અને ઘણીવાર ઈચ્છારહિતપણે મરશે... [૪૬] શસ્ત્રગ્રહણ, વિષભક્ષણ, બળી મરવું, ડૂબી મરવું, અનાચાર અને અધિક ભાંડ સેવીઓ જન્મમરણની પરંપરા વધારે છે.***

**● વિવેચન-૩૯ થી ૪૬ :-**

[૩૯] અહીં શિષ્યના પ્રશ્નો મૂકેલ છે, હવે તેનો ઉત્તર કહે છે – [૪૦] કંદર્પ યુક્ત હાસ્ય તે કંદર્પકરણ, તે દેવો - કંદર્પ દેવો. કિલ્બિષ-જ્ઞાનાજિ આષાચનાતાકી ચેના ઓદછી જેવો રણ કિલ્બિષિક દેવો છે. અભિયોગરૂપ દુર્ગતિવાળા તે આભિયોગિક દેવો. ચંડ-કોપથી વિચરે તે અસુર દેવો, ઉન્માર્ગ દર્શનાદિથી મોહિત, તે સંમોહા, આવી દુર્ગતિ.

[૪૧] હવે અબોધિ શું ? તેનો ઉત્તર - વિપરીત દર્શન તે મિથ્યાત્વ, તેમાં રક્ત. દેવત્વની પ્રાર્થનાદિરૂપ તે નિદાન. લેશ્યા-જીવ પરિણામ. [૪૨] અહીં સુલભબોધિત્વ કહે છે – તે સમ્યક્ દર્શન રક્તતા. [૪૩] હવે અનંત-અપાર સંસારનું કારણ પૂછે



છે ? ગુરુ આશાતના, ૩૦ મોહનીય સ્થાનવર્તી બહુમોહવાળા, ૨૧-શબલ દોષયુક્ત તે કુશીલ.

[૪૪] જિન વચન વાસિત મનવાળા, ગુરુ વચન-ધર્માચાર્યનો ઉપદેશ, [૪૫] જે બિચારા જિનવચન જાણતા નથી, તે બાળ મરણે અને શસ્ત્રગ્રહણાદિથી વારંવાર મરે છે. ઈત્યાદિ સૂત્રાર્થવત્. [૪૬] મસ્તકે પત્થર બાંધી પડવું, તાલપુટાદિ વિષ ખાવું, પંચાગ્નિ તપ, પાણીમાં નિમજ્જન, અન્ય પણ બંધનાદિથી મરવું તે બાળમરણ.

**● સૂત્ર-૪૭ થી ૫૨ :-**

***[૪૭] ઉર્ધ્વ, અધો, તીર્છાલોકમાં જીવે બાળમરણો કર્યા. હવે દર્શન, જ્ઞાને સહિત એવો હું પંડિત મરણે મરીશ.***

***[૪૮] ઉદ્વેગ કરનારા જન્મ, મરણ, નરકની વેદનાઓને સંભારતો હમણાં પંડિત મરણે મર.***

***[૪૯] જો દુઃખ ઉત્પન્ન થાય તો સ્વભાવ થકી તેની વિશેષ ઉત્પત્તિ જોવી, સંસારમાં ભમતાં હું શું શું દુઃખ પામ્યો નથી ?***

***[૫૦] મેં સંસાર ચક્રમાં બધાં પણ પુદ્ગલો ઘણી વખત ખાધા અને પરિણમાવ્યા, તો પણ હું તૃપ્તિ પામ્યો નહીં.***

***[૫૧] તરણાં અને લાકડાથી જેમ અગ્નિ, હજારો નદીથી જેમ લવણ સમુદ્ર તૃપ્તિ ન પામે, તેમ કામભોગોથી આ જીવ તૃપ્તિ ન પામે.***

***[૫૨] આહારના કારણે મત્સ્યો સાતમી નરકભૂમિમાં જાય છે, માટે સચિત્ત આહાર મનથી પણ પ્રાર્થવા યોગ્ય નથી.***

**● વિવેચન-૪૭ થી ૫૨ :-**

[૪૭] ઉર્ધ્વલોક, અધોગ્રામાદિ અધોલોક, તીર્છાલોકમાં ૧૮૦૦ યોજનામાં મર્યો. - x - [૪૮] ભયાનક ઉદ્વેગકારી જન્મ-મરણ-સંસારમાં ભમતાં૦ - x - [૪૯] જ્યારે દુઃખ કે કષ્ટ ઉત્પન્ન થાય - x - ત્યારે આત્મા જ તેનો હેતુ છે, તેમ વિચાર. અથવા આ દુઃખ કેટલું માત્ર છે ? પૂર્વે પણ મેં દુઃખ પરંપરા ભોગવી છે. - x - પણ તે અકામનિર્જરાથી સહન કર્યુ, તેથી અલ્પ ફળ પામે છે. અર્થાત્ અનંતગુણ નિર્જરાલાભના હેતુપણાથી તે દુઃખ સમ્યક્ સહન કરવું જોઈએ. - x -

[૫૦] ભવચક્રમાં ભમતા મેં બધાં પણ પુદ્ગલો, સમગ્ર પુદ્ગલાસ્તિકાય અનેકવાર આહારાર્થે ગ્રહણ કર્યા - પરિણમાવ્યા, પણ મને સંતોષ ન થયો. [૫૧] કયા દૃષ્ટાંતથી ? તૃણાદિ૦ - x - કામ-શબ્દ, રૂપ, ગંધ અને ભોગ - રસ, સ્પર્શ. [૫૨] તેમાં ગૃદ્ધ થયેલના દોષોને કહે છે - આહારના હેતુથી મત્સ્ય સાતમી નરકે જાય છે. - x -

**● સૂત્ર-૫૩ થી ૫૮ :-**

***[૫૩] પૂર્વે અભ્યાસ કરેલ અને નિયાણારહિત એવો હું મતિ-બુદ્ધિથી વિચારીને, પછી કષાય રોકનારો જલ્દી મરણ પામીશ.***

***[૫૪] ચિરકાળના અભ્યાસ વિના, અકાળે અનશન કરનારા તે પુરુષો મરણકાળે પૂર્વકૃત્ કર્મના યોગે પાછા પડે છે.***

*[૫૫] તેથી ચંદ્રકવેધ્ય પુરુષવત્ હેતુપૂર્વક ઉધમવાળા પુરુષોએ મોક્ષમાર્ગ સાધવા પોતાનો આત્મા ગુણયુક્ત કરવો.*

*[૫૬] તે અવસરે બાહ્ય વ્યાપારરહિત, અભ્યંતર ધ્યાનમાં લીન, સાવધાન મનવાળો દેહનો ત્યાગ કરે.*

*[૫૭] રાગદ્વેષને હણીને, આઠ કર્મનો સંઘાત છેદીને, જન્મ અને મરણરૂપ અરહટ્ટને ભેદીને તું સંસારથી મુકાઈશ.*

*[૫૮] એ પ્રમાણે ત્રસ અને સ્થાવરને કલ્યાણ કરનાર, મોક્ષ માર્ગનો પાર પમાડનાર, જિનોપદિષ્ટ સર્વોપદેશ ત્રિવિધે સદ્દહું છું.*

**● વિવેચન-૫૩ થી ૫૮ :-**

[૫૩] વિષયના વિપાકને જાણીને અને ગુરુપદેશથી ભાવિત ક્ષપક-શિષ્ય જે કહે છે તે — કૃત પરિકર્મા એટલે ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય અર્થાત્ ૧૨-વર્ષ, ૧૨-માસ, ૧૨-પક્ષ સંલેખના કરીને, નિયાણા રહિત, ઈહાપોહથી વિચારીને તત્કાલોત્પન્ન બુદ્ધિથી૦ - x -

[૫૪] હવે જે અપ્રશસ્ત પરિકર્મવાન્ થઈ સ્વીકારે, તેમનો અપાય કહે છે — અક્કંડ - અપ્રશસ્ત, લાંબાકાળથી ભાવિત - x - પરિકર્મિત આત્મા પતન પામે છે, નિદાન કરે છે, દુર્ગતિ પામે છે.

[૫૫] જો પ્રસ્તાવકારી અને અભ્યાસ કરેલને દોષ થાય તો શું કરવું, તેનો ગુરુ ઉપદેશ કહે છે — ચંદ્રવેધ્યકવત્ :- ડાબે જમણે આવર્તમાં ભમતાં આઠ ચક્રોની મધ્યે નીકળેલ ઉર્ધ્વમુખ બાણ પ્રયોગથી જમીન ઉપર કુંડિકામાં તૈલમાં પ્રતિબિંબ પડતું હોય તે અધોમુખશખી જોઈને ઉપરની પુત્તલિકાનું ડાબું નેત્ર વિંધવું તે રાધાવેધ. પુરુષે ઉધમપૂર્વક સાધવું. તેમ તું ચંદ્રવેધ્યક અનશનની સાધના કર. કઈ રીતે ? જ્ઞાન, દર્શન, ચારિત્રગુણને ન છોડીને૦

[૫૬] મોક્ષમાર્ગમાં જીવે શું કરવું જોઈએ, તે કહે છે :- બાહ્ય સંબંધ - ગચ્છ ઉપકરણાદિથી રહિત, અભ્યંતર ધ્યાન યોગ - જિન સાધુ ગુણ કિર્તન રૂપ. તેમાં સાવધાન થઈ શરીરનો ત્યાગ કરે.

[૫૭] એવા દેહત્યાગીને શું થાય ? આઠ કર્મોની સાંકળ ભેદીને, જન્મ-મરણની રેંટમાં રહેલાં જીવો કર્મરાશિથી બંધાઈને બળદની જેમ સતત ભ્રમણ કરે છે. તેમાં જે પ્રમાદી થઈ ભમે છે તે ઘણાં દુઃખોને સહન કરે છે. જે અપ્રમત્ત રહે છે, તે યાવત્ મોક્ષકર સુગતિ પામે.

[૫૮] એ પ્રમાણે ગુરુએ ઉપકાર કરેલ શિષ્ય કહે છે — આ સર્વ ઉપદેશ જિનોક્ત છે, તેવી શ્રદ્ધા કરું છું. ત્રિવિધ — મન, વચન, કાયાથી૦

**● સૂત્ર-૫૯ થી ૬૨ :-**

*[૫૯] તે મરણ અવસરે અતિ સમર્થ ચિત્તવાળા પણ બાર અંગરૂપ શ્રુતસ્કંધનું ચિંતવન કરવાનું શક્ય નથી.*

*[૬૦] વીતરાગના માર્ગમાં જે એક પણ પદથી મનુષ્ય વારંવાર વૈરાગ્ય*



*પામે છે, તે પદચિંતવનથી તારે મરવું જોઈએ.*

*[૬૧] તે માટે મરણના અવસરમાં આરાધનાના ઉપયોગવાળો જે પુરુષ એક પણ શ્લોક ચિંતવતો રહે તે આરાધક થાય છે.*

*[૬૨] આરાધનાના ઉપયોગવાળો, સુવિહિત આત્મા સારી રીતે મૃત્યુ પામી ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મોક્ષ પામે છે.*

**● વિવેચન-૫૯ થી ૬૨ :-**

[૫૯] અવિરહિતગુણ શ્રુતના ચિંતનથી થાય છે, તે કહે છે — મરણના દેશકાળ પર્યન્ત સમયમાં શિથિલ થવાથી, જિહ્વા બળ સ્ખલના પામે છે, શ્રુતશક્તિ ઘટે છે, બાર અંગ શ્રુત ચિંતવી ન શકે.

[૬૦] એક જ પદ સ્થાનમાં એક ગાથા-એક પદરૂપે ભણતાં વીતરાગના માર્ગમાં મોક્ષાભિલાષ પ્રાપ્ત થાય છે, તે પદથી મરવું.

[૬૧] તેથી એક જ શ્લોક પરમેષ્ઠિ નમસ્કાર સ્મરણરૂપને જે પુરુષ મરણકાળે આરાધના ઉપયુક્ત થઈ ચિંતવે તો આરાધક થાય.

[૬૨] આરાધકનું ફળ - સુવિહિત સુસાધુ ઉત્કૃષ્ટ અતિશયી સમ્યક્ આરાધના કરીને ત્રણ ભવમાં નિર્વાણ સુખ પામે.

**● સૂત્ર-૬૩ :-**

*પહેલાં તો હું સાધુ છું, બીજું સર્વ પદાર્થોમાં સંયમવાળો છું, તેથી બધું વોસિરાવું છું, આટલું સંક્ષેપથી કહ્યું છે.*

**● વિવેચન-૬૩ :-**

એમ આરાધનાના ફળને જાણીને બધું વોસિરાવે, તે કહે છે — પહેલાં હું શ્રમણ છું - મહાવ્રત અંગીકાર કરેલ છું. સર્વત્ર સમિત અને ગુપ્તિથી સંયત છું. તો આહારના અભિલાષથી પ્રતિબંધ શું ? તેથી હું બધું જ વોસિરાવું છું, તેમ સંક્ષેપથી કહ્યું.

**● સૂત્ર-૬૪ થી ૬૬ :-**

*[૬૪] જિનવચન સુભાષિત અમૃતરૂપ અને પૂર્વે નહીં પામેલ એવું આત્મતત્ત્વ પામીને સુગતિમાર્ગ ગ્રહ્યો છે, હું મરણથી બીતો નથી.*

*[૬૫] ધીરપુરુષે પણ મરવું પડે છે, કાયરપુરુષ પણ મરવું પડે છે. બંનેએ નિશ્ચયે મરવાનું છે, તો ધીરપણે મરવું સુંદર છે.*

*[૬૬] શીલવાળાએ પણ મરવું પડે, શીલ વગરનાએ પણ મરવું પડે, બંનેએ નિશ્ચે મરવાનું છે, તો શીલપણે મરવું સુંદર છે.*

**● વિવેચન-૬૪ થી ૬૬ :-**

[૬૪] સાધુ ભાવના ભાવતો આમ કહે છે — પૂર્વ ભવમાં ભ્રમણ કરતાં ન પામેલ આરાધના વસ્તુ અનુભવી છે, અમતૃરૂપ - દેવના ભોજન તુલ્ય જિનવચન પામ્યો. સુગતિ માર્ગ ગ્રહણ કર્યો, પછી ભય શાનો ?

[૬૫] ધીર -સુભટ, પણ મરે, કાયર પણ મરે. બંને પ્રકારે મરવું પડે છે, તેથી

નિશ્ચયે ધીરપણે મરવું યુક્ત છે.

[૬૬] શીલ - સામાચારી લોપ્યા વિના મારી પ્રતિજ્ઞા પાળી છે. નિઃશીલ - ભ્રષ્ટ પ્રતિજ્ઞા. શેષ સૂત્રાર્થ મુજબ –

• **સૂત્ર-૬૭,૬૮ :-**

***[૬૭] જે કોઈ ચારિત્ર સહિત જ્ઞાનમાં, દર્શનમાં અને સમ્યક્ત્વમાં સાવધાનપણું કરશે, તે વિશેષે સંસાર થકી મૂકાશે.***

***[૬૮] ઘણાં કાળ સુધી બ્રહ્મચર્ય સેવનાર બાકીના કર્મનો નાશ કરીને, સર્વ ક્લેશનો નાશ કરીને અનુક્રમે શુદ્ધ થયેલો સિદ્ધિમાં જાય છે.***

• **વિવેચન-૬૭,૬૮ :-**

[૬૭] સ્થિર થયેલ ક્ષપકને ગુરુ સામાન્યોપદેશફલ સ્વરૂપ આ ગાથા કહે છે :– જ્ઞાન - વિશેષોપયોગ, દર્શન - સામાન્યોપયોગ, સમ્યક્ નિઃશંકિતાદિ અષ્ટ પ્રકાર, ચારિત્ર - સમિતિ, ગુપ્તિથી આઠ ભેદે.

[૬૮] કર્મ - જ્ઞાનાવરણાદિ, વિસુદ્ધ - કર્મમળને ધોવાથી.

• **સૂત્ર-૬૯,૭૦ :-**

***[૬૯] કષાયરહિત, દાંત, શૂર, ઉધમવંત તથા સંસારથી ભયભ્રાંત થયેલા આત્માનું પચ્ચક્ખાણ શુભ થાય છે.***

***[૭૦] આ પચ્ચક્ખાણ જે મરણના અવસરે કરશે, તે ધીર અને અમૂઢ સંજ્ઞ, શાશ્વત સ્થાને જશે.***

• **વિવેચન-૬૯,૭૦ :-**

[૬૯] દાંત - ઈન્દ્રિયદમવાથી, સૂર - મોહમલ્લના જયમાં, વ્યવસાયિત - આરાધના પતાકાના લાભ માટે પ્રવૃત્ત. સુખે અનશન સ્વીકારે.

[૭૦] આ અનશન સ્વીકારરૂપ પચ્ચક્ખાણ, બીજો કોઈ પણ મરણ કાળે કરશે તે સંપૂર્ણ જ્ઞાની ઉત્તમ સ્થાન - મોક્ષે જશે.

• **સૂત્ર-૭૧ :-**

***ધીર, જરા-મરણને જાણનાર, વીર, જ્ઞાન-દર્શન સહિત, લોકમાં ઉધોતકર, સર્વ દુઃખોનો ક્ષય બતાવનારા થાઓ.***

• **વિવેચન-૭૧ :-**

બુદ્ધિ વડે તે શોભે તે ધીર-તીર્થંકર. જરા-મરણ એટલે વૃદ્ધત્વ અને નિધનમાં જ્ઞાના. વિશિષ્ટ જ્ઞાન-કેવળજ્ઞાન. ચૌદ રાજરૂપ લોકમાં ઉધોત્ કરવાવાળા. સર્વે દુરિત-પાપ-કર્મોનો ક્ષય કરનાર.

**આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર-૨, આગમ-૨૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



# ૨૬ મહાપ્રત્યાખ્યાન-પ્રકીર્ણક સૂત્ર-૩

## મૂળ સૂત્રનો અનુવાદ

*૦ [આ સૂત્રની કોઈ વૃત્તિ કે અવચૂરી આદિ અમારી જાણમાં આવેલ નથી, તેથી અહીં માત્ર સૂત્રનો અનુવાદ કરેલ છે.]*

*૦ [સૂત્ર અને વિવેચન એવા વિભાગ ન હોવાથી અહીં અમે અમારી સ્ટાઈલ મુજબ • સૂત્ર-૧, • સૂત્ર-૨... એવું લખેલ નથી. બધાં સૂત્રો (ગાથા) જ હોવાથી માત્ર ક્રમ જ આપેલ છે – ૧, ૨... વગેરે]*

**કુલ-૧૪૨ ગાથાનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે છે –**

[૧] હવે હું ઉત્કૃષ્ટ ગતિવાળા, તીર્થંકર, સર્વ જિન, સિદ્ધ અને સંયત [સાધુ]ને પ્રણામ કરું છું.

[૨] સર્વ દુઃખરહિત એવા સિદ્ધો અને અરિહંતોને નમસ્કાર થાઓ, જિનપ્રજ્ઞપ્ત બધાંની શ્રદ્ધા કરું છું, પાપને પચ્ચક્ખુ છું.

[૩] જે કંઈ દુશ્ચરિત છે, તેને હું સર્વભાવથી નિંદુ છું, અને ત્રણ પ્રકારે હું સામાયિકને સર્વ આગારરહિત કરું છું.

[૪] બાહ્ય-અભ્યંતર ઉપધિ, ભોજન સહિત શરીરાદિને મન, વચન, કાયાથી હું ત્રિવિધે વોસિરાવું છું.

[૫] રાગ, બંધ, પ્રદ્વેષ, હર્ષ, દીનભાવ, ઉત્સુકતા, મદ, શોક, રતિ-અરતિને હું વોસિરાવું છું.

[૬] રોષથી, કદાગ્રહથી, અકૃતઘ્નતાથી, શઠતાથી જે કંઈ પણ હું બોલ્યો હોઉં, તેને હું ત્રિવિધે ખમાવું છું.

[૭] સર્વે જીવોને હું ખમાવું છું, સર્વે જીવો મને ખમો, આશ્રવોને વોસિરાવીને હું સમાધિને આદરું છું.

[૮] નિંદવા યોગ્યને નિંદુ છું, મારે જે ગર્હણીય છે, તેને ગર્હુ છું, જિનેશ્વરે જેનો નિષેધ કર્યો, તે સર્વેને આલોચુ છું.

[૯] ઉપધિ, શરીર, ચારે પ્રકારનો આહાર, સર્વ દ્રવ્યોમાં જે મમત્વ, એ બધાંને જાણીને તેનો ત્યાગ કરું છું.

[૧૦] નિર્મમત્વ વિશે ઉધમવંત એવો હું મમત્વનો ત્યાગ કરું છું, મારે આત્મા જ આલંબન છે, બાકી બધું વોસિરાવું છું.

[૧૧] મારું જ્ઞાન મારો આત્મા છે, દર્શન મારો આત્મા છે. એ રીતે ચારિત્ર, પ્રત્યાખ્યાન, સંયમ અને યોગ મારો આત્મા છે.

[૧૨] મૂલગુણ અને ઉત્તરગુણમાં જે મેં પ્રમાદથી આરાધ્યા ન હોય, તે સર્વેને હું નિંદુ છું, આગામીને પ્રતિક્રમું છું.

[૧૩] હું એકલો છું, મારું કોઈ નથી. હું પણ કોઈનો નથી. એ પ્રમાણે અદીન મનથી આત્માને અનુશાસિત કરે.

[૧૪] જીવ એકલો ઉપજે છે, જીવ એકલો જ નાશ પામે છે એકલાનું જ મરણ થાય છે, એકલો જ કર્મરજરહિત થઈ મોક્ષે જાય છે.

[૧૫] કર્મ એકલો કરે છે, તેનું ફળ પણ એકલો જ ભોગવે છે, એકલો જન્મે છે - મરે છે, પરલોકે પણ એકલો જ જાય છે.

[૧૬] જ્ઞાન-દર્શન લક્ષણવાળો એકલો મારો આત્મ શાશ્વત છે, બાકીના બધાં સંયોગરૂપ મારા બાહ્ય ભાવો છે.

[૧૭] જેનું મૂળ સંયોગ છે એવી દુઃખની પરંપરા જીવ પામ્યો તેથી સર્વે સંયોગ-સંબંધને ત્રિવિધે વોસિરાવું છું.

[૧૮] અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ, જીવ અને અજીવ વિશે જે સર્વ મમત્વ છે, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું.

[૧૯] મિથ્યાત્વને હું જાણું છું, તેથી સર્વ અસંયમ અને અસંયતને તથા સર્વ થકી મમત્વને તજું છું, સર્વને હું ખમાવું છું.

[૨૦] જે-જે સ્થાનને વિશે મારા અપરાધને જિનેશ્વરો જાણે છે, સર્વભાવથી ઉપસ્થિત થયેલો હું, તેની આલોચના કરું છું.

[૨૧] ઉત્પન્ન કે અનુત્પન્ન માયા બીજી વખત ન કરું. એ રીતે આલોચના, નિંદના, ગર્હા વડે ત્યાગ કરું છું.

[૨૨] જેમ બોલતું બાળક કાર્ય અને અકાર્ય બધું સરળપણે કહી દે, તેમ માયા અને મદરહિત સર્વ પાપ આલોચવા.

[૨૩] ઘી વડે સીંચેલ અગ્નિવત્ ઋજુ ભૂતને શુદ્ધિ થાય છે, શુદ્ધ થયેલને ધર્મ સ્થિર થાય, પરમ નિર્વાણની પ્રાપ્તિ થાય.

[૨૪] શલ્યવાળો સિદ્ધિ ન પામે, જે પાપમેલ ખરેલાના શાસનમાં કહેલ છે. સર્વશલ્ય ઉદ્ધરી, કલેશ રહિત જીવ સિદ્ધ થાય.

[૨૫] ઘણું પણ ભાવશલ્ય જે ગુરુ પાસે આલોચે છે, નિઃશલ્ય થઈ સંથારો આદરતા, તે આરાધક થાય છે.

[૨૬] અલ્પ પણ ભાવશલ્ય, જે ગુરુ પાસે આલોચતો નથી તે શ્રુત સમૃદ્ધ હોવા છતાં આરાધક થતો નથી.

[૨૭] દુષ્પ્રયુક્ત એવું શસ્ત્ર, વિષ, વૈતાલ કે દુષ્પ્રયુક્ત યંત્ર, પ્રમાદથી કોપેલ સાપ પણ તે કામ ન કરે. જે ભાવશલ્ય કરે.

[૨૮,૨૯] ઉત્તમાર્થ કાળે જે અનુદ્ધરિત ભાવશલ્ય, દુર્લભ બોધિત્વ અને અનંત સંસારીપણું કરે, તે કારણથી ગારવરહિત જીવો પુનર્ભવરૂપ લતાના મૂળ સમાન મિથ્યાદર્શન આદિ શલ્યો ઉદ્ધરે.

[૩૦] જેમ ભારવાહક ભાર ઉતારીને હળવો થાય, તેમ પાપ કરનારો માણસ ગુરુ પાસે આલોચના, નિંદાથી હળવો થાય.



[૩૧,૩૨] માર્ગવિદ્ ગુરુ તેને જે પ્રાયશ્ચિત્ત કહે છે, તે અનવસ્થાના પ્રસંગની બીકવાળાએ અનુસરવું. જે કંઈ અકાર્ય કર્યુ હોય તે છુપાવ્યા વિના દશ દોષ રહિત જેમ હોય તેમ કહેવું.

[૩૩] સર્વ પ્રાણારંભ, અસત્યવચન, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું.

[૩૪] સર્વે પણ અશનાદિ ચતુર્વિધ આહાર, જે બાહ્ય ઉપધિ અને અભ્યંતર ઉપધિ, તે સર્વેને ત્રિવિધે વોસિરાવું ચું.

[૩૫] વનમાં, દુર્ભિક્ષમાં, આતંકમાં, મોટો રોગ ઉપજતાં, જે વ્રત પાળ્યું અને ન ભાંગ્યુ, તેને શુદ્ધ પાલના જાણ.

[૩૬] રાગથી, દ્વેષથી કે પરિણામથી જે પચ્ચક્કાણ દૂષિત ન કર્યુ તેને ભાવવિશુદ્ધ પચ્ચક્ખાણ જાણવું.

[૩૭,૩૮] આ અનંત સંસારમાં નવીનવી માતાના દૂધ જીવે પીધાં, તે સમુદ્રના પાણીથી પણ વધું છે. તે-તે જાતિમાં ઘણું રૂદન કર્યુ, તે નયનોદક પણ સાગરના જળથી વધુ જાણવું.

[૩૯,૪૦] એવો કોઈ વાળના અગ્ર ભાગ જેટલો પણ પ્રદેશ નથી કે જ્યાં સંસારમાં ભમતો જીવ જન્મ્યો કે મર્યો નથી. લોકમાં ખરેખર ૮૪ લાખ યોનિ છે, તે એકૈકમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે.

[૪૧ થી ૪૪] ઉર્ધ્વ, અધો, તીર્છાલોકમાં હું ઘણાં બાળમરણ પામ્યો છું. તો તે મરણને સંભારતો હું પંડિતમરણે મરીશ... મારી મા, મારા પિતા, મારી બેન-ભાઈ-પુત્ર-પુત્રી એ બધાંને સંભારતો પંડિતમરણે મરીશ. [કેમકે] સંસારમાં ઘણી યોનિમાં વસતાં માતા, પિતા, બંધુ વડે આખો લોક ભરેલો છે, તે તારા ત્રાણ કે શરણ નથી... જીવ એકલો કર્મ કરે છે, એટલો દુષ્કૃત્‌ના વિપાકને ભોગવે છે, એકલો જ ચતુર્ગતિરૂપ જન્મ-મરણ યુક્ત ગહન વનમાં ભમે છે.

[૪૫ થી ૪૮] નરકમાં જન્મ-મરણ ઉદ્વેગકારી છે, અનેક વેદના છે... તિર્યંચગતિમાં ઉદ્વેગ કરનારા જન્મ-મરણ અને અનેક વેદના ચે... તેવું જ મનુષ્યમાં પણ છે... દેવલોકમાં જન્મ, મરણ અને ચ્યવન ઉદ્વેગકારી છે. એ બધું સંભારી પંડિત મરણે મરીશ.

[૪૯,૫૦] એક પંડિતમરણ સેંકડો જન્મોને છેદે છે, તે મરણે મરવું જે શુભ મરણ થાય... જિનપ્રજ્ઞપ્ત શુભમરણ-પંડિત મરણને શુદ્ધ અને શલ્યરહિત એવો હું પાદપોપગમે ક્યારે મરીશ ?

[૫૧ થી ૫૪] સંસારચક્રમાં મેં ચતુર્વિધ પુદ્‌ગલો બાંધ્યા, પરિણામ પ્રસંગથી આઠ પ્રકારે કર્મસઘાત કર્યો... સંસાર ચક્રવાલમાં તે સર્વે પુદ્‌ગલો મેં ઘણીવાર આહારપણે પરિણમાવ્યા, તો પણ મને તૃપ્તિ ન થઈ... આહાર નિમિત્તે હું બધાં નરકલોકમાં ઉપન્યો તેમજ સર્વે મ્લેચ્છ જાતિમાં પણ ઉપન્યો... આહાર નિમિત્તે મત્સ્ય દારુણ નર્કમાં જાય છે, તેથી સચિત્ત આહાર મન વડે પણ પ્રાર્થવાને યોગ્ય નથી.

[૫૫ થી ૫૭] તૃણ અને કાષ્ઠથી અગ્નિ, હજારો નદીઓથી લવણસમુદ્ર જેમ

તૃપ્ત ન થાય, તેમ આ જીવ કામભોગથી તૃપ્ત થતો નથી... દ્રવ્યથી તૃપ્ત થતો નથી... ભોજનવિધિથી તૃપ્ત ન થાય.

[૫૮,૫૯] વડવાનલ સમાન, દુષ્પાર એવા અપરિમિત ગંધ-માલ્ય વડે કે મુર્ખ એવો આ જીવ અતીત કે અનાગત કાળમાં શબ્દ, રૂપ, રસ, સ્પર્શ વડે તૃપ્ત થયો નથી કે થશે નહીં.

[૬૦] દેવકુરુ-ઉત્તરકુરુમાં થયેલ કલ્પવૃક્ષોથી કે મનુષ્ય-વિદ્યાધર-દેવાના ઉપપાતથી આ જીવ તૃપ્ત થયો નથી.

[૬૧] ખાવા અને પીવા વડે આ આત્મા બચાવાતો નથી, જો દુર્ગતિમાં ન જાય તો નિશ્ચે બચાવાયેલો કહેવાય છે.

[૬૨ થી ૬૪] દેવેન્દ્ર અને ચક્રવર્તીપણાના રાજ્યો અને ઉત્તમ ભોગો અનંતીવાર પામ્યો... દુધ, દહીં, ઈક્ષુરસ સમાન સ્વાદુ મોટા સમુદ્રોમાં હું ઘણીવાર ઉપન્યો... મન-વચન-કાયાથી કામ રતિ વિષયસુખ ઘણાં અનુભવ્યા પણ તે એકેમાં તૃપ્તિ ન થઈ.

[૬૫] જે કોઈ પ્રાર્થના મેં રાગ-દ્વેષને વશ થઈ પ્રતિબંધે કરી ઘણાં પ્રકારે કરી હોય તેને હું નિંદુ છું - ગુરુ સાક્ષીએ ગર્હુ છું.

[૬૬] મોહજાલ હણીને, આઠ કર્મની સાંકળને છેદીને અને જન્મ-મરણરૂપી અરહટ્ટને ભાંગીને તું સંસારથી મૂકાઈશ.

[૬૭] પાંચ મહાવ્રતને ત્રિવિધ ત્રિવિધે આરોપીને અને મન-વચન-કાય ગુપ્તિવાલો સાવધાન થઈને મરણને આદરે.

[૬૮ થી ૭૦] ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષને તજીને અપ્રમત્ત એવો હું... કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદને પરિવર્જનો ગુપ્ત એવો હું... પંચેન્દ્રિય સંવરણ, પાંચ કામગુણને રુંધીને, અતિ આશાતનાથી બીતો હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

[૭૧ થી ૭૩] કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા, આર્ત્ત-રૌદ્ર ધ્યાનને વર્જતો એવો ગુપ્ત... તેજો-પદ્મ-શુક્લ લેશ્યા, ધર્મ-શુક્લધ્યાનથી ઉપસંપન્ન અને યુક્ત... મનથી ન્મનસત્યપણે, વચન સત્યપણે, કરણસત્યથી - હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

[૭૪ થી ૭૬] સાત ભયથી મુક્ત, ચાર કષાય રોકીને, આઠ મદસ્થાન છોડીને... ગુપ્તિ, સમિતિ, ભાવના અને જ્ઞાનદર્શનથી સંપન્ન અને યુક્ત થઈને... એ રીતે ત્રણ દંડથી વિરત, ત્રિકરણ શુદ્ધ, ત્રણશલ્યહીન, ત્રિવિધ અપ્રમત્ત હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

[૭૭] સર્વ સંગને જાણું છું, ત્રણ શલ્યને ઉદ્ધરીને, ગુપ્તિ અને સમિતિ મને ત્રાણ અને શરણ હો.

[૭૮,૭૯] જ્યારે ચક્રવાલ ક્ષોભે ત્યારે સમુદ્રમાં રત્નથી ભરેલ વહાણનું કૃત-કરણ બુદ્ધિ સંપન્ન નિર્યામકો રક્ષણ કરે, તેમ ગુણ-રત્નથી ભરેલ, પરીષહ ઉર્મીથી ક્ષોભિત, તપ રૂપી વહામ, ઉપદેશ રૂપ આલંબનવાળા ધીરપુરુષો આરાધે છે.

[૮૦ થી ૮૨] જો તે સુપુરુષો આત્માથી વ્રતના ભારવાળા, નિરપેક્ષ શરીરી, પર્વતની ગુફામાં રહી પોતાના અર્થને સાધે છે. તથા ગિરિકંદરા, કરાડ, વિષમ સ્થાન, દુર્ગમાં ધૃતિ વડે અતિ બદ્ધ પોતાના અર્થને સાધે છે. તો પછી સાધુને સહાય વડે અન્યોન્ય સંગ્રહ બળથી પરલોક માટે પોતાનો અર્થ કેમ ન સાધી શકે ?



[૮૩] અલ્પ માત્ર, મધુર, કાનને ગમતું જિનવચન સાંભળી જીવ સાધુમધ્યે પોતાનો અર્થ સાધવા સમર્થ થઈ શકે.

[૮૪] ધીરપુરુષ પ્રજ્ઞપ્ત, સત્પુરુષ સેવિત, પરમઘોર અર્થને શિલાતલે રહેલા પુરુષ પોતાનો અર્થ સાધે છે.

[૮૫] જેણે પહેલાં આત્માનો નિગ્રહ કર્યો નથી, તેને ઈન્દ્રિયો પીડા આપે છે. પરીષહ ન સહેવાથી મૃત્યુકાળે સુખ તજતા તે ડરે છે.

[૮૬] પૂર્વે સંયમયોગ પાળ્યો હોય, મરણકાળે સમાધિ ઈચ્છતો, વિષમ સુખથી આત્માને નિવારી, પરીષહસહા થાય.

[૮૭] પૂર્વે સંયમયોગ આરાધેલ, નિયાણારહિત, મતિપૂર્વક વિચારીને, કષાયને ટાળીને, સજ્જ થઈ મરણ અંગીકાર કરે.

[૮૮] જે જીવોએ સમ્યક્ પ્રકારે તપ કર્યો હોય તે જીવો પોતાના આકરા પાપ કર્મોને બાળવા સમર્થ થાય છે.

[૮૯] એક પંડિતમરણને આદરીને તે અસંભ્રાન્ત સુપુરુષ જલ્દીથી અનંત મરણનો અંત કરશે.

[૯૦,૯૨] તે કેવું પંડિતમરણ છે ? તેનાં કેવા આલંબનો કહ્યા છે ? તે જાણીને આચાર્યો કોને પ્રશંસે ? પાદોપગમ અનશન, ધ્યાન, ભાવના આલંબન છે, તે જાણીને પંડિત મરણ પ્રશંસે.

[૯૩] ઈન્દ્રિયની સુખશાતામાં આકુળ, ઘોર પરિસહ સહેવા પરવશ થઈ ગયેલ, સંયમ ન પાળેલ કાયર આરાધના કાળે મુંઝાય.

[૯૪] લજ્જા, ગારવ, બહુશ્રુતમદ વડે જેઓ પોતાનું દુશ્ચરિત્ર ગુરુને કહેતા નથી, તેઓ આરાધક થતાં નથી.

[૯૫] દુષ્કર ક્રિયાકારક સુઝે, માર્ગને જાણે, કીર્તિ પામે, પાપ છુપાવ્યા વિના નિંદે, તેથી આરાધના શ્રેયકારી છે.

[૯૬] તૃણ સંથારો કે પ્રાસુક ભૂમિ વિશુદ્ધિનું કારણ નથી. પણ આત્મા વિશુદ્ધ હોય તે જ ખરો સંથારો છે.

[૯૭] જિનવચન અનુગત, ધ્યાન-યોગમાં લીન મારી મતિ થાઓ. જેથી તે દેશકાળે અમૂઢ સંજ્ઞ દેહનો ત્યાગ કરે.

[૯૮] જિનવચન રહિત્ ને અનુપયુક્ત જ્યારે પ્રમાદી થાય ત્યારે ઈન્દ્રિય ચોરો તેના તપ-સંયમનો નાશ કરે છે.

[૯૯] જિનવચનને અનુસરતી મતિવાળો પુરુષ જે વેળા સંવરમાં પ્રવિષ્ટ હોય, ત્યારે વાયરા સહિત અગ્નિની માફક મૂળ અને ડાળખાં સહિત કર્મને બાળી મૂકે છે.

[૧૦૦] જેમ વાયુ સહિત અગ્નિ લીલા વનખંડને બાળે છે, તેમ પુરુષાકાર સહિત માણસ જ્ઞાન વડે કર્મનો ક્ષય કરે છે.

[૧૦૧] અજ્ઞાની ઘણાં કરોડો વર્ષે જે કર્મો ખપાવે છે, તે કર્મને ત્રણ ગુપ્તિગુપ્ત

જ્ઞાની શ્વાસ માત્રમાં ખપાવે છે.

**[૧૦૨ થી ૧૦૫]** મરણ નીકટ આવતા. મજબુત અને સમર્થ ચિત્તવાળો માણસ પણ દ્વાદશાંગ શ્રુતસ્કંધ ચિંતવી શકતો નથી.. વીતરાગના શાસનમાં એક પણ પદને વિશે જે સંવેગ કરે તે તેનું જ્ઞાન છે, જેનાથી વૈરાગ્ય પમાય છે.. વીતરાગ શાસનમાં એક પણ પદને વિસે જે સંવેગ કરાય તેનાથી તે મોહજાલને અધ્યાત્મયોગ વડે છેદે છે.. વીતરાગ શાસનમાં એક પદનો સંવેગ તેનાથી તે નિરંતર વૈરાગ્ય પામે, તેથી તે મરણે મરવું જોઈએ.

**[૧૦૬]** જેનાથી વૈરાગ્ય થાય તે તે કાર્ય સર્વાદરથી કરવું. તેથી સંવેગી મુક્ત થાય અને અસંવેગી અનંત સંસારી થાય.

**[૧૦૭]** જિનપ્રજ્ઞપ્ત આ ધર્મ હું ત્રિવિધે સદ્દહું છું. કેમકે તે ત્રસ-સ્થાવર પ્રાણીને હિતકારી, મોક્ષ નગરનો માર્ગ છે.

**[૧૦૮,૧૦૯]** હું પહેલાં તો શ્રમણ છું, પછી સર્વ અર્થનો સંયમી છું. જે જિનેશ્વરે નિષેધેલ છે તે-તે, ઉપધિ-શરીર - ચાર પ્રકારે આહારને મન-વચન-કાયા વડે ભાવથી હું વોસિરાવું છું.

**[૧૧૦]** મન વડે ન ચિંતવવા યોગ્ય, સર્વ ભાષાથી અભાષણીય, કાયાથી અકરણીય, બધું ત્રિવિધે વોસિરાવું છું.

**[૧૧૧ થી ૧૧૩]** અસંયમથી વિરમવું, ઉપધિનું વિવેક કરણ, ઉપશમ, અયોગ્ય વ્યાપારથી વિરમવું, ક્ષમા-નિર્લોભતા-વિવેક.. આ પચ્ચકખાણને રોગથી પીડિત માણસ આપત્તિમાં ભાવથી સ્વીકારતો અને બોલતો સમાધિ પામે.. આ નિમિત્તમાં પચ્ચકખાણ કરી કાળ કરે, તો આ એક પદ વડે પણ પચ્ચક્ખાણ કરાવવું.

**[૧૧૪]** મને અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત અને ધર્મ એ મંગલ છે, તેમનું શરણ પામેલો હું સાવદ્યને વોસિરાવું છું.

**[૧૧૫ થી ૧૧૯]** અરિહંતો મારે મંગલ છે, અરિહંતો મારા દેવ છે, અરિહંતની સ્તુતિ કરતાં, હું પાપને વોસિરાવું છું... સિદ્ધો મને મંગલ છે, સિદ્ધો મારા દેવ છે. સિદ્ધોની સ્તુતિ કરતાં હું પાપને વોસિરાવું છું... આચાર્યો મારે મંગલ છે, આચાર્યો મારા દેવ છે, આચાર્યની સ્તુતિ કરતાં હું પાપને વોસિરાવું છું... ઉપાધ્યાયો મારે મંગલ છે, ઉપાધ્યાય મારા દેવ છે, ઉપાધ્યાયની સ્તુતિ કરતાં હું પાપોને વોસિરાવું છું... સાધુ મારે મંગલ છે, સાધુ મારા દેવ છે, સાધુની સ્તુતિ કરતાં હું પાપને વોસિરાવું છું.

**[૧૨૦]** સિદ્ધોનો, અરહંતોનો, કેવલીનો ભાવથી આશરો લઈને અથવા મધ્યના ગમે તે એક પદ વડે આરાધક થવાય છે.

**[૧૨૧]** વળી જેને વેદના ઉત્પન્ન થઈ છે, એવા સાધુ હૃદય વડે કંઈક ચિંતવે અને કંઈક આલંબન કરી મુનિ દુઃખને સહન કરે.

**[૧૨૨]** વેદના ઉત્પન્ન થાય ત્યારે આ તે શી વેદના ? કંઈ આલંબન કરીને તે દુઃખને સહન કરે.

**[૧૨૩]** પ્રમાદમાં વર્તતા એવા મેં અનુત્તર નરકોમાં અનુત્તર એવી વેદના



અનંતવાર પ્રાપ્ત કરેલી છે.

**[૧૨૪]** અબોધિપણું પામીને મેં આ કર્મ કર્યુ અને આ કર્મ પૂર્વે મેં અનંતવાર પ્રાપ્ત કરેલ છે. **[૧૨૫]** તે-તે દુઃખના વિપાકો વડે ત્યાં ત્યાં વેદના પામ્યા પછી જીવ પૂર્વે અજીવ કરાયો નથી, તે ચિંતવ.

**[૧૨૬]** અપ્રતિબદ્ધ વિહાર, વિદ્વાનોએ પ્રશંસેલ, મહાપુરુષોએ સેવેલ, એવું જિનભાષિત જાણીને અપ્રતિબદ્ધ મરણ સ્વીકારે.

**[૧૨૭]** જેમ અંતિમકાળે, અંતિમ તીર્થંકરે ઉદાર ઉપદેશ આપ્યો, તેમ હું નિશ્ચય માર્ગવાળું અપ્રતિબદ્ધ મરણ સ્વીકારું છું.

**[૧૨૮,૧૨૯]** બત્રીશ ભેદે યોગ સંગ્રહના બળ વડે કૃત્‌યોગી થઈ, બાર ભેદે તપરૂપ સ્નેહ પાને કરી, સંસારરૂપી રંગભૂમિમાં ધીરજરૂપી બળ, ઉધમ રૂપી બખ્તર પહેરી સજ્જ થયેલો તું મોહરૂપી મલને હણીને આરાધનારૂપી જય પતાકા હરણ કર.

**[૧૩૦]** સંથારામાં રહેલ સાધુ જૂના કર્મો ખપાવે છે, નવા કર્મો બાંધતો નથી અને કર્મ કલંક વેલને છેદે છે.

**[૧૩૧]** આરાધના ઉપયુક્ત સુવિહિત સાધુ સમ્યક્ રીતે કાળ કરીને ઉત્કૃષ્ટા ત્રણ ભવ અતિક્રમીને નિર્વાણ પામે.

**[૧૩૨ થી ૧૩૪]** ધીરપુરુષે કહેલ, સત્પુરુષે સેવિત પરમ ઘોર અનશન કરીને નિર્વિઘ્ને જયપતાકાને હર... હે ધીર ! જેમ તે દેશકાળમાં સુભટ જયપાતાકાને હરે, તેમ સૂત્રાર્થને અનુસરતો, સંતોષરૂપ નિશ્ચલ સન્નાહથી સજ્જ થઈ... ચાર કષાય, ત્રણ, ગારવ, પાંચ ઈન્દ્રિયસમૂહ, પરીષહ સેના હણી આરાધના પતાકા હરી લે.

**[૧૩૫]** જો અપાર સંસારરૂપ મહોદધિને તરવાને ઈચ્છતો હો તો હું ઘણું જીવું કે જલ્દી મરું તેમ ન વિચાર. **[૧૩૬]** જો ખરેખર સર્વ પાપકર્મ નિસ્તારવા ઈચ્છે છે, તો જિનવચન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ભાવમાં ઉધુત થવા જાગ.

**[૧૩૭ થી ૧૩૯]** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એમ આરાધના ચાર ભેદે થાય, વળી તે ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય ત્રણ ભેદે થાય. પંડિતો ચાર ભેદવાળી ઉત્કૃષ્ટ આરાધના આરાધી, કર્મરજ રહિત થઈ, તે જ ભવે સિદ્ધિ પામે, જઘન્ય આરાધના ચાર ભેદે આરાધી સાત કે આઠ ભવ સંસારમાં કરીને મુક્તિ પામે.

**[૧૪૦]** મારે સર્વજીવ સાથે સમતા છે, કોઈ સાથે વૈર નથી, સર્વ જીવોનું ખમું છું, સર્વ જીવોને ખમાવું છું. **[૧૪૧]** ધીરને પણ મરવાનું છે, કાયરને પણ અવશ્ય મરવાનું છે, બંનેને મરવાનું છે, તો ધીરપણે મરવું સારું.

**[૧૪૨]** સુવિહિત સાધુ આ પચ્ચક્ખાણ સમ્યક્ પાળીને વૈમાનિકદેવ થાય અથવા સિદ્ધિ પામે.

**મહાપ્રત્યાખ્યાન પયન્નાસૂત્ર-૩ આગમ-૨૬નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ મૂળ સૂત્ર અનુવાદ પૂર્ણ**

# ૨૭ ભક્તપરિજ્ઞા-પ્રકીર્ણક સૂત્ર-૪

## મૂળસૂત્રનો અનુવાદ

*૦ [ભક્તપરિજ્ઞા સૂત્ર ઉપર ગુણરત્નસૂરિ રચિત અવચૂરીનો ઉલ્લેખ મળે જ છે, અમોએ તેમની ચતુઃશરણ આદિ પયન્નાની અવચૂરી જોઈને તેના અંશો નોંધ્યા પણ છે. પરંતુ અમોને ''ભક્તપરિજ્ઞા'' વિષયે પ્રાપ્ત અવચૂર્ણી ઘણી ત્રુટક લાગતાં છોડી દીધેલી હોવાથી અને પછી વિશેષ પુરુષાર્થ પણ નહીં કરેલ હોવાથી અહીં માત્ર મૂળ ગાથાનો અનુવાદ જ નોંધેલ છે.]૦*

*૦ સૂત્રાર્થ અને વિવેચન બંને ન હોવાથી અમારી સ્ટાઈલ મુજબ* ● સૂત્ર-૧, સૂત્ર-૨... *અને* વિવેચન-૧, વિવેચન-૨... *એવો ક્રમ ન હોવાથી* અહીં સીધો ગાથાક્રમ જ ક્રમશઃ લખ્યો છે –

**[૧]** મહાઅતિશયવંત, મહાનુભાવ મુનિ મહાવીરને નમીને પોતાના અને બીજાના સ્મરણ માટે હું ભક્તપરિજ્ઞા કહીશ.

**[૨]** સંસારરૂપી ગહનવનમાં ભમતાં, પીડાયેલા જીવે જેને આશરે મોક્ષ સુખ પામે છે, તે કલ્પવૃક્ષના ઉધાન સમાન સુખને આપનારું જૈન શાસન જયવંતુ વર્તે છે.

**[૩]** દુર્લભ મનુષ્યત્વ અને જિનવચનને પામીને સત્પુરુષો શાશ્વત સુખના એક રસિક એવા જ્ઞાનને વશવર્તી થવું જોઈએ.

**[૪,૫]** જે સુખ આજ થવાનું, તે કાલે સંભારવા યોગ્ય થશે, તેથી પંડિતો ઉપસર્ગરહિત મોક્ષસુખ વાંછે. મનુષ્ય અને દેવતાનું સુખ પરમાર્થથી દુઃખ જ છે, કેમકે પરિણામે દારુણ છે. તેનાથી શું ?

**[૬,૭]** જિનવચનમાં વિશુદ્ધ બુદ્ધિવાળાએ શાશ્વત સુખનું સાધન જે જિનાજ્ઞાનું આરાધન છે, તે માટે ઉધમ કરવો. જિનપ્રણિત જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપનું જે આરાધન, તે જ અહીં આજ્ઞારાધન કહ્યું.

**[૮]** પ્રવ્રજ્યામાં અભ્યુધત આત્મા પણ મરણ અવસરે યથાસૂત્ર આરાધના કરતો સંપૂર્ણ આરાધકપણું પામે.

**[૯]** અમરણધર્મી ધીરોએ તે ઉધમવંતનું મરણ ત્રણ ભેદે કહ્યું છે – ભક્તપરિજ્ઞા, ઇંગિનિ, પાદોપગમ.

**[૧૦,૧૧]** ભક્તપરિજ્ઞા મરણ બે ભેદે – સવિચાર, અવિચાર. સંલેખનાથી દુર્બળ શરીરી સપરાક્રમી મુનિનું સવિચાર અને અપરાક્રમી સાધુનું સંલેખના રહિત જે મરણ તે અવિચાર ભક્ત પરિજ્ઞા મરણ તે અવિચારને હું યથામતિ કહીશ.

**[૧૨]** ધૃતિ-બલરહિત અકાળમરણ કરનાર અને અકૃતના કરનાર નિરવધ વર્તમાનકાલિક યતી નિરુપસર્ગ મરણ યોગ્ય છે.

**[૧૩,૧૪]** પ્રશમસુખપિપાસુ, શોક-હાસ્ય રહિત, જીવિત વિશે આશારહિત, વિષયસુખ વિગતરાગ, ધર્મોધમથી જાત સંવેગ, નિશ્ચિત મરણાવસ્થા કરેલ, સંસારનું





વ્યાધિગ્રસ્ત અને નિર્ગુણપણું જાણેલો ભવ્ય યતિ કે ગૃહસ્થ ભક્તપરિજ્ઞા મરણને યોગ્ય જાણવો.

**[૧૫]** પશ્ચાતાપથી પીડિત, પ્રિયધર્મ, દોષ નિંદવાની તૃષ્ણાવાળો, દોષ અને દુઃશીલપણાથી યુક્ત પાર્શ્વસ્થ પણ તેને યોગ્ય છે.

**[૧૬]** વ્યાધિ-જરા-મરણરૂપી મગરોવાળો, નિરંતર જન્મ રૂપ પાણીસમૂહવાળો, પરિણામે દારુણ દુઃખ, ભવસમુદ્ર દુરંત છે.

**[૧૭,૧૮]** આ અનશનથી હર્ષ સહિત. ગુરુ પાદમૂલે આવીને વિનયથી હસ્ત કમળ મુગટ કપાળે રાખી, વાંદીને કહે છે – સત્પુરુષ ! ભક્તપરિજ્ઞારૂપ ઉત્તમ વહાણે ચઢી નિર્યામક ગુરુ વડે સંસારરૂપી સમુદ્ર તરવાને ઈચ્છું છું.

**[૧૯ થી ૨૨]** દયારૂપ અમૃતરસથી સુંદર તે ગુરુ પણ તેને કહે છે – આલોચના, વ્રત, ક્ષામણાપૂર્વક ભક્તપરિજ્ઞા સ્વીકાર. ઈચ્છંકહી ભક્તિ-બહુમાનથી શુદ્ધ સંકલ્પવાળો વિગત-અપાત ગુરુચરણને વિધિપૂર્વક વાંદીને, શલ્ય ઉદ્ધરવા ઈચ્છતો, સંવેગ-ઉદ્વેગથી તીવ્ર શ્રદ્ધાવાળો, શુદ્ધિ માટે જે કંઈ કરે, તેથી તે આરાધક થાય. હવે આલોચના દોષરહિત તે બાળક જેમ બચપણથી જેમ આચર્યુ હોય તેમ આલોચે.

**[૨૩ થી ૨૫]** આચાર્યના સમગ્ર ગુણે યુક્ત આચાર્ય પ્રાયશ્ચિત્ત આપે ત્યારે સમ્યક્ રીતે તપ આદરી નિર્મળ ભાવવાળો શિષ્ય ફરી કહે – દારુણ દુઃખરૂપ જળચર સમૂહથી ભયંકર સંસારરૂપી સમુદ્રથી તારવાને સમર્થ નિર્વિઘ્નવહાણ સમ મહાવ્રતમાં અમને સ્થાપો. કોપને ખંડેલ તેવો અખંડ મહાવ્રતી યતિ છે, તો પણ પ્રવ્રજ્યા ઉપસ્થાપનાને યોગ્ય છે.

**[૨૬]** સ્વામીની સારી રીતે પાલિત આજ્ઞાને જેમ ચાકર વિધિ વડે બજાવી પાછી આપે તેમ જાવજ્જીવ ચારિત્ર પાળી ગુરુને એમ જણાવે.

**[૨૭]** જેણે સાતિચાર વ્રત પાળ્યું, કે કપટ દંડે વ્રત ખંડ્યુ એવા પણ સમ્યક્ ઉપસ્થિત થયેલા તેને ઉપસ્થાપના કહી છે.

**[૨૮]** ત્યારપછી મહાવ્રતરૂપ પર્વતના ભારથી નમેલા મસ્તકવાળા તેને સુગુરુ વિધિ વડે મહાવ્રતની આરોપણા કરે.

**[૨૯]** હવે દેશવિરતિ શ્રાવક સમકિતમાં રક્ત અને જિનવચન વિશે તત્પર હોય તેને પણ શુદ્ધ અણુવ્રત મરણ વખતે આરોપાય છે.

**[૩૦,૩૧]** નિયાણા રહિત, ઉદારચિત્ત, હર્ષવશ વિકસિત રોમરાજીવાળો તે ગુરુ-સંઘ-સાધર્મિકની અમાયી ભક્તિ કરે... જિનેન્દ્ર પ્રાસાદ, જિનબિંબ, ઉત્તમ પ્રતિષ્ઠા, પ્રશસ્ત પુસ્તક લખાવવા, સુતીર્થ અને તીર્થંકરની પૂજામાં શ્રાવક પોતાનું દ્રવ્ય વાપરે.

**[૩૨,૩૩]** જો તે સર્વવિરતિ વિશે પ્રીતિવાળો, વિશુદ્ધ મનકાયાવાળો, સ્વજન અનુરાગ રહિત, વિષયવિષાદી અને વિરક્ત હોય. તે સંથારા પ્રવ્રજ્યાને સ્વીકારે અને નિયમથી દોષરહિત સર્વ વિરતિ પ્રધાન સામાયિક ચારિત્ર સ્વીકારે.

**[૩૪,૩૫]** હવે તે સામાયિકધર, મહાવ્રત અંગીકારકર્તા સાધુ તથા છેલ્લું પચ્ચકખાણ કરવાના નિશ્ચયવાળો દેશવિરતિ શ્રાવક. ગુરુગુણી ગુરુના ચરણકમળમાં

મસ્તક નમાવીને કહે છે – ભગવન્ ! આપની અનુમતિથી હું ભક્તપરિજ્ઞા સ્વીકારું છું.

**[૩૬ થી ૩૯]** આરાધના વડે તેને અને પોતાને કલ્યાણ થાય તેમ દિવ્ય નિમિત્તથી જાણીને આચાર્ય અનશન કરાવે, નહીં તો દોષ લાગે. પછી ગુરુ ઉત્કૃષ્ટા સર્વે દ્રવ્યો તેને દેખાડીને ત્રિવિધ આહારના જાવજ્જીવ પચ્ચક્ખાણ કરાવે, તે જોઈને કાંઠે પહોંચેલા મારે આના વડે શું ? એમ કોઈ ચિંતવે, કોઈ ભોગવીને સંવેગ પામીને ચિંતવે-શું મેં ભોગવીને છાંડ્યુ નથી. પવિત્ર પદાર્થો પરિણામે અશુચિ છે એમ સમજી શુભ ધ્યાન કરે, વિષાદ પામે તેને ચોયણા કરવી.

**[૪૦ થી ૪૨]** ઉદરમલની શુદ્ધિ માટે સમાધિપાન તેને સારું હોય તો મધુર પાણી પાવું અને થોડું થોડું વિરેચન કરાવવું. એલચી, તજ, કેસર, તમાલપત્ર, સાકરવાળું દુધ કઢીને ટાઢુ પાડી પાવું, તે સમાધિ પાણી પછી ફોફલાદિથી મધુર ઔષધનું વિરેચન કરાવવું, જેથી ઉદરાગ્નિ શાંત થતાં તે સુખે સમાધિ પામે.

**[૪૩ થી ૪૬]** અનશનકર્તા સાધુ યાવજ્જીવ ત્રિવિધ આહારને વોસિરાવે છે, એમ નિર્યામક આચાર્ય સંઘને નિવેદન કરે. તે સાધુને આરાધના નિમિત્તક બધું નિરૂપસર્ગપણે વર્તે, તે માટે સર્વ સંઘે કાયોત્સર્ગ કરવો. પછી સંઘ સમુદાય મધ્યે ચૈત્યવંદનપૂર્વક તે તપસ્વીને ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ કરાવે અથવા સમાધિહેતુ ત્રિવિધ આહારને સાગાર પચ્ચક્ખે. ત્યારપછી પાનકને પણ અવસરે વોસિરાવે.

**[૪૭ થી ૪૯]** પછી મસ્તક નમાવી, બે હાથને મસ્તકે મુગટ સમાન કરીને તે વિધિ વડે સંવેગ પમાડતો સર્વ સંઘને ખમાવે. આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ, ગણ ઉપર મેં જે કંઈ કષાય કર્યા હોય તે સર્વે હું ત્રિવિધે ખમાવું છું. ભગવન્ ! મારા સર્વે અપરાધપદ ખમાવું છું, મને ખમો. હું પણ ગુણસમૂહવાળા સંઘને શુદ્ધ થઈને ખમાવું છું.

**[૫૦]** આ રીતે વંદન, ખામણાં, સ્વનિંદા વડે સો ભવનું ઉપાર્જેલું કર્મ ક્ષણ માત્રમાં મૃગાવતી રાણી માફક ક્ષય કરે છે.

**[૫૧ થી ૫૫]** હવે મહાવ્રતમાં નિશ્ચલ, જિનવચનથી ભાવિત મનવાળા, આહાર પચ્ચકખાણ કરનાર, તીવ્રસંવેગથી સુખી તે, અનશન આરાધનાના લાભથી પોતાને કૃતાર્થ માનનાર, તેને આચાર્યશ્રી પાપરૂપ કાદવને ઓળંગવા લાકડી સમાન શિક્ષા આપે છે, જેનું કદાગ્રહરૂપ મૂલ વધેલ છે, તેવા મિથ્યાત્વને મૂળથી ઉખેડી હે વત્સ ! પરમતત્ત્વ સમ્યકત્વને સૂત્રનીતિથી વિચાર. ગુણાનુરાગથી વીતરાગની તીવ્ર ભક્તિ કર. પ્રવચનસારરૂપ પંચનમસ્કારમાં અનુરાગ કર. સુવિહિત સાધુને હિતકર સ્વાધ્યાય વિશે ઉધમવંત થા. નિત્ય પંચ મહાવ્રતનું રક્ષણ કર.

**[૫૬ થી ૫૯]** મોહથી મોટા અને શુભકર્મમાં શલ્યસમ નિયાણ શલ્યનો ત્યાગ કર, મુનિન્દ્ર સમૂહે નિંદેલ ઈન્દ્રિયરૂપી મૃગેન્દ્રોને દમ. નિર્વાણસુખમાં અંતરાયરૂપ, નરકાદિમાં ભયંકર પાતકારી અને વિષયતૃણામાં સદા સહાયક કષાયપિશાચને હણ. કાળ ન પહોંચતા અને હમણાં થોડું શ્રામણ્ય બાકી રહેતા, મોહમહાવૈરીને વિદારવાને ખડ્ગ અને લાડી સમાન હિતશિક્ષાને સાંભળ. સંસારના મૂળબીજરૂપ મિથ્યાત્વને સર્વથા ત્યાગી સમ્યકત્વમાં દૃઢ ચિત્ત થઈ, નમસ્કાર ધ્યાનમાં કુશળ થા.



**[૬૦ થી ૬૨]** જેમ માણસો પોતાની તૃષ્ણા વડે મૃગતૃષ્ણામાં પાણી માને, તેમ મિથ્યાત્વમૂઢ મનવાળો કુધર્મથી સુખ માને, તીવ્ર મિથ્યાત્વ જીવોને જે મહાદોષ કરે, તે દોષ અગ્નિ, વિષ કે કૃષ્ણસર્પ પણ ન કરે. મિથ્યાત્વમોહિતચિત્ત અને સાધુ દ્વેષ રૂપ પાપથી તુરૂમણીના દત્તરાજા માફક અહીં જ તીવ્ર દુઃખ પામે.

**[૬૩]** સર્વ દુઃખનો નાશ કરનાર સમ્યક્ત્વ વિશે પ્રમાદ ન કરીશ, કેમકે સમ્યકત્વથી જ્ઞાન, તપ, વીર્ય, ચારિત્ર રહેલ છે.

**[૬૪]** ભાવાનુરાગ, પ્રેમાનુરાગ અને સદ્ગુણાનુરાગરક્ત છો, તેવો જ ધર્માનુરાગરક્ત નિત્ય જિનશાસન વિશે થા.

**[૬૫ થી ૬૯]** દર્શનભ્રષ્ટ તે સર્વભ્રષ્ટ જાણવો, ચારિત્રભ્રષ્ટ સર્વભ્રષ્ટ થતો નથી. દર્શન પ્રાપ્ત જીવને સંસારમાં પરિભ્રમણ નથી. દર્શનભ્રષ્ટ સર્વભ્રષ્ટ છે, દર્શનભ્રષ્ટને નિર્વાણ નથી, ચારિત્ર રહિત મુક્તિ પામે છે, દર્શન રહિત પામતો નથી. શુદ્ધ સમ્યકત્વથી અવિરતિ પણ તિર્થંકર નામ કર્મ ઉપાર્જે, જેમ કૃષ્ણ અને શ્રેણિકે ઉપાર્જ્યુ છે. વિશુદ્ધ સમકિતી કલ્યાણની પરંપરાને પામે છે. કેમકે સમ્યકત્વ રૂપ રત્ન સુર-અસુર લોકમાં અમૂલ્ય છે. ત્રણ લોકની પ્રભુતા પછી પણ કાળે કરી જીવ પડે છે, પણ સમકીત પામી અક્ષય સુખ મોક્ષ પામે છે.

**[૭૦ થી ૭૨]** અરિહંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, આચાર્ય અને સર્વ સાધુને વિશે ત્રિકરણ શુદ્ધભાવથી તીવ્ર ભક્તિ કર. એકલી જિનભક્તિ દુર્ગતિ નિવારવા સમર્થ છે અને સિદ્ધિ પામતા સુધી દુર્લભ સુખ પરંપરા આપે છે. વિદ્યા પણ ભક્તિવાન્‌ને સિદ્ધ થાય છે અને ફળદા હોય છે તો મોક્ષવિદ્યા અભક્તિવંતને કેમ ફળે ?

**[૭૩ થી ૭૫]** તે આરાધનાનાયકની જે માણસ ભક્તિ ન કરે, તે ઘણો ઉદ્યમ કરતો ઉખરભૂમિમાં ડાંગર વાવે છે. આરાધકની ભક્તિ ન કરીને આરાધના ઈચ્છતો બી વિના ધાન્યને અને વાદળા વિના વર્ષાને ઈચ્છે છે. રાજગૃહે મણિકારશ્રેષ્ઠીના જીવ દેડકાની માફક ઉત્તમકુળ અને સુખ પ્રાપ્તિ જિનભક્તિથી થાય છે.

**[૭૬ થી ૮૧]** આરાધનાપૂર્વક, અન્ય સ્થાને ચિત્ત ન રોકીને, વિશુદ્ધ લેશ્યાથી સંસારક્ષયકરણ નવકારને ન મૂકતો. મરણકાળે જો અરહંતને એક નમસ્કાર થાય તો સંસારનો નાશ કરવા સમર્થ છે, તેમ જિનવરે કહેલ છે. માઠા કર્મકર્તા મહાવત, જેને ચોર કહી શૂળીએ ચડાવેલ, તે નમોજિણાણં કહેતા શુભધ્યાને કમલપત્રાયક્ષ થયો. ભાવ નમસ્કાર રહિત દ્રવ્યલિંગો જીવ અનંતીવાર ગ્રહણ કર્યા અને મૂક્યા. આરાધનારૂપ પતાકા લેવા નમસ્કાર હાથરૂપ છે, તેમજ સદ્ગતિના માર્ગે જવામાં જીવને અપ્રતિહત રથ સમાન છે. અજ્ઞાની ગોવાળ પણ નવકાર આરાધી મરીને ચંપામાં શ્રેષ્ઠી પુત્ર સુદર્શન થયો.

**[૮૨ થી ૮૬]** જેમ સુઆરાધિત વિદ્યાથી પુરુષ, પિશાચને વશ કરે, તેમ સુઆરાધિત જ્ઞાન મન પિશાચને વશ કરે. જેમ વિધિથી આરાધેલ મંત્ર વડે કૃષ્ણસર્પ ઉપશમે, તેમ સુઆરાધિત જ્ઞાનથી મનરૂપ કૃષ્ણસર્પ વશ થાય. જેમ માંકડો ક્ષણ માત્ર પણ નિશ્ચલ ન રહી શકે તેમ વિષયો વિના મન ક્ષણમાત્ર મધ્યસ્થ રહી ન શકે. તેથી

ઉઠતાં મનરૂપી માંકડાને જિનોપદેશ વડે દોરીથી બાંધી શુભધ્યાનમાં રમાડવો. દોરા સહિત સોય કચરામાં ખોવાતી નથી, તેમ શુભધ્યાન સહિત જીવ સંસારમાં હોય તો પણ નાશ ન પામે.

**[૮૭,૮૮]** જો ખંડ શ્લોક વડે યવ રાજાને મરણથી બચાવ્યો અને રાજા સુશ્રામણ્ય પામ્યો, તો જિનોક્ત સૂત્રથી બચે તેમાં શું કહેવું ? અથવા ઉપશમ, વિવેક, સંવર પદના સ્મરણ માત્ર શ્રુતજ્ઞાનવાળો ચિલાતીપુત્ર જ્ઞાન અને દેવપણાંને પામ્યો.

**[૮૯ થી ૯૬]** જીવ વિશેષને જાણીને જાવજ્જીવ પ્રયત્નથી સમ્યક્ મન-વચન-કાયયોગથી છકાય જીવના વધનો ત્યાગ કર. જેમ તમને દુઃખ પ્રિય નથી, એમ સર્વ જીવને જાણ, સર્વાદર વડે ઉપયુક્ત થઈ દરેકને આત્મવત્ માની દયા કર. જેમ મેરુથી ઉંચુ કોઈ નથી, આકાશથી વિશાળ નથી, તેમ અહિંસા સમાન ધર્મ નથી તેમ તું જાણ. આ જીવ સર્વ જીવો સાથે સર્વ પણ સંબંધ પામ્યો છે, તેથી જીવોને મારતા સર્વ સંબંધીને મારે છે. જીવ વધ તે આત્મવધ જાણવો, જીવ દયા તે આત્મદયા જાણવી, તેથી આત્મસુખકામીએ સર્વજીવહિંસા ત્યાગ કરી છે. ચતુર્ગતિમાં જીવને જેટલાં દુઃખ થાય છે, તે સર્વે હિંસાના સૂક્ષ્મ ફળ છે, તે સૂક્ષ્મ બુદ્ધિથી જાણ. જે કંઈ મોટું સુખ, પ્રભુપણું, સ્વાભાવિક સુંદર છે તે આરોગ્ય, સૌભાગ્ય બધું અહિંસાનું ફળ સમજવું. સુસુમારદ્રહમાં ફેંકાયેલો, ચંડાલ, એક દિનમાં, એક જીવ બચાવવાથી ઉત્પન્ન અહિંસા ગુણથી દેવનું સાંનિધ્ય પામ્યો.

**[૯૭ થી ૧૦૧]** સર્વે પણ ચાર પ્રકારના અસત્ય વચનને પ્રયત્નપૂર્વક છોડ, જે માટે સંયમવાન્ પણ ભાષાદોષથી લેપાય છે. હાસ્યથી, ક્રોધથી, લોભથી, ભયથી તે અસત્ય ન બોલ, પણ જીવને હિતકારી, પ્રશસ્ત સત્ય બોલ. સત્યવાદી પુરુષ માતા પેઠે વિશ્વાસ્ય, ગુરુ માફક લોકને પૂજ્ય અને સગાં માફક બધાંને વહાલો લાગે છે. જટાવંત, શિખાવંત, મુંડ, વલ્કલી હોય કે નગ્ન હોય, પણ અસત્યવાદી લોકને વિશે પાખંડી અને ચંડાલ કહેવાય છે. એક વખત પણ બોલેલ જૂઠ ઘણાં સત્યવચનનો નાશ કરે છે, કેમકે એક અસત્ય વચનથી વસુરાજા નરકે ગયો.

**[૧૦૨ થી ૧૦૬]** હે ધીર ! થોડું કે વધુ પારકું ધન, દાંત ખોતરવાની એક સળી પણ આપ્યા વિના લેવાનું ન વિચારે. વળી જે પર દ્રવ્ય હરણ કરે છે, તે તેનું જીવિત પણ હરે છે, કેમકે તે પૈસા માટે જીવનો ત્યાગ કરે છે, પૈસા નહીં. તે જીવદયારૂપ પરમ ધર્મને ગ્રહણ કરી અદત્ત ન લે, કેમકે તે જિનવર અને ગણધરે નિષેધેલ છે તથા લોક વિરુદ્ધ અને અધર્મ છે. ચોર પરલોકમાં પણ નરક, તિર્યંચમાં ઘણાં દુઃખો પામે છે. મનુષ્યપણામાં દીન અને દરિદ્રતાથી પીડાય છે ચોરીથી નિવર્તેલ શ્રાવકપુત્ર જેમ સુખ પામ્યો. કીટી ડોશીએ મોરપીંછ વડે અંગુઠો ચિતર્યો, તેથી રાજાએ ચોરને માર્યા.

**[૧૦૭ થી ૧૧૦]** નવ બ્રહ્મચર્ય ગુપ્તિથી તું શુદ્ધ બ્રહ્મચર્યનું રક્ષણ કર, કામને ઘણાં દોષોથી ભરેલ જાણ. ખરેખર જેટલાં દોષો આલોક-પરોલકનાં દુઃખને કરનાર છે, તે બધાં મનુષ્યની મૈથુન-સંજ્ઞા લાવે છે. રતિ-અરતિરૂપ ચંચળ બે જીભવાળા,



સંકલ્પરૂપ પ્રચંડ ફણાવાળા, વિષયરૂપ બિલમાં વસતા, મદરૂપ મુખવાળા, ગર્વથી અનાદરરૂપ રોષવાળા, લજ્જરૂપ કાંચળીવાળા, અહંકાર રૂપ દાઢવાળા દુઃસહ દુઃખકારી વિષવાળા કામભુજગથી ડસાયેલ માણસ અવશ થયેલા દેખાય છે.

**[૧૧૧ થી ૧૧૩]** તે જીવ રૌદ્રનરકની વેદના અને ઘોર સંસાર સાગરનું વહન પામે છે, પણ કામિત સુખનું તુચ્છત્વ જોતો નથી. જેમ કામના સેંકડો બાણથી વિદ્ધ અને ગૃદ્ધ વણિક રાણીએ પાયખાનાની ખાણમાં નાંખ્યો, અનેક દુર્ગંધ સહેતો ત્યાં રહ્યો. કામાસક્ત, વૈશ્યાયન તાપસ પેઠે ગમ્ય-અગમ્યને જાણતો નથી, જેમ કુબેરદત્ત શેઠ પોતાની માતા ઉપર સુરતસુખથી રક્ત થઈ રહ્યો.

**[૧૧૪ થી ૧૧૮]** કંદર્પથી વ્યાપ્ત અને દોષરૂપ વિષની વેલડી સરખી સ્ત્રીઓને વિશે કામકલહને પ્રેર્યો છે એવા પ્રતિબંધને સ્વભાવથીક જોતાં તમે છોડી દો. વિષયાંધ સ્ત્રી કુળ, વંશ, પતિ, પુત્ર, માતા, પિતાને ન ગણતી દુઃખ સમુદ્રમાં પાડે છે. સ્ત્રીઓ નીચગામીની, સારા સ્તનવાળી, મંદગતિવાળી નદી માફક મેરુ પર્વત જેવા પુરુષને પણ ભેદી નાંખે છે. અતિશય પરિચયવાળી, પ્રિય, પ્રેમવંત એવી સ્ત્રીરૂપ સાપણમાં ખરેખર કોણ વિશ્વાસ કરે ? હણાયેલી આશાવાળી સ્ત્રીઓ વિશ્વાસ સભર, ઉપકાર તત્પર અને ગાઢ પ્રેમવાળા પણ એકવાર અપ્રિય કરનાર પતિને જલ્દી મરણ પમાડે છે.

**[૧૧૯ થી ૧૨૧]** સુંદર દેખાવવાળી, સુકુમાર અંગવાળી, ગુણ નિબદ્ધ નવી જાઈની માળા જેવી સ્ત્રીઓ હૃદયને હરે છે. પરંતુ દર્શનની સુંદરતાથી મોહોત્પાદક તે સ્ત્રીની આલિંગન મદિરા, વધ્યમાળાની જેમ વિનાશ આપે છે. સ્ત્રીઓનું દર્શન સુંદર છે, સંગમ સુખથી સર્યું, ગંધ સુગંધી હોવા છતાં માળાનું મર્દન વિનાશરૂપ છે.

**[૧૨૨ થી ૧૨૪]** સાકેતપુરનો અધિપતિ દેવરતિ રાજા રાજ્યસુખથી ભ્રષ્ટ થયો. કેમકે પાંગળાને માટે રાણીએ તેને નદીમાં ફેંક્યો અને તે ડૂબ્યો, સ્ત્રી શોકની નદી, દુરિતની ગુફા, કપટનું ઘર, કલેશકારી, વૈરાગ્નિ સળગાવનાર અરણી, દુઃખની ખાણ, સુખની વિરોધી છે. કામબાણના વિસ્તારવાળી મૃગાક્ષીના દૃષ્ટિ કટાક્ષો વિશે મનનો નિગ્રહ ન જાણનાર કયો પુરુષ નાશી જવા સમર્થ થાય ?

**[૧૨૫ થી ૧૨૭]** અતિ ઉંચા અને ઘણાં વાદળાવાળી મેઘમાલા જેમ હડકવાના વિષને વધારે તેમ ઉંચા સ્તનવાળી સ્ત્રીઓ પુરુષના મોહવિષને વધારે છે. તેથી દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિ જેવી તે સ્ત્રીની દૃષ્ટિનો ત્યાગ કરો, સ્ત્રીનાં નેત્ર બાણ ચારિત્રપ્રાણ વિનાશે છે. સ્ત્રીસંસર્ગથી અલ્પસત્વી મુનિનું મન પણ અગ્નિથી મીણની જેમ ખરેખર જલ્દી પીગળી જાય છે.

**[૧૨૮ થી ૧૩૦]** જો સર્વસંગત્યાગી અને તપથી પાતળા અંગવાળી હોય તો પણ કોશાભવને વસનાર ઋષિવત્ સ્ત્રીસંગથી મુનિ ચલિત થાય છે. શ્રૃંગાર તરંગી, વિલાસવેલાવાળી, યૌવન-જલવાળી, પ્રહસિતફીણવાળી નારીનદીમાં મુનિએ ન ડૂબવું. ધીરો વિષયરૂપ જળ, મોહરૂપ કાદવ, વિલાસ અને માનરૂપ જળચરથી ભરેલ અને મદરૂપ મગરવાળા યૌવનરૂપી સમુદ્રને તર્યા છે.

**[૧૩૧ થી ૧૩૪]** કરવા-કરાવવા-અનુમોદવાથી, મન-વચન-કાયાના યોગોથી

**અભ્યંતર-બાહ્ય સર્વ ગ્રંથનો તું ત્યાગ કર. સંગ [પરિગ્રહ] નિમિત્તે જીવો હિંસા કરે, જુઠું બોલે, ચોરી કરે, મૈથુન સેવે, અપરિમાણ મૂર્છા કરે ચે. સંગ [પરિગ્રહ] મહાભય છે, પુત્રે દ્રવ્ય ચોર્યુ છતાં શ્રાવક કુંચિકે મુનિપતિને વહેમથી પીડ્યા. સર્વ ગ્રંથ વિમુક્ત, શીતળ પરિણામી, પ્રશાંત ચિત્ત પુરુષ સંતોષનું જે સુખ પામે છે તે સુખ ચક્રવર્તી પણ પામતા નથી.**

**[૧૩૫ થી ૧૩૮] નિઃશલ્ય મુનિના મહાવ્રતો, અખંડ-અતિચાર રહિત મુનિના મહાવ્રતો નિયાણશલ્યથી નાશ પામે છે. તે રાગ, દ્વેષ અને મોહગર્ભિત ત્રણ ભેદ છે, ધર્મ માટે હીનકુલાદિની પ્રાર્થના તે મોહગર્ભિત. રાગગર્ભિતમાં ગંગદત્ત, દ્વેષગર્ભિતમાં વિશ્વભૂતિઆદિ, મોહગર્ભિતમાં ચંડપિંગલાદિના દ્દષ્ટાંત છે. જે મોક્ષસુખને અવગણીને અસારસુખનાં કારણરૂપ નિયાણું કરે છે, તે પુરુષ કાચમણિને માટે વૈડૂર્યમણીનો નાશ કરે છે.**

**[૧૩૯ થી ૧૪૧] દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ, બોધિલાભ એટલું પ્રાર્થવું, બીજું કંઈ પ્રાર્થ્ય નથી. નિયાણશલ્ય ત્યાગી, રાત્રિભોજન થકી નિવૃત્ત થઈ, સમિતિ-ગુપ્તિ વડે પાંચ મહાવ્રત રક્ષતો મોક્ષસુખની સાધના કરે. ઈન્દ્રિય વિષય આસક્ત જીવો સુશીલગુણરૂપ પીંછારહિત છિન્નપાંખવાળા પક્ષીવત્ સંસારસાગરમાં પડે છે.**

**[૧૪૨ થી ૧૪૪] જેમ શ્વાન સુકાયેલા હાડકાં ચાટવા છતાં તેના રસને ન પામે, પોતાના તાળવાને શોષવે છે, છતાં ચાટતાં તે સુખ માને છે. સ્ત્રીસંગસેવી પુરુષ કંઈપણ સુખ ન પામવા છતાં બાપડો પોતાના શરીરના પરિશ્રમને સુખ માને છે. સારી રીતે શોધવા છતાં કેળના ગર્ભમાં જેમ કોઈ સાર નથી, તેમ ઈન્દ્રિય વિષયોમાં ઘણું શોધવા છતાં કોઈ સુખ મળતું નથી.**

**[૧૪૫,૧૪૬] શ્રોત્રથી પરદેશ ગયેલા સાર્થવાહની સ્ત્રી, ચક્ષુરાગથી મથુરાનો વાણિયો, ઘ્રાણથી રાજપુત્ર, જીહ્વાથી સોદાસ હણાયો. સ્પર્શનેન્દ્રિયથી દુષ્ટ સોમાલિકારાજા નાશ પામ્યો. એકૈક વિષયે તે નાશ પામ્યા, તો પાંચે ઈન્દ્રિયોમાં આસક્તનું શું ?**

**[૧૪૭,૧૪૮] વિષયની અપેક્ષા કરનાર દુસ્તર ભવસમુદ્ર પડે છે, વિષય નિરપેક્ષ ભવસમુદ્રને તરે છે, તે માટે દ્વીપની દેવીને મળેલા બે ભાઈનું દ્દષ્ટાંત છે. રાગની અપેક્ષાવાળા ઠગાયા છે અને અપેક્ષા વિનાના નિર્વિઘ્ન ઈચ્છિતને પામ્યા છે, તેથી પ્રવચનનો સાર પામેલા જીવે રાગથી નિરપેક્ષ થવું.**

**[૧૪૯,૧૫૦] વિષયાસક્તિવાળા જીવો ઘોર સંસારસાગરમાં પડે છે અને વિષયાસક્તિરહિત જીવો સંસારાટવીને ઓળંગી જાય છે. તેથી હે ધીર ! ધૃતિબળથી દુર્દાંત ઈન્દ્રિયોને દમ. તેથી રાગ-દ્વેષ શત્રુ જીતીને તું આરાધનાપતાકા સ્વીકાર કર.**

**[૧૫૧ થી ૧૫૩] ક્રોધાદિ વિપાકને અને તેના નિગ્રહથી થતાં ગુણને જાણીને હે સુપુરુષ ! તું પ્રયત્નથી કષાય કલેશનો નિગ્રહ કર. જે ત્રિલોકમાં અતિ તીવ્ર દુઃખ છે, જે ઉત્તમ સુખ છે. તે સર્વે ક્રમશઃ કષાયની વૃદ્ધિ અને ક્ષયનું કારણ જાણ. ક્રોધથી નંદાદિ, માન વડે પરશુરામાદિ, માયાથી પાંડુ આર્યા, લોભથી લોભનંદાદિ પીડાયા.**

**[૧૫૪ થી ૧૫૫] આ ઉપદેશામૃત પાનથી ભીના થયેલ ચિત્ત વિશે, જેમ તરસ્યો પાણી પીને શાંત થાય, તેમ શિષ્ય સ્વસ્થ થઈ કહે છે – ભંતે ! હું ભવકાદવ તરવા દ્દઢ લાઠી સમાન આપની હિતશિક્ષાને હું ઈચ્છું છું, આપે જે જેમ કહ્યું તેમ હું કરું છું, એમ વિનયથી નમેલો તે કહે છે.**



**[૧૫૬ થી ૧૫૯] જો ક્યારેય અશુભ કર્મોદયથી શરીરમાં વેદના કે તૃષાદિ પરિષહો ઉપજે, તો નિર્યામક ક્ષપકને સ્નિગ્ધ, મધુર, હર્ષદાયી, હૃદયંગમ, સત્ય વચન કહેતા શીખામણ આપે. હે સત્પુરુષ ! તેં ચતુર્વિધસંઘ મધ્યે મોટી પ્રતિજ્ઞા કરેલી કે હું સમ્યક્ આરાધના કરીશ, તેનું સ્મરણ કર. અરિહંત-સિદ્ધ-કેવલી-સર્વસંઘની સાક્ષીએ પ્રત્યક્ષ કરેલ પચ્ચક્ખાણનો ભંગ કોણ કરે ?**

**[૧૬૦ થી ૧૬૪] શિયાલણીથી ખવાતા, ઘોર વેદના પામતાં, પણ અવંતિસુકુમાલ ધ્યાન વડે આરાધના પામ્યા. મોક્ષ જેને પ્યારો છે એવા ભગવન્ સુકોશલ પણ ચિત્રકૂટ પર્વતે વાઘણથી ખવાતા મોક્ષ પામ્યા. ગોકુળમાં પાદપોપગમન કરનાર ચાણક્ય, સુબંધુએ સળગાવેલાં છાણાંથી બળાયા છતાં ઉત્તમાર્થને પામ્યા. [રોહિડગમાં ઋષિને શક્તિપ્રહારથી, વિંધ્યા તે વેદના સહી ઉત્તમાર્થને પામ્યા.] તેથી હે ધીર ! તું સત્વને અવલંબીને ધીરતા ધારણ કર, સંસારરૂપી સમુદ્રનું નૈર્ગુણ્ય વિચાર.**

**[૧૬૫] જન્મ-જરા-મરણરૂપી પાણીવાળો, અનાદિ, શ્વાપદ આદિથી વ્યાપ્ત, જીવોને દુઃખહેતુ ભવસમુદ્ર કષ્ટદા અને રૌદ્ર છે.**

**[૧૬૬ થી ૧૬૮] હું ધન્ય છું કે મેં અપાર ભવસમુદ્રમાં લાખો ભવમાં પામવાને દુર્લભ આ સદ્ધર્મ યાન મેળવ્યું છે. એક વાર પ્રયત્નથી પળાતા આના પ્રભાવથી, જીવો જન્માંતરમાં દુઃખ અને દારિદ્ર પામતાં નથી. તે અપૂર્વ ચિંતામણિ રત્ન છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે, પરમમંત્ર છે, પરમ અમૃત સમાન છે.**

**[૧૬૯ થી ૧૭૧] હવે મણિમયમંદિરમાં સુંદર રીતે સ્ફુરાયમાન જિનગુણરૂપ અંજનરહિત ઉધોતવાળો, પંચ નમસ્કાર સહિત પ્રાણોનો ત્યાગ કરે. તે ભક્તપરિજ્ઞાને જઘન્યથી આરાધીને પરિણામ વિશુદ્ધિ વડે સૌધર્મ કલ્પે મહર્દ્ધિક દેવતા થાય છે. ઉત્કૃષ્ટપણે આરાધીને તે ગૃહસ્થ અચ્યુત કલ્પે દેવતા થાય છે, સાધુ હોય તો મોક્ષ સુખને પામે અથવા સર્વાર્થસિદ્ધમાં જાય.**

**[૧૭૨,૧૭૩] એ રીતે યોગીશ્વર જિન વીરસ્વામીએ કહેલ કલ્યાણકારી વચનાનુસાર આ ભક્તપરિજ્ઞાને ધન્યો ભણે છે, સાંભળે છે, ભાવે છે. [તેઓ] મનુષ્ય ક્ષેત્રમાં વિચરતા અને સિદ્ધાંતમાં કહેલ ૧૭૦ તીર્થંકર માફક, ૧૭૦ ગાથાની વિધિપૂર્વક આરાધતો આત્મા શાશ્વત સુખવાળા મોક્ષને પામે છે.**

**ભક્તપરિજ્ઞાપયન્ના સૂત્ર-૪, આગમ-૨૭-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ મૂળ સૂત્રાનુવાદ પૂર્ણ**

***• ઉપર ૧૭૦ + ૨ = ૧૭૨ ગાથા જ હોવી જોઈએ. પૂજ્યપાદ સાગરજી મહારાજે તેમજ સંપાદન કરેલ છે અમે પ્રક્ષેપ ગાથાને-૧૬૩નો ક્રમ આપેલ છે જે પૂજ્ય પુન્યવિજયજીનું સંપાદન છે, પણ તે તેમની ભૂલ છે. કેમકે કર્તાએ ૧૭૦ જિનને આશ્રીને-૧૭૦ ગાથા રચ્યાનું લખેલ છે.***

# ૨૮ તંદુલવૈચારિક-પ્રકીર્ણકસૂત્ર-૫

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

● **વિવેચન :-**

[શંકા] કેટલાં પ્રકીર્ણકો કહેવાય છે ? તેની ઉત્પત્તિ કઈ રીતે છે ? [સમાધાન] નંદી, અનુયોગદ્વાર, દેવેન્દ્રસ્તવ, તંદુલવૈચારિક, ચંદ્રવેધ્યક આદિ નંદીસૂત્રોક્ત કાલિક-ઉત્કાલિક ભેદ ભિન્ન ૮૪,૦૦૦ પ્રકીર્ણકો શ્રી ઋષભસ્વામીના [કાળે] થયા. કઈ રીતે ? ભ૦ ઋષભના ૮૪,૦૦૦ શ્રમણો હતા. તેમણે પ્રત્યેકે વિરચિત હોવાથી કહ્યું. એ પ્રમાણે સંખ્યાત હજારો પ્રકીર્ણક અજિતાદિ મધ્યના જિનોના થયા. જેને જેટલાં હોય, તેને તેટલાં પ્રથમાનુયોગથી જાણવા. વર્દ્ધમાન સ્વામીના ૧૪,૦૦૦ પ્રકીર્ણકો થયા. તેઓમાં વર્દ્ધમાનસ્વામીના હસ્ત દીક્ષિત એક સાધુ વડે વિરચિત આ તંદુલવૈચારિક પ્રકીર્ણક છે, તેની વ્યાખ્યા કરાય છે.

● **સૂત્ર-૧ :-**

***જરા-મરણથી મુક્ત જિનેશ્વર મહાવીરને વાંદીને હું આ તંદુલવૈચારિક નામે પયન્નાને કહીશ.***

● **વિવેચન-૧ :-**

નિર્જરિત - સર્વથા ક્ષયને આણેલ, જરા - વૃદ્ધત્વ, મરણ - મૃત્યુ અથવા વૃદ્ધભાવથી કે વૃદ્ધભાવમાં મરણ તે જરામરણ. વંદિત્વા-મન, વચન, કાયા વડે નમીને. જિન-રાગદ્વેષાદિને જીતનારા. સામાન્ય કેવલીઓમાં કે કેવલીઓથી શ્રેષ્ઠ-પ્રધાન, અતિશયોની અપેક્ષાથી શ્રેષ્ઠ છે તેથી જિનવર. અતિશયોનું સ્વરૂપ સમવાયાંગમાં કહેલ છે તે આ પ્રમાણે - ચોત્રીશ બુદ્ધાતિશયો કહેલા છે તે આ છે —

(૧) અવસ્થિત કેશ, શ્મશ્રૂ, રોમ, નખ. (૨) નિરામય નિરૂપલેપ ગાત્રયષ્ટિ, (૩) ગાયના દુધ જેવા શ્વેત માંસ અને લોહી, (૪) કમલ ગંધ જેવા શ્વાસોચ્છ્વાસ, (૫) પ્રચ્છન્ન આહારનીહાર, (૬) આકાશમાં રહેલ ચક્ર, (૭) આકાશમાં રહેલ છત્ર, (૮) આકાશમાં રહેલ શ્વેત શ્રેષ્ઠ ચામર, (૯) આકાશ સ્ફટિકમય સપાદપીઠ સીંહાસન, (૧૦) આકાશમાં રહેલ ઈન્દ્રધ્વજ.

(૧૧) જ્યાં જ્યાં અરહંત ભગવંત બેસે, રહે ત્યાં-ત્યાં તત્ક્ષણ જ પત્ર, પુષ્પ, પલ્લવથી ભરેલ, છત્ર-ધ્વજ-ઘંટા-પતાકા સહિત શ્રેષ્ઠ અશોકવૃક્ષ હોય છે. (૧૨) કંઈક પાછળ મુગટના સ્થાને તેજમંડલ થાય, અંધકારમાં પણ દશે દિશાને પ્રભાસે છે. (૧૩) બહુ સમ રમણીય ભૂમિભાગ, (૧૪) કાંટા અધોમુખ થવા. (૧૫) ઋતુ વિપરીત સુખ સ્પર્શવાળી થાય. (૧૬) શીતલ, સુખસ્પર્શી, સુગંધી પવનથી યોજન પરિમંડલ ચોતરફ પ્રમાર્જે. (૧૭) ઉચિત બિંદુપાતથી, વાયુ વડે ઉડેલ આકાશવર્તી



રજ, જમીનવર્તી ધૂળને દૂર કરે.

(૧૮) જલજ-સ્થલજ બિંટસ્થાયી પંચવર્ણી પુષ્પોની જાનૂ પ્રમાણ ઉંચી પુષ્પવર્ષા. આ સૂત્રથી વૈક્રિય કે અચિત્ત પુષ્પો છે, તે કથન અયુક્ત છે, તેમ કહ્યું. અહીં બીજા કહે છે — જ્યાં વ્રતી રહે છે, ત્યાં દેવો પુષ્પવર્ષા કરતાં નથી. બીજા કહે છે કે દેવાદિથી સંમર્દન થતા તે અચિત્ત થાય છે, બીજા કહે છે — ભગવંતના અતિશયપણાથી ચાલતા પણ પુષ્પજીવનો વધ થતો નથી. પ્રવચન સારોદ્ધાર ટીકામાં તો સર્વગીતાર્થ સંમત ભગવંતના અતિશયનું કથન સ્વીકૃત્ છે.

(૧૯) અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધનો અભાવ થાય છે. (૨૦) મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો પ્રાદુર્ભાવ થાય છે. (૨૧) ભગવંતનો સ્વર હૃદયગમનીય અને યોજનગામી વ્યાકુર્વે છે. (૨૨) ભગવન્ અર્ધમાગધી ભાષામાં ધર્મ કહે છે. (૨૩) તે અર્ધમાગધી ભાષા બોલતા તેમાં બધાં આર્યો-અનાર્યો, દ્વિપદ-ચતુષ્પદ, પક્ષી-સરીસૃપો પોતપોતાને હિત-શિવ-સુખદા ભાષાપણે પરિણમે છે. (૨૪) પૂર્વબદ્ધ વૈરીપણ દેવ-અસુર, નાગ-સુવર્ણાદિ અરહંતના ચરણ કમળમાં પ્રશાંત ચિત્ત માનસથી ધર્મ સાંભળે છે.

(૨૫) અન્યતીર્થિક પ્રાવચની પણ આવીને વાંદે છે. (૨૬) આવીને અરહંતના ચરણ કમળમાં નિષ્પ્રતિવચનવાળા થાય છે. (૨૭) જ્યાં-જ્યાં અરહંત ભગવંત વિચરે છે, ત્યાં ત્યાં પણ ૨૫-યોજનમાં ઈતિ થતી નથી. (૨૮) મારી ન થાય, (૨૯) સ્વચક્ર ન થાય. (૩૦) પરચક્ર ન થાય, (૩૧) અતિવૃષ્ટિ ન થાય, (૩૨) અનાવૃષ્ટિ ન થાય, (૩૩) દુર્ભિક્ષ ન થાય, (૩૪) પૂર્વોત્પન્ન ઉત્પાત અને વ્યાધિ જલ્દી ઉપશાંત થાય. અહીં ચાર મૂળ અતિશય, ૧૯-દેવકૃત્ અને ૧૧-કર્મના ક્ષયથી થયેલા, એમ ચોત્રીશ અતિશયો છે.

[શંકા] પ્રાકાર-અંબુરુહાદિ અતિશય દેવકૃત્ હોવા છતાં તે ચોત્રીશની બહાર કેમ છે ? [સમાધાન] ૩૪-નિત્ય છે, બીજા અનિયત છે, આ અમે સ્વબુદ્ધિથી કહેતા નથી, જિનભદ્ર ક્ષમાશ્રમણે વિશેષણવતીમાં પણ બે ગાથામાં કહેલી છે.

[શંકા] જ્યાં તીર્થંકરો વિચરે છે, તે દેશમાં ૨૫-યોજનનો આદેશ છે, તેમાં તીર્થંકરના અતિસયથી વૈરાદિ અનર્થો થતાં નથી. તેમ કહેલ છે, તો પછી ભગવંત મહાવીર પુરિમતાલ નગરમાં હતાં ત્યારે જ અભગ્નસેનનો વિપાકશ્રુતાંગ વર્ણિત વ્યતિકર કઈ રીતે બન્યો ? અહીં કહે છે — આ બધાં અર્થ કે અનર્થ પ્રાણીના સ્વકૃત્કર્મના હોવાથી થાય છે. કર્મ બે પ્રકારે છે - સોપક્રમ અને નિરૂપક્રમ, તેમાં જે વૈરાદિ સોપક્રમ કર્મો સંપાદિત છે, તે જ તીર્થંકરના અતિશયથી ઉપશાંત પામે, પણ જે નિરુપક્રમ કર્મ સંપાદિત છે, તે અવશ્ય વિપાકથી વેદવા પડે. તેથી જ સર્વાતિશય સંપત્ યુક્ત જિનોના અનુપશાંત વૈરભાવથી ગોશાલકાદિએ ઉપસર્ગો કર્યા.

મહાન્ એવા આ વીર - કર્મ વિદારણ સહિષ્ણુ મહાવીર. - x - x - પ્રત્યક્ષ તંદુલ [ચોખા], ૧૦૦ વર્ષના આયુવાળો પુરુષ જે પ્રતિદિન ભોગવે તે સંખ્યા વિચારણાથી ઉપલક્ષિત “તંદુલ વૈચારિક” એવું નામ છે. મંગલાચરણ - x - પછી દ્વાર ગાથા

કહે છે —

● **સૂત્ર-૨,૩ :-**

***ગણવામાં મનુષ્યનું આયુ સો વર્ષનું લઈ, તેને દશ-દશમાં વિભાજીત કરાય છે. તે સો વર્ષના આયુ સિવાયનો કાળ તે ગર્ભાવાસ. તે ગર્ભકાળ જેટલા દિવસ, રાત્રિ, મુહૂર્ત, શ્વાસોચ્છ્‌વાસ જીવ ગર્ભાવાસમાં રહે તેની આહારવિધિ કહીશ.***

● **વિવેચન-૨,૩ :-**

અહીં પદોનો સંબંધ આ છે — સો વર્ષના આયુમાં પ્રાણી જે રીતે દશ-દશ અવસ્થામાં પૃથક્ થાય, તે રીતે તમે સાંભળો. તે એક, બે આદિ કરીને છે. તથા દશ દશા એકત્ર મળતાં તથા નિષ્કાસિત કરાતા પરમાયુ સો વર્ષ તેમાંથી ૫૦ વર્ષ નિદ્રાદિના લેતા જે આયુ બાકી રહે, તે પણ તમે સાંભળો.

જેટલા માત્ર દિવસો, જેટલી રાત્રિ, જેટલા મુહૂર્તો, જેટલાં ઉચ્છ્‌વાસ જીવ ગર્ભમાં વસે છે, તેને કહીશ. ગર્ભાદિમાં આહારવિધિને અને च શબ્દથી શરીર રોમાદિ સ્વરૂપ કહીશ.

તેમાં ગર્ભમાં અહોરાત્રનું પ્રમાણ કહે છે —

● **સૂત્ર-૪ થી ૮ :-**

***જીવ ૨૭૦ પૂર્ણ રાત્રિ દિવસ અને અડધો દિવસ ગર્ભમાં રહે છે. નિયમથી જીવને આટલા દિવસ ગર્ભવાસમાં લાગે. પણ ઉપઘાતના કારણે તેનાથી ઓછા કે અધિક દિવસમાં પણ જન્મ લઈ શકે છે. નિયમથી જીવ ૮૩૨૫ મુહૂર્ત સુધી ગર્ભમાં રહે પણ તેમાં હાનિ-વૃદ્ધિ પણ થાય છે. જીવને ગર્ભમાં ૩,૧૪,૧૦૨૨૫ શ્વાસોચ્છ્‌વાસ હોય છે. પણ તેનાથી હિનાધિક પણ હોઈ શકે.***

● **વિવેચન-૪ થી ૮ :-**

જીવ ગર્ભમાં ૨૭૭ાા અહોરાત્ર રહે છે. આ રીતે નવ માસ અને ૭ાા દિવસ જીવ ગર્ભમાં રહે છે. ઉક્તરૂપ અહોરાત્ર નિશ્ચયથી જીવના ગર્ભવાસમાં થાય છે. આ ઉક્ત અહોરાત્ર પ્રમાણથી ઉપઘાત વશ-વાતપિત્તાદિ દોષથી હીનાધિક પણ થાય છે. અહીં 'तु' શબ્દ 'अपि' અર્થમાં યોજેલ છે.

હવે ગર્ભમાં મુહૂર્ત પ્રમાણ કહે છે — ૮૩૨૫ મુહૂર્ત, નિશ્ચયે જીવ ગર્ભમાં વસે છે. તે કઈ રીતે થાય ? ઉક્ત ૨૭૭ાા દિવસને ૩૦ વડે ગુણવાથી ૮૩૨૫ મુહૂર્ત આવે છે. ઉક્તરૂપ વાત દોષાદિ કારણથી હીનાધિક પણ મુહૂર્ત ગર્ભમાં જીવ રહે.

હવે બે ગાથા વડે ગર્ભમાં નિઃશ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ કહે છે — તે ૩,૧૪,૧૦,૨૨૫ થાય. આટલી માત્રામાં સંકલિત જીવના ગર્ભવાસમાં નિશ્ચયથી નિઃશ્વાસોચ્છ્‌વાસ થાય છે. કઈ રીતે ? એક અંતર્મુહૂર્તમાં ૩૭૭૩ નિઃશ્વાસોચ્છ્‌વાસ થાય છે. આ સંખ્યા વડે ઉક્તરૂપ મુહૂર્તો ગુણતાં યથોક્ત ૩,૧૪,૧૦,૨૨૫ થાય છે. તેમાં વાત આદિ કારણથી હીનાધિક નિઃશ્વાસોચ્છ્‌વાસ થાય છે.

હવે આહાર અધિકારમાં કિંચિત્ ગર્ભાદિ સ્વરૂપ કહે છે.



● **સૂત્ર-૯ થી ૧૧ :-**

***હે આયુષ્યમાન્ ! સ્ત્રીની નાભિની નીચે પુષ્પડંઠલના આકારે બે સિરા હોય છે. તેની નીચે ઉલટા કરેલા કમળના આકારે યોનિ હોય છે, જે તલવારની મ્યાન જેવી હોય છે. તે યોનિ નીચે કેરીની પેશી જેવો માસપિંડ હોય છે, તે ઋતુકાળમાં ફૂટીને લોહીના કણ છોડે છે, ઉલટા કરાયેલા કમળના આકારની યોનિ, જ્યારે શુક્રમિશ્રિત હોય ત્યારે તે જીવ ઉત્પન્ન કરવા યોગ્ય હોય છે, તેમ જિનેન્દ્રોએ કહેલું છે.***

● **વિવેચન-૯ થી ૧૧ :-**

હે આયુષ્યમાન્ ! ગૌતમ ! સ્ત્રીઓની નાભિના અધો ભાગમાં પુષ્પની નાલિકા આકારે બે ધમનીઓ રહેલી છે. વળી તે બંને શિરા-ધમનીની નીચે યોનિ-સ્મરકૂપિકા રહેલ છે. કેવી ? અધોમુખ. વળી કેવી ? ખડ્ગ પિધાનક-મ્યાનના આકારે. તે યોનિના અધોભાગમાં આંબાની જેવી મંજરીઓ હોય છે. તેવા માંસ-પલલની મંજરી હોય છે તે મંજરી સ્ત્રીઓને માસને અંતે જે અજસ્રમિશ્ર ત્રણ દિવસ થાય છે, તે ઋતુકાળ-સ્ત્રીધર્મના પ્રસ્તાવથી તેમાં સ્ફૂટિત થઈને લોહીના બિંદુને છોડી છે - રુધિર શ્રવે છે.

તે રુધિર બિંદુઓ કોશાકાર યોનિમાં સંપ્રાપ્ત થઈ શુક્ર મિશ્રિત - ઋતુદિન ત્રણને અંતે પુરુષ સંયોગથી કે અપુરુષ સંયોગથી પુરુષવીર્યથી એકત્રિત જ્યારે થાય ત્યારે જીવોત્પાદ-ગર્ભસંભૂતિ યોગ્ય થાય, તેમ જિનેન્દ્રોએ કહેલ છે.

[શંકા] પુરુષના સંયોગ વિના પુરુષવીર્ય કઈ રીતે સંભવે ? સ્થાનાંગસૂત્રના અભિપ્રાયથી. પાંચ સ્થાને સ્ત્રીપુરુષ સાથે સંવાસ ન કરે તો પણ ગર્ભને ધારણ કરે છે. તે આ — (૧) ક્યાંક પુરુષના નીકળેલા પુરુષ શુક્ર પુદ્‌ગલો હોય તેવા સ્થાને કે આસને સ્ત્રી બેસે અને યોનિના આકર્ષણથી શુક્રનો સંગ્રહ થાય. (૨) નીકળેલા શુક્ર પુદ્‌ગલ તે સ્ત્રીના અંતર્‌વસ્ત્ર મધ્યેથી યોનિમાં પ્રવેશી જાય, અહીં વસ્ત્રના ઉપલક્ષણથી તેવા બીજા કોઈમાં પણ અનુપ્રવેશ કરે. (૩) પુત્રની અર્થી હોય અને શીલરક્ષકપણું હોય, તે સ્ત્રી સ્વયં શુક્રપુદ્‌ગલોને યોનિમાં પ્રવેશ કરાવે છે. (૪) અથવા બીજા કોઈ પુત્રાર્થ તેની યોનિમાં પ્રક્ષેપે. (૫) શીત જળ રૂપ જે વિકટ તળાવાદિમાં જાય, તેમાં પૂર્વે પડેલ શુક્ર પુદ્‌ગલો પ્રવેશે.

હવે અધ્વસ્ત-ધ્વસ્ત યોનિકાળ જીવ સંખ્યા પરિમાણ —

● **સૂત્ર-૧૨,૧૩ :-**

***ગર્ભોત્પત્તિ યોગ્ય યોનિમાં બાર મુહૂર્ત સુધી લાખ પૃથકત્વથી અધિક જીવ રહે છે, પછી વિનાશ પામે છે. ૫૫ વર્ષ બાદ સ્ત્રીની યોનિ ગર્ભધારણ યોગ્ય રહેતી નથી અને ૭૫ વર્ષ બાદ પ્રાયઃ શુક્રાણુ રહિત થઈ જાય છે.***

● **વિવેચન-૧૨,૧૩ :-**

તે પુરુષવીર્ય સંયુક્ત યોનિ ૧૨-મુહૂર્ત સુધી અધ્વસ્ત રહે છે, પછી વિધ્વંસ પામે છે. અર્થાત્ ઋતુ અંતે સ્ત્રીને પુરુષના ઉપભોગથી ૧૨ મુહૂર્તમાં જ ગર્ભભાવ છે,

પછી વીર્યના વિનાશથી ગર્ભનો અભાવ છે તથા મનુષ્યગર્ભમાં ગર્ભજ જંતુનું પ્રમાણ બે થી નવ લાખ સંખ્યક હોય. હવે કેટલાં વર્ષ પછી ફરી ગર્ભને સ્ત્રી ન ધારણ કરે, પુરુષ અબીજ થાય તે કહે છે —

સ્ત્રીઓને પ્રાયઃ પ્રવાહથી ૫૫-વર્ષ પછી યોનિ ગર્ભ ધારણ સમર્થ રહેતી નથી. નિશીથમાં કહેલ ભાવાર્થ-સ્ત્રીઓ ૫૫ વર્ષ પૂરા ન થાય ત્યાં સુધી યોનિમાં આર્તવ રહે અને ગર્ભને ગ્રહણ કરે છે, પછી નહીં. સ્તાનાંગની ટીકામાં પણ કહેલ છે કે — સ્ત્રીને મહિને-મહિને ત્રણ દિવસ રજ શ્રવે છે, બાર વર્ષ પછી અને ૫૦ વર્ષ સુધી રહે. ઈત્યાદિ છ ગાથાથી અહીં પ્રતિપાદન કર્યુ છે.

તથા (૧) અવિધ્વસ્ત યોનિ - અવિધ્વસ્ત બીજ, (૨) અવિધ્વસ્ત યોનિ - વિધ્વસ્ત બીજ, (૩) વિધ્વસ્ત યોનિ - અવિધ્વસ્ત બીજ, (૪) વિધ્વસ્ત યોનિ - વિધ્વસ્ત બીજ. ચાર ભંગોમાં આધ ભંગમાં જ ઉત્પત્તિનો અવકાશ છે, બાકીના ત્રણમાં નહીં. તેમાં ૫૫ વર્ષની સ્ત્રી અને ૭૭ વર્ષનો પુરુષ વિધ્વસ્ત છે. - x -

કેટલાં પ્રમાણવાળા આયુનું આ માન બાતવે છે ? —

**● સૂત્ર-૧૪ :-**

***૧૦૦ વર્ષથી પૂર્વકોટિ સુધી જેટલું આયુ હોય છે, તેના અડધા ભાગ પછી સ્ત્રી સંતાનોત્પત્તિમાં અસમર્થ થઈ જાય છે અને આયુનો ૨૦ ટકા ભાગ બાકી રહેતા પુરુષ શુક્ર રહિત થાય.***

**● વિવેચન-૧૪ :-**

આ યુગમાં ૧૦૦ વર્ષના આયુમાં આ ગર્ભધારણાદિ કાળ-પ્રમાણ કહેલ છે. સો વર્ષ પછી બે વર્ષ ત્રણ વર્ષ ઈત્યાદિથી મહાવિદેહ મનુષ્યોની જે પૂર્વકોટિ સર્વાયુ થાય, તેના અર્ધ ભાગ સુધી સ્ત્રીની યોનિ ગર્ભધારણ યોગ્ય કહી છે, પછી નહીં - x - પુરુષોને પૂર્વકોટિ પર્યન્ત આયુનો અંત્ય વીસમો ભાગ અબીજ થાય છે. હવે વળી કેટલાં જીવો એક સ્ત્રીના ગર્ભમાં એક જ સાથે ઉત્પન્ન થાય, કેટલાં પિતાનો એક પુત્ર થાય ?

**● સૂત્ર-૧૫ :-**

***રક્તોત્કટ સ્ત્રીયોનિ ૧૨-મુહૂર્તમાં ઉત્કૃષ્ટા લાખ પૃથકત્વ જીવોને સંતાનરૂપે ઉત્પન્ન કરવામાં સમર્થ છે. ૧૨ વર્ષે અધિકતમ ગર્ભકાળમાં એક જીવના અધિકતમ સો પૃથક્ત્વ પિતા થઈ શકે છે.***

**● વિવેચન-૧૫ :-**

માસને અંતે ત્રણ દિવસ સુધી સ્ત્રીને નિરંતર જે રજ શ્રવે છે, તે અહીં રક્ત કહેલ છે, તે રુધિરથી ઉત્કટ પુરુષ વીર્યયુક્ત યોનિમાં એક સ્ત્રીના ગર્ભમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી બે થી નવ લાખ ગર્ભ જીવો ઉપજે. તેમાં પ્રાયઃ એક કે બે નિષ્પન્ન થાય. બાકીના અલ્પજીવિતપણાથી તેમાં જ મરી જાય છે. વ્યવહારથી એક કે બે કહ્યા. નિશ્ચયથી તેનાથી અધિક કે ન્યૂન પણ થાય છે. ચ શબ્દથી સ્ત્રીની સંસક્ત યોનિમાં બેઈન્દ્રિય જીવો જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી નવ લાખ



પ્રમાણ ઉપજે. તપેલ લોહશલાકા દૃષ્ટાંતથી પુરુષના સંયોગમાં તે જીવોનો વિનાશ થાય છે.

સ્ત્રીપુરુષ મૈથુનમાં મિથ્યાદૃષ્ટિ, અંતર્મુહૂર્ત આયુવાળા અપર્યાપ્તા, નવ પ્રાણધારક, નારક અને દેવને વર્જીને શેષ સ્થાને જનારા અને નારક, દેવ, અગ્નિ, વાયુ સિવાયના સ્થાનેથી આવનારા મુહૂર્ત પૃથકત્વ કાય સ્થિતિક અસંખ્યાત સંમૂર્છિમ મનુષ્યો ઉપજે છે. પુરુષવીર્યનું કાલમાન બાર મુહૂર્ત છે. આટલા કાલમાં શુક્ર અને શોણિત અવિધ્વસ્તયોનિક હોય છે. પિતૃ સંખ્યા તેની સો પૃથકત્વ થાય છે. ઉત્કૃષ્ટ ૯૦૦ પિતાનો એક પુત્ર થાય.

કોઈ દૃઢ સંહનની, કામાતુર સ્ત્રીને જો બાર મુહૂર્તમાં ઉત્કૃષ્ટ ૯૦૦ પુરુષો વડે સંગમ થાય, તો તેના બીજમાં જે પુત્ર થાય, તે ૯૦૦ પિતાનો પુત્ર થાય. એ રીતે તીર્યંચ - x - માટે જાણવું. મત્સ્યાદિમાં લાખ પૃથકત્વ જીવ ગર્ભમાં ઉપજે અને નિષ્પન્ન થાય. એ રીતે એક જ ગર્ભમાં લાખ પૃથક્ત્વ પુત્રો થાય. દેવોને શુક્ર પુદ્‌ગલ હોય કે નહીં ? હોય જ, પરંતુ તે વૈક્રિય શરીર અંતર્ગત્ હોવાથી ગર્ભાધાન હેતુ માટે નથી. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે — દેવોને શુક્ર પુદ્‌ગલો હોય, તે અપ્સરાને શ્રોત્ર-ચક્ષુ-ધ્રાણ-રસ-સ્પર્શ ઈન્દ્રિયપણે ઈષ્ટ, કાંત, મનોજ્ઞ, મણામ, સુભગ, સૌભાગ્યાદિરૂપે પરિણમે છે યાવત્ તેમાં જે મન પરિચારક દેવો છે, તેમાં પણ - x - x - તે રીતે પરિણમે છે. હવે કેટલો કાળ જીવો ગર્ભમાં વસે છે ? —

ગર્ભસ્થિતિ બાર વર્ષ પ્રમાણ હોય છે. કોઈ પણ પાપી, વાત-પિતાદિ દૂષિત કે દેવાદિ સ્તંભિતમાં ગર્ભ બાર વર્ષ નિરંતર ઉત્કૃષ્ટથી રહે છે. જઘન્યતી અંતર્મુહૂર્ત જ રહે. ભવસ્થિતિ ગર્ભાધિકારથી - ઉદકગર્ભ, કાલાંતરે વૃષ્ટિ હેતુ પુદ્‌ગલ પરિણામ સમયથી છ માસમાં વરસે છે. - x - મનુષ્ય અને તિર્યંચની કાયસ્થિતિ ૨૪-વર્ષ પ્રમાણ જાણવી. જેમકે કોઈપણ સ્ત્રીકાયમાં બાર વર્ષ જીવીને પછી મરીને તેવા કર્મને વશ, તે જ ગર્ભસ્થિતિ કલેવરમાં ઉપજી ફરી બાર વર્ષ જીવે, એ રીતે ૨૪-વર્ષ ઉત્કૃષ્ટથી થાય. - x -

હવે કુક્ષિમાં પુરુષાદિ ક્યાં વસે છે ?

**● સૂત્ર-૧૬ :-**

***જમણી કુક્ષી પુરુષનું, ડાબી કુક્ષી સ્ત્રીનું નિવાસ સ્થળ હોય છે. બંને મધ્યે વસે તે નપુંસક હોય. તિર્યંચયોનિમાં ગર્ભની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ વર્ષ માનેલી છે.***

**● વિવેચન-૧૬ :-**

(૧) દક્ષિણ કુક્ષિમાં વસતો જીવ પુરુષ થાય. (૨) ડાબી કુક્ષિમાં વસતો જીવ સ્ત્રી થાય. (૩) ઉભય મધ્યે તે નપુંસક થાય. સ્ત્રીલક્ષણ - યોનિ, મૃદુત્વ, અસ્થૈર્યાદિ છે. પુરુષ લક્ષણ - લિંગ, કઠોરતા, દૃઢતાદિ છે. નપુંસક લક્ષણ - સ્તનાદિ, શ્મશ્રુ આદિ છે.

હવે તિર્યંચની ગર્ભસ્થિતિ કહે છે — ઉત્કૃષ્ટથી આઠ વર્ષ, પછી નાશ પામે કે

પ્રસવ થાય. જઘન્યથી અંતર્મુહૂર્ત્ત ભવ સ્થિતિ છે. હવે ગર્ભમાં ઉત્પન્ન જીવ શેનો આહાર કરે ?

● **સૂત્ર-૧૭ થી ૧૯ :-**

***નિશ્ચયથી જીવ માતા-પિતાના સંયોગમાં ગર્ભમાં ઉપજે છે, તે પહેલા માતાની રજ અને પિતાના શુક્રના કલુષ અને કિલ્બિષનો આહાર કરી રહે છે. પહેલાં સપ્તાહમાં જીવ તરલ પદાર્થ રૂપે, બીજે સપ્તાહે દહીં જેવો જામેલો, પછી લચીલી પેશી જેવો, પછી ઠોસ થઈ જાય છે. પહેલા મહિને ફૂલેલા માંસ જેવો, બીજા મહિને માંસપિંડ જેવો ઘનીભૂત હોય છે. ત્રીજે મહિને માતાને ઈચ્છા ઉત્પન્ન કરાવે છે, ચોથે મહિને માતાના સ્તન આદિને પુષ્ટ કરે છે. પાંચમે મહિને હાથ-પગ-માથું એ પાંચ અંગો તૈયાર થાય છે. છઠ્ઠે મહિને પિત્ત અને લોહીનું નિર્માણ થાય છે. તેમજ અન્ય અંગોપાંગ બને છે.***

***સાતમે મહિને ૭૦૦ શિરા, ૫૦૦ માંસપેશી, નવ ધમની, માથા તથા દાઢી સિવાયના વાળોના ૯૯ લાખ રોમછિદ્રો બને છે. માથા અને દાઢીના વાળ સહિત સાડા ત્રણ કરોડ રોમકૂપ ઉત્પન્ન થાય. આઠમે મહિને પ્રાયઃપૂર્ણ થાય.***

● **વિવેચન-૧૭ થી ૧૯ :-**

આ જીવ નિશ્ચિત માતાપિતાના સંયોગમાં - માતાનું ઓજ-લોહી, પિતાનું શુક્ર, તેમાં પ્રથમ તૈજસ-કાર્મણ શરીરો વડે ગર્ભપણે ઉત્પન્ન થાય. કેવો આહાર કરે ? શુક્ર અને લોહીનો. મલિન અને કર્બુર. પછી કયા ક્રમે શરીરની નિષ્પત્તિ થાય ? સાત અહોરાત્ર સુધી શુક્ર અને લોહીનો સમુદાય માત્ર કલલ થાય. પછી સાત અહોરાત્ર તે જ શુક્ર અને લોહી કંઈક કઠણ થાય. પછી માંસખંડરૂપ થાય આદિ. - x -

બીજા માસમાં માંસપેશી ઘન સ્વરૂપ થાય અર્થાત્ સમચતુરસ્ર માંસખંડ થાય છે. ત્રીજા માસે માતાને દોહદ જન્મે ચોથે માસે માતાના અંગોને પુષ્ટ કરે. પાંચમે માસે બે હાથ, બે પગ અને મસ્તક રૂપ પાંચને નિષ્પાદિત કરે ચે. છઠ્ઠા માસે પીત અને શોણિતને પુષ્ટ કરે છે. સાતમે માસે ૭૦૦ શિરા, ૫૦૦ પેશી, નવ નાડી, ૯૯ લાખ રોમકૂપ - રોમછિદ્રો, ૯૯ લાખમાં કેશ અને શ્મશ્રૂ વિના, તેમાં કેશ - માથાના વાળ, શ્મશ્રુ-દાઢી મુંછના વાળ ઈત્યાદિ સૂત્રાર્થવત્.

અહીં ઈન્દ્રભૂતિ લોકોપકારને માટે ત્રૈશલેય સર્વજ્ઞને સર્વે જીવોને દયાના એક રસથી પ્રશ્ન કરે છે —

● **સૂત્ર-૨૦ :-**

***ભગવન્ ! ગર્ભગત જીવને શું મળ, મૂત્ર, કફ, શ્લેષ્મ, વમન, પિત્ત, વીર્ય કે લોહી હોય છે ? ના, તેમ ન હોય. ભગવન્ ! કયા કારણથી આપ આમ કહો છો ? ગૌતમ ! ગર્ભસ્થ જીવ માતાના શરીરમાં જે આહાર કરે છે, તેને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન ઈન્દ્રિય રૂપે, હાડકાં, મજ્જા, કેશ, દાઢી, મૂંછ, રોમ, નખરૂપે પરિણમાવે છે. તેથી એમ કહ્યું કે ગર્ભસ્થજીવને મળ યાવત્ લોહી હોતું નથી.***



● **વિવેચન-૨૦ :-**

ભગવન્ ! જીવને ગર્ભત્વ પ્રાપ્ત થયા પછી શું આ વર્તે છે કે — વિષ્ઠા, મૂત્ર, કફ, નાકનો મેલ, વમન, પિત્ત, વીર્ય, લોહી હોય ? આ વીર્ય અને લોહી બંને પદ ભગવતીજી આદિ સૂત્રોમાં દેખાતા નથી. આગમજ્ઞોએ તે વિચારવું. ના, આ અનંતર કહેલ પ્રત્યક્ષ ભાવ હોતા નથી.

ગૌતમસ્વામીએ પૂછ્યું — કયા કારણે ભગવન્ ! એમ કહ્યું કે — ગર્ભગત જીવને વિષ્ઠા યાવત્ લોહી ન હોય ?

ભગવંતે કહ્યું — હે ગૌતમ! જીવ ગર્ભમાં રહેલ હોય ત્યારે જે આહાર કરે, તે આહાર શ્રોત્રાદિ ઈન્દ્રિયપણે પુષ્ટિ ભાવને લાવે છે. ઈન્દ્રિયો બે ભેદે — પુદ્ગલરૂપ દ્રવ્યેન્દ્રિય અને લબ્ધિ-ઉપયોગરૂપ ભાવેન્દ્રિય. વળી નિર્વૃત્તિ - ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે. તેમાં નિર્વૃત્તિ બે ભેદે - અંતર્ અને બહાર. તેમાં અંતઃ - મધ્યમાં, ચક્ષુથી ન દેખાય, પણ કેવલી દૃષ્ટ કદંબ કુસુમાકાર દેહ અવયવ રૂપ કંઈક નિર્વૃત્તિ હોય, જે શબ્દ ગ્રહણના ઉપકારમાં વર્તે છે. ચક્ષુ ઈન્દ્રિય મધ્યે કેવલિ ગમ્ય ધાન્ય મસૂરાકાર દેહ અવયવ રૂપ કંઈક નિર્વૃત્તિ હોય, જે રૂપ ગ્રહણના ઉપકારમાં વર્તે છે. ઈત્યાદિ - x -

બહિર્નિર્વૃત્તિ - બધાં શ્રોત્રાદિ કર્ણશષ્કુલિકાદિક દેખાય છે, તે જ માનવા. ઉપકરણેન્દ્રિય, તે જ કદંબ ગોલક આકારાદિના ખડ્ગની છેદન શક્તિ માફક કે જ્વલનની દહન શક્તિ માફક જે પોત-પોતાની વિષય ગ્રહણ શક્તિ, તે સ્વરૂપે જાણવું. તથા જ્ઞાનાવરણકર્મ ક્ષયોપશમથી જીવની શબ્દાદિ ગ્રહણ શક્તિરૂપ લબ્ધિભાવેન્દ્રિય જે શબ્દાદિના જ ગ્રહણ પરિણામ લક્ષણ, તે ઉપયોગ ભાવેન્દ્રિય છે. તેમાં જેટલી દ્રવ્યેન્દ્રિયો, તે જીવોની ઈન્દ્રિય પર્યાપ્તિ હોવાથી થાય છે. જેટલી ભાવેન્દ્રિયો તે સંસારીને સર્વાવસ્થામાં હોય છે.

આંખનો વિષય, અપ્રકાશક વસ્તુ પર્વતાદિ આશ્રીને આત્માંગુલથી સાતિરેક લાખ યોજન, પ્રકાશકમાં સૂર્ય-ચંદ્ર આદિમાં અધિક પણ વિષય પરિમાણ થાય છે. - x - x - જઘન્ય થકી અતિ નીકટ રજોમલ આદિના અગ્રહણથી અંગુલના અસંખ્યાત ભાગથી આગળ સ્થિત વસ્તુ ચક્ષુનો વિષય છે શ્રોત્રનો ઉત્કૃષ્ટ વિષય ૧૨-યોજન, ઘ્રાણ-રસ-સ્પર્શનનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન છે. જઘન્યથી ચારેમાં અંગુલના અસંખ્યાત ભાગથી આવેલ ગંધાદિ વિષય છે.

મનને તો કેવળજ્ઞાન જ સમસ્ત મૂર્ત-અમૂર્ત વસ્તુ વિષયપણાથી, ક્ષેત્રથી વિષયપ્રમાણ નથી, કેમકે મનથી અપ્રાપ્યકારીપણે છે. અહીં વિષયપ્રમાણ ઈન્દ્રિયવિચારમાં આત્માંગુલથી જ જાણવું તથા હાડકાં, હાડકાં મધ્યેનો અવયવ, મસ્તકના વાળ, દાઢી-મૂછના વાળ, બગલ આદિના વાળ રૂપે પરિણમે છે. આ કારણથી હે ગૌતમ ! પૂર્વોક્ત પ્રકર્ષથી કહ્યું કે ગર્ભગતજીવને વિષ્ઠા યાવત્ લોહી ન હોય.

ફરી ગૌતમ જ્ઞાતનંદનને પૂછે છે —

● **સૂત્ર-૨૧ :-**

***ભગવન્ ! ગર્ભગત જીવ મુખેથી કવલ આહાર કરવા સમર્થ છે ? ગૌતમ !***

***ના, આ અર્થ સમર્થ નથી.***

***ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! ગર્ભસ્થ જીવ ચોતરફથી આહાર કરે છે, ચોતરફ પરિણમાવે છે, ચોતરફથી શ્વાસ લે છે અને ચોતરફ શ્વાસ લે છે અને ચોતરફ મૂકે છે. વારંવાર આહાર લે છે અને પરિણમાવે છે, વારંવાર શ્વાલ લે છે અને મૂકે છે. જલ્દીથી આહાર લે છે અને મૂકે છે, જલ્દીથી શ્વાસ લે છે અને મૂકે છે.***

***માતાના શરીરને જોડાયેલ, પુત્રના શરીરને સ્પર્શિત કરતી એક નાડી હોય છે, જે માતાના શરીર રસની ગ્રાહક અને પુત્રના જીવન રસની સંગ્રાહક હોય છે. તેથી તે જેવો આહાર ગ્રહણ કરે છે, તેવો જ પરિણમાવે છે. પુત્રના શરીર સાથે જોડાયેલ અને માતાના શરીરને સ્પર્શતી એક બીજી નાડી હોય છે. તેથી કહ્યું કે ગર્ભસ્થ જીવ મુખેથી કવલ-આહાર ગ્રહણ કરવા સમર્થ નથી.***

**● વિવેચન-૨૧ :-**

હે ભદંત ! હે ભવાંત ! કરુણા એક રસ કૃત-વાણીની વૃષ્ટિથી આર્દ્રીકૃત - ભવ્યહૃદય વસુંધર ! ગર્ભસ્થ જીવ મુખેથી કવલ આહાર-અશનાદિ ખાવાને માટે સમર્થ છે ? જગદીશ્વરે કહ્યું — હે ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી - એમ કેમ કહો છો ?

વિશ્વૈકવત્સલ વીરસ્વામીએ કહ્યું — ગૌતમ ! જીવ ગર્ભસ્થ હોય ત્યારે સર્વ પ્રકારે આહારપણે ગ્રહણ કરે છે. સર્વ પ્રકારે શરીરાદિપણે પરિણમાવે છે. સર્વ પ્રકારે ઉર્ધ્વ શ્વાસ ગ્રહણ કરે છે, સર્વ પ્રકારે શ્વાસને મૂકે છે. એ રીતે ફરી-ફરી આહાર કરે છે ઈત્યાદિ, કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ તેવા સ્વભાવપણાથી આહાર કરતો નથી. કદાચિત્ પરિણમાવે છે, કદાચિત્ પરિણમાવતો નથી ઈત્યાદિ.

હવે કઈ રીતે ચોતરફથી આહાર કરે છે ? જેનાથી રસ ગ્રહણ કરાય તે રસહરણી અર્થાત્ નાભિની નાળ. માતૃજીવની રસહરણી તે માતૃજીવ રસ હરણી. પુત્રના રસ ઉપાદાનમાં કારણપણાથી પુત્ર જીવ રસહરણી. તે માતૃજીવ પ્રતિબદ્ધ છે અને પુત્રના જીવને સ્પૃષ્ટવતી છે અથવા માતૃજીવરસહરણી અને પુત્રજીવરસ હરણી એમ બે નાડીઓ છે. જેમાં માતૃજીવ પ્રતિબદ્ધ રસહરણી પુત્રજીવને સ્પર્શનથી આહાર કરે છે, તેમાંથી પરિણમે છે. પુત્રજીવરસહરણી પુત્રજીવ પ્રતિબદ્ધ થઈ માતૃજીવને સ્પર્શે છે, જેમાંથી શરીરનું ચયન કરે છે. - x -

ફરી ગૌતમ વીરસ્વામીને પ્રશ્ન કરે છે —

**● સૂત્ર-૨૨ :-**

***ગર્ભસ્થ જીવ ક્યો આહાર કરે ? ગૌતમ ! તેની માતા જે વિવિધ પ્રકારની નવ રસ વિગઈ, કડવું-તીખું-તુરુ-ખારુ-મીઠું દ્રવ્ય ખાય તેના જ આંશિકરૂપે ઓજાહાર કરે છે. તે જીવની ફળના બિંટ જેવી કમળની નાળના આકારની નાભિ હોય છે, તે રસ ગ્રાહક નાડી માતાની નાભિ સાથે જોડાયેલી હોય છે, તે નાડીથી ગર્ભસ્થજીવ ઓજાહાર કરે છે અને વૃદ્ધિ પામી યાવત્ જન્મે છે.***





**● વિવેચન-૨૨ :-**

ગર્ભસ્થ જીવ શો આહાર કરે છે ? ગૌતમ ! તે ગર્ભ સત્ત્વની ગર્ભધારિણી માતા વિવિધ પ્રકારે રસરૂપે કે રસ પ્રધાન દુધ આદિ રસવિકારોને આહારે છે. તથા જે કંઈ તિક્તાદિ દ્રવ્યો ખાય છે, તેમાં તિક્ત - લીંબડો આદિ, કટુક - આદુ વગેરે, કષાય - વાલ આદિ, અમ્લ - છાસ આદિ, મધુર-દુધ આદિ. તેનો એક દેશ ઓજની સાથે ખાય છે અથવા એક દેશથી માતાના આહારથી મિશ્ર ઓજને ખાય છે.

કઈ રીતે ? તે ગર્ભસ્થ જીવની માતાને નાભિનાલ હોય છે. કેવી ? ફલવૃંત્ત સમાન, વળી કેવી ? ગાઢ જોડાયેલી. ક્યાં ? નાભિમાં, કઈ રીતે ? સદા. માતાની નાભિ સાથે જોડેલ રસ હરણી વડે. ઉદરમાં રહેલ જીવ માતાના આહારથી મિશ્ર શુક્રશોણિત રૂપ ગ્રહણ કરે છે અથવા ભોજન કરે છે, - x - ગર્ભ વૃદ્ધિ પામે છે.

ફરી ગૌતમ વીરદેવને પ્રશ્ન કરે છે —

**● સૂત્ર-૨૩ :-**

***ભગવન્ ! માતૃ અંગો કેટલાં કહેલાં છે ? ગૌતમ ! માતૃઅંગ ત્રણ કહેલા છે, તે આ રીતે — માંસ, લોહી, મસ્તક.***

***ભગવન્ ! પિતૃ અંગો કેટલાં કહેલા છે ? ગૌતમ ! પિતૃઅંગ ત્રણ કહેલા છે — હાડકાં, હાડકાની મજ્જા, દાઢી-મુંછ રોમ-નખ.***

**● વિવેચન-૨૩ :-**

ભગવન્ ! કેટલાં માતૃ અંગો — આર્ત્તબહુલ કહેલાં છે ? જગદીશ્વર, જગત્ત્રાતા, જગદ્‌ભાવ વિજ્ઞાતા વીરે કહ્યું — હે ગણધર ગૌતમ ! ત્રણ માતાના અંગો મેં તથા અન્ય જગદીશ્વરોએ કહ્યા છે. તે આ પ્રમાણે — માંસ, લોહી, મસ્તકભેજુ. બીજા કહે છે — મેદ, ફેફસાદિ અને મસ્તક. ભગવન્ ! પૈતૃક અંગો - શુક્ર વિકાર બહુલ કહેલ છે ? હે ગૌતમ ! પૈતૃક અંગો ત્રણ કહેલ છે, તે આ પ્રમાણે — હાડકાં, હાડકાં મધ્યેના અવયવ, કેશાદિ. તેમાં કેશ - મસ્તકનતા વાળ, શ્મશ્રૂ - દાઢી મુંછ, રોમ - કક્ષાદિના કેશ, કેશાદિ બહુસમાન રૂપત્વથી એક જ છે. ઉક્ત અંગ સિવાયના અંગો શુક્ર-શોણિતના સમવિકાર-રૂપત્વથી માતા-પિતાના સાધારણ છે.

ગર્ભસ્થજીવ પણ કોઈ ક્યારેક નરકે કે દેવલોકે જાય છે, તેથી ગૌતમસ્વામી ભગવંત વીરને પૂછે છે —

**● સૂત્ર-૨૪ :-**

***ભગવન્ ! ગર્ભસ્થ જીવ નૈરયિકમાં ઉપજે ? ગૌતમ ! કેટલાંક ઉપજે, કેટલાંક ન ઉપજે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે જીવ ગર્ભસ્થ સંજ્ઞી પંચેન્દ્રિય હોય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત હોય, વીર્યલબ્ધિ-વિભંગજ્ઞાનલબ્ધિ - વૈક્રિય લબ્ધિ હોય. તે વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત શત્રુસેના આવેલી સાંભળી, સમજી વિચારે કે હું આત્મપ્રદેશ બહાર કાઢું છું, પછી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને ચાતુરંગિણી સેના સજ્જ કરે. કરીને પરસૈન્ય સાથે સંગ્રામ કરે. તે જીવ અર્થ-રાજ્ય-ભોગ-કામ કામિત થઈ, અર્થ-રાજ્ય-ભોગ-કામ કાંક્ષિત થઈ, અર્થ-***

***ભોગ-રાજ્ય-કામ પિપાસુ થઈને - તેમાં ચિત્ત-મન-લેશ્યા-અધ્યવસિત-તીવ્ર અધ્યવસાન-તે અર્થમાં જ ઉપયુક્ત - તેના અર્પિત કરણમાં - તે ભાવના ભાવિત થઈ, આ અંતરમાં કાળ કરી નૈરયિકમાં*** ઉત્પન્ન થાય.

***આ કારણે એમ કહ્યું કે — ગર્ભસ્થ જીવમાં કેટલાંક નૈરયિકપણે ઉપજે અને કેટલાંક ન ઉપજે.***

**● વિવેચન-૨૪ :-**

ભગવન્ ! ગર્ભસ્થ જીવ મરીને નરકમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! કોઈ સગર્વરાજાદિ ગર્ભરૂપે ઉત્પન્ન થાય, તો નરકે પણ જાય, કોઈ નરકે ન જાય. ગર્ભગત જે જીવને આહારાદિ સંજ્ઞા હોય તે સંજ્ઞી, શ્રવણાદિ પાંચ ઈન્દ્રિયો જેને વિધમાન છે તે પંચેન્દ્રિય. આહારાદિ છ પર્યાપ્તિ વડે પર્યાપ્ત. અહીં બે માસ કરતાં વધુ, એમ ન કહેલ હોવા છતાં જાણવું. કેમકે બે માસ મધ્યે વર્તતો ગર્ભસ્થ મનુષ્ય નરક કે દેવલોકે ન જાય, તેમ ભગવતીજીમાં કહેલ છે. પૂર્વભવની વીર્ય અને વિભંગજ્ઞાન લબ્ધિથી, જો કે ભગવતીમાં વિભંગજ્ઞાન લબ્ધિ પદ નથી.

વૈક્રિયલબ્ધિ પામીને, અથવા વીર્યલબ્ધિતક, વિભંગજ્ઞાનલબ્ધિક, વૈક્રિયલબ્ધિક પામીને શત્રુસૈન્યને આવેલ સાંભળીને, મનથી અવધારીને સ્વપ્રદેશોને અનંતાનંત કર્મસ્કંધ વિંધીને ગર્ભદેશથી બહાર કાઢે છે. કાઢીને વિષ્કંભ અને બાહલ્યથી શરીર પ્રમાણ લંબાઈથી સંખ્યાતયોજન પ્રમાણ જીવ પ્રદેશદંડ કાઢે. વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય. તથાવિધ પુદ્ગલ ગ્રહીને હાથી-ઘોડા-રથ-પદાતિરૂપ ચતુરંગિની સેનાને સજ્જ કરે છે. પછી પરસૈન્ય સાથે સંગ્રામ કરે છે.

તે યુદ્ધકર્તા જીવ દ્રવ્યની વાંછા માત્ર તે અર્થકામ. એ પ્રમાણે બીજા પણ વિશેષણો જાણવા. વિશેષ એ કે — राज्य - નૃપત્વ, भोग - ગંધ, રસ, સ્પર્સ. काम - શબ્દ, રૂપ. कांक्षा - ગૃદ્ધિ, આસક્તિ. દ્રવ્યની કાંક્ષા જેને થાય તે અર્થકાંક્ષી, એ પ્રમાણે રાજ્યાદિને જાણવા. પ્રાપ્તિ અર્થે અતૃપ્તિ તે પિપાસા, તે જેને ઉત્પન્ન થઈ છે તે અર્થપિપાસિત. એ પ્રમાણે રાજ્યાદિને જાણવા.

तच्चित्त० ઈત્યાદિ. અર્થ-રાજ્ય-ભોગ-કામમાં સામાન્યોપયોગ, તે અર્થાદિમાં વિશેષોપયોગ, તે અર્થાદિમાં આત્મપરિણામ વિશેષ, તે અર્થ આદિમાં જ અધ્યવસિત - પરિભોગ ક્રિયા સંપાદન વિષય. તે અર્થ આદિમાં આરંભકાળથી આરંભી પ્રકર્ષયાયી પ્રયત્ન વિશેષરૂપ, તે અર્થાદિ નિમિત્ત ઉપયોગવંત, તે અર્થ આદિમાં અર્પિત ઈન્દ્રિયો કૃત-કારિત-અનુમિતરૂપ જેને છે તે. અર્થાદિ સંસ્કારથી જે ભાવિત છે તે. આવા સંગ્રામ કરણ અવસરમાં જો મરણ થાય, તો નરકમાં ગાઢ દુઃખાકુલમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યભવ છોડીને મહારંભી મિથ્યાર્દષ્ટિ નરકમાં જાય છે - x -

ફરી ગૌતમ ભગવંત વીરને પ્રશ્ન કરે છે —

**● સૂત્ર-૨૫ :-**

***ભગવન્ ! ગર્ભસ્થ જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય ? કોઈ ઉત્પન્ન થાય, કોઈ ન થાય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે જીવ ગર્ભ પ્રાપ્ત હોય, સંજ્ઞી***



***પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, વૈક્રિયલબ્ધિથી, અવધિજ્ઞાનલબ્ધિથી તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળી, અવધારીને તે તીવ્ર સંવેગ સંજાત શ્રાદ્ધ, તીવ્ર ધર્માનુરાગરક્ત થાય.***

***તે જીવ ધર્મકામી, પુન્યકામી, સ્વર્ગકામી, મોક્ષકામી થાય. ધર્મકાંક્ષિત, પુન્યકાંક્ષિત, સ્વર્ગકાંક્ષિત, મોક્ષકાંક્ષિત થાય. ધર્મ-પુન્ય-સ્વરગ-મોક્ષ પિપાસિત થાય. તેમાં ચિત્ત, તેમાં મન, તે લેશ્યા, તે અધ્યવસિત, તે તીવ્ર અધ્યવસાન, તે અર્પિતકરણ, તે અર્થમાં ઉપયુક્ત, તે ભાવનાભાવિત હોય. આ અંતરમાં કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય.***

***આ કારણે હે ગૌતમ ! એમ કહ્યું કે કેટલાંક દેવલોકમાં ઉપજે છે, કેટલાંક ઉત્પન્ન થતાં નથી.***

**● વિવેચન-૨૫ :-**

હે ભગવન્ ! ગર્ભમાં રહેલ જીવ મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! હા, કોઈક ઉત્પન્ન થાય, કોઈક ઉત્પન્ન ન થાય. હે ભગવન્ ! કયા કારણે એમ કહો છો ?

હે ગૌતમ ! ગર્ભમાં રહેલ જીવ સંજ્ઞી પંચેન્દ્રિય હોય, બધી પર્યાપ્તિથી પર્યાપ્ત હોય, બે માસથી વધારે હોય કેમકે બે માસ મધ્યવર્તી સ્વર્ગે ન જાય. પૂર્વ ભવનો વૈક્રિય લબ્ધિક હોય, પૂર્વભવિક અવધિજ્ઞાનલબ્ધિક હોય. ઉચિત એવા સાધુને, અહીં 'वा' શબ્દ દેવલોકોત્પાદ હેતુત્વ પ્રતિ શ્રમણ અને બ્રાહ્મણ વચનની તુલ્યતા દેખાડે છે. 'मा-हन' એ પ્રમાણે આદેશથી પોતાને સ્થૂલપ્રાણાતિપાતાદિથી નિવૃત્ત જે કરે તે માહન. અથવા ब्राह्मण - બ્રહ્મચર્યના દેશથી સદ્ભાવ વડે બ્રાહ્મણ-દેશવિરત અથવા શ્રમણ-સાધુ, માહન-પરમગીતાર્થ.

તેમની પાસે માત્ર એક પણ आर्य - પાપકર્મોથી દૂર રહે તે, ધાર્મિક સુવચન સાંભળી, મનથી અવધારી, પછી તે ગર્ભસ્થ જીવ તીવ્ર સંવેગથી દુઃખલક્ષ-આકુળ ભવ ભયથી સંજાત ધર્માદિમાં શ્રદ્ધાવાળો થાય. તીવ્ર ધર્મબહુમાનથી રક્ત થાય, તે ગર્ભસ્થ વૈરાગ્યવાન્ જીવ - શ્રુત ચારિત્રરૂપ ધર્મ, વાંછા માત્ર-કામ વાળો તે ધર્મકામક થાય. पुण्य - તેના ફળરૂપ શુભકર્મ કામી થાય. - x - સ્વર્ગકામી થાય, મોક્ષ-અનંતાનંત સુખમય, તેનો કામી થાય. તે પ્રમાણે બધે જાણવું.

વિશેષ આ - कांक्षा - ગૃદ્ધિ, આસક્તિ. - x - पिपासा - પ્રાપ્ત થવા છતાં ધર્મમાં અતૃપ્તિ તે ધર્મપિપાસા ઈત્યાદિ. તત્ ચિત્ આદિ આઠ વિશેષણો ધર્મ, પુન્ય, સ્વર્ગ, મોક્ષમાં શુભ જાણવા. - x - આ ધર્મધ્યાન અવસરમાં મરણ થાય તો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ કારણે હે ગૌતમ ! અમે કહીએ છીએ કે કોઈ દેવલોકમાં જાય, કોઈ ન જાય.

ગર્ભાધિકારમાં ફરી ગૌતમસ્વામી પૂછે છે —

**● સૂત્ર-૨૬ થી ૪૨ :-**

***ગર્ભમાં રહેલ જીવ ઉલટો સુવે, પડખે સુવે કે વક્ર આકારે ? ઉભો હોય***

*કે બેઠો ? સુતો હોય કે જાગતો ? માતા સુવે ત્યારે સુવે અને જાગે ત્યારે જાગે ? માતા સુખી હોય તો સુખી અને દુઃખી હોય તો દુઃખી રહે ? હા, ગૌતમ ! તેમજ છે.*

*સ્થિર રહેલા ગર્ભનું માતા રક્ષણ કરે, સમ્યક્‌રૂપે પરિપાલન કરે, વહન કરે, તેને સીધો રાખે અને એ રીતે ગર્ભની અને પોતાની રક્ષા કરે.*

*માતા સુવે ત્યારે સુવે, જાગે ત્યારે જાગે, સુખી હોય તો સુખી અને દુઃખી હોય ત્યારે દુઃખી થાય છે.*

*તેને વિષ્ઠા, મૂત્ર, કફ, નાકનો મેલ પણ ન હોય અને આહાર અસ્થિ, મજ્જા, નખ, કેશ, શ્મશ્રુરૂપે પરિણમે છે.*

*આહાર પરિણમન અને શ્વાસોચ્છ્‌વાસ બધું શરીર પ્રદેશોથી થાય છે અને તે ક્વાલાહાર કરતો નથી.*

*આ રીતે દુઃખીજીવ ગર્ભમાં શરીરને પ્રાપ્ત કરી અશુચિ પ્રદેશમાં નિવાસ કરે છે. પરમ અંધકારમાં રહે છે.*

*હે આયુષ્યમાન્‌ ! ત્યારે નવમાં મહિનામાં માતા તેના દ્વારા ઉત્પન્ન થનારા ગર્ભને ચારમાંથી કોઈ એકરૂપે જન્મ આપે છે. તે આ પ્રમાણે — સ્ત્રી, પુરુષ, નપુંસક, પિંડ.*

*શુક્ર ઓછું — રજ વધુ હોય તો સ્ત્રી, રજ ઓછી - શુક્ર વધુ તો પુરુષ, રજ અને શુક્ર બંને સમાન હો તો નપુંસક માત્ર સ્ત્રી-રજની સ્થિરતા રહે તો પિંડ ઉત્પન્ન થાય.*

*પ્રસવકાળે બાળક માથા અથવા પગથી નીકળે છે. જો તે સીધું બહાર નીકળે તો સકુશલ જન્મે, પણ જો તીર્છું થઈ જાય તો મરણ પામે છે.*

*કોઈ પાપાત્મા અશુચિ પ્રસુત અને અશુચિરૂપ ગર્ભવાસમાં ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી રહે છે.*

*જન્મ અને મૃત્યુ સમયે જીવ જે દુઃખ પામે છે. તેનાથી તે વિમૂઢ બનેલો પોતાના પૂર્વજન્મોનું સ્મરણ કરી શકતો નથી. ત્યારે રડતો તથા પોતાની માતાના શરીરને પીડા પહોંચાડતો યોનિ મુખથી બહાર નીકળે છે.*

*ગર્ભગૃહમાં જીવ કુંભીપાક નરકની જેમ વિષ્ઠા, મૂત્ર આદિ અશુચિ સ્થાને ઉત્પન્ન થાય છે, જેમ વિષ્ઠામાં કૃમિ ઉત્પન્ન થાય છે, તે જ રીતે પુરુષના પિત્ત, કફ, વીર્ય, લોહી અને મૂત્રમાં જીવ ઉત્પન્ન થાય છે.*

*તે જીવનું શુદ્ધિકરણ કઈ રીતે થાય જેની ઉત્પત્તિ જ શુક્ર અને લોહીના સમૂહમાં થઈ હોય ?*

*અશુચિથી ઉત્પન્ન અને હંમેશાં દુર્ગંધયુક્ત વિષ્ઠાથી ભરેલા અને હંમેશાં શુચિની અપેક્ષા કરનારા આ શરીર પર ગર્વ કેવો ?*

● **વિવેચન-૨૬ થી ૪૨ :-**

ભગવન્‌ ! ગર્ભગત જીવ ચત્તો કે ઉન્મુખ સુવે ? પડખે સુવે ? આમ્રફળવત્‌



કુબ્જ સુવે ? આદિ પ્રશ્નો-સૂત્રાર્થ મુજબ જ જાણવા. વિશેષ શબ્દોનો અર્થ આ રીતે — अच्छिच्च - સામાન્યથી રહેલ. चिट्ठेज्ज - ઉર્ધ્વસ્થાનથી, निसीएज्ज - નિષદન સ્થાનથી, तुयट्टेज्ज - નિદ્રા વડે સુવું, आसइज्ज - ગર્ભમધ્યપ્રદેશ. - x - सुयइ - નિદ્રા કરતી, जागरमणी - જાગરણ કરતી - નિદ્રા નાશ કરતી. - x - हंत - કોમળ આમંત્રણ કે સ્વીકારવચન છે.

હવે પૂર્વોક્ત પદ્ય ચાર ગાથા વડે દેખાડતા કહે છે — સ્થિરજાત - સ્થિરીભૂત, रक्षति - સામાન્યથી પાલન કરે છે, સમ્યક્‌ પ્રયત્નપૂર્વક રક્ષણ કરે છે. संवहति - ગમનાગમનાદિ પ્રકારથી સુવે છે. रक्षति - આહારાદિ વડે પોતાને અને ગર્ભને પાળે છે. - x - ઉદરનો ગર્ભ માતાના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય. ઉચ્ચાર-વિષ્ઠા, પ્રશ્રવણ-મૂત્ર, ખેલ-કફ, સિંઘાણ - નાકનો મેલ, તે ગર્ભને હોતો નથી. માતાના જઠરમાં જીવ આહારપણાથી જે ગ્રહણ કરે તે હાડકાં-મજ્જા-કેશાદિ રૂપે પરિણમે છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારે શરીર પ્રાપ્ત થતાં માતાની કુક્ષીમાં કેદખાનામાં પુરેલા ચોર માફક રહે છે. જેમ અગ્નિથી તપેલ સોયો વડે ભેદાતા પ્રાણીને જેવું દુઃખ થાય, તેનાથી આઠ ગણું જે દુઃખ થાય, તેવા દુઃખથી જીવ ગર્ભમાં દુઃખી થાય છે, ત્યાં મહા અંધકાર વ્યાપ્ત છે. તેમાં વિષ્ઠાપૂર્ણ પ્રદેશમાં જીવને રહેવાનું સ્થાન હોય.

હે આયુષ્યમાન્‌ ! ઈન્દ્રભૂતિ ! આઠ માસ પછી નવમો માસ અતિક્રાંત થતાં કે વર્તતા કે અપ્રાપ્ત હોય ત્યારે સ્ત્રી-આદિ રૂપ ચારમાંથી કોઈ એકને માતા જન્મ આપે. (૧) સ્ત્રી કે સ્ત્રી આકારે જન્મે, (૨) પુરુષ કે પુરુષાકારે, (૩) નપુંસક કે નપુંસક આકારે, (૪) બિંબ કે બિંબાકારે - ગર્ભાકૃતિ આર્ત્તવપરિણામ, પણ ગર્ભ નહીં જ. આ ચારે કઈ રીતે થાય ?

(૧) ઓજ અલ્પ અને શુક્ર વધુ હોય તો પુરુષ જન્મે, (૨) અલ્પ શુક્ર અને બહુ ઓજ હોય તો સ્ત્રી જન્મે, (૩) બંને લોહી અને વીર્ય સરખા હોય તો નપુંસક જન્મે. (૪) સ્ત્રીનું ઓજ વાયુના કારણે સ્થિર થઈ જાય તો તે ગર્ભાશયમાં બિંબ જન્મે છે.

હવે જન્મકાળ અવસરે મસ્તકેથી કે બંને પગ વડે આવે છે. समम्‌ - અવિષમ આવે છે. અથવા સમ્યક્‌ - ઉપઘાત રહિતપણે માતાના ઉદરથી યોનિમાંથી નીકળે છે. તીર્છું થઈને તે જઠરથી નીકળવાને પ્રવર્તે તો વિનિઘાત-મરણ પામે, કેમકે તે રીતે નીકળવાનું અશક્ય છે. કોઈ વળી પાપકારી-ગ્રામઘાતક, જઠર વિદારણ, જિન-મુનિ મહાઆશાતના કરનાર વાત-પિત્તથી દૂષિત કે દેવાદિથી સ્તંભિત હોય, તે ઉત્કૃષ્ટ બાર વર્ષ રહે છે. तु શબ્દથી ગર્ભોક્ત પ્રબળ દુઃખ સહેતો ગર્ભવાસમાં રહે છે. તે ગર્ભવાસ અશુચિ પ્રભવ અને અશુચિરૂપ હોય છે.

(શંકા) નવ માસ માત્ર જવા છતાં પૂર્વના ભવને સામાન્ય જીવ કેમ યાદ કરી શકતો નથી ? ગર્ભથી નીકળતા કે ત્યાં ઉપજતા જે દુઃખ થાય છે અથવા ફરી મરતાં જે દુઃખ થાય છે, તે દારુણ દુઃખથી મહામોહ પામીને પોતાના ભવને તે મૂઢાત્મા પ્રાણી યાદ કરી શકતો નથી કે હું પૂર્વભવે કોણ હતો ? તે ન જાણે.

પરમ કરુણોત્પાદક સ્વરને ગાઢપણે કરતો ગર્ભસ્થ જીવ યોનિમુખથી નીકળે ત્યારે માતાને અને પોતાને પણ અતુલ્ય વેદના ઉત્પાદન કરે છે. ગર્ભમાં જીવ કોષ્ઠિક આકૃતિના તપતા લોઢાના વાસણ જેવા નારકોત્પત્તિ સ્થાન તુલ્યમાં રહીને વિષ્ઠા જેવા ગર્ભગૃહમાં, જે અશુચિ પ્રભવ, અપવિત્ર સ્વરૂપ, પિત્ત-શ્લેષ્મ-શુક્ર-લોહી-મૂત્ર-વિષ્ઠા મધ્યે ઉત્પન્ન થાય છે.

કોની જેમ ? વિષ્ઠાના કીડાની જેમ. જેમ કૃમિબેઈન્દ્રિય જંતુ વિશેષ, ઉદર મધ્યે વિષ્ઠામાં ઉત્પન્ન થાય છે, તે રીતે જીવ પણ ઉત્પન્ન થાય છે. હવે તે ગર્ભગત જીવના શરીર સંસ્કાર કેવા પ્રકારના થાય છે ? જે ભંગુર શરીરની ઉત્પત્તિ વીર્ય અને લોહીની ખાણમાં વર્તે છે. આવા શરીરમાં ઉદરમાં કલમલથી ભરેલ, વિષ્ઠાથી આકીર્ણ ઉદરમાં પોતાને અને બીજાને જુગુપ્સાયોગ્ય છે

હવે જીવોની દશ દશાનું નિરૂપણ કરાય છે —

● **સૂત્ર-૪૩ થી ૫૪ :-**

***હે આયુષ્યમાન્ ! આ પ્રકારે ઉત્પન્ન જીવની ક્રમથી દશ દશા કહી છે, તે આ પ્રમાણે — બાલા, ક્રીડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયની, પ્રપંચા, પ્રાગ્ભારા, મુન્મુખી અને શાયની. એ દશકાળ દશા.***

***જન્મ થતાં જ તે જીવ પહેલી અવસ્થા પામે છે, તેમાં અજ્ઞાનતાને લીધે સુખ, દુઃખ અને ભુખને જાણતો નથી.***

***બીજી અવસ્થામાં તે વિવિધ ક્રીડા દ્વારા ક્રીડા કરે છે તેની કામ ભોગમાં તીવ્ર મતિ ઉત્પન્ન થતી નથી.***

***ત્રીજી અવસ્થા પામે છે, ત્યારે પાંચે પ્રકારના ભોગો ભોગવવા નિશ્ચે સમર્થ થાય છે.***

***ચોથી બલા નામની અવસ્થામાં મનુષ્ય કોઈ તકલીફ ન હોય તો પણ પોતાનું બળ પ્રદર્શન કરવા સમર્થ થાય છે.***

***પાંચમી અવસ્થામાં તે ધનની ચિંતા માટે સમર્થ હોય છે અને પરિવારને પામે છે.***

***છટ્ઠી ''હાયની'' અવસ્થામાં તે ઈન્દ્રિયમાં શિથિલતા આવતા કામભોગ પ્રતિ વિરક્ત થાય છે.***

***સાતમી ''પ્રપંચા'' દશામાં તે સ્નિગ્ધ લાળ અને કફ પાડતો અને વારંવાર ખાસતો રહે છે.***

***આઠમી અવસ્થામાં સંકુચિત થયેલ પેટની ચામડીવાળો તે સ્ત્રીઓને અપ્રિય થાય છે અને વૃદ્ધાવસ્થાવાળો થાય છે.***

***નવમી મુન્મુખ દશામાં શરીર વૃદ્ધાવસ્થાથી આક્રાંત થઈ જાય છે અને કામવાસનાથી રહિત થાય છે.***

***દશમી દશામાં તેની વાણી ક્ષીણ થાય છે, સ્વર બદલાઈ જાય છે. તે દીન, વિપરીત બુદ્ધિ, ભ્રાંત ચિત્ત, દુર્બળ અને દુઃખદ અવસ્થા પામે છે.***



● **વિવેચન-૪૩ થી ૫૪ :-**

હે આયુષ્યમાન્ ! ઉક્ત પ્રકારે ઉત્પન્ન જીવને ક્રમથી દશ અવસ્થા છે. દશ વર્ષ પ્રમાણ પહેલી દશા-અવસ્થા, પછી દશ વર્ષ પ્રમાણ બીજી દશા, એ રીતે દશ દશા. એ રીતે સૂત્રોક્ત બાલા, ક્રીડાદિ ગાથા જાણવી. (૧) બાળક જેવી અવસ્થા, (૨) ક્રીડા પ્રધાન દશા, (૩) વિશિષ્ટ બળ-બુદ્ધિ-કાર્યના ઉપદર્શનમાં અસમર્થ - x - (૪) જેમાં પુરુષનું બળ હોય તે. (૫) પ્રજ્ઞા-વાંછિત અર્થ સંપાદન કુટુંબ અભિવૃદ્ધિ વિષય બુદ્ધિ, (૬) પુરુષની ઈન્દ્રિયો હાનિ પામે તે. (૭) પ્રાગ્ભાર - કંઈક નમેલા કહેવાય તેવા ગાત્રો જેમાં થાય તે. (૮) જરા રાક્ષસી સમાક્રાંત થતાં શરીરરૂપ ગૃહનું મોચન, તેના પ્રત્યે અભિમુખ તે મનમુખી. (૧૦) નિદ્રાયુક્ત કરે છે, તે શાયની.

આ દશે કાળોપલક્ષિતા દશાને કાલદશા કહે છે.

(૧) જન્મેલા માત્ર જીવને જે પહેલી દશ વર્ષ પ્રમાણ અવસ્થા, તેમાં પ્રાયઃ સુખ કે દુઃખ ન જાણે તે - જાતિસ્મરણ આદિ જ્ઞાન રહિત દશા. (૨) બીજી દશામાં જીવ વિવિધ ક્રીડા કરે છે, તેમાં જીવ શબ્દ અને રૂપ - કામ, ગંધ, રસ, સ્પર્શ તે ભોગ. તે કામભોગમાં પ્રબળ રતિ થતી નથી.

(૩) ત્રીજી દશા પ્રાપ્તને શબ્દાદિ પાંચ કામગુણમાં આસક્તિ થાય છે. ભોગો ભોગવવા સમર્થ થાય છે. - x - (૪) આ દશામાં મનુષ્ય સમર્થ થાય છે - સ્વવીર્યને દર્શાવવા માટે, જો રોગાદિ કલેશ રહિત હોય તો અન્યથા વિનાશ પામે.

(૫) અનુક્રમે જે મનુષ્ય સમર્થ થાય - દ્રવ્ય ચિંતા કરવા, ફરી કુટુંબ ચિંતામાં પ્રવર્તે છે. (૬) અહીં પ્રવાહથી વિરક્ત થાય છે. કોનાથી ? કંદર્પ અભિલાષથી, શ્રવણાદિ પાંચે ઈન્દ્રિયો હાનિને પામે છે. (૭) અહીં-તહીં કફ, શ્લેષ્મ આદિ બહાર કાઢે છે, વારંવાર ખાંસતો રહે છે, ઈત્યાદિ.

(૮) જીવ સંકુચિત ચામડીવાળો થાય છે, ફરી જરા વડે વ્યાપ્ત થાય છે, સ્વ-પર સ્ત્રીને અનિષ્ટ થાય છે. (૯) તેમાં જરા ગૃહમાં શરીર નાશ પામે છે, જીવ વિષયાદિ ઈચ્છા રહિત થાય છે. (૧૦) હીન સ્વર, ભિન્ન સ્વર, દીનત્વ, પૂર્વાવસ્થાથી વિપરીત, દુર્બળ, રોગાદિ પીડાથી દુઃખિતાદિ થાય.

● **સૂત્ર-૫૫ થી ૬૨ :-**

***દશ વર્ષની ઉંમર દૈહિક વિકાસની, વીસ વર્ષની ઉંમર વિદ્યા પ્રાપ્તિની, ત્રીશ વર્ષ સુધી વિષયસુખ, ચાલીશ વર્ષ સુધી વિષયસુખ, ચાલીશ વર્ષ સુધી વિશિષ્ટ જ્ઞાન, પચાશે આંખની દૃષ્ટિની ક્ષીણતા, સાઠે બાહુબળ ઘટે, સીતેરમે ભોગ હાનિ, એંસીમેં ચેતના ક્ષીણ થાય, નેવું મે શરીર નમી જાય, સોમે વર્ષે જીવન પૂર્ણ થાય. આટલામાં સુખ કેટલું અને દુઃખ કેટલું ?***

***જે સુખપૂર્વક ૧૦૦ વર્ષ જીવે અને ભોગો ભોગવે, તેના માટે પણ જિનભાષિત ધર્મનું સેવન શ્રેયસ્કર છે. જે નિત્ય દુઃખી અને કષ્ટપૂર્ણ અવસ્થામાં જ જીવન જીવે છે તેના માટે શ્રેષ્ઠ શું ? તેણે જિનેન્દ્ર કથિત ધર્મનું પાલન કરવું.***

***સાંસારિક સુખ ભોગવતો એમ વિચારી ધર્માચરણ કરે કે મને ભવાંતરમાં***

*શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થશે. દુઃખી એમ માની ધર્માચરણ કરે કે ભવાંતરમાં મને દુઃખ પ્રાપ્ત ન થાય.*

*નર કે નારીને જાતિ, કુળ, વિદ્યા, સુશિક્ષા પણ સંસારથી પાર ઉતારતી નથી. આ બધું તો શુભ કર્મોથી જ વૃદ્ધિ પામે છે શુભ કર્મો ક્ષીણ થતાં પૌરુષ પણ ક્ષીણ થાય છે, શુભ કર્મોની વૃદ્ધિ થતાં પૌરુષ પણ વૃદ્ધિ પામે છે.*

● વિવેચન-૫૫ થી ૬૨ :-

દર્શ વર્ષ પ્રમાણ જીવનું બાલોત્પાટન - મુંડન કરવું તે લોકોક્તિ છે, ઉપલક્ષણથી બીજો પણ પ્રથમાવસ્થામાં મહોત્સવ વિશેષ જાણવો. બીજી અવસ્થામાં વિદ્યા ગ્રહણ કરે છે, ત્રીજીમાં ભોગો ભોગવે, ચોથીમાં વિજ્ઞાન થાય ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું. અહીં સો વર્ષમાં જીવોનો સુખ ભાગ કહ્યો અને च શબ્દથી દુઃખભાગ પણ કહ્યો. અથવા અહીં ક્રિર્તિત શબ્દથી ''સુખ કેટલું - દુઃખ કેટલું'' અર્થ લેવો.

હવે સો વર્ષાયુ જીવનો બીજો પણ ઉપદેશ આપે છે. જે જીવ સો વર્ષ જીવે - પ્રાણ ધારણ કરે, વળી સુખી-ભોગો ભોગવે, તે પણ જીવનું સદા મંગલ કેવલિ ભાષિત ધર્મ જ કરે છે, તો પછી કષ્ટવાળા આયુ કાળમાં - જે મનુષ્ય સદા દુઃખાકુલ હોય, તે દુઃખી જીવને જિનદર્શિત ધર્મ નંદિષેણના પૂર્વભવ બ્રાહ્મણના જીવની જેમ વિશેષ કરવો જોઈએ.

સુખને ભોગવતો જિનોક્ત ધર્મ આચરે. કેવો ધર્મ ? શ્રેષ્ઠ, મોક્ષને પ્રાપ્ત કરાવનાર. કેવી ભાવનાથી ધર્મ કરવો ? મને આ ભવે કે પર ભવે અતિ કલ્યાણ થાય, તે ભાવનાથી. સુખને ન ભોગવતો પણ ધર્મ કરે. કઈ ભાવનાથી ? મને વધુ પાપ ન થાય - હું એક પાપફળને ભોગવું છું, ફરી ધર્મ ન કરીને અતિપાપફળ ન થાય એવી ભાવનાથી ધર્મને આચરે.

પુરુષ, વા શબ્દથી બાલ આદિ ભેદથી સ્ત્રી, નપુંસક લેવા. જાતિ-માતૃપક્ષ અથવા બ્રાહ્મણાદિ જાતિ. કુલ-પિતૃપક્ષ અથવા ઉગ્ર-ભોગ આદિ કુલ, વિદ્યા, સુશિક્ષિત આમાંનું કોઈ ભવસમુદ્રના કિનારે પહોંચાડનાર નથી. બધું સ્વર્ગ-મોક્ષાદિ સુખ પુન્યથી- સંવિગ્ન સાધુદાનાદિથી પ્રાપ્ત થાય છે. - x - પુણ્ય-અન્ન, પાન, વસ્ત્ર, પીઠફલક, ઔષધાદિ વડે સાધુને દાનાદિથી ઉપાર્જિત શુભ ફળ વડે. હીયમાન-ક્ષય પામેલ, પુરુષાભિમાન अपि શબ્દથી બીજા પણ યશ, કીર્તિ, સ્ફીતિ, લક્ષ્મ્યાદિ ધીમે ધીમે ક્ષય પામે છે અને પુન્ય વધતા પુરુષાકાર પણ વધે છે.

● સૂત્ર-૬૩ :-

*હે આયુષ્યમાન્ ! પુન્ય કૃત્યો કરવાથી પ્રીતિમાં વૃદ્ધિ થાય છે, પ્રશંસા, ધન અને કીર્તિમાં વૃદ્ધિ થાય છે. તેથી હે આયુષ્યમાન્ ! એવું કદી ન વિચારવું કે—*

*અહીં ઘણાં સમય, આવલિકા, ક્ષણ, શ્વાસોચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, દિવસો, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, કરોડ વર્ષ, કોડાકોડી વર્ષ જીવવું છે.*

*જ્યાં અમે ઘણાં શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ*



*સ્વીકારીને સ્થિર રહીશું.*

*હે આયુષ્યમાન્ ! ત્યારે એવું ચિંતન કેમ નથી કરતો કે નિશ્ચયથી આ જીવન ઘણી બાધાથી યુક્ત છે અને તેમાં ઘણાં વાત, પિત, શ્લેષ્મ, સંનિપાત આદિ વિવિધ રોગાતંક જીવિતને સ્પર્શે છે.*

● વિવેચન-૬૩ :-

નિશ્ચે હે આયુષ્યમાન્ ! પુન્ય-શુભ પ્રકૃતિ રૂપ, કૃત્ય-કાર્યો, કરણીય - કરવાને યોગ્ય, પ્રીતિકર - મિત્રાદિ સાથે સ્નેહોત્પાદક વર્ણકર - એક દિશા વ્યાપી સાધુવાદકર. ધનકર - રત્નસમૃદ્ધિ કર, કીર્તિકર-સર્વ દિશા વ્યાપી સાધુવાદ કર. આવા અર્થત્વથી આયુષ્યમાન્ ! આ પ્રમાણે મનમાં પણ વિકલ્પ ન કરવા કે —

આગામી સમયમાં નિશ્ચે ઘણાં સમયો, એ પ્રમાણે આગળ પણ બધે ''ઘણાં'' શબ્દ જોડવો.

સૌથી નિકૃષ્ટ કાળ - સમય, અસંખ્યાત સમયોની એક આવલિકા - જઘન્ય યુક્ત અસંખ્યાત સમય રાશિ પ્રમાણ. ૧૮ નિમેષથી એક કાષ્ઠ બે કાષ્ઠનો લવ. ૧૫ લવથી કળા, બે કળાનો લેશ ૧૫ લેશની ક્ષણ. સંખ્યાત આવલિકાનો એક ઉચ્છ્વાસ, તેટલાં જ કાળે એક નિશ્વાસ. બંને કાલનો એક પ્રાણ. સાત પ્રાણનો સ્તોક. ૭ સ્તોકનો લવ. ૭૭ લવનું મુહૂર્ત્ત. ૧૫ મુહૂર્ત્તનો દિવસ. ૩૦ મુહૂર્ત્તનો અહોરાત્ર. ૧૫ અહોરાત્રનો પક્ષ. બે પક્ષનો માસ. બે માસની ઋતુ. ત્રણ ઋતુનું અયન. બે અયનનું સંવત્સર. પાંચ સંવત્સરનો યુગ. ૨૦ યુગના સો વર્ષ. એ રીતે હજાર, લાખ, કરોડ અને કોડાકોડી.

જે સમય, આવલિકાદિમાં અમે ઘણાં શીલ-સમાધાન, વ્રત-મહાવ્રતો, ગુણ- વિનયાદિ, વેરમણ-અસંયમાદિથી નિવર્તવું, પ્રત્યાખ્યાન - નમસ્કાર સહિત પૌરુષી આદિ, પૌષધ-પર્વદિન અષ્ટમી આદિ તેમાં ઉપવાસ - અભક્તાર્થકરણ પૌષધોપવાસ, તેમાં અમે આચાર્યાદિ પાસે અંગીકાર કરીશું. કરીને પહેલા સાક્ષાત્ કરવા વડે સતત નિષ્પન્ન કરીશું. એમ કેમ ન વિચારવું ?

હે આયુષ્યમાન્ ! તમે સાંભળો, જે કારણે આ જીવિતજીવોનું આયુ નિશ્ચે અંતરાયની બહુલતાવાળું છે, આ પ્રત્યક્ષ ઘણાં વાત-પિત્ત-શ્લેષ્મ-સાન્નિપાતિક જન્ય વિવિધ રોગો-વ્યાધિ અને આતંક જીવિતને સ્પર્શે છે. હવે બધાં મનુષ્યોને રોગો સ્પર્શે ?

● સૂત્ર-૬૪ :-

*હે આયુષ્યમાન્ ! પૂર્વકાળમાં યુગલિક, અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ચારણ અને વિદ્યાધર આદિ મનુષ્ય રોગરહિત હોવાથી લાખો વર્ષો સુધી જીવન જીવતા હતા.*

*તેઓ અત્યંત સૌમ્ય, સુંદર રૂપવાળા, ઉત્તમ ભોગભોગવતા, ઉત્તમ લક્ષણધારી, સર્વાંગ સુંદર શરીરવાળા હતા. તેમના હાથ-પગના તળીયા લાલકમળપત્ર જેવા, કોમળ હતા. આંગળીઓ પણ કોમળ હતી. પર્વત, નગર,*

*મગર, સાગર, ચક્ર આદિ ઉત્તમ અને મંગલ ચિહ્નોથી યુક્ત હતા. પગ કાચબાની જેમ સુપ્રતિષ્ઠિત અને સુસ્થિત, જાંઘ હરિણી અને કુરુવિંદ નામક તૃણ સમાન વૃત્તાકાર, ગોઠણ ડબ્બા અને તેના ઢાંકણની સંધિ જેવા, સાથળ હાથીની સૂંઢ જેવી, ગતિ શ્રેષ્ઠ મદોન્મત્ત હાથી જેવી વિક્રમ અને વિલાસયુક્ત, ગુહ્ય પ્રદેશ ઉત્તમ જાતિના શ્રેષ્ઠ ઘોડા જેવો, કેળ સિંહની કમરથી પણ અધિક ગોળાકાર, શરીરનો મધ્ય ભાગ સમેટેલી ટીપાઈ, મૂસલ, દર્પણ અને શુદ્ધ કરાયેલા ઉત્તમ સોનાના બનેલા ખડ્ગની મૂઠ અને વજ્ર જેવા વલયાકાર, નાભિ ગંગાના આવર્ત્ત અને પ્રદક્ષિણાવર્ત્ત તરંગ સમૂહ જેવી, સૂર્ય કિરણોથી વિકસિત કમળ જેવી ગંભીર અને ગૂઢ રોમરાજી રમણીય, સુંદર, સ્વાભાવિક, પાતળી, કાળી, સ્નિગ્ધ, પ્રશસ્ત, લાવણ્યયુક્ત, અતિ કોમળ, મૃદુ, કુક્ષિ, મત્સ્ય અને પક્ષીની જેમ ઉન્નત, ઉદર કમળ સમાન વિસ્તીર્ણ, સ્નિગ્ધ અને ઝુકેલા પડખાંવાળું, અલ્પ રોમયુક્ત આવા પ્રકારના દેહને પૂર્વેના મનુષ્યો ધારણ કરે છે.*

*જેના હાડકાં માંસયુક્ત હોવાથી નજરે પડતાં નથી, તે સોના જેવા નિર્મળ, સુંદર રચનાવાળા, રોગાદિ ઉપસર્ગ રહિત અને પ્રશસ્ત બત્રીશ લક્ષણોથી યુક્ત હોય છે. વક્ષસ્થલ સોનાની શિલા જેવા ઉજ્જ્વલ, પ્રશસ્ત, સમતલ, પુષ્ટ, વિશાળ અને શ્રીવત્સ ચિહ્નવાળા, ભૂજા નગરના દ્વારના આગળીયા સમાન ગોળ, બાહુ ભુજંગેશ્વરના વિપુલ શરીર અને પોતાના સ્થાનથી નીકળતા આગળીયા જેવી લટકતી, સાંધા યુગ-જોડાણ જેવા, માંસલ-ગૂઢ-હૃષ્ટપુષ્ટ-સંસ્થિત-સુગઠિત-સુબદ્ધ નસોથી કસાયેલ, સ્થિર, વર્તુળાકાર, સુશ્લિષ્ટ, સુંદર અને દૃઢ, હાથ લાલ હથેળીવાળા, પુષ્ટ, કોમળ, સુંદર બનાવટ વાળા, પ્રશસ્ત લક્ષણોવાળા, આંગળી પુષ્ટ-છિત્ર રહિત-કોમળ અને શ્રેષ્ઠ, નખો તાંબા જેવા રંગના પાતળા સ્વચ્છ કાંતિવાળા સુંદર અને સ્નિગ્ધ છે. હાથની રેખાઓ ચંદ્ર-સૂર્ય-શંખ-ચક્ર અને સ્વસ્તિક આદિ શુભ લક્ષણવાળી અને સુવિરચિત, ખભા શ્રેષ્ઠ ભેંસો, સુવર, સિંહ, વાઘ, સાંઢ, હાથીના ખભા જેવા વિપુલ-પરિપૂર્ણ-ઉન્નત અને મૃદુ, ગર્દન ચાર આંગળ સુપરિમિત અને શંખ જેવી શ્રેષ્ઠ, દાઢી-મૂંછ અવસ્થિત અને સુસ્પષ્ટ, ડોઢી પુષ્ટ, માંસલ, સુંદર અને વાઘ જેવી વિસ્તીર્ણ, હોઠ સંશુદ્ધ, મુગા અને બિંબના ફળ જેવા લાલ રંગના, દંત પંક્તિ ચંદ્રમા જેવી નિર્મળ, શંખ, ગાયના દુધના ફીણ, કુંદ પુષ્પ, જલકણ અને મૃણાલ નાલની જેમ શ્વેત, દાંત, અખંડ, સુડોળ, અવિરલ, અત્યંત સ્નિગ્ધ અને સુંદર ચે.*

*તાળવું અને જિભનું તળ અગ્નિમાં તપાવેલ સ્વચ્છ સોના જેવું, સ્વર સારસપક્ષી જેવા મધુર - નવીન મેઘની ગર્જના જેવો ગંભીર તથા ક્રૌંચ પક્ષીના અવાજ જેવો-દુંદુભી યુક્ત, નાક ગરુડની ચાંચ જેવું લાંબુ સીધુ અને ઉન્નત, મુખ વિકસિત કમળ જેવું, આંખ પક્ષ કમળ જેવી વિકસિત - ધવલ - કમળપત્ર જેવી સ્વચ્છ, ભંવર થોડી નીચે ઝુકેલી ધનુષ્ જેવી - સુંદર પંક્તિયુક્ત - કાળા મેઘ જેવી ઉચિત માત્રામાં લાંબી અને સુંદર - કાન કંઈક અંશે શરીરને ચોંટેલ*



*પ્રમાણયુક્ત ગોળ અને આસપાસનો ભાગ માંસલયુક્ત અને પુષ્ટ, કપાળ અર્ધ ચંદ્રમા જેવું સંસ્થિત, મુખ પરિપૂર્ણ ચંદ્રમાં જેવું, સૌમ્ય, મસ્તક છત્રાકાર જેવું ઉભરતું, માથાનો અગ્રભાગ મુદ્ગર જેવો, સુદૃઢ નસોથી બદ્ધ-ઉન્નત લક્ષણથી યુક્ત અને ઉન્નત શિખરયુક્ત, માથાની ચામડી અગ્નિમાં તપાવેલ સ્વચ્છ સોના જેવી લાલ, માથાના વાળ શાલ્મલી વૃક્ષના ફળ જેવા ઘન, પ્રમાણોપેત, બારીક, કોમળ, સુંદર, નિર્મળ, સ્નિગ્ધ, પ્રશસ્ત લક્ષણવાળા, સુગંધિત, ભુજ-ભોજક રત્ન, નીલમણી અને કાજળ જેવા કાળા, હર્ષિત ભ્રમરના ઝુંડાના સમૂહ સમાન, ઘુંઘરાલા અને દક્ષિણાવર્ત્ત હોય છે, તેઓ ઉત્તમ-લક્ષણ, વ્યંજન, ગણથી પરિપૂર્ણ, પ્રમાણોપેત માન-ઉન્માન, સર્વાંગ સુંદર, ચંદ્રમા સમાન સૌમ્ય આકૃતિવાળા, પ્રિયદર્શી, સ્વાભાવિક શ્રૃંગારને લીધે સુંદરતાયુક્ત, જોવાલાયક, દર્શનીય, અભિરૂપ તથા પ્રતિરૂપ હોય છે.*

*આ મનુષ્યોનો સ્વર અક્ષરિત, મેઘ સમાન, હંસસમાન, ક્રૌંચપક્ષી, નદી-નંદીઘોષ સીહ-સીહઘોષ, દિશાકુમાર દેવોનો ઘંટ, ઉદધિકુમાર દેવોનો ઘંટ એ સર્વે સમાન સ્વર હોય છે, શરીરમાં વાયુના અનુકૂળ વેગવાળા, કબૂતર જેવા સ્વભાવવાળા, શકુનિ પક્ષી જેવા નિર્લેપ મળદ્વારવાળા, પીઠ અને પેટની નીચે સુગઠિત બંને પડખાં અને ઉચિત પરિમાણ જાંઘવાળા, પદ્મકમળ કે નીલકમળ જેવા સુગંધિત મુખવાળા, તેજ યુક્ત, નિરોગી, ઉત્તમ, પ્રશસ્ત, અત્યંત શ્વેત, અનુપમ જળ-મળ-ડાઘ-પસીના અને રજ સહિત શરીરવાળા અત્યંત સ્વચ્છ અને ઉદ્યોતિત શરીરવાળા, વજ્રઋષભ-નારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત અને ૬૦૦૦ ધનુષ્ ઉંચાઈવાળા કહ્યા છે.*

*હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો ૨૫૬ પૃષ્ઠ હાડકાવાળા કહ્યા છે. આ મનુષ્યો સ્વભાવે સરળ, પ્રકૃતિથી વિનિત, વિકારરહિત, પ્રકૃતિથી અલ્પ ક્રોધ-માન-માયા-લોભવાળા, મૃદુ અને માર્દવતાયુક્ત, તલ્લીન, સરળ, વિનીત, અલ્પ ઈચ્છાવાળા, અલ્પ સંગ્રહી, શાંત સ્વભાવી, અસિ-મસિ-કૃષિ વ્યાપાર રહિત, ગૃહાકાર વૃક્ષની શાખા ઉપર નિવાસ, ઈચ્છિત વિષયાભિલાસી, કલ્પવૃક્ષના પૃથ્વીફળ અને પુષ્પનો આહાર કરે છે.*

**● વિવેચન-૬૪ :-**

નિશ્ચયે હે આયુષ્યમાન્ ! - હે ગણિગુણ ગણધરા ! પૂર્વના કાળમાં પહેલા, બીજા, ત્રીજા, ચોથા આરામાં યથાસંભવ મનુષ્યો રોગ અને આતંક ચાલ્યા ગયા છે તે વ્યપગત રોગાતંક અથવા રોગ-જ્વર આદિ, આતંક-સદ્યઃ પ્રાણહારી શૂલાદી રોગાતંક, તે ચાલ્યા ગયા છે. ઘણાં લાખો વર્ષો જીવિત, તે આ રીતે - યુગલધાર્મિક. અરહંત-તીર્થંકર, બલદેવ-વાસુદેવનો મોટા ભાઈ, વાસુદેવ-બલદેવનો નાનોભાઈ, ત્રણ ખંડનો ભોક્તા. ચારણ - જંઘા ચારણ, વિદ્યાચારણ રૂપ. વિદ્યાધર - વિદ્યાને ધારણ કરનાર - નમિ વિનમિ આદિ.

તે યુગલધાર્મિક અરહંતાદિ મનુષ્યો અતિશય દૃષ્ટિ-સુભગ, સુંદર રૂપવાળા

છે. - x - x - શ્રેષ્ઠ સૌમ્ય ચારુ રૂપવાળા છે. અર્થાત્ દેવોને પણ સ્વલાવણ્ય-ગુણાદિ વડે અભિજિત. ભોગોત્તમ-સર્વોત્તમ ભોગને ભોગવનારા છે. ભોગસૂચક લક્ષણ - સ્વસ્તિકાદિને ધારણ કરે છે. જેમાં સુનિષ્પન્ન સર્વે અંગો-અવયવો છે, એવા પ્રકારે સુંદર શરીરવાલા તે સુજાત સર્વાંગ સુંદરાંગ.

લાલ કમળ જેવા હાથ-પગની કોમળ આંગળીઓવાળા, કમળ જેવા હાથ-પગના કોમળ તળીયાવાળા. પર્વત, નગર, મત્સ્ય, સમુદ્ર, ચક્ર, ચંદ્ર, મૃગ, એવા લક્ષણોથી અંકિત પગનો અધોભાગ જેનો છે તે. સુપ્રતિષ્ઠિત કાચબાવત્ ચારુ ચરણવાળા, ક્રમશઃ વર્ધમાન કે હીયમાન. સુજાત-સુનિષ્પન્ન પીવર પગના અગ્ર અવયવવાળા. તુંગ, પાતળા, લાલ, કાંતિવાળા નખ જેમના છે તે. સંસ્થાન વિશેષવંત માંસલ, માંસલ હોવાથી અનુપલક્ષ્ય ગોઠણ વાળા, ક્રમેથી વર્ધમાન કે હીયમાન. હરિણીની જંઘા, કુરુ વિંદતૃણ, સૂત્ર વલનકની જેમ વર્તુળ, ક્રમથી સ્થૂળ જંઘાવાળા.

સમુદ્ગક પક્ષી સમાન નિમગ્ન, માંસલત્વથી અનુપલક્ષ્ય બે જાનુ જેના છે તે. હાથી, પ્રાણી જેના શ્વાસ લે છે તે શુંડાદંડ, હાથીની સુંઢ, તે સુનિષ્પન્ન સદૃશ સાથળ જેના છે તે. પ્રધાન ગજેન્દ્ર સદૃશ પરાક્રમ અને સંજાત વિલાસ ગતિવાળા. સુજાત શ્રેષ્ઠ અશ્વની માફક સુગુપ્તત્વથી લિંગલક્ષણ અવયવ જેના ચે તે. જાત્ય અશ્વ માફક નિરૂપલેપ - તથાવિધ મળ રહિત. પ્રમુદિત જે શ્રેષ્ઠ અશ્વ અને સીહ, તે બંનેની જેમ અતિ વર્તુળ કટિવાળા. - x - x - જે શ્રેષ્ઠ સુવર્ણ, તેની જે ખડ્ગાદિ મુષ્ટિ તેની સદૃશ. શ્રેષ્ઠ વજવત્ વલિત - ત્રણ વલિ યુક્ત મધ્યભાગવાળા.

ગંગાવર્ત્ત સમાન દક્ષિણાવર્ત્તી તરંગવત્ ત્રણ વલિ વડે ભંગુર, તે તરંગ ભંગુર સૂર્ય કિરણો વડે તરુણ - અભિનવ, તે કાળે વિકાસિત જે પંકજ તેની જેમ ગંભીર અને વિકટ નાભિ જેની છે તે. સમાન આયામાદિ પ્રમાણથી અવક્ર, અવિરલ સુજાત સ્વાભાવિક સૂક્ષ્મ કૃષ્ણ - કાળા અથવા કૃત્સ્ન - અભિન્ન સ્નિગ્ધ, સૌભાગ્યવંત, મનોજ્ઞ, અત્યંત કોમળ અને રમણીય રોમની રાજિ - આવલિવાળા, મત્સ્ય પક્ષીની જેમ સુજાત, ઉપચિત, જઠર દેશવાળા. પદ્મવત્ વિકટ નાભિ જેની છે તે.

સંગત પાર્શ્વવાળા, નીચે નીચે નમતા તે સન્નત પાર્શ્વવાળા, તેથી જ સુંદર, સુજાત અને પાર્શ્વ ગુણોપેત પાર્શ્વવાળા છે. માત્રા યુક્ત અને પરિમિત આ બંને એકાર્થક પદ છે, તેથી અતિ માત્રા યુક્ત, પણ ઉચિત પ્રમાણથી હીન-અધિક નહીં તેવા, ઉપચિત અને રમણીય પાર્શ્વવાળા તે મિતમાતૃક પીનરતિદ પાર્શ્વા.

માંસના ઉપચિતપણાથી જેને પાર્શ્વનું હાડકું નથી તેવા. કાંચન કાંતિ, સ્વાભાવિક અને આગંતુકમલ રહિત, સુનિષ્પન્ન, રોગાદિ થકી અનુપહત શરીરને ધારણ કરે છે તે. પ્રશસ્ત બત્રીશ લક્ષણવાળા, તે આ પ્રમાણે — છત્ર, ધ્વજ, યૂપ, સ્તુપ, દામિણી, કમંડલ, કળશ, વાવ, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય કૂર્મ, શ્રેષ્ઠ રથ, મકરધ્વજ, મૃગ, સ્થાલ, અંકુશ, ચૂતફલક, સ્થાપનક, ચમર, લક્ષ્મીનો અભિષેક, તોરણ, મેદિની, સમુદ્ર, પ્રધાનમંદિર, ગિરિવર, શ્રેષ્ઠ દર્પણ, લીલા કરતો હાથી, વૃષભ, સીંહ, ચામર.

કનકશિલાતલ સમાન ઉજ્જ્વલ, પ્રશસ્ત, સમતલ, માંસલ, અતિ વિસ્તીર્ણ



હૃદયવાળા છે. શ્રીવત્સથી અંકિત છાતીવાળા, નગરની અબદ્ધ અર્ગલા જેવી વૃત્ત ભુજાવાળા, ભુજગરાજનું વિપુલ જે શરીર, તેની જેમ, આદેય રમ્ય જે અર્ગલા, સ્વસ્થાનથી નિષ્કાશિત હોય તેના જેવી દીર્ઘ બાહુવાળા, યૂપ સમાન માંસલ, રમણીય, મહાંત પ્રકોષ્ઠવાળા, સંસ્થાન વિશેષવાળા - સુનિચિત - ઘન - સ્થિર-સુબદ્ધ સ્નાયુ વડે સારી રીતે બદ્ધ, અતિશય વર્તુળ સુઘન મનોજ્ઞ પર્વાસ્થિ સંધાનવાળા, ઉપચિત્ત કોમળ માંસવાળા સુનિષ્પન્ન પ્રશસ્ત સ્વસ્તિક ગદા ચક્ર શંખ કલ્પવૃક્ષ ચંદ્ર સૂર્ય આદિ ચિહ્નવાળા, અવિરલ અંગુલિ સમુદાય હાથ જેના છે તે.

ઉપચિત વર્તુળ સુનિષ્પન્ન કોમલ શ્રેષ્ઠ અંગુલિવાળા, લાલ પાતળા પવિત્ર દીપ્ત સ્નિગ્ધ નખોવાળા, ચંદ્ર જેવી હસ્તરેખા જેને છે તે, એ પ્રમાણે સૂર્યપાણિરેખા, સ્વસ્તિક પાણિ રેખા, ચક્રપાણિરેખા, તેની પ્રકર્ષતા બતાવતા સંગ્રહવચન કહે છે — શશિ રવિ શંખ ચક્ર સ્વસ્તિક રૂપ, વિભાગવાળા સુવિરચિત હાથમાં રેખા જેને છે તે. શ્રેષ્ઠ મહિષવરાહ સિંહ શાર્દૂલ વૃષભનાગવર સમાન પ્રતિપૂર્ણ ઉન્નત્ત તુંગ મૃદુ બંને સ્કંધ જેના છે તે. પોતાના અંગુલ પ્રમાણ ચાર અંગુલ સુષ્ઠુ પ્રમાણવાળા, પ્રધાન શંખ સદૃશ ઉન્નત ત્રણ વલિયોગની સમાન કંઠવાળા. ઘટતા કે વધતા નહીં તેવા સુવિભક્ત ચિત્ર-શોભા વડે અદ્ભુત એવા કૂર્ચકેશ જેમને છે તેવા.

માંસલ સંસ્થિત પ્રશસ્ત શાર્દૂલની જેમ વિપુલ ચિબુક વાળા, પરિકર્મિત જે વિદ્રુમ, બિંબફળ સમાન લાલપણાથી નીચેનો દંત છદ જેને છે તે, પાંડુર જે ચંદ્રખંડ તેની જેમ આગંતુક મલ રહિત, સ્વાભાવિક મલ રહિત જે શંખ તેની જેમ ગાયના દુધના ફીણ સમાન, કુંદપુષ્પવત્, દકરજવત્ પદ્મિની મૂલવત્ ધવલ દંતપંક્તિવાળા, પરિપૂર્ણ દાંતવાળા, રાજિરહિત અવિરલ સુસ્નિગ્ધ સુજાત દાંતવાળા, જેમાં એક દાંત છે તેવી એક દંતા શ્રેણિવાળા તથા દાંતના અતિ ઘનત્વથી એક દંત શ્રેણી જેવા બત્રીશ દાંતવાળા અથવા એકાકાર દંતશ્રેણિ જેની છે તેની જેમ પરસ્પર અનુપલક્ષ્યમાણ દંત-વિભાગત્વથી અનેક દાંત જેના છે તેવા. - x -

અગ્નિ વડે નિર્દગ્ધ પ્રક્ષાલિતમલ અને તપ્ત-ઉષ્ણ જે સુવર્ણ વિશેષ, તેની જેમ લોહિતરૂપ તાળવું અને જીભવાળા. સારસ પક્ષી વિશેષવત્ મધુર શબ્દવાળા, નવા મેઘવત્ ગંભીર સ્વરવાળા, ક્રૌંચપક્ષી માફક નિર્ઘોષવાળા, ભેરીવત્ સ્વરવાળા, તેમાં સ્વર :- શબ્દ ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાધ રૂપ છે તેનું વિસ્તૃત સ્વરૂપ સ્થાનાંગાદિથી જાણવું ઘંટના અનુપ્રવૃત્ત રણકારની જેમ જે શબ્દ, તે ઘોષ કહેવાય.

ગરુડની જેમ લાંબી ઋજુ ઉન્નત નાકવાળા, સૂર્યના કિરણથી વિકાશિત જે શ્વેત કમળ તેના જેવા વદનવાળા. વિકસિત થતાં પ્રાયઃ પ્રમુદિતપણાથી શ્વેત પુંડરીક અને પક્ષ્મવાળા લોચન જેના છે તે, કંઈક નમેલ જે ધનુષ્, તેની જેમ શોભન કૃષ્ણચિકુર રાજિ સુસંસ્થિત અથવા કૃષ્ણ ભ્રૂરાજિ સુસંસ્થિત સંગત દીર્ઘ સુનિષ્પન્ન ભ્રમરવાળા. આલીન પ્રમાણયુક્ત કાન જેના છે તે. તેથી જ સુશ્રવણા - શબ્દોપલંભવાળા, માંસલ કપોલ લક્ષણ દેશ ભાગ - વદનનો અવયવ જેને છે તે.

તુરંતનો ઉગેલ સુસ્નિગ્ધ સંપૂર્ણ ચંદ્ર, તેના અર્દ્ધવત્ સંસ્થિત લલાટ-ભાલ જેને છે તેવા, ચંદ્રની જેમ પ્રતિપૂર્ણ સૌમ્ય વદનવાળા, છત્રાકાર ઉત્તમાંગ દેશવાળા, લોહ મુદ્‌ગરની જેમ નિબિડ અથવા અતિશય નિચિત સુબદ્ધ સ્નાયુ વડે મહાલક્ષણ શિખર સહિતના ભવનતુલ્ય નિરુપમપિંડિક સમાન વર્તુલપણાથી શિરો અગ્ર જેને છે તે. ધન નિચિત સુબદ્ધ લક્ષણોન્નત કૂટાગાર સમાન નિરુપમ પિંડિકાગ્રશિર. અગ્નિ વડે નિર્ધ્માત અને ધોયેલ તથા તપ્ત-લાલવર્ણી સુવર્ણવત્ મધ્યકેશ કેશભૂમિવાળા.

શાલ્મલીવૃક્ષના ફળ સમાન છોટિતા પણ અતિશય નિચિત, તે યુગલધાર્મિકો કેશપાશ બાંધતા નથી. કેમકે તેમને તેવા પરિજ્ઞાનનો અભાવ છે, તથા સ્વભાવથી શાલ્મલી બોંડ આકારવત્ ધન નિચિત રહે છે, તેથી આ વિશેષણ લીધું.

મૃદુ, નિર્મળ, શ્લક્ષ્ણ, લક્ષણવંત, પ્રશંસાપાત્ર પરમગંધ વડે યુક્ત, તેથી જ સુંદર તથા ભુજમોચક રત્ન વિશેષ, ભૃંગ, મરકતમણી, કાજળ, પ્રમુદિત જે ભ્રમરગણ કેમકે હર્ષિત ભ્રમરગણ તારુણ્યાવસ્થામાં હોય ત્યારે અતિકૃષ્ણ હોય, તેની જેમ કાળી કાંતિ તથા નિકુરંબીભૂત નિચિત અવિકીર્ણ કંઈક કુટિલ પ્રદક્ષિણાવર્ત્ત માથાના વાળ જેના છે તે.

લક્ષણ - સ્વસ્તિકાદિ, વ્યંજન-મષ, તિલકાદિ, ગુણક્ષાંતિ આદિ, તેના વડે યુક્ત તથા માનોન્માન પ્રમાણથી પ્રતિપૂર્ણ, જન્મદોષરહિત બધાં અવયવો જેમાં છે, તેવા સુંદર શરીરવાળા, અહીં માન-ઉન્માન પ્રમાણ પૂર્વ ગ્રંથોવત્ સમજી લેવું. - x - x - પ્રમાણ-આત્માંગુલથી ૧૦૮ અંગુલ ઉંચા ચંદ્ર જેવા સૌમ્ય આકારવાળા, કાંત-પ્રિય દર્શનવાળા, સ્વભાવથી જ શ્રૃંગારરૂપ પ્રધાન વેશ જેમને છે તે.

પ્રાસાદીય - હિતાહિતકારીત્વથી મનને પ્રસન્ન કરનાર, દર્શનીય - દર્શનયોગ્ય, જેને જોતાં આંખને શ્રમ ન લાગે તે, અભિરૂપ બધાં જોનારના મનને પ્રસાદ અનુકૂળતાથી અભિમુખ રૂપ અર્થાત્ અત્યંત કમનીય. તેથી જ પ્રતિરૂપ - પ્રતિ વિશિષ્ટ અસાધારણ રૂપ અથવા પ્રતિક્ષણ નવા-નવા રૂપ જેના છે તે.

તે મનુષ્યોનો પ્રવાહ જેવો સ્વર છે, મેઘની જેવો અતિ દીર્ઘ સ્વર છે, હંસની જેવો મધુર સ્વર છે, ક્રૌંચની જેમ પ્રયાસ કર્યા વિના પણ દીર્ઘ દેશ વ્યાપી સ્વર છે, નંદી-બાર વાજિંત્રોના સંઘાતવત્ સ્વર છે તેવા સ્વરવાળા. નંદીની જેમ ઘોષ-નાદ જેનો છે તેવા, સિંહની જેમ પ્રભૂત દેશવ્યાપી સ્વરવાળા, સિંહઘોષવાળા, પ્રિયસ્વરવાળા, મંજુઘોષવાળા. આજ વાત બે પદ વડે કહે છે — સુસ્વરા અને સુસ્વરઘોષવાળા.

અનુકૂળ વાયુવેગ - શરીર અંતર્વર્તિવાત જેમનો છે તે. વાયુગુલ્મ રહિત ઉદર મધ્ય પ્રદેશવાળા એવો અર્થ છે. કંકની જેમ ગુદાસય નિરોગ વર્ચસ્કતાવાળા, કપોતપક્ષીના જેવું આહાર પરિણમન જેમને છે તેવા, કેમકે કપોતનો જઠરાગ્નિ પાષાણને પણ પચાવી દે છે એવી શ્રુતિ છે. એ પ્રમાણે તેમને પણ અતિ અર્ગલ આહાર ગ્રહણ કરવા છતાં તેને કોઈ અજીર્ણ દોષ થતો નથી. શકુન પક્ષીવત્ પુરીષોત્સર્ગમાં નિર્લેપતાથી અપાનદેશ હોય છે.

તથા પૃષ્ઠ અને અંતર - પૃષ્ઠોદરનો જે અંતરાલ અર્થાત્ પડખાં, જંઘા, વિશિષ્ટ



પરિણામવાળા જેમના છે તે. કમળ, નીલોત્પલ અથવા પદ્મ નામે ગંધદ્રવ્ય ઉત્પલ, ઉત્પલકુષ્ઠ, તેમની ગંધની સમાન જે નિઃશ્વાસ, તેથી સુગંધી મુખ જેનું છે તે.

ઉદ્દીપ્તવર્ણ અને સુકુમાલ ત્વચાવાળા, નીરોગી, ઉત્તમ લક્ષણયુક્ત, પ્રશસ્ત, કર્મભૂમિના મનુષ્યની અપેક્ષાથી અતિશાયી, તેથી જ નિરૂપમ શરીર જેનું છે તે. આ જ કથન વિશેષથી કહે છે — દુષ્ટ તિલાકાદિક, પ્રસ્વેદ, રેણુ, માલિન્યકારિણી ચેષ્ટા તેનાથી વર્જિત, મૂત્ર-વિષ્ઠાદિ ઉપલેપ રહિત શરીર જેનું છે તે. શરીર પ્રભા વડે ઉદ્યોતિત શરીર અને પ્રત્યંગવાળા છે.

જેનું વજ્રઋષભનારાચ સંહનન છે તેવા, સમચતુરસ્ર સંસ્થાન વડે સંસ્થિત, આ બંનેની વ્યાખ્યાયા આગલ કરીશ. ૬૦૦૦ ધનુષ્, અવસર્પિણીના પહેલા આરાની અપેક્ષાથી ઉર્ધ્વ-ઉંચાઈથી કહેલા ચે. ધનુષ્ સ્વરૂપ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં આ રીતે છે—

અનંત સૂક્ષ્મ પરમાણુ પુદ્‌ગલના સમુદય સમાગમથી એક વ્યવહારિક પરમાણુ નીપજે છે. તેમાં શસ્ત્ર સંક્રામિત ન થાય. અનંત વ્યવહારિક પરમાણુ સમુદય સમિતિ સમાગમથી એક ઉત્‌શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા થાય આઠ ઉત્ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા વડે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય, આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી એક ઉર્ધ્વરેણુ થાય. આઠ ઉર્ધ્વરેણુ વડે એક ત્રસરેણુ થાય. આઠ ત્રસરેણુનો એક રથરેણુ.

આઠ રથરેણુનો એક દેવકુરુ-ઉત્તરકુરુ મનુષ્યનો વાલાગ્ર થાય. તેવા આઠ વાલાગ્રોથી હરિવર્ષ-રમ્યક્ વર્ષના મનુષ્યનો વાલાગ્ર થાય. એ પ્રમાણે રમ્યક્-હૈરણ્યવંત હૈમવંત-હૈરણ્યવંતના મનુષ્યો, પૂર્વ-પશ્ચિમ વિદેહના મનુષ્યો જાણવા. આઠ પૂર્વવિદેહ મનુષ્યોના વાલાગ્રની એક લિક્ષા, આઠ લિક્ષાની એક જૂ, આઠ જૂનો એક યવમધ્ય, આઠ યવમધ્યનો એક અંગુલ થાય.

આ અંગુલ પ્રમાણથી છ અંગુલના પાદ, બાર અંગુલની વેંત, ૨૪ અંગુલનો હાથ, ૪૮ અંગુલની કુક્ષી, ૯૬ અંગુલનો એક અક્ષ કે દંડ કે ધનુ કે યૂપ કે મુશલ કે નાલિકા છે. આ ધનુષ્ પ્રમાણ વડે ૨૦૦૦ ધનુષ્‌નો એક ગાઉ થાય.

તે પહેલા આરાના મનુષ્યોને ૨૫૬ પૃષ્ઠ કરંડક કહેલ છે. તુવેર પ્રમાણ આહાર, છ માસ આયુ બાકી રહેતા સ્ત્રી-પુરુષ યુગલને જન્મ આપી, ૪૯ દિવસ સંતાનોનું પાલન કરે છે. ત્રણ દિવસે આહારની ઈચ્છા થાય છે.

બીજા આરામાં બે કોશ ઉંચા, ૧૨૮ પીઠની પાંસળી, ૬૪ દિવસ સંતાનનું પાલન, બોર પ્રમાણ આહાર, બે દિવસે આહારેચ્છા થાય.

ત્રીજા આરામાં એક કોશ ઉંચા, ૬૪ પાંસળી, ૭૯ દિવસ અપત્યપાલન, આમળા પ્રમાણ આહાર, એકાંતરે ઈચ્છા.

૫૬-અંતર્દ્વીપમાં મનુષ્યો ૮૦૦ ધનુષ્પ્રમાણ શરીરની ઉંચાઈવાળા, ચોથે દિવસે ખાનારા, ૬૪ પાંસળીવાળા, ૭૯ દિવસ સંતાનપાલન, પલ્યોપમના અસંખ્યાત ભાગ આયુ, બધાં પણ યુગલજીવો, પોતાના આયુષ્ય સમાન કે તેથી ઓછા દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

બધાં યુગલ જીવો, હાથી-ઘોડા-ઉંટ-ગાય-પાડા આદિનો સદ્‌ભાવ હોવા છતાં

તેના પરિભોગથી પરાંગમુખ હોય. મણિ-કનક-મોતી આદિ હોવા છતાં, તેના મમત્વ અભિનિવેશ રહિત હોય છે. યુગલ ક્ષેત્રમાં સ્વાભાવિક જ શાલી આદિ ધાન્ય વગેરે ઉત્પન્ન થાય છે, પણ તે મનુષ્યોના પરિભોગમાં આવતુ નથી. દંશ-મશકાદિ કે ચંદ્ર-સૂર્ય ગ્રહણ થતાં નથી.

તે મનુષ્યો સ્વભાવથી ભદ્રક, બીજાને ન પીડે તેમ મન-વચન-કાયાની ચેષ્ટાવાળા, સ્વભાવથી પરોપદેશ વિના વિનયવાળા અર્થાત્ પ્રકૃતિથી વિનીત, પ્રકૃતિથી ઉપશાંત, પ્રકૃતિથી જ અતિમંદ સ્વરૂપ ક્રોધ, માન, માયા, લોભ જેના છે તે. તેથી જ મૃદુ-મનોજ્ઞ પરિણામ વડે સંપન્ન તે મૃદુ માર્દવ સંપન્ન પણ કપટ માર્દવ સંપન્ન નહીં.

ચોતરફથી બધી ક્રિયામાં લીન, ભદ્રક - સર્વ તે ક્ષેત્રોચિત કલ્યાણભાવી, વિનીત - બૃહત્ પુરુષ વિનય કરણશીલા, અલ્પેચ્છા - મણિ કનકાદિ વિષય પ્રતિબંધ રહિત, તેથી જ જેને સંનિધિરૂપ સંચય વિદ્યમાન નથી તેવા. અચંડ-તીવ્ર કોપરહિત, અસિ-મસિ-કૃષિ વાણિજ્ય રહિત. તેમાં અસિ ઉપલક્ષિત સેવક પુરુષ, મષિ ઉપલક્ષિત લેખનજીવી, કૃષિ કર્મોપજીવી, વાણિજ્ય-વણિક્ જન ઉચિત કળા વડે જીવતા. આ બધાં ન હોય. કેમકે તે બદાં અહમિન્દ્રપણાથી રહે છે.

કલ્પદ્રુમની શાખાના અંતરમાં પ્રાસાદાદિ આકૃતિમાં આકાલ આવાસવાળા. મનોવાંછિત શબ્દાદિની કામનાવાળા. ઘર સદૃશ કલ્પવૃક્ષોમાં નિષ્પાદિત આવાસવાળા. ગૃહાકાર કલ્પ વૃક્ષોના સૂચનથી બીજા કલ્પવૃક્ષો પણ સૂચવેલા જાણવા. જેમકે પ્રવચન સારોદ્ધારમાં મતાંગ, ભૃદાંગ આદિ દશ કલ્પવૃક્ષો કહેલા છે.

તેમાં (૧) મતાંગના ફળ વિશિષ્ટ બળવીર્ય કાંતિહેતુ સ્વાભાવિક પરિણત સરસ સુગંધિ વિવિધ પરિપાકથી આવેલ મધ પરિપૂર્ણ - મધને છોડે છે.

(૨) ભૃતાંગ - મણિ, કનક, રજન આદિમય વિચિત્ર ભાજનો છે, તે સ્વાભાવિક સ્થાલક આદિ ભાજન માફક ફળો વડે શોભતા દેખાય છે.

(૩) ત્રુટિતાંગ - સંગત સમ્યક્ યથોક્ત રીતે સંબદ્ધ વાદ્યો ઘણાં પ્રકારે તત-વિતત-ઘન-શુષિર-કાહલકાદિ.

(૪) દીપાંગ - જેમ અહીં સ્નિગ્ધ પ્રજ્વલંત સુવર્ણમય દીપિકા ઉદ્યોત કરતી દેખાય તેની જેમ સ્વાભાવિક પરિણત પ્રકૃષ્ટ ઉદ્યોતથી બધે ઉદ્યોત કરતાં રહે છે.

(૫) જ્યોતિષિક - સૂર્યમંડલની જેમ સ્વતેજથી બધું દેદીપ્યમાન કરે છે. (૬) ચિત્રાંગ - અનેક પ્રકારની સરસ સુરભિ વિવિધ વર્ણ કુસુમદામ રૂપ માળા હોય છે.

(૭) ચિત્રરસ - ભોજનાર્થે હોય છે અર્થાત્ વિશિષ્ટ દલિક કલમ, શાલિ, શાલનક, પકવઅન્ન વગેરેથી અતીવ અપરિમિત સ્વાદુત આદિ ગુણયુક્ત ઈન્દ્રિયબલપુષ્ટિ હેતુ ભોજ્ય પદાર્થ પરિપૂર્ણતાથી ફળ મધ્યે બિરાજમાન ચિત્રરસ રહે છે.

(૮) મણ્યંગ-શ્રેષ્ઠ ભૂષણો, સ્વાભાવિક પરિણત કટક, કેયુર, કુંડલાદિ આભરણો હોય. (૯) ગેહાકાર કલ્પવૃક્ષમાં સ્વાભાવિક પરિણામથી જ પ્રાંશુપ્રાકારોપગૂઢ સુખે ચડાય તેવી સોપાન પંક્તિ, વિચિત્ર ચિત્ર શાલોચિતકાંત - x - વિવિધ નિકેતનો





હોય છે.

(૧૦) અનગ્ન કલ્પવૃક્ષો અત્યર્થ ઘણાં પ્રકારે વસ્ત્રો, સ્વાભાવિક જ સૂક્ષ્મ સુકુમાર દેવદૂષ્યાનુકાર મનોહર નિર્મળ [વસ્ત્રો] ઉત્પન્ન કરે છે.

પૃથ્વી પુષ્પફળ તે કલ્પવૃક્ષોનો આહાર જેમને છે તેવા. તે મનુષ્યગણ - યુગલ ધાર્મિક વૃંદ જગદીશ્વરે કહેલ છે. જેમ જીવાભિગમવૃત્તિમાં કહેલ છે કે — હે ભગવન્ ! પૃથ્વીનો કેવો આસ્વાદ છે ? હે ગૌતમ ! જેમ ગાયનું દૂધ-ચતુઃસ્થાન પરિણામ પર્યન્ત. - x - x - x - એવા ગાયના દૂધને ખાંડ, ગોળ, મિશ્રી યુક્ત મંદાગ્નિક્વથિત છે, તેના કરતાં પણ પૃથ્વીનો આસ્વાદ ઈષ્ટતર છે. ઈત્યાદિ - x -

**● સૂત્ર-૬૫ થી ૭૦ :-**

***હે આયુષ્યમાન્ શ્રમણ ! પૂર્વકાળના મનુષ્યોના છ પ્રકારના સંઘયણ હતા. તે આ પ્રમાણે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્દ્ધનારાચ, કીલિકા, સેવાર્ત્ત વર્તમાન કાળે મનુષ્યોમાં સેવાર્ત્ત સંઘયણ જ હોય છે.***

***હે આયુષ્યમાન્ શ્રમણ ! પૂર્વકાળમાં મનુષ્યોને છ પ્રકારના સંસ્થાન હતા. તે આ પ્રમાણે — સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિક, કુબ્જ, વામન અને હુંડક, પણ હે આયુષ્યમાન્ ! વર્તમાનકાળે માત્ર હુંડક સંસ્થાન જ હોય છે.***

***મનુષ્યોના સંહનન, સંસ્થાન, ઉંચાઈ અને આયુષ્ય અવસર્પિણી કાળના દોષને કારણે સમયે-સમયે ક્ષીણ થતાં જાય છે. ક્રોધ-માન-માયા-લોભ તથા ખોટ તોલમાપની પ્રવૃત્તિ વગેરે બધાં અવગુણ વધે છે.***

***ત્રાજવા અને જનપદોમાં માપ-તોલ વિષમ હોય છે. રાજકુળ અને વર્ષ વિષમ હોય છે. વિષમ વર્ષોમાં ઔષધિની શક્તિ ઘટી જાય છે. આ સમયમાં ઔષધિની દુર્બળતાને લીધે આયુ પણ ઘટે છે. આ રીતે કૃષ્ણ પક્ષના ચંદ્રમાની જેમ હ્રાસમાન લોકમાં જે ધર્મમાં અનુરક્ત મનુષ્ય છે, તે સારી રીતે જીવન જીવે છે.***

**● વિવેચન-૬૫ થી ૭૦ :-**

હે શ્રમણ ! હે ગૌતમ ! હે આયુષ્યમાન્ ! પૂર્વે મનુષ્યોના છ પ્રકારના સંઘયણ અર્થાત્ દૃઢ, દૃઢતર આદિ શરીર બંધ હતા. તે આ પ્રમાણે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ ઈત્યાદિ. તેનો અર્થ આ પ્રમાણે - ઋષભ - બે હાડકાંને વીંટેલ પટ્ટ, વજ્ર જેવી કીલિકા નારાચ - બંને તરફ મર્કટબંધ, બંને હાડકાં બે બાજુથી મર્કટબંધ વડે બદ્ધ પટ્ટ આકૃતિ ત્રીજા હાડકાં વડે વીંટેલ અને તેની ઉપર ત્રણે હાડકાંને ભેદતી કીલિકા આકારે વજ્ર નામક અસ્થિ યંત્ર, તે વજર્ષભનારાચ.

કીલિકા રહિત તે ઋષભનારાચ, પટ્ટરહિત કેવળ મર્કટબંધ તે નારાચ, જેના એક પડખે મર્કટબંધ અને બીજા પડખે કીલિકા છે — તે અર્ધનારાચ, જેમાં હાડકાં કીલિકા માત્ર બદ્ધ છે તે કીલિકા, જેમાં હાડકાં પરસ્પર પર્યન્ત સંસ્પર્શરૂપ સેવા માત્રથી વ્યાપ્ત છે અને નિત્ય સ્નેહ અભ્યંગાદિ પરિશીલનની અપેક્ષા રાખે છે તે સેવાર્ત્ત.

હવે પાંચમાં આરામાં નિશ્ચે હે આયુષ્યમાન્ ! મનુષ્યોને સેવાર્ત્ત સંહનન જ વર્તે છે. તેમાં શ્રી વીરથી ૧૭૦ વર્ષે સ્થૂલભદ્ર સ્વર્ગે ગયા ત્યારે છેલ્લા ચાર પૂર્વો, પહેલું સંસ્થાન, પહેલું સંઘયણ, મહાપ્રાણ ધ્યાનનો વિચ્છેદ થયો.

શ્રીવીરથી ૫૮૪ વર્ષે શ્રી વજસ્વામીથી દશમું પૂર્વ અને ચાર સંઘયણ ગયા. હે આયુષ્યમાન્ ! પૂર્વે મનુષ્યોને છ સંસ્થાન હતા. સંસ્થાન-પ્રાણીનો આકાર વિશેષ. સમચતુરસ્ર - નાભિની ઉપર અને નીચે સર્વ લક્ષણયુક્ત અવયવપણે તુલ્ય અને તે ચતુરસ્ર - અન્યૂનાધિક ચારે અસ્ર જેના છે તે. અસ્ર - પલ્યંક આસને બેસીને જાનુનું અંતર, આસનથી લલાટના ઉપરના ભાગનું અંતર, દક્ષિણસ્કંધથી વામ જાનુનું અંતર અને વામ સ્કંધથી દક્ષિણ જાનુનું અંતર તે સંસ્થાન - આકાર.

ન્યગ્રોધવત્ પરિમંડલ - ઉપરનું પ્રમાણ સંપૂર્ણ અને નીચેનું હીન હોય. નાભિની નીચેનો ભાગ યથોક્ત પ્રમાણ લક્ષણથી વર્તે છે તે સાદિ. જેમાં મસ્તક, ગ્રીવા, હાથ-પગ આદિ યથોક્ત પ્રમાણ લક્ષણયુક્ત હોય પણ પીઠ અને ઉદર નહીં તે કુબ્જ. જેમાં છાતી, પેટ, પીઠ આદિ પ્રમાણ લક્ષણયુક્ત હોય પણ મસ્તક, ગ્રીવા, હાથ-પગ આદિ હીન હોય તે વામન અને જેમાં બધાં અવયવો પ્રમાણ લક્ષણથી પરિભ્રષ્ટ હોય તે હુંડ. હાલ નિશ્ચયથી મનુષ્યોને હુંડ સંસ્થાન વર્તે છે.

હવે ઉપદેશ દેતા કહે છે — સંહનન, સંસ્થાન, શરીર આદિનું ઉચ્ચત્વ અને આયુ મનુષ્યોને પ્રતિ સમયે ઘટતાં જાય તે અવસર્પિણી કાલદોષથી છે. ક્રોધ-માન-માયા-લોભ પ્રવાહથી પૂર્વ મનુષ્યોની અપેક્ષાથી વિશેષ વધે છે. મનુષ્યોના કૂટ-તુલાદિ ઉપકરણ, કૂટ-કુડવ પ્રસ્થાદિમાન વધે છે. તેથી કૂટતુલાદિ અનુસાર કયાણક - વાણિજ્યાદિ કૂટ વધે છે. હવે દુ:ષમકાળમાં તુલા, માન અસમાન થાય છે. ચ શબ્દથી અનેક પ્રકારે વંચન લેવું. સંવત્સરો પણ દુ:ખરૂપ થાય છે. વિષમ વર્ષાથી સારવર્જિત ઘઉં આદિ વીર્ય થાય. ગોધૂમાદિના દુર્બળપણાથી મનુષ્યોના આયુ વગેરે પણ ક્ષય પામે છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારે કૃષ્ણપક્ષના ચંદ્રની માફક જે ધર્મયુક્ત મનુષ્યો છે, તેમનું સારું જીવિત જાણવું. હવે સો વર્ષના આયુવાળા પુરુષના કેટલાં યુગ-અયનાદિ થાય ? -

● **સૂત્ર-૭૧ થી ૭૩ :-**

*હે આયુષ્યમાન્ ! જેમ કોઈ પુરુષ ન્હાઈ, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, મસ્તકે ન્હાઈ, કંઠમાં માલા પહેરી, મણિ-સુવર્ણ પહેરી, અહત-સુમહાર્ઘ વસ્ત્ર પહેરી, ચંદન વડે ઉત્કીર્ણ ગાત્ર શરીરી થઈ, સરસ સુરભી ગંધ ગોશીર્ષ ચંદન વડે અનુલિપ્ત ગાત્રથી, શુચિમાલા વર્ણક વિલેપન, હાર-અર્ધહાર-ત્રિસરોહાર-પાલંબ-પ્રલંબ ધારણ કરી, કટિસૂત્રકથી સારી રીતે શોભતો, ગ્રૈવેયક-વીંટી-લલિતાંગાદિ આભરણ પહેરી, વિવિધ મણિ-સુવર્ણ-રત્ન-કડગ-ત્રુટિત વડે સ્તંભિત ભૂજાવાળા, અધિકરૂપ-શોભાયુક્ત, કુંડલ વડે ઉદ્યોતિત મુખ, મુગટ વડે દિપ્ત મસ્તક, હારાદિ વડે સારી રીતે રચિત છાતી, પ્રાલંબ-પ્રલંબમાન-સુકૃત્ પટ*



*ઉત્તરીય, મુદ્રિકાથી પીંગલ થયેલ આંગળી, વિવિધ મણિ-કનક-રત્ન-વિમલ-મહાર્હ-નિપુણોચિત ઝગમગતા વિરચિત સુશ્લિષ્ટ વિશિષ્ટ લષ્ટ વીરવલય પહેરેલો વધુ શું કહીએ ? કલ્પવૃક્ષ સમાન અલંકૃત્ વિભૂષિત થઈ પવિત્ર થઈને માતાપિતાને અભિવાદન કરે અર્થાત્ પ્રણામ કરે.*

*ત્યારે તે પુરુષને માતા-પિતા એમ કહે કે, હે પુત્ર ! સો વર્ષ જીવો. તેનું આયુ ૧૦૦ વર્ષનું હોય તો વધુ કેટલું જીવે ? ૧૦૦ વર્ષ જીવતો તે ૨૦ યુગ જીવે છે, ૨૦ યુગ જીવતો ૨૦૦ અયન જીવે છે, ૨૦૦ અયન જીવતો તે ૬૦૦ ઋતુ જીવે છે, ૬૦૦ ઋતુ જીવતો તે ૧૨૦૦ માસ જીવે છે. ૧૨૦૦ માસ જીવતો તે ૨૪૦૦ પક્ષ જીવે છે. એ રીતે - x - ૩૬,૦૦૦ અહોરાત્ર, ૧૦,૮૦,૦૦૦ મુહૂર્ત્ત, ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ શ્વાસોચ્છ્વાસ જીવે. તેમાં તે ૨૨॥ તંદુલવાહ ખાય છે.*

*હે આયુષ્યમાન્ ! કઈ રીતે ૨૨॥ તંદુલવાહ ખાય ? હે ગૌતમ ! દુર્બલ સ્ત્રી વડે ખંડિત, બલિષ્ઠે છડિત, ખરમુસલ વડે કુટેલ, ભુંસ-કાંકરા રહિત કરેલ અખંડિત અને પરિપૂર્ણ ચોખાના સાડા બાર પલનો એક પ્રસ્થ થાય. તે પ્રસ્થને માગધ પણ કહે છે. સામાન્યથી રોજ સવારે એક પ્રસ્થ અને સાંજે એક પ્રસ્થ એમ બે વખત ભાત ખાય છે. એક પ્રસ્થકમાં ૬૪,૦૦૦ ભાત હોય છે. ૨૦૦૦ ચોખાના દાણાનો એક કવલ, એ રીતે પુરુષનો આહાર ૩૨-કવલ, સ્ત્રીનો આહાર ૨૮ કવલ અને નપુંસકનો ૨૪ કવલ હોય છે.*

*આ ગણના આ રીતે છે — બે અસતીની પ્રસૃતિ, બે પ્રસૃતિની એક સેતિકા, ચાર સેતિકાનો કુડવ, ચાર કુડવનો પ્રસ્થક, ચાર પ્રસ્થકનો આઢક, સાઈઠ આઢકનો જઘન્યકુંભ, ૮૦ આઢકનો મધ્યકુંભ, ૧૦૦ આઢકનો ઉત્કૃષ્ટકુંભ, ૮૦૦ આઢકનો એક વાહ, આ વાહ પ્રમાણે ૨૨I. વાહ તંદુલ ખાય છે. એ ગણિત અનુસાર ૪૬૦ કરોડ, ૮૦ લાખ ચોખાના દાણા થાય છે, તેમ કહ્યું છે.*

*આ રીતે તે ૨૨॥ વાહ તંદુલ ખાતો ૫॥ કુંભ મગ ખાય છે. અર્થાત્ ૨૪૦૦ આઢક ઘી, ૩૬,૦૦૦ પલ મીઠું ખાય. બે માસે કપડાં બદલે તો ૧૨૦૦ ધોતી પહેરે. એ રીતે ૧૦૦ વર્ષના આયુવાળા મનુષ્યોના ઘી, તેલ, મીઠું, ભોજન, વસ્ત્રનું બધું તોલમાપ ગણિત છે.*

*આ ગણિત પરિમાણ પણ મહર્ષિઓએ બે પ્રકારે કહેલ છે. જેની પાસે આ બધું છે, તેની ગણના કરી છે, જેની પાસે આ કંઈ નથી તેની શું ગણના કરવી ?*

● **વિવેચન-૭૧ થી ૭૩ :-**

હે આયુષ્યમાન્ ! - x - કોઈ પુરુષ સ્નાન કરીને પછી બલિકર્મ - સ્વગૃહ દેવતાની પૂજા કરેલ તથા કૌતુક-મંગલ કરીને, તે જ પ્રાયશ્ચિત્ત - દુ:સ્વપ્નાદિના વિઘાતાર્થે અવશ્ય કરણીયત્વ આદિથી - x - મસ્તકેથી સ્નાન કરીને, પૂર્વે દેશ સ્નાન કહ્યું અને અહીં સર્વ સ્નાન કરીને કહ્યું, તેથી પુનરુક્તિ નથી. ગળામાં પુષ્પમાળા પહેરીને, મણિ સુવર્ણ પહેરીને, તેમાં મણિમય આભુષણ અને સુવર્ણમય આભુષણ

અર્થ કરવો. મલ મૂષક આદિ વડે અનુપહત એવા બહુમૂલ્ય વસ્ત્ર પહેરીને...

ચંદન વડે ચર્ચિત શરીરવાળા, રસયુક્ત સુગંધયુક્ત, ગોશીર્ષ ચંદન વડે અતિશય વિલેપનરૂપ શરીર કરેલ, પવિત્ર પુષ્પમાળા, વર્ણક અને વિલેપન-મંડનકારી કુંકુમાદિ વિલેપન કરેલ, પહેરેલ છે અઢાર સરોહાર, નવસરોહાર, ત્રિસરોહાર જેણે તથા લટકતા એવા ઝુંમખાવાળા, કટિ આભરણ વિશેષથી શોભા કરેલા અથવા હાર આદિ પહેરીને સારી શોભા કરેલ છે તેવા, ધારણ કરેલ ગ્રૈવેયક, વીંટી, કંઠકવાળા, શોભતા શરીરમાં અન્યાન્ય બીજી શોભા કરેલ તથા ન્યસ્ત સારભૂષણવાળા...

વિવિધ મણિ-કનક-રત્નોના કટક, ત્રુટિક વડે અર્થાત્ હાથ અને બાહુના આભરણ વિશેષથી સ્તંભિત ભુજા જેની છે તે. અધિકરૂપે શોભાવાળા, કાનના આભરણરૂપ કુંડલો વડે ઉધોતને પ્રાપ્ત મુખ જેનું છે તેવા, મુગટ વડે દીપ્ત મસ્તકવાળા, હાર વડે આચ્છાદિત અને તેનાથી સારી રીતે કરેલ મનોહર છાતી જેની છે તેવી, દીર્ઘ-લટકતા અને સુષ્ઠુ કૃત્ પટ વડે ઉત્તરાસંગવાળા, મુદ્રિકા - આંગળીનું આભરણ, તેના વડે પીળી લાગતી આંગળીવાળા, વિવિધ મણિ-સુવર્ણ-રત્ન વડે વિમલ તથા મહાર્ઘ નિપુણ શિલ્પી વડે પરિકર્મિત દીપતા એવા વિરચિત, સુશ્લિષ્ટ બીજા કરતાં વિશેષયુક્ત મનોહર વીરવલયો પહેરેલા...

ઘણું વર્ણન કરવાથી શું ? કલ્પવૃક્ષ સમાન અલંકૃત્, દલ આદિ વડે વિભૂષિત ફળાદિથી શોભે તેમ આ પણ મુગટ આદિ વડે અલંકૃત્ અને વિભૂષિત વસ્ત્રાદિ વડે હતો. તે પવિત્ર થઈને માતા-પિતાને પગે પ્રણિપાત કરે છે. પ્રણિપાત કરીને તે પુરુષને માતાપિતા એમ કહે છે કે — હે પુત્ર ! સો વર્ષ જીવ.

હવે જો તે પુત્રનું સો વર્ષ પ્રમાણ આયુ હોય ત્યારે તે જીવે, અન્યથા નહીં. તો પણ આયુ સો વર્ષથી અધિક તેનું ન થાય. કઈ રીતે ? જે કારણે સો વર્ષ જીવતો ૨૦ યુગ જીવે, કેમકે આયુ નિરુપક્રમ હોય છે તેમાં યુગ - ચંદ્રાદિ પાંચ વર્ષરૂપ.

૨૦-યુગ જીવતો પુરુષ ૨૦૦ અયન જીવે, તેમાં અયન - છ માસનું હોય. ૨૦૦ અયન જીવતો જીવ ૬૦૦ ઋતુ જીવે છે. તેમાં બે માસની એક ઋતુ થાય. ૬૦૦ ઋતુ જીવતો પ્રાણી ૧૨૦૦ માસ જીવે છે. ૧૨૦૦ માસ જીવતો પ્રાણી ૨૪૦૦ પક્ષ જીવે છે. ૨૪૦૦ પક્ષ જીવતો તે ૩૬,૦૦૦ અહોરાત્ર જીવે છે. ૩૬,૦૦૦ અહોરાત્ર જીવતો ૧૦,૮૦,૦૦૦ મુહૂર્ત્ત જીવે છે. ૧૦,૮૦,૦૦૦ મુહૂર્ત્ત જીવતો દેહધારી ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ શ્વાસોચ્છ્વાસ જીવે છે.

આટલા જીવનમાં તે ૨૨॥ ''તંદુલવાહ'' કે જેનું સ્વરૂપ હવે કહેવાશે તેટલાં ચોખા ખાય છે. કઈ રીતે ? હે આયુષ્યમાન્ ! હે સિદ્ધાર્થ નંદન ! તે સંસારી ૨૨॥ તંદુલવાહ ખાય છે ?

હે ગૌતમ ! દુર્બલ સ્ત્રી વડે ખાંડેલ, બલવતી સ્ત્રી વડે છડેલ, ખદિર મુશલના પ્રત્યાહતથી અપગત ફોતરાદિવાળા, અખંડ-સંપૂર્ણ અવયવ વાળા અસ્ફૂટિત - x - કર્કરાદિ કાઢી લેવાથી એક-એક બીજ વીણીને અલગ-અલગ કરેલ, એવા પ્રકારના ૧૨॥ પલ તંદુલનો એક પ્રસ્થક થાય છે.



પલનું માન આ રીતે — પાંચ ગુંજા વડે માષ, ૧૬ માષ વડે કર્ષ અર્થાત્ ૮૦ ગુંજા પ્રમાણ, તે જો સુવર્ણના હોય તો સુવર્ણ સંજ્ઞ, બીજાના હોય તો રજત આદિના થાય. ચાર કર્ષ વડે પલ થાય અર્થાત્ ૩૨૦ ગુંજા પ્રમાણ થાય.

कल्ल - પ્રાતઃકાળ, ભોજન મરાટે એક પ્રસ્થ જોઈએ ૬૪,૦૦૦ ચોખાનો એક પ્રસ્થ થાય. કેટલાં ચોખા વડે એક કવલ થાય ? ૧૨૧ પ્રમાણમાં કંઈક ન્યૂન, આટલા કવલમાનથી પુરુષના ૩૨ કવલરૂપ આહાર થાય છે, સ્ત્રીનો ૨૮ કવલ રૂપ અને નપુંસકનો ૨૪-કવલરૂપ આહાર થાય છે.

ઉક્ત પ્રકારથી અને કહેવાનાર પ્રકારથી આયુષ્યમાન્ ! આ ગણના વડે આ પૂર્વોક્ત માન થાય છે.

હવે અસતિ આદિ માનપૂર્વક ૧,૨૮,૦૦૦ તંદુલ પ્રમાણથી ૬૪ કવલ પ્રમાણ થાય. એ પ્રમાણે રોજ બે પ્રસ્થ ખાતો ૧૦૦ વર્ષે કેટલાં તંદુલવાહ કેટલાં ચોખા ખાય છે તે કહેલ છે. ધાન્યથી ભરેલ અર્વાગમુખી કરેલ હાથ અસતી કહેવાય છે. બે અસતીથી એક પ્રસૃતિ, બે પ્રસૃતિથી સેતિકા, ચાર સેતિકાથી કુડવ, ચાર કુડવથી પ્રસ્થ, ચાર પ્રસ્થથી આઢક, ૬૦ આઢકથી જઘન્ય કુંભ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

તે વાહપ્રમાણ ચોખાને ગણીને કહી, ૪,૬૦,૮૦,૦૦,૦૦૦ થાય, તેમ કહેલ છે. કઈ રીતે ? એક પ્રસ્થથી ૬૪,૦૦૦ ચોખા થાય ? બે પ્રસ્થથી ૧,૨૮,૦૦૦ થાય. રોજના બે ભોજન વડે ઉક્ત પ્રમાણ ચોખા ખાય છે. ૧૦૦ વર્ષના ૩૬,૦૦૦ દિવસો છે, તેથી ૩૬,૦૦૦ વડે ગુણતાં ૪,૬૦,૮૦,૦૦,૦૦૦ તે રીતે ૨૨॥ વાહ ચોખાને ખાતો ૫॥ મગના કુંભ ખાય ઈત્યાદિ સૂત્રાર્થવત્ બધું કહેવું - x - x - x -

● **સૂત્ર-૭૪ થી ૧૦૧ :-**

***વ્યવહાર ગણિત જોયું, હવે સૂક્ષ્મ અને નિશ્ચયગત ગણિત જાણવું જોઈએ. જો આ પ્રકારે ન હોય તો ગણના વિષમ જાણવી. સર્વાધિક સૂક્ષ્મકાળ જેનું વિભાજન ન થઈ શકે તેને ''સમય'' જાણવો. એક શ્વાસોચ્છ્વાસમાં અસંખ્યાત સમય થાય છે. હૃષ્ટપુષ્ટ ગ્લાનિ રહિત અને કષ્ટ રહિત પુરુષનો જે એક શ્વાસોચ્છ્વાસ હોય તેને પ્રાણ કહે છે.***

***સાત પ્રાણોનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ, ૭૭ લવનું એક મુહૂર્ત્ત કહ્યું છે. હે ભગવન્ ! એક મુહૂર્ત્તમાં કેટલાં ઉચ્છ્વાસ કહ્યા છે ? હે ગૌતમ ! ૩૭૭૩ ઉચ્છ્વાસ થાય છે. બધાં જ અનંતજ્ઞાનીઓએ આ જ મુહૂર્ત્ત પરિમાણ બતાવેલ છે. બે ઘડીનું એક મુહૂર્ત્ત, ૬૦ ઘડીનો અહોરાત્ર, પંદર અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો એક મહિનો થાય.***

***દાડમના પુષ્પની આકૃતિવાળી લોખંડની ઘડી બનાવી તેના તળમાં છિદ્ર કરવું. ત્રણ વર્ષની ગાયના બચ્ચાની પૂંછડીના ૯૬ વાળ જે સીધા હોય અને વળેલા ન હોય તેવા આકારે ઘડીનું છિદ્ર હોવું જોઈએ. અથવા બે વર્ષના હાથીના બચ્ચાની પૂંછડીના બે વાળ જે ટુટેલા ન હોય તેવા આકારે ઘડીનું છિદ્ર હોવું જોઈએ - અથવા -***

***ચાર માસ સોનાની એક ગોળ અને કઠોર સોય કે જેનું પરિમાણ ચાર અંગુલ હોય તેવું છિદ્ર હોવું જોઈએ. તે ઘડીમાં પાણીનું પરિમાણ બે આઢક હોવું જોઈએ. તે પાણીને કપડાં દ્વારા ગાળીને પ્રયોગ કરવો. મેઘનું સ્વચ્છ પાણી અને શરદકાલીન પર્વતીય નદીના જેવું પાણી લેવું.***

***૧૨-માસનું એક વર્ષ, એક વર્ષના ૨૪-પક્ષ ૩૬૦ રાતદિવસ હોય છે, એક રાત્રિ દિવસમાં ૧,૧૩,૯૦૦ ઉચ્છ્વાસ હોય છે. એક મહિનામાં ૩૩,૫૫,૭૦૦ ઉચ્છ્વાસ થાય છે. એક વર્ષમાં ૪,૦૭,૪૮,૪૦૦ ઉચ્છ્વાસ થાય છે. ૧૦૦ વર્ષના આયુમાં ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ ઉચ્છ્વાસ થાય છે.***

***હવે સાત દિવસ ક્ષીણ થતાં આયુના ક્ષયને જુઓ.***

***રાતદિવસમાં ૩૦ અને મહિનામાં ૯૦૦ મુહૂર્ત્ત પ્રમાદી માણસના નાશ પામે છે. પણ અજ્ઞાની તે જાણતા નથી. હેમંત ઋતુમાં સૂર્ય પુરા ૩૬૦૦ મુહૂર્ત્ત આયુના નાશ કરે છે. એ જ રીતે ૨૦ વર્ષ બાળપણ અને વૃદ્ધાવસ્થામાં નાશ પામે છે. બાકીના ૧૫-વર્ષ ઠંડી ગરમી માર્ગગમન ભૂખ તરસ ભય શોક અને વિવિધ પ્રકારના રોગ થાય છે. એ રીતે ૮૫ વર્ષ નાશ પામે છે. ૧૦૦ વર્ષ જીવનાર એ રીતે ૧૫-વર્ષ જીવે છે અને બધાં કંઈ ૧૦૦ વર્ષ જીવનાર હોતા નથી.***

***આ રીતે વ્યતીત થતાં નિઃસાર મનુષ્ય જીવનમાં સામે આવેલ ચારિત્ર ધર્મનું પાલન કરતાં નથી, તેને પાછળથી પશ્ચાત્તાપ કરવો પડશે.***

***આ કર્મભૂમિમાં ઉત્પન્ન થઈને પણ કોઈ મનુષ્ય મોહવશ થઈ જિનેન્દ્રો દ્વારા પ્રતિપાદિત ધર્મતીર્થરૂપી શ્રેષ્ઠ માર્ગ અને આત્મસ્વરૂપને જાણતો નથી.***

***આ જીવન નદીના વેગ જેવું ચપળ, યૌવન ફૂલો જેવું કરમાનારું અને સુખ પણ અશાશ્વત છે. આ ત્રણે શીઘ્ર ભોગ્ય છે. જેવી રીતે મૃગના સમૂહને જાળ વીંટાઈ જાય છે, એ રીતે મનુષ્યને જરા-મરણરૂપી જાળ વીંટાઈ જાય છે. તો પણ મોહ જાલથી મૂઢ બનેલા તમે આ બધું જોઈ શકતા નથી.***

**● વિવેચન-૭૪ થી ૧૦૧ :-**

વ્યવહાર ગણિત સ્થૂળથી સ્વીકારીને મુનિ વડે કહેવાયું. સૂક્ષ્મ ગણિત નિશ્ચયગત જાણવું જોઈએ. જો આ નિશ્ચયગત હોય, તો આ વ્યવહારગણિત નથી, તેથી વિષમગણના જાણવી.

હવે પૂર્વોક્ત સમયાદિ ગણિત કહે છે — काल અત્યંત સૂક્ષ્મ છે, તેનો વિભાગ કરવો અશક્ય છે. काल - સમય. च શબ્દથી અસંખ્યાત સમયની આવલિકા પણ જાણવી. એક નિઃશ્વાસ-ઉચ્છ્વાસમાં અસંખ્યાત સમયો જાણવા.

સમર્થ, રોગ રહિત, ક્લેશરહિત જીવનો એક નિઃશ્વાસ-ઉચ્છ્વાસને પ્રાણ કહે છે. સાત પ્રાણથી એક સ્તોકાદિ પૂર્વે કહ્યા એકૈક મુહૂર્ત્તના કેટલાં ઉચ્છ્વાસ કહ્યા છે ? ગૌતમ ! ૩૭૭૩ મુહૂર્તો સર્વજ્ઞ અનંતજ્ઞાની વડે કહેલાં છે.

બે ઘટિકાનું એક મુહૂર્ત॰ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. તે નાલિકાનું અને તેના છિદ્રના સ્વરૂપ સુધી જાણવું. તેમાં વિશેષ એ કે ગાયની વાછડી ત્રણ વર્ષની ગણવી



અને બાળ હાથણી બે વર્ષની ગણી. હવે ઘટિકાનું જળ પ્રમાણ કહે છે — તે બે આઢક થાય. તે જળ વસ્ત્ર વડે ગળેલું ઈત્યાદિ જાણવું.

બાર માસનો એક સંવત્સર થાય. તેમાં ૨૪ પક્ષો હોય, ઈત્યાદિ બધું સૂત્ર-૮૭ થી ૯૨ના અર્થ મુજબ જાણવું. ૧૦૦ વર્ષમાં આ સૂત્રોક્ત ઉચ્છ્વાસ થાય. ઓ ભવ્યો ! તમે જ્ઞાન ચક્ષુ વડે જુઓ, આયુષ્યનો ક્ષય અહોરાત્ર થતાં સમય-સમયે આવીચી-મરણથી આયુ તુટી રહેલ છે.

એક માસના ૯૦૦ મુહૂર્તો થાય તેમાં મદ્યાદિ પ્રમાદ યુક્ત સુભમ અને બ્રહ્મદત્તાદિની જેમ ઘટી જાય છે. તે મુર્ખાઓ જાણતાં નથી. એ રીતે ત્રણે ઋતુમાં સૂત્રાર્થ મુજબ જાણવું. હવે જીવોનું ઉત્કૃષ્ટ જીવિત ૧૦૦ વર્ષના પ્રવાહથી જાણવું. સો વર્ષમાં ૫૦ વર્ષ નિદ્રા વડે ચાલી જાય. બાકીના ૫૦ વર્ષમાં ૨૦-વર્ષ પ્રમાદાદિથી જાય છે. રોગાદિમાં ૧૫-વર્ષ જાય. એ રીતે ૮૫ વર્ષ જતાં શેષ-૧૫ વર્ષ વધે. ઈત્યાદિ સૂત્રાર્થવત્.

એ રીતે ઉક્ત પ્રકારે અસાર માનુષત્વમાં - x - સમયે સમયે આયુ ક્ષયને પામે છે. તેમાં તમે ચારિત્રધર્મ - જ્ઞાન, દર્શનપૂર્વક દેશ-સર્વ ચારિત્ર ન કર્યુ, તે મહાખેદની વાત છે. આયુષ્યના ક્ષયની ચરમક્ષણમાં મન-વચન-કાયાથી મહાખેદ કરીશ અને નરકમાં જઈશ. અહીં ભવ્યો પ્રશ્ન કરે છે —

આપણે આત્મસ્વરૂપ કેમ ન જાણીએ. ત્યારે ગુરુએ કહ્યું — જિનોક્ત સ્વરૂપ ધર્મનું પવિત્ર કરણ સ્થાનક, તેનો જ્ઞાન દર્શન ચારિત્રરૂપ માર્ગ. તેમાં રાગાદિ વિજેતા જિનવરે પોતે નિરૂપિત છે કે તમે આત્માને ન જાણો. શું હોવાથી ? તીવ્ર મિથ્યાત્વ-મિશ્ર-મોહનીય કર્મોદય હોય ત્યારે. - x -

નદીના વેગ સમાન ચપળ આયુ છે. યૌવન પુષ્પ સમાન છે. ક્ષણમાં મ્લાનત્વને પામે છે. જે સૌખ્ય છે, તે અનિત્ય છે. આ ત્રણે શીઘ્ર ભોગ્ય છે - ભંગ પામે છે. ઈત્યાદિ બધું સૂત્ર ૧૦૦,૧૦૧ના અર્થ મુજબ જાણવું.

આયુષ્યની અપેક્ષાથી અનિત્યત્વ કહ્યું. હવે શરીરથી કહે છે—

**● સૂત્ર-૧૦૨ :-**

***હે આયુષ્યમાન્ ! આ શરીર ઈષ્ટ, પ્રિય, કાંત, મનોજ્ઞ, મનોહર, મનાભિરામ, દૃઢ, વિશ્વસનીય, સંમત, બહુમત, અનુમત, ભાંડ કરંડક સમાન, રત્નકરંડકવત્ સુસંગોપિત, વસ્ત્રની પેટી સમાન સુસંપરિવૃત્ત, તેલપાત્રની જેમ સારી રીતે રક્ષણીય, ઠંડી-ગરમી-ભૂખ-તરસ-ચોર-દંશ-મશક-વાત-પિત્ત-કફ-સંનિપાત આદિ રોગોના સંસ્પર્શથી બચાવવા યોગ્ય માન્યું છે. પણ ખરેખર આ શરીર અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, વૃદ્ધિ અને હાનિ પામનારું વિનાશશીલ છે.***

***હે આયુષ્યમાન્ ! આ શરીરમાં પૃષ્ઠ ભાગના હાડકામાં ક્રમશ ૧૮ સાંધા છે. તેમાં કરંડક આકારે બાર પાંસળી છે, છ હાડકાં માત્ર પડખાંને ઘેરે છે, જેને કડાહ કહેવાય છે. મનુષ્યની કુક્ષિ એક વિતસ્તિ પ્રમાણ અને ગર્દન ચાર અંગુલ પ્રમાણ છે. જીભ ચાર પલ, આંખ બે પલ છે. હાડકાંના ચાર ખંડથી યુક્ત***

***માથાનો ભાગ છે. તેમાં ૩૨ દાંત, સાત અંગુલ પ્રમાણ જીભ, સાડા ત્રણ પલનું હૃદય, ૨૫-પલનું કલેજું છે. બે આંત હોય છે, જે વામ પરિમાણની કહેવાય છે. બે આંત આ પ્રકારે સ્થૂળ અને પાતળી છે. તેમાં જે સ્થૂળ આંત છે, તેમાંથી મળ નીકળે છે, જે સૂક્ષ્મ આંત છે. તેમાંથી સૂત્ર નીકળે છે.***

***બે પડખાં કહ્યા છે, એક ડાબુ બીજુ જમણું, તેમાં જે ડાબુ પડખું છે, તે સુખ પરિમાણવાળું છે, જે જમણું પડખું છે, તે દુઃખ પરિમાણવાળું છે. હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ સાંધા છે, ૧૦૭ મર્મસ્થાન છે. એકબીજાથી જોડાયેલા ૩૦૦ હાડકાં છે, ૯૦૦ સ્નાયુ, ૭૦૦ શિરા, ૫૦૦ માંસપેશી, ૯-ધમની, દાઢી મૂંછના રોમ સિવાયના ૯૯ લાખ રોમકૂપ, દાઢીમૂંછ સહિત સાડા ત્રણ કરોડ રોમકૂપો હોય છે.***

***હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ શિરા નાભિથી નીકળી મસ્તિષ્ક તરફ જાય છે, જેને રસહરણી કહે છે. ઉર્ધ્વગમન કરતી આ શિરા ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વાને ક્રિયાશીલતા બક્ષે છે અને તેના ઉપઘાતથી ચક્ષુ, નેત્ર, ઘ્રાણ, જિહ્વાની ક્રિયાશીલતા નાશ પામરે છે.***

***હે આયુષ્યમાન્! આ શરીરથી ૧૬૦ શિરા નાભિથી નીકળી નીચે પગના તળીયા સુધી પહોંચે છે. તેનાથી જંઘાને ક્રિયાશીલતા પ્રાપ્ત થાય છે. આ શિરાના ઉપઘાતથી મસ્તકપીડા, આધાશીશી, મસ્તકશૂળ, આંખનો અંધાપો આવે છે.***

***હે આયુષ્યમાન્ ! આ શરીરમાં ૧૬૦ શિરા નાભિથી નીકળી તીર્છી હાથના તળીયા સુધી પહોંચે છે તેનાથી બાહુને ક્રિયાશીલતા મળે છે અને તેના ઉપઘાતથી પડખામાં વેદના, પૃષ્ઠ વેદના, કુક્ષિપીડા અને કુક્ષિ શૂળ થાય છે.***

***હે આયુષ્યમાન્ ! ૧૬૦ શિરા નાભિથી નીચે તરફ જઈ ગુદાને મળે છે અને નિરૂપઘાતથી મળ-મૂત્ર, વાયુ ઉચિત માત્રામાં થાય છે અને ઉપઘાતથી મળ-મૂત્ર-વાયુનો નિરોધ થતાં મનુષ્ય ક્ષુબ્ધ બને છે અને પાંડુ નામક રોગ થાય છે.***

***હે આયુષ્યમાન્ ! કફ ધારક ૨૫-શિરા, પિત્તધારક ૨૫-શિરા, વીર્યધારક, ૧૦-શિરા હોય છે, પુરુષને કૂલ ૭૦૦ શિરા અને સ્ત્રીને ૬૭૦ શિરા તથા નપુંસકને ૬૮૦ શિરા હોય છે.***

***હે આયુષ્યમાન્ ! આ માનવશરીરમાં લોહીનું વજન એક આઢક, વસાનું અડધું આઢક, મસ્તુલિંગનું એક પ્રસ્થ, મૂત્રનું એક આઢક, પુરિસનું એક પ્રસ્થ, પિત્તનું એક કુડવ, કફનું એક કુડવ, શુક્રનું અડધું કુડવ પરિમાણ હોય છે. તેમાં જે દોષયુક્ત હોય છે, તેમાં તે પરિમાણ અલ્પ હોય છે.***

***પુરુષના શરીરમાં પાંચ કોઠા છે, સ્ત્રીના શરીરમાં છ કોઠા હોય છે, પુરુષને નવ સ્રોત હોય છે, સ્ત્રીને ૧૧-સ્રોત હોય છે. પુરુષને ૫૦૦ પેશી, સ્ત્રીને ૪૭૦ પેશી, નપુંસકને ૪૮૦ પેશી હોય છે.***

**● વિવેચન-૧૦૨ :-**

હે આયુષ્યમાન્ ! જો કે આ શરીર ઈચ્છાવિષયપણાથી ઈષ્ટ, કમનીયપણાથી



કાંત, પ્રેમ નિબંધનત્વથી પ્રિય, મનથી જણાય તે મનોજ્ઞ, મન વડે જવાય તે મનામ, મનોભિગમ, સ્થૈર્ય, વિશ્વાસ સ્થાન, સંમત, ઘણા કાર્યોમાં અનલ્પતાથી બહુમત, અનુમત, આભરણના ભાજન તુલ્યથી આદેય, રત્ન કરંડક સમાન સુસંગોપિત, વસ્ત્રમંજૂષા સમાન, નિરૂપદ્રવ સ્થાને નિવેશિત, - x - ભાંગવાના ભયથી તૈલ ગોલિકા સમાન સુસંગોપિત - x - તેલ ભાજનની જેમ સુસંગોપનીય છે અન્યથા ઢળી જવાથી તૈલની હાનિ થાય. આ શરીરને ઉષ્ણાદિ બધું ન સ્પર્શે, એમ કરીને પાલિત છે. તેમાં ઉષ્ણત્વ-ગ્રીષ્માદિમાં, શીતકાળમાં શીતત્વ, વ્યાલ-શ્વાપદ, ક્ષુત્-ભુખ, પિપાસા-તૃષા, ચોર-નિશાચર ઈત્યાદિ - x - x -

આ શરીર સૂર્યોદયવત્ અધ્રુવ છે. પ્રતિનિયતકાલે અવશ્ય ભાવિ ન હોવાથી અનિયત-સુરૂપાદિ કે કુરૂપાદિ દર્શનથી છે. અશાશ્વત - ક્ષણે ક્ષણે વિનશ્વર છે. ઈષ્ટાહાર ઉપભોગપણાથી ધૃતિ-ઉપષ્ટંભાદિમાં ઔદારિક વર્ગણા પરમાણુ ઉપચયથી ચયના અભાવે અપચય, તે અચાપચય યુક્ત - પુષ્ટિ, ગલન સ્વાભાવયુક્ત છે. જેનો વિનશ્વર સ્વભાવ છે તે વિપ્રનાશ ધર્મ. પછી વિવક્ષિત કાળથી પછી અને પહેલાં અર્થાત્ સર્વદા. અવશ્ય ત્યાજ્ય.

આ શરીરથી કે શરીરમાં અનુક્રમથી અઢાર પૃષ્ઠિવંશની સંધિ - ગ્રંથિરૂપ હોય છે. જેમકે વાંસના પર્વો. તે અઢાર સંધિમાં બાર સંધિથી બાર પાંશુલિકા નીકળીને ઉભય પાર્શ્વને આવરીને વક્ષઃસ્થલ મધ્યે ઉર્ધ્વવર્તિ અસ્થિ લાગીને પલ્લકાકારપણે પરિણમે છે. તેથી કહે છે — શરીરમાં બાર પાંશુલિકારૂપ કરંડક હોય છે. તે જ પૃષ્ઠિ વંશમાં બાકી છ સંધિથી છ પાંશુલિકા નીકળીને બે પડખાંને આવરીને હૃદયને ઉભયથી વજ્રપંજરથી નીચે શિથિલ કૂક્ષિથી ઉપર પરસ્પર સંમિલિત થઈ રહે છે. તેને કટાહ કહે છે. બે વેંતની કુક્ષિ હોય ઈત્યાદિ સૂત્રાર્થવત્. તેમાં જિહ્વા - મુખની અભ્યંતરવર્તી માંસખંડરૂપ, લંબાઈમાં આત્માંગુલથી સાત અંગુલ હોય છે. હૃદય અંતર્વર્તી માંસખંડ ૩॥ પલ હોય છે. - x - x - બાકી સૂત્રાર્થવત્. [માત્ર શબ્દાર્થ અહીં નોંધેલ છે —]

संधि - અંગુલિ આદિ અસ્થિખંડ મેલાપક સ્થાન. अस्थि दाम - હાડકાની માળા, स्नायु - અસ્થિબંધ શિરા. धमनी - રસવાહી નાડી. रोम्ण - તનુરુહ કૂપ અર્થાત્ રોમરંધ્ર.

હવે પૂર્વોક્ત ૭૦૦ શિરા કઈ રીતે થાય છે, તે કહે છે — સમગ્ર વૃત્તિ સૂત્રાર્થવત્ છે. વિશેષ આ પ્રમાણે — शिरा - સ્નસા, રસહરણી, निरुपघात - અનુગ્રહ, उपघात - વિઘાત, उपगत - પ્રાપ્ત, उपघात - વિકાર પ્રાપ્ત, शीर्षवेदना - મસ્તકપીડા. अक्षिणी - લોચન. निरुपघात - નિરૂપદ્રવ, उपघात - ઉપદ્રવ, निरुपघात - ઉપદ્રવનો અભાવ. मूत्र पुरीषवात कर्म - પ્રસ્રવણકર્મ, વિષ્ઠાકર્મ, વાયુકર્મ. अर्श-હરસ, ગુદાંકુર. क्षुभ्यन्ति - ક્ષોભને પામે છે, પરમ પીડાકર લોહીને છોડે છે.

सिंभधारिणी - શ્લેષ્મધારિણી - x - શેષ વૃત્તિકથન સૂત્રાર્થવત્ જાણવું. - x - હવે શરીરમાં રુધિરાદિનું પ્રમાણ કહે છે — હે આયુષ્યમાન્ ! આ પ્રાણીનું રુધિર

આઢક પ્રમાણ હોય છે. વસા અર્ધ આઢક. મસ્તક-ભેજુ ફેફસાદિ પ્રસ્થ પ્રમાણ, મૂત્ર આઢક પ્રમાણ, પુરીષ પ્રસ્થ પ્રમાણ છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

આ આઢક, પ્રસ્થાદિ પ્રમાણ બાલ-કુમાર-તરુણાદિને – બે અસતીની પસલી, બે પસલીની સેતિકા, ચાર સેતિકાનો કુડવ, ચાર કુડવનો પ્રસ્થ, ચાર પ્રસ્થનો આઢક, એ પ્રમાણે પોત-પોતાના હાથ વડે ગણી લેવું. જો રુધિરાદિ જ્યારે દુષ્ટ હોય છે, તે ત્યારે અતિપ્રમાણ થાય છે. અર્થાત્ ઉક્ત પ્રમાણથી શુક્ર-શોણિતાદિનું હીન-અધિકત્વ થાય છે. તે ત્યાં વાત આદિ દૂષિતત્વથી જાણવું. - x - x -

નવશ્રોત પુરુષના - તેમાં બે કાન, બે ચક્ષુ, બે ઘ્રાણ, મુખ, ગુદા, લિંગ. અગિયાર શ્રોત્ર સ્ત્રીના કહ્યા, તેમાં પૂર્વોક્ત નવ અને બે સ્તન યુક્ત અગિયાર થાય, તે મનુષ્ય સ્ત્રીને આશ્રીને કહ્યું. ગાય આદિને ચાર સ્તન હોય છે, તેથી તેને ૧૩ શ્રોત થાય. શૂકરી આદિને આઠ સ્તન હોવાથી ૧૭-શ્રોત નિર્વ્યાઘાતમાં થાય. વ્યાઘાતમાં તો એક સ્તનવાળી બકરીને ૧૦ શ્રોત અને ત્રણ સ્તની ગાયને ૧૨-શ્રોત થાય છે. - x - શરીરનું સ્વરૂપ કહ્યું, હવે તેનું અસુંદરત્વ –

**● સૂત્ર-૧૦૩ થી ૧૦૫ :-**

***કદાચ જો શરીરનું અંદરનું માંસ પરિવર્તન કરીને બહાર કરી દેવાય તો તે અશુચિને જોઈને માતા પણ ઘૃણા કરે.***

***મનુષ્યનું આ શરીર માંસ, શુક્ર, હાડકાંથી અપવિત્ર છે. પણ આ વસ્ત્ર, ગંધ, માળા દ્વારા આચ્છાદિત હોવાથી શોભે છે.***

***આ શરીર ખોપરી, ચરબી, મજ્જા, માંસ, હાડકાં, મસ્તુલિંગ, લોહી, વાલુંડક, ચર્મકોશ, નાકનો મેલ અને વિષ્ઠાનું ઘર છે. આ ખોપરી નેત્ર, કાન, હોઠ, કપાળ, તાળવું આદિ અમનોજ્ઞ મળથી યુક્ત છે. હોઠનો ઘેરાવો અત્યંત લાળથી ચીકણો, મોટું પસીનાવાળું, દાંત મળથી મલિન, જોવામાં બીભત્સ છે. હાથ-આંગળી, અંગુઠા, નખના સાંધાથી જોડાયેલ છે. આ અનેક તરલ-સ્રાવનું ઘર છે.***

***આ શરીર ખભાની નસ, અનેક શિરા અને ઘણાં સાંધાથી બંધાયેલું છે. શરીરમાં ફૂટેલા ઘડા જેવું કપાળ, સુકાવૃક્ષની કોટર જેવું પેટ, વાળવાળો અશોભનીય કુક્ષિ પ્રદેશ, હાડકાં અને શિરાના સમૂહથી યુક્ત, તેમાં સર્વત્ર અને બધી તરફ રોમકૂપોમાંથી સ્વભાવથી જ અપવિત્ર અને ઘોર દુર્ગન્ધયુક્ત પરસેવો નીકળી રહ્યો છે.***

***તેમાં કલેજું, આંતરડા, પિત્ત, હૃદય, ફેફસા, પ્લીહા, ફુપ્ફુસ, ઉદર એ ગુપ્ત માંસપિંડ અને મળસ્રાવક નવ છિદ્રો છે. તેમાં ધક્ધક્ અવાજ કરતું હૃદય છે તે દુર્ગન્ધયુક્ત, પિત્ત-કફ-મૂત્ર અને ઔષધિનું નિવાસ સ્થાન છે. ગુહ્ય પ્રદેશ, ગોઠણ, જંઘા અને પગના જોડથી જોડાયેલા, માંસ ગંધથી યુક્ત, અપવિત્ર અને નશ્વર છે.***

***આ રીતે વિચારી અને તેનું બીભત્સ રૂપ જોઈને એ જાણવું જોઈએ કે – આ શરીર અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સડન-ગલન અને વિનાશધર્મી તથા પહેલા કે પછી અવશ્ય નષ્ટ થનાર છે, આદિ અને અંતવાળું છે. બધાં મનુષ્યોનો દેહ આવો જ છે.***



**● વિવેચન-૧૦૩ થી ૧૦૫ :-**

શરીરના મધ્યપ્રદેશમાં જે અપવિત્ર માંસ વર્તે છે. તે માંસ પરાવર્ત્ય કરીને, જો બહારના ભાગમાં કરાય તયો તે માંસને અપવિત્ર જોઈને પોતાની પણ આત્મીયા માતા જુગુપ્સા કરે કે – અરો ! મેં આ શું અપવિત્ર જોયું. મનુષ્ય સંબંધી શરીર અપવિત્ર છે. કોના વડે ? માંસ, શુક્ર, હાડથી, વિભૂષા કરેલું જ શોભે છે. કોનાથી ? ગંધ-માળા વડે આચ્છાદન કરેલ. આચ્છાદન-વસ્ત્ર, ગંધ-કર્પૂરાદિ.

આ મનુષ્ય શરીર શીર્ષઘટી સમાન મસ્તકનું હાડકું, મેદ, મજ્જા, માંસ, અસ્થિ-કુલ્ય, માથાની ચીકાશ, લોહી, વાલુંડ-અંતર્ શરીર અવયવ વિશેષ, ચર્મકોશ, નાકનો મેલ, બીજો પણ શરીરથી ઉદ્ભવેલ નિંધમલ તે બધાંના ગૃહસમાન છે. મનોજ્ઞભાવ વર્જિત શીર્ષઘટી વડે આક્રાંત, ગળતા એવા નયન, કર્ણ, હોઠ, ગંડ, તાલુ ઈત્યાદિથી ચીક્કણું. - x - દાંત મલ વડે મલિન, ભયંકર આકૃતિ કે અવલોકન, રોગાદિ કૃશાવસ્થામાં જેનું શરીર છે તે બીભત્સ દર્શન, સ્કંધ-ભુજા-હાથનો અંગુઠો અને આંગળીઓ, નખોની જે સંધિઓ, તેના સમૂહથી સંધિત આ શરીર ઘણાં રસના ગૃહ સમાન છે. [કઈ રીતે ?]

નાળ વડે, સ્કંધશિરા વડે, અનેક સ્નાયુ વડે, ઘણી ધમની વડે, અસ્થિ મેલાપક સ્થાન વડે નિયંત્રિત, સર્વ જન દૃશ્યમાન ઉદર કપાલ જેમાં છે તેવું. કક્ષા સમાન નિષ્કુટ - જીર્ણ શુષ્ક વૃક્ષની કોટર જેવું તે કક્ષનિષ્કુટ. કુત્સિત બાલોથી સદા સહિત અથવા કક્ષામાં થાય તે કાક્ષિકા - તેમાં રહેલ કેશ લતા વડે યુક્ત. દુષ્ટ અંત-વિનાશ કે પ્રાંત જેમાં છે, તે દુરંત-દુષ્પૂર, અસ્થિ અને ધમનીની પરંપરાથી વ્યાપ્ત, સર્વ પ્રકારે - સર્વત્ર રોમરંધ્રથી પરિસ્રવતું - ગળતું, બધે જ સચ્છિદ્ર ઘટ સમાન, ચ શબ્દથી બીજા પણ નાસિકાદિ છીદ્રોથી સ્રવતુ આ શરીર સ્વયં અપવિત્ર છે અને સ્વભાવથી પરમદુષ્ટગંધી છે.

પ્લીહા, જલોદર, ગુહ્યમાંસ, નવ છિદ્રો જેમાં છે તે, તથા દિગ્દ્રિગ થતું હૃદય જેમાં છે તે યાવત્ દુર્ગંધી પિત્ત-શ્લેષ્મ-મૂત્ર લક્ષણ ઔષધોના ગૃહ સમાન. - x - સર્વ ભાગમાં દુષ્ટ, અંત કે પ્રાંત છે તેવું. ગુહ્ય સાંથળ-ઘુંટણ-જંઘા-પાદ-સંઘાત સંધિત, અશુચિ અપવિત્રમાંસ ગંધ જેમાં છે તેવું. એ પ્રમાણે વિચારતા બીભત્સ દર્શનીય ભયંકર રૂપવાળું, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત છે. સડણ-પત્તન-વિધ્વંસન સ્વભાવવાળું છે. તેમાં સડન-કુષ્ઠિ આદિથી અંગુલી આદિનું સડન, બાહુ આદિનું ખડ્ગાદિ વડે છેદનાદિથી પતન, સર્વથા ક્ષય તે વિધ્વંસ.

આ મનુષ્ય શરીરને સાદિ-સાંત જાણ. આ સર્વ મનુષ્યોનું શરીર તત્ત્વતઃ સ્વભાવથી આવું છે. હવે વિશેષથી અશુભત્વ કહે છે–

**● સૂત્ર-૧૦૬ થી ૧૦૮ :-**

***માતાની કુક્ષિમાં શુક્ર અને શોણિતમાં ઉત્પન્ન તે જ અપવિત્ર રસને પીતો***

*નવ માંસ ગર્ભમાં રહે છે. યોનિમુખથી બહાર નીકળ્યો. સ્તનપાનથી વૃદ્ધિ પામ્યો, સ્વભાવથી જ અશુચિ અને મળયુક્ત એવા આ શરીરને કઈ રીતે ધોવું શક્ય છે ? અરે ! અશુચિમાં ઉત્પન્ન અને જ્યાંથી તે મનુષ્ય બહાર નીકળેલ છે, કામક્રીડાની આસક્તિથી તે જ અશુચિ યોનિમાં રમણ કરે છે.*

**● વિવેચન-૧૦૬ થી ૧૦૮ :-**

જનનીના જઠરાંતરમાં વીર્ય અને લોહીના એકત્ર થવાથી પહેલાં ઉત્પન્ન, તે જ વિષ્ઠારસને પીતો, નવ માસ સુધી રહે. યોનિનું મુખ ફાડીને, સ્તનના દુધથી વૃદ્ધિ પામીને, વિષ્ઠામય થયેલા, આવા દેહને કઈ રીતે ધોવાનું શક્ય છે ? ખેદની વાત છે કે અશુચિમાં ઉત્પન્ન જે દ્વારેથી નીકળ્યો, યૌવન પામ્યા પછી જીવ વિષયરક્ત બની ત્યાં જ ક્રીડા કરે છે.

**● સૂત્ર-૧૦૯ થી ૧૪૨ :-**

*અશુચિથી યુક્ત સ્ત્રીના કટિભાગને હજારો કવિઓ દ્વારા અશ્રાંત ભાવથી વર્ણન કેમ કરાય છે ? તેઓ આ રીતે સ્વાર્થવશ મૂઢ બને છે, તેઓ બિચારા રાગને કારણે આ કટિભાગ અપવિત્ર મળની થેલી છે, તે જાણતા નથી. તેથી જ તેને વિકસિત નીલકમલનો સમૂહ માનીને તેનું વર્ણન કરે છે.*

*વધારે કેટલું કહીએ ? પ્રચુર મેદયુક્ત, પરમ અપવિત્ર વિષ્ઠાની રાશિ અને ધૃણા યોગ્ય શરીરમાં મોહ કરવો ન જોઈએ. સેંકડો કૃમિ સમૂહોથી યુક્ત, અપવિત્ર મળતી વ્યાપ્ત, અશુદ્ધ, અશાશ્વત, સારરહિત, દુર્ગંધયુક્ત, પરસેવા અને મળથી મલિન આ શરીરમાં તમે નિર્વેદ પામો.*

*આ શરીર દાંત-કાન-નાકનો મેલ અને મુખની પ્રચુર લાળથી યુક્ત છે. આવા બિભત્સ અને ધૃણિત શરીર પ્રત્યે રાગ કેવો ? સડન-ગલન-વિનાશ-વિધ્વંસન-દુઃખકર અને મરણધર્મી, સડેલા લાકડાં સમાન આ શરીરની અભિલાષા કોણ કરે ?*

*આ શરીર કાગડાં, કુતરા, કીડી, મંકોડા, માછલી અને શ્મશાનમાં રહેતા ગીધ વગેરેનું ભોજ્ય તથા વ્યાધિથી ગ્રસ્ત છે. એ શરીરમાં કોણ રાગ કરે ?*

*અપવિત્ર, વિષ્ઠાથી પૂરિત, માંસ અને હાડકાંનું ઘર, મલસ્રાવિ, રજ-વીર્યથી ઉત્પન્ન, નવ છિદ્રોથી યુક્ત, અશાશ્વત જાણ. તિલકયુક્ત, વિશેષથી રક્ત હોઠવાળી યુવતિના બાહ્ય રૂપને જુઓ છો પણ અંદર રહેલાં દુર્ગંધિત મળને જોતાં નથી.*

*મોહથી ગ્રસિત થઈ નાચો છો અને કપાળના અપવિત્ર રસને પીઓ છો, કપાળથી ઉત્પન્ન રસ, જેને સ્વયં થુકો છો. ધૃણા કરો છો અને તેમાં જ અનુરક્ત થઈ અત્યંત આસક્તિથી તે રસ પીઓ છો.*

*કપાળ અપવિત્ર છે. નાક-વિવિધ અંગ છિદ્ર-વિછિદ્ર પણ અપવિત્ર છે. શરીર પમ અપવિત્ર ચામડાથી ઢાંકેલું અંજન વડે નિર્મળ, સ્નાન-ઉદ્વર્તનથી સંસ્કારિત, સુકુમાલ પુષ્પોથી સુશોભિત કેશરાશિયુક્ત સ્ત્રીનું મુખ અજ્ઞાનીને*



*રાગ ઉત્પન્ન કરે છે. અજ્ઞાન બુદ્ધિવાળો જે ફૂલોને મસ્તકનું આભુષણ કહે છે, તે કેવળ ફૂલ જ છે. મસ્તકનું આભુષણ નથી.*

*સાંભળો ! ચરબી, વસા, કફ, શ્લેષ્મ, મેદ આ બધાં માથાના ભૂષણ છે. આ પોતાના શરીરના સ્વાધિન છે. આ શરીર ભૂષિત થવા મરાટે અયોગ્ય છે. વિષ્ઠાનું ઘર છે. બે પગ અને નવ છિદ્રોથી યુક્ત છે. તીવ્ર દુર્ગંધથી ભરેલું છે. તેમાં અજ્ઞાની મનુષ્ય અત્યંત મૂર્છિત થાય છે.*

*કામરાગથી રંગાયેલા તમે ગુપ્ત અંગોને પ્રગટ કરીને દાંતોના ચીકણા મળ અને ખોપરીમાંથી નીકળતી કાંજી અર્થાત્ વિકૃત રસને પીઓ છો.*

*હાથીના દાંત, સસલા અને મૃગનું માંસ, ચમરી ગાયના વાળ અને ચિત્તાનું ચામડું તથા નખને માટે તેમનું શરીર ગ્રહણ કરાય છે. [માનવ શરીર શું કામનું છે ?]*

*હે મૂર્ખ ! આ શરીર દુર્ગન્ધયુક્ત અને મરણસ્વભાવી છે, તેમાં નિત્ય વિશ્વાસ કરી તમે કેમ આસક્ત થાઓ છો ? એનો સ્વભાવતો કહો – દાંત કોઈ કામના નથી, મોટા વાળ ધૃણા યોગ્ય છે, ચામડી પણ બિભત્સ છે. હવે કહો કે તમે શેમાં રાગ રાખો છો ? કફ, પિત્ત, મૂત્ર, વિષ્ઠા, ચરબી, દાઢો આદિ શેનો રાગ છે ?*

*જંઘાના હાડકાં ઉપર સાથલ છે, તેના ઉપર કટિભાગ છે, કટિ ઉપર પૃષ્ઠભાગ છે, પૃષ્ઠ ભાગમાં ૧૮ હાડકાં છે. બે આંખના હાડકાં છે અને સોળ ગર્દનના હાડકાં જાણવા. પીઠમાં બાર પાંસળી છે. શિરા અને સ્નાયુથી બદ્ધ કઠોર હાડકાંનો આ ઢાંચો માંસ અને ચામડામાં લપેટાયેલો છે.*

*આ શરીર વિષ્ઠાનું ઘર છે, આવા મળગૃહમાં કોણ રાગ કરે છે ? જેમ વિષ્ઠાના કુવા નજીક કાગળા ફરે છે, તેમાં કૃમિ દ્વારા સુળ-સુળ શબ્દ થયા કરે છે અને સ્રોતોથી દુર્ગન્ધ નીકળે છે [મરેલા શરીરની પણ આ જ દશા છે.]*

*મૃત શરીરના નેત્રને પક્ષી ચાંચથી ખોદે છે. લતાની માફક હાથ ફેલાય છે, આંત બહાર કાઢી લે છે, ખોપરી ભયંકર દેખાય છે. મૃત શરીર ઉપર માખી બણબણ કરે છે. સડેલા માંસમાંથી શૂળ-શૂળ અવાજ આવે છે. તેમાં ઉત્પન્ન કૃમિ સમૂહ મિસ-મિસ અવાજ કરે છે. આંતરડામાં થિવ-થિવ શબ્દ થાય છે. આમ આ ઘણું બિભત્સ લાગે છે.*

*પ્રગટ પાંસળીવાળું, વિકરાળ, સુકા સાંધાથી યુક્ત, ચેતના રહિત શરીરની અવસ્થા જાણો. નવ દ્વારોથી અશુચિને કાઢનાર, ઝરતાં ઘડાં સમાન આ શરીર પ્રતિ નિર્વેભ ભાવ ધરો.*

*બે હાથ, બે પગ અને મસ્તક, ધડ સાથે જોડેલ છે તે મલિન મલનું કોષ્ઠાગાર છે. આ વિષ્ઠાને તમે કેમ ઉપાડીને ફરો છો ? આ રૂપાળા શરીરને રાજપથ ઉપર ફરતું જોઈને પ્રસન્ન થાઓ છો, પરગંધથી સુગંધિતને તમારી ગંધ માનો છો, ગુલાબ, ચંપો, ચમેલી, અગર, ચંદન, તુરૂક્કની ગંધને પોતાની ગંધ*

*માનીને પ્રસન્ન થાઓ છે.*

*તારું મોઢું મુખવાસથી, અંગ-પ્રત્યંગ અગરથી, કેશ સ્નાનાદિ વેળા લગાડેલા સુગંધિત દ્રવ્યોથી સુગંધિત છે. તો આમાં તમારી પોતાની ગંધ શું છે ? હે પુરુષ ! આંખ-કાન-નાકનો મેલ તથા શ્લેષ્મ, અશુચિ અને મુત્ર એ જ તો તારી પોતાની ગંધ છે.*

**● વિવેચન-૧૦૯ થી ૧૪૨ :-**

હે પૂજ્ય ! તે સ્ત્રીદેહની ગૃહકુડી [?] કઈ રીતે છે ? અશ્રાંત, જેના વડે સ્વ સ્વાર્થમાં મૂઢતાને પામેલ હજારો કવિઓ વડે સ્ત્રીની કટિનો અગ્રભાગ અર્થાત્ ભગરૂપ વચન વિસ્તારથી વિસ્તારે છે. કેવું જઘન ? પરમ અપવિત્ર વિવર. કહ્યું છે – ચર્મખંડ, સદાભિન્ન, અપાન ઉદ્ગારવાસિત. તેમાં મૂઢો પ્રાણથી અને ધનથી ક્ષય પામે છે. જેમ-પ્રાણથી અને ધનથી ક્ષય પામે છે. જેમ-પ્રાણથી સત્યકી આદિ ક્ષય પામ્યા.

હે શિષ્ય ! તીવ્ર કામરાગથી હૃદયમાં જાણતાં નથી, બીજાને કહેતા નથી. કોણ ? બિચારા. અપવિત્ર નિર્ધમન ખાળરૂપ તે જઘનને પરમ વિષયાસક્તો વર્ણવે છે. કઈ રીતે ? વિકસિત નીલોત્પલવનની ઉપમા આપે છે. કેટલાં પ્રમાણમાં હું શરીરનું વર્ણન કરું ? તે વિષ્ઠાદિ પ્રચૂર ભરેલ છે. અર્થાત્ પરમવિષ્ઠા સમૂહરૂપ છે.

વિરાગ૦ તેનું કારણ કામાસક્ત અંગારવતીના રૂપદર્શનમાં ચંદ્રપ્રદ્યોતનની જેમ જાણવું અથવા ચાલ્યો ગયેલ છે. રાગ-મન્મથભાવ જેમાંથી તે વિરાગ. વિરાગમૂલ - તેમાં રાગ ન કરવો - સ્થુલભદ્ર, વજ્ર સ્વામી કે જંબૂસ્વામી આદિવત્.

કૃમિકુલ સંકીર્ણ, અપવિત્રમલ વ્યાપ્ત, અશુદ્ધ, સર્વથા પવિત્ર કરવાનું અશક્ય, અશાશ્વત, ક્ષણે-ક્ષણે વિનશ્વર, સારવર્જિત, દુર્ગન્ધ પ્રસ્વેદ-મલથી ચિગચિગાતો, એવા પ્રકારે શરીરમાં હે જીવો ! તમે નિર્વેદ-વૈરાગ્યને પામો.

દાંત, કાનનો મેલ, નાકનો મેલ, ચ શબ્દથી શરીરગત અનેક પ્રકારનો મલ ગ્રહણ કરવો. આવા બીભત્સ, સર્વથા નિંદ્ય શરીરમાં કોણ રાગ કરે ? તે શરીરમાં કોણ વાંછા કરે ? કેવા શરીરમાં ? જે શરીર સડન, પત્તન, વિકિરણ, વિધ્વંસન, ચ્યવન, મરણધર્મવાળું છે. તેમાં વિકિરણ - વિનશ્વરત્વ, વિધ્વંસન-રોગ જ્વરાદિથી જર્જરીકૃત્, ચ્યવન-હાથ, પગાદિનો દેશ ક્ષય.

દેહમાં કોણ રાગ કરે ? કેવો દેહ ? કાગડા, કુતરા, કીડી, મંકોડા, માછલી આદિના ભક્ષ્ય સમાન છે. સદા સંવિશુદ્ધિ, વિષ્ઠા ભૂત, માંસ-કલેવર-કુંડિ આદિ બધેથી ગળતું, માતા-પિતાના લોહી અને પુદ્ગલથી નિષ્પાદિત, નવ છિદ્રયુક્ત, અશાશ્વત એવું શરીર જાણ.

તરુણીના મુખને તું જુએ છે. કેવું છે ? તિલક સહિત, કુંકુમ-કાજલાદિ વિશેષ સહિત, તાંબુલાદિ રંગેલા હોઠ સાથે કટાક્ષ સહિત, ભ્રૂચેષ્ટા સહિત, ચપળ કાકલોચનવત્ આંખવાળી. એ પ્રમાણે તું બાહ્ય ભાગ મઠારિતને સરાગદૅષ્ટિથી અવલોકે છે. પણ અંધવત્ જોતો નથી. શું ? મધ્યે રહેલ અપવિત્ર કલિમલને. રતિ મોહોદયથી ભૂતાવેષ્ટિત સમાન ચેષ્ટા કરતો મસ્તકની ઘટીના અપવિત્ર રસને ચુંબનાદિથી પીએ છે. ઈત્યાદિ



સૂત્રાર્થવત્ બધું જાણવું. વિશેષ એ - रागरक्त - વિષયાસક્ત, મૂઢ - મહામોહને પામેલ. અતિ મૂર્છિત - તીવ્રગૃદ્ધિને પામેલ. - x - पूतिदेह - દુર્ગન્ધિ ગાત્ર - x - पिनद्ध - નિયંત્રિત.

अंजन - નેત્રમાં કાજળ આંજવું. - x - विशुद्ध - અતિ શોભતા, સ્નાન, ઉદ્વર્તનાદિથી. તેમાં उद्वर्तन - પિષ્ટિકાદિથી મેલ ઉતારવો. गुण - ધૂપનાદિ પ્રકારે અથવા સ્નાનાદિથી મૃદુત્વને પ્રાપ્ત. - x - बाल - મન્મથ કર્કશ બાણથી વિદ્ધપણાથી સત્-અસત્નો વિવેક ગુમાવેલ, राग - મન્તથથી પરવશતા, જેથી ગુર્વાદિને પણ ન ગણે.

*[વૃત્તિમાં હવેની ગાથાઓમાં મુખ્યત્વે ગાથાર્થ જ છે જે અમે સૂત્રાર્થમાં નોંધેલો જ છે, માટે અહીં વિશિષ્ટ શબ્દાર્થ જ નોંધેલ છે –]*

शीर्षपूरक - મસ્તકનું આભરણ. मेद - अस्थिकृत् वसा - વિસ્રસા, ચરબી. च - શબ્દથી શરીરમાં રહેલ અનેક અવયવો લેવા. रसिका - વર્ણાદિથી ઉત્પન્ન ખેલ-કંઠ, મુખનો શ્લેષ્મ. सिंघाणक - નાકનો શ્લેષ્મ. - x - वर्चस्ककुटी - વિષ્ઠાની કોથળી. દુષ્પ્રતિપૂરા-પૂરવાનું અશક્ય. ઉત્કટગંધવિલિપ્તા - તીવ્ર દુર્ગંધથી વ્યાપ્ત બાલજન-મૂર્ખલોક ગૃદ્ધ-લંપટત્વ.

કઈ રીતે ગૃદ્ધ - પ્રેમરાગરક્ત - કામરાગ વડે ગુંથાયેલ. अवकाश्य - પ્રગટ કરીને. ગૂઢ मुत्तोलि - અપવિત્ર સ્ત્રીની ભગ કે પુરુષચિહ્ન. चिक्कणांग - ચગચગતુ અંગ, शीर्षघटीकांजिक - કપાળના હાડકાંનો ખાટો રસ. दंतमु० ગાથામાં च શબ્દથી અનેક તિર્યંચના અવયવો. અહીં ભાવ એવો છે કે – જેમ હાથી આદિ તિર્યંચોના દાંત આદિ બધાંને ભોગને માટે થાય છે, તેમ મનુષ્ય અવયવો ભોગને માટે થતાં નથી. તેથી કહે છે કે જિનધર્મ ધારણ કરવો.

पूतिककाय - અપવિત્રશરીર. च्यवनमुख - મરણ સન્મુખ. नित्यकाल विश्वस्त - સદા વિશ્વાસને પામેલ. સદ્ભાવ-હાર્દ. મૂઢ-મૂર્ખ. - x - सिंभ० ગાથા :- गूथ - વિષ્ટા. दंतफुंडी - હાડભાજન. અથવા દંતકુંડી એટલે દાઢા. जंघा० ગાથા :- कटि - श्रोणि, કમર. - x - अट्ठिय० ગાથા :- કઢિણ - કઠિન. વિષ્ઠાકોષ્ઠાગાર - વિષ્ઠાના ગૃહની ઉપમા. जह० ગાથા :- नाम - કોમળ આમંત્રણ. વચ્ચક્વ-વિષ્ઠાનો ભરેલ કૂવો. કાક્કલિ - કાગડાનો સંગ્રામ. કૃમિક - વિષ્ઠામાં રહીને 'શૂળશૂળ' એવા પ્રકારે શબ્દ કરે છે. પૂતિક - પરમ દુર્ગન્ધ.

હવે શરીરની શબ અવસ્થા દર્શાવતી ત્રણ ગાથા :- સૂત્ર-૧૩૪ થી ૧૩૬ વડે કહેલ છે – કાગડા આદિ વડે કાઢી લેવાયેલા નયનો જેના છે, તેના - તેમાં કે તેથી તે ઉદ્ધૃતનયન. विकर्त्तित - વિશેષથી સ્થાને સ્થાને પાડેલ. વિપ્રકીર્ણ-વિરલ. - x - શીયાળ આદિ વડે ખેંચી કઢાયેલ આંતરડાદિ, પ્રગટ શીર્ષઘટીથી રૌદ્ર.

ભિણિભિણિ ભણંત - માખી આદિ વડે ગણગણ કરતાં. विसर्पद् - અંગ આદિના શિથિલપણાથી વિસ્તારને પામેલ. - x - मिसिमिसिमिसिंतकिमिय - ''મિસંત'' શબ્દ કરતી કૃતિઓ જેમાં છે તે. थिविथिविथिविअंतबीभच्छ - છબછબ કરતાં

આંતરડાથી રૌદ્ર.

પગ૦ ગાથા :- પ્રકટિત - પ્રકટત્વને પ્રાપ્ત, વિકરાલ-ભય ઉત્પાદક, સંઘાત-સમુદાય, નિશ્ચેતનક - ચૈતન્ય વિવર્જિત. વચ્ચાઉ૦ નવ શ્રોતો વડે ગળતા, વર્ચસ્ક-વિષ્ટા, અશુચિતર - અપવિત્રતમ. આમગમલ્લગરૂવ - અપક્વ શરાવતુલ્ય. નિર્વેદ-વૈરાગ્ય.

दो हत्था० ગાથા :- સીસં ઉચ્ચંપિય - પ્રાબલ્યથી ચંપિત મસ્તક અથવા પ્રબળતાથી આક્રમિત. દુયાદુય - શીઘ્રશીઘ્ર. तं च किं० ગાથા :- फिर - સંભાવનાર્થે છે. ઓઇન્ન - પ્રાપ્ત. પરગંધ-પાટલ, ચંપક આદિ વડે સુગંધક થયેલ. मन्नंत - જાણતો. હવે પરગંધને દર્શાવે છે - પાટલ, ચંપક, મલ્લિકા, અગરુ, ચંદન, તુરુષ્ક મિશ્ર. મિશ્ર - સંયોગ ઉત્પન્ન યક્ષ કર્દમાદિક ગંધ. સમોયરંત - બધે વિસ્તરતી. એ રીતે પરમગંધને પોતાની ગંધ જામતો ખુશ થાય.

सुहवा० ગાથા :- શુભવાસ - સુંદર ચૂર્ણ, સુરભિગંધ - સુગંધ. વાત - શીતલાદિ વાયુ. - x - એવા પ્રકારે અંગ ગાત્ર વર્તે છે. કેશ - વાળ, સ્નાન વડે સુગંધી વર્તે છે. આમાં તારી આત્માની ગંધ ક્યાં છે ?

પોતાની ગંધ દર્શાવે છે — આંખનો મેલ, ચીપડા વગેરે. કાનનો મેલ, કંઠ અને મુખનો શ્લેષ્મ, નાકનો મેલ, च શબ્દથી જીભનો મેલ, ગુહ્યમલ, કક્ષામેલ આદિ કેવા છે ? દુર્ગન્ધ તથા બધાં પ્રકારે અશુભ, મળ-મૂત્રયુક્ત, આ અનંતરોક્ત છે, તે તારી પોતાની ગંધ છે.

હવે વૈરાગ્યોત્પાદન માટે સ્ત્રી ચરિત્ર દર્શાવે છે —

● **સૂત્ર-૧૪૩ :-**

*કામરાગ અને મોહરૂપી વિવિધ દોરડાથી બંધાયેલ હજારો શ્રેષ્ઠ કવિઓ દ્વારા આ સ્ત્રીઓની પ્રશંસામાં ઘણું જ કહેવાયેલ છે. વસ્તુતઃ તેમનું સ્વરૂપ આ પ્રમાણે છે—*

*સ્ત્રીઓ સ્વભાવથી કુટિલ, પ્રિયવચનોની લતા, પ્રેમ કરવામાં પહાડની નદીની જેમ કુટિલ, હજારો અપરાધોની સ્વામિની, શોક ઉત્પન્ન કરાવનારી, વાળનો વિનાશ કરનારી, પુરુષો માટે વધસ્થાન, લજ્જાનો નાશ કરનારી, અવિનયની રાશિ, પાપખંડનું ઘર, શત્રુતાની ખાણ, શોકનું ઘર, મર્યાદા તોડનારી, રાગનું ઘર, દુરાચારીનું નિવાસ સ્થાન, સંમોહનની માતા જેવી છે... તથા —*

*જ્ઞાનનો નાશ કરનારી, બ્રહ્મચર્યનો નાશ કરનારી, ધર્મમાં વિઘ્નરૂપ, સાધુઓની શત્રુ, આચારસંપન્ન માટે કલંકરૂપ, કર્મરૂપી રજનું વિશ્રામગૃહ, મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત, દરિદ્રતાનો આવાસ, કોપાયમાન થાય ત્યારે ઝેરી સાપ જેવી, કામથી વશ થાય ત્યારે મદોન્મત હાથી જેવી, દુષ્ટ હૃદયા હોવાથી વાઘણ જેવી, કાલિમાં વાળા હૃદયની હોવાથી તૃણ આચ્છાદિત કૂવા સમાન... તથા —*

*જાદુગરની જેમ સેંકડો ઉપચારોથી આબદ્ધ કરનારી, દુર્ગ્રાહ્ય સદ્ભાવ હોવા છતાં આદર્શની પ્રતિમા, શીલને સળગાવવામાં વનખંડની આગ જેવી,*





*અસ્થિર ચિત્ત હોવાથી પર્વત માર્ગની જેમ અનવસ્થિ. અંતરંગ વ્રણની સમાન કુટિલ હૃદય, કાળા સર્પની જેમ અવિશ્વાસ્ય, છળ છદ્મયુક્ત હોવાથી પ્રલય જેવી... તથા —*

*સંધ્યાની લાલીમાની જેમ ક્ષણિક પ્રેમ કરનારી, સમુદ્રના તરંગની જેમ ચપળ સ્વભાવવાળી, માછલીની જેમ દુષ્પરિવર્તનીય, ચંચળતામાં વાંદરા જેવી, મૃત્યુની જેમ કંઈ બાકી ન રાખનારી, કાળની જેમ ક્રુર, વરુણની જેમ કામપાશરૂપી હાથવાળી, પાણીની જેમ નિમ્નગામિની, કૃપણની જેમ ઉલટા હાથવાળી, નરકસમાન ભયાનક, ગર્દભની જેમ દુઃશીલા, દુષ્ટ ઘોડાની જેમ દુર્દમનીય, બાળકની જેમ ક્ષણમાં પ્રસન્ન અને ક્ષણમાં રોષાયમાન... તથા —*

*અંધકારની જેમ દુષ્પ્રવેશ, વિષયની લતાની જેમ આશ્રયને અયોગ્ય, કુવામાં આક્રોશથી અવગાહન કરનાર દુષ્ટ મગર જેવી, સ્થાનભ્રષ્ટ ઐશ્વર્યવાન્‌ની જેમ પ્રશંસા માટે અયોગ્ય, કિંપાક ફળની જેમ પહેલાં સારી લાગતી, પણ પછી કટુ ફળ દેનારી, બાળકને લલચાવનાર ખાલી મુઠ્ઠી જેવી, સાર વગરની, માંસપિંડને ગ્રહણ કરવાની જેમ ઉપદ્રવ કરનારી, બળેલા ઘાસના પૂળાની જેમ નહીં છૂટેલા માન અને બળેલા શીલવાળી, અરિષ્ટની જેમ દુર્ગંધનીય... તથા —*

*ખોટા સિક્કાની જેમ શીલનો ઠગનારી, ક્રોધીની જેમ કષ્ટથી રક્ષિત, અત્યંત વિષાદવાળી, નિંદિત, દુરુપચારા, અગંભીર, અવિશ્વસનીય, અનવસ્થિત, દુઃખથી રક્ષિત, અરતિકર, કર્કશ, દંડ વૈરવાળી, રૂપ અને સૌભાગ્યથી ઉન્મત્ત, સાંપની ગતિની જેમ કુટિલ હૃદયા, અટવીમાં યાત્રાની જેમ ભય ઉત્પન્ન કરનારી, કુળ-પરિવાર અને મિત્રમાં ફૂટ પાડનારી, બીજાના દોષો પ્રકાશિત કરનારી, કૃતઘ્ન, વીર્યનાશ કરનારી... તથા—*

*કોલની જેમ એકાંતમાં હરણ કરનારી, ચંચળ, અગ્નિથી લાલ થયેલા ઘડાની જેમ લાલ હોઠોથી રાગ ઉત્પન્ન કરનારી, અંતરંગ ભગ્નશત હૃદયા, દોરડા વિનાનું બંધન, વૃક્ષરહિત જંગલ, અગ્નિનિલય, અદૃશ્ય વૈતરણી, અસાધ્ય બિમારી, વિના વિયોગે પ્રલાપ કરનારી, અનભિવ્યક્ત ઉપસર્ગ, રતિક્રિડામાં ચિત્ત વિભ્રમ કરનારી, સર્વાંગ સળગાવનારી, મેઘ વિના જ વજ્રપાત કરનારી, જળશૂન્ય પ્રવાહ અને સમુદ્ર સમાન નિરંતર ગર્જન કરનારી એવી આ સ્ત્રીઓ હોય છે.*

*આ રીતે સ્ત્રીઓની અનેક નામ નિર્યુક્તિ કરાય છે. લાખો ઉપાયો થકી અને વિવિધ પ્રકારે પુરુષોની કામાસક્તિ વધારે છે. તથા તેને વધ-બંધનનું ભાજન બનાવનાર નારી સમાન બીજો કોઈ શત્રુ નથી. તેથી તેની નારી વગેરે નિર્યુક્તિ આ રીતે છે—*

*પુરુષને તેના સમાન બીજો કોઈ શત્રુ નથી, માટે 'નારી' વિવિધ પ્રકારના કર્મો અને શિલ્પથી પુરુષોને મોહિત કરે છે માટે 'મહિલા', પુરુષોને મત કરે છે માટે પ્રમદા. મહાન્ કલહને ઉત્પન્ન કરે છે, માટે મહિલિકા, પુરુષોને હાવભાવથી રમણ કરાવે છે માટે રમા, પુરુષોને અંગમાં રાગ કરાવે છે, મરાટે 'અંગના'*

*અનેક પ્રકારના યુદ્ધ - કલહ-સંગ્રામ-અટવીમાં ભ્રમણ, વિના પ્રયોજને ઋણ લેવું, ઠંડી-ગરમીનું દુઃખ અને કલેશ ઉભો કરવા આદિ કાર્યોમાં તે પુરુષને પ્રવૃત્ત કરે છે માટે 'લલના'. યોગ-નિયોગ દ્વારા પુરુષને વશ કરે છે માટે 'યોષિત્', વિવિધ ભાવો દ્વારા પુરુષની વાસના ઉદ્દીપ્ત કરે છે માટે 'વનિતા' કહેવાય છે.*

*કોઈ સ્ત્રી પ્રમત્તભાવને, કોઈ પ્રણય વિભ્રમને અને કોઈ શ્વાસના રોગીની જેમ શબ્દ વ્યવહાર કરે છે. કોઈ શત્રુ જેવી હોય છે અને કોઈ રડી રડી પગે પ્રણામ કરે છે. કોઈ સ્તુતિ કરે છે. કોઈ કુતૂહલ, હાસ્ય અને કટાક્ષપૂર્વક જુએ છે. કોઈ વિલાસયુક્ત મધુર વચનોથી, કોઈ હાસ્ય ચેષ્ટાથી, કોઈ આલિંગન દ્વારા, કોઈ સીત્કારના શબ્દોથી, કોઈ ગૃહયોગના પ્રદર્શનથી, કોઈ ભૂમિ ઉપર લખીને અથવા ચિહ્ન કરીને, કોઈ વાંસડા ઉપર ચડી નૃત્ય દ્વારા, કોઈ બાળકના આલિંગન થકી, કોઈ આંગળીના ટચાકા, સ્તનમર્દન અને કટિતટ પીડન આદિ થકી પુરુષોને આકૃષ્ટ કરે છે.*

*આ સ્ત્રીઓ વિઘ્ન કરવામાં જાળાની જેમ, ફાંસવામાં કીચડની જેમ, મારવામાં મૃત્યુની જેમ, સળગાવવામાં અગ્નિની જેમ અને છિન્નભિન્ન કરવામાં તલવાર જેવી હોય છે.*

● **વિવેચન-૧૪૩ :-**

*[અહીં સૂત્રકાર મહર્ષિએ રચેલ સૂત્ર મુખ્યતાએ ત્રણ ભાગમાં વિભાજીત થઈ શકે છે — (૧) ૯૩ વિશેષણો દ્વારા સ્ત્રી સ્વરૂપ, (૨) સ્ત્રીના પર્યાય શબ્દોની નિર્યુક્તિ, (૩) સ્ત્રીની સ્વભાવ-પ્રવૃત્તિ. અમે અહીં તેના ૯૩ વિશેષણોનો સ્પષ્ટાર્થ સૂત્રમાં કર્યો જ છે, છતાં વૃત્તિમાં આ શબ્દોની ક્રમશઃ વ્યાખ્યા છે. તેમાં જે વિશેષાર્થ છે, તે ફરી નોંધેલ છે.]*

સ્ત્રીનું કવિ વર્ણિત નહીં, પણ વાસ્તવિક સ્વરૂપ આ છે —

(૧) સ્વાભાવિક વક્રભાવવાળી — પતિમારિકાવત્. (૨) મિષ્ટ વાણી મંજરી - રત્નદ્વીપ દેવીવત્. (૩) કૈતવ પ્રેમગિરિની નદી - માગધિકા ગણિકાવત્. (૪) હજાર અપરાધના ગૃહરૂપ - ચુલનીવત્. (૫) શોકના ઉત્પત્તિસ્થાન જેવી - સીતાગમનમાં રામની જેમ.

(૬) પુરુષ બળના ક્ષયનો હેતુ અથવા સૈન્યનો વિનાશ હેતુ - કોણીક પત્ની પદ્માવતી વત્. (૭) પુરુષોને વધસ્થાન-સૂર્યકાંતા રાણીની જેમ. (૮) લજ્જારહિત - સૂર્પણખાવત અથવા જેના સંગમાં પુરુષની લજ્જાનો નાશ થાય છે - ગોવિંદ બ્રાહ્મણના પુત્રવત્ થવા સંયમનો નાશ - અષાઢા ભૂતિ માટે નટપુત્રિકાવત્. (૯) અવિનયનો ઉકરડો, શ્વેતાંગુલિ પુરુષની પત્નીવત્. (૧૦) અંતર દંભના નિલય જેવી - ચંડપ્રદ્યોતે મોકલેલ વેશ્યાવત્.

(૧૧) વૈરની ખાણ - જમદગ્નિપત્ની રેણુકાવત્. (૧૨) શરીરને શોક કરનાર - વનમાલાવત્. (૧૩) કુલરૂપ મર્યાદા નાશક અથવા સંયમ મર્યાદા નાશક - આર્દ્રકુમારના પૂર્વભવની સ્ત્રીવત્. (૧૪) કામરાગની વાંછા અથવા રાગનું સ્થાન, ઉપલક્ષણથી દ્વેષનું પણ સ્થાન અથવા ધર્મરાગનો નિસ્વાદ, (૧૫) દુશ્ચરિત્રોના ગૃહસમાન - વીરમતિવત્.



(૧૬) માયાનો સમૂહ - કમલ શ્રેષ્ઠી પુત્રી પદ્મિનીવત્. (૧૭) શ્રુતજ્ઞાનાદિની સ્ખલના, ઉપલક્ષણથી ચારિત્રાદિની સ્ખલના - અર્હન્નક ક્ષુલ્લકવત્. (૧૮) બ્રહ્મવત્‌નું ચલન. (૧૯) શ્રુત ચારિત્ર આદિમાં અંતરાય, (૨૦) મોક્ષપથ સાધકોને ચારિત્રપ્રાણ વિનાશ હેતુપણાથી નિર્દય શત્રુ - માગધિકા વેશ્યાવત્.

(૨૧) બ્રહ્મવ્રતાદિ આચારમાં કલંક, (૨૨) કર્મરજનું કૃત્રિમ વન અથવા નિબિડ મોહતીયાદિ કામ અને ચોરની વાટિકા, (૨૩) મોક્ષમાર્ગમાં આડશરૂપ, (૨૪) દારિદ્રનું ઘર - કૃતપુણ્યિકા આશ્રિત વેશ્યાવત્. (૨૫) દાઢા વિષ સર્પ જેવી કોપિત.

(૨૬) ઉન્મત્ત હાથીની માફક મન્મથ - કામ વિહ્વળ - અભયા રાણીવત્. (૨૭) વાઘણી જેવી દુષ્ટ ચિત્તવાળી - પાલ અને ગોપાલની અપરમાતા મહાલક્ષ્મીવત્. (૨૮) તૃણ સમૂહ આચ્છાદિત કૂવાની માફક અપ્રકાશહૃદયા - શતક શ્રાવકની પત્ની રેવતીવત્. (૨૯) પરવંચક મૃગાદિ બંધક સમાન ઔપચારિક સો વચન ચેષ્ટાદિ બંધન - સો સ્નેહ રજ્જુ બંધન સમાન. (૩૦) અનેક પ્રકારથી કે અનેક પુરુષો વડે ગ્રહણ કરવી શક્ય અથવા સર્વથા ગ્રહણ કરવી અશક્ય, તેના આંતરચિત્ત અભિપ્રાયથી બહુગ્રાહ સદ્‌ભાવ કે બહુ ગ્રાહ્ય અસદ્‌ભાવ.

(૩૧) છાણના અગ્નિ માફક અંત દહનશીલ કેમકે દુઃખરૂપ અગ્નિની જ્વાળાથી પુરુષનો અંત કરે. - x - (૩૨) વિષમ પર્વત માર્ગવત્ અનવસ્થિત ચિત્ત - અનંગસેનાવત્ અથવા જિનકલ્પી પંથવત્ એકત્રચિત્ત નહીં, અથવા ભૂતાવેષ્ટિત આચારવત્ એકત્રચિત્ત નહીં. (૩૩) અંતર્દુષ્ટવ્રણવત્ કુથિત હૃદયી - તિલભટ્ટની સ્ત્રી માફક. (૩૪) કૃષ્ણસર્પવત્ અવિશ્વાસ્ય, (૩૫) બહુજંતુક્ષયવત્ પ્રચ્છન્નમાતૃકા.

(૩૬) સંધ્યાના રંગની જેમ મુહૂર્ત્તરાગા દુષ્ટ વેશ્યાવત્ (૩૭) સાગરતરંગવત્ ચંચલ સ્વભાવવાળી, (૩૮) મત્સ્યવત્ દુષ્પરિવર્તનશીલ, (૩૯) વાંદરાવત્ ચંચલ અભિપ્રાયા, (૪૦) મરણ સમાન વિશેષ વર્જિતા.

(૪૧) દુર્ભિક્ષકાળ કે એકાંત દુષમાકાળમાં દુષ્ટસર્પ સમાન દયાંશ વર્જિત - સુકોશલની માતાવત્. (૪૨) પુરુષોને આલિંગનાદિ કામપાશ બંધનહેતુ હાથવાળી હોવાથી પાશહસ્તા. (૪૩) નદી જેવી નીચ ગામિની - પંગુ કામુક રાણી જેવી. (૪૪) કંજુસની જેમ ઉંધા હાથવાળી, (૪૫) નરક જેવી ત્રાસ આપનારી, દુષ્ટ કર્મકારીપણાથી મહા ભયંકર - લક્ષ્મણા સાધ્વીનો જીવ વેશ્યાદાસીની ધાતિકા કુલપુત્રની પત્નીવત્.

(૪૩) વિષ્ઠા ભક્ષક ગધેડાવત્ દુષ્ટાચારી, નિર્લજ્જપણાથી જ્યાં ત્યાં ગ્રામ, નગરાદિ, ઉપાશ્રય - ચૈત્ય ગૃહની વાટિકા આદિમાં પુરુષોની વાંછાકારી - x - (૪૭) કુલક્ષણ ઘોડાની જેમ દુર્દમ-સર્વ પ્રકારે નિર્લજ્જીકૃત્, પુરુષ સંયોગમાં સ્વ કામ અભિપ્રાય આકર્ષણ હેતુથી. (૪૮) બાળકની જેમ મુહૂર્ત્ત પછી પ્રાયઃ બીજે રાગધારકપણાથી - કપિલ બ્રાહ્મણ આસક્ત દાસીવત્. (૪૯) કૃષ્ણભૂત ઈષ્ટાદિ ભવાંધકાર કે અરુણવર સમુદ્રોદ્‌ભવ તમસ્કાય સમાન માયા મહાંધકાર ગહનત્વથી દેવોને પણ દુષ્પ્રવેશપણે છે. (૫૦) હાલાહલ વિષલતા સમાન, સર્વથા સંગાદિ કરવાને અયોગ્ય - નંદીપુત્રી વિષકન્યાવત્.

(૫૧) નિર્દય મહા મગરાદિ જલજંતુ સેવિત વાવ સમાન દુષ્ટગ્રાહ્ય. મહા કષ્ટે પણ અપ્રવેશ યોગ્ય. (૫૨) સ્થાન ભ્રષ્ટ ગ્રામ નગરાદિ નાયકવત્ અથવા ચારિત્ર ગુરુકુલાવાસ આદિથી ભ્રષ્ટ સાધુ સમાન, સ્થાનભ્રષ્ટ - દુષ્ટાચારમાં રક્ત સત્યકી વિદ્યાધરવત્ અપ્રશંસનીય. (૫૩) વિષવૃક્ષ ફળની જેમ પહેલા મધુર - મહા કામ રસોત્પાદક, પછી વિપાકે દારુણા બ્રહ્મદત્ત ચક્રીવત્. (૫૪) પોલી મુઠ્ઠી જેવી, અવ્યક્ત જનને ભોળવવાને યોગ્ય - વલ્કલચીરી તાપસવત્. (૫૫) માંસપેશી ગ્રહણ સમાન સોપદ્રવા. - x - સ્ત્રીના ગ્રહણથી આ ભવે કે પરભવે દારુણ ઉપદ્રવકારી. - x -

(૫૬) પ્રદીપ્ત તૃણપૂલિકા સમાન અત્યજયમાન-જલન સ્વભાવવાળી, (૫૭) નિબિડ પાપની જેમ દુર્લંઘનીય, (૫૮) કૂટ કાર્ષાપણ સમાન - x - અકાલ ચારિણી. (૫૯) તીવ્રકોપી સમાન દુઃખ રક્ષિતા, (૬૦) દારુણ વિષાદહેતુત્વથી અતિવિષાદી કાર્યકારણમાં ખેદ પ્રાપ્તા અથવા અતિવિષને દેનારી - સૂરીકાંતા રાણી જેવી અથવા અતિ વિષય લંપટતા વાળી, અથવા પ્રબળ પંચેન્દ્રિય લંપટતાથી છટ્ઠી નરકભૂમિ - સુષઢની માતાની જેમ જનારી તેથી અતિ વિષગા અથવા સ્વ ઈન્દ્રિય વિષયની અપ્રાપ્તિમાં તીવ્રખેદવાળી તેથી અતિ વિષાદા અથવા અતિ કોપથી તીવ્ર વિષને ખાનારી અથવા અતિ તીવ્ર પુણ્ય જેમનું છે તે અતિવૃષા - મુનિ, તેની ફરતી વસતા યમની જેમ ચરનારી, ચારિત્ર પ્રાણ આકર્ષણથી અતિવૃષાકા અથવા સમિતિ ગૃહ બાળવાથી અતિ વૃષાકા અથવા લોકોના તીવ્ર પુન્યધનને ચોરની જેમ ચરનારી.

(૬૧) મુનિને માટે જુગુપ્સા કરવાને યોગ્ય, (૬૨) દુષ્ટ ઉપચારયુક્ત વચનાદિ વિસ્તારવાળી, (૬૩) ગાંભીર્યાદિ ગુણ રહિત, (૬૪) વિશ્વાસ કરવાને અયોગ્ય, (૬૫) એક પુરુષમાં સ્થિર ન રહેનારી - અનવસ્થિત.

(૬૬) યૌવન અવસ્થામાં કષ્ટથી રક્ષણ યોગ્ય, (૬૭) બાલ્યાવસ્થામાં દુઃખે પાળવાની શક્ય, (૬૮) ઉદ્વેગજનક, (૬૯) અહીં-તહીં કર્કશ દુઃખોત્પાદક, (૭૦) અહીં-તહીં દારુણવૈર કારણત્વથી દૃઢ વૈરી.

(૭૧) રૂપ-સૌભાગ્ય મદોન્મત્તા, તેમાં રૂપ-આકૃતિ, સૌભાગ્ય - સ્વકીર્તિ શ્રવણાદિરૂપ, મદ-મન્મથ જ ગર્વ, (૭૨) ભુજગગતિવત્ કુટિલ હૃદયા. (૭૩) કાંતાર ગતિ સ્થાન ભૂતા, કાંતાર - દુષ્ટશ્વાપદથી આકુલ મહારણ્ય, ગતિ - એકાકીપણે ગમન, સ્થાન અને વસન તુલ્ય કેમકે દારુણ મહાભયોત્પાદક છે. (૭૪) કુલ સ્વજન મિત્ર ભેદ કારિકા, (૭૫) પર દોષ પ્રકાશિકા.

(૭૬) કૃતઘ્ના - વસ્ત્ર, આભરણ, પાત્રાદિને સર્વથા નાશ કરનારી, (૭૭) પુરુષ વીર્ય પ્રતિ સંગ કે અસંગને શોધનારી અથવા સ્વસામર્થ્ય લક્ષણથી રાત્રિના જારપુરુષાદિને શોધનારી અથવા સ્વેચ્છાથી પાણિ ગ્રહણ કારીત્વથી વરશોધિકા, (૭૮) વિષયાર્થે પુરુષને એકાંતહરણ કરનારી અથવા દૂર ગ્રામ-નગર-દેશાદિમાં સ્વ કુટુંબાદિ જન રહિતમાં પુરુષોને વિષયાર્થે લઈને જનારી - x - (૭૯) ચપલ, (૮૦) અગ્નિના ભાજન સમીપ રાગવત્, મુખ રાગવિરાગા અથવા જ્યોતિર્ભાંડની જેમ ઉપરાગા - વસ્ત્રાદિ વડે સમીપમાં રાગવતી થાય.



(૮૧) અભ્યંતર વિઘટન - પુરુષના પરસ્પર મૈત્રી આદિના વિનાશ હેતુપણાથી અથવા પુરુષો મધ્યે બ્રહ્મવત્, ચારિત્રાદિ રાગને ભાંગનારી - વિઘ્ન કરનારી, (૮૨) દોરડા વિનાના બંધન જેવી, (૮૩) કાષ્ઠાદિ રહિત અટવી જેવી, જેમ કાષ્ઠ વિનાની અટવી મૃગતૃષ્ણાનો હેતુ છે, અથવા જેમ કાષ્ઠ આદિ રહિત અટવી કદાપિ બળતી નથી, તેમ સ્ત્રી પણ પાપ કરીને ન બળનારી - પશ્ચાત્તાપ કરતી નથી - x - (૮૪) અનુત્સાહના નિલય જેવી, અકાર્યાદિમાં સાદર પ્રવૃત્તિ હેતુપણાથી, (૮૫) અદૃશ્ય વૈતરણી - પરમાધામી વડે વિકુર્વિત નરકની નદી, તેને પ્રાપ્ત કરાવનારી અથવા અતીક્ષ્ણ વૈતરણી.

(૮૬) નામ રહિત વ્યાધિ - અસાધ્ય રોગવત્, (૮૭) પુત્ર, મિત્રાદિ વિરહજેમાં નથી તે અવિયોગ એવો વિપ્રલાપ, (૮૮) રોગરહિત ઉપસર્ગ અથવા રૂપરહિત ઉપપાત, (૮૯) કામપ્રિયા વિદ્યમાન્ જેમાં છે તે રતિવાળો આ કંદર્પ - ચિત્તભ્રમ અથવા સુખદાયી મનોવિકાર, (૯૦) સર્વ શરીર વ્યાપી દાહ.

(૯૧) વાદળા વગરની વિજળી અથવા સ્ત્રીઓ આકાશ રહિત કે મેઘરહિત વિદ્યુત્ છે, વળી કેવી છે ? વજ્રતુલ્યા, દારુણ વિપાક હેતુપણાથી, અપત્ય જન્મરહિતા સુંદર આકારા એવા પ્રકારે સ્ત્રી હોય. બાળને નરકાદિમાં દારુણદહન હેતુથી તે વિજળી જેવી છે અથવા પરિણીતા કે અપરિણીતા નવયૌવના છે, અલંકાર સહિત કે રહિત છે, મુંડાકે અમુંડા છે એવા પ્રકારની સ્ત્રી હડકાયી કુતરીવત્ વર્જ્યા છે. બ્રહ્મચારી - ચોથા વ્રતની રક્ષાની ઈચ્છાવાળા વડે મન-વચન-કાયાથી વર્જવા યોગ્ય છે. (૯૨) જળ વિનાના પ્રવાહ જેવી, (૯૩) સમુદ્ર વેગ કોઈપણ વડે ધારણ કરવી અશક્ય અથવા પરમ સ્નેહવાળા બાંધવોના પરસ્પર સ્ત્રીકલહમાં ગૃહાદિને અર્ધકરણના હેતુપણાથી - ભદ્ર, અતિભદ્ર શ્રેષ્ઠીપુત્રવત્.

*[આ રીતે ૯૩ વિશેષણથી સ્ત્રી સ્વરૂપ કહ્યું, હવે નિર્યુક્તિથી સ્ત્રીના પર્યાય નામો કહે છે –]*

કહેલ અને કહેવાનાર સ્ત્રીના અધમાધમ દાસી, કુરંડાદિ વિવિધ પ્રકારે નામ નિરુક્ત હોય છે. તે કહે છે –

(૧) નારી - વિવિધ લાખો ઉપાયો વડે કામરાગ પ્રતિબદ્ધ પુરુષોને વધ-બંધન પ્રતિ લઈ જાય છે, કોને ? પુરુષ રૂપ શત્રુને બીજા કોઈને નહીં, તેથી તેને નારિ કહે છે. એ રીતે પુરુષોને સ્ત્રી જેવી કોઈ શત્રુ નથી માટે તેને નારી કહે છે.

(૨) મહિલા - વિવિધ કર્મો - કૃષિ, વાણિજ્યાદિ વડે, શિલ્પકાદિ - કુંભકાર, લોહકાર, તંતુવાય, ચિત્રકાર, નાપિતના વિજ્ઞાન વડે પુરુષોને મોહ પ્રાપ્ત કરાવનાર અથવા વિડંબના કરનારી, તે મહિલા અથવા વિવિધ કર્મ - મૈથુન સેવા આદિ અને શલ્ય આદિ વડે મસ્તકાદિમાં વેણી આદિ વિજ્ઞાન વડે બાલ મનુષ્યોને સ્વસ્વાર્થપૂરણ માટે આત્મસાત્ કરાવે છે તે મોહ પમાડનારી હોવાથી મહિલા છે.

(૩) પ્રમદા - ઉન્મત્ત પુરુષોને, ગુરુજનક જનની બંધુ ભગિની, મિત્રાદિને લજ્જા મુક્ત કરે તેથી પ્રમદા.

(૪) મહિલિકા - મહાન્ત ઝઘડાને ઉત્પન્ન કરે તે.

(૫) રમા - પુરુષોને હાવભાવાદિ વડે રમણ - ક્રીડા કરે છે, માટે રામા - x - તેમાં હાવ - કામવિકાર, ભાવ - ભાવ સૂચક અભિપ્રાય, આદિ શબ્દથી નેત્રવિકારાદિ વિલાસ.

(૬) અંગના - પુરુષોને સ્વશરીરમાં - સ્તન, નિતંબ, જઘન, યોનિ આદિ રૂપમાં અનુરાગ કરાવનાર અર્થાત્ અનંગમાં અનુરાગ કરાવનારી હોવાથી અંગના.

(૭) લલના-વિવિધ યુદ્ધ-ભંડન-સંગ્રામ - અટવીમાં, ફોગટ ઋણગ્રહણ શીતોષ્ણ દુઃખ કલેશાદિમાં પુરુષોને વિવિધ કદર્થના કરે, તેમાં યુદ્ધ - મુષ્ટી આદિથી પરસ્પર તાડના, भण्डन - વાક્ કલહ, संग्राम - ભાલા આદિ વડે મહાજન સમક્ષ કલહ, अटवी - અરણ્ય, તેમાં ભ્રામણાદિ કરાવવા વડે નિષ્ફળ ઋણ કરાવવું. अण - શબ્દ કરણ ગાળ આદિ દેવા વડે કામાતુરાદિ પ્રકારથી પુરુષગ્રહણ. તેના વડે ઠંડીમાં - x - ગરમીમાં - x - ભમાડે છે. કલેશ-પરસ્પર કલહ ઉત્પાદન વડે, આદિ શબ્દથી બીજા પણ અનાચાર સેવાદિ અનર્થ ઉત્પાદન વડે પુરુષોને પીડે છે તે લલના.

(૮) વનિતા - પુરુષોને બાહ્ય સ્વકાય-વચનથી ઉત્પન્ન વ્યાપાર, હાસ્યકરણ, અંગ વિક્ષેપાદિ નિયોગ વડે સ્વ વશ રાખે છે તે સ્ત્રી અથવા પુરુષોને કાર્મણ-વશીકરણાદિ પ્રકારોથી સ્વવશ સ્થાપે છે, તે સ્ત્રી, પુરુષોને વિવિધ અભિપ્રાય-વિલાસાદિ વડે કામોદ્દીપન ગુણોને વિસ્તારે છે, તે વનિતા.

*[પુરુષોને કઈ કઈ રીતે પીડા પહોંચાડે છે તે કહે છે —]*

કોઈ કામિની પ્રકર્ષથી ઉન્મત્ત ભાવે પુરુષાને પાડવા માટે પ્રવર્તે છે. કોઈ પ્રકર્ષથી લોકને નમ્રત્વ દેખાડે, કઈ રીતે ? વિલાસ સહિત વર્તે છે, તે વિભ્રમસહિત પુરુષોના પાશ બંધનાર્થે થાય છે. કોઈ સ્વ ચેષ્ટા દર્શાવે છે, કોની જેમ ? શ્વાસોચ્છ્વાસના રોગીવત્. પુરુષોને સ્નેહભાવ ઉત્પાદનાર્થે વર્તે છે.

કોઈ શત્રુવત્ મર્મસ્થાનગ્રહણથી મારવાને પ્રવર્તે છે. અથવા પોતાના પતિને ભય પમાડવા શત્રુવત્ પ્રવર્તે છે. કોઈ કામ તૃષ્ણા તૃષિત રંક સમાન પગે લાગે છે. કોઈ સર્વ અંગાદિ દર્શનાર્થે નૃત્ય પ્રકાર વડે નમે છે. કોઈ વચન, નયનાદિ ભાવ વડે પુરુષોને હાસ્યાદિ ઉત્પાદનાર્થે નમે છે.

એ પ્રમાણે કોઈ-કોઈ સુષ્ઠુ નેત્ર વિકાર નિરીક્ષણથી, વિલાસ સહિત મધુર એવા ગીત અને વચન વડે, પુરુષોને મોહિત કરે છે. કોઈ હાસ્યચેષ્ટા કરણથી કામીને હાસ્ય ઉત્પન્ન કરાવે છે. કોઈ પુરુષના આલિંગન, લિંગગ્રહણ, કરગ્રહણાદિ વડે પુરુષોને પોતાનો પ્રેમભાવ દેખાડે છે. સુરત અવસ્થામાં ઉપ શબ્દો કે પ્રચ્છન્ન સમીપ શબ્દ-કરણાદિથી કામરાગ પ્રગટ કરે છે. ગુરુક પયોધર-નિતંબાદિ સ્થૂળ ઉચ્ચત્વથી દર્શાવે એ રીતે કોઈ કામિને સ્વવશમાં કરે છે.

અથવા ગુહ્ય પ્રકાશન વડે પુરુષને પાડે છે અથવા ગુરુ તેમાં ગુ - સ્વજનક ભર્તાદિને પણ વિપ્રતાર્ય કાર્યમાં પ્રવર્તે છે, रु - રુદન કરવાથી પુરુષને સસ્નેહ કરે છે.

સ્વ પિતૃગૃહે ગમનાદિ પ્રસ્તાવથી પુરુષને અત્યંત રાગવાળા કરે છે. લાલ-



કાળા દંત દર્શનથી કામીને મોહ પમાડે છે. સંભાષણમાં રે ! મને છોડ, રે ! મને કદર્થના ન કર, એમ કહી કુરામાં પુરુષને સકામ કરે છે અથવા રતિકલહમાં અરે ! મારી સાથે કુરૂપ હાસ્ય ઈત્યાદિ ન કર ઈત્યાદિ - x -

અન્યોક્ત શ્રૃંગાર ગીતાદિ શબ્દ કરીને સાધુને પણ કામવાળા કરે છે. કાજળ-વિકાર-જળ સહિત નેત્રા વડે પુરુષને સકામ, સ્વવશ, સગદ્ગદ થઈ સ્વકાર્યકર્તાને અપરાધ કહેનાર કરે છે ભૂમિમાં પગ આદિ વડે અક્ષર લેખન, વિશેષથી રેખા સ્વસ્તિક આદિ કરવા, તેના વડે પોતાનું ગુહ્ય પુરુષોને જણાવે છે.

च કાર સમુચ્ચયાર્થે છે, તેનાથી વાંસના અગ્ર ભાગે નર્તન કરવું, ભૂમિ ઉપર નૃત્ય કરવું, એ રીતે પુરુષોને આશ્ચર્યવાળા કરે છે. બાળક - મૂર્ખ, કામી. તે બાળકોને પ્રચ્છન્ન રક્ષણાદિથી કુરાંડ સ્વ કામેચ્છા પુરી કરે છે અથવા કેશકલાપરચના આદિથી મન્મથ ગ્રસ્ત અધમાધમને સ્વવશ કરીને બળદવત્ વહન કરાવે છે. વાંદરાની જેમ ભમાડે છે ઈત્યાદિ - x -

આંગળા મરડવા કે ટચાકા ફોડવા, બંને હાથ વડે સ્તન પીડન - સ્તનો ચંપાવવા, શ્રોણિ ભાગને પીડા કરવી, એ રીતે કામીના ચિત્તને આંદોલિત કરે છે. અંગુલી આદિથી કામીને કામ ઉત્પન્ન કરે છે, ઉદ્ભટ વેશ કરણ વડે, આભરણના શબ્દ ઉત્પાદન વડે, વિલાસગતિથી ચતુષ્પથાદિમાં ચાલવા આદિ વડે પુરુષોને કામી બનાવે છે. તેથી સંયમાર્થી સાધુઓએ તેને સંગ સર્વથા સદૈવ છોડવો.

કુરાંડ આદિ સ્ત્રીઓ જગત્માં હોય છે, તે પુરુષોને નાગપાશ, વાગુરાદિ બંધનવત્ થાય છે. વિશ્વમાં જે કુલટાદિ છે, તે મનુષ્યોને કાદવની જેમ - x - ખૂંચાડવામાં પ્રવર્તે છે. જે સ્વૈરિણી આદિ સ્ત્રીઓ છે, તે મનુષ્યોને મૃત્યુવત્ મારવાને પ્રવર્તે છે. જગત્માં જે ગણિકાદિ છે, તે કામીને અગ્નિવત્ બાળવાને પરિભ્રમણ કરે છે. જે તરુણી પરિવ્રાજિકાદિ છે, તે કૌટિલ્ય કરંડક સાધુને ખડ્ગવત્ બે ભાગ કરવા ઉત્સાહિત હોય છે. - - - હવે સ્ત્રીવર્ણન પદ્ય વડે વર્ણવે છે —

● **સૂત્ર-૧૪૪ થી ૧૫૧ :-**

***સ્ત્રીઓ તલવાર જેવી તીક્ષ્ણ, શાહી જેવી કાલિમા, ગહન ઘન જેવી ભ્રમિત કરનારી, કબાટ અને કારાગાર જેવી બંધનકારક, પ્રવાહશીલ અગાધ જળની જેમ ભયદાયક હોય છે.***

***આ સ્ત્રીઓ સેંકડો દોષોની ગગરી, અનેક પ્રકારના અપયશને ફેલાવનારી, કુટિલ હૃદયા, કપટપૂર્ણ વિચારવાળી હોય છે, તેના સ્વભાવને બુદ્ધિમાન્ પણ જાણી શકતા નથી.***

***ગંગાના બાલુકણ, સાગરનું જળ, હિમવત્નું પરિમાણ, ઉગ્રતપનું ફળ, ગર્ભથી ઉત્પન્ન થનાર બાળક, સિંહની પીઠના વાળ, પેટમાં રહેલ પદાર્થ, ઘોડાના ચાલવાનો અવાજ, તેને કદાચ બુદ્ધિમાન્ મનુષ્ય જાણી શકે, પણ સ્ત્રીના હૃદયને ન જાણી શકે.***

***આ પ્રકારના ગુણોથી યુક્ત આ સ્ત્રીઓ વાંદરા જેવી ચંચળ મનવાળી***

*અને સંસારમાં વિશ્વાસ કરવા યોગ્ય નથી.*

*લોકમાં જેમ ધાન્ય વિહિન ખળ, પુષ્પરહિત બગીચો, દુધ રહિત ગાય, તેલ રહિત તલ નિરર્થક છે, તેમ સ્ત્રી પણ સુખ હિન હોવાથી નિરર્થક છે.*

*જેટલા સમયમાં આંખ મીંચીને ઉઘાડાય એટલામાં સ્ત્રીઓનું હૃદય અને ચિત્ત હજાર વખત વ્યાકુળ થાય છે.*

● **વિવેચન-૧૪૪ થી ૧૫૧ :-**

સ્ત્રીઓને સર્વથા વિશ્વાસ ન કરવો. કેવી સ્ત્રીઓનો ? કરવાલક, કાજળ તુલ્યનો. જેમ ખડ્ગ પંડિત કે બીજા મનુષ્યોને નિર્દયતાથી છેદે છે, તેમ અનાર્ય નારી પણ મનુષ્યોને દારુણ દુઃખ ઉત્પાદનથી છેદે છે. જેમ સ્વભાવથી કાળું કાજળ શ્વતપત્ર આદિના સંગતમાં તેને પણ કાળું બનાવે છે. તેમ ઉન્મત્ત નારી સ્વભાવથી કૃષ્ણ, દુષ્ટ અંતઃકરણત્વથી તેના સંગમમાં ઉત્તમ કુળોત્પન્ન ઉત્તમોને પણ કૃષ્ણત્વ ઉત્પન્ન કરે છે.

વળી કેવી છે ? અરણ્યક પાટક આકારના ગૃહ તુલ્ય છે. અર્થાત્ જેમ ગહનવન વ્યાઘ્રાદિ આકુલ હોય તે જીવોને ભયોત્પાદક થાય છે, તેમ પુરુષોને સ્ત્રીઓ પણ ભય જન્માવે છે. કેમકે તે ધન જીવિતાદિના વિનાશનો હેતુ છે. જેમ કમાળને આગળીયો લગાડતાં કોઈ પણ જઈ ન શકે, તેમ હૃદય પ્રતોલી વડે સ્ત્રીરૂપ કમાડ બંધ કરાતા કોઈ ક્યાંય પણ ધર્મવનાદિમાં જઈ શકતા નથી. જેમ જીવોને કારાગૃહ દુઃખોત્પાદક થાય છે, તે રીતે પુરુષોને સ્ત્રી પણ થાય. વળી આ સ્ત્રીઓ કેવી છે ?

પ્રાણનાશ હેતુત્વથી રૌદ્ર, અગાધ ધન, જે કોઈ જળ, તેની જેમ ભય જેનાથી છે તેવી નિકુરંબકંદર, પુરુષ-પુરુષ પ્રતિ ભમતી ભયંકર, અહીં કે બીજે મહાભયની ઉત્પાદક. આવા પ્રકારના અંતર માયા વક્ર સ્વભાવવાળી છે. સેંકડો દોષોની ગાગર. દોષ - પરસ્પર કલહ, મત્સર, ગાલિ પ્રદાન, મર્મોદ્‌ઘાટન, કલંક પ્રદાન, શાપ પ્રદાન, સ્વ-પર પ્રાણઘાત ચિંતનાદિ સેંકડો દોષ, તેની ગાગર.

સેંકડો યશ, તે નથી જેમાં તે અયશઃશતાનિ, તેનાં વિસ્તારને હૃદયમાં ધારણ કરતી કૈતવ કપટ નેપથ્ય ભાષા માર્ગ અને ગૃહ પરાવર્તાદિને પ્રરૂપનારી અથવા કૈતવ - દંભને પ્રકૃષ્ટપણે કમલશ્રેષ્ઠી સુતા પદ્મિનીવત્ જાણતી. અથવા કૈતવ - બુદ્ધિનું આદાન જેનામાં છે તે. તેવી સ્ત્રીઓના સ્વભાવને પંડિતો પણ જાણવા માટે અજ્ઞાત છે.

કહ્યું છે — દેવો, દાનવોને મંત્રનિપુણો જે મંત્રને મંત્રે છે. સ્ત્રી ચારિત્રમાં તે જ મંત્રો ક્યાં નષ્ટ થઈ જાય છે ? - x - x - જળ મધ્યે મત્સ્યના પગલાં, આકાશમાં પક્ષીઓની પદ પંક્તિ, સ્ત્રીઓનો હૃદય માર્ગ ત્રણે પણ લોકમાં દેખાતા નથી.

અતવા જેણે બ્રહ્મસ્વરૂપ સ્વીકારેલ નથી, તે અજ્ઞાત શીલા અથવા કુત્સિત જ્ઞાત શીલ સાધ્વીને જે પરિવ્રાજિકા કે યોગિની આદિ વડે છે, તે અજ્ઞાતશીલા, તેને મુનિવરો વડે પ્રસંગે એકાંતમાં વાતો કરવી, એકત્ર વસવું, વિશ્વાસ સાથે ચાલવું આદિ વ્યાપાર વર્જવા જોઈએ.

બે, ત્રણ આદિ પુરુષના સંભવમાં સ્વભાવ સમીપ રહેલ મનુષ્યને કામ રાગ વાળો કરે છે. જેમ પલ્લીપતિના નાના ભાઈ પ્રત્યે અગડદત્તની સ્ત્રી મદન મંજરી એ



કર્યું. અથવા પોતાનું કુશીલત્વ કોઈએ પણ જાણતાં વિષભક્ષણ, કાષ્ઠ ભક્ષણ આદિ કપટથી નિષ્પાદિત કરે છે અથવા જારને સ્વાંતકરણ જણાવવાને માટે પોતાના સિવાયના તૃણ, તંતુ, દંડાદિનું ઉત્પાટન કરે છે.

પોતાના પતિ સિવાયના મનુષ્યને મૈથુનમાં તત્પર હોય તેની સાથે ક્રીડા કરે છે - પાતાલ સુંદરી માફક અથવા પોતાના પતિ સિવાયના પુત્ર, ભાઈ, પતિના મિત્રાદિ પ્રતિ અધમકામા સ્ત્રી જાય છે, તથા ધુતાદિ પ્રકારથી ક્રીડા કરે છે ઉક્ત સિવાયનાને વચન રૂપ બોલ આપે છે અથવા અનેક મનુષ્યોથી પરિવૃત્ત હોવા છતાં માર્ગાદિમાં જતાં બીજા પુરુષને પ્રબળતાથી મન્મથ ઉદ્દીપન શબ્દો કરે છે.

उल्लायं - પાઠમાં બે ત્રણ કામી મનુષ્યના સંભવમાં ઉન્મતા, કુસ્ત્રી, અન્યને પ્રબળ પાદ પ્રહાર કરે છે, તથા અન્ય કોઈને બળદરૂપે પડદાં પાછળ ગુપ્ત રાખે છે તથા અન્યને કટાક્ષ બાણ સમૂહથી ગ્લાની કરી વસ્ત્ર વિશેષના અંતરમાં ગ્લાનવત્ સ્થાપીને રાખે છે.

ગંગામાં રેતીના કણો, સમુદ્રમાં જળ પરિમાણ, મહાહિમવંતનું ઉર્ધ્વ-અધો-તીર્છું પરિધિ પ્રતરમાન, તીવ્ર તપની ફળપ્રાપ્તિરૂપ અને ગર્ભોત્પત્તિને, સીંહનો૰ પોતાના જઠરથી ઉદ્‌ભવેલ શબ્દ વિશેષ, ઈત્યાદિને કદાચ બુદ્ધિમાનો જાણી શકે છે. પરંતુ સ્ત્રીઓના કૂડ-કપટ, દ્રોહ-પરવંચનપણું, પ્રબળ અને ધગધગતો કામાગ્નિ, અતર્કિત તુચ્છ ઉછળવું કંઠથી નીકળતો મધુર ગેય ધ્વની ઈત્યાદિ - x - x - x - x - ગૂઢ અંતઃકરણને સારી રીતે જાણી શકતા નથી.

કહ્યું છે કે — સ્ત્રીજાતિમાં દાંભિકતા, વણિક્‌જાતિમાં ભીરુતા, ક્ષત્રિય જાતિમાં રોષ, દ્વિજાતિ જાતિમાં લોભને સ્નેહ વડે, વિદ્યા વડે, બુદ્ધિ વડે, રૂપ વડે, શૌર્ય વડે કે ઈર્ષ્યા - ધન-વિનય-ક્રોધ-ક્ષમા-માર્દવ વડે કે લજ્જા, યૌવન, ભોગ, સત્ય કરુણાદિ વડે વિભૂતિઓથી સ્ત્રીના દુઃશીલ ચિત્તને જાણી-ગ્રહણ કરી શકાતું નથી.

કહેલાં કે કહેવાનાર લક્ષણયુક્ત તે સ્ત્રીઓના વાંદરા જેવા મનનો તમારે જીવલોકમાં વિશ્વાસ ન કરવો.

ધાન્યકણ રહિત ધાન્ય પવિત્રીકરણ સ્થાન જેવી સુખરૂપ ધાન્ય કણના અભાવે મહિલા મંડલ અરમણીય છે. જેમ સુગંધી ફૂલો રહિત બગીચો હોય તેવી શુભ ભાવના પુષ્પ રહિતપણાથી તે તરુણીમંડલ છે. જેવી દુધ રહિત ગાય છે. તેવી ધર્મધ્યાનરૂપ દુધના અભાવવાળી તે ભ્રષ્ટવૃત્તિની છે તથા લોકમાં પણ જેમ સર્વથા તેલના અંશ રહિત ખલપિંડ છે, તેવી મહિલા વ્યાઘ્રીમંડલ પરમાર્થથી સ્નેહરૂપી તેલથી રહિત છે, તેમ જાણવું.

સ્ત્રીને જે પરમવલ્લભ વડે સર્વાર્થ સંપ્રાપ્તિકારક વિના નેત્રો તત્ક્ષણ સંકુચિત થઈ જાય છે, ફરી તે જ પરમ વલ્લભ વડે સ્વાર્થ પ્રાપ્તિ અકારક વિના - કારણથી તે નેત્રો પ્રફુલ્લિત થઈ જાય છે.

કુસ્ત્રીઓના હૃદય કદાચિત્ સ્વવલ્લભમાં ન પ્રવર્તે સ્વવલ્લભમાં હોય તો પણ કદાચિત્ તેમાં સ્વ માનસ સ્વકાંત સિવાયના બીજા હજારો પુરુષોમાં મન્મથ ભાવથી

આકુલ થઈ પરિભ્રમે છે.

તેથી મુનિવરો-ત્રણ રત્ન રક્ષણતત્પર. ગૃહારંભ થકી મુક્ત હોય તેવા એ કુરાંડ-મુંડી-દાસી-યોગિની આદિનો યથા કથંચિત્ પરિચય પણ ન કરવો. - x -

હવે બીજો ઉપદેશ આપતા કહે છે —

**● સૂત્ર-૧૫૨ થી ૧૫૪ :-**

***મૂર્ખ, વૃદ્ધ, વિશિષ્ટ જ્ઞાનથી હીન, નિર્વિશેષ સંસારમાં શૂકર જેવી નીચ પ્રવૃત્તિવાળાને ઉપદેશ નિરર્થક છે.***

***પુત્ર, પિતા અને ઘણાં સંગ્રહ કરેલાં તે ધનથી શું લાભ ? જે મરતી વખતે કંઈ સહારો ન આપી શકે.***

***મૃત્યુ થતાં પુત્ર, મિત્ર કે પત્ની પણ સાથ છોડી દે છે, પણ સુઉપાર્જિત ધર્મ જ મરણ સમયે સાથ છોડતો નથી.***

**● વિવેચન-૧૫૨ થી ૧૫૪ :-**

દ્રવ્ય અને ભાવથી મૂર્ખ, કોઈ મઠ પારાપત સદૃશ વૃદ્ધિ વિશિષ્ટજ્ઞાન રહિત, અપવાદ-ઉત્સર્ગ જ્યેષ્ઠ-ઇતર આદિ વિશેષ રહિત સંસાર શૂકરોને એવા પ્રકારના ગૃહસ્થોને સાધ્વાભાસોને કહેલ કે કહેવાનાર નિરર્થક થાય છે.

પુત્રથી શું ? કંઈ નહીં, પિતા વડે પણ શું ? ઘણું દ્રવ્ય મળવાથી પણ શું ? - નંદ અને મમ્મણની જેમ. આ પુત્ર આદિ સમૂહ મરણ આવે ત્યારે આધારરૂપ ન થાય.

માતા-પિતા, પુત્રો અને મિત્રો પણ તજી દે છે. પત્ની પણ પ્રત્યક્ષ જીવતા કે મરેલા પોતાના પતિને તજી દે છે. અથવા પત્ની પણ પોતાના પતિને જીવતો તજી દે છે અતવા છોડીને બીજા પુરુષને ભર્તારૂપે સ્વીકારે છે.

જે પ્રસ્તાવમાં તે પુત્રાદિ તજે છે, તે પ્રસ્તાવમાં પણ મરણકાળે તજતો નથી. શું ? જિનાજ્ઞાપૂર્વક દૃઢ ભાવથી વિશેષથી, નિરંતર કરણથી અર્જિત શ્રુતચારિત્રધર્મ.

હવે ચાર ગાથાથી ધર્મનું માહાત્મ્ય કહે છે —

**● સૂત્ર-૧૫૫ થી ૧૫૮ :-**

***ધર્મરક્ષક છે, ધર્મ શરણ છે, ધર્મ જ ગતિ અને આધાર છે, ધર્મનું સારી રીતે આચરણ કરવાથી અજરામર સ્થાનની પ્રાપ્તિ થાય છે. ધર્મ પ્રીતિકર - કીર્તિકર - દીપ્તિકર - યશકર - રતિકર - અભયકર - નિવૃત્તિકર અને મોક્ષપ્રાપ્તિકર છે.***

***સુકૃત્ ધર્મ થકી જ મનુષ્યને શ્રેષ્ઠ દેવતાઓના અનુપમ રૂપ - ભોગોપભોગ - ઋદ્ધિ અને વિજ્ઞાનનો લાભ પ્રાપ્ત થાય છે. દેવેન્દ્ર, ચક્રીપદ, રાજ્ય, ઈચ્છિત ભોગથી નિર્વાણ પર્યન્ત આ બધું જ ધર્માચરણનું ફળ છે.***

**● વિવેચન-૧૫૫ થી ૧૫૮ :-**

ધર્મ - સમ્યગ્જ્ઞાનદર્શનચરણરૂપ, ત્રાણ - અનર્થને પ્રતિઘાતક અને અર્થસંપાદક, તે હેતુથી ધર્મ શરણ - રાગાદિ શત્રુથી ભયભીરુ લોકનું રક્ષણ કરે છે. દુઃસ્થિત વડે



સુસ્થિતાર્થ માટે ધર્મનો આશ્રય કરાય છે. સંસાર ગર્ત્તામાં પડતાં પ્રાણી વર્ગને ધર્મ આધાર છે. સુષ્ઠુ સેવિત અને અનુમોદિત ધર્મ સાહાય્ય દાનથી મોક્ષને પ્રાપ્ત કરાવે છે. તે પ્રીતિકરાદિ છે - પરમ પ્રીતિ ઉત્પાદક, એક દિશા વ્યાપી કીર્તિકર અથવા શરીરને ગૌરપણું આદિ વર્ણકર, શુદ્ધ અક્ષરાત્મક જ્ઞાનકર, કાંતિકર, વચનપટુતા માધુર્યાદિ ગુણકર, સર્વ દિશા વ્યાપી કાર્તિકર, શ્લાઘાકર. - x - નિર્ભયકર, સર્વ કર્મક્ષયકર જીવોને પરલોકમાં થાય છે.

મહામહર્ધિક દેવોમાં અનુપમરૂપ અને ભોગોપભોગ ઋદ્ધિ વિજ્ઞાન, જ્ઞાન પ્રાપ્ત થાય છે. સુકૃત ધર્મથી પ્રદેશી રાજા, મેઘકુમાર, ધન્ય અણગાર, આનંદાદિની જેમ પામે. તેમાં ભોગ - ગંધ, રસ, સ્પર્શ અથવા એક વખત ભોગવાતા અન્નાદિ, ઉપભોગ શબ્દ, રૂપ વિ,યા અથવા વારંવાર ભોગવાતા વસ્ત્ર, પાત્રાદિ. ઋદ્ધિ - દેવ-દેવી આદિ પરિવારરૂપ. વિજ્ઞાન - અનેક પ્રકારે રૂપાદિ કરણ, જ્ઞાન - મતિ, શ્રુત, અવધિરૂપ અથવા દેવોમાં રૂપાદિ પ્રાપ્તિ. વિજ્ઞાન - તે કેવળજ્ઞાન, જ્ઞાન - ચાર જ્ઞાન કે બે, ત્રણ જ્ઞાન.

દેવેન્દ્ર, ચક્રવર્તીત્વ, રાજ્યાદિ - x - આ બધું ધર્મલાભથી ફળે છે. નિર્વાણ પણ થાય. હવે કહે છે —

**● સૂત્ર-૧૫૯ થી ૧૬૧ :-**

***અહીં સો વર્ષના આયુવાળા મનુષ્યના આહાર, શ્વાસ, સંધિ, શિરા, રોમફળ, પિત્ત, લોહી, વીર્યની ગણિતની દૃષ્ટિએ પરિગણના કરાઈ છે. જેની ગણના દ્વારા અર્થ પ્રગટ કરાયો છે એવા શરીરના વર્ષોને સાંભળીને તમે મોક્ષરૂપી કમળ માટે પ્રયત્ન કરો. જેના સમ્યક્ત્વરૂપી હજારો પાંદડાં છે, આ શરીર જન્મ-જરા-મરણ-વેદનાથી ભરેલી ગાડી જેવું છે, તેને પામીને એ જ કરવું જોઈએ જેથી બધાં દુઃખોથી છૂટી જવાય.***

**● વિવેચન-૧૫૯ થી ૧૬૧ :-**

આ પયન્નામાં જીવોના ગર્ભમાં આહાર સ્વરૂપ, ગર્ભમાં ઉચ્છ્વાસ પરિણામ, શરીરમાં સંધિ સ્વરૂપ, શરીરમાં શિરાપ્રમાણ, શરીરમાં રોમકૂપ-પિત્ત-લોહી-શુક્રને ગણિત સંખ્યાના પ્રમાણથી નિરૂપિત છે. કોના વડે ? તીર્થંકર-ગણધરાદિ વડે.

આ સાંભળીને શરીર અને વર્ષોના ગણિતને પ્રગટ સાંભળીને, કેવા ? મહાન્ જ્ઞાન-વૈરાગ્યાદિ તે મહાર્થ, તમે મોક્ષરૂપ કમળને ઈચ્છો. કેવા ? અનંત જ્ઞાનપર્યાય, અનંત દર્શન પર્યાય આદિ રૂપ સહસ્ર પત્ર, તે સમ્યક્ત્વ સહસ્રપત્ર.

આ શરીર શકટ જાતિ-મરણ-વેદના બહુલ છે. તેવો યત્ન કરવો, જેથી તપ સંયમાદિ કરીને સર્વ દુઃખથી મુક્ત થવું.

**તંદુલવૈચારિક પ્રકીર્ણક સૂત્ર-૫, આગમ-૨૮નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદપૂર્ણ**

# ૨૯ સંસ્તારક-પ્રકીર્ણક સૂત્ર-૬

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

*[● સંસ્તારક પ્રકીર્ણકની ગુણરત્નસૂરિ વિરચિત વૃત્તિની જે હસ્તપ્રત અમોને મળી, તેનું સંપાદન કરેલ, જો કે આ વૃત્તિ અમોને ત્રુટક કે અધુરી લાગેલી, છતાં જે કંઈ પ્રાપ્ત છે, તેને યત્કિંચિત્ સુધારીને પ્રકાશિત કરેલ, તેનો અનુવાદ અહીં રજૂ કરેલ છે. છતાં ઘણી ગાથાની કોઈ વૃત્તિ નથી અથવા નથી મળી તેનો સૂત્રાર્થ જ અહીં આપેલ છે. તેથી આ ટીકાનુસારી વિવેચન કહેવા કરતાં ખંડિત વિવેચન કહેવું યોગ્ય રહેશે.]*

**● ગાથા-૧ :-**

***જિનેશ્વર વૃષભ વર્ધમાનને નમસ્કાર કરીને સંસ્તારકના સ્વીકારથી પ્રાપ્ત થતી ગુણોની પરિપાટીને હું કહીશ.***

**● ગાથા-૨ :-**

***ખરેખર આ આરાધના, સુવિહિત પુરુષોના આ મનોરથો તેમની જીવનપર્યન્તની બધી આરાધનાઓની પતાકાના સ્વીકાર રૂપ આ આરાધના છે.***

**● વિવેચન-૨ :-**

આ સંસ્તારક આરાધના, ખરેખર ચારિત્રની આરાધના છે. આ સુવિહિતોના મનોરથ-વાંછાદિ છે. આ સુવિહિતોની પશ્ચિમાંત પતાકાહરણ છે, જેમ મલ્લોનું પતાકાહરણ થાય છે.

**● ગાથા-૩ :-**

***દરિદ્રપુરુષો ધન-ધાન્યમાં આનંદ માને, મલ્લપુરુષો જય પતાકા મેળવવામાં ગૌરવ લે, તેના અભાવમાં અપમાન તથા દુર્ધ્યાન પામે છે, તેમ સુવિહિતો સંથારામાં તે બંને પામે છે.***

**● વિવેચન-૩ :-**

જેમ ભૂતિ કે ભસ્મગ્રહણ તાપસ વિશેષને ઉપશમ કરણ થાય છે, અથવા અન્ય પુરુષોને ભૂતિલાભ પ્રમોદને માટે થાય છે. જેમ વધ્યને આરોપિત અસત્ય દોષના પ્રતીતિદાનમાં મહા લાભ માટે થાય છે. જેમ મલ્લને પતાકા હરણ ગૌરવને માટે થાય છે, તેમ સુવિહિતને શોભનાનુષ્ઠાન સંસ્તારક ગૌરવને માટે થાય છે.

**● ગાથા-૪ :-**

***અરિહંત ઉત્તમ પુરુષોમાં પુરુષવર પુંડરીક, પુરુષોને વિશે સીંહ સમાન, ભગવંતની માતા સર્વ સ્ત્રીઓમાં જય પામે છે જેમ –***

**● વિવેચન-૪ :-**

જેમ પુરુષસીંહ, ચક્રવર્તી આદિ મધ્યે અરહંત પુરુષ શ્રેષ્ઠ પુંડરીક છે. સ્ત્રીઓ મધ્યે જિનમાતા [શ્રેષ્ઠ છે.]



**● ગાથા-૫ :-**

***મણિમાં જેમ વૈડૂર્ય સુગંધમાં જેમ ગોશીર્ષ ચંદન, રત્નોમાં જેમ વજ્ર છે, તેમ સુવિહિતોને સંથારા આરાધના શ્રેષ્ઠતર છે.***

**● ગાથા-૬ થી ૮ :-**

***વંશોમાં જેમ જિનનો વંશ, સર્વકુલોમાં જેમ શ્રાવકનું કુળ, ગતિમાં જેમ સિદ્ધિ ગતિ, સર્વ સુખોમાં જેમ મુક્તિ સુખ છે... ધર્મોમાં જેમ અહિંસા, લોકવચનમાં જેમ સાધુવચન છે, શ્રુતિમાં જેમ જિનવચન છે, શુદ્ધિમાં જેમ સમ્યક્ત્વ છે... આ આરાધના કલ્યાણકર, અભ્યુદય હેતુ, ત્રણ ભવનમાં દેવતાને પણ દુર્લભ છે. બત્રીશે દેવેન્દ્રો પણ તેનું એક મનથી ધ્યાન કરે છે.***

**● વિવેચન-૬ થી ૮ :-**

સર્વે સુખો મધ્યે સિદ્ધિસુખ પ્રધાન છે... જેમ ધર્મોની મધ્યે અહિંસા છે, અજનપદ વચનોની મધ્યે સાધુ વચનો છે. શ્રૂયમાણત્વથી શાસ્ત્રોની મધ્યે જિનવચન, તેની મધ્યે સમ્યક્ત્વ શુદ્ધિ પ્રધાન છે, તે પ્રમાણે સંસ્તારક ઉત્તરગાથાથી પંડિત મરણ અહીં પણ સંબંધ કરાય છે. પંડિત મરણ કલ્યાણ અને અભ્યુદય છે, તેમના હેતુપણાથી દેવોને પંડિતમરણ ત્રણ ભુવનમાં દુર્લભ છે.

**● ગાથા-૯ :-**

***હે વિનય ! જિનવર કથિત પંડિરમરણને તેં મેળવ્યું. તેથી નિઃશંક કર્મમલ્લને હણી, તેં સિદ્ધિરૂપ પતાકા મેળવરી લે.***

**● વિવેચન-૯ :-**

મલ્લો જંગ જીતી પતાકા પામે, તેમ કર્મજયથી સિદ્ધિ મળે.

**● ગાથા-૧૦ :-**

***જેમ ધ્યાનોમાં પરમશુક્લધ્યાન, જ્ઞાનોમાં જેમ કેવળજ્ઞાન, જેમ ક્રમથી પરિનિર્વાણ જિનવરોએ કહેલ છે.***

**● વિવેચન-૧૦ :-**

ધ્યાનોમાં પરમ પ્રકૃષ્ટ શુક્લ ધ્યાન, દેવોના મરણ અને નિર્વાણ મધ્યે પરનિર્વાણ-મોક્ષ છે અથવા કષાયોના ઉપશમથી યથાખ્યાત ચારિત્ર જેમ મોક્ષકારણ છે, તેમ પંડિતમરણ ક્રમથી મુક્તિનો હેતુ કહેલ છે.

**● ગાથા-૧૧,૧૨ :-**

***શ્રામણ્ય એ સર્વોત્તમ લાભોમાં શ્રેષ્ઠ લાભ મનાય છે. જેના યોગથી પરમ ઉત્તમ તીર્થંકરત્વ, પરમગતિ, પરમસિદ્ધિ પમાય છે... વળી પરલોકરત અને ક્લિષ્ટ કર્મીઓને તેનું મૂળ સંયમ છે, તેમ સર્વોત્તમ પ્રધાન શ્રામણ્ય જ મનાય છે.***

**● વિવેચન-૧૧,૧૨ :-**

સંસ્તારકના સર્વોત્તમ લાભોમાં શ્રામણ્ય જ લાભ મનાય છે, જેમ-સર્વોત્તમ તીર્થંકર છે, કેવા ? પરમજ્ઞાન અને પરમસિદ્ધ અથવા જે શ્રામણ્યથી તીર્થંકૃત્વ, કેવળજ્ઞાન, મુક્તિ પામે છે.

પરલોકના હિતમાં રત ક્લિષ્ટ, મિથ્યાત્વાદિ કર્મોના મોક્ષ-તેનું મૂળ સમ્યક્ત્વ છે, સંયમ કે દેશ સંયમ શબ્દથી સમ્યક્ જ્ઞાન, જે મહાન્ લાભ છે, તો પણ સર્વોત્તમ લાભોમાં શ્રામણ્ય જ વિશિષ્ટ લાભ છે તેમ વિવેકી માને છે.

**● ગાથા-૧૩ થી ૧૫ :-**

***લેશ્યામાં શુક્લલેશ્યા, નિયમોમાં બ્રહ્મચર્યવાસ, ગુણોમાં ગુપ્તિ અને સમિતિ તેમ શ્રામણ્ય સર્વ ગુણોમાં પ્રધાન છે... સર્વ ઉત્તમ તીર્થોમાં તીર્થંકર પ્રકાશિત તીર્થ, અભિષેકોમાં જેમ દેવોએ કરેલ અભિષેક છે, તેમ સુવિહિતોને સંથારાની આરાધના છે... શ્વેત કમળ, પૂર્ણકળશ, સ્વસ્તિક, નંદ્યાવર્ત્ત, સુંદર ફૂલ માળા, એ બધાં કરતાં સંથારો અધિકતર મંગલ છે.***

**● વિવેચન-૧૩ થી ૧૫ :-**

સંયમ જ, પાઠાંતરથી સંયમોપાય જ જ્ઞાનાદિ, મુક્તિ કારણો મધ્યે પ્રધાન કારણ છે. જ્ઞાન-દર્શનનો પોતાનો સદ્ભાવ જ મુક્તિ ભાવથી ત્રણ ગાથાઓ વડે શ્રામણ્યનું પ્રાધાન્ય કહ્યું.

બધાં લૌકિક તીર્થો - માગધ, વરદામ, પ્રભાસાદિ અને લોકોત્તરમાં અષ્ટાપદ આદિ મધ્યે તીર્થંકર પ્રકાશિત તીર્થ પ્રવચન લક્ષણશ્રી સંઘ પ્રધાન છે. જેમ બીજા અભિષેકોમાં દેવતાકૃત્ જન્માભિષેક પ્રધાન છે. તેમ સુવિહિત લોકોમાં સંથારાની આરાધના પ્રધાન છે.

શ્વેત ચામર વગેરે મંગલો, માલાને માટે ગ્રથિત પુષ્પો કે પુષ્પોની માળા આદિ, તે બધામાં સંથારો અધિક મંગલ ચે.

**● ગાથા-૧૬,૧૭ :-**

***તપરૂપ અગ્નિથી [કર્મકાષ્ઠ બાળતા], નિયમ પાલને શૂર, સમ્યગ્જ્ઞાનથી વિશુદ્ધ પરિણતિવાળા, સંથારારૂપ હાથી ઉપર આરૂઢ થઈ સુખપૂર્વક પાર પામે છે. આ સંથારો પરમ આલંબન, ગુણોનું નિવાસ સ્થાન, કલ્પ-આચારરૂપ છે તથા સર્વોત્તમ તીર્થંકર પદ, મોક્ષગતિ, સિદ્ધ દશાનું મૂળ કારણ છે.***

**● વિવેચન-૧૬,૧૭ :-**

તપો અગ્નિથી આઠ કર્મ બાળવામાં, વ્રત - કર્મબંધ હેતુક્ષયમાં, ચારિત્રથી શૂર, જિનવરોનું સમ્યગ્જ્ઞાન જ વિશુદ્ધ ભવાંતરમાં જનારું હોવાથી પ્રધાન છે, માર્ગનું ભાથું છે એવા સંસ્તારક ગજેન્દ્ર ઉપર આરૂઢ થઈ સ્વસુખથી નિર્વહન કરે છે. આરોહક પણ શૂર, બુદ્ધિનીતિજ્ઞ, અચલ થાય છે.

આ સંથારો મોક્ષનો હેતુ હોવાથી પરમાર્થ છે. પરમ પ્રકૃષ્ટ અતુલ અનુષ્ઠાન છે, જ્ઞાનાદિ ગુણોનું પ્રધાન આયતન છે. સ્થવિરાદિનો પ્રધાન આચાર છે.

**● ગાથા-૧૮ થી ૨૦ :-**

***તમે જિનવચનરૂપ અમૃતથી વિભૂષિત શરીર પ્રાપ્ત કર્યુ છે. તારા ભવનને વિશે ધર્મરત્નને આશ્રીને રહેનારી વસુધારા પડેલી છે... સંથારા આરાધનાથી તેં જિનપ્રવચનમાં સારી ધીરતા રાખી છે, તેથી ઉત્તમપુરુષોથી સેવ્ય અને પરમ દિવ્ય્***



***કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરી છે, જે આર્ય પુરુષોએ કરેલી છે. તથા સમ્યક્ જ્ઞાન-દર્શનરૂપ સુંદર રત્નો, જ્ઞાત તેજ સંયુક્ત, ચારિત્ર શુદ્ધ શીલયુક્ત ત્રણ રત્નની માળા તમે પામ્યા છો.***

**● વિવેચન-૧૮ થી ૨૦ :-**

તે કારણથી તેમાં તમારા વડે પ્રાપ્ત જિનવચનામૃત વિભૂષિત દેહ, ધર્મરત્ન નિર્મિત્ત આ વસુધારા વૃષ્ટિ છે. ઉત્તમ-પ્રવચન કુશળ, ધીર-ધૈર્ય કરીને આપે સંથારો કર્યો છે. સમતાને પામેલ તે સમાપ્ત - x - જ્ઞાન તેજ સંયુક્ત ચારિત્રથી શુદ્ધ શીલ સ્વભાવ જેનો છે તે. કેમકે અતિચાર રૂપ દોષનો અભાવ છે.

**● ગાથા-૨૧ :-**

***સુવિહિત પુરુષો જેના યોગે ગુણ પરંપરા પામે છે, તે સંથારાને સત્પુરુષો પામે છે. તે જગત્માં સારભૂત જ્ઞાન આદિ રત્નોથી પોતાની શોભા વધારે છે.***

**● વિવેચન-૨૧ :-**

સુવિહિત તે જીવ લોકમાં સારરૂપ જ્ઞાનાદિ આભારણયુક્ત પોતાના આત્માને કરે છે.

**● ગાથા-૨૨ :-**

***સર્વ જીવલોકમાં પ્રવર એવા તીર્થને તમે પામેલ છો, તેમાં સ્નાન કરીને મુનિવરો અનુત્તર એવા નિર્વાણને પામે છે.***

**● વિવેચન-૨૨ :-**

હવે તે સ્નાતાને શું કહે છે ? તે જણાવે છે –

**● ગાથા-૨૩ :-**

***આશ્રવ, સંવર, નિર્જરા ત્રણે પણ અર્થો જેમાં સમાહિત છે, તે તીર્થમાં શીલ, વ્રત બદ્ધ સોપાનો છે.***

**● વિવેચન-૨૩ :-**

ઈન્દ્રિયોના આશ્રવોમાં સમાધાન હેતુ પ્રવૃત્તિ. અહિતોથી નિવૃત્ત સમિતિ આદિ સંવર, તે અર્થને માટે નિર્જરા અને તપ સંથારા આરાધનામાં સમાહિત છે. - x -

**● ગાથા-૨૪ થી ૨૬ :-**

***પરીષહની સેનાનો ભંગ કરીને, ઉત્તમ સંયમ બળથી સંયુક્ત, કર્મથી મુક્ત બનીને અનુત્તર નિર્વાણ સુખ પામે... [સંથારા આરાધનાથી] તેં ત્રણ ભુવનના રાજ્યમાં કારણરૂપ સમાધિ સુખ મેળવેલ છે, સર્વ સિદ્ધાંતોમાં વિશાળ ફળનું કારણ એવા સંથારા રૂપ રાજ્યાભિષેકને પણ લોકમાં મેળવેલ છે. આથી મારું મન આજે અવર્ણ્ય આનંદને અનુભવે છે. કેમકે મોક્ષના સાધનરૂપ ઉપાય અને પરમાર્થના નિસ્તારના માર્ગરૂપ સંથારાને મેં પ્રાપ્ત કરેલ છે.***

**● વિવેચન-૨૪ થી ૨૬ :-**

ત્રિભુવન રાજ્ય-તીર્થંકરત્વ, કેવળજ્ઞાન કે મુક્તિ. તેનો હેતુ જે સમાધિ, તેની સંપ્રાપ્તિ. સિદ્ધાંત વિચારણાથી, રાજ્યાભિષેક વિશિષ્ટ વિપુલ ફળ, આ લોકના સુખનું

ફળ પામીને લોકમાં પ્રમુદિત ચિત્તવાળા થાય છે અથવા અતુલ રાજ્યાભિષેક સંસ્તારક લક્ષણ વિપુલ ફલ લોકને વિશેષથી હરે છે. મારા હૃદયને આહ્લાદ કરે છે ઈત્યાદિ સૂત્રાર્થવત્.

**● ગાથા-૨૭ :-**

*દેવલોકમાં ઘણાં પ્રકારે દેવતાના સુખને ભોગવતા દેવો, સંથારાને ચિંતવતા આસન, શયન તજે છે.*

**● વિવેચન-૨૬ :-**

સંથારા આરાધના કરતો સાધુ પૂર્વાનુભૂત આરાધના કે સંથારાના ગુણોને ચિંતવે છે ઈત્યાદિ.

**● ગાથા-૨૮,૨૯ :-**

*ચંદ્ર સમાન પ્રેક્ષણીય, સૂર્યવત્ તેજથી દીપ્ત તે, ધનવાન, ગુણવાન્, મહાહિમવંતની જેમ વિખ્યાત, ગુપ્તિ-સમિતિ યુક્ત, સંયમ-તપ-નિયમ-યોગમાં ઉપયોગશીલ એવો શ્રમણ દર્શન જ્ઞાનમાં અનન્ય મન, સમાધિત મનવાળો છે.*

**● વિવેચન-૨૮,૨૯ :-**

સંથારાની આરાધના કરતો સાધુ ચંદ્રવત્ પ્રેક્ષણીય હોય છે. સૂર્ય-ચંદ્રવત્ તપના તેજથી દીપ્તિમાન્, પુન્યરૂપી ધનવાન્, હિમવંત સ્થૈર્યવાળો છે. - x - તેને સંથારો પ્રમાણ છે.

**● ગાથા-૩૦ :-**

*પર્વતોમાં જેમ મેરુ, સમુદ્રમાં જેમ સ્વયંભૂરમણ, તારામાં જેમ ચંદ્ર છે તેમ સુવિહિતોને સંથારા આરાધના છે.*

**● વિવેચન-૩૦ :-**

સંથારો સ્વીકારેલ સાધુને વિશેષથી વર્ણવે છે. જેમ પર્વતો મધ્યે મેરુ૦ આદિ તેમ શોભનાનુષ્ઠાનમાં સંથારો છે.

**● ગાથા-૩૧ થી ૩૪ :-**

*કેવા સાધુપુરુષ માટે આ સંથારાની આરાધના કઈ રીતે વિહિત છે ? કેવા આલંબનથી આ આરાધના કરવી ? તે હવે હું જાણવાને ઈચ્છું છું... જેના યોગો સીદાતા હોય, જરા અને વિવિધ આતંકો જેને હોય, તે સંથારા આરૂઢ થાય, તેનો સંથારો સુવિશુદ્ધ છે...જે ગૌરવથી ઉન્મત્ત બની, ગુરુ પાસે આલોચના લેવા ઈચ્છતો નથી, તે સંથારા આરૂઢ થાય તો તેને સંથારો અવિશુદ્ધ છે. પણ જે પાત્રભૂત થઈ, ગુરુ સમીપે આલોચના કરે છે, તે સંથારા આરૂઢ થાય તો તેનો સંથારો સુવિશુદ્ધ છે.*

**● વિવેચન-૩૧ થી ૩૪ :-**

સંથારાની આરાધના કેવી કહી છે ? કેવા અવકાસમાં સ્થાન, કાળથી કેવી રીતે રહે અને ન રહે ? વિશેષથી જીવ પર્યન્ત આરાધનામાં સ્થિર થાય, તે જાણવા ઈચ્છુ છું.





પાત્રભૂત-યોગ્ય આલોચનામાં.

**● સૂત્ર-૩૫ થી ૩૯ :-**

*વળી જેનું દર્શન મલિન છે, શિથિલ ચારિત્રથી શ્રામણ્ય પાલન કરે છે. તે સાધુની સંથારા આરાધના અવિશુદ્ધ છે. વળી જે દર્શનશુદ્ધ છે, નિરતિચાર ચારિત્રથી શ્રામણ્ય પાલન કરે છે... જે રાગદ્વેષ રહિત, ત્રણ ગુપ્તિ ગુપ્ત, ત્રણ શલ્ય અને મદથી રહિત છે... ત્રણ ગારવથી રહિત, ત્રણ દંડનો પ્રતિમોચક, પ્રથિત કીર્તિ છે... ચતુર્વિધ કષાયને હણનાર, ચાર વિકથાથી નિત્ય વિરહિત છે. તેની સંથારાની આરાધના વિશુદ્ધ છે.*

**● વિવેચન-૩૬ :-** *[બાકીનાની વૃત્તિ નથી.]*

જે વળી આપ્ત ચારિત્ર છે અથવા જે નિરતિચારપણે ચારિત્ર જેને છે તેવો આત્મ ચરિત્ર અર્થાત્ દૃઢ ચારિત્ર.

**● ગાથા-૪૦ થી ૪૩ :-**

*પાંચ મહાવ્રત યુક્ત, પાંચ સમિતિમાં સારી રીતે ઉપયુક્ત... છકાય જીવહિંસાથી પ્રતિવિરત, સાત ભયસ્તાન રહિત મતિવાળો... આઠ મદસ્થાનને તજનાર, આઠ કર્મોના ક્ષય માટે... નવ બ્રહ્મચર્ય ગુપ્તિમાં ઉધત, દશવિધ શ્રમણધર્મ નિર્વાહકની સંથારા આરાધના સુવિશુદ્ધ છે.*

**● વિવેચન-૪૦ થી ૪૩ :-**

છક્કાય - છ કાયોથી પ્રતિવિરત. જઢ - તજેલ, આઠ પ્રકારના કર્મક્ષયનો હેતુ. ઉત્તમાર્થે યુક્ત - ઉધત.

**● ગાથા-૪૪,૪૫ :-**

*ઉત્તમાર્થમાં યુક્ત, કષાયના લાભને મર્દિત કરનાર, વિકારથી રહિત એવા સંથારાગત શ્રમણને કેવો લાભ થાય ? તે કહો... ઉક્ત પ્રકારના ક્ષપકને સંથારા આરાધનાથી કેવું સુખ થાય ?*

**● વિવેચન-૪૪,૪૫ :-**

મલિઅ કષાય - કષાયના લાભનું મર્દન કરવું - કર્મક્ષપણાદિ.

**● ગાથા-૪૬ થી ૪૮ :-**

*સંથારાગત ક્ષપકને પહેલા દિવસે જે અમુલ્ય લાભ થાય, તેનું મૂલ્ય આંકવાને કોણ સમર્થ છે ?... કેમકે તે અવસરે તે મહામુનિ સંખ્યેય ભવસ્થિતિક સર્વે કર્મોને પ્રત્યેક સમયે ખપાવે છે. તેથી તે ક્ષપક સાધુ વિશિષ્ટ શ્રમણગુણને પામે છે... ત્યારે તૃણ સંથારે આરૂઢ થવા છતાં રાગ-મદ-મોહથી મુક્ત હોવાથી તે મુનિવર જે અનુપમ મુક્તિ સુખને પામે છે, તે ચક્રવર્તીને પણ ક્યાંથી પ્રાપ્ત થાય ?*

**● વિવેચન-૪૬ થી ૪૮ :-**

તે પહેલાં એક દિવસમાં અર્જિત લાભ સ્થાનનું મૂલ્ય કરવા કોણ સમર્થ છે ? સંખ્યાત ભવસ્થિતિ અસંખ્યાત આયુષ કહીને વિશેષથી કહે છે. તે અવસ્થામાં

વિશેષથી ચારિત્ર પ્રતિપત્તિ ન થાય. તે સાધુ પદ સ્વીકારીને પ્રતિ સમયે કર્મ ખપાવતા અથવા પ્રતિ સમય સાધુપદને સ્વીકારીને પ્રતિસમયે કર્મ ખપાવતા અથવા પ્રતિ સમય સાધુપદને અનુરૂપ શમ ને કરતાં તે જ ભાવમાં પ્રાયઃ સર્વ કર્મ ખપાવે છે. તે સુપર્યન્ત આરાધના સમયમાં સાધુ વિશેષથી તે અવસ્થામાં કર્મને ખપાવે છે. મુક્તિ - નિર્લોભતા.

**● ગાથા-૪૯,૫૦ :-**

***વૈક્રિય લબ્ધિથી પોતાનાં પુરુષરૂપોને વિકુર્વી દેવતાઓ જે નાટકો કરે છે, તેમાં તેઓ તે આનંદ મેળવી શકતા નથી, જે જિન વચનમાં રક્ત સંથારા આરૂઢ મહર્ષિ મેળવે છે... રાગ-દ્વેષમય પરિણામે કટુ જે વૈષયિક સુખોને ચક્રવર્તી અનુભવતો નથી, તેને વીતરાગ સાધુ ન અનુભવે [તે આત્મરમણતા સુખ અનુભવે.]***

**● વિવેચન-૪૯,૫૦ :-**

निपुरुष - પુરુષ રહિત નાટકો. सहत्थवित्थार - સ્વહસ્ત વિસ્તારમાં, દેવો વૈક્રિયલબ્ધિમાં પોતાના હાથમાંથી પાત્રોને કાઢીને બગીશબદ્ધ નાટકો વિસ્તારે છે, તેમાં તેને તે આનંદ ન આવે, જે વિશાળ જિનવચનમાં છે. રતિના હેતુ સહસ્રવ્યાપ્ત અથવા પુરુષ રહિત નાટકમાં તે રતિ નથી, જે સ્વહસ્ત પ્રમાણ સંથારામાં રતિ છે - જિનવચન પરિભાવતા એટલું શેષ.

જે સુખ રાગદ્વેષ મતિ - જે વિષયસુખ ચક્રી અનુભવે છે. આ સુખ વીતરાગને ન થાય. કેમકે વિષયાદિ વિરક્તત્વથી ઉપશમરૂપપણાથી વીતરાગને છે, તે ઘણું જ હોય છે.

**● ગાથા-૫૧,૫૨ :-**

***[મોક્ષ સુખ પ્રાપ્તિ માટે] વર્ષ ગણના નથી કે તેમાં વર્ષો ગણાતાં નથી. કેમકે ઘણાં ગચ્છવાસી પણ જન્મ-મરણમાં ડૂબી ગયા છે. જે આત્માઓ અંતિમકાળે સમાધિપૂર્વક સંથારામાં આરૂઢ થાય, તેઓ પાછલી અવસ્થામાં પણ સ્વ હિતને સાધી શકે છે.***

**● વિવેચન-૫૧,૫૨ :-**

વર્ષની ગણના નથી, થોડાં પણ કાળ વડે પ્રમાદી, સાધક થઈ જાય છે - પુંડરીકાદિવત્. ઘણાં ગચ્છવાસી વિશેષથી ચિરકાળ રહેવા છતાં પણ પ્રમાદ કરી સંસારમાં જન્મ-મરણ કરે છે, તે જીવો સંસાર સાગરમાં મગ્ન બને છે... પછીથી પણ તેઓ ઉદ્યત થાય સ્વદોષના ચિંતનથી [સ્વહિત સાધે.]

**● ગાથા-૫૩ :-**

***સુકા ઘાસનો સંથારો કે પ્રાસુક ભૂમિ જ કારણ નથી. નિશ્ચે વિશુદ્ધ-ચારિત્રમાં આત્મા જ સંથારારૂપ છે.***

**● વિવેચન-૫૩ :-**

સંથારાનું આલંબન કેવા પ્રકારે છે, તે પ્રશ્નનો ઉત્તર કહે છે — તૃણમય સંથારો કે પ્રાસુક ભૂમિ મરણ નથી, આદિ૰



**● ગાથા-૫૪ :-**

***નિત્ય તે ભાવોદ્યોતને જ્યાં કે જેમાં સંથારો છે, જે યથાખ્યાત હોય છે, કષાય ત્યાગથી જે રૂક્ષ હોય છે.***

**● વિવેચન-૫૪ :-**

નિત્યે પણ ભાવોદ્યોત પ્રમાદીને જે ક્ષેત્રમાં કે જે કાળમાં જ્યાં ક્યાંય પણ સંથારા આરાધના થાય છે. જેમ જિનવચનમાં પ્રરૂપિત છે. યથોક્તકારી અથવા જેમ જિનપ્રવચનમાં આખ્યાત છે, તેમ પ્રરૂપક યથોક્તવાદી વિહારોભ્યુત્થિત દ્રવ્યથી સંલેખના અને ભાવથી કષાય પરિહારથી થાય.

**● ગાથા-૫૫ :-**

***વર્ષાકાળમાં અનેક પ્રકારના તપો સારી રીતે કરીને, હેમંત ઋતુમાં સર્વાવસ્થાને વિશે સંથારામાં આરૂઢ થાય.***

**● વિવેચન-૫૫ :-**

સર્વ સત્વ વડે સર્વ વીર્યથી યુક્ત થઈ સંથારામાં આરોહે.

**● ગાથા-૫૬,૫૭ :-**

***પોતનપુરમાં પુષ્પચૂલા આર્યાના ધર્માચાર્ય અર્ણિકાપુત્ર નામે પ્રસિદ્ધ હતા, તે ગંગા નદી ઉતરતા હતા ત્યારે લોકોએ એકદમ નાવમાંથી ઉતારી દીધા, ઉત્તમાર્થ સ્વીકારી તેણે મરણ આરાધ્યું.***

**● વિવેચન-૫૬,૫૭ :-**

- x - તે ગંગા વડે ઉત્તરમથુરાથી દક્ષિણ મથુરા વણિક્પુત્ર ગયો. વણિક્‌ની બહેન અર્ણિકા નામે હતી, માર્ગમાં પુત્ર થયો તે પુત્ર વૃદ્ધત્વમાં પ્રવ્રજિત થયો. પુષ્પભદ્રના મતે પોતનપુર ગયો. પુષ્પકેતુ રાજા-પુષ્પવતી રાણી હતી. જે પુષ્પચૂલ-પુષ્પચૂલા માતા વડે પ્રબોધિત દુર્ભિક્ષમાં તેણી ભિક્ષાર્થે રોકાઈ - x - x - જ્ઞાન ઉત્પન્ન થયું, દેવે મહિમા કર્યો. ત્યાં પ્રયાગ તીર્થ થયું.

**● ગાથા-૫૮ થી ૬૦ :-**

***કુંભકાર નગરમાં દંડકરાજાના પાલકમંત્રીએ, સ્કંદકકુમાર દ્વારા વાદમાં પરાજિત થવાથી, ક્રોધવશ બની, માયાપૂર્વક-પંચ મહાવ્રતયુક્ત એવા સ્કંદકસૂરિ આદિ ૫૦૦ નિર્દોષ સાધુને યંત્રમાં પીલી નાંખ્યા, મમતા રહિત, અહંકારથી પર, સ્વશરીરમાં અપ્રતિબદ્ધ એવા તે ૪૯૯ મહર્ષિ પુરુષોએ તે રીતે પીલાવા છતાં સંથારો સ્વીકારી આરાધક ભાવમાં રહીને મોક્ષ પામ્યા.***

**● વિવેચન-૫૮ થી ૬૦ :-**

- x - છત્ર વડે આચ્છાદિત શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજા અને સ્કંદકકુમાર, પુરંદરયશા બહેન, કુંભકાર નગરમાં દંડક રાજાને પરણાવી. તેનો મંત્રી પાલક, શ્રાવસ્તીથી આવેલ કુમારે વાદમાં હરાવ્યો. તેણે સાધુને ઘાણી યંત્રમાં પીલ્યા.

**● ગાથા-૬૧,૬૨ :-**

***દંડ નામે પ્રખ્યાત રાજર્ષિ કે જે પ્રતિમાધારક હતા, તેઓ યમુનાવક નગરે***

*પ્રતિમા ધરી રહેલા, ચવન રાજાએ તેમને બાણથી વિંધ્યા, પછી જિન વચનમાં નિશ્ચિત મતીવાળા, પોતાના શરીરમાં પણ અપ્રતિબદ્ધ એવો તે ચવન રાજા પણ તે રીતે જ વિંધાયો છતાં તેઓએ [સંથારો સ્વીકારી] ઉત્તમાર્થને સાધ્યો.*

● વિવેચન-૬૧,૬૨ :-

सयंगीत्तु - દેવો વડે સ્તુતિ કરાયેલ અથવા સર્વાંગથી વિંધાયેલ, મથુરામાં ચવન રાજા, તેના વડે યમુનાવક્ર નગરના ઉધાનમાં કાયોત્સર્ગ સ્થિત દંડ નામે વિખ્યાત યશવાળાને જોયા. બાણ વડે હણાતા તે દંડ રાજા અતકૃત્ કેવલી થયા, દેવો આવ્યા. શક્રના વચનથી ચવન રાજાએ દીક્ષા લઈ અભિગ્રહ કર્યો - જ્યાં સુધી ઋષિઘાત સારણ થાય, ત્યાં સુધી ખાઈશ નહીં. સદા અભુક્ત રહ્યા.

● ગાથા-૬૩,૬૪ :-

*સુકોશલ ઋષિ હતા. ચાતુર્માસના પારણાના દિવસે પર્વત ઉપરથી ઉતરતી વેળા પૂર્વ જન્મની માતા એવી વાઘણ વડે ખવાયા. છતાં ત્યારે ગાઢપણે ધીરતાપૂર્વક પોતાના પ્રત્યાખ્યાનમાં ઉપયોગવંત રહ્યા. તે પણ તે રીતે ખવાતા છતાં ઉત્તમાર્થને સ્વીકાર્યો.*

● વિવેચન-૬૩,૬૪ :-

સાકેતપુરમાં કીર્તિધર રાજા સાથે પુત્ર સુકોશલે દીક્ષા લીધી, વાઘણ વડે ખવાયા૦ ઈત્યાદિ - x -

● ગાથા-૬૫,૬૬ :-

*ઉજ્જૈની નગરીમાં અવંતી નામે વિખ્યાત હતા. શ્મશાનમાં પાદોપગમન અનશન સ્વીકારી એકલા રહ્યા. રોષાયમાન શિયાલણી વડે રાત્રિના ત્રણ પ્રહર ખવાયા છતાં ઉત્તમાર્થને સ્વીકાર્યો.*

● વિવેચન-૬૫,૬૬ :-

રાત્રિના ત્રણ પ્રહર. ઉજ્જૈનીમાં આર્ય સુહસ્તિ પાસે નલિનીગુલ્મ વિમાન વર્ણન સાંભળી સુભદ્ર શ્રેષ્ઠીપુત્ર અવંતી સુકુમાલે માતા અને ૩૨-પત્નીની અનુમતિ ન હોવા છતાં પ્રવ્રજ્યા લઈ ભક્ત પચ્ચક્ખાણ કર્યા નીકળેલા લોહીની ગંધથી શિવા-શિયાલણી આવી. પહેલા પ્રહરે પગ, બીજા પ્રહરે ઉરુ, ત્રીજા પ્રહરે પીઠ ખાધી, કાળ પામ્યા. - x - તેના પુત્રે દેવકુલ રચાવ્યું.

● ગાથા-૬૭ થી ૬૯ :-

*જલ્લ-મલ-પંકધારી, શીલ-સંયમ ગુણના આધારરૂપ, તે ગીતાર્થનો દેહ અજીર્ણ રોગથી પીડાતો હોવા છતાં સુવરણગ્રામે હતા. તેમને રોહિતક નગરમાં પ્રાસુક આહાર ગવેષણા કરતા કોઈ પૂર્વવૈરી ક્ષત્રિયે શક્તિના પ્રહારથી વિંધ્યા. એકાંત અને તાપ રહિત વિશાળ ભૂમિ ઉપર પોતાના દેહનો ત્યાગ કર્યો. દેહ ભેદાયો હોવા છતાં તેમણે પણ ઉત્તમાર્થની સાધના કરી.*

● વિવેચન-૬૭ થી ૬૯ :-

શરીરનો મળ, રસ્તાની ધૂળ, પરસેવાથી ભીના થયેલા.



● ગાથા-૭૦ થી ૭૨ :-

*પાટલીપુત્ર નગરમાં ચંદ્રગુપ્ત નામે રાજાનો ધર્મસિંહ નામે મિત્ર હતો. ચંદ્રગુપ્ત રાજાની લક્ષ્મી ત્યજીને દીક્ષા લીધી. જિનધર્મે સ્થિત એવા તે ફોલ્લપુર નગરે અનશન સ્વીકાર્યું. ગૃદ્ધપૃષ્ઠ પચ્ચક્ખાણને શોકરહિતપણે કર્યું. હજારો તિર્યંચો વડે શરીર ખવાયું છતાં, તેણે દેહ ત્યજીને તે ભિન્નદેહીએ ઉત્તમાર્થ સાધ્યો.*

● વિવેચન-૭૦ થી ૭૨ :-

પાટલીપુત્ર નગરમાં ચંદ્રગુપ્તના પુત્ર બિંદુસારના મિત્ર સુબંધુનો પુત્ર ધર્મસિંહ હતો. ચંદ્રગુપ્તે આપેલ લક્ષ્મીનો ત્યાગ કરીને ફોલ્લપુરે અનશન કર્યું. શત્રુંજયે અનશન સ્વીકાર્યું.

● ગાથા-૭૩ થી ૭૫ :-

*પાટલીપુત્ર નગરમાં ચાણક્ય નામે પ્રસિદ્ધ મંત્રી હતો. સર્વ પ્રકારના પાપરંભથી નિવૃત્ત થઈ ઇંગિનીમરણને સ્વીકાર્યું. પૂર્વના વૈરી શત્રુએ અનુકૂળ પૂજાના બહાને તેના દેહને સળગાવ્યો. તે એ રીતે બળાવા છતાં ઉત્તમાર્થને સ્વીકારીને રહ્યા. તેઓ ત્યાં પાદોપગમન અનશન સ્વીકારીને રહેલા ત્યારે સુબંધુએ છાણા વડે સળગાવેલા હતા. એ રીતે બળતા તે ચાણક્ય મુનિએ ઉત્તમાર્થ સાધ્યો.*

● ગાથા-૭૬ થી ૭૮ :-

*કાકંદી નગરીમાં અમતૃઘોષ નામે રાજા હતો. તેણે પોતાના પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સૂત્ર અને અર્થમાં કુશળ તથા શ્રુતના રહસ્યને પામનાર એવા તે રાજર્ષિ શોક રહિતપણે પૃથ્વી ઉપર વિચરતા૦ કાકંદી નગરી પધાર્યા. ત્યાં ચંડવેગ નામના વૈરીએ તેમના શરીરને શસ્ત્રપ્રહારથી છેદ્યુ. શરીર છેદાઈ રહ્યું છે તેવા અવસરે પણ તે મહર્ષિ સમાધિભાવમાં સ્થિર રહ્યા, ઉત્તમાર્થ સાધ્યો.*

● વિવેચન-૭૬ થી ૭૮ :-

ચંદ્રવેગ, પૂર્વનો અપરાધી કોઈ મંત્રી કે બીજો હતો.

● ગાથા-૭૯,૮૦ :-

*કૌશાંબી નગરીમાં લલિતઘટા બત્રીશ પુરુષો પ્રખ્યાત હતા. શ્રુતના રહસ્યને પામીને તે બત્રીશે પાદોપગમન અનશન સ્વીકાર્યું. અકસ્માત નદીના પૂરથી તણાતા તેઓ દ્રહ મધ્યે તણાઈ ગયા. તેઓએ શરીરમાં નિર્મમત્વી બનીને જલદ્રહની મધ્યમાં પણ ઉત્તમાર્થને સ્વીકાર્યો.*

● વિવેચન-૭૯,૮૦ :-

કૌશાંબીમાં ત્રીશ લલિત ગોષ્ઠિકા પુરુષો હતા. નદીકાંઠે પૃથક્ આઠ શય્યામાં પાદપોપગમન સ્વીકાર્યુ. અકાલગત નદી પૂરમાં તણાઈને સમુદ્ર મધ્યે ખેંચાઈ ગયા.

● ગાથા-૮૧ થી ૮૪ :-

*કુણાલ નગરમાં વૈશ્રમણ દાસ નામે રાજા હતો. તેને રિષ્ઠ નામે મંત્રી હતો, જે મિથ્યાદૃષ્ટિ અને દુરાગ્રહવૃત્તિવાળો હતો... તે નગરમાં મુનિવર વૃષભ,*

*ગણિપિટકધર, સમસ્ત શ્રુતસાગરના પારગ, ધીર, ઋષભસેન નામે આચાર્ય પધાર્યા. તેમને સીંહસેન નામે ગણધર હતા, જે વિવિધ શાસ્ત્રાર્થ રહસ્યના જ્ઞાતા હતા, તેની સાથે રિષ્ટમંત્રી વાદમાં પરાજિત થતાં રોષવાળો થયો. પછી તે અનુકંપા વગરના એ સુવિહિત અને પ્રશાંત એવા સીંહસેન મુનિને અગ્નિથી સળગાવી દીધા. તે રીતે ત્યાં બળતા હોવા છતાં તેમણે ઉત્તમાર્થને સાધ્યો.*

● વિવેચન-૮૧ થી ૮૪ :-

અરિષ્ટ નામે અમાત્ય, સીંહસેન ગણધર - ગણિપિટક જ્ઞાતા, બહુશ્રુત, બહુ પરિવાર, રહસ્યજ્ઞાતા, સુવિહિતોના ઉપાશ્રયમાં અગ્નિ વડે બાળીને આવેલ.

● ગાથા-૮૫ :-

*કુરુદત્ત કુમારને પણ શાલ્મલી વૃક્ષના લાકડાંની જેમ અગ્નિ વડે બાળી નાંખ્યા. બળતા એવા તેણે ઉત્તમાર્થ સાધ્યો.*

● વિવેચન-૮૫ :-

હસ્તિનાપુરે કુરુદત્ત નામે શ્રેષ્ઠીપુત્ર હતો. સ્થવિરોની પાસે પ્રવ્રજિત થઈ બહુશ્રુત થયો. ક્યારેક એકલ વિહાર પ્રતિમા અંગીકાર કરી. આ નગરની કંઈક સમીપે પાછલી પોરિસિમાં રહ્યા. ચત્વરથી ગાયો ચરાવી પછી ગોપાલ પાછો આવતો હતો. બે માર્ગ આવતા તેને સમ્યક્ રીતે ન જાણતાં, પૂછ્યું ત્યારે મુનિએ ઉત્તર ન આપ્યો. કોઈ એક માર્ગે ગોધન લઈ ગયો. મુનિએ જવાબ ન આપવાથી ક્રોધિત થઈ મસ્તકે પાળ બાંધી, ભીની માટી ભરી અંગારા માથામાં ભરી બાળી નાંખ્યા.

● ગાથા-૮૬ :-

*ચિલાતિપુત્ર મુનિને કીડીઓએ શરીરને ચાલણી માફક કરી નાંખ્યુ. તે રીતે ખવાતા છતાં ઉત્તમાર્થને સાધ્યો.*

● ગાથા-૮૭ :-

*ગજસુકુમાલ મુનિને હજારો ખીલાથી મઢેલ એવું લીલું ચામડું બાંધી પૃથ્વી ઉપર પછાડ્યા છતાં મરણને સાધ્યું.*

● વિવેચન-૮૭ :-

ગજસુકુમાલ નામે શ્રેષ્ઠીપુત્ર, તે પણ કુરુદત્તવત્ - x - [અહીં કથામાં કંઈક મિશ્રણ થયાંનો સંભવ જણાય છે.]

● ગાથા-૮૮ :-

*મંખલી ગોશાળા વડે અરહંતના શિષ્યોને તેજોલેશ્યાથી બાળી નાંખ્યા, તે રીતે બળવા છતાં ઉત્તમાર્થને સાધ્યો.*

● વિવેચન-૮૮ :-

મંખલી શબ્દથી ગોશાલકને જાણવો. ભગવંતના શિષ્યો - તે સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર હતા. તેજોલેશ્યા છોડીને સમીપ આવતાં બાળી નાંખેલા.

● ગાથા-૮૯,૯૦ :-

*ત્રણ ગુપ્તિથી ગુપ્ત, જ્ઞ પરિજ્ઞાથી જાણી, જાવજ્જીવ માટે સર્વ આહારને*



*સંઘ સમુદાયની મધ્યે ગુરુના આદેશથી સાકાર ત્યાગ કરે... અથવા સમાધિના હેતુથી તે પાનક આહાર કરે. પછીથી તે મુનિ ઉચિત કાળે પાનકને પણ વોસિરાવી દે*

● વિવેચન-૮૯,૯૦ :-

પરિજ્ઞા વડે જાણે છે, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે છે. શું ? સર્વ આહાર. સાગારી અનશન કરે છે. અથવા ત્રણ પ્રકારે આહારનું પચ્ચક્ખાણ કરે, સમાધિને માટે માત્ર એક પાનક આહાર કરે. પછી તેને - પણ છોડે.

● ગાથા-૯૧,૯૨ :-

*શેષ લોકોને સંવેગ થાય તે રીતે ખમાવતા બોલે કે — પૂર્વે મન, વચન, કાયાથી મેં કરેલ, કરાવેલ કે અનુમોદેલ જે કંઈ અપરાધ છે, તેને માટે હું સર્વ સંઘને ખમાવું છું... શલ્ય રહિત થયેલો એવો હું આજે બધાં અપરાધ પદોને ખમાવું છું, માતા-પિતા સમાન બધાં જીવો મને ક્ષમા કરો.*

● વિવેચન-૯૧,૯૨ :-

અંજલી જોડીને બોલે છે - મારા સર્વ અપરાધ માટે સર્વ સંઘ મને ક્ષમા કરો. ગુરુ ક્ષપકને અનુશાસિત કરે છે —

● ગાથા-૯૩ :-

*ધીરપુરુષોએ કહેલ, સત્પુરુષોએ આચરેલ અતિ દુષ્કર એવા સંથારાને શિલાતલે આરૂઢ ધન્યાત્મા ઉત્તમ અર્થને સાધે છે.*

● વિવેચન-૯૩ :-

ધીર, બીજા વડે આચરવાનું દુષ્કર —

● ગાથા-૯૪ થી ૯૯ :-

*નરક અને તિર્યંચ ગતિમાં, મનુષ્ય કે દેવપણે વસતા જે સુખ-દુઃખ પ્રાપ્ત થયા તેને અનન્ય મનથી ચિંતન કર... નરકને વિશે તે અસાતાની બહુલતાવાળી અને ઉપમારહિત વેદનાઓ શરીર નિમિત્તે ઘણાં પ્રકારે અનંતીવાર ભોગવી. દેવપણા અને મનુષ્યપણામાં પારકાના દાસપણાંને પામીને તે દુઃખ અને પરમકલેશકારી વેદના અનંત વાર અનુભવી છે. તીર્યંચગતિમાં પાર ન પામી શકાય તેવી મહાવેદનાઓ ઘણીવાર ભોગવી છે. એ રીતે જન્મ-મરણ રૂપ રેંટમાં અનંતીવાર ભમેલ છે. હે સુવિહિત ! અતીતકાળમાં, અનંતકાળ સુધી આગતગત અનંતીવેળા અનંત જન્મ-મરણોને અનુભવ્યા છે. મરણ સમાન ભય નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી. તેથી તું જન્મ-મરણરૂપ આતંકના હેતુ શરીરના મમત્ત્વને છેદી નાંખ.*

● વિવેચન-૯૪ થી ૯૯ :-

ગાથા સ્પષ્ટ છે - x - અનંતકાય મધ્યે આવતા-જતાં ગમનાગમન કરતાં અનંતવાર અનંત જન્મ મરણો કર્યા. જન્મ-મરણ રૂપ આતંક નથી. તેના હેતુરૂપ શરીરની મમત્વ બુદ્ધિને છેદ.

● **ગાથા-૧૦૦ થી ૧૦૨ :-**

***આ શરીર જીવથી અન્ય છે, જીવ શરીરથી અન્ય છે. એવી નિશ્ચયમતિથી દુઃખ અને ક્લેશના મૂળ ઉત્પાદન સમાન શરીરના મમત્વને છેદી નાંખ... તેથી જો ઉત્તમ સ્થાનને ઈચ્છતો હો તો હે સુવિહિત ! શરીર આદિ સંપૂર્ણ અભ્યંતર અને બાહ્ય મમત્વને છેદી નાખ... જગત્ આધાર રૂપ સમસ્ત સંઘ મારા સઘળાં અપરાધોને ખમો, હું પણ શુદ્ધ થઈને ગુણોના સંઘાતરૂપ સંઘને ખમાવું છું.***

● **વિવેચન-૧૦૦ થી ૧૦૨ :-**

ત્રણે ગાથા સ્પષ્ટ છે. વિશેષથી ફરી ક્ષપક-શ્રમણ કહે છે — મારા બધાં પણ ઈષ્ટ-અનિષ્ટને ખમો, હું પણ ગુણસમૂહ યુક્ત સંઘને ખમાવું છું.

● **ગાથા-૧૦૩ થી ૧૦૪ :-**

***આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણને મેં જે કોઈ કષાય કરાવેલ હોય, તેને હું ત્રિવિધે ખમાવું છું.***

***મસ્તકે અંજલી કરીને પૂજ્ય એવા શ્રમણ સંઘને સર્વ અપરાધો માટે ખમાવીને, હું પણ બધાંને ખમું છું.***

***ભાવથી ધર્મમાં સ્થાપિત ચિત્તવાળો હું સર્વ જીવરાશિને સર્વ અપરાધો માટે ખમાવીને, હું પણ બધાંને ખમું છું.***

● **વિવેચન-૧૦૩ થી ૧૦૪ :-**

*[અહીં ૧૦૩ થી ૧૦૪ એટલા માટે લખ્યું કે અહીં ગાથા ત્રણ છે, પણ ભુલથી ૧૦૩નો ક્રમાંક બે વખત નોંધાયેલ છે.]*

ત્રણે ગાથાઓ સ્પષ્ટ છે.

● **ગાથા-૧૦૫,૧૦૬ :-**

***આ રીતે અતિચારોને ખમીને, અનુત્તર તપ-સમાધિએ આરૂઢ, ઘણાં પ્રકારે બાધા કરનાર કર્મોને ખપાવતો વિચરે છે... અસંખ્યેય લાખ કોટિ ભવોની પરંપરા દ્વારા જે ગાઢ કર્મ બાંધેલ હોય, તે સર્વને સંથારે આરૂઢ થયેલો એક સમયમાં ખપાવે છે.***

● **વિવેચન-૧૦૫,૧૦૬ :-**

આ રીતે પૂર્વોક્ત પ્રકારે અતિચાર ખમાવ્યા. જે અશુભ કર્મ અસંખ્યેય લાખ કોટિ ભવથી બાંધ્યા તે એક સમયે ખપાવે છે.

● **ગાથા-૧૦૭ થી ૧૦૯ :-**

***આ અવસરે સંથારા આરૂઢને કદાચ વિઘ્નકારી વેદના ઉદયમાં આવે તો તેને શમાવવા માટે નિર્યામક આચાર્યમાં હિતશિક્ષા આપે છે... આત્મામાં આરાધનાનો વિસ્તાર આરોપી પર્વતના ભાગે પાદપોપગમ અનશન કરે...*** *ધૃતિ* ***- સંતોષ, પ્રગુણપણે બદ્ધ કક્ષા. - x - સુકોશલાદિ માફક ઉત્તમાર્થને સાધે.***

● **ગાથા-૧૧૦,૧૧૧ :-**

***ધીર અને સ્વસ્થ મનોવૃત્તિવાળા અણગારે જ્યારે સહાય કરનારા છે, ત્યારે***



***સમાધિ ભાવને પામીને શું આ સંથારાની આરાધનાને પાર ન પામી શકાય? કેમકે જીવ એ શરીરથી અન્ય છે, શરીર એ જીવથી ભિન્ન છે, તેથી શરીરના મમત્વને છોડી દેનારા સુવિહિતો ધર્મના કારણે શરીરને પણ તજી દે છે.***

● **વિવેચન-૧૧૦,૧૧૧ :-**

વિશેષ ઉપસર્ગ રહિતપમાથી કે તેના અભાવે, સિદ્ધાંતને સાંભળીને અને આર્ત્ત-રૌદ્ર રહિત મનવાળાનો નિસ્તાર કેમ ન થાય ? નિસ્તાર થાય જ. उच्छूढ - ત્યક્ત દેહ.

● **ગાથા-૧૧૨ થી ૧૧૪ :-**

***સંથારે આરૂઢ ક્ષપક પૂર્વકાલિન કર્મોદયથી ઉત્પન્ન વેદના સમભાવે સહીને કર્મ કલંકની વેલડીને મૂળથી હલાવી દે છે.***

***અજ્ઞાની જે કર્મ ઘણાં કોટિ વર્ષોથી ખપાવે છે, તેને જ્ઞાની, ત્રણ રીતે ગુપ્ત, શ્વાસમાત્રમાં ખપાવે છે... બહુ ભવોના સંચિત આઠ પ્રકારના કર્મોને તે જ્ઞાની ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે.***

● **વિવેચન-૧૧૨ થી ૧૧૪ :-**

પુરાતન - રોગ, જરાદિ વેદના. પ્રત્યુત્પન્ન - ભુખ, તરસાદિ, કર્મ જ કલંકલ - અશુભ વસ્તુ, તેની સંતતિ - તેને તોડે છે.

“ઉચ્છ્વાસ માત્ર કાળથી” એમ જાણવું.. આઠ પ્રકારના કર્મોનું મૂળ તે અર્જિત પાપ છે.

● **ગાથા-૧૧૫ :-**

***આ પ્રમાણેના આલંબનથી સુવિહિતો ગુરુજન વડે પ્રશસ્ત સંથારે ધીરતાથી આરોહી, મરીને તે જ ભવે કે ત્રણ ભવમાં કર્મરજને ખપાવીને અવશ્ય સિદ્ધ થાય છે.***

● **વિવેચન-૧૧૫ :-**

એ પ્રમાણે મરીને ધીરો, સંસ્તારક અને ગુરુગુણથી ગરિષ્ટ તે ભવે કે ત્રીજા ભવે કર્મરજ ક્ષીણ થતાં સિદ્ધ થાય છે.

● **ગાથા-૧૧૬,૧૧૭ :-**

***ગુપ્તિ, સમિતિથી ગુણાઢ્ય, સંયમ-તપ-નિયમ કરણથી કરેલ મુગટ, સમ્યક્ જ્ઞાન-દર્શન ત્રિરત્નથી મહાર્ઘ છે.***

***શ્રી સંઘરૂપ મુગટ દેવ-મનુષ્ય-અસુર સહિત લોકમાં દુર્લભતર છે, વિશુદ્ધ છે, સુવિશુદ્ધ છે.***

● **વિવેચન-૧૧૬,૧૧૭ :-**

સંઘ, મુગટ સમાન. કેવો ? સંયમ-તપ-નિયમયુક્ત ઈત્યાદિ - x - [વૃત્તિ ઘણી ખંડિત જણાય છે, માટે નોંધી નથી.]

● **ગાથા-૧૧૮ થી ૧૨૦ :-**

***ગ્રીષ્મમાં અગ્નિથી લાલચોળ લોખંડના તાવડા જેવી કાળી શિલામાં આરૂઢ***

*થઈ હજારો કિરણોથી પ્રચંડ અને ઉગ્ર એવા સૂર્યના તાપથી બળવા છતાં કષાયાદિ લોકનો વિજય કરનાર, સદાકાળ ધ્યાનમાં ઉપયોગશીલ, અત્યંત સુવિશુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ વિભૂતિથી યુક્ત, આરાધનામાં અર્પિત ચિત્ત, એવા સુવિહિત પુરુષે ઉત્તમ લેશ્યાના પરિણામપૂર્વક રાધાવેધ સમાન દુર્લભ, કેવલ સદૃશ, સમતાભાવથી પૂર્ણ, એવા ઉત્તમાર્થને અંગીકાર કરે છે.*

● **વિવેચન-૧૧૮ થી ૧૨૦ :-**

સ્વયં સ્પષ્ટ છે. - x - સૂર્યની જેમ હજારો પ્રચંડ કિરણથી તપતા, ચંદ્રની જેમ સૌમ્યથી કષાયલોક ઉપર વિજય કરે છે. - x - ચિત્ર નામક પ્રસિદ્ધ અન્ય મહર્ષિ વડે રચિત છે. - x -

● **ગાથા-૧૨૧ :-**

*એ પ્રમાણે અભિસ્તવેલ સંસ્તારક ગજેન્દ્ર સ્તંભારૂઢ સુશ્રમણ નરેન્દ્ર ચંદ્રને સદા સુખ પરંપરા આપો.*

● **વિવેચન-૧૨૧ :-**

એ રીતે મેં શ્રુત સ્તવના કરી. - x - સુખ-મુક્તિસુખ, મને સંસારથી નીકળવા રૂપ પ્રાપ્તિ આપો.

**સંસ્તારક-પ્રકીર્ણક સૂત્ર-૬, આગમ-૨૯નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



# ૩૦/૧ ગચ્છાચાર-પ્રકીર્ણક સૂત્ર-૭/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

*[૦ અહીં અમે ગચ્છાચાર પયન્નાની વાનર્ષિ ગણિ રચિત વૃત્તિનો અનુવાદ લઈએ છીએ, પરંતુ બીજી એક મોટી વૃત્તિ પણ છે, અન્ય એક અવચૂરિ પણ પ્રાપ્ત થાય છે, તેની વાચકોએ નોંધ લેવી.]*

૦ શાસ્ત્રની આદિમાં પ્રયોજન, અભિધેય, સંબંધ, મંગલ જાણવા જોઈએ. તેમાં પ્રયોજન અનંતર અને પરંપર ભેદથી બે પ્રકારે છે, વળી એકૈક કર્તા-શ્રોતાના ભેદથી બે પ્રકારે છે. તેમાં ગચ્છાચાર પ્રકીર્ણકમાં કર્તાનું અનંતર પ્રયોજન શિષ્યના બોધને માટે છે. પરંપર પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે. શ્રોતાને પણ અનંતર પ્રયોજન અર્થનો બોધ છે અને પરંપર પ્રયોજન મુક્તિપદની પ્રાપ્તિ છે.

અભિધેય - ગચ્છનો આચાર છે, કેમકે તેને જ કહેવામાં આવનાર છે. સંબંધ - ઉપાયોપેય ભાવલક્ષણ, તેમાં વચનરૂપાપન્ન આ જ ગચ્છાચાર પ્રકીર્ણક ઉપાય છે, ઉપેય તેના અર્થનું પરિજ્ઞાન છે. મંગલ - દ્રવ્ય, ભાવ ભેદથી બે પ્રકારે છે. તેમાં દ્રવ્ય મંગલ, પૂર્ણ કળશાદિ છે, તે અનૈકાંતિકત્વથી છોડીને ભાવમંગલ શાસ્ત્રકર્તાને અનંતર ઉપકારીપણાથી અભિષ્ટ દૈવત વર્ધમાન સ્વામીને નમસ્કાર દ્વારથી કહે છે —

● **ગાથા-૧ :-**

*દેવેન્દ્રોથી નમિત, મહાભાગ, શ્રી મહાવીરને નમસ્કાર કરીને હું શ્રુતસમુદાયથી કંઈક ઉદ્ધરી ગચ્છાચાર કહીશ.*

● **વિવેચન-૧ :-**

નમીને, કોને? મહાન્ એવા આ વીર, તે મહાવીરને શું વિશિષ્ટ છે? દેવો, તેના ઈન્દ્ર-સ્વામી વડે નમસ્કૃત, વિશ્વ વિખ્યાત ૩૪-મહા અતિશયતી શોભતા કે અચિંત્ય શક્તિવાળા, ગચ્છ - ભાવમુનિવૃંદના આચાર - જ્ઞાનાચારાદિ અથવા ગણમર્યાદારૂપ, તે ગચ્છાચાર, દ્વાદશાંગી લક્ષણ જ સમુદ્ર, તે શ્રુતસમુદ્રથી કંઈક ઉદ્ધરીને.

પહેલાં ઉન્માર્ગસ્થિત ગચ્છમાં રહેવાનું ફળ કહે છે —

● **ગાથા-૨ :-**

*ગૌતમ ! અહીં એવા પણ જીવો છે, જે ઉન્માર્ગ પ્રતિષ્ઠિત ગચ્છમાં રહીને ભવ પરંપરામાં ભમે છે.*

● **વિવેચન-૨ :-**

અસ્તિ - બહુવચનાર્થે છે. કેટલાંક વૈરાગ્યવાન્ જીવો હોય છે. હે ગૌતમ ! જેઓ અજ્ઞાનત્વ અને પોતાને પંડિત માનવાપણે, માર્ગદૂષણપૂર્વક ઉત્સૂત્ર પ્રરૂપણા જેમાં છે, તે ઉન્માર્ગ અથવા જેમાં પંચ આશ્રવ પ્રવૃત્તિ છે તે ઉન્માર્ગ, તેમાં પ્રકર્ષથી

સ્થિત એવા ગચ્છમાં - સાધ્વાભાસ ગણમાં વસીને પરિભ્રમણ કરે છે. ક્યાં ? ભવ - ચતુર્ગતિ લક્ષણ, પરિપાટી, તે ભવ પરંપરામાં.

પ્રમાદવાળા પણ સન્માર્ગસ્થિત ગચ્છમાં વસતા કોઈને મળતું ફળ પાંચ ગાથા વડે દર્શાવે છે —

● ગાથા-૩ થી ૭ :-

***હે ગૌતમ ! અર્દ્ધપ્રહર, એક પ્રહર, દિવસ, પક્ષ, માસ કે વર્ષ પર્યન્ત પણ સન્માર્ગગામી ગચ્છમાં વસનાર આળસુ, નિરુત્સાહી અને વિમનસ્ક મુનિ થાય. બીજા મહાપ્રભાવવાલા સાધુઓને સર્વ ક્રિયામાં અલ્પસત્વી જીવોથી ન થઈ શકે એવા તપાદિરૂપ ઉદ્યમ કરતાં જોઈને, લજ્જા અને શંકા ત્યજી ધર્માનુષ્ઠાનમાં ઉત્સાહ ધરે છે. વળી હે ગૌતમ ! વીર્યોત્સાહ વડે જ જીવે જન્માંતરોમાં કરેલા પાપો મુહૂર્ત્ત માત્રમાં બળીને ભસ્મ થઈ જાય છે, માટે સારી રીતે પરીક્ષા કરીને જે ગચ્છ સન્માર્ગ પ્રતિષ્ઠિત હોય તેમાં જીવનપર્યન્ત વસવું કેમકે હે ગૌતમ ! સંયત હોય તે જ મુનિ છે.***

● વિવેચન-૩ થી ૭ :-

યામ - પ્રહર, દિન-અહોરાત્ર, પક્ષ-અડધો માસ, - x - अपि શબ્દથી બે વર્ષ૦ આદિ લેવા. જિનોક્ત વચનમાં યથાશક્તિ સ્થિત, गच्छ - સત્સાધુગણમાં નિવાસ કરતાં સાધુને, - x - લીલયા૦ - સુખપણાથી, આળસ કરનારને, નિરુદ્યમને, શૂન્યચિત્તને, જોતાં - x - અનાલસ્યને બધી ક્રિયામાં ઘોર-દારુણ, અલ્પ સત્વી વડે દુરનુચરત્વથી, વીર - કર્મશત્રુ વિદારણમાં સમર્થ, એવા પ્રકારે તપ આદિ જેમાં છે તેને. आदि શબ્દથી દુષ્કર ગુર્વાદિ વૈયાવચ્ચ, લજ્જા, જિનોક્ત કે ગુરુવચનમાં સંશયરૂપ, સર્વથા પરિત્યાગ કરીને, સુખશીલાદિ દોષયુક્ત સાધુને પણ જીવોત્સાહ રૂપ-વીર્ય ઉછળે છે - હું પણ જિનોક્ત ક્રિયા કરું, જેથી દુષ્ટ દુઃખ સાગરતી હું બહાર નીકળું - શૈલકાચાર્યવત્.

વીર્ય ઉછળવાનું ફળ કહે છે — ગૌતમ ! ઘણાં ભવોના ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ દુષ્કર્મો, નીકટ મોક્ષકને અંતર્મુહૂર્ત્ત માત્રથી ભસ્મસાત્ કરે છે - દૃઢપ્રહારી આદિવત્. જેથી આળસવાળાને પણ સત્ ગણમાં આવા ગુણો છે, તેથી આત્મમોક્ષકરને જે થાય તે - જ્ઞાન ચક્ષુથી જોઈને ગણને જિનોક્તમાર્ગમાં રહેલ ગુર્વાજ્ઞાપૂર્વક નિવાસ કરે સદ્ગણમાં યાવજ્જીવન છ જીવને પાલનમાં તત્પર, ગુરુ અભિપ્રાય-આગમવેત્તા થાય છે.

હવે સદાચાર્યના લક્ષણ કહે છે —

● ગાથા-૮ :-

***આચાર્ય ગચ્છને માટે મેઢી, આલંબન, સ્તંભ, દૃષ્ટિ, ઉત્તમ યાન સમાન છે, તેથી તેની પરીક્ષા કરવી.***

● વિવેચન-૮ :-

મેઢી - પશુને બાંધવાને ખળા મધ્યે ઠુંઠુ, જેથી ત્યાં બાંધેલ બળદાદિ વૃંદ મર્યાદાથી પ્રવર્તે છે. આલંબન - જેમ ખાડા આદિમાં પડતાં પ્રાણીને હાથ આદિ આધાર



આલંબન છે, તેમ ભવગર્તામાં પડતાં ભવ્યોને આચાર્ય આલંબન છે, પોતાના કામાતુર શિષ્ય પ્રતિ નંદિષેણવત્. खंभ - જેમ સ્તંભ ગૃહાધાર થાય છે, તેમ આચાર્ય સાધુને સંયમગૃહના આધાર છે. મેઘકુમાર માટે શ્રી વીરની જેમ. દૃષ્ટિ - જેમ નેત્રથી હેયોપાદેય જોવાય છે, તેમ આચાર્યરૂપ નેત્રોથી પ્રદેશીની જેમ હેયોપાદેય જાણે છે.

યાન - છિદ્ર રહિત યાનપાત્ર સત્સંયોગમાં કિનારો પામે છે, તેમ આચાર્ય પણ ભવ કિનારો પમાડે છે. અત્યર્થ દૃઢ નવ બ્રહ્મચર્યરૂપ ગુપ્તિ જેને છે, તે સુગુપ્તિવાળા. અથવા - x - સુયુક્તિમાન્ અથવા અતિશયથી આચાર્ય ગુણો વડે ઉત્તમ. આવા આચાર્ય હોય, તે ગણ યોગ્ય છે. તેથી તેમની પરીક્ષા કરવી.

હવે આથી વિપરીત સ્વરૂપ માટે પ્રશ્ન —

● ગાથા-૯ થી ૧૧ :-

***ભગવન્ ! ક્યા ચિહ્નોથી છદ્મસ્થ ઉન્માર્ગગામી આચાર્યને જાણે ? તે મને કહો... - સ્વચ્છંદાચારી, દુઃશીલ, આરંભમાં પ્રવર્તાવનાર, પીઠ ફલકાદિમાં પ્રતિબદ્ધ, અપ્કાયના હિંસક, મૂલ-ઉત્તર ગુણ ભ્રષ્ટ, સામાચારી વિરાધક, નિત્ય આલોચન ન કરનાર, નિત્ય વિકથા પરાયણ તે આચાર્ય અધમ જાણવા.***

● વિવેચન-૯ થી ૧૧ :-

હે ભગવન્ ! હે પૂજ્ય ! ક્યા લક્ષણોથી સૂરિને ઉન્માર્ગ પ્રસ્થિત જાણવા ? છદ્મસ્થ-કેવલ જ્ઞાન કેવલદર્શન શૂન્ય. હે મુનિ ! ઉન્માર્ગ પ્રસ્થિત આચાર્યના ચિહ્ન મને કહો, તમે સાંભળો.

સ્વ અભિપ્રાયથી, પણ જિનવચનથી નહીં, સ્વ પૂજાર્થે વિચરે છે, તે સ્વચ્છંદાચારી. જિન-ગુર્વાજ્ઞા ભંજકત્વથી દુષ્ટ, શીલ - આચાર, પંચાચારરૂપ. અથવા પરવંચન અનાચાર સેવનાદિ લક્ષણ સ્વભાવ જેનો છે, તે દુઃશીલ, आरंभादि - પૃથ્વી આદિ જીવનો ઉપઘાત તે આરંભ, વધસંકલ્પ તે સંરંભ, સમારંભ - પરિતાપ. તે બધામાં પ્રવર્તક. - x - पीठ - આસને બેસવાને માટે, आदि - શબ્દથી પટ્ટિકાદિ, કારણ વિના સેવનમાં તત્પર. જળ એ શરીર જેનું છે તે અપ્કાય - સચિત્ત જળ, તેનું અનેકવાર પગ કે પાત્રાદિ ધોવા વડે ઘાતક, તે અપ્કાય વિહિંસક.

ચારિત્રરૂપી કલ્પવૃક્ષના મૂળ સમાન ગુણ - પ્રાણાતિપાતાદિ વિરમણ તે મૂલ ગુણ, મૂળગુણની અપેક્ષાથી ઉત્તરભૂત ગુણપિંડ વિશુદ્ધિ આદિ, વૃક્ષની શાખા સમાન, તેનાથી સર્વથા ભ્રષ્ટ. સામાચારી ત્રણ ભેદે - ઓઘ નિર્યુક્તિમાં કહી છે, તે ઓઘસામાચારી. તે નવમાં પૂર્વથી ત્રીજી વસ્તુના આચાર અભિધાનથી છે. તેમાં પણ વીસમાં પ્રાભૃતથી, તેમાં પણ ઓઘપ્રાભૃતથી ઉદ્ધરેલ. બીજી પદ વિભાગ સામાચારી - જીતકલ્પ, નિશીથાદિ છેદ ગ્રન્થોક્ત, તે પણ નવમાં પૂર્વમાંથી જ છે. ચક્રવાલ સામાચારી અભ્યર્થના જ છે, તે સાધુને ન કલ્પે. કારણે જો અભ્યર્થના કરે, પણ તે ઈચ્છાકાર કાર્ય. અથવા તેને કરતાં કંઈક કોઈક નિર્જરાર્થી કહે છે —

(૧) તારું કાર્ય હું કરીશ, તેમાં પણ ઈચ્છાકાર, બલાત્કારથી નહીં. દુર્વિનિતમાં બલાત્કારે પણ કરે. (૨) નિર્વિકલ્પ વાચનાદિ, (૩) મિથ્યાકાર - સંયમ યોગમાં

અન્યથા આચરિત, (૪) આવશ્યિકી-અવશ્ય ગમન, (૫) નૈષેધિકી - પ્રવેશતા કરવી, (૬) કાર્યોત્પત્તિમાં ગુરુને પૂછવું તે, (૭) ગુરુ વડે પૂર્વે નિષિદ્ધમાં કાર્ય હોય ત્યારે અવશ્ય પૂછવું. (૮) પૂર્વગૃહીત અનશનાદિથી સાધુને બોલાવવા. (૯) નિમંત્રણા, (૧૦) ઉપસંપદા લેવી.

નિશીથમાં બીજી રીતે દશધા સામાચારી કહેલ છે — (૧) સવારથી ક્રમશઃ ઉપધિની પ્રતિલેખના, (૨) પછી વસતિની પ્રમાર્જના. (૩) ભિક્ષા કાર્ય, (૪) આવીને ઈર્યા પ્રતિક્રમવી. (૫) આલોચના કરવી, (૬) જમતા અસુરસુર, (૭) ત્રણ કલ્પથી પાત્રોનું ધોવન, (૮) વિચાર સંજ્ઞા-ઉત્સગાર્થે બહાર જવું. (૯) સ્થંડિલાદિ, (૧૦) પ્રતિક્રમણ આદિ વિશેષતી પંચવસ્તુકના બીજા દ્વારથી જાણવી.

તેનો વિરાધક-ભંજક, તે સામાચારી વિરાધક છે. - x - અર્પિત આલોચના - સ્વ પાપ પ્રકાશન રૂપ. તે દત્તા લોચન, તે સ્વપાપનું પ્રકાશન ન કરવું - મહાનિશીતોક્ત રૂપી સાધ્વીવત્. આલોચના ગ્રહણ કઈ રીતે ? - (૧) સ્વકીય આચાર્ય પાસે આલોચે, (૨) તેના અભાવે ઉપાધ્યાય પાસે, (૩) તેના અભાવે પ્રવર્તક, (૪) તેના અભાવે સ્થવિર, (૫) તેના અભાવે ગણાવચ્છેદક.

હવે જો સ્વગચ્છમાં આ પાંચેના અભાવમાં પરગચ્છમાં સાંભોગિકમાં ઉક્ત ક્રમે આલોચના કરે, તેના અભાવમાં સંવિગ્નમાં અસાંભોગિક પાસે ઉક્ત ક્રમે આલોચે, તેમના પણ અભાવે ગીતાર્થ પાર્શ્વસ્થ સમીપે, તેના અભાવે સારૂપિક સંયતવેષ ગૃહસ્થ પાસે, તેના અભાવે ગીતાર્થ - પાછળથી ચારિત્ર ત્યજી ગૃહસ્થ થયો હોય તેની પાસે, તેના અભાવે સમ્યક્ત્વ ભાવિત દેવતા પાસે, - x - તેના અભાવે જિનપ્રતિમા આગળ, તેના અભાવે, તેના અભાવે પૂર્વાદિ અભિમુખ અરહંત કે સિદ્ધની સાક્ષીએ. પ્રાયશ્ચિત્ત વિધિને જાણીને સ્વયં જ પ્રાયશ્ચિત્ત સ્વીકારે, એ રીતે શુદ્ધ થાય.

સદા સર્વત્ર વિરુદ્ધ કથા તે વિકથા, તે સાત ભેદે છે — સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા, મૃદુ કારુણિકા કથા, દર્શન ભેદિની કથા, ચારિત્ર ભેદિની કથા. તેમાં મૃદુકારુણિકા - શ્રોતાના હૃદયમાં માર્દવતા જનનથી મૃદ્વી - x - x - દર્શન ભેદિની - જ્ઞાનાદિ અતિશયથી કુતીર્થિક - નિહ્નવ પ્રશંસારૂપ. ચારિત્રભેદિની - જે કથામાં ચારિત્ર પ્રતિભેદ થાય અથવા વિવિધરૂપે પરપરિવાદ આદિ લક્ષણા કથા તે વિકથા, તેમાં તત્પર. - x -

અથવા કથા ચાર ભેદે — (૧) મોહથી તત્ત્વ પ્રત્યે શ્રોતાને જે કથાથી આકર્ષાય, તે આક્ષેપણી. (૨) જે કથાથી શ્રોતા કુમાર્ગ વિમુખ કરાય છે, તે વિક્ષેપણી, (૩) સંવેદની - મોક્ષસુખાભિલાષી જેનાથી કરાય તે કથા, (૪) નિર્વેદની - સંસારથી નિર્વિણ્ણ કરાય તે કથા. આ ચારથી વિપરીત, તે વિકથા, તેમાં તત્પર.

હે સૌમ્ય ! આવા આચાર્યને ઉન્માર્ગગામી જાણ.

હવે ગુણવાન્ આલોચના સ્વરૂપ સંબંધે —

**● ગાથા-૧૨ :-**

***છત્રીશગુણયુક્ત, અતિશય વ્યવહારકુશલ આચાર્ય એ પણ બીજાની સાક્ષિથી અવશ્ય આલોચનારૂપ વિશુદ્ધિ કરવી.***



**● વિવેચન-૧૨ :-**

દેશકુલાદિ છત્રીશ ગુણો આ રીતે — (૧) આર્યદેશોત્પન્નને વાક્યનો સુખે અવબોધ થાય. (૨) સુકુલોદ્ભવ, (૩) માતાની જાતિથી સંપન્ન - વિનયયુક્ત, (૪) રૂપવાન્ - આદેયવાક્ય, (૫) સંહનનયુક્ત - વ્યાખ્યાનાદિમાં ન થાકે. (૬) ધૃતિ-ચિત્ત સ્થૈર્ય, (૭) અનાશંસી - શ્રોતા પાસે વસ્ત્રાદિની આકાંક્ષા ન કરે. (૮) બહુભાષી ન હોય. (૯) અમાયી, (૧૦) સ્થિર પરિપાટી - તેને જ સૂત્ર-અર્થ ગળે નહીં.

(૧૧) ગૃહીત વાક્ય - અપ્રતિઘાત વચન થાય, (૧૨) જિતપર્ષદ્, (૧૩) જિતનિદ્ર, (૧૪) મધ્યસ્થ - બધાં શિષ્યોમાં સમચિત્ત, (૧૫) દેશજ્ઞ, (૧૬) કાલજ્ઞ, (૧૭) ભાવજ્ઞ, (૧૮) પરતીર્થિકાદિને ઉત્તર દેવામાં સમર્થ, (૧૯) વિવિધ દેશભાષાજ્ઞ, (૨૦ થી ૨૪) પંચવિધ આચારયુક્ત - શ્રદ્ધેયવચન થાય, (૨૫) સૂત્રાર્થ ઉભયજ્ઞ, (૨૬) દૃષ્ટાંતજ્ઞાપક, (૨૭) હેતુજ્ઞ, (૨૮) ઉપનય કે ક્વચિત્ કારણ, (૨૯) નય-નિપુણ.

૦ ક્વચિત્ શ્રોતાને આશ્રીને તેની પ્રતિપત્તિના અનુરોધથી ક્વચિત્ દૃષ્ટાંતોપન્યાસ, ૦ ક્વચિત્ હેતુ-ઉપન્યાસ, ૦ ક્વચિત્ અધિકૃત્ અર્થનો ઉપસંહાર કરે, ૦ નય પ્રસ્તાવે નયોને અવતારે.

(૩૦) ગ્રાહણા કુશળ, (૩૧-૩૨) સ્વસમય અને પરસમયને નિર્વાહે, (૩૩) ગંભીર, (૩૪) દીપ્તિમાન, (૩૫) શિવ, (૩૬) સૌમ્ય.

અવશ્ય - નિશ્ચયથી કરવું જોઈએ, શું ? બીજા આચાર્યોની સાક્ષિથી, માયા રહિતપણે આલોચના વડે વિશુદ્ધિ. વળી બીજી શું વિશેષતા છે ? જ્ઞાન-ક્રિયા વ્યવહાર કુશલ અથવા પાંચ વ્યવહાર - આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતમાં કુશળ.

તેમાં આગમ - જેના વડે પદાર્થો જણાય તે, તે કેવલી, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી, નવપૂર્વીને હોય. તેમાં જો કેવલી મળે તો તેને જ આલોચના આપવી, તેના અભાવે બીજાને આપે. શ્રુત - નિશીથ, કલ્પ, વ્યવહાર, દશાશ્રુત સ્કંધ, આદિ બધે શ્રુત વ્યવહાર. આજ્ઞા - દેશાંતર સ્થિત ગુરુમાં શિષ્ય ગૂઢપદો લખીને મોકલે, તે વ્યવહાર અથવા દેશાંતર સ્થિત બંને ગીતાર્થો ગૂઢપદોથી આલોચના વ્યવહાર કરે - x - ધારણા - કોઈ ગીતાર્થ સંવિગ્ન ગુરુ વડે કોઈપણ શિષ્યના કોઈ અપરાધમાં જે શુદ્ધિ આપી, તે તે પ્રમાણે જ અવધારી, તે શિષ્ય પણ તે જ અપરાધમાં પ્રયોજે. અથવા કોઈ સાધું ગચ્છોપકારી છતાં સેષ છેદગ્રન્થ યોગ્ય ન હોય, તેને ગુરુ ઉદ્ધૃત પદ આપે છે. તે પદોને ધારણ કરવા તે ધારણા વ્યવહાર. જીત - દ્રવ્યાદિ વિચારી, સંહનનાદિની હાનિને જાણીને અને ઉચિત કોઈપણ તપ પ્રકારથી જે ગીતાર્થો શુદ્ધિ કહે છે, તેને સિંદ્ધાંતની ભાષામાં જીત કહે છે અથવા જે પ્રાયશ્ચિત્ત જે આચાર્યના ગચ્છમાં સૂત્ર સિવાયના કારણથી પ્રવર્તે અને બીજા પણ ઘણાં વડે અનુવર્તિત હોય તે ત્યાં રૂઢ થાય, તેને જીત કહે છે.

આ પાંચ વ્યવહારોમાંનો કોઈ વ્યવહારયુક્ત જ પ્રાયશ્ચિત્ત દેવામાં ગીતાર્થ ગુરુ અધિકૃત્ છે, અનેક દોષના સંભવથી અગીતાર્થ નહીં. હવે આલોચનાનું દૃષ્ટાંત —

**● ગાથા-૧૩ :-**

***જેમ અતિ કુશળ વૈદ્ય, બીજાને પોતાની વ્યાધિ કહે છે, અને વૈદ્યે કહેલું સાંભળીને તે કર્મ આચરે છે.***

**● વિવેચન-૧૩ :-**

જેમ વૈદ્યક શાસ્ત્રમાં નિપુણ પણ વૈદ્ય - ચિકિત્સા કર્તા પોતાની રોગોત્પત્તિ બીજા વૈદ્યને જેમ હોય તેમ કહે ચે, વૈદ્ય નિરુપિત સાંભલીને પછી તે વૈદ્ય, પેલા વૈદ્યે કહ્યા મુજબ પ્રતિકારરૂપ આચરણ કરે છે. એ રીતે આલોચનાનું સ્વરૂપ જાણીને આલોચક પણ સદ્‌ગુરુએ કહેલ તપ કરે.

હવે આચાર્યનું કૃત્ય કંઈક કહે છે —

**● ગાથા-૧૪ :-**

***દેશ અને ક્ષેત્રને જાણીને વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય અને સાધુવર્ગનો સંગ્રહ કરે અને સૂત્રાર્થનું ચિંતન કરે.***

**● વિવેચન-૧૪ :-**

દેશ - માલવા આદિ, ક્ષેત્ર-રૂક્ષ-અરૂક્ષ, ભાવિત-અભાવિત આદિ. તુ શબ્દથી ગુરુ ગ્લાન બાલ વૃદ્ધ પ્રાઘૂર્ણાદિ યોગ્ય દ્રવ્ય અને દુર્ભિક્ષા કાળને જાણીને, વસ્ત્ર-શાસ્ત્રોક્ત વિધિથી, પાત્ર-પતદ્‌ગ્રહાદિ, ઉપાશ્રય - મુનિ યોગ્ય વસતિ. સ્થાનાંગના સાતમાં સ્થાનમાં કહેલ છે - આચાર્યો અનુત્પન્ન ઉપકરણના સમ્યક્ ઉત્પાદક હોય છે. પૂર્વોત્પન્ન ઉપકરણોના સમ્યક્ સંરક્ષણકર્તા હોય છે - x - સંગોપયિતા હોય છે. - x -

તથા સાધુનું વૃંદ તે સાધુવર્ગ, ચ શબ્દથી સાધ્વીવર્ગ લેવો પણ હીનાચાર વર્ગ નહીં, સૂત્ર-ગણધરાદિ બદ્ધ, અર્થ-નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, સંગ્રહણી, વૃત્તિ, ટિપ્પણાદિ રૂપ. સૂત્રાર્થને જિનોપદેશ વડે વિચારે છે. ચ શબ્દથી સુવિનીત શિષ્યને નહીં. આવા આચાર્યો મોક્ષમાર્ગ વાહક કહેલા છે.

હવે મોક્ષમાર્ગના ભંજકોને કહે છે —

**● ગાથા-૧૫,૧૬ :-**

***જે આચાર્ય આગમોક્ત વિધિથી સંગ્રહ અને ઉપગ્રહ કરતા નથી, સાધુ-સાધ્વીને દીક્ષા આપીને સામાચારી ન શીખવે, બાળ શિષ્યોને જીભ વડે ચુંબન કરે, સન્માર્ગ ગ્રહણ ન કરાવે, તે આચાર્યને વૈરી જાણવા.***

**● વિવેચન-૧૫,૧૬ :-**

સંગ્રહ - જ્ઞાનાદિ કે શિષ્યોનો સંગ્રહ. ઉપગ્રહ - તેમને જ ભોજન-શ્રુતાદિ દાનથી ઉપકાર કરે. વિધિ - ઉત્સર્ગ અને અપવાદના પ્રકારથી સ્વયં ન કરે, પ્રમાદથી ન કરાવે, અન્ય કરનાર પ્રત્યે દ્વેષ કરે, જે કોઈ આચાર્યાભાસ, તથા સાધુ-સાધ્વીને દીક્ષા આપી, સામાચારી - સ્વ ગચ્છોક્તાને નિર્જરાપેક્ષી હોય તો પણ ન શીખવે. સુવિનિત પ્રતિચ્છક ગણને પણ સૂત્રાર્થ ન આપે, તે અયોગ્ય છે.





પ્રશ્નવ્યાકરણોક્ત બાળને જે આચાર્ય - શિષ્યોને અને મહત્તરા સ્વ શિષ્યાને જીભ વડે ગાય વાછડાંને ચાટે તેમ ચાટે અર્થાત્ ચુંબનાદિ કરે, સમ્યગ્ મોક્ષ માર્ગ ન શીખવે, બીજા શીખવે તો પણ રોકે, તે આચાર્યને તું શત્રુ જાણ અથવા વૈરી જાણ. હવે સદ્‌ગુરુનું સ્વરૂપ —

**● ગાથા-૧૭ :-**

***જે આચાર્ય શિષ્યોને સ્નેહથી ચુમે પણ તેને સારણાદિ ન કરે, તે શ્રેષ્ઠ નથી, પણ દંડ વડે તાડન કરીને પણ જેમાં સારણાદિ છે, તે આચાર્ય શ્રેષ્ઠ છે.***

**● વિવેચન-૧૭ :-**

જીભથી ચુમવાદિ કરતાં આચાર્ય કલ્યાણકારી નથી, જેમાં ગુરુ સારણા - હિતમાં પ્રવર્તાવવારૂપ, ઉપલક્ષણત્વથી વારણા - અહિતથી નિવારવા, ચોયણા - સંયમ યોગમાં સ્ખલિતને વિવિધ પ્રેરણા, પડિચોયણા - પુનઃપુનઃ પ્રેરણા ન કરે તે. પરંતુ લાકડી આદિથી શરીરે પીડા કરીને પણ જે સારણાદિ કરે છે, તે કલ્યાણકારી છે. હવે શિષ્યનું નિર્ગુણત્વ.

**● ગાથા-૧૮ :-**

***શિષ્ય પણ, જો પ્રમાદ મદિરાગ્રસ્ત અને સામાચારી વિરાધક ગુરુને બોધ ન કરે તો તે વૈરી જ છે.***

**● વિવેચન-૧૮ :-**

સ્વ હસ્ત દીક્ષિત પણ શત્રુ છે, જે ગુરુ-ધર્મોપદેશકને હિતોપદેશ આપીને સન્માર્ગમાં સ્થાપતો નથી. કેવા ગુરુને ? નિદ્રા - વિકથાદિરૂપ પ્રમાદ, એ જ મદિરા, તેનાથી આચ્છાદિત તત્ત્વજ્ઞાન, સામાચારી વિરાધક શૈલકાચાર્ય કે જેને ચૌમાસી છે, તે પણ ખબર નથી - કઈ રીતે પ્રમાદી ગુરુને બોધ કરે ?

**● ગાથા-૧૯ :-**

***હે મુનિવર ! તમારા જેવા પુરુષો પણ પ્રમાદાધીન થાય, તો અમને સંસારમાં બીજા કોનું આલંબન થશે ?***

**● વિવેચન-૧૯ :-**

આપના જેવા પણ હે શ્રમણશ્રેષ્ઠ ! પ્રમાદ પરવશ થાય છે, તેથી પૂજ્ય સિવાયના અમે - મંદભાગ્ય, અકૃતપુન્ય, પ્રમાદ પરવશ, આપના ચરણકમળના દાસ, પુત્ર-ઘર-સ્ત્રીને તજેલાને આ ભયંકર, પીડાકર, શોકભર, દુઃખાકર, ચતુર્ગતિરૂપ અપાર સંસારમાં કોણ આલંબન થાય ?

**● ગાથા-૨૦ :-**

***જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં એ ત્રણે સિદ્ધાંતસારમાં જે પોતાને અને ગચ્છને સ્થિર કરવા પ્રેરે તે આચાર્ય.***

**● વિવેચન-૨૦ :-**

જ્ઞાન-અષ્ટવિધ જ્ઞાનાચાર, દર્શન-અષ્ટવિધ દર્શન-આચાર, ચરણ-અષ્ટવિધ ચારિત્રાચાર. ચ શબ્દથી તપાચાર અને વીર્યાચાર પણ લેવા. જે આચાર્ય તેમાં પ્રેરણા

કરે. કઈ રીતે ? કુળ સમુદાયરૂપ ગણ અને પોતાને સ્થાપીને. ચ શબ્દથી શ્રોતા વર્ગને. તેને ગણધરાદિએ આચાર્ય કહેલ છે.

● **ગાથા-૨૧ :-**

***પિંડ, ઉપધિ, શય્યા એ ત્રણે ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણા શુદ્ધ અને ચારિત્રના રક્ષણાર્થે લે, તે ચારિત્ર છે.***

● **વિવેચન-૨૧ :-**

પિંડ-ચતુર્વિધ આહાર ઉપધિ - ઔધિક, ઔપગ્રહિક. ઔધિક ત્રણ ભેદે :- (૧) જઘન્ય - મુખવસ્ત્રિકા, પાત્ર કેશરિકા, ગુચ્છા અને પાત્ર સ્થાપન. (૨) મધ્યમ - પલ્લા, રજસ્ત્રાણ, પાત્રબંધ, ચોલપટ્ટક, માત્રક, રજોહરણ. (૩) ઉત્કૃષ્ટ - પાત્ર અને ત્રણ કલ્પ એ રીતે ચાર. ઔપગ્રહિક ઉપધિ - દંડાસન, દંડક, પુસ્તકાદિ ભેદથી ત્રણ પ્રકારે. વિશેષ જીતકલ્પાદિથી જાણવું.

શય્યા - આચારાંગોક્ત વસતિરૂપ. આ ત્રણે ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણા દોષ શુદ્ધ હોવા. તેમાં ઉદ્‌ગમપિંડની ઉત્પત્તિ વિષયક આધાકર્મિકાદિ સોળ દોષો. તે પ્રાયઃ ગૃહસ્થની ઉદ્‌ભવે, ક્વચિત્ સાધુ વડે પણ થાય. મૂળથી શુદ્ધ છતાં ધાત્રીત્વાદિથી ઉપાર્જન વિષયક ૧૬-દોષ, તે સાધુથી ઉત્પન્ન થાય, તેને ઉત્પાદન દોષ કહે છે. ૧૦-દોષ એષણાના - શંકિતાદિ, તે સાધુ અને ગૃહસ્થ બંનેથી થાય.

સંયમની પરિપાલના માટે વિશુદ્ધ પિંડ ગ્રહણાર્થે જોતાં, તેની અપ્રાપ્તિમાં ગુરુ-લઘુ દોષને શોધવા. જે તે શોધે તે ચારિત્રવાન્ કહેવાય. - x - x - x - *[દોષોનું સ્વરૂપ ઓઘનિર્યુક્તિ આદિથી સવિસ્તાર જાણવું.]*

● **ગાથા-૨૨ :-**

***બીજાએ કહેલ ગુહ્ય પ્રગટ ન કરે, સર્વે કાર્યોમાં અવિપરિત જોનાર, ચક્ષુ માફક બાળ અને વૃદ્ધ સંકીર્ણ ગચ્છને રક્ષે.***

● **વિવેચન-૨૨ :-**

અપરિશ્રાવી - આચારાંગમાં કહેલ ત્રીજા દ્રહ સમાન. - x - લવણ સમુદ્રવત્ શ્રોતા, કેમકે લવણમાં પાણી આવે છે. પણ નીકળતું નથી. અહીં આચાર્યો શ્રુત અંગીકાર કરીને પહેલા ભંગમાં આવે છે કેમકે શ્રુતના દાનગ્રહણનો સંભવ છે. સાંપરાયિક કમપિક્ષાથી બીજા ભંગમાં આવે. આલોચના સ્વીકારીને ત્રીજા ભંગમાં આવે, કેમકે આલોચના અપ્રતિશ્રાવીપણે છે. કુમાર્ગ પ્રતિ ચોથો ભંગ થાય, કેમકે કુમાર્ગમાં પ્રવેશ-નિર્ગમનો અભાવ છે.

અથવા કેવલ શ્રુતને આશ્રીને ધર્મભેદથી ભંગો યોજે છે. તેમાં સ્થવિરકલ્પિકાચાર્ય પહેલા ભંગમાં, બીજામાં તીર્થંકર, ત્રીજામાં અહાલંદિક, પ્રત્યેક બુદ્ધો ચોથા ભંગમાં આવે. કઈ રીતે? સમ્યક્ પ્રકારે, સમ - અવિપરીત, દૃષ્ટિ - અવલોકન જેને છે, તે સમદૃષ્ટિ થાય છે. ક્યાં? સર્વ કાર્યોમાં - આગમ વ્યાખ્યાનાદિ સર્વે વ્યાપારોમાં. તે આચાર્ય કુમાર્ગે પડતાં ગચ્છને રક્ષે છે. - x - x - કોની જેમ? ચક્ષુની જેમ. ખાડા આદિમાં પડતા પ્રાણીને ચક્ષુ રોકે છે તેમ.



હવે બે ગાથા વડે અધમ આચાર્યનું સ્વરૂપ કહે છે —

● **ગાથા-૨૩,૨૪ :-**

***જે આચાર્ય સુખશીલાદિ ગુણો વડે નવકલ્પ કે ગીતાર્થરૂપ વિહારને શિથિલ કરે છે, તે સંયમયોગ વડે નિઃસાર માત્ર વેશધારી જ છે... કુળ-ગામ-નગર-રાજ્ય તજીને જે ફરી તેમાં જ મમત્વ કરે છે, તે સંયમયોગથી નિઃસાર માત્ર વેશધારી છે.***

● **વિવેચન-૨૩,૨૪ :-**

મુનિને શિથિલત્વ પ્રાપ્ત કરાવે છે. કોના પ્રત્યે ? વિહાર પ્રતિ અથવા સ્વયં આળસુ થાય. ક્યાં ? વિહારમરાં. અહીં વિહાર સ્વરૂપ બૃહત્કલ્પાદિથી જાણવું. જેમકે — સાધુને ગ્રામ-નગર-રાજધાની આદિમાં, વૃત્તિ-પ્રાકાર-પરિક્ષેપયુક્તમાં, એક માસ સુધી કારણ વિના હેમંત અને ગ્રીષ્મમાં રહેવું કલ્પે, કારણે પાટક પરાવર્તન કરે, તેના અભાવે ગૃહપરાવર્તન, તેના અભાવે વસતિમાં જ સ્થાન પરાવર્તન કરે. પણ એક સ્થાનમાં ન વસે. - x - જ્યાં રહે, ત્યાં જ ભિક્ષાચર્યા તાય. એ પ્રમાણે સાધ્વીને પણ જાણવું. વિશેષ એ કે જ્યાં સાધુને માસકલ્પ છે, ત્યાં સાધ્વીને બે માસ રહેવું કલ્પે.

તથા સાતા અભિલાષી - x - તત્ત્વજ્ઞાનરહિત અથવા સુખ - ઉપશમ સંતોષલક્ષણ, શીલ-મૂલગુણ લક્ષણ, ગુણ - ઉત્તર ગુણરૂપ. જેને અંતઃકરણ ભાવરૂપ નથી તે અબુદ્ધિ. અબુદ્ધિક-ભાવશૂન્ય અથવા સુખ-મોક્ષલક્ષણ, શીલ-સ્વભાવ જેનો છે તે સુખશીલા - જિન, તેમના ગુણ-કેવલજ્ઞાન, કેવલદર્શનાદિ રૂપ, તેમાં વિરુદ્ધ પ્રરૂપણારૂપ જે મતિ, તે અબુદ્ધિક, કેવળ લિંગ-સાધુનો વેશ, તેને ધારણ કરનાર, તે દ્રવ્યલિંગધારી.

સંયમ - પૃથ્વી આદિ સતર પ્રકારે — પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયો એ નવને મન-વચન-કાયાથી કરણ - કરાવણ - અનુમોદન વડે સંરંભ - સમારંભ - આરંભનું વર્જન તે જીવ સંયમ, પુસ્તકાદિમાં પ્રતિલેખના તે અજીવ સંયમ.

શયન, આસન જોઈને કરવા તે પ્રેક્ષાસંયમ, પાર્શ્વસ્થાદિની ઉપેક્ષા તે ઉપેક્ષા સંયમ, પ્રમાર્જના સંયમ, વિધિથી પરઠવવું તે પરિષ્ઠાપના સંયમ, દ્રોહાદિથી નિર્વૃત્તિ અને ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિ તે મનસંયમ, એ રીતે વચન સંયમ, કાયસંયમ.

યોગ - પ્રતિલેખનાદિ વ્યાપાર. અથવા જેમાંથી સ્વર્ગ, અપ્વર્ગ ફળ રૂપ સાર ચાલી ગયો છે. તે નિસ્સાર. કોના વડે? સંયમ અને યોગ તે સંયમયોગ વડે. - x -

કુળ, ગામ, નકર — ગાય, ભેંસ, ઉંટ આદિ અઢાર પ્રકારના કર રહિત, રાજ્ય - સાતઅંગમય અથવા રાજ્ય બધે જોડતાં કુલરાજ્ય, ગામરાજ્ય, નગરરાજ્ય. - x - x - તેને ત્યજીને, જે સાધુ આભાસ તે કુલાદિમાં મમત્વ કરે છે. માત્ર વેષધારી. સંયમ - પાંચ આશ્રવ વિરમણ, પંચેન્દ્રિય નિગ્રહ, ચાર કષાય જય, ત્રણ દંડ વિરતિ.

હવે ત્રણ ગાથા વડે ઉત્તમ આચાર્યનું સ્વરૂપ કહે છે —

● **ગાથા-૨૫ થી ૨૭ :-**

***જે આચાર્ય વિધિપૂર્વક પ્રેરણા કરે, સૂત્ર અને અર્થ ભણાવે તે ધન્ય છે,***

***તે પવિત્ર છે, બધું છે, મોક્ષદાયક છે, તે જ આચાર્ય ભવ્ય જીવોને ચક્ષુભૂત કહેલ છે, જે જિનેશ્વરે બતાવેલ અનુષ્ઠાન પણ યથાર્થ બતાવે છે. જે આચાર્ય સમ્યક્ જિનમત પ્રકાશે છે, તે તીર્થંકર સમાન છે, જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે કાપુરુષ છે, સત્પુરુષ નથી.***

**● વિવેચન-૨૫ થી ૨૭ :-**

આગમોક્ત ન્યાયથી જે આચાર્ય કે ઉપાધ્યાયાદિ, શિષ્યોને સ્મારણ, વારણ, પ્રેરણા, પ્રતિપ્રેરણા વડે પ્રેરે છે. આચારાંગાદિના ઉત્સર્ગ, અપવાદ, ઉત્સર્ગાપવાદ, અપવદોત્સર્ગ, ઉત્સર્ગોત્સર્ગ, અપવાદાપવાદ રૂપ સૂત્ર ભણાવી, પછી તેના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, સંગ્રહણી, વૃત્યાદિરૂપ પરંપરાત્મક અર્થ શીખવે છે. च કારથી નૈગમાદિ સાતે નયોને જણાવે છે, તે આચાર્ય. સૂત્રરૂપી ધન દેવાથી ધન્ય છે, અર્થદાનરૂપી પુણ્યથી પવિત્ર છે. જિનાજ્ઞા પ્રતિપાલક છે. કુમતિ નિવારી સન્માર્ગે સ્થાપવાથી બંધુ છે, જીવાદિ પદાર્થના જ્ઞાનથી સંયમમાં દૃઢત્વ વડે કર્માભાવથી મોક્ષદાયક છે.

અનંતરોક્ત જ મોક્ષગમનયોગ્ય પ્રાણીને નેત્રતુલ્ય કહ્યા. કુમતિપટલ નિરાકરણથી પ્રગટ કરે છે, તે આચાર્ય શિરોમણિ જિનોક્ત અનુષ્ઠાન જેવા છે તેવા જ દર્શાવે છે.

તીર્થ - ચતુર્વિધ સંઘ કે પહેલાં ગણધર તેને કરે છે, તે તીર્થંકર, તેની તુલ્ય છે. આ સમાનતા દેશથી જાણવી. અન્યથા ક્યાં તીર્થંકરત્વ અને ક્યાં આચાર્યત્વ ? સૂરિ - અનેક અતિશયયુક્ત ગૌતમાદિ સમાન આચાર્ય. સર્વ શક્તિથી જે જિનમત - નિત્યાનિત્ય આદિ સ્વરૂપ વાચક, સાત નયાત્મક ઈત્યાદિને ભવ્યો પાસે દેખાડે છે. આજ્ઞા - પારગતોક્ત મર્યાદા, ઉલ્લંઘતા ફરી તે અધમપુરુષ છે, પણ પ્રધાનપુરુષ નથી.

હવે કેવા આચાર્યો આજ્ઞાના ઉલ્લંઘક છે, તે કહે છે —

**● ગાથા-૨૮ :-**

***ભ્રષ્ટાચારી આચાર્ય, ભ્રષ્ટાચારી સાધુની ઉપેક્ષા કરનાર આચાર્ય, ઉન્માર્ગસ્થિત આચાર્ય, ત્રણે માર્ગનો નાશ કરે છે.***

**● વિવેચન-૨૮ :-**

ભ્રષ્ટ-સર્વથા શિથિલ, આચાર-જ્ઞાનાચારાદિ, તે ભ્રષ્ટાચાર, તે અધર્માચાર્ય. સંયમવ્યાપારથી મુક્ત, મુનિના ઉપેક્ષક, પ્રમાદપ્રવૃત્ત શ્રમણાદિને ન રોકે તે મંદ ધર્માચાર્ય. ઉત્સૂત્ર આદિ પ્રરૂપણામાં પ્રવૃત્ત, તે અધમાધમ આચાર્ય. આ ત્રણે જ્ઞાનાદિરૂપ માર્ગનો વિનાશ કરે છે. તેને સેવનારનું ફળ દર્શાવે છે —

**● ગાથા-૨૯ :-**

***ઉન્માર્ગસ્થિત, સન્માર્ગનાશક આચાર્યને જે સેવે છે, હે ગૌતમ ! જરૂર તે પોતાના આત્માને સંસારમાં પાડે છે.***

**● વિવેચન-૨૯ :-**

આગમવિરુદ્ધ પ્રરૂપક, જિનોક્તમાર્ગદૂષક, જે ભવ્યજીવ તેનું કહેલ અનુષ્ઠાન કરે છે, કરાવે છે કે અનુમોદે છે, તે આચાર્ય પોતાને નિયમા ભવાંધકૂવામાં ફેંકે છે.



**● ગાથા-૩૦ :-**

***અયોગ્ય તરનાર મનુષ્ય ઘણાંને ડૂબાડે, તેમ ઉન્માર્ગ સ્થિત એક પણ આચાર્ય તેના માર્ગને અનુસરનારા ભવ્યજીવોના સમૂહનો નાશ પમાડે છે.***

**● વિવેચન-૩૦ :-**

અદ્વિતીય પણ આચાર્ય કે સાધુ, કુમતિના કદાગ્રહથી ગ્રસ્ત થઈ નાશ પામે છે અર્થાત્ સંસારસાગરમાં પાડે છે. ભવ્ય જીવો પણ તે માર્ગને અનુસરતા, જેમ કુતારક મનુષ્ય, તેની પાછળ રહેલાં ઘણાં પ્રાણીને નદ્યાદિમાં ડૂબાડે અને પોતાને પણ ડૂબાડે તેમ ડૂબાડનાર થાય. હવે ઉન્માર્ગમાં રહેલને થતું ફળ —

**● ગાથા-૩૧ :-**

***ઉન્માર્ગ માર્ગે ચાલનારા અને સન્માર્ગનાશક સાધુને હે ગૌતમ ! અનંત સંસાર નિશ્ચે થાય છે.***

**● વિવેચન-૩૧ :-**

ગોશાળો, બોટિક, નિહ્નવાદિનો માર્ગ-પરંપરા, તેમાં કે ઉન્માર્ગરૂપ જે માર્ગ, તેમાં સ્થિત મુનિવેષા ભાસ, ઉપલક્ષણથી આચાર્યો પણ હે ગૌતમ ! નિશ્ચે જેનો પાર ન પામી શકાય તેવા અનંત ચતુર્ગત્યાત્મક સંસારને પામે. च તેમાં રહેલાં અનેક દુઃખનો સૂચક છે. તેઓ જિનોક્ત પથના આચ્છાદક થાય. હવે કોઈક કદાચ પ્રમાદથી જિનોક્ત ક્રિયા ન કરે, પણ ભવ્યોને યથોક્ત જિનમાર્ગ દર્શાવે તે કયા માર્ગમાં આત્માને સ્થાપે છે ? તેથી વિપરીત કેવો હોય ?

**● ગાથા-૩૨ :-**

***શુદ્ધ સાધુમાર્ગને કહેતો, પોતાને ત્રીજા પક્ષમાં સ્થાપે, તેથી વિપરીત પોતાને ગૃહસ્થધર્મથી ભ્રષ્ટ કરે છે.***

**● વિવેચન-૩૨ :-**

આજ્ઞાશુદ્ધિ સંયુક્ત સુવિહિત પથને આકાંક્ષા વિના પ્રરૂપણા કરતાં પોતાનું રક્ષણ કરે છે. કઈ રીતે ? સાધુ અને શ્રાવક બંને પક્ષની અપેક્ષાથી ત્રીજા સંવિગ્નપાક્ષિક પક્ષમાં. સંવિગ્નપાક્ષિક - મોક્ષાભિલાષી સુસાધુને સાહાય્યકર્તા. તેનું લક્ષણ - શુદ્ધ સુસાધુધર્મ કહે છે, પોતાના આચારને નિંદે છે [ક્યાંશ્ર ?] સુતપસ્વી અને રાત્નિકો પાસે. વંદન કરે પણ કરાવે નહીં, કૃતિકર્મ કરે પણ કરાવે નહીં, પોતાને માટે દિક્ષા ન આપે પણ સુસાધુ માટે પ્રતિબોધ કરે.

વળી જે ઉત્સૂત્રભાષી છે, સાધુ દ્વેષી છે, તે ગૃહસ્થ ધર્મથી ભ્રષ્ટ છે. તે સાધુ પણ નથી - ગૃહસ્થ પણ નથી. જો એમ છે, તો શું કરવું જોઈએ ?

**● ગાથા-૩૩ :-**

***જો જિનભાષિત અનુષ્ઠાન સમ્યક્પણે ન કરી શકે તો પણ ક્ષીણરાગી - જિને કહેલને સમ્યક્ રીતે પ્રરૂપે.***

**● વિવેચન-૩૩ :-**

જો કરવાનું શક્ય ન બને. કઈ રીતે ? ત્રિકરણ શુદ્ધિથી, કેવલીએ કહેલ

આજન્મ ક્રિયાકલાપરૂપ તો આત્માના સામર્થ્યથી જેવું હોય તેવું કહે, જેમ જિનેશ્વરે કહ્યું, તેમ નિરૂપે, હવે પ્રમાદીને પણ શુદ્ધ પ્રરૂપણાથી શો ગુણ છે ? —

● **ગાથા-૩૪ :-**

***મુનિચર્યામાં શિથિલ છતાં પણ વિશુદ્ધ ચરણ — કરણ સિત્તરીની પ્રશંસા કરી પ્રરૂપણા કરનાર સુલભબોધી જીવ પોતાના કર્મોને શિથિલ કરે છે.***

● **વિવેચન-૩૪ :-**

શિથિલ હોવા છતાં, ક્યાં ? મુનિચર્યામાં દુષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મને શોધે અર્થાત્ કર્મોનું શિથિલત્વ પામે, સુખે પ્રાપ્ત જન્માંતરમાં જિનધર્મપ્રાપ્તિરૂપ જેને છે તે સુલભબોધિ, સુદેવપ્રાપ્તિ પછી સુકુલોત્પત્તિ થાય. કઈ રીતે ? ચરણ-કરણને નિર્માયી ભાવે પ્રશંસા કરતા અને વાંછારહિત યથાવસ્થિત ભવ્યોને કહેતા.

તેમાં વ્રત-૫, શ્રમણધર્મ-૧૦, સંયમ-૧૭, વૈયાવચ્ચ-૧૦, બ્રહ્મચર્ય ગુપ્તિ-૯, જ્ઞાનાદિત્રિક-૩, તપ-૧૨, ક્રોધાદિનિગ્રહ-૪ એ ચરણ સિતરી અને પિંડવિશુદ્ધિ-૪, અમિતિ-૫, ભાવના-૧૨, પ્રતિમા-૧૨, ઈન્દ્રિય નિરોધ-૫, પ્રતિલેખના-૨૫, ગુપ્તિ-૩, અભિગ્રહો-૪ એ કરણ સીત્તરી જાણવી.

હવે સંવિજ્ઞપાક્ષિકનું સાધુના વિષયમાં કંઈક કૃત્ય —

● **ગાથા-૩૫ :-**

***સન્માર્ગમાં પ્રવર્તતા સાધુઓનું ઔષધ-ભૈષજાદિથી સમાધિ પમાડવારૂપ વાત્સલ્ય પોતે કરે અને કરાવે.***

● **વિવેચન-૩૫ :-**

પ્રધાનમાર્ગ પરંપરા પ્રવૃત્ત જગત્ત ઉત્તમ મુનિને નિર્જરા માટે અંતરંગભાવથી ઉપકાર કરણ ધારણ કરે, કઈ રીતે ? ઔષધ અને ભેષજ વડે. - x -

च શબ્દથી અનેક પ્રકારે, પોતે કરે બીજા પાસે કરાવે અને અનુમોદે, તે સંવિજ્ઞપાક્ષિક આરાધક છે.

● **ગાથા-૩૬ :-**

***ત્રિલોકવર્તી જીવોએ જેના ચરણકમળને નમસ્કાર કર્યા છે, એવા કેટલાંક હતા, છે અને હશે. જેમનો કાળ માત્ર બીજાનું હિત કરવાના એક લક્ષ્યપૂર્વક વીતે છે.***

● **વિવેચન-૩૬ :-**

અતીતકાળે હતા, હાલ છે, ભાવિકાળે હશે. કેટલાંક સંવિગ્નપાક્ષિકો, કેવા ? સ્વર્ગ-મૃત્યુ-પાતાળ લોકમાં તેનો નિવાસી પ્રાણીગણ તેમના ચરણકમળમાં નમેલ છે. તે સત્પુરુષ સંવિગ્ન પાક્ષિકો, પરહિતકરણના અદ્વિતીય બદ્ધ લક્ષ્યવાળા. - x - અથવા પરહિતકરણમાં એક બદ્ધ લક્ષ-દર્શન જેમને છે તેવા, તેમાં જ કાળ વિતાવનારા, તે સંવિગ્નપાક્ષિકો છે.

જે આવા નથી તેમનું સ્વરૂપ કહે છે —

● **ગાથા-૩૭ :-**

***ભૂત-ભાવિ અને વર્તમાનમાં કોઈ એવા આચાર્યો છે કે જેમનું નામ ગ્રહણ***



***માત્રથી પ્રાયશ્ચિત્ત લાગે.***

● **વિવેચન-૩૭ :-**

અતીતકાળે થયા, અનાગતકાળે થશે, કેટલાંક અને વર્તમાનમાં પણ છે. હે ગૌતમ ! આચાર્ય પદનામ ધારી, જેમનો પરિચય કરવો તો દૂર, તેમનું 'અમુક' એવું નામ કહેતાં પણ નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત આવે. મહાનિશીથના પાંચમાં અધ્યયનમાં કહે છે — અહીં ૫૫૫,૫૫,૫૦,૦૦,૦૦,૦૦૦ ગુણરહિત આચાર્યો થશે.

● **ગાથા-૩૮ :-**

***જેમ લોકમાં નોકર તથા વાહન શિક્ષા વિના સ્વેચ્છાચારી થાય છે, તેમ શિષ્ય પણ સ્વેચ્છાચારી થાય, માટે ગુરુએ પ્રતિપૃચ્છા અને પ્રેરણાદિ વડે શિષ્ય વર્ગને હંમેશાં શિક્ષા આપવી.***

● **વિવેચન-૩૮ :-**

सइरी - સ્વેચ્છાચારી, अणविक्खय - શિક્ષા રહિતત્વ જેમ નોકર - સેવક, વાહન — હાથી, અશ્વ, વૃષભ, મહિષાદિ લોકમાં તથા શિષ્યો, ગુરુના કાર્યમાં પ્રતિપૃચ્છા વડે, ચોયણાદિ વિના સ્વેચ્છાચારી થાય છે. તેથી - x - આચાર્યોએ શિષ્યોને અને મહત્તરા વડે સ્વશિષ્યાને સર્વકાળ શિક્ષા આપવી.

● **ગાથા-૩૯ :-**

***જે આચાર્યાદિ પ્રમાદ દોષથી કે આળસથી શિષ્ય વર્ગને પૂર્વવત્ પ્રેરણાદિ કરતાં નથી, તે આજ્ઞા વિરાધક જાણવા.***

● **વિવેચન-૩૯ :-**

જે આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદકાદિ, નિદ્રાદિથી, મત્સર કે દોષથી, સ્વશિષ્યમાં રાગાદિ પ્રમાદ દ્વેષ કે પ્રમાદદોષ સ્વરૂપ જે દોષ - કુલક્ષણત્વ, આળસ, મોહ કે અવજ્ઞાદિથી શિષ્યવૃંદને સંયમાનુષ્ઠાનમાં ન પ્રેરે, તે આચાર્ય વડે જિનાજ્ઞા વિરાધિત કે ખંડિત જાણવી.

● **ગાથા-૪૦ :-**

***હે સૌમ્ય ! એ પ્રમાણે મેં સંક્ષેપથી ગુરુનું લક્ષણ વર્ણવ્યું, હે ધીર ! હવે સંક્ષેપથી ગચ્છનું લક્ષણ કહીશ. તેને તું શ્રવણ કર.***

● **વિવેચન-૪૦ :-**

સંક્ષેપથી મારા વડે, હે સૌમ્ય ! હે શિષ્ય ! પ્રરૂપિત કર્યુ કે ગુરુના લક્ષણ શું છે ? હવે ગચ્છ — મુનિવૃંદના લક્ષણ, બુદ્ધિ વડે શોભે તે ધીર, તે સંક્ષેપથી સાંભળો.

● **ગાથા-૪૧,૪૨ :-**

***જે ગીતાર્થ સુસંવિગ્ન, આળસરહિત, દૃઢવ્રતી, અસ્ખલિત ચારિત્રવાન્, હંમેશાં રાગદ્વેષ વર્જિત, આઠમદ રહિત, ક્ષીણી કષાયી અને જિતેન્દ્રિય એવા તે છદ્મસ્થ સાથે પણ કેવળી વિચરે.***

● **વિવેચન-૪૧,૪૨ :-**

ગીત - સૂત્ર અને અર્થ, તેનું વ્યાખ્યાન, તે બંનેથી યુક્ત ગીતાર્થ, જે અતિ

સંવેગવાન્, વૈયાવૃત્યાદિમાં આળસરહિત, સુનિશ્ચલ, મહાવ્રત લક્ષણ જેને છે, તે દૃઢવ્રત, અતિચાર રહિત ચારિત્ર-૧૭ ભેદે જેને છે તે અસ્ખલિત ચારિત્ર. સતત રાગ-માયા, લોભરૂપ અને દ્વેષ-ક્રોધ, માનરૂપ. કુળ, રૂપ, બળ આદિ આઠ મદસ્થાનોને ક્ષય કરતાં, દુર્બલ કરેલ કષાય - ક્રોધાદિ ભેદયુક્ત, આત્મવશીકૃત્ શ્રોત્રાદિ પાંચે ઈન્દ્રિયોવાળા, તેવા છદ્મસ્થ સાથે કેવળજ્ઞાની વિચરે.

હવે ઉક્ત વિપરીત સાથે વિહાર ન કરે.

● ગાથા-૪૩ :-

*સંયત હોવા છતાં હે ગૌતમ ! પરમાર્થને ન જાણનાર અને દુર્ગતિપંથદાયક એવા અગીતાર્થને દૂરથી જ તજવા.*

● વિવેચન-૪૩ :-

જે મુનિઓ અભ્યસ્ત નથી, પરમાર્થ - જે કર્મબંધના સ્થાનો છે, તે કર્મ નિર્જરાના સ્થાનો છે, જે નિર્જરા સ્થાનો છે, તે જ કર્મબંધના સ્થાનો છે - x - ઈત્યાદિ પરિજ્ઞાન રૂપ જેમને નથી તે અનભ્યસ્ત પરમાર્થા. તેમને દૂરથી તજ્યા. કેમકે તે દુર્ગતિપથદાયક છે. તિર્યંચાદિ ગતિ પ્રાપક છે.

હવે ગીતાર્થોપદેશ બધે સુખાવહ થાય, તે કહે છે —

● ગાથા-૪૪,૪૫ :-

*ગીતાર્થના વચને બુદ્ધિમાન્ હળાહળ ઝેર પણ નિઃશંકપણે પી જાય, કારણ પમાડે તેવા પદાર્થ પણ ખાઈ જાય. કેમકે તે પરમાર્થથી ઝેર નથી, અમૃત રસાયણ છે. નિર્વિઘ્નકારી અને મારતું નથી, મરે તો પણ અમર થાય છે.*

● વિવેચન-૪૪,૪૫ :-

ગીતાર્થ - ગુરુપાસે સૂત્રાર્થ ભણેલ, તેમના ઉપદેશથી ઉત્કટ ઝેર પીએ છે કેવા ? સર્વથા શંકારહિત થઈ વિષગુટિકા ખાઈ જાય, મરણ પામે. તત્ત્વથી તે વિષ નથી, અમૃતરસ તુલ્ય છે. નિશ્ચે તે ઝેર વિઘ્નરહિત છે, તેથી તે વિષ પ્રાણત્યાગ કરાવતું નથી. જો કોઈ રીતે મરણ પામે તો પણ જીવતા એવા જ થાય છે. કેમકે શાશ્વત સુખનો હેતુ છે.

ગીતાર્થની આ ચતુર્ભંગી છે — (૧) સંવિગ્ન છે, પણ ગીતાર્થ નથી, (૨) સંવિગ્ન નથી, ગીતાર્થ છે. (૩) સંવિગ્ન પણ હોય અને ગીતાર્થ પણ હોય, (૪) સંવિગ્ન નથી, ગીતાર્થ પણ નથી. તેમાં પહેલાં ભંગમાં રહેલ ધર્માચાર્યને આગમ પરિજ્ઞાનનો અભાવ છે, (૨) બીજા ચારિત્ર રહિત છે. જો શુદ્ધ પ્રરૂપક હોય તો - સાધુને વાંદે, પણ વંદાવે નહીં, ત્યારે સંવિગ્ન પાક્ષિક થાય છે. (૩) સર્વ ચારિત્રજ્ઞાન યુક્ત આચાર્ય છે.

(શંકા) આવા તો ગણધરાદિ હોય, હાલ તેવા અપ્રમાદી ન મળે તો તેમનું ધર્માચાર્યત્વ કઈ રીતે ? હાલ જે સૂત્ર વર્તે છે, તે ગુરુ પરંપરાથી ગૃહીતાર્થ, વિનિશ્ચિતાર્થ છે. ઈત્યાદિ - x - ચોથા ધર્માચાર્ય જ કહેવાય. હવે વિપરીત કહે છે—

● ગાથા-૪૬,૪૭ :-

*અગીતાર્થના વચનથી અમૃત પણ ન પીવું, કેમકે અગીતાર્થે કહેલ તે*



*વાસ્તવિક અમૃત નથી. પરમાર્થથી તે અમૃત નહીં પણ હળાહળ ઝેર છે. તેનાથી અજરામર ન થાય, પણ તત્ક્ષણ નાશ પામે.*

● વિવેચન-૪૬,૪૭ :-

અગીતાર્થ - પૂર્વોક્ત ચોથો ભંગના વચનથી અમૃત પણ ન પીએ. તે કારણે અમૃત ન થાય, અગીતાર્થે ઉપદેશેલ પરમાર્થથી અમૃત નથી, હળાહળ ઝેર છે. - x - ઈત્યાદિ.

● ગાથા-૪૮ :-

*અગીતાર્થ અને કુશીલીયાના સંગને ત્રિવિધે તજી દે. કેમકે પંથમાં ચોરો જેમ વિઘ્નકારી છે, તેમ આ મોક્ષમાર્ગમાં વિઘ્નકારી છે.*

● વિવેચન-૪૮ :-

અગીતાર્થ અને કુશીલીયા, ઉપલક્ષણથી ભેદસહ પાર્શ્વસ્થ, અવસન્ન, સંસક્ત, યથાછંદનો સંસર્ગ મન, વચન, કાયાથી તજવો. તેમાં મનથી ચિંતવન, વાચાથી આલાપ-સંલાપ, કાયાથી સંમુખ ગમનાદિ, વિશેષથી તજવું. મહાનિશીથમાં કહેલ છે — લાખ વર્ષ શૂળીથી ભેદાવું, પણ અગીતાર્થ સાથે એક ક્ષણ પણ ન વસવું. નિર્વાણ પથમાં આ બધાં વિઘ્નકર છે. જેમ લોકમાર્ગમાં ચોરો છે.

● ગાથા-૪૯ :-

*દેદીપ્યમાન અગ્નિ જોઈ, તેમાં નિઃશંક પ્રવેશ કરીને પોતાને બાળી નાંખવા, પણ કુશીલીયાને આશ્રય ન કરવો.*

● વિવેચન-૪૯ :-

પ્રજ્વલિત વૈશ્વાનર, દુદ્રુ - નિર્દય અથવા જોઈને નિઃશંક તે વૈશ્વાનરમાં પ્રવેશ કરીને પોતાને બાળી નાંખવા, પણ કુશીલથી દૂર રહેવું - તેનો સંગ ન કરવો અથવા કુશીલ, ઉપલક્ષણથી અગીતાર્થનો સંગ ન કરવો. કેમકે અનંતસંસારનો હેતુ છે. મહાનિશીથમાં કહ્યું છે — સન્માર્ગે રહેલ જીવ, ઘોર વીરતપ કરે, પણ આ પાંચને ન છોડે તો બધું નિરર્થક છે — પાર્શ્વસ્થા, ઓસન્ન, યથા છંદ, કુશીલ, શબલ. આ પાંચને દૃષ્ટિથી પણ ન જોવા. હવે ગચ્છ સ્વરૂપ —

● ગાથા-૫૦ :-

*જે ગચ્છમાં ગુરુના પ્રેરિત શિષ્યો, રાગદ્વેષના પશ્ચાત્તાપ વડે ધગધગાયમાન અગ્નિ માફક સળગી ઉઠે છે, તે ગચ્છ નથી.*

● વિવેચન-૫૦ :-

પ્રજ્વલિત અગ્નિવત્ જે ગણમાં, કઈ રીતે ? ધગધગતા. સ્વ આચાર્યથી, અપિ શબ્દથી ગણાવચ્છેદક, સ્થવિરાદિ વડે પણ, ''આપને આ અયુક્ત છે.'' તેમ પ્રેરિત કરે, કોને ? સ્વ શિષ્યોને, રાગદ્વેષથી બાળે છે, કઈ રીતે ? નિરંતર ક્રોધ કરવા પડે અથવા રાગદ્વેષથી. - x - હે ગૌતમ ! તે ગચ્છ નથી.

● ગાથા-૫૧ :-

*ગચ્છ મહાપ્રભાવશાળી છે, કેમકે તેમાં રહેનારાને વિપુલ નિર્જરા થાય છે.*

*સારણ-વારણ-પ્રેરણાદિથી દોષપ્રાપ્તિ ન થાય.*

● **વિવેચન-૫૧ :-**

ગચ્છ - મુનિવૃંદરૂપ, મહાન્ પ્રભાવ જેનો છે તે મહાનુભાવ, તે ગચ્છમાં વાસ કરતાં દેશકર્મક્ષયરૂપ કે સર્વકર્મક્ષયરૂપ મોક્ષ પણ થાય છે. કેવી ? વિસ્તીર્ણા. તેમાં વસતા સારણાદિ વડે દોષાગમ ન થાય.

● **ગાથા-૫૨ થી ૫૬ :-**

*ગુરુની ઈચ્છાને અનુસરનાર, સુવિનીત, જિતપરીષહ, ધીર, અભિમાન-લોલુપતા-ગારવ-વિકથાથી રહિત... ક્ષાંત, દાંત, ગુપ્ત, મુક્ત, વૈરાગ્યમાર્ગલીન, દશવિધ સામાચારી - આવશ્યક - સંયમમાં ઉદ્યુત... ખર-કઠોર-કર્કશ, અનિષ્ટ અને દુષ્ટ વાણીથી તેમજ તિરસ્કાર અને કાઢી મૂકવા વડે પણ જેઓ દ્વેષ ન કરે... જે અપકીર્તિ ન કરે, અપયશ ન કરે, અકાર્ય ન કરે અને કંઠે પ્રાણ આવે તો પણ પ્રવચન મલિન ન કરે... કાર્ય કે અકાર્યમાં ગુરુજી જો કઠોર-કર્કશ-દુષ્ટ-નિષ્ઠુર ભાષાથી કંઈ કહે, તો શિષ્યો "તહત્તિ" કહી સ્વીકારે, તેને હે ગૌતમ! ગચ્છ જાણ.*

● **વિવેચન-૫૨ થી ૫૬ :-**

[૫૨] સ્વ આચાર્યના અભિપ્રાય મુજબ વર્તે, પણ પોતાના અભિપ્રાયથી નહીં. શોભન વિનયયુક્ત, શીતોષ્ણાદિ પરીષહોને પરાજિત કરનાર તે જિન પરીષહોને પરાજિત કરનાર તે જિન પરીષણ, આચારાંગ નિર્યુક્તિમાં કહ્યું છે —

સ્ત્રી અને સત્કાર એ બે પરીષહો ભાવ શીતલ છે. બાકીના ૨૦ પરીષહો ઉષ્ણ જાણવા. તીવ્ર પરિણામથી જે પરિષહો ઉષ્ણ થાય છે, મંદપરિણામથી તે પરિષહો શીત થાય છે.

જ્ઞાનાવરણ, વેદનીય, મોહનીય અને અંતરાયમાં ક્ષુધાપિપાસા, શીત-ઉષ્ણ આદિ બાવીશે પરિષહો અવતરે છે. જેમ દર્શનમોહમાં સમ્યક્ત્વ પરિષહ, તેના ઉદયમાં તેનો સંભવ છે. જ્ઞાનાવરણમાં પ્રજ્ઞા અને અજ્ઞાન, અંતરાયમાં અલાભ, ચારિત્ર મોહનીયમાં આક્રોશ, અરતિ આદિ સાત, વેદનીયના ઉદયમાં ભુખ, તરસાદિ અગિયાર પરિષહો થાય. બાકીના દર્શનાવરણ, નામ, આયુ, ગોત્રમાં પરિષહોનો અવતાર ન થાય.

તથા નવમા ગુણઠાણા સુધી બધાં પણ પરિષહો સંભવે છે, વળી એક સાથે વીશ પરિષહો જ વેદે. કેમકે જે સમયે શીતને વેદે છે, તે સમયે ઉષ્ણત્વને ન વેદે, જ્યારે ઉષ્ણને વેદે ત્યારે શીતને ન વેદે. જ્યારે ચર્યાને વેદે છે ત્યારે નૈષેધિકી ન વેદે, જ્યારે નૈષેધિકી વેદે, ત્યારે ચર્યા ન વેદે.

સૂક્ષ્મ સંપરાય - દશમાં ગુણઠાણે ભુખ, તરસ આદિ ચૌદ પરિષહો કહેલાં છે, તેમાં કોઈ બારને વેદે છે,કેમકે શીત-ઉષ્ણ કે ચર્યા-શય્યાનો એકત્ર સંભવ નથી. ઉપશાંતમોહ-૧૧માં ગુણસ્થાનમાં, ક્ષીણમોહ - બારમાં ગુણ સ્થાન છદ્મસ્થ-વીતરાગમાં તે જ ચૌદ સંભવે છે. - x - x -

સયોગ્ય યોગીરૂપે ૧૧-પરીષહો સંભવે છે. જેમકે — ભુખ, તરસ, શીત, ઉષ્ણ ઈત્યાદિ. - x - x -



બુદ્ધિ વડે શોભે તે ધીર-વજસ્વામીવત્. અહંકારયુક્ત નહીં - સ્કંધકવત્, આહાર-ઉપધિ-પાત્રાદિ ગૃદ્ધ નહીં - તે ધન્યમુનિવત્, ગૌરવત્રિક આસક્ત નહીં તે મથુરા-મંગુશિષ્ય સમાન, વિકથા ન કરે - હરિકેશમુનિવત્.

[૫૩] ક્ષમાયુક્ત - ગજસુકુમાલવત્, દમિતેન્દ્રિય - શાલિભદ્રાદિવત્, નવ બ્રહ્મચર્યગુપ્તિવાળા - સ્થૂલભદ્રવત્, નવ બ્રહ્મચર્યગુપ્તિવાળા - સ્થૂલભદ્રવત્, લોભરહિત - જંબૂસ્વામ્યાદિવત્, સંવેગ પથ આશ્રિત - અતિ મુક્તકુમારવત્, દશવિધ સામાચારીમાં ઉદ્યત્, આવશ્યક - અવશ્ય કર્મવ્ય અથવા ગુણોને ચોતરફથી અવશ્ય કરે છે તે આવશ્યક. - x -

[૫૪] ખર-પુરુષ-કર્કશવાણી વડે, અનિષ્ટ દુષ્ટ વાણી વડે આદિથી જે મુનિઓ દ્વેષ ન ધરે, તે ત્રણ યોગ્ય થાય. તેમાં ખર - રે મૂઢ !, રે અપંડિત આદિ વાણી - x - x - x - નિર્ભર્ત્સનમ્ - અંગુલિ આદિથી તર્જન, નિર્દ્ધાટન - વસતિ, ગણ આદિથી નિષ્કાશન, આદિ શબ્દથી તેની ચિંતા કરણાદિ અથવા પ્રવાહથી આ શબ્દો એકાર્થિક છે. - x -

[૫૫] જે ગણ મુનિઓ અકીર્તિજનક નથી. અયશજનક નથી. અવર્ણ - અશબ્દ - અશ્લાઘાજનક નથી, તેમાં અકીર્ત્તિ - સર્વ દિગ્વ્યાપી અસાધુવાદ, અયશ - નિંદનીયતા અવર્ણ એક દિગ્વ્યાપી અસાધુવાદ, અશબ્દ અર્ધદિગ્વ્યાપી અસાધુવાદ. અશ્લાઘા - તે સ્થાને જ અસાધુવાદ, અકાર્યકારી - અસત્ અનુષ્ઠાન કર્તા નહીં. પ્રવચનને માલિન્યકર્તા નહીં, - x - x - એવા તે સુંદર અંતેવાસીઓ. પ્રાણ-બલ. આવા પ્રકારના તેઓ ધન્ય છે.

[૫૬] સ્વઆચાર્ય વડે કાર્ય કે અકાર્યમાં, કાર્ય - જે કાર્ય ગુરુ જાણે અને શિષ્ય પણ જાણે તે. અકાર્ય - જે કાર્ય ગુરુ જાણે છે, પણ શિષ્ય જાણતાં નથી, અન્યથા ઉત્તમપુરુષોને બાહ્યાંતર કાર્ય વિના બોલવું સંભવતું નથી, અથવા કાર્ય - સનિમિત્ત, અકાર્ય - પ્રધાન નિમિત્ત રહિત. ખર-કર્કશાદિ વાણીથી કહેવાય, ત્યારે - "જેમ તમે કહો છો તે પ્રકારે છે" એમ શિષ્યો કહે છે, હે ગૌતમ ! તેને તું ગચ્છ જાણ સિંહગિરિ ગુરુ-શિષ્યવત્.

● **ગાથા-૫૭ :-**

*પાત્ર આદિમાં મમત્વરહિત, શરીરમાં પણ સ્પૃહા વિનાના, યાત્રા-માત્રા આહારમાં એષણના ૪૨ દોષ રહિત લેવામાં કુશળ છે.*

● **વિવેચન-૫૭ :-**

મમત્વનો દૂરથી ત્યાગ કરનાર, શેમાં ? પાત્રાદિમાં, આદિ શબ્દથી વસ્તુ, વસતિ, શ્રાદ્ધનગર-ગામ-દેશાદિમાં જે રતિ, નિસ્પૃહ-મેઘકુમારાદિ માફક ઈહારહિત, પોતાના શરીરમાં પણ. યાત્રા - સંયમ, ગુરુ, વૈયાવૃત્ય, સ્વાધ્યાયાદિ રૂપ, માત્રા - તે જ હેતુથી પુરુષ, સ્ત્રી, નપુંસકને ક્રમશઃ ૩૨, ૨૮, ૨૪ કવલ પ્રમાણ મધ્યે પરિમિત આહાર ગ્રહણ કરવો. કવલ પ્રમાણ કુકડીના ઇંડા સમાન. કુકુટી બે ભેદે - દ્રવ્યથી અને ભેદથી. દ્રવ્ય કુકુટી બે ભેદે - ઉદર કુકુટી અને ગલકુકુટી. તેમાં સાધુએ ઉદર

પ્રમાણ આહાર કરવો - x - તેમાં ૩૨ મો ભાગ અંડક, તેનું પ્રમાણ તે કવલ. ગલકુકુટી-અવિકૃત્ મુખવાળા પુરુષના ગળાના અંતરાલમાં જે કવલ ચોંટ્યા વિના પ્રવેશે છે. તે પ્રમાણ ગલકુકુટી ભાવકુકુટી - જે આહારથી ઉદર માટે ન્યૂન કે અધિક ન હોય, પણ ઉદરને ધૃતિ પમાડે, તેટલા પ્રમાણનો આહાર તે ભાવકુકુટી.

અથવા જાતાજાત આહારની પારિષ્ઠાપનિકામાં નિપુણ. તેમાં આધાકર્મી લોભથી ગ્રહણ કરીને અને વિષમિશ્ર મંત્રાદિ સંસ્કૃત દોષથી તે જાત કહેવાય છે, આચાર્ય, ગ્લાન, પ્રાઘૂર્ણકાર્થે દુર્લભદ્રવ્યમાં સહસાલાભમાં અધિક ગ્રહણ તે અજાત કહેવાય.

અથવા जात - ગુરુગ્લાનાદિ યોગ્ય આહાર મળતાં તેના રક્ષણમાં નિપુણ કે તેમાં નિસ્પૃહ. अजात - ગુરુગ્લાનાદિ યોગ્ય આહાર પ્રાપ્તના હોય તો તેના ઉત્પાદનમાં કુશલ. ૪૨-એષણા આદિમાં કુશળ. તેમાં - x - ભાવૈષણામાં ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈસણા એ ત્રણ ભેદ છે. તે પેટાભેદ સહિત જાણવા.

● **ગાથા-૫૮,૫૯ :-**

*ઉક્ત નિર્દોષ આહાર પણ રૂપ અને રસને માટે નહીં, વર્ણ કે દર્પના માટે નહીં, પણ સંયમભારના વહન અર્થે છે, જેથી અક્ષાપાંગવત્ વહન થઈ શકે... ક્ષુધા વેદના, વૈયાવચ્ચ, ઈર્યાસમિતિ માટે, સંયમાર્થે, પ્રાણધારણાર્થે, ધર્મચિંતાર્થે ખાય.*

● **વિવેચન-૫૮,૫૯ :-**

તે આહાર રૂપ-રસ અર્થે નહીં ઈત્યાદિ. તેમાં રૂપ-શરીર લાવણ્ય, રસ-ભોજન આસ્વાદ, વર્ણ-શરીરની કાંતિ, દર્પ-કામની વૃદ્ધિ, સંયમભારવહન - ચારિત્રભારના વહન માટે, જેમ ગાડાની ધરીમાં અભ્યંજન કરે તે બહુ વધારે કે બહું ઓછું ન દેવાય તેમ સાધુ ભાર વહનાર્થે આહાર કરે. તે પણ કારણે ખાય, તેથી કારણ કહે છે — -૧- ભુખની વેદનાને શમાવવાને માટે, - x - ૨-ભુખ્યો વૈયાવચ્ચ ન કરી શકે, તેથી ગ્લાનાદિની વૈયાવચ્ચ માટે, ૩-ઈર્યાસમિતિ માટે, ૪-પડીલેહણ, પ્રમાર્જના આદિ સાધુ ક્રિયાર્થે, ૫-જીવિતની રક્ષા માટે, ૬-સૂત્રાર્થ ચિંતન આદિ કારણે આહાર કરે.

● **ગાથા-૬૦ :-**

*જ્યાં મોટા-નાનાનો તફાવત જાણી શકાય, જ્યેષ્ઠ વચનનું બહુમાન હોય, એક દિવસથી પણ જે મોટો હોય, તેની હેલણા ન થાય, હે ગૌતમ! તેને ગચ્છ જાણ.*

*જે ગણમાં* ज्येष्ठ *- વ્રત પર્યાયથી મોટા,* कनिष्ठ *- દિક્ષા પર્યાયથી નાના,* च *શબ્દથી મધ્યમપર્યાયી, તેઓ પ્રગટપણે જણાય છે. કઈ રીતે? જ્યેષ્ઠવચન બહુમાનથી. જેમકે હે આર્ય! હે ભદંત! આદિ શબ્દોથી. અથવા જ્યેષ્ઠ - પર્યાય ગુણથી વૃદ્ધ, વચન - આદેશ, તેમનું સન્માન જાળવીને. એક દિવસથી પણ જે જ્યેષ્ઠ હોય, તેની વચન ઉલ્લંઘનાદિથી હીલના ન થાય. પર્યાયથી લઘુ પણ ગુણમાં વૃદ્ધ હોય, તેની પણ હેલના ન થાય, જેમ વજસ્વામી, તેને ગચ્છ જાણવો. હવે આર્યા૦ -*

● **ગાથા-૬૧,૬૨ :-**

*ભયંકર દુષ્કાળ હોય, તેવા સમયે પ્રાણનો ત્યાગ થાય તો પણ સાધ્વીનો*



*લાવેલ આહાર સહસા ન ખાય, હે ગૌતમ ! તેને ગચ્છ જાણવો. તથા જે ગચ્છમાં સાધ્વી સાથે દાંત પડી ગયેલ એવો સ્થવિર પણ આલાપ-સંલાપ ન કરે, સ્ત્રીના અંગોપાંગ ન ચિંતવે તે ગચ્છ છે.*

● **વિવેચન-૬૧,૬૨ :-**

જે ગણમાં સાધ્વીનો લાવેલ આહાર ઘોર દુષ્કાળમાં પ્રાણનો ત્યાગ થાય તો પણ સિદ્ધાંતોક્ત અવિધિ ન કરીને ન ખાય અથવા જે ગણમાં ઉત્સર્ગ માર્ગે સાધ્વીનો લાવેલ આહાર ન ખાય પણ અપવાદમાં ખાય, જેમકે - જંઘાબલ ક્ષીણ અર્ણિકાપુત્ર આચાર્ય. તે ગચ્છ છે. આ ગાથાનું વ્યાખ્યાન જિનાજ્ઞાપૂર્વક કરવું. હવે ઉત્સર્ગથી જલ્પન-પરિચયાદિ નિવારવું —

જે ગણમાં સાધ્વી સાથે च કારથી કાંતાદિ સ્ત્રી સાથે તરુણ સાધુ તો શું સ્થવિરો પણ નિષ્કારણ આલાપ-સંલાપાદિ ન કરે. - x - કેવા સ્થવિરો ? દાંત પડી ગયેલા, સરાગ દૃષ્ટિથી ન ચિંતવે શું ? સ્ત્રીના અંગોપાંગ - x - વિલોકે નહીં, કદાચ જુએ તો પણ બીજાને ન કહે —

● **ગાથા-૬૩ થી ૭૧ :-**

*અપ્રમત્તો! અગ્નિ અને વિષ સમાન સાધ્વીનો સંસર્ગ છોડી દો. સાધ્વીને અનુસરનારો સાધુ થોડાં જ કાળમાં જરૂર અપકીર્તિ પામે... વૃદ્ધ, તપસ્વી, બહુશ્રુત, પ્રમાણભૂત મુનિને પણ સાધ્વીનો સંસર્ગ લોકનિંદાનો હેતુ થાય છે... તો પછી યુવાન, અલ્પશ્રુત, થોડો તપ કરનાર એવાને સાધ્વી સંસર્ગ લોકનિંદાનો હેતુ કેમ ન થાય?... જો કે પોતે દૃઢ અંતઃકરણવાળો હોય તો પણ સંસર્ગ વધતા અગ્નિ સમીપે જેમ ઘી ઓગળી જાય તેમ મુનિનું ચિત્ત સાધ્વી સમીપે વિલીન થાય છે.*

*સર્વ સ્ત્રીવર્ગમાં હંમેશાં અપ્રમત્તપણે વિશ્વાસ રહિત વર્તે તો તે બ્રહ્મચર્ય પાળી શકે, તેથી વિપરીત વર્તે તો ન પાળી શકે... સર્વત્ર બધાં પદાર્થોમાં મમતારહિત મુનિ સ્વાધીન હોય છે, પણ તે જો સાધ્વીના પાસમાં બંધાયેલ હોય તો પરાધીન થઈ જાય છે લીંટમાં પડેલ માખી છૂટી ન શકે, તેમ સાધ્વીને અનુસરનાર સાધુ છૂટો થઈ શકતો નથી... આ જગત્‌માં અવિધિએ સાધ્વીને અનુસરતા સાધુને તેના સમાન બીજું કોઈ બંધન નથી. સાધ્વીને ધર્મમાં સ્થાપન કરનાર સાધુને એના સમાન નિર્જરા નથી.*

*વચનમાત્રથી પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલાં બહુલબ્ધિક સાધુને પણ જ્યાં વિધિપૂર્વક ગુરુથી નિગ્રહ કરાય તે ગચ્છ છે.*

● **વિવેચન-૬૩ થી ૭૧ :-**

પ્રમાદવર્જિત થઈ તમે છોડો ? કોને ? એકાંતે સાધ્વી પરિચયાદિને. કેવા ? જેમ અગ્નિ વડે બધું ભસ્મ સાત્ થાય તેમ સાધ્વી સંસર્ગે ચારિત્ર ભસ્મસાત્ થાય છે. જેમ તાલપુટ વિષ જીવોને પ્રાણનો નાશ કરનાર થાય, તેમ સાધ્વી પરિચય ચારિત્રપ્રાણનો નાશકર થાય. સાધ્વીનો કિંકર સાધુ અકીર્તિ-અસાધુવાદ કે અવર્ણવાદ

પામે, માટે જલ્દી સાધ્વીસંસર્ગ છોડ.

વૃદ્ધ, તપસ્વી, ઘણાં આગમ ભણેલો, સર્વજનમાન્ય સાધુ પણ સાધ્વીના અતિ પરિચયથી લોકમાં અપકીર્તિલક્ષણ થાય. જેમકે આ સુલક્ષણ નથી. - - - તો યુવાન, આગમના જ્ઞાન રહિત, વિકૃષ્ટ તપ ન આચરનાર એવો મુનિ નિષ્કારણ મુંડી [સાધ્વી] સાથે વિકથા પરિચયાદિકરણથી લોકાપવાદ લક્ષણને કેમ ન પામે? અર્થાત્ અપકીર્તિ જ પામે.

જો કે સ્વયં દૃઢ અધ્યવસાયી સાધુ છે, તો પણ તે મુનિ ગમનાગમનાદિ રૂપ પ્રાપ્ત અવસર - વાર્તાલાપાદિથી સાધ્વી પાસે રાગવાળો થાય છે, જેમ અગ્નિ પાસે ઘી ઓગળે તેમ સાધ્વીના અધ્યવસાનરૂપ નિશ્ચે થાય.

બધે - દિવસે, રાત્રે ગૃહના આંગણ કે માર્ગાદિમાં અનાથ-મુંડી-રંડાદિ સ્ત્રીવૃંદમાં નિદ્રા-વિકથાદિ પ્રમાદરહિત થઈ સર્વકાળ વિશ્વાસરહિત થઈ નિરતીચાર મૈથુનત્યાગરૂપ બ્રહ્મચર્ય પાળે, તેનાથી વિપરીત હોય તે ન પાળે.

સર્વે ત્યાજ્ય પદાર્થોમાં મમતાદિ રહિત સાધુ-મોક્ષ સાધક, ક્ષેત્ર-કાળ-દ્રવ્ય-ભાવાદિમાં આત્મવશ થાય, પરવશ ન થાય. જે સાધ્વીનું સેવકત્વ કરે તે પરવશ થાય છે. જેમ બળખા-લીંટમાં પડેલ માખી બહાર નીકળવા સમર્થ ન થાય, તેમ સાધ્વીના પાશમાં બદ્ધ સાધુ પોતાને મુક્ત કરીને સ્વેચ્છાથી ગ્રામાદિમાં વિચરી ન શકે.

સાધુને લોકમાં સાધ્વીતુલ્ય પાશબંધનરૂપ કોઈ વસ્તુ વિદ્યમાન નથી. અહીં અપવાદનો અપવાદ કહે છે — જે સાધ્વી સંયમભ્રષ્ટ છે, તેને ધર્મ સાથે જોડનાર સાધુ આગમવેદી અને અબંધક જાણવો. - x - અથવા શ્રુત-ચારિત્ર ધર્મથી કંઈક ભ્રષ્ટ જોઈને, તેની પાસે ગચ્છોપદેશ પરિચયાદિ કરીને શ્રુતચારિત્ર લક્ષણ ધર્મ સાથે સ્થાપે. ઉપલક્ષણથી અતિ ગહન વનમાં, પશુ કે મ્લેચ્છાદિ દુર્ગમાં, વિષમ સ્થાનમાં સર્વ શરીરથી પડતી સાધ્વીને હાથ પકડીને કે આખી ઉપાડીને ધારી રાખે, એ રીતે નષ્ટચિત્ત-દીપ્તચિત્ત-પરવશીભૂત-યક્ષાવિષ્ટ-ઉન્માદ કે ઉપસર્ગ પ્રાપ્ત સાધ્વી કે ગૃહસ્થિને ઈત્યાદિને સર્વાંગથી ધારી રાખે કે દેશથી સાહાય કરે, તો પણ તે સાધુ આગમવેદી છે અર્થાત્ આજ્ઞાને અતિક્રમતો નથી તથા અશુભકર્મબંધ કારક થતો નથી.

વળી સાધુ શિક્ષા પ્રદાનથી કે ગુણવર્ણનથી કહે છે.

ક્રિયા તો દૂર રહી, વાણી માત્રથી ભ્રષ્ટ ચારિત્રનો વિધિથી નિગ્રહ જેમાં કરાય છે, અથવા બહુલબ્ધિકનો પણ તે ગચ્છ વચન વ્યાપારથી રે કુશીલ ! રે અપંડિત ! ઈત્યાદિથી अपि શબ્દથી મન વડે, જેમકે આ સંયમગુણકારી નથી, તેથી શિક્ષા આપવી ઈત્યાદિ વિચારે, કાયા-હાથ હલાવવા, માથું ધુણાવવું આદિ જે ગણમાં શિથીલ સંયમીનો નિગ્રહ સૂત્રોક્ત પ્રકારે સ્વધર્માચાર્ય વડે કરાય છે, તે ગચ્છ છે.

અહીં લબ્ધિનું કિંચિત્ સ્વરૂપ કહે છે — આમર્ષૌષધિ, વિપ્રૌષધિ, ખેલૌષધિ, જલ્લૌષધિ, સર્વૌષધિ, સંભિન્નસ્રોત, અવધિ, ઋજુ મતિ, વિપુલમતિ લબ્ધિ. ચારણ, આશીવિષ, કેવલી, ગણધારી, પૂર્વધર, અરહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ક્ષીરમધુસર્પિસાશ્રવ, કોષ્ઠબુદ્ધિ, પદાનુસારી, બીજબુદ્ધિ, તૈજસ, આહારક, શીતલેશ્યા,



વૈકુર્વિકદેહલબ્ધિ, અક્ષીણમહાનસીક લબ્ધિ, ઈત્યાદિ લબ્ધિ કહી. જો કે સ્ત્રીઓને અરિહંતાદિ કેટલીક લબ્ધિ હોતી નથી. અભવી પુરુષોને પણ કેટલીક ન હોય.

**● ગાથા-૭૨ થી ૭૪ :-**

***જે ગચ્છમાં સંનિધિ, ઔદ્દેશિક, અભ્યાહૃત, પૂતિકર્મ આદિના નામ લેવામાં પણ ભય પામે, કલ્પ અને ત્રેપમાં સાવધાન હોય... મૃદુ, નિશ્ચળચિત્ત, હાસ્ય-મશ્કરી રહિત, વિકથામુક્ત, વણવિચાર્યું ન કરનાર, ગૌચરભૂમિ અર્થે વિચરે છે... તેવા મુનિ વિવિધ અભિગ્રહ, દુષ્કર પ્રાયશ્ચિત્ત આચરનારા હોય, દેવેન્દ્રોને પણ આશ્ચર્યકારી એવા ગચ્છને ગચ્છ જાણ.***

**● વિવેચન-૭૨ થી ૭૪ :-**

[૭૨] જે ગચ્છમાં તિલ કે તુષ માત્ર પણ આહાર-અનાહાર, બિંદુ માત્ર પણ પાનક, તેને રાત્રિના સ્થાપી રાખવું તે સંનિધિ. તેને ભોગવતા કે રાખતા પ્રાયશ્ચિત્ત, આત્મ-સંયમ વિરાધના, અનવસ્થા, આજ્ઞાભંગાદિ દોષ અને ગૃહસ્થ તુલ્યતા થાય. - x - उक्खड - ઔદ્દેશિક, તે ઓઘ અને વિભાગથી બે ભેદે છે. તેમાં પોતાના માટે અગ્નિ પ્રગટાવી, થાળી આદિમાં આરોપણાદિ વ્યાપારમાં જે કંઈ આવશે. તેના દાનાર્થે જે કરાય છે, તે ઓઘ ઔદ્દેશિક અને વિભાગૌદ્દેશિક તે - ઉદ્દિષ્ટ કૃતકર્મ તે મૂલ ત્રણ ભેદ રૂપ અને ઉદ્દેશ - સમુદ્દેશ - આદેશ-સમાદેશ એ ઉત્તરભેદથી બાર ભેદે છે - x - આહૃતાદિ - સ્વ પર ગ્રામાદિથી જલસ્થલ માર્ગે પગેથી, નાવાદિથી કે ગાડા આદિ વાહનથી સાધુને માટે ભોજન-પાન-વસ્ત્ર-પાત્રાદિ લાવવા તે અભ્યાહૃત કહેવાય.

आदि શબ્દથી પૂતિકર્મ સિવાયના આધાકર્માદિ ૧૬-ઉદ્ગમ દોષ લેવા. તે સામાન્યથી બે ભેદે - વિશોધિકોટિ અને અવિશોધિ કોટિ. તેમાં આધાકર્મ ભેદ સહિત - x - પૂતિકર્મ-આધાકર્મનો લેશ શ્લેષ, મિશ્રજાત દોષ - સાધુ અને ગૃહીનો મિશ્ર, બાદરપ્રાભૃતિકા દોષ - ગુરુનું આગમન જાણીને વિવાહાદિ લગ્નને આગળ-પાછળ કરે, અધ્યવપૂરક દોષ - સ્વગૃહ સાધુમિશ્ર, આ છને અવિશોધિ કોટિ જાણવા. - x -

ઉદ્ગમના શેષ દોષજાલ તે વિશોધિકોટિ છે. - x -

कल्प - પાત્ર, વસ્ત્ર ધોવા રૂપ, त्रेप - અપાનાદિ ધોવા રૂપ. कल्प - જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદથી ત્રણ પ્રકારે છે. કઈ રીતે ? ભાત, મંડક, જવ, અડદ, ચણા, મસુર આદિ અલેપકૃત્ આહાર એક પાત્રમાં ગ્રહણ કરવો ઈત્યાદિ જઘન્ય... શાક, પેય, કોંદ્રવ, મગદાળ આદિ અલ્પ લેપકૃત્ આહાર ગ્રહણ કરવા એક પાત્ર ત્રણ કલ્પ આદિ કલ્પપંચક તે મધ્યમ... દુધ, દહીં, તેલ, ઘી, મગનું પાણી ઈત્યાદિ બહુલેપકૃત્ આહાર ગ્રહણ કલ્પ ત્રણ આદિ સર્વત્ર કલ્પ સપ્તક તે ઉત્કૃષ્ટ. - x - x -

त्रेप - અપાનાદિ ક્ષાલન વિધિ - નિશીથ સૂત્રના ત્રીજા, ચોથા ઉદ્દેશામાં કહ્યું છે — જે ભિક્ષુ કે ભિક્ષુણી મળ-મૂત્ર પરઠવે૦ આદિ. તેની ચૂર્ણિમાં કહે છે — ત્રણ પસલીથી આચમન કરે ઈત્યાદિ - x - જો ત્રણ પસલી કરતા વધુ પાણીથી આચમન કરે તો તેને છકાય વધ અને બકુશત્વનો દોષ લાગે. કારણે અતિરિક્ત જળ લે, જેથી તે નિર્લેપ અને નિર્ગન્ધ થાય છે. કારણે મૂત્ર વડે પણ કલ્પે. બૃહત્કલ્પમાં પણ

કહેલ છે કે — નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને પરસ્પર મૂત્ર આપવું કે આચમન કરવું ન કલ્પે, પરંતુ અધિવિષવિશૂચિકા આદિ ગાઢ કારણે અને જ્વરાદિ રોગાતંકરૂપ આગાઢ કારણે કલ્પે. આવા સાધુ જ્યાં હોય તે ગચ્છ કહેવાય.

[૭૩] મૃદુક-દ્રવ્ય, ભાવ ભેદથી બે પ્રકારે છે. તેમાં દ્રવ્ય મૃદુક અર્કતૂલાદિ છે, ભાવ મૃદુક - સિદ્ધાંતને યથોક્ત કહેનાર છે જિનોક્તમાં નિઃશંકાદિ સ્વભાવવાળા, અપવાદાપવાદ આગમ શ્રવણમાં ગુરુ વડે વિદ્યામંત્રાદિ રહસ્ય કહેવા છતાં ગંભીરસ્વભાવી, ગુરુ વડે તાડિત થવા છતાં ગુરુકુલવાસમાં નિશ્ચલચિત્ત. હાસ્યસામાન્યથી હસવું, દ્રવ - બીજાનો ઉપહાસ - x - વિકથામુક્ત, ગુરુ આજ્ઞાના ભંગાદિ અન્યાયને ન કરતાં ગોચર ભૂમિમાં વિચરે અર્થાત્ જ્ઞાનાદિ પ્રયોજનથી ભમે છે અથવા ગોચરભૂમિ— અભિગ્રહનો બીજો ભેદ, તેના આઠ ભેદો, તે માટે વિચરે છે.

તે અભિગ્રહો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદે ચાર પ્રકારે છે. (૧) તેમાં લેપકૃત્ કે અલેપકૃત્ દ્રવ્યને હું લઈશ, અમુકે ભાલા વડે આપેલ હું લઈશ, તે દ્રવ્યાભિગ્રહ. (૨) ક્ષેત્રાભિગ્રહમાં આઠ ગોચરભૂમિ છે, તેમાં એક દિશામાં અભિગ્રહ લઈ ઉપાશ્રયથી નીકળે ઈત્યાદિ આઠ ભેદ આ પ્રમાણે છે —

(૧) ઋજ્વી, (૨) ગત્વાપ્રત્યાગતિકા, (૩) ગોમૂત્રિકા, (૪) પેટા, (૫) અર્ધપેટા, (૬) પતંગવીથિકા, (૭) અભ્યંતરશંબૂક, (૮) બાહ્યશંબૂક. [વ્યાખ્યા-પિંડનિર્યુક્તિથી જાણવી.]

(૩) મારે અમુક સમયે ભિક્ષાર્થે જવું, તે કાલાભિગ્રહ. (૪) ભાવાભિગ્રહ - ગાતા, રોતા ઈત્યાદિ ભાવયુક્ત પુરુષ આપે તો લેવું.

[૭૪] સાધુને વિવિધ અભિગ્રહ - દુષ્કર પ્રાયશ્ચિત્તને આચરતા જોઈને મનમાં આશ્ચર્ય ઉપજે છે કોને ? દેવેન્દ્રોને પણ, જ્યાં આવા મુનિઓ છે, તે ગચ્છ છે. તેમાં પ્રાયશ્ચિત્ત દશ ભેદે છે —

૧- આહારાદિ ગ્રહણ, ઉચ્ચાર, સ્વાધ્યાયભૂમિ, ચૈત્ય-ગુરુ વંદનાર્થે, પીઠ-ફલક પાછા આપવાને, કુલ-ગણ-સંઘાદિ તર્યાર્થે, ૧૦૦ હાથથી બહાર જાય તો આલોચના પ્રાયશ્ચિત્ત થાય. તે ગુરુની પાસે પ્રગટ કરતાં શુદ્ધિ થાય.

૨- સમિતિ, ગુપ્તિમાં પ્રમાદમાં, ગુરુ આશાતનામાં, વિનય ભંગમાં ઈચ્છાકારાદિ સામાચારી ન કરવામાં, લઘુમૃષાવાદ-અદત્તાદાન-મૂર્છામાં, અવિધિથી આવાસાદિ કરવામાં, કંદર્પ-હાસ્ય-વિકથા-કષાય-વિષય-અનુષંગાદિમાં પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત-મિથ્યાદુષ્કૃત્થી શુદ્ધ થાય.

૩- સહસા કે અનાભોગથી અથવા સંભ્રમભયાદિથી સર્વ વ્રતાતિચારમાં અને ઉત્તરગુણાતિચારોમાં કે દુશ્ચિતિંતમાં મિશ્ર પ્રાયશ્ચિત્ત, આલોચના અને મિચ્છામિદુક્કડમ્.

૪- પિંડ, ઉપધિ, શય્યાદિ અશુદ્ધ જાણે કે કાળાતિક્રાંત, ક્ષેત્રાતિક્રાંત કે સૂર્ય ઉગ્યા પહેલા કે પછી ગ્રહણ કરે આદિમાં વિવેક પ્રાયશ્ચિત્ત, તેમાં ત્યાગ કરવાથી શુદ્ધિ થાય.

૫- નાવ નદી ઉત્તરણ, સ્વપ્નાદિમાં કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.





૬- પૃથ્વી આદિના સંઘટ્ટનમાં તપ પ્રાયશ્ચિત્ત.

૭- વિકૃષ્ટ તપ કરણમાં સમર્થ હોવાથી ગર્વિત થાય - x - કે નિષ્કારણ અપવાદ રુચિ થાય, તેને છેદ પ્રાયશ્ચિત્ત. - x -

૮- આકુટ્ટીથી પંચેન્દ્રિયવધ, દર્પથી મૈથુન, ઓસન્નવિહાર ઈત્યાદિમાં મૂલ પ્રાયશ્ચિત્ત, પુનર્વ્રતારોપણ. - x -

૯- સ્વ પક્ષ કે પરપક્ષમાં નિરપેક્ષ પ્રહાર કરે કે હાથ આદિથી ઘાત કરે આદિમાં અનવસ્થાપ્ય યોગ્ય પ્રાયશ્ચિત્ત - x - (હાલ નથી)

૧૦- તીર્થંકરાદિની ઘણી આશાતના કરે, રાજા ઘાતક, રાણીને ભોગવે, સ્વપક્ષમાં કષાય-વિષય-પ્રદુષ્ટ, સ્ત્યાનર્દ્ધિ નિદ્રા પારાંચિક પ્રાયશ્ચિત્ત - આ પ્રાયશ્ચિત્ત આચાર્યને જ અપાય. (હાલ નથી)

હવે જીવરક્ષાદિ દ્વારથી ગચ્છ સ્વરૂપ —

• **ગાથા-૭૫ :-**

***પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા વિવિધ જીવોને મરણાંતે પણ મનથી પીડા ન કરાય, તેને ગચ્છ જાણવો.***

• **વિવેચન-૭૫ :-**

પૃથ્વી, અપ્, તેઉ, વાયુને વા શબ્દ તેનો ભેદસૂચક છે, તુ શબ્દ યતના સૂચક છે. વનસ્પતિ અને ત્રસોને મનમાં પણ જ્યાં મરણાંતે પણ પીડા ન પરોંચાડાય તે ગચ્છ.

તેમાં પૃથ્વીકાય ત્રણ ભેદે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. આ સચિત્ત પણ વ્યવહારથી અને નિશ્ચયથી બે ભેદે છે - x - x - તથા અપ્કાય પણ ત્રણ ભેદે - ઘનોદધિ, ઘનવલયકરકાદિ નિશ્ચય સચિત્ત, કુવા આદિનું પણ વ્યવહારથી અચિત્ત. વરસાદાદિનું પાણી મિશ્ર છે. એ રીતે અગ્નિ પણ સચિત્ત, અચિત્ત, મિશ્રના ત્રણ ભેદે છે - x - x - વાયુ પણ એ રીતે સચિત્તાદિ ત્રણ ભેદે કહેલ છે. - x - x -

અનંત વનસ્પતિકાય નિશ્ચયથી સચિત્ત છે, બાકીની વનસ્પતિ વ્યવહારથી સચિત્ત છે. મુરઝાયેલ ફળ-કુસુમ-પાંદડા મિશ્ર છે.

લોટનો કાળ - ચાળેલો ન હોય તેવો લોટ, શ્રાવણ અને ભાદરવામાં પાંચ દિન મિશ્ર, આસો અને કારતકમાં ચાર દિવસ મિશ્ર, માગસર અને પોષમાં ત્રણ દિવસ, મહા-ફાગણમાં પાંચ પ્રહર, ચૈત્ર-વૈશાખમાં ચાર પ્રહર અને જેઠ-અષાઢમાં ત્રણ પ્રહર મિશ્ર હોય. ચાળવાથી અંતર્મુહૂર્ત્ત મિશ્ર રહે.

બેઈન્દ્રિયો સર્વ જીવપ્રદેશવાળા હોય ત્યારે સચિત અને વિપરીત હોય તે અચિત્ત. બંને ભેગા હોય તે મિશ્ર. - x - x - .

• **ગાથા-૭૬ :-**

***ખજુરીપત્ર અને મુંજથી [સાવરણીથી] જે ઉપાશ્રયને સાફ કરે છે, તેને જીવોની કોઈ દયા નથી તેમ હે ગૌતમ ! તું સારી રીતે જાણ.***

• **વિવેચન-૭૬ :-**

ખર્જૂરપત્રની સાવરણી કે મુંજમય બહુકરીથી જે સાધુ, શીતાદિથી રક્ષણ માટે

જેનો આશ્રય કરાય તે ઉપાશ્રય, તેને જો પ્રમાર્જે તો મુનિને જીવોમાં દયા નથી. તે સમ્યક્ જાણ.

● ગાથા-૭૭,૭૮ :-

***ગ્રીષ્માદિમાં તૃષાથી પ્રાણ સોસાઈ જાય, મરણ આવે તો પણ બહારના સચિત્ત પાણીનું બિંદુ માત્ર પણ ગ્રહણ ન કરે વળી જેમાં અપવાદ માર્ગે પણ હંમેશા અચિત્ત-નિર્જીવ પાણી સમ્યક્ રીતે આગમ વિધિથી ઈચ્છાય તેને ગચ્છ જાણવો.***

● વિવેચન-૭૭,૭૮ :-

જે ગચ્છમાં તળાવ, કૂવા, વાવ, નદી આદિનું સચિત્ત જળ, બિંદુ માત્ર પણ ગ્રીષ્માદિ કાળમાં आदि શબ્દથી શીત અને વર્ષાકાળમાં તૃષ્ણા પરિષહથી ગળું સોસાઈ જાય, ઉચ્છ્વાસાદિ પ્રાણનો અંત આવે તો પણ સાધુ ન લે તે ગચ્છ છે.

હે ઈન્દ્રભૂતિ! જે ગણમાં સર્વકાલ વાંછા કરાય છે. શું? ઉગ્રપદની અપેક્ષાએ અપવાદ પદ વડે પણ, જેમાંથી પ્રાણ-જીવ ચાલી ગયેલ છે, તે પ્રાસુક જળની આચારાંગ-નિશીથાદિ સિદ્ધાંતોક્ત પ્રકારથી નિપુણ હોય તે પણ તે ગચ્છ છે.

● ગાથા-૭૯,૮૦ :-

***શૂળ, વિશુચિકા આદિમાંનો કોઈપણ વિચિત્ર રોગ ઉત્પન્ન થતાં જે ગચ્છમાં મુનિ અગ્નિ આદિ ન સળગાવે, તે ગચ્છ છે. પરંતુ અપવાદ પદે સારૂપિક આદિ કે શ્રાવિકાદિ પાસે યતનાથી તેમ કરાવે તો તેને ગચ્છ જાણવો.***

● વિવેચન-૭૯,૮૦ :-

જે ગણમાં શૂળ અને વિશૂચિકા કે બીજા વિચિત્ર આતંક-સધધાતિ રોગ ઉત્પન્ન થતાં અગ્નિ વડે ઉજ્જ્વાલન-પ્રજ્વલન મુનિઓ ન કરે, आदि શબ્દથી બીજા પણ દોષ ન સેવે તે ગચ્છ. અપવાદ પદે સારૂપિકાદિ અને શ્રાવકાદિ કરે, કઈ રીતે ? નિશીસથાદિ ગ્રંથોક્ત યતના કરણથી, જેમકે — સાધુને શૂલાદિ પીડા હોય તો આ મહાપીડામાં જ્યાં અગ્નિ પોતાના કાર્ય માટે સળગાવાયો હોય, ત્યાં જઈને શૂલાદિને તપાવે, અથવા ગુહ્ય તપાવવાનું હોય ત્યારે ગૃહસ્થ આગળ તાપવું શક્ય ન હોય તો ન જાય ઈત્યાદિ યતના વિશેષજ્ઞથી જાણવી.

સારૂપિક - સફેદ વસ્ત્રધારી, મુંડિત મસ્તક, કચ્છ ન બાંધે, ભાર્યારહિત, ભિક્ષા ભ્રમણ કરતાં તે સારૂપિક, તેના અભાવે ભાર્યા સહિતના શ્વેતવસ્ત્રધારી, મસ્તકમુંડિત, ચોટલીવાળા, અદંડકઅપાત્રકવાળા તે સિદ્ધપુત્ર, તેના અભાવે ચારિત્ર તજેલ, તેના અભાવે ભદ્રક અન્યતીર્થિક પાસે અગ્નિ યતનાને કરાવે. તે ગચ્છ જાણવો.

● ગાથા-૮૧,૮૨ :-

***પુષ્પ, બીજ, ત્વચા આદિ વિવિધ જીવોનો સંઘટ્ટ, પરિતાપન, જ્યાં ન કરાય તે ગચ્છ છે. હાસ્ય, ક્રિડા, કંદર્પ, નાસ્તિકવાદ જ્યાં ન કરાય, અકાળે ધોવણ, ડેવણ, લંઘણ, મમતા, અવર્ણોચ્ચારણ [જ્યાં ન કરાય તે ગચ્છ જાણવો.]***

● વિવેચન-૮૧,૮૨ :-

પુષ્પો ચાર ભેદે — જલજ, સ્થલજ. તેમાં જલજ - સહસ્રપત્રાદિ, સ્થલજ-



કોરંટાદિ, તે પ્રત્યેક બે ભેદે - વૃંત બદ્ધ અને નાલબદ્ધ. એ રીતે ચાર ભેદ. તેમાં જે નાલબદ્ધ, તે બધાં સંખ્યેય જીવક છે, જે વૃંતબદ્ધ છે, તે અસંખ્યાતજીવી છે. સ્નૂહાદિ પુષ્પો અનંતજીવરૂપ છે બીજ - ચોખા, ઘઉં, જવ આદિ, તેના બીજ અને ત્વચા. आदि શબ્દથી — તૃણ, મૂલ, પત્રાંકુર, ફળાદિ લેવા. - x -

हास्य - સામાન્યથી હસવું કે વક્રોક્તિથી હસવું. ક્રીડા-બાળકની જેમ દડા વડે આદિ રમવું અથવા અંતાક્ષરી કે પ્રહેલિકાદિ, કંદર્પભાવના, ઉપલક્ષણથી કિલ્બિષિક, આભિયોગિક, આસુરિકા મોહભાવના. તેમાં માયા વડે પરવિપ્રતારણ વચન કે અટ્ટહાસ્ય કરવું, ગુરુ આદિ સાથે નિષ્ઠુર વક્રોક્તિ આદિ રૂપ, કામકથા - કામોપદેશ પ્રશંસા કાય ચેષ્ટા - વચન ચેષ્ટા - બીજાને વિસ્મયકારી વિવિધોલ્લાપ તે કંદર્પભાવના. જે મંત્રયોગ અને ભૂતિકર્માદિકરણ તે આભિયોગિક ભાવના. જે શ્રુતજ્ઞાનાદિ, કેવલી, ધર્માચાર્ય, સંઘ, સાધુની નિંદા કરવી, તે કિલ્બિષિક ભાવના. નિરંતર ક્રોધ પ્રસર ઈત્યાદિ આસુરી ભાવના આત્મ લાઘવાર્થે શસ્ત્રગ્રહણ, વિષભક્ષણ, ભસ્મીકરણ, જલપ્રવેશન, ભૃગુપાતાદિ કરણ તે મોહભાવના.

નાસ્તિકવાદ - જેમકે જીવ નથી, પરલોક નથી, પુન્ય નથી, પાપ નથી ઈત્યાદિ, માયા વડે બીજાને છેતરવા રૂપ વચન તથા ધાવન - વક્રગતિથી ગમન - x - ડેવન-વેગ વડે અશ્વની જેમ જવું. લંઘન-વાહા આદિને લાંઘવા અથવા પરસ્પર કલહથી ક્રોધાદિથી શ્રાવક ઉપર અન્ન-પાનાદિ ફેંકવા, વસ્ત્ર-પાત્ર-ઉપાશ્રય-શ્રાવક આદિમાં મમતા કરવી, અરહંતાદિનો અવર્ણવાદ કરવો તે.

● ગાથા-૮૩,૮૪ :-

***જે ગચ્છમાં કારણે વસ્ત્રાદિના અંતરે પણ સ્ત્રીના હાથ આદિનો સ્પર્શ, દૃષ્ટિવિષ સર્પ અને બળતા અગ્નિ માફક તજી દેવાનો હોય તે ગચ્છ જાણવો. બાલિકા, વૃદ્ધા, પુત્રી, પૌત્રી, બહેન આદિના શરીરનો સ્પર્શ થોડો પણ જે ગચ્છમાં ન કરાય, તે જ ગચ્છ છે.***

● વિવેચન-૮૩,૮૪ :-

જે ગણમાં સાધ્વીના હાથનું સંઘટ્ટન, પગ આદિ સ્પર્શ, વસ્ત્રના અંતરે कारण - કંટક રોગોન્મત્તાદિ, ઉત્પન્ન થાય તો પણ દિપ્તાગ્નિવિષની માફક વર્જવામાં આવે તે ગચ્છ છે અથવા ગૃહસ્થ સ્ત્રીના હાથ-પગાદિનું સંઘટ્ટન પણ વર્જવામાં આવે.

बाल - અપ્રાપ્ત યૌવનવાળી, વૃદ્ધા-સ્થવિરા, મધ્યમા, ભત્રીજી, દોહિત્રી, બહેન, માતા, પુત્રી, પત્ની આદિનો અંગ સ્પર્શ કરાતો નથી, તે ગચ્છ કહેવાય. અહીં સ્પર્શ નિષેધ કહ્યો, તે રીતે બીજા પણ શબ્દાદિને છોડવા.

પુરુષ સ્પર્શથી પુરુષને મોહોદય થાય કે નહીં, જો થાય. તો પણ મંદ થાય, સ્ત્રી સ્પર્શવત્ ઉત્કટ ન થાય, પણ સ્ત્રી સ્પર્શથી નિયમા ઉત્કટ મોહોદય થાય છે. એ રીતે સ્ત્રીને પુરુષના સ્પર્શથી નિયમા મોહોદય થાય. એ રીતે પુરુષને ઈષ્ટ સ્ત્રી શબ્દ સાંભળતા અવશ્ય મોહોદય થાય. એ રીતે સ્ત્રી માટે સમજી લેવું. એ જ રીતે ઈષ્ટ રૂપાદિમાં જાણવું. સ્પર્શમાં દૃષ્ટાંત —

આનંદપુર નગરમાં જિનારી રાજા, વિશ્વસ્તા રાણી, તેનો પુત્ર અનંગ, બાળપણમાં ચક્ષુરોગ થયો. તે વંદનાથી નિત્ય રડતો રહેતો. કોઈ દિવસે માતાએ નગ્ન સ્થિત યથા ભાવથી જાનૂના અંતરમાં સૂવડાવ્યો. તેના બંને ગુહ્યો પરસ્પર સમસ્ફેટિત થયા, પછી મૌન રહ્યો. રાણીને ઉપાય મળી ગયો. જ્યારે જ્યારે રૂવે ત્યારે ત્યારે તે પ્રમાણે જ રાખે. મોટા થતાં તે પુત્ર તેમાં જ ગૃદ્ધ થયો. પિતાના મોત પછી તે રાજા થયો, પછી પણ માતાને ભોગવવા લાગ્યો.

તથા એક વણિક, તેની સ્ત્રી અતિ ઈષ્ટ હતી, તે વ્યાપારાર્થે ગયો. સ્ત્રી ગર્ભવતી થઈ, સમુદ્ર મધ્યે વહાણ નાશ પામ્યું. સ્ત્રી પાટીયું મેળવી અંતર્દ્વીપમાં પહોંચી, ત્યાં બાળકને જન્મ આપ્યો. તે બાળક મોટો થયો. તે સ્ત્રી તે પુત્ર સાથે જ ભોગ સંલગ્ન થઈ. ઘણાં કાળે બીજા પ્રવહણથી પોતાના નગરે આવ્યા. ઈત્યાદિ - x -

વાસુદેવના મોટા ભાઈ જરાકુમારના પુત્ર જિતશત્રુ રાજાના પુત્ર શસક અને ભશક હતા, તેની બહેન દેવાંગના તુલ્ય, યૌવન પ્રાપ્ત અને સુકુમાલિકા હતી. કાળક્રમે ત્રણેએ દીક્ષા લીધી. અતિ રૂપવતી હોવાથી સુકુમાલિકાની રક્ષાર્થે તેના બંને ભાઈઓ અલગ વસતિમાં રહ્યા. તેણીએ ભાઈ સાધુને થતી પીડા જોઈ, અનશન કર્યું, ઘણાં દિવસે ક્ષીણ થઈ મૂર્છા પામી. તેને મૃત માની એક ભાઈએ તેણીને ઉપાડી, બીજાએ તેણીના ઉપકરણ લીધાં. રસ્તામાં વાયુના સ્પર્શથી મૂર્છા જતાં તે ભાઈના સ્પર્શને પામીને કામાતુર થઈ, તો પણ મૌન રહી. તેઓએ પરઠવી દીધી. કોઈ સાર્થવાહે તેણીને પત્ની બનાવી. છેલ્લે ભાઈઓએ છોડાવીને તેણીને દીક્ષા અપાવી.

● **ગાથા-૮૫,૮૬ :-**

***સાધુ વેષધારી મુનિ જો સ્વયં સ્ત્રીના હાથનો સ્પર્શ કરે તો નિશ્ચયથી તેને મૂળગુણ ભ્રષ્ટ ગચ્છ જાણવો. અપવાદે પણ આગમમાં સ્પર્શ નિષેધ્યો છે, પરંતુ જો દિક્ષાનો અંતાદિ ઉત્પન્ન થાય તો આગમોક્ત વિધિ જાણનાર સ્પર્શ કરે, તો ગચ્છ જાણવો.***

● **વિવેચન-૮૫,૮૬ :-**

જે ગણમાં સ્ત્રીના હાથનો સ્પર્શ મુનિ, કેવા ? પૂજાદિ યોગ્ય હોવા છતાં સ્વયં પણ કરે, તે ગચ્છ નિશ્ચયથી પંચમહાવ્રત રહિત જાણવો. અહીં - x - મહાનિશીથમાં અધ્યયન-૫-માં કહેલ સાવધાચાર્યનું દૃષ્ટાંત જાણવું.

ઉત્સર્ગપદની અપેક્ષાએ અપવાદ પદથી, બૃહત્કલ્પાદિ સૂત્રમાં કહેલ સાધ્વી પદમાં શાસ્ત્રોક્ત પ્રકારથી, અનેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રકાર સૂચક અને મહાલાભના કારણરૂપ કાર્ય પ્રગટ થતાં, કેવા કાર્યમાં ? ગૃહિત દિક્ષામાં આતંકાદિમાં, आदि શબ્દથી વિષમ વિહારાદિવત્ હોય ત્યારે૦ - x -

અહીં કંઈક નિશીથચૂર્ણિના પંદરમાં ઉદ્દેશમાં કહેલ છે — *[આ આખા પાઠનો અર્થ વગેરે અમારા નિશીથસૂત્રના અનુવાદમાં જોવો]* આ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત અને નિર્જરા બંનેનું કથન છે.



● **ગાથા-૮૭ :-**

***ઘણાં ગુણોથી યુક્ત હોય, લબ્ધિસંપન્ન હોય, ઉત્તમ કુળમાં જન્મેલ હોય એવા મુનિ પણ જો મૂળગુણથી રહિત હોય તો તેને ગચ્છમાંથી કાઢી મૂકવા.***

● **વિવેચન-૮૭ :-**

વિજ્ઞાન આદિ ગુણના વૃંદથી સહિત, અનેક આહાર, વસ્ત્ર આદિ ઉત્પાદન લબ્ધિથી યુક્ત, મધુ-ક્ષીરાશ્રવાદિ લબ્ધિયુક્ત હોય, વળી ઉત્તમકુલમાં પણ — ઉગ્ર ભોગાદિ કે ચંદ્રાદિ કૂળમાં ઉત્પન્ન હોય તો પણ તે સાધુ-સાધ્વી પ્રાણાતિપાત વિરમણાદિ વિશેષથી ભ્રષ્ટ હોય તો તેને પોતાના ગણમાંથી કાઢી મૂકવો જોઈએ. તો તે ગચ્છ કહેવાય. ઉપલક્ષણથી સ્ત્યાનર્દ્ધિનિદ્રા, અતિ દુષ્ટ સ્વભાવ લક્ષણવાળાને પણ કાઢી મૂકવો જોઈએ.

● **ગાથા-૮૮,૮૯ :-**

***જે ગચ્છમાં સોનું, રૂપું, ધન, ધાન્ય, કાંસુ, તાંબુ, સ્ફટિક, શયન, આસન, સચ્છિદ્ર વસ્તુનો ઉપભોગ થતો હોય, જે ગચ્છમાં મુનિને યોગ્ય શ્વેત વસ્ત્ર છોડીને લાલ-પીળાં વસ્ત્રોનો ઉપયોગ થતો હોય, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય ?***

● **વિવેચન-૮૮,૮૯ :-**

જે ગચ્છમાં - हिरण्य - રૂપું કે અઘટિત સુવર્ણ, ઘડેલું સુવર્ણ, ધન ચાર ભેદે ગણિમ, ધરિમ, મેય અને પારિચ્છેદ્ય. અહીં પહેલાં - છેલ્લા ભેદનો અધિકાર છે. ધાન્ય-અપક્વ જવ, ઘઉં, ચોખા, મગ આદિ ૨૪ ભેદે, કાંસાના પાત્રો, તાંબાની લોટી આદિ, સ્ફટિક રત્નમય ભાજનો, ઉપલક્ષણથી કાચ-કપર્દિક-દંતાદિ બહુમૂલ્ય પાત્રો તથા નિશીથ સૂત્ર અને આચારાંગમાં પણ કહેલ છે કે — જે ભિક્ષુ કે ભિક્ષુણી લોહપાત્ર, કાંસ્યપાત્ર, તામ્રપાત્ર, ત્રપુપાત્ર, સુવર્ણ પાત્ર, રૂપ્યપાત્ર ઈત્યાદિ વજ્રપાત્ર પર્યન્તના ૧૭માંથી કોઈપણ પાત્ર કરે કે કરનારને અનુમોદે, ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે, ભોગવે કે ભોગવનારને અનુમોદે તેને પ્રાયશ્ચિત્ત. - x - એ રીતે લોહબંધન, કાંસ્યબંધન યાવત્ વજ્રબંધન કરે કે કરનારને અનુમોદે યાવત્ ભોગવે તેને પ્રાયશ્ચિત્ત.

शयन - ખાટ, પલંગ ઈત્યાદિ. आसन - મંચિકા, ચાકળો આદિ. च શબ્દથી ગુપ્ત દવરક-જીણક આદિ જાણવા. झुसिर - સચ્છિદ્ર પીઠ ફલકાદિનો परिभोग - નિરંતર વ્યાપાર. જ્યાં वारडिआ - પહેલાં છેલ્લા જિનના તીર્થની અપેક્ષાથી લાભ વસ્ત્રો કે લીલા-પીળા વિચિત્ર દેખાતા ભરતાદિ યુક્ત વસ્ત્રોનો સદા નિષ્કારણ વ્યાપાર યતિ યોગ્ય શ્વેત વસ્ત્ર તજીને કરે તે ગણમાં શું મર્યાદા રહે ? કાંસ્યાદિ ધાતુ ઘણાં અનર્થને કરનારી હોવાથી તેનો નિષેધ કરેલ છે.

● **ગાથા-૯૦ :-**

***જે ગચ્છમાં કોઈએ કારણે આપેલ બીજાનું સોનું-રૂપુ હોય તો પણ અર્ધ નિમેષમાત્ર પણ ન સ્પર્શે, તેને ગચ્છ જાણ.***

● **વિવેચન-૯૦ :-**

જે ગણમાં સોનું-રૂપુંને સાધુ પોતાના હાથેથી, બીજાના સંબંધનું હોવા છતાં

ન સ્પર્શે, કોઈ ગૃહસ્થે, કોઈપણ ભય-સ્નેહ આદિ હેતુથી આપેલ હોવ તો પણ, અર્દ્ધ નિમેષ માત્ર પણ - x - ન સ્પર્શે.

અથવા પારકું સોનું-રૂપું હાથેથી સાધુ ન સ્પર્શે, તે કારણે આપેલ હોય તો પણ. - x -

હવે **આર્યિકા દ્વારથી** ગચ્છનું સ્વરૂપ કહે છે —

● **ગાથા-૯૧ :-**

***જે ગચ્છમાં સાધ્વીએ મેળવેલ વિવિધ ઉપકરણ અને પાત્રા આદિ સાધુઓ કારણ વિના પણ ભોગવે, તે કેવો ગચ્છ ?***

● **વિવેચન-૯૧ :-**

જે ગણમાં સાધ્વી પ્રાપ્ત પાત્રા આદિ વિવિધ ઉપકરણો સાધુ વડે કારણ વિના ભોગવાય છે, હે ગૌતમ ! તે કેવો ગચ્છ ? અર્થાત્ કંઈપણ નહીં.

અહીં નિશીથથી કંઈક ઉપકરણ સ્વરૂપ વૃત્તિકાર નોંધે છે — જે ભિક્ષુ ગણન કે પ્રમાણથી વધારે ઉપધિને ધારણ કરે, કે ધારણ કરનારને અનુમોદે તેને પ્રાયશ્ચિત્ત જે જિનકલ્પિક એક કલ્પ વડે સંથરે છે, તેણે એક જ ગ્રહણ કે પરિભોગ કરવો જોઈએ. ઈત્યાદિ અભિગ્રહ વિશેષ કહ્યા. આનાથી અધિકતર વસ્ત્ર ધારણ ન કરાય. કેમકે જિનોની એવી આજ્ઞા છે કે — સ્થવિરકલ્પી બધાંએ ત્રણ વસ્ત્રો ધારણ કરવા જોઈએ. જ્યારે અપ્રાવૃત્ત સંથરે ત્યારે પણ ત્રણે કલ્પો નિયમા સાથે રાખવા, એ રીતે વસ્ત્રપ્રમાણ કહેલ છે.

જે વળી ગણચિંતક, ગણાવચ્છેદક છે, તે દુર્લભ વસ્ત્રાદિ દેશ હોય તો બમણાં કે ત્રણગણાં લે. અથવા જે અતિરિક્ત ઉપગ્રહિક કે સર્વ ગણચિંતક હોય તેને પરિગ્રહ હોય છે ઈત્યાદિ - x - [વિશેષથી અમારા નિશીથસૂત્રના અનુવાદમાં નોંધેલ છે જો કે વૃત્તિકારશ્રીએ અહીં નિશીથના દશમાં ઉદ્દેશાનો આ આખો પાઠ નોંધેલ છે.]

● **ગાથા-૯૨ :-**

***બળ અને બુદ્ધિને વધારનાર, પુષ્ટિકારક, અતિદુર્લભ, એવું પણ ભૈષજ્ય સાધ્વીએ પ્રાપ્ત કરેલું સાધુ ભોગવે, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય ?***

● **વિવેચન-૯૨ :-**

અતિદુર્લભ-દુષ્પ્રાપ્ય, તથાવિધ ચૂર્ણાદિ, ઉપલક્ષણથી ઔષધ, બલ - શરીર સામર્થ્ય, મેધા, તે બંનેની વૃદ્ધિમાં શરીરને ગુણકારી હોય તેવું સાધ્વી લાવેલ હોય અને સાધુને બંનેને વાપરે, તેવા ગચ્છમાં કોઈ મર્યાદા ન હોય.

● **ગાથા-૯૩ :-**

***જે ગચ્છમાં એકલો સાધુ એકલી સ્ત્રી સાથે રહે, તેને અમે વિશેષે કરીને મર્યાદારહિત ગચ્છ કહેલ છે.***

● **વિવેચન-૯૩ :-**

એકલો સાધુ, એકલી રંડા-કુરંડાદિ સ્ત્રી સાથે રાજમાર્ગાદિમાં રહે, તથા એકલી સાધ્વી સાથે હાસ્ય-વિકથાદિ બહુ પ્રકારે પરિચય કરાય છે, તે ગચ્છ જિનાજ્ઞારહિત



કહેલ છે. એ રીતે તે ગચ્છ નિર્મર્યાદ - સદ્ગુણ વ્યવસ્થા રહિત કહીએ છીએ.

● **ગાથા-૯૪ :-**

***દૃઢ ચારિત્રી, નિર્લોભી, આદેયા, ગુણરાશિ એવી મહત્તરા સાધ્વીને જે ગચ્છમાં એકલો સાધુ ભણાવે, તે અનાચાર છે, તે ગચ્છ છે જ નહીં.***

● **વિવેચન-૯૪ :-**

દૃઢ ચારિત્ર - પંચમહાવ્રતાદિ લક્ષણ, મુક્ત-નિસ્પૃહ, આદેવ-લોકમાં આદેય વચની, મતિગૃહ-ગુણની રાશિ, મહત્તરા-મહત્તર પદે રહેલ, બધાં સાધ્વીના સ્વામિની. - x - x - એ પ્રમાણે એકાકી સાધ્વીને એક મુનિ સૂત્ર કે અર્થ ભણાવે, તેને અનાચાર જાણવો, ગચ્છ નહીં. - x -

● **ગાથા-૯૫,૯૬ :-**

***મેઘની ગર્જના, ઘોડાના પેટમાં રહેલ વાયુ અને વિદ્યુત્‌ની જેમ દુર્ગ્રાહ્ય ગૂઢ હૃદયી આર્યાઓ અવારિત હોય, જે ગચ્છમાં સમુદ્દેશકાળમાં સાધુની માંડલી આર્યાઓ પગ મૂકે છે, તે હે ગૌતમ ! સ્ત્રી રાજ્ય છે, ગચ્છ નથી.***

● **વિવેચન-૯૫,૯૬ :-**

મેઘ ગર્જના ભાવી દુર્જ્ઞેય છે, ઈત્યાદિ ઉપમા માફક દુર્ગ્રાહ્ય હૃદયવાળી આર્યા, સ્વેચ્છા ચારિણી જે ગચ્છમાં હોય તે સ્ત્રી રાજ્ય છે, ગચ્છ નથી. જે ગચ્છમાં ભોજનકાળે સાધુની માંડલીમાં સાધ્વીઓ આવે, તે સ્ત્રી રાજ્ય છે. કેમકે અકાળે રોજ આવે તો લોકોને શંકા થાય, ભોજનવેળા સાગારિકાના અભાવથી મોકળા મને આલાપ-સંલાપ થાય, સાધુના ચોથામાં શંકા જાય, પરસ્પર પ્રીતિ થાય. બધાં સાધુ સાધ્વીને અનુવર્તે આર્યાનુંરાગરક્ત થાય, સ્વાધ્યાયાદિની હાનિ થાય, સાધ્વીનું રાજ્ય થાય, સાધુઓ દોરડાથી બાંધેલા બળદ તુલ્ય થાય. સાધુની દુર્ગતિ થાય. તેથી આવો સંસર્ગ ટાળવો જોઈએ. સાધુએ પણ સાધ્વીની માંડલીમાં એકલા જવું નહીં.

હવે સન્મુનિસદ્ગણની પ્રરૂપણાથી **સદ્ગુણ સ્વરૂપ** કહે છે —

● **ગાથા-૯૭ થી ૯૯ :-**

***સુખે બેઠેલા પંગુ માણસની જેમ જે મુનિના કષાયો બીજાના કષાયો વડે પણ ઉદ્દીપન ન થાય તેને ગચ્છ જાણવો.. ધર્મના અંતરાયથી ભય પામેલા સંસારમાં રહેવાથી ભય પામેલા મુનિઓ મુનિના ક્રોધાદિ કષાય ન ઉદીરે તે ગચ્છ જાણવો.. કારણો કે કારણ વિના મુનિને કષાયનો ઉદય થાય, તે ઉદયને રોકે અને પછી ખમાવે, હે ગૌતમ ! તેને ગચ્છ જાણવો.***

● **વિવેચન-૯૭ થી ૯૯ :-**

જે ગણમાં મુનિ તત્ત્વ સ્વરૂપને જાણે, તે મુનિના ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયો ધગધગતા હોય તો પણ બીજા — દાસ, દાસી, માતંગ, દ્વિજ, અમાત્યાદિના ઉત્કટ ક્રોધાદિ પરકષાયો વડે સમુત્થિત થવા ન ઈચ્છે. જેમકે — મેતાર્યમુનિ આદિ. કેવી રીતે? સારી રીતે બેઠેલ, એક ડગલું પણ જવા સમર્થ ન હોય તેવા પંગુની માફક.

અગાધ સંસાર સાગરમાં પડતાં જીવોને ધારી રાખે તે ધર્મ - સર્વજ્ઞોક્ત જ્ઞાન-

દર્શન-ચરણરૂપ, તેમાં અંતરાય-નિદ્રા, વિકથાદિ રૂપ, તેથી ત્રસ્ત, તથા કંપતા, શેનાથી ? ભવભ્રમણરૂપ સંસારમાં વસવાથી, અથવા ચતુર્ગત્યાત્મક ગર્ભે વસવાથી. તેઓ પ્રશાંત થઈ કુવાક્યાદિથી ઉત્થાપિત ન થાય. મુનિ-મુનિના કષાય ઉદીરે નહીં. માયામાં જેમ પાંડુ આર્યા, લોભમાં મંગુ આચાર્યાદિ.

कारण - ગુરુ ગ્લાન શૈક્ષાદિના વૈયાવૃત્યાદિ પ્રયોજનમાં સારણ-વારણાદિથી, अकारण - બાહ્ય પ્રયોજન અભાવે. આગમ તત્ત્વના જ્ઞાતા મુનિ કષાયવિપાક જાણીને ક્રોધાદિને પ્રગટ ન કરે. ઉદયમાં આવેલને પણ શેકે અને ખમાવે.

● ગાથા-૧૦૦ :-

***દાન, શીલ, તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્માન્તરાયથી ભય પામેલા ગીતાર્થ સાધુ જે ગચ્છમાં ઘણાં હોય, હે ગૌતમ ! તેને ગચ્છ કહેવો.***

● વિવેચન-૧૦૦ :-

દેવાય તે દાન-સુપાત્ર, અનુકંપાદિ. શીલ-૧૮ ભેદે અબ્રહ્મનું વર્જન. તપ-જેના વડે આઠ પ્રકારના કર્મો તપાવાય તે - રત્નાવલી, કનકાવલી, મુક્તાવલી આદિ ૩૬૦ ભેદે છે. ગણિવિદ્યા પયન્નામાં કહેલ છે - મઘા, ભરણી, ત્રણે પૂર્વામાં અભ્યંતર અને બાહ્ય તપ કરવો જોઈએ. ૩૬૦ તપોકર્મ કહેલાં છે. - x - સંસાર સ્વરૂપની અનિત્યતાનું ચિંતવન તે ભાવના. આવા સ્વરૂપના ચતુર્વિધ ધર્મના અંતરાયની ભયભીત થયેલા. એવા ઉક્ત લક્ષણા ઘણાં ગીતાર્થો - સૂત્રાર્થજ્ઞાતા હોય છે, તે ગચ્છ કહેવાય. અહીં સુપાત્રદાનમાં સુબાહુકુમારનું દૃષ્ટાંત, તપમાં સ્કંધકમુનિનું દૃષ્ટાંત, ભાવમાં ભરતનું દૃષ્ટાંત કહેવું.

ઉત્તમ ગણ સ્વરૂપ કહ્યું, હવે અધમ ગણ સ્વરૂપ કહે છે—

● ગાથા-૧૦૧,૧૦૨ :-

***જે ગચ્છમાં હે ગૌતમ ! ઘંટી આદિ પાંચ વધસ્થાનમાંથી કોઈ એક હોય, તે ગચ્છને ત્રિવિધે વોસિરાવી, અન્ય કોઈ સારા ગચ્છમાં જવું. ખાંડવા આદિ આરંભમાં પ્રવર્તેલ અને ઉજ્જવળ વેશ ધારણ કરનાર ગચ્છની સેવા ન કરવી. ચારિત્રગુણોથી ઉજ્જ્વળ હોય તેની સેવા કરવી.***

● વિવેચન-૧૦૧,૧૦૨ :-

જે ગણમાં ઘંટી, ખાંડલીયો, ચૂલો, પાણીયારુ, સાવરણી એ પાંચ એવા અનાથ, અશરણ જીવસમૂહના વધ સ્થાનો - ખટ્ટિકના ઘર જેવા છે, તેમાંના એક પણ હોય, તે અધમ મુનિ સમૂહ ગચ્છને મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવા રૂપથી તજીને બીજા પરંપરાગત ગચ્છમાં જવું.

છ જીવ મર્દનપર કે ખાંડણી આદિ અધિકરણ કરનારા સાધુ આભાસ ગણને વેષ - કલ્પ - કંબલ - ચોલપટ્ટ - રજોહરણ-મુહપત્તિ આદિ લક્ષણ વેશ અર્થાત્ સાધુ દ્રવ્યલિંગ, પરમશ્વેત વેશથી ઉજળા ગચ્છને ન સેવવો, તે લાખો દુઃખરૂપ સંસારવર્ધક છે. પણ સમિતિ - ગુપ્તિ આદિ ચારિત્ર ગુણથી ઉજ્જવળ, નિરતિચાર કે આલોચિત અતિચારવાળો ગચ્છ દ્રવ્યલિંગથી મલિન હોય તો પણ સેવવો. સંસાર ક્ષયનો હેતુ હોવાથી તેની સેવા કરવી.



● ગાથા-૧૦૩ :-

***જે ગચ્છમાં મુનિ ક્રય-વિક્રય આદિ કરે છે તે સંયમ ભ્રષ્ટ જાણવા. હે ગુણસાગર ! તેવા ગચ્છને વિષની જેમ દૂરથી તજવો.***

● વિવેચન-૧૦૩ :-

મુનિ-સાધુવેષ વિડંબક, પ્રવચનોપઘાતકારી, આત્મક્લેશકારી, મૂલ્યથી વસ્ત્રાદિ-શિષ્યાદિને સ્વીકારે, મૂલ્યથી વસ્ત્રાદિને વેચે કે અન્ય દ્વારા ક્રય-વિક્રયાદિ કરાવે કે અનુમોદે. તે સતર ભેદે સંયમથી સર્વથા યતના તત્પરતારહિત, ચારિત્રગુણ વિનાના છે. હે જ્ઞાનાદિ ગુણોના સમુદ્ર ! હે શિષ્ય ! હળાહળ વિષ જેવા, અદર્શનીય -ગચ્છને દૂરથી છોડવો. અહીં વિષથી મરણ થાય કે ન પણ થાય. પણ ગુણભ્રષ્ટ ગચ્છના સંગથી અનંત જન્મ-મરણ રૂપ અનંત સંસાર થાય.

● ગાથા-૧૦૪,૧૦૫ :-

***આરંભમાં આસક્ત, સિદ્ધાંતથી પરાંગમુખ, વિષયગૃદ્ધ, મુનિનો સંગ છોડીને સુવિહિતો મધ્યે વસવું. સન્માર્ગ પ્રતિષ્ઠિત ગચ્છને સમ્યક્ રીતે જોઈને તેમાં પક્ષ, માસ કે જાવજ્જીવ રહેવું.***

● વિવેચન-૧૦૪,૧૦૫ :-

આરંભ-સંરંભ-સમારંભમાં મન-વચન-કાયાના વ્યાપાર વડે તત્પર, અથવા જીવોપમર્દકારી પરિગ્રહાદિમાં આસક્ત, આચાર આદિ શ્રુતરત્નોથી વિપરીત મુખવાળા, તેમાં કહેલ અનુષ્ઠાન ન કરનારા, તેના જ્ઞાનથી રહિત, કામ-ભોગરૂપ વિષયમાં ગૃદ્ધ, તેમને છોડીને મન-વચન-કાયાથી શુભ અનુષ્ઠાન નિષ્પાદિત એવા સુવિહિતો મધ્યે વસવું. - - - પૂર્વોક્ત ગણનિવાસ અનંત સંસાર-ભ્રમણનું કારણ છે, તેથી સર્વ પ્રકારે કુશાગ્ર બુદ્ધિથી વિચારી સન્માર્ગમોક્ષપથ પ્રતિ ચાલવું. ગુરુ આજ્ઞાથી તેમાં રહેવું.

● ગાથા-૧૦૬,૧૦૭ :-

***જે ગચ્છમાં ક્ષુલ્લક કે શૈક્ષ કે એકલો તરુણ સાધુ રક્ષણ કરતો હોય, તેમાં મર્યાદા ક્યાંથી હોય ? જે ગચ્છમાં એક ક્ષુલ્લિકા, તરુણી સાધ્વી વસતિનું રક્ષણ કરે, તે વિહારમાં બ્રહ્મચર્યની શુદ્ધિ ક્યાંથી હોય ?***

● વિવેચન-૧૦૬,૧૦૭ :-

ક્ષુલ્લક - બાળરૂપ, શૈક્ષ-નવદીક્ષિત, રક્ષેત્ - પાલના કરે, ઉપાશ્રય - સાધુને વસવાનું સ્થાન. તરુણ-યુવા સાધુ, મર્યાદાજિન અને ગણધરની આજ્ઞા. કહે છે — એક ક્ષુલ્લક રમમાણ હોય ત્યારે બીજા ધૂર્તાદિ ઉપધિનું હરણ કરે છે. બાળકો ભોળવી જાય છે. વસતિમાં ક્યાંક આગ લાગે અને ક્ષુલ્લક વસ્ત્રાદિ લેવા પ્રવેશે, ત્યાં સર્પાદિ ડસે છે કે તે નાટક પ્રેક્ષણાદિ જોવા જાય ઈત્યાદિ બાલ દોષો છે શૈક્ષ પોતાના ઘેર કે બીજે જાય, માતા-પિતા કે સ્વજન ક્યાંક મળી જાય, તે સ્નેહથી રડે, ભાષાસમિતિ ભાંગે આદિ દોષો, તરુણો મોહોદયથી હસ્તકર્મ કરે, ચંગાદાન કે ક્રિડાદિ કરે, ચોથું વ્રત ભાંગે ઈત્યાદિ અનેક દોષ છે.

જે સાધ્વીગણમાં એક ક્ષુલ્લિકા કે તરુણી વસતિની રક્ષા કરે, ત્યાં સાધ્વીચર્યામાં

ચોથાવ્રતની કઈ નિર્મળતા રહે ? અહીં પણ દોષો છે - ઉક્ત સાધુ સૂત્રના દોષો અહીં જાણવા. વિશેષ એ કે — તેને એકલી જોઈ તરુણો આવે, હાસ્યાદિ કરે, શરીરે ચોંટે, ઉગ્રહ કરે, સ્પર્શથી તેણીને મોહોદય થાય, શીલ ભાંગે, ગર્ભ રહે, જો પાડી દે મહાદોષ થાય. ગર્ભ વધે તો પ્રવચનની ઉડ્ડાહણા થાય, ઈત્યાદિ - x - અનેક દોષો સંભવે.

● **ગાથા-૧૦૮ થી ૧૧૦ :-**

***જે ગચ્છમાં રાત્રિના એકલી સાધ્વી બે હાથ માત્ર પણ ઉપાશ્રય બહાર જાય, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય? જ્યાં એકલી સાધ્વી પોતાના બંધુમુનિ સાથે બોલે, તો હે સૌમ્ય! તે ગચ્છને ગુણહીન જાણવો.***

***જે ગચ્છમાં સાધ્વી જકાર, મકારાદિ શબ્દો ગૃહસ્થ સમક્ષ બોલે, તે સાધ્વી પોતાને પ્રત્યક્ષ સંસારમાં નાંખે છે.***

● **વિવેચન-૧૦૮ થી ૧૧૦ :-**

જે ગચ્છમાં ઉપાશ્રય બહાર એકલી સાધ્વી રાત્રિમાં બે હાથ માત્ર ભૂમિમાં જાય, તેમાં આ દોષો સંભવે - કોઈ પરદારા સેવક રાત્રિના એકલી જોઈને હરણ કરે, કે રાત્રિના ભ્રમણ કરતી તેણીમાં શંકા થાય, ચોરો પણ અપહરણ કરે, વસ્ત્રાદિ લઈ લે. ઈત્યાદિ કારણે રાત્રે બહાર ન જાય.

ઉત્સર્ગથી એકાકી સાધ્વી, પોતાના જ એકલા ભાઈમુનિ સાથે બોલે કે એકલા સાધુ પોતાની બહેન સાધ્વી સાથે બોલે તો તે ગચ્છ ગુણહીન જાણવો. કેમકે એકલા વાતચીતમાં ઘણાં દોષો સંભવે છે. કામવૃત્તિ મલિન થાય છે. પ્રીતિ આદિ વધે છે કહ્યું છે — સાધ્વીના સંદર્શનથી પ્રીતિ થાય, પ્રીતિથી રતિ થાય, તેનાથી વિશ્વાસ જન્મે, વિશ્વાસથી પ્રણય જન્મે, તેનાથી પ્રતિબંધ થાય. - - હે સાધ્વી ! જેમ જેમ તું મારો સ્નેહ સંપાદિત કરીશ તેમ-તેમ મને તારામાં સ્નેહ વધશે. ઈત્યાદિ - x - મુંડી-વેશધારી-સાધ્વીના દર્શન અને સંભાષણથી સંદીપિત મદનરૂપ અગ્નિ સાધુના બ્રહ્મચર્યાદિ ગુણરત્નોને ન ઈચ્છવા છતાં બાળી નાંખે છે.

જે ગચ્છમાં जकार० - તારી યોનિ દુષ્ટ છે, જેમાં તું ઉત્પન્ન થયો છે, જા શઠ સાથે ચોંટી જા, શું તને યક્ષ ચોંટ્યો છે તારી મા મરે, તારો બાપ મરે ઈત્યાદિ અપ્ શબ્દો બોલે. मकार તારું મોઢું ન બતાવ, તારા મોઢામાં વિષ્ઠા પડે, ઈત્યાદિ બોલે. તે જિનપ્રવચનદમની, મોટા અવાજે કુત્સિત બોલે છે. જે ગૃહસ્થો પણ સાંભળે, તે સાક્ષાત્ ભવપરંપરા કોટિ સંકુલ ચતુર્ગત્યાત્મક સંસારમાં સાધ્વી આભાસવેષા - વેષ વિડંબિકા, આત્માને પતિત કરે છે.

● **ગાથા-૧૧૧ થી ૧૧૩ :-**

***જે ગચ્છમાં સાધ્વી ગૃહસ્થ જેવી સાવદ્ય ભાષા બોલે છે. તે ગચ્છને હે ગુણસાગર! શ્રમણગુણથી રહિત જાણ.. વળી જે સાધ્વી સ્વ ઉચિત શ્વેત વસ્ત્રો ત્યજી વિવિધ રંગી વિચિત્ર વસ્ત્ર-પાત્ર સેવે છે, તેને સાધ્વી ન કહેવી... વળી જે સાધ્વી ગૃહસ્થના શીવણ-તુણન-ભરણ આદિ કરે છે, પોતાને કે પરને તેલનું ઉદ્વર્તન કરે છે.***



● **વિવેચન-૧૧૧ થી ૧૧૩ :-**

જે ગણમાં સાવદ્યરૂપ ભાષા બોલે, જેમકે — તારું ઘર બળી જાય, તારો પુત્ર યમગૃહે જાય આદિ ગૃહસ્થોને કહે. સાધ્વીને કહે — તારી દંતપંક્તિ તોડી નાંખુ, તારા પગ કાપી નાંખુ, તારા પેટમાં અગ્નિ નાંખુ, હે રાંડ ઈત્યાદિ બોલે. - x - अपि શબ્દથી સ્વભાવમાં રહીને પણ ગૃહસ્થ ભાષા વડે બોલે. જેમકે — તારું ઘર પડતું દેખાય છે, શા માટે તે સરખું નથી કરાવતા ? તારી પુત્રી મોટી થઈ ગઈ, તેને માટે વર શોધ ઈત્યાદિ ભાષા બોલે. આવો ગચ્છ શ્રમણગુણ વર્જિન જાણવો.

જે આર્યા સાધ્વી યોગ્ય વસ્ત્રનો ત્યાગ કરીને વિવિધ ભરત આદિ યુક્ત વસ્ત્રો કે આશ્ચર્યકારી રૂપો - x - બહુમૂલ્ય વસ્ત્રો, જે સાધ્વીને અયોગ્ય છે, ધારણ કરે, તે પ્રવચન ઉડ્ડાહકારી છે.

सीवन - ખંડિત વસ્ત્રાદિનું, तुणन - જિર્ણવસ્ત્રાદિનું, ભરણ-ભરત કરવું, ગૃહસ્થના ગૃહદ્વારાદિનું રક્ષણ કરવું, તેલ-ઘી-દુધ આદિ વડે અંગોપાંગનું મર્દન કરે, अपि શબ્દથી અંગ ક્ષાલન, વિવિધ મંડનાદિ કરે, સુભદ્રા આર્યાવત્. તે પાર્શ્વસ્થા - પાર્શ્વસ્થ વિહારણી, અવસન્ના-અવસન્નાવિહારી આદિ થાય છે.

● **ગાથા-૧૧૪,૧૧૫ :-**

***વિલાસયુક્ત ગતિથી ગમન કરે, રૂની તળાઈમાં અને ઓશીકાપૂર્વક શયન કરે, તેલ આદિથી શરીરનું ઉદ્વર્તન કરે, જે સ્નાનાદિથી વિભૂષા કરે, ગૃહસ્થના ઘેર જઈ કથા-વાર્તા કરે, યુવાન પુરુષોના આગમનને અભિનંદે, તે સાધ્વીને જરૂર શત્રુ જાણવી.***

● **વિવેચન-૧૧૪,૧૧૫ :-**

જે આર્યા બિબ્બોકપૂર્વક વિલાસયુક્ત ગતિથી રાજમાર્ગ આદિમાં વૈશ્યાની જેમ ભમે છે, બિબ્બોક અને વિલાસના લક્ષણ-ઈષ્ટ અર્થ પ્રાપ્ત થતાં અભિમાન-ગર્વ જન્મે, સ્ત્રીનો અનાદર કરતાં બિબ્બોક નામ જાણવું. સ્થાન, આસન ગમન કરતાં હાથ-ભ્રમર-નેત્રકર્મથી જે વિશેષ શ્લિષ્ટ ઉપજે તે વિલાસ. - x - x - x - વળી કેવી ? ઓશીકા સહિત, મસ્તકે અને પગે ઓશીકા રાખે, પિષ્ટિકાદિ વડે મર્દન કરે. પોતાના શરીરે સ્નાન, વિલેપન, પુષ્પમાળા, વીંઝણા, વસ્ત્રાદિને ધૂપન, દાંત રંગવા આદિ કરે, તેને વર્ધમાનસ્વામીએ આર્યા કહેલ નથી. પણ વેષવિડંબિની, જિનાજ્ઞા કંદલી કુઠારિકા, પ્રવચન માલિન્યકારિણી, અનાચારિણી આદિ જાણવી.

ગૃહસ્થના ઘેર જઈ ધર્માભાસકથા કે સંસાર વ્યાપાર વિષયા કથા વચન વિલાસથી વિસ્તારે છે. તેણીની સામે તરુણાદિ પુરુષો આવે છે ત્યારે આપનું આગમન ભવ્ય છે, અમારા સ્થાને રહો, ફરી પાછા પધારજો, કંઈ ચિંતા ન કરતા, અમારે યોગ્ય કાર્ય જણાવજો, ઈત્યાદિ વચનાડંબર કરે. તે સાધ્વીને ગુરુ-ગચ્છ-સંઘ-પ્રવચનની શત્રુરૂપ જાણવી.

● **ગાથા-૧૧૬ :-**

***વૃદ્ધ કે યુવાન પુરુષો પાસે રાત્રે જે સાધ્વી ધર્મ કહે છે, તે સાધ્વીને પણ***

*હે ગુણસાગર ! ગચ્છની શત્રુ જાણવી.*

● **વિવેચન-૧૧૬ :-**

વૃદ્ધ-જરાથી જીર્ણ, તરુણ-મન્મથવય પ્રાપ્ત, મધ્યમવય પ્રાપ્ત પણ, રાત્રિના ધર્મ કહે, તે મુખ્ય સાધ્વીને ગચ્છની શત્રુ જાણવી. જો મુખ્ય સાધ્વીને પણ શત્રુ કહી, તો બાકીની સાધ્વીનું શું ?

● **ગાથા-૧૧૭ :-**

*જે ગચ્છમાં સાધ્વી પરસ્પર કલહ ન કરે, ગૃહસ્થ જેવી સાવધ ભાષા ન બોલે, તે ગચ્છને શ્રેષ્ઠ ગચ્છ જાણવો.*

● **વિવેચન-૧૧૭ :-**

જે ગણમાં, સંઘાટકમાં પણ મોક્ષમાર્ગ પ્રવૃત્ત સાધ્વીને પરસ્પર ગૃહસ્થ સાથે, સ્વગણમુનિ સાથે, સ્વ સંઘાટક મુનિ સાથે, કલહ-ગાલિપ્રદાન-અવર્ણવાદાદિ ન થાય તથા પૂર્વોક્ત સાવધ રૂપ ભાષાદિ ન બોલાય, તે શ્રેષ્ઠ ગચ્છ છે.

● **ગાથા-૧૧૮ થી ૧૨૨ :-**

*જે જેટલા થયા હોય તેટલા દૈવસિક કે પાક્ષિક અતિચાર ન આલોચે, મહત્તરિકાની આજ્ઞામાં ન રહે... નિમિત્તાદિનો પ્રયોગ કરે, ગ્લાન-શૈક્ષાદિને વસ્ત્રાદિથી પ્રસન્ન કરે, અનાગાઢને આગાઢ કરે, આગાઢને અણાગાઢ કરે... અજયણાથી ગમન કરે, પ્રાહુણા સાધ્વીનું વાત્સલ્ય ન કરે, વિવિધ રંગી વસ્ત્રો વાપરે, વિચિત્ર એવા રજોહરણ વાપરે... ગતિ વિભ્રમાદિથી આકારનો વિકાર એવી રીતે પ્રગટ કરે કે જેથી યુવાનો તો શું વૃદ્ધોને પણ મોહોદય થાય.. મુખ, નયન, હાથ, પગ, કક્ષા આદિ વારંવાર ધુવે છે, વસંતાદિ રંગના સમૂહથી બાળકોની પણ શ્રોત્રાદિ ઈન્દ્રિયોને હરી લે.. આવી સાધ્વીઓ સ્વેચ્છાચારી જાણવી.*

● **વિવેચન-૧૧૮ થી ૧૨૨ :-**

જે જેમ થયા હોય તેમ ગુરુને ન કહે, દૈવસિક-પાક્ષિક - ચાતુર્માસિક - સાંવત્સરિક અતિચાર ન આલોચે, સ્વેચ્છાચારી તે સાધ્વી, મુખ્ય સાધ્વીની આજ્ઞામાં ન રહે. તે ગચ્છ મોક્ષપથ સાધક નથી, પણ માત્ર ઉદરપૂરક છે.

નિમિત્તાદિ, યંત્ર-મંત્રાદિ પ્રરૂપે. રોગી, નવદીક્ષિતાદિના ઔષધ, વસ્ત્ર, જ્ઞાનાદિની ચિંતા ન કરે. આગાઢ - અવશ્ય કર્તવ્ય, - x - અનાગાઢ - જે આગાઢ નથી તે. - x - અણાગાઢ - આચારાંગાદિ અનાગાઢ યોગાનુષ્ઠાન, આગાઢ - ભગવતી આદિ આગાઢ યોગ અનુષ્ઠાન. તે એકબીજાના સ્થાને કરે.

જીવની યતના વિના પ્રકર્ષથી મન-વચન-કાયાથી ભિક્ષા માટે અટન, ભોજન મંડિલ ઉદ્ધરણ, સ્થંડિલ ગમન, ગામેગામ પરિભ્રમણ, વસતિ પ્રમાર્જન, પ્રતિલેખનાદિ કરે છે અથવા જેને આચરણ વડે છ કાયની પરિપાલના વિદ્યમાન નથી, તે કેવળ દ્રવ્યલિંગધારીતાથી માત્ર જઠરપૂરણાર્થે આવર્જનાદિ કરે. બીજા ગામથી આવેલાં, માર્ગના શ્રમવાળા, ભુખ-તરસથી પીડાતા સાધ્વીને નિર્દોષ અન્ન-પાનાદિથી ભક્તિ ન



કરે, વિવિધ ચિત્રયુક્ત વસ્ત્ર, પાત્ર, કામળી આદિ કરે - x - હાથમાં મહેંદી, પગમાં કુંકુમાદિ, કંઠે હાર આદિ કામાંગોને સેવે. રજોહરણની બહાર અને અંદર પંચવર્ણી ગુલ્લાદિ કરે, તે અનાર્યા છે.

જે આર્યા ગમન વિલાસાદિમાં મુખ-નયનાદિ ચેષ્ટા, સ્તન-કક્ષાદિ પ્રદેશમાં હસ્તાંગુલ્યાદિ નાંખવી, એવા આકારવિકારને પ્રગટ કરે છે, જેથી સ્થવિરોને પણ કામાનુરાગ થાય, હે સૌમ્ય ! તે સાધ્વી નહીં પણ નટી જ છે.

વિના કારણ વારંવાર આંખ-હાથ-પગ-કક્ષાને ધોવે. જે આર્યા રાગના જ્ઞાતા પાસે મલ્હાર, કેદાર આદિ રાગોને શીખે, પછી તે પ્રમાણે ગાય, ક્બ્બટ્ટુ - બાળક, તેમની પણ શ્રવણેન્દ્રિયને સંતોષ પમાડે. - x - x - અથવા જેમ રાગમંડલને કાનથી ગ્રહણ કરે, તેમ બાળકોને ક્રીડાર્થે ગ્રહણ કરે છે બાળકો સાથે ક્રીડાદિ કરે. તેમને જમાડે, તેને કોઈ આર્યા કહેતા નથી.

● **ગાથા-૧૨૩ :-**

*જે ગચ્છમાં સ્થવિરા પછી તરુણી, તરુણી પછી સ્થવિરા એકૈકના અંતરે સુવે છે, તે ગચ્છને ઉત્તમ જ્ઞાન અને ચારિત્રનો આધારરૂપ જાણવો.*

● **વિવેચન-૧૨૩ :-**

જે ગચ્છમાં સ્થવિરા-વૃદ્ધા, તરુણી-યુવતી એકમેકના અંતરે નિરંતર સુવે, અન્યથા તરુણીના નિરંતર શયનમાં પરસ્પર જંઘા, હાથ, સ્તન, પગ આદિ સ્પર્શતા કામચિંતાદિ થાય છે, તેથી વૃદ્ધાને વચમાં રાખી સુવે તેને શ્રેષ્ઠ જ્ઞાન-ચારિત્રાધાર જાણ.

● **ગાથા-૧૨૪ થી ૧૨૬ :-**

*જે સાધ્વી કંઠપ્રદેશને પાણીથી ધુવે, ગૃહસ્થોના મોતી આદિ પરોવે, બાળકો માટે વસ્ત્ર આપે, ઔષધ - જડીબુટ્ટી આપે, ગૃહસ્થોની કાર્ય ચિંતા કરે. જે સાધ્વી હાથી-ઘોડા-ગધેડા આદિના સ્થાને જાય કે તેઓ તેમના સ્થાને આવે, વેશ્યા સ્ત્રીનો સંગ કરે, જેનો ઉપાશ્રય વેશ્યા ગૃહ સમીપે હોય તેને સાધ્વી ન કહેવી તથા સ્વાધ્યાય યોગથી મુક્ત, ધર્મકથામાં વિકથા કરે, ગૃહસ્થોને વિવિધ પ્રેરણા કરે, ગૃહસ્થના આસને બેસે અને ગૃહસ્થોનો પરિચય કરે. તેને હે ગૌતમ! સાધ્વી ન કહેવી.*

● **વિવેચન-૧૨૪ થી ૧૨૬ :-**

વિના કારણ પાણીથી ધોવે, ગળામાં આભરણાદિ પહેરે, ગૃહસ્થોને માટે દોરામાં મોતી આદિ પરોવે, બાળકોને વસ્ત્રખંડાદિ આપે - x - અથવા શરીરે મલ-પરસેવાદિ દૂર કરવા ભીના કપડાથી ઘસે, ગૃહસ્થના ગૃહકાર્યમાં તત્પર છે, તે આર્યા નથી, પણ કામવાળી જ છે.

ઘોડા-ગધેડાને સ્થાને જાય અથવા ઓઘનિર્યુક્તિ મુજબ અર્થ કરતા દાસ અને ધૂર્તને સ્થાને જાય - x - તે દાસ અને ધૂર્તો પણ સાધ્વીના સ્થાને આવે, તેઓ સાધ્વી સાથે પરિચય કરે છે તથા, સાધ્વીની વસતિ સમીપે વૈશ્યાદિ રહેતી હોય - x - અથવા યોગિની આદિ વેષધારિકા હોય, અથવા રજોહરણાદિ દ્રવ્યલિંગ ઉદર

પૂરણાર્થે - મુગ્ધ વંચનાદિ પ્રયોજનાર્થે વિદ્યમાન છે તે વેષાર્થી અર્થાત્ સર્વભ્રષ્ટાચારી સાધુ, તેનો સંસર્ગ થાય, તે સાધ્વી ન કહેવાય.

છકાય - પૃથ્વી આદિમાં દૂર કરેલ યતના લક્ષણ વ્યાપાર જેમાંથી તેવી સાધ્વી ધર્મકથા કે અધર્મકથા તથા વિકથાને પરસ્પર સ્ત્રી આદિ સાથે કરે છે. ગૃહસ્થોના કાર્યો કરે, ગૃહસ્થોના આસનો બેસવાને માટે મૂકે. ગૃહસ્થોની નિષધાદિને પાથરે, ગૃહસ્થ સંસ્તવ કરે. સંસ્તવ બે ભેદે - ગુણ સંસ્તવ અને સંબંધી સંસ્તવ - x - x - તેને સાધ્વી ન કહેવાય.

● **ગાથા-૧૨૭,૧૨૮ :-**

***પોતાની શિષ્યાઓ તથા પ્રાતીચ્છિકાઓને સમાન ગણનાર, પ્રેરણા કરવામાં આળસરહિત, પ્રશસ્ત પુરુષોને અનુસરનારી, એવી મહત્તરા સાધ્વી ગુણસંપન્ન જાણવી. ભીત પર્ષદાવાળી, કારણે ઉગ્ર દંડ આપનારી, સ્વાધ્યાય અને ધ્યાનમાં યુક્ત, શિષ્યાદિના સંગ્રહમાં કુશળ એવી સાધ્વી પ્રવર્તીની પદને યોગ્ય છે.***

● **વિવેચન-૧૨૭,૧૨૮ :-**

રાગ-દ્વેષ પરિણામના અભાવે તુલ્ય હોય છે. સ્વ શિષ્યા અને પ્રતીચ્છિકા - સ્વ કે પરગચ્છથી જ્ઞાન, વૈયાવચ્ચાદિને માટે આવેલા, તે બંનેમાં તુલ્ય. - x - સર્વથા આળસરહિત, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણોથી યુક્ત, ક્ષમા-વિનય-વૈયાવચ્ચાદિ ગુણયુક્તતાથી પ્રશસ્ત, પરિવારરૂપ, તેના વડે સદાયુક્ત, એવો સાધ્વી પરિવાર જેને વિદ્યમાન છે, તે મુખ્ય સાધ્વી થાય.

પરમ સંવેગરસલીન, ભયપ્રાપ્ત, પરિવાર જેણીને છે તે. અથવા પોત-પોતાની સંઘાટિકા સાથે કલહાદિ કરવામાં ભય પામેલ પર્ષદાવાળી અથવા ઈહલોકભય - સ્વગુરુગુરુગુરુના ગણ કુળ જાત્યાદિની અપકીર્તિરૂપ, પરલોક ભય - મહાવ્રતદૂષણરૂપ પરિવાર જેણીને છે તે. ઉગ્ર તીવ્રદંડ-પ્રાયશ્ચિત્તાદિ રૂપવાળા.

સ્વાધ્યાય-ધ્યાનસંયુક્ત, સ્વાધ્યાય પાંચ ભેદે - વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથારૂપ. ધ્યાન - ધર્મ, શુક્લરૂપ. અથવા ધ્યાન ચાર ભેદે - પિંડ સ્થાદિ - પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતિત. પછી વૃત્તિકારશ્રી આ ચારે ધ્યાનની વ્યાખ્યાના ચાર શ્લોક નોંધે છે. - x - x - संग्रह - શિષ્યાદિ સંગ્રહ, च કારથી નિર્દોષ વસ્ત્ર, પાત્રાદિ સંગ્રહણ, વિશારદ-કુશલા ગણિની.

● **ગાથા-૧૨૯ :-**

***જે ગચ્છમાં વૃદ્ધા સાધ્વી કોપાયમાન થઈને સાધુની સાથે ઉત્તર-પ્રત્યુત્તર વડે મોટેથી પ્રલાપ કરે છે, તેવા ગચ્છથી હે ગૌતમ ! શું પ્રયોજન છે ?***

● **વિવેચન-૧૨૯ :-**

જે ગણમાં ઉત્તર-પ્રત્યુત્તર આપે છે. તેમાં ઉત્તર-એકવાર, પ્રત્યુત્તર-વારંવાર અથવા કલહ વડે - અશુભરાગ વડે. મુખ્ય સાધ્વી કે વૃદ્ધા - જરા વડે ગ્રસ્તા. અનાચાર્યરૂપ આર્યા જાણવી. જેમાં મુખ્યા કે અન્યા સાધ્વી, મુખ્યગુરુ કે અન્ય મુનિ સાથે પ્રકર્ષથી લોકની સમક્ષ કે અસમક્ષ, જેમ-તેમ વાક્યો બોલે છે, કેવી થઈને? અતિશય કોપ-ચાંડાલત્વ



પામીને કે અલ્પરોષથી પણ, તેવા અધમગચ્છ-સાધ્વીગણથી શું પ્રયોજન છે?

● **ગાથા-૧૩૦,૧૩૧ :-**

***હે ગૌતમ ! જે ગચ્છમાં સાધ્વીઓ કારણ ઉત્પન્ન થતાં મહત્તરા સાધ્વીની પાછળ ઉભા રહીને મૃદુ શબ્દો બોલે છે. તે જ વાસ્તવિક ગચ્છ છે. વળી માતા, પુત્રી સ્નુષા કે ભગિની આદિ વચન ગુપ્તિનો ભંગ જે ગચ્છમાં સાધ્વી ન કરે તે જ સાચો ગચ્છ.***

● **વિવેચન-૧૩૦,૧૩૧ :-**

જે ગણમાં કારણ ઉત્પન્ન થતાં कारण - જ્ઞાન, દર્શન, ચારિત્રમાંનું કોઈપણ કાર્ય, આર્યા-નાના સાધ્વી, ગણિની-મુખ્ય સાધ્વી, તેમના પાછળના ભાગે રહીને બોલે છે. કઈ રીતે ? મૃદુ શબ્દોથી - અલ્પ, ઋજુ, નિર્વિકાર વાક્યોથી, સ્થવિર-ગીતાર્થાદિ સાથે. ગણિનીએ મોકલેલ હોય તો વિનયપૂર્વક વચનકથનથી બોલે.

જનની, પુત્ર કે પુત્રીની સંતાન, વધૂ કે ભગિની આદિ એવું જે ગણમાં ન કહે — કારણ વિના સ્વ-પર વર્ગમાં ન કહે કે — આ મારી માતા છે અથવા હું આની માતા છું ઈત્યાદિ, તે ગચ્છ છે.

● **ગાથા-૧૩૨,૧૩૩ :-**

***જે સાધ્વી દર્શનાચાર લગાડે, ચારિત્રના નાશ અને મિથ્યાત્વ ઉત્પન્ન કરે, બંને વર્ગના વિહારની મર્યાદાનું ઉલ્લંઘન કરે તે સાધ્વી નથી. ધર્મોપદેશ સિવાયનું વચન સંસારમૂલક હોવાથી તેવી સાધ્વી સંસાર વધારે છે. માટે હે ગૌતમ ! ધર્મોપદેશ મૂકીને બીજું વચન સાધ્વીઓએ ન બોલવું.***

● **વિવેચન-૧૩૨,૧૩૩ :-**

દર્શન-સમ્યક્ત્વના અતિચાર કરે છે. ચારિત્રનો વિનાશ અને મિથ્યાત્વનું નિષ્પાદન કરે છે. સાધુ-સાધ્વીરૂપ બંને વર્ગનો સ્વ-પરમાં આર્યા જિનોક્ત માર્ગ વિનાશ કરતી અથવા માસકલ્પાદિ વિચરણની મર્યાદાનું ઉલ્લંઘન કરતી, એકત્ર વસતા સાધ્વીના કારણ વિના દર્શન-ચરણાદિ બહુ વિનાશ હેતુપણાથી છે.

વિહાર કરતાં યતીને કદાચિત્ નાવ, સંઘટ્ટ, લેપ, લેપ ઉપર જળ હોય તો આ યતના જાણવી. [અહીં વૃત્તિકારશ્રીએ ચાર ગાથા નોંધી તેનો ભાવાર્થ કહેલો છે, તે આ રીતે —]

બે યોજન વડે જવાતા સ્થલપથ પ્રાપ્ત હોવ તો નાવ વડે ન જાય. જો સ્થલપથમાં શરીરોપધાતાદિ, ચોર, સીંહ, વ્યાલ આદિ હોય તો અથવા સ્થલપથમાં ભિક્ષા પ્રાપ્ત ન થાય કે વસતિ પ્રાપ્ત ન થાય, તો અઢી યોજન સંઘટ્ટનથી જાય, નાવથી નહીં. જો સંઘટ્ટ ન હોય અથવા તે દોષયુક્ત હોય તો યોજન લેપથી જવું પણ નાવ વડે ન જવું. જો લેપ પણ ન હોય કે પૂર્વોક્ત દોષયુક્ત હોય તો અર્ધયોજન લેપોપરી વડે જવું, નાવથી નહીં, જો તે પણ ન હોય કે દોષયુક્ત હોય તો નાવ વડે જવું. એ રીતે બે યોજનની હાનીથી નાવ માર્ગ પ્રાપ્ત થાય.

અઢી યોજન સ્થળમાર્ગથી જાય, લેપોપરીથી નહીં. સ્થલ પથ ન હોય કે

દોષયુક્ત હોય તો એક યોજન સંઘટ્ટથી જાય, પણ લેપોપરીથી નહીં. તે પણ ન હોય કે દોષયુક્ત હોય તો અર્ધયોજન. લેપથી જાય, લેપોપરીથી નહીં.

એક યોજન સ્થલપથથી જાય, લેપથી નહીં. જો તે ન હોય અથવા દોષયુક્ત હોય તો અર્ધયોજન સંઘટ્ટથી જાય, લેપથી નહીં.

અર્ધયોજન સ્થલપથથી જાય, સંઘટ્ટથી નહીં. - x -

૦ પૂર્વોક્ત જિનાજ્ઞાખંડનમૂલ સંસારને અર્જિત કરે. સાધ્વી, अपि શબ્દથી મુનિ પણ નિશ્ચિત જિનાજ્ઞાખંડનમાં અને વિરુદ્ધ પ્રરૂપણામાં અનંત ભવભ્રમણ પામે. તેથી ધર્મોપદેશ - સ્વર્ગ, મોક્ષના સૌખ્યપ્રદને છોડીને આપ્તવાક્ય વિસંવાદી ન પ્રરૂપે.

● ગાથા-૧૩૪

***એકૈક મહિને એક જ કણથી જે સાધ્વી તપનું પારણું કરતાં હોય, તેવા સાધ્વી પણ જો ગૃહસ્થની સાવધ ભાષાથી કલહ કરે તો તેનું તે સર્વ અનુષ્ઠાન નિરર્થક છે.***

● વિવેચન-૧૩૪ :-

માસક્ષમણ - માસક્ષમણ કરીને, બે-ત્રણ માસક્ષપણાદિ કરીને પણ જે આર્યા એક રૂક્ષ કૂરાદિ રૂપથી પારણું કરે છે. એવા પ્રકારના સાધ્વી જો કલહ સ્વ-પર વર્ગ સમક્ષ કરે છે, કોની સાથે ? ગૃહસ્થો સાથે, અનાર્ય રૂપ ભાષા - મર્મોદ્‌ઘાટન, શાપ આપવો, મકાર-ચકારાદિ ગાળો દેવી, તેવી ગૃહસ્થ ભાષા વડે, તેણીના બધાં તપ-કષ્ટ આદિ સર્વથા નિષ્ફળ છે.

(શંકા) સાધ્વી કલહ કરે અને સાધુ ન કરે ?

(સમાધાન) પ્રવાહથી થોડા કાર્યમાં પણ સ્ત્રીઓ કુતરી માફક કલહ ઉત્પન્ન કરે છે, તે રીતે સાધુ ન કરે, માટે સાધ્વી કહ્યું.

હવે આમાંથી કઈ રીતે ઉદ્ધરિત થાય, તે કહે છે –

● ગાથા-૧૩૫ થી ૧૩૭ :-

***મહાનિશીથ કલ્પ અને વ્યવહારભાષ્યમાંથી સાધુ-સાધ્વીને માટે આ ગચ્છાચાર પ્રકરણ ઉદ્ધૃત છે. પ્રધાન શ્રુતના રહસ્ય ભૂત એવું આ અતિ ઉત્તમ ગચ્છાચાર પ્રકરણ અસ્વાધ્યાય કાળ વર્જીને સાધુ-સાધ્વીઓએ ભણવું. આ ગચ્છાચાર સાધુ-સાધ્વીઓએ ગુરુમુખે વિધિપૂર્વક સાંભળીને કે ભણીને આત્મહિત ઈચ્છનારાએ જેમ અહીં કહ્યું છે, તેમ કરવું.***

● વિવેચન-૧૩૫ થી ૧૩૭ :-

મહાનિશીથથી - પ્રવચન પરમતત્ત્વ સમાન, બૃહત્‌કલ્પ, વ્યવહારથી - પરમ નિપુણથી, તે પ્રમાણે નિશીથાદિથી, સાધુ-સાધ્વીના હિતને માટે, ગચ્છ આચાર પ્રતિપાદક પ્રકીર્ણક સિદ્ધાંતરૂપ ઉત્સર્ગ અપવાદ નિરૂપણથી બદ્ધ છે.

હવે શિષ્ય પૂછે છે - પ્રકીર્ણકોની ઉત્પત્તિ શું ગણધરથી છે? ગણધરશિષ્યથી છે? પ્રત્યેકબુદ્ધથી છે? તીર્થંકરના મુનિથી છે? તે પ્રત્યેકબુદ્ધથી કે તીર્થંકરના વિશિષ્ટમુનિથી છે. જેમકે નંદિસૂત્રમાં કહેલ છે કે – તે અંગબાહ્ય શું છે? તે બે ભેદે –





આવશ્યક, આવશ્યક વ્યતિરિક્ત. તે આવશ્યક શું છે ? તે છ ભેદે છે – સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.

આવશ્યક વ્યતિરિક્ત શું છે ? તે બે ભેદે - કાલિક, ઉત્કાલિક. તે ઉત્કાલિક સૂત્ર શું છે ? અનેક ભેદે છે – દશવૈકાલિક, કલ્પિતાકલ્પિત, લઘુકલ્પસૂત્ર, મહાકલ્પસૂત્ર ઈત્યાદિ ૨૯ નામો પ્રસિદ્ધ છે. તે આ ઉત્કાલિક સૂત્ર કહ્યું.

તે કાલિકસૂત્ર શું છે? તે અનેકવિધ કહેલ છે. તે આ પ્રમાણે – ઉત્તરાધ્યયન, દશા-કલ્પ-વ્યવહાર, નિશીથ, મહાનિશીથ, ઋષિભાષિત૦ ઈત્યાદિ ૩૧-નામો અહીં નોંધ્યા છે.

એ પ્રમાણે ૮૪,૦૦૦ પ્રકીર્ણકો આદિ તીર્થંકર અરહંત ભગવંત ઋષભ સ્વામીના છે. સંખ્યાત હજાર પ્રકીર્ણકો મધ્યમ જિનવરોના છે, ૧૪,૦૦૦ પ્રકીર્ણકો ભગવંત વર્દ્ધમાન સ્વામીના છે.

અથવા જેને જેટલાં શિષ્યો ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી એ ચતુર્વિધા બુદ્ધિથી યુક્તને તેટલાં હજાર પ્રકીર્ણકો થાય, પ્રત્યેકબુદ્ધોને પણ તેટલાં જ છે. - x -

एवमादि - કેટલાં નામોનું ગ્રહણ કરવું શક્ય છે? ભગવંત ઋષભસ્વામીના તીર્થમાં કરાયેલા-૮૪,૦૦૦. મધ્યના અજિતાદિ જિનના સંખ્યાત હજાર પ્રકીર્ણકો, જેના જેટલા હોય - તેના તેટલાં પ્રથમાનુયોગથી જાણવા. વર્દ્ધમાનસ્વામીના તીર્થમાં ૧૪,૦૦૦ છે.

અહીં ભાવના આ પ્રમાણે છે – ભગવંત ઋષભદેવના ૮૪,૦૦૦ શ્રમણો હતા. તેથી પ્રકીર્ણકરૂપ અધ્યયનો કાલિક - ઉત્કાલિક ભેદ ભિન્ન સર્વ સંખ્યાથી ૮૪,૦૦૦ થાય. જે ભગવંતના ઉપદેશને અનુસરીને ભગવંતના શ્રમણો વિરચે છે, તે બધાં પ્રકીર્ણકો કહેવાય છે અથવા શ્રુતને અનુસરતા જે વચનકૌશલ્યથી ધર્મદેશના આદિમાં ગ્રંથપદ્ધતિ રૂપે કહે છે, તે બધાં પ્રકીર્ણક.

એ રીતે મધ્યમ તીર્થંકરોના સંખ્યાત હજાર પ્રકીર્ણકો છે.

વર્દ્ધમાન સ્વામીના ૧૪,૦૦૦ શ્રમણો છે, તેથી પ્રકીર્ણકો પણ ૧૪,૦૦૦ થાય છે. અહીં એક આચાર્ય બે મત પ્રજ્ઞાપે છે. અહીં ૮૪,૦૦૦ આદિ ઋષભાદિ. તીર્થંકરના શ્રમણ પરિમાણને પ્રધાનસૂત્ર વિરચન સમર્થ શ્રમણોને આશ્રીને જાણવું. બીજા વળી સામાન્ય શ્રમણો પણ ઘણાં તે-તે ઋષભાદિ કાળે હતા.

વળી બીજા કહે છે કે – ઋષભાદિ તીર્થંકરના જીવતા જ આ ૮૪,૦૦૦ આદિ શ્રમણ પરિમાણ, પ્રવાહથી તો એકૈક તીર્થમાં ઘણાં શ્રમણો જાણવા. ઈત્યાદિ - x -

આ જ મતાંતર દર્શાવતા કહે છે – બીજા પ્રકારે ઋષભાદિ તીર્થંકરના જેટલાં શિષ્યો તીર્થમાં ઔત્પાતિકી આદિ ચારે બુદ્ધિવાળા છે, તે ઋષભાદિના તેટલાં પ્રકીર્ણકો થયા. પ્રત્યેકબુદ્ધ પણ તેમાં જ છે.

અહીં એક કહે છે – એકૈક તીર્થંકરના તીર્થમાં અપરિમાણ પ્રકીર્ણકો થાય છે. કેમકે પ્રકીર્ણકકારી અપરિમાણત્વથી છે. અહીં કેવળ પ્રત્યેકબુદ્ધ રચિત પ્રકીર્ણકો જે કહેવા. કેમકે પ્રકીર્ણકના પરિમાણથી પ્રત્યેકબુદ્ધનું પરિમાણ પ્રતિપાદન કરેલ છે. પણ આ

પ્રત્યેક બુદ્ધોનો શિષ્યભાવ વિરુદ્ધ છે. તેથી આ અસમ્યક્ છે. પણ જો તીર્થંકરોપદિષ્ટ શાસનના સ્વીકારથી જ શિષ્યભાવ માનીએ, તો તેમાં કોઈ દોષ નથી. - x - x - x -

૦ વ્યક્ત વાંચાથી સૂત્રથી અને અર્થથી કંઠસ્થ કરે છે. સાધુ-મોક્ષ સાધન તત્પર મુનિઓ. ઉપલક્ષણથી સાધ્વી.

જો સાધુ-સાધ્વી જ ભણે તો શું શ્રાવકાદિ સિદ્ધાંત ન ભણે ? ન જ ભણે. નિશીસથસૂત્રમાં ૧૯માં ઉદ્દેશાના અંતે કહેલ છે કે – જે સાધુ કે સાધ્વી કે અન્યતીર્થિક કે ગૃહસ્થને વાચના દે કે વાચના દેનારને અનુમોદે.

આ સૂત્રની ચૂર્ણિ – ગૃહસ્થ અને અન્યતીર્થિકને વાચના ન આપવી. અહીં દશમાં ઉદ્દેશામાં અર્થ છે – અન્યતીર્થિકને કે ગૃહસ્થને વાચના આપે, અન્યતીર્થિક - અન્યતીર્થિણી કે ગૃહસ્થ, ગૃહસ્થસ્ત્રીને કારણે વાચના આપે - પ્રવ્રજ્યામાં ગાથા છે –

ગૃહસ્થ, અન્ય પાખંડિક, પ્રવ્રજ્યાભિમુખ શ્રાવકને છજીવ અધ્યયન યાવત્ સૂત્રથી - અર્થથી યાવત્ પિન્ડૈષણા. આ ગૃહસ્થ આદિ માટેનો અપવાદ સમજવો.

આ ગચ્છાચાર૦ અસ્વાધ્યાય - અપઠન પ્રસ્તાવ, સ્થાન-અંગસૂત્રમાં કહેલ છે, તેને વર્જીને - - -

સ્થાનાંગમાં કહેલ અસ્વાધ્યાય આ પ્રમાણે છે - અંતરિક્ષ અસ્વાધ્યાય દશ ભેદે કહેલો છે, તે આ પ્રમાણે – ઉલ્કાપાત, દિશા દાહ, ગર્જિત, વિદ્યુત્, નિર્ઘાત, યૂપક, યક્ષાલિપ્તક, ધૂમિત, મહિત, રજોદ્ઘાત, આ સૂત્ર છે. તેની આ વૃત્તિ છે –

અંતરિક્ષ - આકાશમાં સંભવતો, અવાચનાદિ - દિગ્ભાગમાં મહાનગરના પ્રદીપનક સમાન જે ઉદ્યોત્, ભૂમિમાં અપ્રતિષ્ઠિત પણ ગગનતલવર્તી તે દિગ્દાહ. નિર્ઘાત - વાદળા સહિત કે રહિત આકાશમાં વ્યંતરે કરેલ મહાગર્જિત ધ્વનિ. જેમાં સંધ્યાપ્રભા અને ચંદ્રપ્રભા સાથે હોય, તેને યૂપક કહે છે. તેનો અર્થ છે – સૂર્યપ્રભા અને ચંદ્રપ્રભાનો મિશ્રત્વ ભાવ. તેમાં ચંદ્રપ્રભાથી આવૃત્ત સંધ્યા ચાલી જાય છે.

શ્રુત-મહાનિશીથ, કલ્પ આદિના સિદ્ધાંતના સારભૂત કે બિંદુભૂત, અતિશયથી ઉત્તમ, પ્રધાનતમ કેમકે તેમાં કહેલ ક્રિયા કરવાથી મોક્ષગમનનો હેતુ થાય છે.

આ ગચ્છાચાર - સત્સાધુગણ મર્યાદારૂપ છે. તેને સદ્ગુરુ પાસેથી અર્થથી સાંભળીને, મોક્ષમાર્ગ સાધક સાધુ પાસે યોગોદ્વહન વિધિથી સૂત્રને ગ્રહણ કરીને સાધુ - મુમુક્ષુઓ, ભિક્ષુણી - વ્રતિનીને નિષ્પાદિત કરવું જોઈએ. જે જેમ અહીં કહેલ છે, તે તેમ વાંછા કરતા આત્માને [પોતાને] પથ્ય-હિતકારી થાય છે.

**ગચ્છાચાર પ્રકીર્ણક સૂત્ર-૭/૧, આગમ-૩૦/૧નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



# ૩૦/૨ ચંદ્રવેધ્યક-પ્રકીર્ણકસૂત્ર-૭/૨

## – મૂળ સૂત્રનો અનુવાદ –

*૦ આ પ્રકીર્ણક સૂત્રની કોઈ વૃત્તિ કે અવચૂરી આદિ હોય તેવું અમારી જાણમાં નથી, તેથી માત્ર મૂળ સૂત્રોનો અનુવાદ કર્યો છે.*

*૦ સૂત્ર અને વિવેચન એવા વિભાગ ન હોવાથી અહીં અમે અમારી સ્ટાઈલ મુજબ સૂત્ર/ગાથા-૧, ... સૂત્ર/ગાથા-૨,... એવું લખેલ નથી. બધાં જ સૂત્રો [ગાથા] હોવાથી માત્ર ક્રમ જ આપેલ છે. જેમકે [૧], [૨], - - - વગેરે.*

*૦ ગચ્છાચારમાં અમોએ ૩૦/૧ અને પ્રકીર્ણક સૂત્ર-૭/૧ લખેલું અહીં આ સૂત્રમાં ૩૦/૨, પ્રકીર્ણક સૂત્ર-૭/૨ લખ્યું છે, કેમકે આ બંને પ્રકીર્ણકોને એકબીજાના વિકલ્પે સ્વીકારેલ છે.*

**[કુલ-૧૭૫-ગાથાઓનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–]**

[૧] લોક પુરુષના મસ્તક [સિદ્ધશિલા] ઉપર સદા તે બિરાજમાન વિકસિત-પૂર્ણ, શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શન ગુણના ધારક એવા શ્રી સિદ્ધ ભગવંતો અને લોકમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

[૨] આ પ્રકરણ મોક્ષમાર્ગના દર્શક શાસ્ત્રો-જિનાગમોના સારભૂત અને મહાન્ ગંભીર અર્થવાળું છે.

તેના ચાર પ્રકારની વિકથાઓથી રહિત એકાગ્ર ચિત્ત વડે સાંભળો અને સાંભળીને તદનુસાર આચરણ કરવામાં લેશ પણ પ્રમાદ ન કરો.

[૩] વિનય, આચાર્યના ગુણો, શિષ્યના ગુણો, વિનય-નિગ્રહના ગુણો, જ્ઞાનગુણ, ચારિત્રગુણ અને મરણગુણને કહીશ.

[૪] જેમની પાસે વિદ્યા-શિક્ષા મેળવે છે, તે આચાર્યગુરૂનો જે મનુષ્ય પરાભવ-તિરસ્કાર કરે છે, તેની વિદ્યા ગમે તેટલા કષ્ટે પ્રાપ્ત કરી હોય તો પણ નિષ્ફળ થાય છે.

[૫] કર્મોની પ્રબળતાને લઈને જે જીવ ગુરૂનો પરાભવ કરે છે, તે અક્કડ-અભિમાની અને વિનયહીન જીવ જગત્માં ક્યાંય યશ કે કીર્તિ પામી શકતો નથી. પરંતુ સર્વત્ર પરાભવ જ પામે છે.

[૬] ગુરુજનોએ ઉપદેશેલી વિદ્યાને જે મનુષ્ય વિનયપૂર્વક ગ્રહણ કરે છે, તે સર્વત્ર વિશ્વાસ અને યશ-કીર્તિ પામે છે.

[૭] અવિનીત શિષ્યની શ્રમપૂર્વક શીખેલી પણ વિદ્યા ગુરુજનોના પરાભવ કરવાની બુદ્ધિના દોષથી અવશ્ય નાશ પામે છે, કદાચ સર્વથા નાશ ન પામે તો પણ પોતાના વાસ્તવિક લાભ-ફળને આપનારી બનતી નથી.

[૮.૯] વિદ્યા વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે, સાચવવા યોગ્ય છે, દુર્વિનીત-

અપાત્રને આપવા યોગ્ય નથી.

કેમકે દુર્વિનીત વિદ્યા અને વિદ્યાદાતા ગુરુ તે બંનેનો પરાભવ કરે છે.

વિદ્યાનો પરાભવ કરતો અને વિદ્યાદાતા આચાર્યના ગુણોને પ્રગટ ન કરતો પ્રબળ મિથ્યાત્વને પામેલો દુર્વિનિત જીવ ઋષિઘાતકની ગતિ એટલે કે નરકાદિ દુર્ગતિનો ભોગ બને.

[૧૦] વિનયાદિ ગુણોથી યુક્ત પુન્યશાળી પુરુષ વડે ગ્રહણ કરાયેલી વિદ્યા પણ બળવતી બને છે.

જેમ ઉત્તમ કુળમાં જન્મેલી પુત્રી અસાધારણ પુરુષને પતિ રૂપે પામીને મહાન્ બને છે.

[૧૧] હે વત્સ ! ત્યાં સુધી તું વિનયનો જ અભ્યાસ કર, કેમકે વિનય વિના - દુર્વિનિત એવા તને વિદ્યા વડે શું પ્રયોજન છે ? ખરેખર વિનય શીખવો જ દુષ્કર છે. વિદ્યા તો વિનીતને અત્યંત સુલભ હોય છે.

[૧૨] હે સુવિનીત વત્સ ! તું વિનયપૂર્વક વિદ્યાશ્રુતજ્ઞાનને શીખ, શીખેલી વિદ્યા અને ગુણ વારંવાર યાદ કર. તેમાં લેશ પણ પ્રમાદ ન કર. કેમકે ગ્રહણ કરેલી અને ગણેલી વિદ્યા જ પરલોકમાં સુખકારી બને છે.

[૧૩] વિનયપૂર્વક શીખેલી, પ્રસન્નતાપૂર્વક ગુરુજનોએ ઉપદેશેલી અને સૂત્ર વડે સંપૂર્ણ કંઠસ્થ કરેલી વિદ્યાઓનું ફળ અવશ્ય અનુભવી શકાય છે.

[૧૪] આ વિષમકાળમાં સમસ્ત શ્રુતજ્ઞાનના દાતા આચાર્ય ભગવંત મળવા અત્યંત દુર્લભ છે, તેમજ ક્રોધ, માન આદિ ચાર કષાયથી રહિત શ્રુતજ્ઞાન શીખનારને શિષ્ય મળવા પણ દુર્લભ છે.

[૧૫] સાધુ કે ગૃહસ્થ કોઈપણ હોય, તેના વિનયગુણની પ્રશંસા જ્ઞાની પુરુષો અવશ્ય કરે છે.

અવિનીત કદી પણ લોકમાં કાર્તિક યશ પ્રાપ્ત કરી શકતો નથી.

[૧૬] કેટલાંક લોકો વિનયનું સ્વરૂપ, ફળ આદિ જાણવા છતાં, તેવા પ્રકારના પ્રબળ અશુભ કર્મોના પ્રભાવને લઈને રાગદ્વેષથી ઘેરાયેલા, વિનયપ્રવૃત્તિ કરવા ઈચ્છતા નથી.

[૧૭] ન બોલનાર કે વધારે ન ભણનાર છતાં વિનય વડે સદા વિનીત-નમ્ર અને ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવનાર કેટલાંક પુરુષો કે સ્ત્રીઓની યશકીર્તિ સર્વત્ર પ્રસરે છે.

[૧૮] ભાગ્યશાળી પુરુષોને જ વિદ્યાઓ ફળ આપનારી થાય છે, પણ ભાગ્યહીનને વિદ્યાઓ ફળતી નથી.

[૧૯] વિદ્યાનો તિરસ્કાર કરનારો તથા નિંદા-અવહેલના આદિ દ્વારા વિદ્યાવાન્ આચાર્ય ભગવંતાદિના ગુણોનો નાશ કરનાર ગાઢ મિથ્યાત્વથી મોહિત થઈ ભયંકર દુર્ગતિમાં જાય છે.

[૨૦] ખરેખર ! સમસ્ત શ્રુતજ્ઞાનના દાતા આચાર્ય ભગવંત મળવા સુલભ



નથી. તેમજ સરળ અને જ્ઞાનાભ્યાસમાં સતત ઉદ્યમી શિષ્યો મળવા સુલભ નથી.

[૨૧] આ રીતે વિનયના ગુણ વિશેષો - વિનીત બનવાથી થતાં મહાન્ લાભોને ટૂંકમાં કહ્યા.

હવે આચાર્ય ભગવંતોના ગુણો હું કહું છું, તેને તમે એકાગ્ર ચિત્તથી સાંભળો.

[૨૨] શુદ્ધ વ્યવહાર માર્ગના પ્રરૂપક, શ્રુતજ્ઞાનરૂપ રત્નોના સાર્થવાહ અને ક્ષમા વગેરે અનેક - લાખો ગુણોના ધારક એવા આચાર્યના ગુણોને હું કહીશ.

[૨૩ થી ૨૭] પૃથ્વીની જેમ સઘળું સહન કરનારા, મેરુ જેવા નિષ્પ્રકંપ-ધર્મમાં નિશ્ચલ, ચંદ્ર જેવા સૌમ્ય કાંતિવાળા, શિષ્યાદિએ આલોચેલા દોષો બીજા પાસે પ્રગટ ન કરનારા, આલોચના યોગ્ય હેતુ, કારણ અને વિધિને જાણનારા –

ગંભીર હૃદયવાળા, પરવાદીઓ વગેરેથી પરાભવ ન પામનારા, ઉચિત કાળ-દેશ અને ભાવના જાણકાર, ત્વરા વિનાના - કોઈ કાર્યમાં ઉતાવળ ન કરનારા, ભ્રાંતિ રહિત, –

આશ્રિત શિષ્યાદિને સંયમ - સ્વાધ્યાયાદિમાં પ્રેરક અને માયા વિનાના, લૌકિક, વૈદિક અને સામાજિક - શાસ્ત્રોમાં જેમનો પ્રવેશ છે - તથા -

સ્વ સમય - જિનાગમ અને પર સમય - અન્ય દર્શન શાસ્ત્રોના જ્ઞાતા, જેની આદિમાં સામાયિક અને અંતમાં પૂર્વો વ્યવસ્થિત છે, એવી દ્વાદશાંગીના અર્થો. જેમણે મેળવ્યા છે, ગ્રહણ કર્યા છે, એવા આચાર્યોની.

વિદ્વદ્જન પંડિતો સદા પ્રશંસા કરે છે.

[૨૮] અનાદિ સંસારમાં અનેક જન્મોને વિશે આ જીવે કર્મ – કામ, ધંધા, શિલ્પકળા તથા બીજા ધર્મ આચારોના જ્ઞાતા-ઉપદેષ્ટા હજારો આચાર્યો પ્રાપ્ત કર્યા છે.

[૨૯ થી ૩૧] સર્વજ્ઞ કથિત નિર્ગ્રન્થ પ્રવચનમાં જે આચાર્યો છે, તેઓ સંસાર અને મોક્ષ-બંનેના યથાર્થ સ્વરૂપને જણાવનારા હોવાથી જેમ એક પ્રદીપ્ત દીવાથી સેંકડો દીપક પ્રકાશિત થાય છે. છતાં તે દીવો પ્રદીપ્ત જ રહે છે.

તેમ દીપક જેવા આચાર્ય ભગવંતો સ્વ અને પર આત્માઓના પ્રકાશક-ઉદ્ધારક હોય છે.

સૂર્ય જેવા પ્રતાપી, ચંદ્ર જેવા સૌમ્ય - શીતલ અને કાંતિમય તથા સંસાર સાગરથી પાર ઉતારનાર આચાર્યોના ચરણોમાં જે પુન્યશાળીઓ નિત્ય પ્રણામ કરે છે, તે ધન્ય છે.

[૩૨] આવા આચાર્ય ભગવંતોની ભક્તિના રાગ વડે આ લોકમાં કીર્તિ, પરલોકમાં ઉત્તમ દેવગતિ અને ધર્મમાં અનન્ય બોધિ-શ્રદ્ધા પ્રાપ્ત થાય છે.

[૩૩] દેવલોકમાં રહેલા દેવો પણ દિવ્ય અવધિજ્ઞાન વડે આચાર્ય ભગવંતોને જોઈને હંમેશાં તેમના ગુણોનું સ્મરણ કરતાં પોતાના આસન-શયનાદિ મૂકી દે છે.

[૩૪] દેવલોકમાં રૂપવતી અપ્સરાઓની મધ્યે રહેલા દેવો પણ નિર્ગ્રન્થ પ્રવચનનું સ્મરણ કરતાં તે અપ્સરાઓ દ્વારા આચાર્ય ભગવંતોને વંદન કરાવે છે.

[૩૫] જે સાધુઓ છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ આદિ દુષ્કર તપ કરવા છતાં

ગુરૂ વચનનું પાલન કરતાં નથી. તેઓ અનંત સંસારી બને છે.

[૩૬] અહીં ગણાવ્યા તે અને બીજા પણ ઘણાં ગુણો આચાર્ય ભગવંતોના હોવાથી, તેની સંખ્યાનું પ્રમાણ થઈ શકે એમ નથી. હવે હું શિષ્યના વિશિષ્ટ ગુણોને સંક્ષેપમાં કહીશ —

[૩૭] જે હંમશાં નમ્રવૃત્તિવાળો, વિનીત, મદ રહિત, ગુણને જાણનારો, સજ્જન અને આચાર્ય ભગવંતના આશયને સમજનારો હોય છે. તે શિષ્યની પ્રશંસા પંડિત પુરુષો કરે છે. [અર્થાત્ તેવો સાધુ સુશિષ્ય કહેવાય છે.]

[૩૮] શીત, તાપ, વાયુ, ભૂખ, તરસ અને અરતિ પરીષહને સહન કરનાર, પૃથ્વીની જેમ સર્વ પ્રકારની પ્રતિકૂળતા - અનુકૂળતા વગેરેને ખમી ખાનાર - સહેનાર શિષ્યને કુશળ પુરુષો પ્રશંસે છે.

[૩૯] લાભ કે અલાભના પ્રસંગમાં પમ જેના મુખનો ભાવ બદલાતો નથી અર્થાત્ હર્ષ કે ખેદયુક્ત બનતો નથી. તેમજ જે અલ્પ ઈચ્છાવાળો અને સદા સંતુષ્ટ હોય છે. તેવા શિષ્યની પંડિત પુરુષો પ્રશંસા કરે છે.

[૪૦] જે છ પ્રકારના વિનયની વિધિને જાણનારો તથા આત્મિક હિતની રુચિવાળા હોય છે. એવો વિનીત તથા ઋદ્ધિ આદિ ગારવથી રહિત શિષ્યને ગીતાર્થો પ્રશંસે છે.

[૪૧] આચાર્ય આદિ દશ પ્રકારની વૈયાવચ્ચ કરવામાં સદા ઉધત, વાચનાદિ સ્વાધ્યાયમાં નિત્ય પ્રયત્નશીલ તથા સામાયિક આદિ સર્વ આવશ્યકમાં ઉધત શિષ્યની જ્ઞાની પુરુષો પ્રશંસા કરે છે.

[૪૨] આચાર્ય ભગવંતનો ગુણાનુવાદ કરનાર, ગચ્છવાસી ગુરુ અને શાસનની કીર્તિને વધારનાર અને નિર્મળ પ્રજ્ઞા વડે પોતાના ધ્યેય પ્રત્યે અત્યંત જાગરુક શિષ્યને મહર્ષિજનો વખાણે છે.

[૪૩] હે મુમુક્ષુ મુનિ ! સર્વ પ્રથમ સર્વ પ્રકારના માનને હણીને શિક્ષા પ્રાપ્ત કર. ખરેખર ! સુવિનિત શિષ્યના જ બીજા આત્માઓ શિષ્ય બને છે. અશિષ્યના શિષ્ય કોઈ ન બને.

[૪૪] સુવિનિત શિષ્યે આચાર્ય ભગવંતના અતિશય કટુક-રોષભર્યા કે પ્રેમભર્યા વચનોને સારી રીતે સહેવા.

[૪૫ થી ૪૮] હવે શિષ્યની પરીક્ષા માટે તેમા કેટલાંક વિશિષ્ટ લક્ષણો અને ગુણો બતાવે છે —

જે પુરુષ ઉત્તમ જાતિ, કુળ, રૂપ, યૌવન, બળ, વીર્ય, પરાક્રમ, સમતા અને સત્વગુણથી યુક્ત હોય, મધુરભાષી, કોઈની ચાડી ચુગલી ન કરનારો, અશઠ, નગ્ન અને અલોભી હોય તથા અખંડ હાથ અને પગવાળો, ઓછા રોમવાળો, સ્નિગ્ધ અને પુષ્ટ દેહવાળો, ગંભીર, ઉન્નત નાસિકાવાળો, ઉદાર દૃષ્ટિ અને વિશાળ નેત્રવાળો હોય.

જિનશાસનનો અનુરાગી - પક્ષપાતી, ગુરુજનોના મુખ તરફ જોનારો, ધીર, શ્રદ્ધાગુણથી પૂર્ણ, વિકાર રહિત, વિનય પ્રધાન જીવન જીવનારો હોય.



કાળ, દેશ અને સમય-પ્રસંગને ઓળખનારો, શીલરૂપ અને વિનયને જાણનારો, લોભ-ભય-મોહથી રહિત, નિદ્રા અને પરીષહને જીતનારો હોય.

તેને કુશળ પુરુષો યોગ્ય શિષ્ય કહે છે.

[૪૯] કોઈ પુરુષ કદાચ શ્રુતજ્ઞાનમાં કુશલ હોય, હેતુ, કારણ અને વિધિનો જાણકાર હોય છતાં જો તે અવિનીત અને ગૌરવયુક્ત હોય તો શ્રુતધર મહર્ષિ તેમને પ્રશંસતા નથી.

[૫૦,૫૧] પવિત્ર, અનુરાગી, સદા વિનયના આચારોને આચરનાર, સરળ હૃદયવાળા, પ્રવચનની શોભાને વધારનાર અને ધીર એવા શિષ્યને આગમની વાચના આપવી જોઈએ.

ઉક્ત વિનયાદિ ગુણથી હીન અને બીજા નયાદિ સેંકડો ગુણથી યુક્ત એવા પુત્રને પણ હિતૈષી પંડિત શાસ્ત્ર વાચના કરાવતો નથી, તો સર્વથા ગુણહીન શિષ્યને શાસ્ત્રજ્ઞાન કેમ કરાવાય ?

[૫૨,૫૩] નિપુણ-સૂક્ષ્મ અર્થવાળા શાસ્ત્રોમાં વિસ્તારથી બતાવેલી આ શિષ્ય પરીક્ષા સંક્ષેપમાં કહી છે.

પારલૌકિક હિતના કામી ગુરુએ શિષ્યની પરીક્ષા અવશ્ય કરવી જોઈએ.

શિષ્યોના ગુણોની કીર્તના મેં સંક્ષેપમાં વર્ણવી છે, હવે વિનયના નિગ્રહ ગુણોને કહીશ, તે તમે સાવધાન ચિત્તવાળા બનીને સાંભળો.

[૫૪] વિનય મોક્ષનું દ્વાર છે, વિનયને કદી મૂકવો નહીં, કારણ કે અલ્પશ્રુતનો અભ્યાસી પુરુષ પણ વિનય વડે સર્વે કર્મોને ખપાવી દે છે.

[૫૫] જે પુરુષ વિનય વડે અવિનયને જીતી લે છે, શીલ-સદાચાર વડે નિઃશીલત્વ-દુરાચારને જીતી લે છે, અપાપ-ધર્મ વડે પાપને જીતી લે છે.

તે ત્રણે લોકને જીતી લે છે.

[૫૬,૫૭] મુનિ શ્રુતજ્ઞાનમાં નિપુણ હોય, હેતુ, કારણ અને વિધિનો જાણકાર હોય છતાં અવિનીત અને ગૌરવયુક્ત હોય તો શ્રુતધર તેની પ્રશંસા કરતાં નથી.

બહુશ્રુત પુરુષ પણ ગુણહીન, વિનયહીન, ચારિત્ર યોગોમાં શિથિલ બનેલો હોય તો ગીતાર્થ પુરુષ તેને અલ્પ શ્રુતવાળો માને છે.

[૫૮] જે તપ, નિયમ, શીલથી યુક્ત હોય, જ્ઞાન-દર્શન અને ચારિત્ર યોગમાં સદા ઉધત-તત્પર હોય તે અલ્પશ્રુતવાળો હોય તો પણ જ્ઞાની પુરુષો તેને બહુશ્રુતનું સ્થાન અર્થાત્ માન આપે છે.

[૫૯] સમ્યક્ત્વમાં જ્ઞાન સમાયેલું છે, ચારિત્રમાં જ્ઞાન અને દર્શન બનેનો સમાવેશ થયેલો છે, ક્ષમાના બળ વડે તપ અને વિનય વડે વિશિષ્ટ પ્રકારના નિયમો સફળ બને.

[૬૦] મોક્ષફળને આપનાર વિનય જેનામાં નથી, તેના વિશિષ્ટ પ્રકારના તપો, વિશિષ્ટ કોટીના નિયમો અને બીજા પણ અનેક ગુણો નિરર્થક બને છે.

[૬૧] અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતોએ સર્વ કર્મભૂમિઓમાં મોક્ષમાર્ગની

પ્રરૂપણાં કરતાં, સર્વ પ્રથમ તો વિનયનો જ ઉપદેશ આપેલો છે.

[૬૨] જે વિનય છે, તે જ જ્ઞાન છે, જે જ્ઞાન છે, તે જ વિનય છે. કેમકે વિનય વડે જ્ઞાન મળે છે અને જ્ઞાન દ્વારા વિનયનું સ્વરૂપ જાણી શકાય છે.

[૬૩] મનુષ્યોના સંપૂર્ણ ચારિત્રનો સાર વિનયમાં પ્રતિષ્ઠિત છે, તેથી વિનયહીન મુનિની પ્રશંસા નિર્ગ્રન્થ મહર્ષિઓ કરતાં નથી.

[૬૪] બહુશ્રુત હોવા છતાં જે અવિનીત અને અલ્પ શ્રદ્ધાસંવેગવાળો છે, તે ચારિત્રને આરાધી શકતો નથી અને ચારિત્રભ્રષ્ટ જીવ સંસારમાં ભમ્યા કરે છે.

[૬૫] જે મુનિ થોડાં પણ શ્રુતજ્ઞાનથી સંતુષ્ટ ચિત્તવાળો બની વિનય કરવામાં તત્પર રહે છે, પાંચ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરે છે અને મન, વચન, કાયાને ગુપ્ત રાખે છે.

તે અવશ્ય ચારિત્રનો આરાધક થાય છે.

[૬૬] ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ પણ વિનયરહિત સાધુને શું લાભ કરી શકે ? લાખો કરોડો ઝગમગતા દીવા પણ આંધળા માણસને શો ફાયદો કરી શકે ?

[૬૭] આ રીતે મેં વિનયના વિશિષ્ટ લાભોનું સંક્ષેપમાં વર્ણન કર્યુ. હવે વિનયપૂર્વક શીખેલા શ્રુતજ્ઞાનના વિશેષ ગુણો - લાભોનું વર્ણન કરું છું, તે સાંભળો.

[૬૮] શ્રી જિનેશ્વર પરમાત્માએ ઉપદેશેલા, મહાન્ વિષયવાળા શ્રુતજ્ઞાનને સંપૂર્ણ રીતે જાણવો શક્ય નથી.

— માટે તે પુરુષો-મુનિઓ ધન્યવાદને પાત્ર છે, જે જ્ઞાની છે અને ચારિત્ર સંપન્ન છે.

[૬૯,૭૦] સુર, અસુર, મનુષ્ય, ગરૂડકુમાર, નગાકુમાર તાત ગંધર્વ દેવો વગેરે સહિત ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકનું વિશદ સ્વરૂપ શ્રુતજ્ઞાનથી જાણી શકાય છે.

તેમજ જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ - આ નવ તત્ત્વોને પણ બુદ્ધિમાન્ પુરુષો શ્રુતજ્ઞાન વડે જાણી શકે છે. તેથી જ્ઞાન એ ચારિત્રનો હેતુ છે.

[૭૧] જાણેલા દોષોનો ત્યાગ થાય છે, અને જાણેલા ગુણોનું સેવન થાય છે. એટલે ધર્મના સાધનભૂત એ બંને વસ્તુ જ્ઞાન દ્વારા જ સિદ્ધ થાય ચે.

[૭૨] જ્ઞાન વિનાનું એકલું ચારિત્ર [ક્રિયા] અને ક્રિયા વિનાનું એકલું જ્ઞાન ભવતારક બનતાં નથી. ક્રિયા સંપન્ન જ્ઞાની જ સંસાર સમુદ્રને તરી જાય છે.

[૭૩] જ્ઞાની હોવા છતાં જે ક્ષમાદિ ગુણોમાં વર્તતો ન હોય, ક્રોધાદિ દોષોને છોડતો ન હોય, તો તે કદાપિ દોષોથી મુક્ત અને ગુણવાન્ બની શકે નહીં.

[૭૪] અસંયમ અને અજ્ઞાન દોષથી ઘણાં ભવોમાં બાંધેલા શુભાશુભ કર્મરૂપી મળને, જ્ઞાની ચારિત્ર પાલન દ્વારા સમૂળગા ખપાવી નાંખે છે.

[૭૫] શસ્ત્રો વિનાનો એકલો સૈનિક કે સૈનિક વિનાના એકલાં શસ્ત્રોની જેમ, જ્ઞાન વિનાનું ચારિત્ર અને ચારિત્ર વિનાનું જ્ઞાન મોક્ષસાધક બની શકતા નથી.



[૭૬] મિથ્યાદૃષ્ટિને જ્ઞાન હોતું નથી, જ્ઞાન વિના ચારિત્ર ગુણો હોતા નથી. ગુણ વિના સંપૂર્ણ ક્ષયરૂપ મોક્ષ નથી અને સંપૂર્ણ કર્મક્ષય-મોક્ષ વિના નિર્વાણ-પરમ શાંતિનો અનુભવ નથી.

[૭૭] જે જ્ઞાન છે એ જ કરણ-ચારિત્ર છે, જે ચારિત્ર છે એ જ પ્રવચનનો સાર છે અને જે પ્રવચનનો સાર છે, એ જ પરમાર્થ છે, એમ જાણવું.

[૭૮] પ્રવચનના પરમાર્થને સારી રીતે ગ્રહણ કરનાર પુરુષ જ બંધ અને મોક્ષને સ્પષ્ટ રીતે જાણીને તેઓજ જૂના-પુરાતન કર્મોનો ક્ષય કરે છે.

[૭૯] જ્ઞાનથી સમ્યક્ ક્રિયા થાય છે અને ક્રિયાથી જ્ઞાન-આત્મસાત્ બને છે. આ રીતે જ્ઞાન અને સમ્યક્ ક્રિયાના યોગથી ભાવ ચારિત્રની શુદ્ધિ થાય છે.

[૮૦] જ્ઞાન પ્રકાશ કરનાર છે, તપ શુદ્ધિ કરનાર છે અને સંયમ રક્ષણ કરનાર છે. આ રીતે જ્ઞાન, તપ અને સંયમ ત્રણેના યોગથી જિનશાસનમાં મોક્ષ કહ્યો છે.

[૮૧] જગત્‌ના લોકો ચંદ્રની જેમ બહુશ્રુત-મહાત્મા પુરુષના મુખને વારંવાર જુએ છે, એનાથી શ્રેષ્ઠતર, આશ્ચર્યકારી અને અતિશય સુંદર કઈ વસ્તુ છે ?

[૮૨] ચંદ્રથી જેમ શીતળ-જ્યોત્સ્ના નીકળે છે અને તે સર્વ લોકોને આનંદિત - આહ્લાદિત કરે છે. એ પ્રમાણે ગીતાર્થ-જ્ઞાની પુરુષોના મુખથી ચંદન જેવા શીતળ જિનવચનો નીકળે છે, જે સાંભળીને મનુષ્યો ભવાટવીનો પાર પામે છે.

[૮૩] દોરાથી પરોવાયેલી સોય જેમ કચરામાં પડેલી છતાં ખોવાતી નથી, તેમ આગમનો અભ્યાસી જીવ સંસાર અટવીમાં પડવા છતાં ખોવાતો નથી.

[૮૪] જેમ દોરા વિનાની સોય નજરમાં નહીં આવતા ખોવાઈ જાય છે. તેમ સૂત્ર-શાસ્ત્ર બોધ વિના મિથ્યાત્વ વડે ઘેરાયેલો જીવ ભવાટવીમાં ખોવાઈ જાય છે.

[૮૫] શ્રુતજ્ઞાન દ્વારા પરમાર્થનું યથાર્થદર્શન થવાથી તપ અને સંયમ ગુણને જીવનભર અખંડિત રાખવાથી મરણ સમયે શરીર સંપત્તિનો નાશ થવા છતાં જીવને વિશિષ્ટ ગતિ-સદ્‌ગતિ અને સિદ્ધિગતિ પ્રાપ્ત થાય છે.

[૮૬] જેમ વૈદ્ય વૈદ્યક શાસ્ત્રોના જ્ઞાન વડે રોગની નિપુણ ચિકિત્સા જાણે છે, તેમ શ્રુતજ્ઞાન વડે મુનિ ચારિત્રની શુદ્ધિ કેમ કરવી તે સારી રીતે જાણે છે.

[૮૭] વૈદક ગ્રંથોના અભ્યાસ વિના જેમ વૈદ્ય વ્યાધિની ચિકિત્સા જાણતો નથી, તેમ આગમિક જ્ઞાનથી રહિત મુનિ ચારિત્ર શુદ્ધિનો ઉપાય જાણી શકતો નથી.

[૮૮] તે કારણથી મોક્ષાભિલાષી આત્માએ તીર્થંકર ભગવંત પ્રરૂપિત આગમ શાસ્ત્રોના અર્થપૂર્વકના અભ્યાસમાં સતત ઉદ્યમ કરવો જોઈએ.

[૮૯] શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલા બાહ્ય અને અભ્યંતર તપના બારે પ્રકારોમાં સ્વાધ્યાય સમાન અન્ય કોઈ તપ છે નહીં અને થશે પણ નહીં.

[૯૦] જ્ઞાનાભ્યાસની રૂચિવાળાએ બુદ્ધિ હોય કે ન હોય પણ ઉદ્યમ અવશ્ય કરવો જોઈએ. કેમકે બુદ્ધિ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.

[૯૧] અસંખ્ય જન્મોના ઉપાર્જન કરેલાં કર્મને, ઉપયોગયુક્ત આત્મા પ્રતિ

સમય ખપાવે છે, પણ સ્વાધ્યાયથી ઘણાં ભવોના સંચિત કર્મ ક્ષણવારમાં ખપી જાય છે.

[૯૨] તિર્યંચ, સુર, અસુર, મનુષ્ય, કિન્નર, મહોરગ અને ગંધર્વ સહિત સર્વ છદ્મસ્થ જીવો કેવલી ભગવંતને પૂછે છે. એટલે કે લોકમાં છદ્મસ્થ જીવોને પોતાની જિજ્ઞાસાના સમાધાન માટે પૂછવા યોગ્ય સ્થાન એક માત્ર કેવલજ્ઞાની છે.

[૯૩,૯૪] જે કોઈ એક પદના શ્રવણ-ચિંતનથી મનુષ્ય સતત વૈરાગ્યને પામે છે.

– તે એક પદ સમ્યગ્ જ્ઞાન છે.

કારણ કે જેનાથી વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે, તે જ તેનું સાચું જ્ઞાન છે [તેમ જાણ]

વીતરાગ પરમાત્માના માર્ગમાં જે એક પણ પદ વડે મનુષ્ય તીવ્ર વૈરાગ્યને પામ્યો હોય, તે પદ મરણ સુધી પણ મૂકવું ન જોઈએ.

[૯૫] જિનશાસનમાં જે કોઈ એક પદના ધારણથી જેને સંવેગ પ્રાપ્ત થાય છે, તે જ એક પદના આલંબનથી અનુક્રમે અધ્યાત્મયોગની આરાધના દ્વારા વિશિષ્ટ ધર્મધ્યાન અને શુક્લધ્યાન દ્વારા સમગ્ર મોહજાળને ભેદી નાંખે છે.

[૯૬,૯૭] મરણ સમયે સમગ્ર દ્વાદશાંગીનું ચિંતન થવું એ અત્યંત સમર્થ ચિત્તવાળા મુનિથી પણ શક્ય નથી.

તેથી તે દેશ-કાળમાં એક પણ પદનું ચિંતન આરાધનામાં ઉપયુક્ત થઈને જે કરે છે, તે જીવને જિનેશ્વર પમરાત્માએ આરાધક કહ્યો છે.

[૯૮] સુવિહિત મુનિ આરાધનામાં એકાગ્ર બની સમાધિપૂર્વક કાળ કરી, ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં અવશ્ય મોક્ષ પામે છે, અર્થાત્ નિર્વાણને પામે છે.

[૯૯] આ રીતે શ્રુતજ્ઞાનના વિશિષ્ટ ગુણો - મહાન્ લાભો સંક્ષેપથી મેં વર્ણવેલાં છે.

હવે ચારિત્રના વિશિષ્ટ ગુણો તમે એકાગ્ર ચિત્તવાળા બનીને સૌ સાંભળો.

[૧૦૦] જિનેશ્વર પરમાત્માએ કહેલાં ધર્મનું પ્રયત્નપૂર્વક પાલન કરવા માટે જેઓ સ્રવ પ્રકારે ગૃહપાશના બંધનથી સર્વથા મુક્ત થાય છે, તેઓ ધન્ય છે.

[૧૦૧] વિશુદ્ધ ભાવ વડે એકાગ્ર ચિત્તવાળા બનીને જે પુરુષો જિન વચનનું પાલન કરે છે, તે ગુણ સમૃદ્ધ મુનિ મરણ સમય પ્રાપ્ત થવા છતાં સ્હેજ પણ વિષાદને અથવા ગ્લાનિને અનુભવતા નથી.

[૧૦૨] દુઃખ માત્રથી મુક્ત કરનાર એવા મોક્ષમાર્ગમાં જેઓએ પોતાના આત્માને સ્થિર કર્યો નથી, તેઓ દુર્લભ એવા શ્રમણપણાને પામીને પણ સીદાય છે.

[૧૦૩] જેઓ દૃઢ પ્રજ્ઞાવાળા, ભાવથી એકાગ્ર ચિત્તવાળા બની પારલૌકિક હિતની ગવેષણા કરે છે, તે મનુષ્યો સર્વે પણ દુઃખનો પાર પામે છે.

[૧૦૪] સંયમમાં અપ્રમત્ત બની જે પુરુષ ક્રોધ, માન, માયા, લોભ, અરતિ અને દુગંછાને ખપાવી દે છે, તેઓ પરમ સુખને અવશ્ય પ્રાપ્ત કરે છે.



[૧૦૫] અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ મેળવીને પણ જે મનુષ્ય તેની વિરાધના કરે છે, જન્મને સાર્થક બનાવતો નથી, તે વહાણ ભાંગી પડવાથી દુઃખી થતાં વહાણવટીની જેમ પાછળથી અત્યંત દુઃખી થાય છે.

[૧૦૬] દુર્લભતર શ્રમણ ધર્મને ખામીને જે પુરુષો-મન, વચન, કાયાના યોગથી તેની વિરાધના કરતા નથી.

તેઓ દરિયામાં વહાણ મેળવનાર નાવિકની જેમ પાછળથી શોકને પ્રાપ્ત કરતાં નથી.

[૧૦૭] પહેલાં તો મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે.

મનુષ્ય જન્મમાં બોધિ પ્રાપ્તિ દુર્લભ છે.

બોધિ મળે તો પણ શ્રમણપણું અતિદુર્લભ છે.

[૧૦૮] શ્રમણપણું મળવા છતાં શાસ્ત્રોનું રહસ્યજ્ઞાન મળવું ઘણું જ દુર્લભ છે.

જ્ઞાનનું રહસ્ય સમજવા છતાં ચારિત્રની વિશુદ્ધિ થવી તેનાથી પણ દુર્લભ છે.

તેથી જ જ્ઞાની પુરુષો આલોચનાદિ કરવા દ્વારા ચારિત્રની વિશુદ્ધિ માટે સતત ઉદ્યમશીલ રહે છે.

[૧૦૯] કેટલાંક પુરુષો સમ્યક્ત્વ ગુણની નિયમા પ્રશંસા કરે છે. કેટલાંક પુરુષો ચારિત્રની શુદ્ધિને વખાણે છે. તો વળી કેટલાંક પુરુષો સમ્યગ્જ્ઞાનને વખાણે છે.

[૧૧૦ થી ૧૧૨] સમ્યકત્વ અને ચારિત્ર બંને ગુણો સાથે પ્રાપ્ત થતાં હોય તો બુદ્ધિશાળી પુરુષે તે બંને ગુણોમાંથી પહેલાં કયો ગુણ પ્રાપ્ત કરવો જોઈએ ?

ચારિત્ર વિના પણ સમ્યકત્વ હોય. જેમ કૃષ્ણ અને શ્રેણિક મહારાજાને અવિરતિપણામાં પણ સમ્યક્ત્વ હતું.

પરંતુ જેઓ ચારિત્રવાન્ છે, તેઓને સમ્યક્ત્વ હોય જ.

ચારિત્રથી ભ્રષ્ટ થયેલાએ શ્રેષ્ઠતર સમ્યકત્વને અવશ્ય ધારણ કરી રાખવું જોઈએ.

– કેમકે દ્રવ્ય ચારિત્રને નહીં પામેલાં પણ સિદ્ધ બની શકે છે. પરંતુ દર્શનગુણ રહિત જીવો સિદ્ધ થઈ શકતાં નથી.

[૧૧૩] ઉત્કૃષ્ટ ચારિત્રને પાળનારા પણ કોઈક મિથ્યાત્વના યોગે સંયમ શ્રેણીથી પડી જાય છે. તો સરાગ ધર્મમાં વર્તતા સમ્યગ્દષ્ટિ તેમાંથી પતિત થઈ જાય એમાં શી નવાઈ ?

[૧૧૪] જે મુનિની બુદ્ધિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વડે યુક્ત છે અને જે રાગ-દ્વેષ કરતાં નથી, તેનું ચારિતર્ શુદ્ધ બને છે.

[૧૧૫] તે ચારિત્રની શુદ્ધિ માટે સમિતિ અને ગુપ્તિના પાલન કાર્યમાં પ્રયત્નપૂર્વક ઉદ્યમ કરો.

તેમજ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેની સાધનામાં લેશમાત્ર પણ પ્રમાદ ન કરો.

[૧૧૬] આ રીતે ચારિત્ર ધર્મના ગુણો - મહાન્ લાભોને મેં ટૂંકમાં વર્ણવ્યા છે.

હવે સમાધિમરણના ગુણ વિશેષ એકાગ્ર થઈ સાંભળો.

[૧૧૭ થી ૧૨૦] જેમ અનિયંત્રિત ઘોડા ઉપર બેઠેલો અજાણપુરુષ શત્રુસૈન્યને પરાસ્ત કરવા કદાચ ઈચ્છે.

– પરંતુ તે પુરુષ અને ઘોડો અગાઉ તેવી તાલીમ અને અભ્યાસ નહીં કરવાથી...

સંગ્રામમાં શત્રુસૈન્યને જોતાં જ નાશી જાય છે.

તેમ ક્ષુધાદિ પરીષહો, લોચાદિ કષ્ટો અને તપનો જેણે અભ્યાસ કર્યો નથી, એવા મુનિ...

– મરણ પ્રાપ્ત થતાં શરીર ઉપર આવતા પરીષહો અને ઉપસર્ગો તથા વેદનાઓને સમતાપૂર્વક સહી શકતા નથી.

પૂર્વે તપ આદિનો અભ્યાસ કરનાર તથા સમાધિની કામનાવાળો એવો મુનિ જો વૈષયિક સુખોની ઈચ્છાને રોકે તો પરીષહોને અવશ્ય સમતાપૂર્વક સહી શકે છે.

[૧૨૧] પૂર્વે શાસ્ત્રોક્ત વિધિ મુજબ વિગઈત્યાગ, ઉણોદરી, ઉત્કૃષ્ટ તપ આદિ કરીને ક્રમશઃ સર્વ આહારનો ત્યાગ કરનાર મુનિ મરણકાળે નિશ્ચયનયરૂપ પરશુના પ્રહાર વડે પરીષહોની સેનાને છેદી નાંખે છે.

[૧૨૨] પૂર્વે ચારિત્ર પાલનમાં પ્રબળ પ્રયત્ન કરનાર મુનિને મરણ સમયે ઈન્દ્રિયો પીડે છે, સમાધિમાં બાધા ઉત્પન્ન કરે છે. આ રીતે તપ આદિનો પૂર્વ અભ્યાસ ન કરનાર મુનિ અંતિમ આરાધના વખતે કાયર બની મુંઝાય છે.

[૧૨૩] આગમનો આગમનો અભ્યાસી મુનિ પણ ઈન્દ્રિયોની લોલુપતાવાળો બની જતો હોય તો...

તેને મરણ વખતે સમાધિ કદાચ રહે કે ન પણ રહે.

શાસ્ત્રના વચનો યાદ આવે તો સમાધિ રહે પણ ખરી.

પરંતુ ઈન્દ્રિય રસની પરવશતાને લઈને શાસ્ત્ર વચનની સ્મૃતિ અસંભવિત હોવાથી પ્રાયઃ સમાધિને રહે.

[૧૨૪] અલ્પશ્રુતવાળો મુનિ પણ તપ વગેરેનો સુંદર અભ્યાસ કરેલો હોય તો સંયમ અને મરણની શુભ પ્રતિજ્ઞાને વ્યથા વિના સુંદર રીતે નભાવી શકે છે.

[૧૨૫] ઈન્દ્રિય સુખ-શાતામાં વ્યાકુળ, ઘોર પરીષહોની પરાધીનતાથી ઘેરાયેલો, તપ વગેરેનો અનભ્યાસી, કાયર પુરુષ અંતિમ આરાધના કાળે મુંઝાય છે.

[૧૨૬] પ્રથમથી જ સારી રીતે કઠોર તપ-સંયમની સાધના કરવા દ્વારા સત્વશીલ બનેલા મુનિને...

– મરણ સમયે ધૃતિબળથી નિવારણ કરાયેલી પરિષહ સેના કંઈપણ કરવા સમર્થ બનતી નથી.

[૧૨૭] પ્રારંભથી કઠોર તપ-સંયમની સાધના કરનાર બુદ્ધિમાન્ મુનિ, પોતાના ભાવિ હિતને સારી રીતે વિચારીને –

– નિદાન એટલે પૌદ્‌ગલિક સુખની આશંસા રહિત



– કોઈ પણ દ્રવ્ય ક્ષેત્રાદિ વિષયક પ્રતિબંધ ન રાખી, સ્વ કાર્ય સમાધિ યોગને સારી રીતે સાધે છે.

[૧૨૮] ધનુષ્યને ગ્રહણ કરીને, તેના ઉપર ખેંચીને બાણ ચડાવી દઈને, લક્ષ્ય પ્રત્યે સ્થિર મતિવાળો પુરુષ પોતાની શિક્ષાને વિચારતો રાધા વેધને વિંધે છે.

[૧૨૯] પણ તે ધનુર્ધર, પોતાના ચિત્તને લક્ષ્યથી અન્યત્ર લઈ જવાની ભૂલ કરી બેસે તો પ્રતિજ્ઞાબદ્ધ હોવા છતાં - રાધાના ચંદ્રકરૂપ વેધ્યે વીંધી શકતો નથી.

[૧૩૦] ચંદ્રવેધ્યકની જેમ મરણ સમયે સમાધિ પ્રાપ્ત કરવા માટે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં અવિરાધિત ગુણવાળો અર્થાત્ આરાધક બનાવવો જોઈએ.

[૧૩૧] સમ્યગ્ દર્શનની દૃઢતાથી નિર્મળ બુદ્ધિવાળા, તેમજ સ્વકૃત્ પાપોની આલોચના, નિંદા, ગર્હા કરનારા, અંતિમ સમયે વર્તતા મુનિનું મરણ શુદ્ધ થાય છે.

[૧૩૨] જ્ઞાન, દર્શન અને ચારિત્રના વિષયમાં મારાથી થયેલ જે અપરાધોને, શ્રી જિનેશ્વર સાક્ષાત્ જાણે છે.

તે સર્વ અપરાધોની, સર્વ ભાવથી આલોચના કરવાને હું ઉપસ્થિત થયો છું.

[૧૩૩] સંસારનો બંધ કરાવવાવાળા, જીવ સંબંધિ રાગ અને દ્વેષ રૂપ બે પાપોને, જે પુરુષ રોકે છે, તે મરણ સમયે અવશ્ય સમાધિયુક્ત બને છે.

[૧૩૪] જે પુરુષ જીવ સાથેના ત્રણે દંડોનો જ્ઞાનાંકુશ વડે ગુપ્તિ રાખવા દ્વારા નિગ્રહ કરે છે.

તે પુરુષ મરણ સમયે કૃત્યોગી એટલે કે અપ્રમત્ત રહીને સમાધિને રાખી શકે છે.

[૧૩૫] જિનેશ્વર ભગવંતો વડે ગર્હિત અને સ્વશરીરમાં ઉત્પન્ન થતાં એવા–

ભયંકર ક્રોધાદિ ચાર કષાયોનો જે પુરુષ નિત્ય નિગ્રહ કરે છે, તે મરણમાં અવશ્ય સમતાયોગને સાધે છે.

[૧૩૬] જે જ્ઞાની પુરુષ વિષયોમાં અત્યંત લેપાયેલી ઈન્દ્રિયોનો જ્ઞાનરૂપ અંકુશ વડે નિગ્રહ કરે છે, તે મરણ સમયે સમાધિ સાધનારો બને છે.

[૧૩૭] છ જીવ નિકાયનો હિતસ્વી,

– ઈહલોકાદિ સાતે ભયોથી રહિત.

– અત્યંત મૃદુ અને નમ્ર સ્વભાવવાળા મુનિ

નિત્ય સહજ સમતાને અનુભવતા મરણ સમયે પરમ સમાધિને સિદ્ધ કરનારો બને છે.

[૧૩૮] જેણે આઠે મદોને જીતેલા છે,

– જે બ્રહ્મચર્યની નવ ગુપ્તિથી ગુપ્ત છે,

– ક્ષમા આદિ દશ યતિ ધર્મોના પાલને ઉધત છે,

તે મરણ સમયે પણ અવશ્ય સમાધિભાવ રાખે છે.

[૧૩૯] જે અત્યંત દુર્લભ એવા મોક્ષમાર્ગની આરાધના ઈચ્છતો હોય, દેવ-ગુરુની આશાતનાને વર્જનો હોય.

ધર્મધ્યાનના સતત અભ્યાસ વડે શુક્લ ધ્યાનની સન્મુખ થયેલો હોય. [તેવો મુનિ]

મરણકાળમાં સમાધિને ઝીલી શકે છે.

[૧૪૦] જે મુનિ બાવીશ પરિષહો અને દુઃસહ એવા ઉપસર્ગોને શૂન્ય સ્થાનો કે ગામ, નગર આદિમાં સહન કરે છે, તે મરણ કાળે સમાધિમાં રહી શકે છે.

[૧૪૧] ધન્ય પુરુષોના કષાયો, બીજાના ક્રોધાદિ કષાયો સાથે અથડાવા છતાં - સરખી રીતે બેઠેલા પાંગળા માણસની જેમ ઉભા થવાને ઈચ્છતા નથી.

[૧૪૨] શ્રમણધર્મને આચરનારા સાધુને, જો કષાયો ઉત્કટ કોટિના હોય તો, તેનું શ્રમણપણું શેલડીના ફૂલની જેમ નિષ્ફલ જાય છે, એમ મારું માનવું છે.

[૧૪૩] કંઈક ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી પાળેલું નિર્મળ ચારિત્ર પણ કષાયથી કલુષિત ચિત્તવાળો પુરુષ એક મુહૂર્ત્ત માત્રમાં હારી જાય છે.

[૧૪૪] અનંતકાળથી પ્રમાદના દોષ વડે ઉપાર્જન કરેલ કર્મોને, રાગ-દ્વેષને પરાસ્ત કરી - હણી નાંખનાર મુનિ માત્ર કોટિ પૂર્વ વર્ષોમાં જ ખપાવી દે છે.

[૧૪૫] જો ઉપશાંત કષાયવાળો, ઉપશમ શ્રેણી આરૂઢ થયેલો યોગી પણ અનંતવાર પતન પામે છે, તો બાકી રહેલાં કષાયોનો વિશ્વાસ કેમ કરાય ?

[૧૪૬] જો ક્રોધાદિ કષાયોનો ક્ષય થયો હોય તો જ પોતાને ક્ષેમ-કુશળ છે એમ જાણે. જો કષાયો જીતાયા હોય તો સાચો જય જાણે, જો કષાયો હત-પ્રહત થયા હોય તો અભય પ્રાપ્ત થયો જાણે, જો કષાયોનો સર્વથા નાશ થઈ ગયો હોય તો અવિનાશી સુખ અવશ્ય મળે, તેમ જાણે.

[૧૪૭] ધન્ય છે, તે સાધુ ભગવંતોને જે હંમેશાં જિનવચનમાં રક્ત રહે છે. કષાયો ઉપર કાબુ મેળવે છે.

બાહ્ય પદાર્થો પ્રત્યે જેને રાગ નથી અને નિઃસંગ, નિર્મમત્વ બની યથેચ્છ રીતે સંયમ માર્ગમાં વિચરે.

[૧૪૮] મોક્ષમાર્ગમાં લીન-તત્પર બનેલા મહામુનિઓ અવિરહિત ગુણોવાળા બનીને...

આ લોક કે પરલોકમાં તથા જીવન કે મરણમાં પ્રતિબંધ કર્યા વિના વિચરે છે, તેમને ધન્ય છે.

[૧૪૯] બુદ્ધિમાન્ પુરુષે મરણ સમુદ્ઘાતના સમયે મિથ્યાત્વને વમીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટે, પ્રબળ પુરુષાર્થ અવશ્ય કરવો જોઈએ.

[૧૫૦] ખેદની વાત છે કે — મહાન્, ધીરપુરુષો પણ બળવાન્ મરણ ઉપસ્થિત થાય ત્યારે, મરણ સમુદ્ઘાતની તીવ્ર વેદનાથી વ્યાકુળ બનીને મિથ્યાત્વ દશા પામે છે.

[૧૫૧] તે કારણને લઈને બુદ્ધિશાળી મુનિએ ગુરુની પાસે દીક્ષા દિવસથી જ સર્વે પાપો યાદ કરીને,

તેની આલોચના, નિંદા, ગર્હા કરવા દ્વારા,

તે પાપોની શુદ્ધિ અવશ્ય કરી લેવી જોઈએ.



[૧૫૨] તે સમયે ગુરુ જેને જે ઉચિત પ્રાયશ્ચિત્ત આપે —

— તે પ્રાયશ્ચિત્તનો ઈચ્છાપૂર્વક સ્વીકાર કરે.

— ગુરુનો અનુગ્રહ માનતો આ પ્રમાણે કહે —

‘‘ભગવન્ ! આપનું આપેલ પ્રાયશ્ચિત્ત-તપ કરવાને હું ઈચ્છું છું. આપે મને આ પાપથી ઉગારી ખરેખર ! ભવસાગરથી પાર ઉતારેલો છે.

[૧૫૩] પરમાર્થથી મુનિઓએ અપરાધ કરવો જ ન જોઈએ, પ્રમાદવશ કદાચ થઈ જાય - અતિચાર સેવાઈ જાય તો તેનું અવશ્ય પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ.

[૧૫૪] પ્રમાદની બહુલતાવાળા જીવને પ્રાયશ્ચિત્તથી જ વિશુદ્ધિ થઈ શકે છે. ચારિત્રની રક્ષા માટે તેના અંકુશભૂત પ્રાયશ્ચિત્તનું અવશય આચરણ કરવું જોઈએ.

[૧૫૫] ‘‘શલ્યવાળા જીવોને કદાપિ શુદ્ધિ થતી નથી.’’

— એ પ્રમાણે સર્વભાવદર્શી જિનેશ્વરે કહેલ છે.

પાપની આલોચના, નિંદા કરનારા સાધુઓ મરણ અને પુનર્ભવથી રહિત બની જાય છે.

[૧૫૬] એક વખત પણ શલ્ય સહિત મરણથી મરીને જીવો મહાભયાનક આ સંસારમાં વારંવાર અનકે જન્મ અને મરણ કરતાં ભ્રમણ કરે છે.

[૧૫૭] જે મુનિ પાંચ સમિતિથી સાવધાન બની,

— ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત થઈને,

— ચિરકાળ સુધી વિચરીને પણ

— જો મરણ સમયે ધર્મને વિરાધે, તો જ્ઞાની પુરુષો તેને આરાધના રહિત કહેલ છે.

[૧૫૮,૧૫૯] ઘણાં સમય પર્યન્ત અત્યંત મોહવશ જીવન જીવીને, છેલ્લી જિંદગીમાં જો સંવૃત્ત બની,

મરણ સમયે આરાધનામાં ઉપયુક્ત થાય તો

તેને જિનેશ્વરોએ આરાધક કહ્યો છે.

તેથી સર્વભાવથી શુદ્ધ, આરાધનાને અભિમુખ થઈ, ભ્રાંતિ રહિત બની, સંથારો સ્વીકારી રહેલો એવો મુનિ પોતાના હૃદયમાં આ પ્રમાણે ચિંતન કરે.

[૧૬૦ થી ૧૬૩] મારો આત્મા એક છે, શાશ્વત છે અને જ્ઞાન-દર્શન વડે યુક્ત છે.

શેષ સર્વે દેહાદિ બાહ્ય પદાર્થો છે, જે સંયોગ સંબંધથી ઉત્પન્ન થયેલા છે.

હું એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી.

જેનો હું છું, તેને હું જોઈ શકતો નથી, તેમજ એવો કોઈ પદાર્થ નથી, કે જે મારો હોય.

પૂર્વે - ભૂતકાળમાં અજ્ઞાન દોષ વડે અનંતવાર હું દેવ-પણું, મનુષ્ય-પણું, તિર્યચયોનિ અને નરકગતિ એ ચારેને પ્રાપ્ત કરી ચૂકેલ છું, પરંતુ —

દુઃખના હેતુભૂત એવા પોતાના જ કર્મો વડે હજુ સુધી મને ન તો સંતોષ પ્રાપ્ત

થયો છે કે ન સમ્યક્ત્વથી યુક્ત એવી વિશુદ્ધ બુદ્ધિ મળી છે.

[૧૬૪] દુઃખથી છોડાવનાર ધર્મમાં જે મનુષ્યો પ્રમાદ કરે છે, તેઓ મહા ભયંકર એવા સંસાર સાગરમાં લાંબાકાળ પર્યન્ત ભ્રમણ કરનારા થાય છે.

[૧૬૫] દૃઢ બુદ્ધિવાળા જે મનુષ્યો પૂર્વપુરુષ આચરિત જિન વચનના માર્ગને છોડતાં નથી, તેઓ સર્વે દુઃખોના પારને પામી જાય છે.

[૧૬૬] જે ઉધમી પુરુષો ક્રોધ, માન, માયા, લોભ તથા રાગ અને દ્વેષનો ક્ષય કરે છે. તેઓ પરમ શાશ્વત સુખરૂપ મોક્ષને અવશ્ય સાધનારા થાય છે.

[૧૬૭] પુરુષના મરણ સમયે માતા, પિતા, બંધુ અથવા પ્રિય મિત્રો કોઈપણ તેને જરાયે આલંબનરૂપ બનતા નથી. એટલે કે મરણથી બચાવી શકતા નથી.

[૧૬૮] ચાંદી, સોનું, દાસ, દાસી, રથ, પાલખી આદિ વાહ્ય વસ્તુ મરણ સમયે આલંબન આપી શકતા નથી.

[૧૬૯] અશ્વ, હસ્તિ, સૈન્ય, ધનુષ્ કે રથ બળ આદિ કોઈ સંરક્ષક સામગ્રી માણસને મરણથી બચાવી શકતી નથી.

[૧૭૦] આ રીતે સંક્લેશ નિવારી, ભાવશલ્ય ઉદ્ધરનાર જિનોક્ત સમાધિમરણ આરાધતો શુદ્ધ થાય છે.

[૧૭૧] વ્રતના અતિચારોની શુદ્ધિના ઉપાયને જાણનાર પોતાના ભાવશલ્યની વિશુદ્ધિ પરસાક્ષીએ જ કરવી.

[૧૭૨] જેમ ચિકિત્સા કરવામાં અત્યંત કુશળ વૈદ્ય પણ પોતાના રોગ બીજા કુશળ વૈદ્યને કહે, તેની બતાવેલી ચિકિત્સા કરે, તેમ સાધુ પણ યોગ્ય ગુરુની પાસે પોતાના દોષોને પ્રગટ કરીને તેની શુદ્ધિ કરે છે.

[૧૭૩] આ રીતે મરણકાળના સમયે મુનિને વિશુદ્ધ પ્રવ્રજ્યા ઉત્પન્ન થાય છે. જે સાધુ મરણ સમયે મોહ પામતા નથી, તેને આરાધક કહેલાં છે.

[૧૭૪,૧૭૫] હે મુમુક્ષુ આત્મા ! વિનય, આચાર્યના ગુણ, શિષ્યના ગુણ, વિનય નિગ્રહના ગુણ, જ્ઞાનગુણ, ચરણગુણ, મરણગુણની વિધિ સાંભળીને, તમે એવી રીતે વર્તો કે જેથી ગર્ભાવાસના વસવાટથી તથા મરણ, પુનર્ભવ, જન્મ અને દુર્ગતિના પતનથી સર્વથા મુક્ત બની શકાય.

**ચંદ્રવેધ્યક પ્રકીર્ણકસૂત્ર ૭/૨, આગમ-૩૦/૨નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ મૂળ સૂત્રાનુવાદ પૂર્ણ**





# ૩૧ ગણિવિદ્યા પ્રકીર્ણકસૂત્ર-૮

## મૂળ-સૂત્રાનુવાદ

*૦ આ પયન્નાની કોઈ વૃત્તિ, અવચૂરી આદિ અમે જોયેલ નથી, તેથી અહીં માત્ર મૂળસૂત્રનો અનુવાદ મૂકેલ છે.*

*૦ કોઈ જ વૃત્તિ આદિ ન હોવાથી માત્ર સૂત્રક્રમ જ અહીં નોંધાશે, પરંતુ આ પયન્નામાં બધી જ ગાથા જ હોવાથી અત્રે ગાથા-૧, ગાથા-૨, ગાથા-૩ એ પ્રમાણેની નોંધ કરેલ છે.*

*૦ આ પયન્નાની ૮૫ ગાથાનો ક્રમશઃ અનુવાદ આ રીતે –*

**● ગાથા-૧ :-**

પ્રવચન શાસ્ત્રમાં જે રીતે દેખાડેલ છે, એવું આ જિનભાષિત વચન છે, વિદ્વાનોએ પ્રશંસેલ છે, તેવી ઉત્તમ નવ બલ વિધિની બળાબળ વિધિ હું કહીશ–

**● ગાથા-૨ :-**

આ ઉત્તમ નવ બળ વિધિ આ પ્રમાણે – દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહદિન, મુહૂર્ત, શકુનબળ, લગ્નબળ, નિમિત્તબળ.

**● ગાથા-૩ :-**

ઉભય પક્ષમાં દિવસે હોરા બળવાન્ છે, રાત્રે તે દુર્બળ છે, બલાબલ વિધિને રાત્રિમાં વિપરીત જાણવી.

**● ગાથા-૪ થી ૮ :-**

એકમે લાભ નથી, બીજે વિપત્તિ છે, ત્રીજે અર્થ સિદ્ધિ, પાંચમે વિજય આગળ રહે છે, સાતમામાં ઘણાં ગુણ છે, તેમાં શંકા નથી. દશમીએ પ્રસ્થાન કરતાં માર્ગ નિષ્કંટક બને છે. એકાદશીએ આરોગ્યમાં વિઘ્ન રહિતતા અને કલ્યાણને જાણવું. જે અમિત્ર થયા છે, તે તેરસ પછી વશ થાય છે. ચૌદશ, પૂનમ, આઠમ, નોમ, છટ્ઠ, ચોથ, બારસ એ ઉભય પક્ષમાં વર્જવી. એકમ, પાંચમ, દશમ, પૂર્ણિમા, અગિયારસ આ દિવસે શિષ્ય દિક્ષા કરવી.

**● ગાથા-૯,૧૦ :-**

તિથિઓ પાંચ છે – નંદા, ભદ્રા, વિજયા, તુચ્છા, પૂર્ણા. છ વખત એક મહિનામાં આ એક એક અનિયત વર્તે છે.

નંદા, જયા, પૂર્ણા તિથિમાં શિષ્ય દીક્ષા કરવી, નંદા-ભદ્રામાં વ્રત, પૂર્ણામાં અનશન કરવું.

**● ગાથા-૧૧ થી ૧૩ :-**

પુષ્ય, અશ્વિની, મૃગશિર્ષ, રેવતી, હસ્ત, ચિત્રા, અનુરાધા, જયેષ્ઠા અને મૂળ આ નવ નક્ષત્ર ગમન માટે સિદ્ધ છે.

મૃગશિર્ષ, મઘા, મૂળ, વિશાખા, અનુરાધા, હસ્ત, ઉત્તરા, રેવતી, અશ્વિની

અને શ્રવણ આ નક્ષત્રમાં માર્ગે પ્રસ્થાન અને સ્થાન કરવું પણ આ કાર્ય અવસરે ગ્રહણ કે સંધ્યા હોવા ન જોઈએ.

આ રીતે સ્થાન-પ્રસ્થાન કરનારને સદા માર્ગમાં ભોજન, પાન, પુષ્કળ ફળ-ફૂલ પ્રાપ્ત થાય અને જતાં પણ ક્ષેમકુશળ પામે.

**● ગાથા-૧૪ થી ૧૭ :-**

સંધ્યાગત, રવિગત, વિડ્ડેર, સગ્રહ, વિલંબી, રાહુગત અને ગ્રહભિન્ન આ સર્વે નક્ષત્રો વર્જવા. [જેની વ્યાખ્યા કરે છે—]

અસ્ત સમયનું નક્ષત્ર તે સંધ્યાગત, જેમાં સૂર્ય રહેલો હોય તે રવિગત નક્ષત્ર. ઉલટું પડતું હોય તે વિડ્ડેર નક્ષત્ર.

ક્રુર ગ્રહ રહેલો હોય તે સગ્રહ નક્ષત્ર. સૂર્યે છોડેલું તે વિલંબી નક્ષત્ર. જેમાં ગ્રહણ થાય તે રાહુગત નક્ષત્ર. જેની મધ્યમાંથી ગ્રહો પસાર થાય તે ગ્રહભિન્ન નક્ષત્ર કહેવાય.

**● ગાથા-૧૮ થી ૨૦ :-**

સંધ્યાગત નક્ષત્રમાં ઝઘડો થાય છે. વિલંબી નક્ષત્રમાં વિવાદ થાય છે. વિડ્ડેર નક્ષત્રમાં સામાનો જય થાય.

આદિત્યગત નક્ષત્રમાં પરમ દુઃખ પ્રાપ્ત થાય. સગ્રહ નક્ષત્રમાં નિગ્રહ થાય છે. રાહુગત નક્ષત્રમાં મરણ થાય.

ગ્રહભિન્ન નક્ષત્રમાં લોહીની ઉલટી થાય.

સંધ્યાગત, રાહુગત, આદિત્ય ગત નક્ષત્રો દુર્બળ અને રૂક્ષ છે.

સંધ્યાદિ ચાર અને ગ્રહનક્ષત્રથી વિમુક્ત, બાકીના નક્ષત્રોને તમારે બળવાન્ જાણવા.

**● ગાથા-૨૧ થી ૨૮ :-**

પુષ્ય, હસ્ત, અભિજિત, અશ્વિની, ભરણી-આ નક્ષત્રોમાં પાદોપગમન કરવું. શ્રવણ, ધનિષ્ઠા, પુનર્વસુમાં દીક્ષા ન કરવી.

શતભિષા, પુષ્ય, હસ્ત નક્ષત્રમાં વિદ્યારંભ કરવો. મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણે પૂર્વા, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા. આ દશ નક્ષત્રોને જ્ઞાનના વૃદ્ધિકારક નક્ષત્રો કહેલાં છે.

પુનર્વસુ, પુષ્ય, શ્રવણ, ધનિષ્ઠા એ ચારમાં લોચકર્મ કરવું. ત્રણ ઉત્તરા અને રોહિણીમાં નવદીક્ષિતને નિષ્ક્રમણ-દીક્ષા, ઉપસ્થાપના - વડી દીક્ષા, ગણિ અને વાચકની અનુજ્ઞા કરવી, ગણસંગ્રહ કરવો, ગણધરની સ્થાપના કરવી તથા અવગ્રહ, વસતિ, સ્થાનમાં સ્થિરતા કરવી.

**● ગાથા-૨૯,૩૦ :-**

પુષ્ય, હસ્ત, અભિજિત, અશ્વિની. આ ચાર નક્ષત્ર કાર્યારંભ માટે સુંદર અને સમર્થ છે.

હવે કયા કાર્યો છે તે જણાવે છે —



વિદ્યા ધારણ કરવી, બ્રહ્મયોગ સાધના, સ્વાધ્યાય, અનુજ્ઞા, ઉદ્દેશ અને સમુદ્દેશના કાર્યો કરવા.

**● ગાથા-૩૧,૩૨ :-**

અનુરાધા, રેવતી, ચિત્રા, મૃગશિર્ષ. આ ચાર મૃદુ નક્ષત્રો છે, તે નક્ષત્રોમાં મૃદુ કાર્યો કરવા.

ભિક્ષાચરણથી પીડિને ગ્રહણ ધારણ કરવું.

બાળ અને વૃદ્ધો માટે સંગ્રહ-ઉપગ્રહ કરવો.

**● ગાથા-૩૩,૩૪ :-**

આર્દ્રા, આશ્લેષા, જ્યેષ્ઠા અને મૂલ. આ ચાર નક્ષત્રમાં ગુરુપ્રતિમા અને તપકર્મ કરવું.

— દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગો સહેવા.

— મૂળગુણ - ઉત્તરગુણની પુષ્ટિ કરવી.

**● ગાથા-૩૫,૩૬ :-**

મઘા, ભરણી, ત્રણે પૂર્વાને ઉગ્ર નક્ષત્રો કહ્યા છે.

તેમાં બાહ્ય - અભ્યંતર તપ કરવો. ૩૬૦ તપ કર્મ કહેલાં છે, ઉગ્ર નક્ષત્રના યોગમાં તે સિવાયના તપ કરવા.

**● ગાથા-૩૭,૩૮ :-**

કૃતિકા અને વિશાખા આ બે ઉષ્ણ નક્ષત્રમાં લેપન અને સીવણ તથા સંથારો - અવગ્રહ ધારણ કરવા.

ઉપકરણ, ભાંડાદિ, વિવાદ, અવગ્રહ અને વસ્ત્રો ધારણ કરવા. આચાર્ય દ્વારા ઉપકરણ અને વિભાગ કરવા.

**● ગાથા-૩૯ થી ૪૧ :-**

ધનિષ્ઠા, શતભિષા, સ્વાતિ, શ્રવણ, પુનર્વસુ. આ નક્ષત્રોમાં ગુરુસેવા, ચૈત્યપૂજન, સ્વાધ્યાયકરણ કરવા.

વિદ્યાગ્રહણ અને વિરતિ કરાવવી.

વ્રત, ઉપસ્થાપના, ગણિ તથા વાચકની અનુજ્ઞા કરવી.

ગણસંગ્રહ, શિષ્યદીક્ષા અને ગણાવચ્છેદક થકી સંગ્રહ અને અવગ્રહ કરવો.

**● ગાથા-૪૨ થી ૪૪ :-**

બવ, બાલવ, કોલવ, સ્ત્રીલોચન, ગર-આદિ, વણિજ, વિષ્ટી, એ શુક્લ પક્ષના નિશાદિ કરણો છે.

શકુનિ, ચતુષ્પાદ, નાગ, કિંસ્તુઘ્ન એ ધ્રુવ કરણો છે.

કૃષ્ણ ચૌદશની રાત્રિના શકુનિકરણ હોય છે.

તિથિને બમણી કરી અંધારી રાત ન ગણતા સાત વડે ભાગ કરતાં જે શેષ ભાગ રહે તે કરણ.

[સામાન્ય વ્યવહારમાં એક તિથિના બે કરણ કહ્યાં છે.]

● ગાથા-૪૫,૪૬ :-

બવ, બાલવ, કૌલવ, વણિજ્, નાગ, ચતુષ્પાદ. આ કરણોમાં શિષ્યની દીક્ષા કરવી.

બવમાં વ્રત ઉપસ્થાપન, ગણિ-વાચકની અનુજ્ઞા કરવી.

શકુનિ અને વિષ્ટિ કરણમાં અનશન કરવું.

● ગાથા-૪૭,૮૮ :-

ગુરુ, શુક્ર અને સોમ દિવસોમાં શૈક્ષ નિષ્ક્રમણ, વ્રત ઉપસ્થાપન અને ગણિ-વાચકની અનુજ્ઞા કરવી.

રવિ, મંગળ, શનિના દિવસમાં મૂળગુણ – ઉત્તરગુણ, તપકર્મ અને પાદપોપગમન કરવું.

● ગાથા-૪૯ થી ૫૫ :-

– રુદ્ર વગેરે મુહૂર્તો ૯૬-અંગુલ છાયા પ્રમાણ છે.

– ૬૦ અંગુલ છાયાએ શ્રેય, બારે મિત્ર, છે અંગુલે આરભટ, પાંચ અંગુલે સૌમિત્ર, ચારે વાયવ્ય, બે અંગુલે સુપ્રતિત મુહૂર્ત થાય છે, એ પ્રમાણે જાણ.

– મધ્યાહ્ન સ્થિતે પરિમંડલ મુહૂર્ત થાય છે.

– બે અંગુલે રોહણ, ચાર અંગુલ છાયા એ પુનર્બલ મુહૂર્ત થાય છે. પાંચ અંગુલ છાયાએ વિજય મુહૂર્ત છે.

– છ એ નૈર્ઋત થાય, બાર અંગુલ છાયાએ વરુણ, ૬૦ અંગુલે અધર્મ અને દ્વીપ મુહૂર્ત થાય છે.

– ૯૬ અંગુલ છાયા પ્રમાણે એ રાત્રિ-દિવસના મુહૂર્ત કહ્યા.

– દિવસ મુહૂર્ત ગતિ વડે છાયાનું પ્રમાણ જાણવું.

● ગાથા-૫૬ થી ૫૮ :-

મિત્ર, નંદ, સુસ્થિત, અભિજિત, ચંદ્ર, વારુણ, અગ્નિવેશ્ય, ઈસાન, આનંદ અને વિજય...

આ મુહૂર્ત યોગમાં શિષ્ય દીક્ષા, વ્રત ઉપસ્થાપના અને ગણિવાચકની અનુજ્ઞા કરવી.

બંભ, વલય, વાયુ, વૃષભ અને વરુણ મુહૂર્ત-યોગમાં મોક્ષ-ઉત્તમાર્થને માટે પાદપોપગમન અનશન કરવું.

● ગાથા-૫૯ થી ૬૪ :-

– પુંનામધેય શકુનોમાં શિષ્ય દીક્ષા કરવી.

– સ્ત્રી નામી શકુનોમાં વિદ્વાનો સમાધિ સાધે.

– નપુંસક શકુનોમાં સર્વે કર્મોનું વર્જન કરવું.

– વ્યામિશ્ર નિમિત્તોમાં સર્વે આરંભો વર્જવા.

– તિર્યંચ બોલે ત્યારે માર્ગ ગમન કરવું.

– પુષ્પફલિત વૃક્ષ જુએ તો સ્વાધ્યાય ક્રિયા કરવી.



– વૃક્ષની ડાળ ફૂટવાના અવાજે શિલ્પની ઉપસ્થાપના કરવી.

– આકાશે ગડગડાટીમાં ઉત્તમાર્થ સાધના કરવી.

– બિલમૂલના અવાજથી સ્થાનને ગ્રહણ કરવું.

– વજ્રના ઉત્પાતના શુકન થાય તો મરણ થાય.

– પ્રકાશ શકુનોમાં હર્ષ અને સંતોષ વિકુર્વવો.

● ગાથા-૬૪ થી ૬૮ :-

– ચલ રાશિ લગ્નમાં શિષ્ય દીક્ષા કરવી.

– સ્થિર રાશિ લગ્નમાં વ્રત ઉપસ્થાપના અને શ્રુત સ્કંધની અનુજ્ઞા, ઉદ્દેશ અને સમુદ્દેશ કરવા.

– દ્વિરાશિ લગ્નમાં મૂળગુણ-ઉત્તરગુણ શિક્ષા આપવી.

– ખૂણા દિશા લગ્નમાં ઉત્તમાર્થ સાધવો. એ પ્રમાણે લગ્નબળ જાણવું અને દિશા તથા ખૂણા વિશે સંશય ન કરવો.

● ગાથા-૬૯ થી ૭૧ :-

– સૌમ્ય ગ્રહ લગ્નમાં હોય ત્યારે શિષ્ય દીક્ષા-કરવી.

– ક્રુર ગ્રહ લગ્નમાં હોય ત્યારે ઉત્તમાર્થ સાધવો.

– રાહુ કે કેતુ લગ્નમાં હોય ત્યારે સર્વ કર્મો વર્જવા.

– પ્રશસ્ત લગ્નોમાં પ્રશસ્ત કાર્યો કરવા, અપ્રશસ્ત લગ્નોમાં સર્વે કાર્યો વર્જવા, જિનેશ્વર ભાષિત ગ્રહોના લગ્નો જાણવા જોઈએ.

● ગાથા-૭૨ :-

– નિમિત્તો નષ્ટ થતાં નથી, ઋષિભાષિત મિથ્યા થતું નથી.

– દુર્દિષ્ટ નિમિત્તો વડે વ્યવહાર નાશ પામે છે અને સુદૃષ્ટ નિમિત્તો વડે વ્યવહાર નાશ પામતો નથી.

● ગાથા-૭૩ થી ૭૯ :-

જે ઉત્પાતિકી ભાષા, જે બાળકો બોલે તે ભાષા, સ્ત્રીઓ જે બોલે તે ભાષા, તેનો વ્યતિક્રમ નથી.

તે જાત વડે તે જાતનું, તે સરખા વડે સરખું, તદ્રૂપથી તાદ્રપ્ય અને સદૃશથી સદૃશ નિર્દેશ થાય છે.

– સ્ત્રી-પુરુષના નિમિત્તોમાં શિષ્ય દીક્ષા કરવી.

– નપુંસક નિમિત્તોમાં સર્વે કાર્યો વર્જવા.

– વ્યામિશ્ર નિમિત્તોમાં સર્વ આરંભ વર્જવો.

– નિમિત્તો કૃત્રિમ નથી, નિમિત્તો ભાવિને દર્શાવે છે, જેના વડે સિદ્ધ પુરુષો નિમિત્ત-ઉત્પત્ લક્ષણને જાણે છે.

– પ્રશસ્ત-દૃઢ અને બળવાન્ નિમિત્તોમાં શિલ્પ દીક્ષા, વ્રત સ્થાપના, ગણ સંગ્રહ કરવો, ગણધર સ્થાપના કરવી. શ્રુતસ્કંધ અને ગણિ-વાચકની અનુજ્ઞા કરવી.

● ગાથા-૮૦,૮૧ :-

અપ્રશસ્ત, નિર્બળ અને શિથિલ નિમિત્તોમાં સર્વે કાર્યો વર્જવા અને આત્મ સાધના કરવી.

પ્રશસ્ત નિમિત્તોમાં હંમેશાં પ્રશસ્ત કાર્યો આરંભવા.

અપ્રશસ્ત નિમિત્તોમાં સર્વે કાર્યો વર્જવા.

● ગાથા-૮૨ થી ૮૪ :-

– દિવસ કરતાં તિથિ બળવાન્ છે.
– તિથિ કરતાં નક્ષત્ર બળવાન્ છે.
– નક્ષત્ર કરતાં કરણ બળવાન્ છે.
– કરણથી ગ્રહદિન બળવાન્ છે.
– ગ્રહદિનથી મુહૂર્ત્ત બળવાન્ છે.
– મુહૂર્ત્તથી શકુન બળવાન્ છે.
– શકુનથી લગ્ન બળવાન્ છે.
– તેના કરતાં નિમિત્ત પ્રધાન છે, વિલગ્ન નિમિત્તથી નિમિત્ત બળ ઉત્તમ છે, નિમિત્ત પ્રધાન છે. નિમિત્તથી બળવાન્ આ લોકમાં કશુંયે નથી.

● ગાથા-૮૫ :-

આ રીતે સંક્ષેપથી બળ-નિર્બળ વિધિ સુવિહિત દ્વારા કહેવાઈ છે. જે અનુયોગ જ્ઞાન ગ્રાહ્ય છે અને તે અપ્રમત્તપણે જાણવી જોઈએ.

**ગણિવિદ્યા પ્રકીર્ણક-સૂત્ર-૮, આગમ-૩૧-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો સૂત્રાનુવાદ પૂર્ણ**



# ૩૨ દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણકસૂત્ર-૯

## મૂળ-સૂત્રાનુવાદ

*૦ આ પયન્નાસૂત્રની કોઈ વૃત્તિ કે અવચૂરી આદિ હોવાનું અમારી જાણમાં નથી, માટે મૂળ સૂત્રનો અનુવાદ માત્ર અહીં કરેલ છે.*

*૦ સૂત્ર અને વિવેચન એવા બે વિભાગ ન હોવાથી, અમે અહીં માત્ર સૂત્રની જ નોંધ કરેલ છે.*

*૦ આખું સૂત્ર ગાથા બદ્ધ હોવાથી ગાથા-૧, ગાથા-૨ એ પ્રમાણે અમોએ અહીં ક્રમ નિર્દેશ કરેલો છે.*

*૦ આ સૂત્ર-૩૦૮ ગાથાત્મક છે, જે ક્રમશઃ આ પ્રમાણે –*

● ગાથા-૧ થી ૩ :-

ત્રૈલોક્ય ગુરુ, ગુણોથી પરિપૂર્ણ, દેવ અને મનુષ્યો વડે પૂજિત, ઋષભ આદિ જિનવર તથા અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાન મહાવીરને નમસ્કાર કરીને –

નિશ્ચે આગમવિદ્ કોઈ શ્રાવક, સંધ્યાકાળના પ્રારંભે

જેણે અહંકાર જિત્યો છે તેવા વર્ધમાન મહાવીર સ્વામીની સ્તુતિ કરે છે, તે સ્તુતિ કરતાં –

શ્રાવકની પત્ની સુખપૂર્વક સામે બેસી, સમભાવથી બંને હાથ જોડી વર્ધમાન સ્વામીની સ્તુતિ સાંભળે છે.

● ગાથા-૪ :-

તિલકરૂપી રત્ન અને સૌભાગ્યસૂચક ચિહ્નથી અલંકૃત્ ઈન્દ્રની પત્નીની સાથે અમે પણ –

માન ચાલ્યુ ગયું છે તેવા વર્ધમાન સ્વામીના ચરણોમાં વંદના કરીએ છીએ.

● ગાથા-૫ :-

વિનયથી પ્રણામ કરવાને કારણે જેમના મુગટ શિથિલ થઈ ગયા છે, તે દેવો દ્વારા અદ્વિતીય યશવાળા અને ઉપશાંત રોષવાળા વર્ધમાન સ્વામીના ચરણો વંદિત થયા છે.

● ગાથા-૬ :-

જેમના ગુણો દ્વારા બત્રીશ દેવેન્દ્રો પુરી રીતે પરાજિત કરાયા છે, તેથી તેમના કલ્યાણકારી ચરણોનું અમે ધ્યાન કરી રહ્યા છીએ. [મંગલાચરણ કર્યુ.]

● ગાથા-૭ થી ૧૦ :-

તે શ્રાવક પત્ની પોતાના પ્રિયને કહે છે કે આ રીતે જે બત્રીશ દેવેન્દ્રો કહેવાયા છે, તે વિશે મારી જિજ્ઞાસા સંતોષવા વિશેષ વ્યાખ્યા કરો –

તે બત્રીશ ઈન્દ્રો (૧) કેવો છે ? (૨) ક્યાં રહે છે ? (૩) કોની કેવી સ્થિતિ

છે ? (૪) ભવન-પરિગ્રહ કેટલો છે ?

(૫) કોના વિમાન કેટલા છે ? (૬) કેટલા ભવન છે ? (૭) કેટલા નગર છે ? (૮) ત્યાંની પૃથ્વીની પહોળાઈ-ઉંચાઈ કેવી છે ?

(૯) તે વિમાનોનો વર્ણ કેવો છે ? (૧૦) આહારનો જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટકાળ કેટલો છે ?

(૧૧) શ્વાસોચ્છ્‌વાસ, અવધિજ્ઞાન કેવા છે ? તે કહો.

● **ગાથા-૧૧ :-**

જેણે વિનય અને ઉપચાર દૂર કર્યા છે, હાસ્યરસને સમાપ્ત કર્યો છે, તેવી પ્રિયા દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેના પતિ કહે છે — હે સુતનુ ! સાંભળો.

● **ગાથા-૧૨,૧૩ :-**

પ્રશ્નના ઉત્તરરૂપ શ્રુતજ્ઞાનરૂપી સાગરથી જે વાત ઉપલબ્ધ છે, તેમાં ઈન્દ્રોની નામાવલીને સાંભળો.

અને વીર દ્વારા પ્રણામ કરાયેલ તે જ્ઞાનરૂપી રત્ન કે જે તારાગણની પંક્તિ જેમ શુદ્ધ છે, તેને પ્રસન્ન ચિત્તે સાંભળો.

● **ગાથા-૧૪ થી ૧૯ :-**

હે વિકસિત નયનોવાળી સુંદરી !

રત્નપ્રભા પૃથ્વીમાં રહેવાવાળા, તેજોલેશ્યાથી સહિત વીશ ભવનપતિ દેવોના નામ મારી પાસે શ્રવણ કરો.

(૧) અસુરોના બે ભવનપતિ ઈન્દ્રો - ચમરેન્દ્ર, અસુરેન્દ્ર.

(૨) નાગકુમારના બે ઈન્દ્રો - ધરણ, ભૂતાનંદ.

(૩) સુવર્ણકુમારના બે ઈન્દ્રો - વેણુદેવ, વેણુદાલી.

(૪) ઉદધિકુમારના બે ઈન્દ્રો - જલકાંત, જલપ્રભ.

(૫) દ્વીપકુમારના બે ઈન્દ્રો - પૂર્ણ, વશિષ્ટ.

(૬) દિશાકુમારના બે ઈન્દ્રો - અમિતગતિ અને અમિતવાહન.

(૭) વાયુકુમારના બે ઈન્દ્રો - વેલંબ, પ્રભંજન.

(૮) સ્તનિતકુમારના બે ઈન્દ્રો - ઘોષ, મહાઘોષ.

(૯) વિદ્યુત્કુમારના બે ઈન્દ્રો - હરિકાંત, હરિસ્સહ.

(૧૦) અગ્નિકુમારના બે ઈન્દ્રો - અગ્નિશિખ, અગ્નિમાનવ.

● **ગાથા-૨૦ થી ૨૭ :-**

હે વિકસિત યશ અને વિકસિત નયનોવાળી !

સુખપૂર્વક ભવનમાં બેસેલી સુંદરી !

મેં જે આ ૨૦-ઈન્દ્રો કહ્યા, તેમનો ભવન પરિગ્રહ સાંભળ !

— તે ચમરેન્દ્ર, વૈરોચન, અસુરેન્દ્ર મહાનુભવોના શ્રેષ્ઠ ભવનોની સંખ્યા ૬૪ લાખ છે.

— તે ભૂનંદ અને ધરણ નામના બંને નાગકુમાર ઈન્દ્રોના શ્રેષ્ઠ ભવનોની



સંખ્યા ૮૪-લાખ છે.

— હે સુંદરી !

વેમુદેવ અને વેણુદાલી એ બંને સુવર્ણ ઈન્દ્રોના ભવનોની સંખ્યા-૭૨ લાખની છે.

આ રીતે અસુરેન્દ્રાદિના ભવનોની સંખ્યા આ પ્રમાણે —

(૧) અસુરકુમારેન્દ્રની ભવનસંખ્યા-૬૪ લાખ,

(૨) નાગકુમારેન્દ્રની ભવન સંખ્યા-૮૪ લાખ,

(૩) સુવર્ણકુમારેન્દ્રની ભવન સંખ્યા-૭૨ લાખ,

(૪) વાયુકુમારેન્દ્રની ભવન સંખ્યા-૯૬ લાખ,

(૫થી૧૦) દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર આ છ એ યુગલોની ભવન સંખ્યા પ્રત્યેકની ૭૬ લાખ - ૭૬ લાખ છે.

હે લીલાસ્થિત સુંદરી ! હવે આ ઈન્દ્રોની સ્થિતિ અર્થાત્ આયુષ્ય વિશેષને ક્રમથી સાંભળ —

● **ગાથા-૨૮ થી ૩૦ :-**

હે સુંદરી !

(૧) ચમરેન્દ્રની ઉત્કૃષ્ટ આયુ સ્થિત એક સાગરોપમ.

(૨) બલિ અને (૩) વૈરોચન ઈન્દ્રની પણ એ જ છે.

(૪) ચમરેન્દ્ર સિવાયના બાકીના દક્ષિણે દિશાના ઈન્દ્રોની ઉત્કૃષ્ટ આયુ-સ્થિતિ દોઢ પલ્યોપમ છે.

(૫) બલિ સિવાયના બાકીના ઉત્તર દિશાના ઈન્દ્રો છે, તેની આયુસ્થિતિ કંઈક ન્યૂન બે પલ્યોપમ છે.

● **ગાથા-૩૧ થી ૩૮ :-**

આ બધું આયુ-સ્થિતિનું વિવરણ છે.

હવે તું ઉત્તમ ભવનવાસી દેવોના સુંદર નગરોનું, સુંદરી ! માહાત્મ્ય છે તે સાંભળ.

સંપૂર્ણ રત્નપ્રભા પૃથ્વીમાં ૧૧,૦૦૦ યોજન છે.

— તેમાં ૧૦૦૦ યોજન જતાં ભવનપતિના નગર છે.

— આ (નગર) ભવન બધાં અંદરથી ચતુષ્કોણ અને બહારથી ગોળાકાર છે.

— તે સ્વાભાવિક રીતે અત્યંત સુંદર, રમણીય, નિર્મળ અને વજરત્નના બનેલા છે.

— ભવન નગરોના પ્રાકાર સોનાના બનેલા છે.

— શ્રેષ્ઠ કમળની પાખંડી ઉપર રહેલા આ ભવનો વિવિધ મણીઓથી શોભિત અને સ્વભાવથી મનોહારી છે.

— લાંબા સમય સુધી ન મુરઝાનારી પુષ્પમાળા અને ચંદનથી બનાવેલા દરવાજાથી યુક્ત છે.

— તે નગરોના ઉપરના ભાગ પતાકાથી શોભે છે તેથી તે શ્રેષ્ઠ નગર રમણીય છે.

– તે શ્રેષ્ઠ દ્વાર આઠ યોજન ઉંચા છે અને તેની ઉપરનો ભાગ લાલ કળશોથી સજાવેલ છે, ઉપર સોનાના ઘંટ બાંધ્યા છે.

– આ ભવનોમાં ભવનપતિ દેવ શ્રેષ્ઠ તરુણીના ગીત અને વાદ્યોના અવાજને કારણે નિત્ય સુખયુક્ત અને પ્રમુદિત રહી પસાર થતાં સમયને જાણતાં નથી.

● ગાથા-૩૯ થી ૪૨ :-

(૧) ચમરેન્દ્ર, (૨) ધરણેન્દ્ર, (૩) વેણુદેવ, (૪) પૂર્ણ, (૫) જલકાંત, (૬) અમિત ગતિ, (૭) વેલંબ, (૮) ઘોષ, (૯) હરિ અને (૧૦) અગ્નિશીખ.

આ ભવનપતિ ઈન્દ્રોના મણિરત્નોથી જડિત, સ્વર્ણસ્તંભ અને રમણીય લતામંડપ યુક્ત ભવન...

દક્ષિણ દિશામાં હોય છે. ઉત્તર દિશા અને તેની આસપાસ બાકીના ઈન્દ્રોના ભવનો હોય છે.

દક્ષિણ દિશા તરફ (૧) અસુરકુમારના ૩૪ લાખ, (૨) નાગકુમારના ૪૪-લાખ, (૩) સુવર્ણકુમારના ૪૮-લાખ, (૪ થી ૯) દ્વીપ, ઉદધિ, વિદ્યુત, સ્તનિત અને અગ્નિકુમારના પ્રત્યેકના ચાલીશ-ચાલીશ લાખ અને (૧૦) વાયુકુમારના ૫૦-લાખ ભવન હોય છે.

ઉત્તરદિશા તરફ (૧) અસુરકુમારના ૩૦ લાખ, (૨) નાગ કુમારના ૪૦-લાખ, (૩) સુવર્ણકુમારના-૩૪ લાખ, (૪) વાયુકુમારના ૪૬-લાખ, (૫ થી ૯) દ્વીપ, ઉદધિ, વિદ્યુત્, સ્તનિત અને અગ્નિકુમાર એ પાંચેના પ્રત્યેકના છત્રીશ-છત્રીશ લાખ ભવનો છે.

● ગાથા-૪૩ થી ૪૫ :-

બધાં વૈમાનિક અને ભવનપતિ ઈન્દ્રોની ત્રણ પર્ષદા હોય.

– એ બધાના ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, સામાનિક અને ચાર ગણા આત્મરક્ષક દેવો હોય છે.

– દક્ષિણ દિશાના ભવનપતિના-૬૪,૦૦૦.

– ઉત્તર દિશાના ભવનપતિના-૬૦,૦૦૦.

– વાણ વ્યંતરોના ૬૦૦૦,

– જ્યોતિષ્કેન્દ્રોના ૪૦૦૦ સામાનિક દેવો હોય છે.

– એ જ પ્રમાણે ચમરેન્દ્ર અને બલીન્દ્રની પાંચ અગ્રમહિષી અને બાકીના ભવનપતિની છ અગ્રમહિષીઓ હોય છે.

● ગાથા-૪૬ થી ૫૦ :-

એ રીતે જંબૂદ્વીપમાં બે, માનુષોત્તર પર્વતમાં ચાર, અરુણ સમુદ્રમાં છ અને અરુણ દ્વીપમાં આઠ, ભવનપતિ આવાસ છે.

– જે નામના સમુદ્ર કે દ્વીપમાં તેમની ઉત્પત્તિ થાય છે.

– અસુર, નાગ અને ઉદધિકુમારોના આવાસ અરુણવર સમુદ્રમાં હોય છે, તેમાં જ તેની ઉત્પત્તિ થાય છે.

– દ્વીપ, દિશા, અગ્નિ અને સ્તનિતકુમારોના આવાસો અરુણવરદ્વીપમાં હોય



છે, તેમાં જ તેમની ઉત્પત્તિ થાય છે.

– વાયુકુમાર અને સુવર્ણકુમાર ઈન્દ્રોના આવાસ માનુષોત્તર પર્વત ઉપર હોય છે.

– હરિ અને હરિસ્સહ દેવોના આવાસ વિદ્યુત્પ્રભ અને માલ્યવંત પર્વતો ઉપર હોય છે.

● ગાથા-૫૧ થી ૬૫ :-

હે સુંદરી ! આ ભવનપતિ દેવોમાં જેનું જે બળ-વીર્ય પરાક્રમ છે, તેનું યથાક્રમથી, આનુપૂર્વી પૂર્વક વર્ણન કરું છું.

– અસુર અને અસુરકન્યા દ્વારા જે સ્વામીત્વનો વિષય છે, તેનું ક્ષેત્ર જંબૂદ્વીપ અને ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની સુધી છે, આ જ સ્વામીત્વ બલિ અને વૈરોચનનું પણ છે.

– ધરણ અને નાગરાજ જંબૂદ્વીપને ફેણથી આચ્છાદિત કરી શકે છે. તેમજ ભૂતાનંદ માટે જાણવું.

– ગરુડેન્દ્ર અને વેણુદેવ પાંખ દ્વારા જંબૂદ્વીપને આચ્છાદિત કરી શકે ચે, તેવું જ વેણુદાલીનું જાણવું.

– જલકાંત અને જલપ્રભ એક જ જલતરંગ દ્વારા જંબૂદ્વીપને ભરી દઈ શકે છે.

– અમિતગતિ અને અમિતવાહન પોતાના એક પગની એડીથી સંપૂર્ણ જંબૂદ્વીપને કંપાવી શકે છે.

– વેલંબ અને પ્રભંજન એક વાયુના ગુંજન દ્વારા આખા જંબૂદ્વીપને ભરી શકે છે.

– હે સુંદરી ! ઘોષ અને મહાઘોષ એક મેઘગર્જના શબ્દતી જંબૂદ્વીપને બહેરો કરી શકે છે.

– હરિ અને હરિસ્સહ એક વિદ્યુત્ થકી આખા જંબૂદ્વીપને પ્રકાશિત કરી શકે છે.

– અગ્નિશીખ અને અગ્નિમાનવ એક અગ્નિ જ્વાળાથી આખા જંબૂદ્વીપને બાળી શકે છે.

– હે સુંદરી! તીર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે. આમાંનો કોઈપણ એક ઈન્દ્ર પોતાના રૂપો દ્વારા આ દ્વીપ અને સમુદ્રને અવગાહી શકે છે.

– કોઈપણ સમર્થ ઈન્દ્ર જંબૂદ્વીપને ડાબા હાથે છત્રની જેમ ધારણ કરી શકે છે.

– મેરુ પર્વતને પરિશ્રમ વિના ગ્રહણ કરી શકે છે.

– કોઈ એક શક્તિશાળી ઈન્દ્ર જંબૂદ્વીપને છત્ર અને મેરુ પર્વતને દંડ બનાવી શકે છે.

આ એ બધાં ઈન્દ્રોનું બળ વિશેષ છે.

● ગાથા-૬૬ થી ૬૮ :-

સંક્ષેપથી આ ભવનપતિઓના ભવનની સ્થિતિ કહી.

– હવે વ્યંતરના ભવનપતિની સ્થિતિ સાંભળો પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, એ વાણવ્યંતર દેવોના આઠ પ્રકારો છે. આ

વાણવ્યંતર દેવોને સંક્ષેપથી મેં કહ્યા —

હવે એક એક કરીને સોળ ઈન્દ્રો અને ઋદ્ધિ કહીશ.

● **ગાથા-૬૯ થી ૭૨ :-**

કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિંનર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અનિકાય, મહાકાય, ગીતરતિ અને ગીત યશ.

આ સોળ વાણ વ્યંતરેન્દ્રો છે.

વાણવ્યંતરોના ભેદમાં સંનિહિત, સમાન, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ, પતંગપતિ.

આ અંતર્ભૂત્ બીજા ૧૬ વાણવ્યંતરેન્દ્ર જાણવા.

● **ગાથા-૭૩ થી ૮૦ :-**

વ્યંતર દેવ ઉર્ધ્વ, અધો, તીર્છાલોકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં નિવાસ કરે છે.

તેના ભવનો રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ભાગમાં હોય છે. એકૈક યુગલમાં નિયમા અસંખ્યાતા શ્રેષ્ઠભવન છે.

તે વિસ્તારથી સંખ્યાત યોજનવાળા છે. જેના વિવિધ ભેદ આ પ્રમાણે છે —

તે ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ સમાન, જઘન્યથી ભરતક્ષેત્ર સમાન અને મધ્યમથી વિદેહ ક્ષેત્ર સમાન હોય ચે.

જેમાં વ્યંતર દેવો શ્રેષ્ઠ તરણીના ગીત અને સંગીતના અવાજને કારણે નિત્ય સુખયુક્ત અને આનંદિત રહેતાં પસાર થતાં સમયને જાણતાં નથી.

મણિ-સુવર્ણ અને રત્નોનાં સ્તૂપ અને સોનાની વેદિકાથી યુક્ત એવા તેમના ભવન દક્ષિણ દિશા તરફ હોય છે અને બાકીના ઉત્તર દિશા પાસે હોય છે.

આ વ્યંતર દેવોનું જઘન્ય આયુ ૧૦,૦૦૦ વર્ષ છે અને ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમ છે.

આ રીતે વ્યંતર દેવોના ભવન અને સ્થિતિ સંક્ષેપથી કહી છે, હવે શ્રેષ્ઠ જ્યોતિષ્ક દેવોના આવાસનું વિવરણ સાંભળ.

● **ગાથા-૮૧ થી ૮૬ :-**

ચંદ્ર, સૂર્ય, તારાગણ, નક્ષત્ર અને ગ્રહગણ સમૂહ એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો કહ્યા છે.

હવે તેમની સ્થિતિ અને ગતિ કહીશ.

તીર્છાલોકમાં જ્યોતિષીઓના અર્ધકપિત્થ ફળના આકારવાળા સ્ફટિક રત્નમય રમણીય અસંખ્યાત વિમાન છે.

રત્નપ્રભા પૃથ્વીના સમભૂતળા ભાગથી ૭૯૦ યોજન ઉંચાઈએ તેમનું નિમ્નતળ છે.

— સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજને સૂર્ય છે.

— એ જ રીતે ૮૮૦ યોજન ઉંચે ચંદ્ર સ્થિત છે.

— એ પ્રમાણે જ્યોતિષ્ક દેવ વિસ્તાર ૧૧૦ યોજન છે.

— એક યોજનમાં ૬૧ ભાગ કરીએ, તો તે ૬૧ ભાગમાં ૫૬ ભાગ જેટલું ચંદ્ર પરિમંડલ હોય છે.



— સૂર્યનો આયામ-વિષ્કંભ ૪૮ ભાગ જેટલો હોય છે.

— જેમાં જ્યોતિષ્ક દેવ શ્રેષ્ઠ તરુણીના ગીત અને વાદ્યોના અવાજના કારણે નિત્ય સુખ અને પ્રમોદથી પસાર થતાં તે દેવો કાળને જાણતા નથી.

● **ગાથા-૮૭ થી ૯૧ :-**

એક યોજનના ૬૧-ભાગમાંથી ૫૬ ભાગ વિસ્તારવાળું ચંદ્રમંડલ હોય છે અને ૨૮ ભાગ જેટલી પહોળાઈ હોય છે.

૪૮ ભાગ જેટલાં વિસ્તારવાળું સૂર્યમંડલ અને ૨૪ ભાગ જેટલી પહોળાઈ હોય છે.

ગ્રહો અર્ધયોજન વિસ્તારમાં તેનાથી અર્ધ વિસ્તારમાં નક્ષત્ર સમૂહ અને તેનાથી અર્ધ વિસ્તારમાં તારા સમૂહ હોય છે. તેમાં અર્ધ વિસ્તાર પ્રમાણ તેની પહોળાઈ છે.

એક યોજનનું અડધું બે ગાઉ થાય છે. તેમાં ૫૦૦ ધનુષ્ હોય છે.

આ ગ્રહ-નક્ષત્રસમૂહ અને તારા વિમાનોનો વિસ્તાર છે, જેનો જે આયામ વિષ્કંભ છે, તેનાથી અડધી પહોળાઈ તેની છે તેનાથી ત્રણ ગણી પરિધિ છે, એમ જાણ.

● **ગાથા-૯૨,૯૩ :-**

— ચંદ્ર-સૂર્ય વિમાનોનું વહન ૧૬,૦૦૦ દેવ કરે છે.

— ગ્રહ વિમાનોનું વહન ૮૦૦૦ દેવ કરે છે.

— નક્ષત્ર વિમાનોનું વહન ૪૦૦૦ દેવ કરે છે.

— તારા વિમાનોનું વહન ૨૦૦૦ દેવ કરે છે.

— તે દેવો પૂર્વમાં સિંહ, દક્ષિણમાં હાથી, પશ્ચિમમાં બળદ અને ઉત્તરમાં ઘોડા રૂપે વહન કરે છે.

● **ગાથા-૯૪ થી ૯૬ :-**

— ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એક એકથી તે જ ગતિએ ચાલે છે - ગતિ કરે છે.

— ચંદ્રની ગતિ સૌથી ઓછી છે.

— તારાની ગતિ સૌથી તેજ છે.

— એ પ્રમાણે જ્યોતિષ્ક દેવની ગતિ વિશેષ જાણવી.

— ઋદ્ધિમાં તારા, નક્ષત્ર, ગ્રહ, સૂર્ય, ચંદ્ર એ એક એક કરતાં વધુ ઋદ્ધિવાન્ જાણવા.

● **ગાથા-૯૭ થી ૧૦૦ :-**

— બધામાં અભ્યંતર નક્ષત્ર અભિજિત છે.

— સૌથી બાહ્ય નક્ષત્ર મૂળ છે.

— સૌથી ઉપર સ્વાતિ અને નીચે ભરણી નક્ષત્ર છે.

— નિશ્ચયથી ચંદ્ર અને સૂર્યની વચ્ચે બદાં ગ્રહ-નક્ષત્ર હોય છે. ચંદ્ર અને સૂર્યની બરાબર નીચે અને બરાબર ઉપર તારા [નામે જ્યોતિષ્ક વિમાન] હોય છે.

— તારાઓનું પરસ્પર જઘન્ય અંતર ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટ અંતર ૪૦૦૦ ધનુષ્ [બે ગાઉ] હોય છે.

— વ્યવધાનની અપેક્ષાથી તારાઓનું અંતર જઘન્ય ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટ - ૧૨,૨૪૨ યોજન છે.

● **ગાથા-૧૦૧ થી ૧૦૪ :-**

આ ચંદ્રયોગની ૬૭ ખંડિત અહોરાત્રિ, નવ મુહૂર્ત અને ૨૭-કળા હોય છે.

— શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા આ છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત સંયોગવાળા છે.

— ત્રણે ઉત્તરા નક્ષત્ર, પુનર્વસુ, રોહિણી, વિશાખા આ છ નક્ષત્રો ચંદ્રમા સાથે ૪૫-મુહૂર્તનો સંયોગ કરે છે.

— બાકી પંદર નક્ષત્રો ચંદ્રમા સાથે ૩૦ મુહૂર્તનો સંયોગ કરે છે. આ રીતે ચંદ્રમા સાથે નક્ષત્રયોગ જાણવો.

● **ગાથા-૧૦૫ થી ૧૦૮ :-**

અભિજિત નક્ષત્ર સૂર્ય સાથે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત એક સાથે ગમન કરે છે.

એ જ પ્રકારે બાકીના સંબંધે કહું છું —

શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા આ છ નક્ષત્ર અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત સૂર્ય સાથે રહે છે.

ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા એ છ નક્ષત્રો ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત સુધી સૂર્ય સાથે રહે છે.

બાકીના ૧૫ નક્ષત્રો ૧૩ અહોરાત્ર અને ૧૨-મુહૂર્ત પર્યન્ત સૂર્ય સાથે ભ્રમણ કરે છે.

● **ગાથા-૧૦૯ થી ૧૨૬ :-**

બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ એ બધાં જંબૂદ્વીપમાં વિચરે છે.

લવણ સમુદ્રમાં ૪-ચંદ્ર, ૪-સૂર્ય, ૧૧૨ નક્ષત્ર, ૩૫૨ ગ્રહો અને ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ ભ્રમણ કરે છે.

ધાતકીખંડમાં ૧૨-ચંદ્ર, ૧૨-સૂર્ય, ૩૩૬ નક્ષત્ર, ૧૦૫૬ ગ્રહો અને ૮,૦૩,૭૦૦ કોડાકોડી તારાગણ વિચરે છે.

કાલોદધિ સમુદ્રમાં તેજસ્વી કિરણોથી યુક્ત ૪૨-ચંદ્ર, ૪૨-સૂર્ય, ૧૧૭૬ નક્ષત્રો, ૩૬૯૬ ગ્રહો, ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ છે.

એ જ રીતે પુષ્કરવરદ્વીપમાં ૧૪૪-ચંદ્ર, ૧૪૪-સૂર્ય, ૪૦૩૨ નક્ષત્રો, ૧૨,૬૩૨ ગ્રહો, ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ વિચરે છે.

અર્ધપુષ્કરવરદ્વીપમાં તેનાથી અડધા અર્થાત્ ૭૨ ચંદ્ર, ૭૨-સૂર્ય આદિ વિચરણ કરે છે.



આ રીતે સમસ્ત મનુષ્ય લોકને ૧૩૨-ચંદ્ર, ૧૩૨-સૂર્યો, ૧૧૬૧૬ મહાગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો, ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણનો સમૂહ પ્રકાશિત કરે છે [તેમ જાણ.]

● **ગાથા-૧૨૭ થી ૧૨૯ :-**

— સંક્ષેપથી મનુષ્યલોકમાં આ નક્ષત્ર સમૂહ કહ્યો

— મનુષ્યલોકની બહાર જિનેન્દ્રો દ્વારા અસંખ્યાત તારા કહેલા છે. આ રીતે મનુષ્યલોકમાં સૂર્ય આદિ ગ્રહો કહ્યા છે, તે કદંબ વૃક્ષના ફૂલના આકાર સમાન વિચરણ કરે છે.

— આ રીતે મનુષ્ય લોકમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર કહ્યા છે, જેના નામ-ગોત્ર સાધારણ બુદ્ધિવાળા મનુષ્યો કહી શકતા નથી.

● **ગાથા-૧૩૦ થી ૧૩૬ :-**

— મનુષ્યલોકમાં ચંદ્રો અને સૂર્યોની ૬૬ પિટકો છે.

— એક એક પિટકમાં બબ્બે ચંદ્ર અને સૂર્ય છે.

— નક્ષત્ર આદિની ૬૬-પિટકો છે, એક એક પિટકમાં ૫૬-૫૬ નક્ષત્રો છે. મહાગ્રહો ૧૭૬ છે.

એ જ રીતે મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યની ચાર-ચાર પંક્તિ છે, એક એક પંક્તિમાં ૬૬-૬૬ નક્ષત્રો છે.

ગ્રહોની પંક્તિ ૭૬ હોય છે. દરેકમાં ૬૬-૬૬ ગ્રહો હોય છે.

ચંદ્ર, સૂર્ય અને ગ્રહ સમૂહ અનવસ્થિત સંબંધથી તેર મેરુ પર્વતની પરિક્રમા કરતાં બધા મેરુ પર્વતની મંડલાકાર પ્રદક્ષિણા કરે છે.

● **ગાથા-૧૩૭ થી ૧૪૦ :-**

એ જ રીતે નક્ષત્રો અને ગ્રહોના નિત્યમંડળ પણ જાણવા.

તે પણ મેરુ પર્વતની પ્રદક્ષિણા મંડલાકારે કરે છે.

ચંદ્ર અને સૂર્યની ગતિ ઉપર-નીચે હોતી નથી, પણ અંદર-બહાર તીર્છી અને મંડલાકાર હોય છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષ્કોના પરિભ્રમણ વિશેષ દ્વારા મનુષ્યોના સુખ અને દુઃખની ગતિ હોય છે.

તે જ્યોતિષ્ક દેવ નજીક હોય તો તાપમાન નિયમા વધે છે અને દૂર હોય તો તાપમાન ઘટે છે.

તેમનું તાપક્ષેત્ર કલંબુક પુષ્પના સંસ્થાન સમાન હોય છે.

ચંદ્ર અને સૂર્યનું તાપક્ષેત્ર અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત હોય છે.

● **ગાથા-૧૪૧ થી ૧૪૬ :-**

કયા કારણે ચંદ્રમાં વધે છે, કયા કારણે ક્ષીણ થાય છે ?

અથવા કયા કારણે ચંદ્રની જ્યોત્સના અને કાલિમા થાય ?

રાહુનું કાળું વિમાન હંમેશાં ચંદ્રમાની સાથે ચાર આંગળ નીચે નિરંતર ગમન કરે છે. શુક્લપક્ષમાં ચંદ્રમાં ૬૨-૬૨ ભાગ રાહુથી અનાવૃત્ત થતો રોજ વધે છે.

કૃષ્ણ પક્ષમાં તેટલાં જ સમયમાં રાહુથી આવૃત્ત થતા ઘટે છે. ચંદ્રમાંના પંદર ભાગ ક્રમશઃ રાહુના ૧૫ ભાગોથી અનાવૃત્ત થતાં જાય છે અને પછી આવૃત્ત થતાં જાય છે.

એ કારણે ચંદ્રમા વૃદ્ધિ અને હાનિને પામે છે.

એ જ કારણે જ્યોત્સ્ના અને કાલિમા આવે છે.

**• ગાથા-૧૪૭,૧૪૮ :-**

મનુષ્યલોકમાં ઉત્પન્ન અને સંચરણ કરવાવાળા —

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર સમૂહ આદિ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો હોય છે— [તે તું જાણ.] —

મનુષ્યલોકની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા, નક્ષત્ર છે તેની ગતિ પણ નથી, સંચરણ પણ નથી. તેથી આ સૂર્યાદિ બધાંને સ્થિર જ્યોતિષ્ક જાણવા.

**• ગાથા-૧૪૯ થી ૧૫૧ :-**

આ ચંદ્ર અને સૂર્ય જંબૂદ્વીપમાં બે-બે છે.

— લવણ સમુદ્રમાં ચાર-ચાર હોય છે. — ધાતકીખંડમાં બાર-બાર હોય છે.

— એટલે કે જંબૂદ્વીપમાં બેગણાં, લવણ સમુદ્રમાં ચારગણા, ધાતકીખંડમાં બારગણાં હોય છે.

— ધાતકીખંડના આગળના ક્ષેત્રમાં અર્થાત્ દ્વીપ, સમુદ્રમાં સૂર્ય-ચંદ્રની સંખ્યાની તેની પૂર્વેના દ્વીપ-સમુદ્રની સંખ્યા કરતાં ત્રણ ગણાં કરી તથા તેમાં પૂર્વના ચંદ્ર અને સૂર્યોની સંખ્યા ઉમેરી જાણવા જોઈએ. [જેમકે — કાલોદધિ સમુદ્રમાં ૪૨-૪૨ ચંદ્ર સૂર્ય વિચરે છે. તો આ સંખ્યાનું ગણિત આ પ્રમાણે —]

— પૂર્વના લવણ સમુદ્રમાં સૂર્ય-ચંદ્ર ૧૨-૧૨ છે.

— તેના ત્રણ ગણાં કરો એટલે ૩૬-૩૬ સંખ્યા આવે.

— તેમાં પૂર્વના ૨ + ૪ ચંદ્ર-સૂર્ય ઉમેરો.

— તેથી ૩૬ + ૪ + ૨ = ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય સંખ્યા થાય. આ પ્રમાણે આગળ-આગળના દ્વીપાદિમાં ગણવું.

**• ગાથા-૧૫૨ :-**

જો તું દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ, તારાની સંખ્યા જાણવા ઈચ્છતી હો તો — [ગણન રીત—]

એક ચંદ્ર પરિવારની સંખ્યાથી ગુણા કરવાથી તે દ્વીપ-સમુદ્રના નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા જાણવી.

**• ગાથા-૧૫૩ થી ૧૫૬ :-**

માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર, સૂર્ય અવસ્થિત છે, ત્યાં ચંદ્ર અભિજિત નક્ષત્રના યોગવાળો અને સૂર્ય પુષ્ય નક્ષત્રના યોગવાળો હોય છે. [તે તું જાણ.]

સૂર્યથી ચંદ્ર અને ચંદ્રથી સૂર્યનું અંતર-૫૦ હજાર યોજન કરતાં ઓછું હોતું નથી.

ચંદ્રનું ચંદ્રથી અને સૂર્યનું સૂર્યથી અંતર ૧-લાખ યોજન.

ચંદ્રથી સૂર્ય અંતરિત છે અને પ્રદીપ્ત સૂર્યથી ચંદ્રમાં અંતરિત છે, તે અનેક





વર્ણના કિરણોવાળો છે.

**• ગાથા-૧૫૭,૧૫૮ :-**

એક ચંદ્ર પરિવારના ૮૮ ગ્રહો અને ૨૮ નક્ષત્રો હોય છે ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે.

**• ગાથા-૧૫૯ થી ૧૬૧ :-**

સૂર્ય દેવોની આયુ સ્થિતિ ૧૦૦૦ વર્ષ અધિક એક પલ્યોપમ કહી છે, ચંદ્ર દેવની સ્થિતિ એક લાખ વર્ષાધિક એક પલ્યોપમ છે.

ગ્રહોની સ્થિતિ ૧-પલ્યોપમ, નક્ષત્રોની સ્થિતિ અર્ધ પલ્યોપમ, તારાની સ્થિતિ ૧/૪ [પા] પલ્યોપમ છે.

જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક લાખ વર્ષ-પલ્યોપમ કહી છે.

**• ગાથા-૧૬૨ :-**

મેં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક દેવની સ્થિતિ કહી. હવે મહાન્ ઋદ્ધિવાળા ૧૨-કલ્પપતિ ઈન્દ્રોનું વિવરણ —

**• ગાથા-૧૬૩ થી ૧૬૮ :-**

પહેલા સૌધર્મપતિ, બીજા ઈશાનપતિ, ત્રીજા-સનત્કુમાર, ચોથા માહેન્દ્ર, પાંચમાં બ્રહ્મ, છટ્ઠા લાંતક...

સાતમા મહાશુક્ર, આઠમાં સહસ્રાર, નવમાં આનત, દશમાં પ્રાણત, અગિયારમાં આરણ, બારમાં અચ્યુત.

આ રીતે બાર કલ્પપતિ ઈન્દ્ર કલ્પોના સ્વામી હોય છે. તે ઈન્દ્રો સિવાય દેવોને આજ્ઞા દેનાર બીજું કોઈ નથી.

આ કલ્પવાસીની ઉપર જે દેવગણ છે, તે સ્વશાસિત ભાવનાથી ઉત્પન્ન થાય છે. કેમકે ગ્રૈવેયકમાં અન્યરૂપ અર્થાત્ દાસભાવ કે સ્વામી ભાવથી ઉત્પત્તિ સંભવ નથી.

જે સમ્યક્ દર્શનથી પતિત પણ શ્રમણ વેશને ધારણ કરે છે, તેમની પણ ઉત્પત્તિ ઉત્કૃષ્ટ રૂપે ગ્રૈવેયક સુધી થાય.

**• ગાથા-૧૬૯ થી ૧૭૩ :-**

અહીં સૌધર્મ કલ્પપતિ શક્ર મહાનુભવના બત્રીશ લાખ વિમાનોનું કથન કરાયેલ છે.

ઈશાનેન્દ્રના ૨૮ લાખ, સનત્કુમારના ૧૨-લાખ વિમાનો.

માહેન્દ્રના ૮-લાખ, બ્રહ્મલોકના ૪-લાખ વિમાનો.

લાંતકના ૫૦-હજાર, મહાશુક્રના ૪૦-હજાર વિમાનો.

સહસ્રારના ૬-હજાર, આણત-પ્રાણતના ૪૦૦, આરણ-અચ્યુતના ૩૦૦ વિમાનો કહેલાં છે.

અર્થાત્ ઉક્ત સંખ્યામાં વિમાનોનું અધિપતિપણું. તે-તે ઈન્દ્રો [કલ્પસ્વામી] ભોગવે છે.

● ગાથા-૧૭૪ થી ૧૮૬ :-

આ પ્રકારે હે સુંદરી ! જે કલ્પમાં જેટલાં વિમાનો કહ્યા છે, તે કલ્પસ્થિતિ વિશેષને સાંભળ.

શક્રમહાનુભવની બે સાગરોપમ, ઈશાનેન્દ્રની સાધિક બે સાગરોપમ કલ્પસ્થિતિ કહી છે.

સનત્કુમારેન્દ્રની સાત, માહેન્દ્રની સાધિક સાત સાગરોપમ.

બ્રહ્મલોકેન્દ્રની દશ, લાંતકેન્દ્રની ચૌદ સાગરોપમ.

મહાશુક્રેન્દ્રની સત્તર, સહસ્રારેન્દ્રની અઢાર સાગરોપમ.

આનત કલ્પમાં-૧૯, પ્રાણત કલ્પમાં-૨૦ સાગરોપમ.

આરણ કલ્પમાં-૨૧, અચ્યુત કલ્પમાં-૨૨ સાગરોપમ. એ પ્રમાણે આયુ સ્થિતિ જાણવી. હવે અનુત્તર અને ગ્રૈવેયક વિમાનોનો વિભાગ સાંભળો.

અધો, મધ્ય અને ઉર્ધ્વ એ ત્રણે ગ્રૈવેયક છે. તે પ્રત્યેકના ત્રણ-ત્રણ પ્રકારો છે, એ રીતે નવ ગ્રૈવેયક છે — સુદર્શન, અમોઘ, સુપ્રબુદ્ધ, યશોધર, વત્સ, સુવત્સ, સુમનસ, સોમનસ અને પ્રિયદર્શન. અધો ગ્રૈવેયકમાં-૧૧૧, મધ્યમ ગ્રૈવેયકમાં-૧૦૭ અને ઉર્ધ્વ ગ્રૈવેયકમાં-૧૦૦ [એમ કુલ-૩૧૮ વિમાનો છે.]

અનુત્તરોપપાતિકમાં પાંચ વિમાન કહ્યા છે.

હે નમિતાંગિ! સૌથી નીચે વાળા ગ્રૈવેયકોના દેવોનું આયુ ૨૩-સાગરોપમ છે. બાકીના ઉપરના આઠમાં ક્રમશઃ એક-એક સાગરોપમની આયુ-સ્થિતિ વધતી જાય છે.

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત એ ચારે વિમાન ક્રમશઃ પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરમાં સ્થિત છે. મધ્યમાં સર્વાર્થ સિદ્ધ નામે પાંચમું વિમાન છે.

આ બધાં વિમાનોની સ્થિતિ ૩૩-સાગરોપમ ઉત્કૃષ્ટ કહી છે, પણ સર્વાર્થસિદ્ધમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ છે.

● ગાથા-૧૮૭,૧૮૮ :-

નીચે-ઉપરના બબ્બે કલ્પયુગલ અર્થાત્ આ આઠ વિમાન અર્ધ ચંદ્રાકાર છે, મધ્યના ચાર પૂર્ણ ચંદ્રાકાર છે. ગ્રૈવેયક દેવોના વિમાનો ત્રણ-ત્રણ પંક્તિમાં છે, અનુત્તર વિમાન પુષ્પાકારે હોય છે.

● ગાથા-૧૮૯,૧૯૦ :-

સૌધર્મ અને ઈશાન એ બે કલ્પોમાં દેવ-વિમાન ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે.

સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ એ ત્રણ કલ્પોમાં દેવ વિમાનો ઘનવાત ઉપર પ્રતિષ્ઠિત છે.

લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણે કલ્પોમાં દેવવિમાનો ઘનોદધિ અને ઘનવાત બંને ઉપર પ્રતિષ્ઠિત છે.

તેનાથી ઉપરના બધાં વિમાનો આકાશાંતર પ્રતિષ્ઠિત છે. આ રીતે ઉર્ધ્વલોકના વિમાનોની આધારવિધિ કહી.



● ગાથા-૧૯૧ થી ૧૯૩ :-

ભવનપતિ અને વ્યંતર દેવોમાં કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા [એ ચાર લેશ્યા] હોય છે.

જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનમાં તેજોલેશ્યા હોય છે.

સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકમાં પદ્મલેશ્યા હોય છે.

તેમની ઉપરના દેવલોકોમાં શુક્લલેશ્યા હોય છે.

સૌધર્મ અને ઈશાન બે કલ્પોવાળા દેવોનો વર્ણ તપેલા સોના જેવો, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકના દેવોનો વર્ણ પદ્મ જેવો શ્વેત અને તેની ઉપરના દેવોનો વર્ણ શુક્લ હોય છે.

● ગાથા-૧૯૪ થી ૧૯૮ :-

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક એ ત્રણે પ્રકારના દેવોની ઉંચાઈ સાત હાથ પ્રમાણ છે. હે સુંદરી ! હવે ઉપરના કલ્પપતિ દેવોની ઉંચાઈ —

— સૌધર્મ અને ઈશાનની સાત હાથ પ્રમાણ છે. — તેની ઉપર બબ્બે કલ્પ સમાન હોય છે, અને એક-એક હાથ પ્રમાણ માપ ઘટતું જાય છે.

— ગ્રૈવેયકોની ઉંચાઈ બે હાથ પ્રમાણ હોય છે.

— અનુત્તર વિમાનવાસીની એક હાથ પ્રમાણ હોય.

— એક કલ્પથી બીજા કલ્પના દેવોની સ્થિતિ સાગરોપમથી અધિક હોય છે, અને ઉંચાઈ તેનાથી ૧૧ ભાગ ઓછી હોય છે.

— વિમાનોની ઉંચાઈ અને પૃથ્વીની જાડાઈ, તે બંનેનું પ્રમાણ ૩૨૦૦ યોજન હોય છે.

● ગાથા-૧૯૯ થી ૨૦૨ :-

ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવોની કામક્રીડા શારીરિક હોય છે.

હે સુંદરી ! હવે તું કલ્પપતિઓની કામક્રીડા સાંભળ —

— સૌધર્મ અને ઈશાન કલ્પમાં જે દેવો છે, તેમની કામક્રીડા શારીરિક હોય છે, જ્યારે સાનત્કુમાર દેવો અને માહેન્દ્ર દેવો એ બંને માત્ર સ્પર્શ દ્વારા કામક્રીડાને અનુભવે છે. — બ્રહ્મ અને લાંતકના દેવોની કામક્રીડા ચક્ષુ દ્વારા છે. — મહાશુક્ર, સહસ્રાર દેવોની કામક્રીડા શ્રોત્ર દ્વારા છે. — આનતાદિ ચારે કલ્પના દેવોની કામક્રીડા મનથી છે. — તેની ઉપરના દેવોમાં કામક્રીડા હોતી નથી.

● ગાથા-૨૦૩,૨૦૪ :-

ગોશીર્ષ, અગરુ, કેતકીના પાન, પુન્નાગના ફૂલ, બકૂલની ગંધ, ચંપક અને કમલની ગંધ અને તગરાદિની સુગંધ દેવોમાં હોય.

આ ગંધવિધિ સંક્ષેપથી ઉપમા દ્વારા કહી.

દેવતાઓ દૃષ્ટિથી સ્થિર અને સ્પર્શથી સુકુમાર હોય છે.

● ગાથા-૨૦૫ થી ૨૦૮ :-

ઉર્ધ્વલોકમાં વિમાન સંખ્યા - ૮૪,૯૭,૦૨૩ :- — તેમાં પુષ્પાકૃતિવાળા

૮૪,૮૯,૧૫૪ છે. – તેમાં શ્રેણિબદ્ધ વિમાનો ૭૮૭૪ છે.

– તે સિવાયના વિમાનો પુષ્પકર્ણિકાકાર હોય છે.

વિમાનોની પંક્તિનું અંતર નિશ્ચયથી અસંખ્યાત યોજન અને પુષ્પકર્ણિકાકાર વિમાનોનું અંતર સંખ્યાત યોજન છે.

**● ગાથા-૨૦૯ થી ૨૧૩ :-**

આવલિકા પ્રવિષ્ટ વિમાન ગોળાકાર, ત્રિકોણ અને ચતુષ્કોણ હોય છે, જ્યારે પુષ્પકર્ણિકાની સંરચના અનેકાકારે હોય છે.

વર્તુળાકાર વિમાન કંકણાકૃતિ જેવા, ત્રિકોણ વિમાન શીંગોડા જેવા, ચતુષ્કોણ વિમાન પાસે જેવા હોય છે.

એક અંતર, પછી ચતુષ્કોણ, પછી વર્તુળ, પછી ત્રિકોણ એ રીતે વિમાનો રહેલાં હોય છે.

વિમાનોની પંક્તિ વર્તુળાકાર ઉપર વર્તુળાકાર, ત્રિકોણ ઉપર ત્રિકોણ, ચતુષ્કોણ ઉપર ચતુષ્કોણ હોય છે.

બધાં વિમાનોનું અવલંબન દોરડાની જેમ ઉપરથી નીચે અને એક છેડાથી બીજા છેડા સુધી સમાન હોય છે.

**● ગાથા-૨૧૪ થી ૨૧૬ :-**

બધાં વર્તુળાકાર વિમાન પ્રાકારથી ઘેરાયેલા અને

ચતુષ્કોણ વિમાનો ચારે દિશામાં વેદિકાયુક્ત કહ્યા છે.

જ્યાં વર્તુળાકાર વિમાન હોય છે, ત્યાં જ ત્રિકોણ વિમાનોની વેદિકા હોય છે, બાકીનાને પાર્શ્વભાગે પ્રાકાર હોય છે.

બધાં વર્તુળાકાર વિમાન એક દ્વારવાળા હોય છે.

ત્રિકોણ વિમાન ત્રણ અને ચતુષ્કોણ વિમાન ચાર દ્વારવાળા હોય છે. [આ વર્ણન કલ્પપતિના વિમાનનું જાણવું.]

**● ગાથા-૨૧૭,૨૧૮ :-**

૦ ભવનપતિ દેવોના ૭ કરોડ, ૭૨ લાખ ભવનો હોય છે. – આ ભવનોનું સંક્ષિપ્ત કથન કહેલ છે. ૦ તીર્છાલોકમાં ઉત્પન્ન થનારા વાણવ્યંતર દેવોના અસંખ્યાત ભવનો હોય છે. ૦ તેનાથી સંખ્યાતગણાં જ્યોતિષ્ક દેવોના વિમાન હોય.

**● ગાથા-૨૧૯ :-**

– વિમાનવાસી દેવો અલ્પ છે. – તેના કરતાં વ્યંતરદેવો અસંખ્યાતગણાં છે.

– તેનાથી સંખ્યાતગણાં અધિક જ્યોતિષ્ક દેવો છે.

**● ગાથા-૨૨૦ :-**

સૌધર્મ દેવલોકમાં દેવીઓના અલગ વિમાનોની સંખ્યા છ લાખ કેહવાયેલી છે. [તેમ જાણ.] આ સંખ્યા ઈશાન કલ્પમાં ચાર લાખ હોય છે.

**● ગાથા-૨૨૧ થી ૨૨૪ :-**

– પાંચ પ્રકારના અનુત્તર દેવો ગતિ, જાતિ અને દૃષ્ટિ અપેક્ષા થકી શ્રેષ્ઠ છે,



અનુપમ વિષય સુખવાળા છે.

– જે રીતે સર્વ શ્રેષ્ઠ ગંધ, રૂપ અને શબ્દ હોય છે, તે રીતે સચિત્ત પુદ્‌ગલોના પણ સર્વશ્રેષ્ઠ રસ, સ્પર્શ અને ગંધ આ દેવોને હોય છે. [તેમ તું જાણ.]

જેમ ભ્રમર વિકસિત કળા, વિકસિત કમલ રજ અને શ્રેષ્ઠ કુસુમની મકરંદનું સુખપૂર્વક પાલન કરે છે. [તે રીતે આ દેવો પૌદ્‌ગલિક વિષયોને સેવે છે.]

હે સુંદરી ! આ દેવો શ્રેષ્ઠ કમળ જેવા શ્વેતવર્ણવાળા, એક જ ઉત્પત્તિ સ્થાનમાં નિવાસ કરનારા અને તે ઉત્પત્તિ સ્થાનથી વિમુક્ત થઈને સુખનો અનુભવ કરે છે–

**● ગાથા-૨૨૫ થી ૨૩૨ :-**

હે સુંદરી ! અનુત્તર વિમાનવાસી દેવોને ૩૩,૦૦૦ વર્ષ પુરા થાય ત્યારે આહારની ઈચ્છા થાય છે.

મધ્યવર્તી આયુ ધારણ કરનારા દેવને ૧૬,૫૦૦ વર્ષ પુરા થાય ત્યારે આહાર ગ્રહણેચ્છા થાય છે.

જે દેવ ૧૦ હજાર વર્ષના આયુને ધારણ કરે છે, તેનો આહાર એક એક દિવસના અંતરે હોય છે.

હે સુંદરી ! ૧ વર્ષ અને સાડાચાર મહિને અનુત્તરવાસી દેવોને શ્વાસોચ્છ્‌વાસ હોય છે.

હે સુતનું ! મધ્યમ આયુને ધારણ કરવાવાળા દેવોને આઠ માસ અને સાડા સાત દિવસે શ્વાસોચ્છ્‌વાસ હોય છે.

જઘન્ય આયુ ધારણ કરવાવાળા દેવતાને શ્વાસોચ્છ્‌વાસ સાત સ્તોક પૂર્ણ થતાં હોય છે.

દેવોને જેટલાં સાગરોપમની જેની સ્થિતિ, તેટલાં પખવાડીયે તેમને શ્વાસોચ્છ્‌વાસ હોય છે અને એટલાં જ હજાર વર્ષે તે દેવોને આહારની ઈચ્છા થાય છે.

આ રીતે આહાર અને શ્વાસોચ્છ્‌વાસ મેં વર્ણવ્યો.

હે સુંદરી ! હવે જલ્દી તેના સૂક્ષ્મ અંતરને હું ક્રમશઃ કહીશ.

**● ગાથા-૨૩૩ થી ૨૪૦ :-**

હે સુંદરી ! આ દેવોનો જે વિષય જેટલી અવધિનો હોય છે તેનું હું આનુપૂર્વી ક્રમથી વર્ણન કરીશ.

– સૌધર્મ અને ઈશાન દેવ નીચે એક નરક સુધી, સનત્કુમાર અને માહેન્દ્ર બીજી નરક સુધી જુએ છે.

– બ્રહ્મ અને લાંતક ત્રીજી નારક સુધી, શુક્ર અને સહસ્રાર ચોથી નરક સુધી, આનત-પ્રાણત તથા આરણ-અચ્યુત દેવો પાંચમી નરક સુધી પોતાના અવધિજ્ઞાનથી જુએ છે.

– મધ્યવર્તી ગ્રૈવેયક દેવો છઠ્ઠી નજીક સુધી, ઉપરના ગ્રૈવેયકના દેવો સાતમી નરક સુધી અવધિ વડે જુએ છે.

– પાંચ અનુત્તરવાસી સંપૂર્ણ લોકનાડીને જુએ છે.

– અડધા સાગરોપમથી ઓછા આયુષ્યવાળા દેવો અવધિજ્ઞાનથી તીર્છુ સંખ્યાત યોજન જુએ છે.

– તેનાથી અધિક ૨૫-સાગરોપમવાળાનો અવધિ વિષય પણ જઘન્યથી સંખ્યાત યોજન હોય છે.

તેનાથી વધારે આયુવાળા દેવો તીર્છુ અસંખ્યાત દ્વીપસમુદ્ર સુધી અવધિથી જાણે છે.

ઉપર બધાં દેવો પોતાના કલ્પની ઉંચાઈ સુધી જાણે.

અબાહ્ય અર્થાત્ જન્મથી અવધિજ્ઞાનવાળા નારકી, દેવ, તીર્થંકર પૂર્ણપણે જુએ છે, બાકીના દેશથી જુએ છે.

મેં સંક્ષેપથી આ અવધિજ્ઞાન વિષયક વર્ણન કર્યું.

હવે વિમાનોના રંગ, જાડાઈ, ઉંચાઈ કહીશ.

● **ગાથા-૨૪૧ થી ૨૪૬ :-**

સૌધર્મ અને ઈશાન કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૭૦૦ યોજન છે અને તે રત્નથી ચિત્રિત જેવી છે.

સુંદર મણિની વેદિકાથી યુક્ત, વૈડૂર્યમણિના સ્તુપોથી યુક્ત, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત એવાં ઘણાં પ્રાસાદ આ વિમાનમાં હોય છે. - જેમાં દેવતા વસે છે.

તેમાં જે કૃષ્ણ વિમાન છે, તે સ્વભાવથી અંજન ધાતુસમ તથા મેઘ અને કાકસમાન વર્ણવાળા છે.

જે લીલારંગના વિમાન છે, તે સ્વભાવથી મેદક ધાતુ સમાન અને મોરની ગર્દન જેવા વર્ણવાળા છે.

જે દીપશિખાના રંગવાળા વિમાન છે, તે જાસુદ પુષ્પ, સૂર્ય જેવા અને હિંગુલ ધાતુ સમાન વર્ણવાળા છે.

જે કોરંટક ધાતુ સમાન રંગવાળા વિમાન છે, તે ખિલેલા ફૂલની કર્ણિકા સમાન અને હળદર જેવા પીળા રંગના છે.

● **ગાથા-૨૪૭ થી ૨૫૨ :-**

આ દેવતાઓ કદી ન મુરઝાનારી માળાવાળા, નિર્મળ દેહવાળા, સુગંધિત શ્વાસવાળા, અવ્યવસ્થિત વયવાળા, સ્વયં પ્રકાશમાન અને અનિમેષ આંખવાળા હોય છે.

બધાં દેવતા ૭૨-કળામાં પંડિત હોય છે.

ભવસંક્રમણની પ્રક્રિયામાં તેનો પ્રતિપાત હોય છે.

શુભ કર્મોના ઉદયવાળા તે દેવોનું શરીર સ્વાભાવિક તો આભુષણ રહિત હોય છે, પણ પોતાની ઈચ્છાનુસાર વિકુર્વેલા આભુષણને દેવો ધારણ કરે છે.

સૌધર્મ-ઈશાનના આ દેવો માહાત્મ્ય, વર્ણ, અવગાહના, પરિમાણ અને આયુ મર્યાદા આદિ સ્થિતિ વિશેષમાં હંમેશાં ગોળ સરસવની સમાન એકરૂપ હોય છે.

આ કલ્પોમાં લીલા, પીળા, લાલ, શ્વેત અને કાળા વર્ણના ૫૦૦ ઉંચા પ્રાસાદ શોભે છે.



ત્યાં સેંકડો મણીઓથી જડિત ઘણાં પ્રકારના આસન, શય્યા, સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમય માળા અને વિવિધ પ્રકારના અલંકારો રહેલાં હોય છે.

● **ગાથા-૨૫૩ થી ૨૫૫ :-**

સાનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૬૦૦ યોજન છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત છે.

ત્યાં લીલા, પીળા, લાલ, સફેદ, કાળા એવા ૬૦૦ ઉંચા પ્રાસાદો શોભી રહેલા કહ્યા છે. ત્યાં સેંકડો મણીઓથી જડિત, ઘણાં પ્રકારના આસન-શય્યા-સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમયવાળા, અલંકાર હોય છે.

● **ગાથા-૨૫૬ થી ૨૫૮ :-**

બ્રહ્મ અને લાંતક કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૫૦૦ યોજન હોય છે. તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિની વેદિકાથી યુક્ત, વૈડૂર્ય મણિઓની સ્તૂપિકા યુક્ત, રત્નમયમાલા અને અલંકારોથી યુક્ત ઘણાં પ્રકારના પ્રાસાદો આ વિમાનોમાં હોય છે.

ત્યાં લાલ, પીળા અને સફેદ વર્ણવાળા ૭૦૦ ઉંચા પ્રાસાદો શોભાયમાન રહેલાં છે.

● **ગાથા-૨૫૯ થી ૨૬૨ :-**

શુક્ર અને સહસ્રાર કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૪૦૦ યોજન હોય છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણી અને વેદિકા, વૈડૂર્ય મણિની સ્તુપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત એવાં ઘણાં પ્રકારના પ્રાસાદ ઉક્ત બંને કલ્પના વિમાનોમાં હોય છે.

પીળા અને સફેદ વર્ણવાળા ૮૦૦ ઉંચા પ્રાસાદો છે.

ત્યાં સેંકડો મણિથી જડિત ઘણાં પ્રકારના આસન, શય્યા, સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમયમાળા અને અલંકાર હોય છે.

● **ગાથા-૨૬૨ થી ૨૬૫ :-**

આણત-પ્રાણત કલ્પમાં પૃથ્વી જાડાઈ-૨૩૦૦ યોજનોની હોય છે. તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિઓની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા, અલંકારોથી યુક્ત ઘણાં પ્રકારના પ્રાસાદ ઉક્ત બંને કલ્પના વિમાનોમાં હોય છે.

શંખ અને હિમ જેવા શુક્લ વર્ણના ૯૦૦ ઉંચા પ્રાસાદો છે.

● **ગાથા-૨૬૬ થી ૨૬૮ :-**

ગ્રૈવેયક વિમાનોમાં ૨૨૦૦ યોજન પૃથ્વીની જાડાઈ હોય છે અને તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તુપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત ઘણાં પ્રકારના પ્રાસાદો ઉક્ત ગ્રૈવેયક વિમાનોમાં ત્યાં રહેલાં હોય છે.

શંખ અને હિમ જેવા શ્વેત વસ્ત્રવાળા એવા ૧૦૦૦ ઉંચા પ્રાસાદો તે શોભિત છે, તેમ કહેલ છે.

● ગાથા-૨૬૯ થી ૨૭૨ :-

પાંચ અનુત્તર વિમાનોમાં ૨૧૦૦ યોજન પૃથ્વીની જાડાઈ હોય છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત છે. સુંદર મણિની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત ઘણાં પ્રકારના પ્રાસાદ ત્યાં છે.

શંખ અને હિમના જેવા શ્વેત વર્ણવાળા ૧૧૦૦ ઉંચા પ્રાસાદ આ અનુત્તર વિમાને શોભે છે. સેંકડો મણિથી જડિત, ઘણાં પ્રકારના આસન, શય્યા અને સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમયમાળા, અલંકાર ત્યાં હોય છે.

● ગાથા-૨૭૩ થી ૨૭૮ :-

સર્વાર્થ સિદ્ધ વિમાનના સૌથી ઉંચા સ્તુપને અંતે બાર યોજન ઉપર ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આવેલી છે.

તે પૃથ્વી નિર્મળ જળકળ, હિમ, ગાયનું દૂધ, સમુદ્રના ફીણ જેવી ઉજ્જવળ વર્ણવાળી છે.

તથા ઉલટા કરાયેલા છત્રના આકારે સ્થિત છે.

તે ૪૫-લાખ યોજન લાંબી-પહોળી છે.

— તેના કરતાં ત્રણ ગણાંથી અધિક તેની પરિધિ છે. જેનું માપ - ૧, ૪૨, ૩૦,૨૪૯ યોજન છે.

— તે પૃથ્વી મધ્ય ભાગે આઠ યોજન જાડી છે.

— ઘટતાં ઘટતાં માખીની પાંખ જેવી પાતળી થઈ જાય છે.

— તે શંખ, શ્વેત રત્ન, અર્જુન સુવર્ણ સમાન વર્ણવાળી તથા ઉલટા છત્રના આકારવાળી છે.

● ગાથા-૨૭૯,૨૮૦ :-

સિદ્ધશિલાની ઉપર એક યોજન પછી લોકનો અંત આવે.

તે એક યોજનના ઉપરના ૧૬માં ભાગમાં સિદ્ધોનું સ્થાન અવસ્થિત છે. [તેમ તું જાણ.]

ત્યાં તે સિદ્ધ ભગવંતો નિશ્ચયથી વેદનારહિત, મમતારહિત, આસક્તિ રહિત, શરીર રહિત એવા ઘનીભૂત આત્મપ્રદેશોથી નિર્મિત આકારવાળા [જો કે નિરાકાર જ હોય] હોય છે.

● ગાથા-૨૮૧ થી ૨૯૧ :-

(૧) સિદ્ધો ક્યાં અટકે છે ?

(૨) સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત થાય છે ?

(૩) તેઓ પોતાના શરીરનો ક્યાં ત્યાગ કરે છે ?

(૪) તેઓ ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

— શરીર છોડતી વખતે અંતિમ સમયે જે સંસ્થાન હોય, તે સંસ્થાને જ આત્મપ્રદેશો ઘનીભૂત થઈ તે સિદ્ધાવસ્થા પામે છે.

— અંતિમ ભવે શરીરનું જે દીર્ઘ કે હ્રસ્વ પ્રમાણ હોય છે, તેનો એક તૃતિયાંશ



ભાગ ઘટી જઈને સિદ્ધાવગાહના થાય છે.

— સિદ્ધોની ઉત્કૃષ્ટાવગાહના સાધિક ૩૩૩ ધનુષ્ જાણ.

— સિદ્ધોની મધ્યમાવગાહના ચાર હાથ પૂર્ણ ઉપર બે તૃતિયાંશ હાથ પ્રમાણ કહી છે.

[નોંધ :- અહીં રત્ની શબ્દ છે, રત્ની એટલે એક હાથ પ્રમાણ, જેને કોશમાં દોઢ ફૂટ પ્રમાણ કહી છે.]

— જઘન્યાવગાહનાથી સિદ્ધો એક હાથ પ્રમાણ અને આઠ અંગુલથી કંઈક અધિક કહેવાયેલા છે.

— અંતિમ ભવના શરીરના ત્રણ ભાગમાંથી એક ભાગ ન્યૂન અર્થાત્ બે તૃતીયાંશ પ્રમાણ સિદ્ધાવગાહના કહી છે.

— જરા અને મરણથી વિમુક્ત અનંત સિદ્ધો હોય છે.

— તે બધાં લોકાંતને સ્પર્શતા એકબીજાને અવગાહે છે.

— અશરીર સઘન આત્મ પ્રદેશવાળા, અનાકાર દર્શન અને સાકાર જ્ઞાનમાં અપ્રમત્ત એ સિદ્ધોનું લક્ષણ છે.

— સિદ્ધ આત્મા પોતાના આત્મપ્રદેશોથી અનંત સિદ્ધોને સ્પર્શે છે. [એ સ્પર્શના દ્વાર જાણ.]

દેશ-પ્રદેશોથી સિદ્ધો પણ અસંખ્યાતગણાં છે.

● ગાથા-૨૯૨,૨૯૩ :-

કેવળ જ્ઞાનમાં ઉપયોગવાળા સિદ્ધો બધાં દ્રવ્યોના દરેક ગુણ અને દરેક પર્યાયોને જાણે છે.

અનંત કેવળ દૃષ્ટિથી બધું જ જુએ છે.

જ્ઞાન અને દર્શન એ બંને ઉપયોગમાં બધાં કેવળીને એક સમયમાં એક ઉપયોગ હોય, બંને ઉપયોગ સાથે ન હોય.

● ગાથા-૨૯૪ થી ૩૦૨ :-

દેવગણના સમૂહના સમસ્ત કાળના સમસ્ત સુખોને અનંતગણાં કરવામાં આવે. ત્યારપછી — તે સંખ્યાને અનંતવર્ગોથી વર્ગિત કરાય.

— તો પણ મુક્તિના સુખની તુલના ન થઈ શકે.

મુક્તિ પ્રાપ્ત સિદ્ધોને જે અવ્યાબાધ સુખ છે, તે સુખ મનુષ્યને કે સમસ્ત દેવતાને પણ નથી.

સિદ્ધના સમસ્ત સુખ રાશિને જો :—

(૧) સમસ્તકાળથી ગુણિત કરવામાં આવે

(૨) ત્યારપછી તેનું અનંત વર્ગમૂળ કરવામાં આવે

(૩) તો પણ પ્રાપ્ત સંખ્યા સમસ્ત આકાશમાં ન સમાય.

— જેવી રીતે કોઈ મ્લેચ્છ અનેક પ્રકારના નગરના ગુણોને જાણતો હોય તો પણ પોતાની ભાષામાં અપ્રાપ્ત ઉપમાઓને કારણે તે ગુણો કોઈને કહી શકતો નથી.

એ રીતે સિદ્ધોનું સુખ અનુપમ છે. તેની કોઈ ઉપમા નથી, તો પણ કેટલાંક વિશેષણો દ્વારા તેની સમાનતા કહું છું.

કોઈ પુરુષ સૌથી ઉત્કૃષ્ટ ભોજન કરીને ભુખ અને તરસથી મુક્ત થઈ જાય અને જાણે કે અમૃતથી તૃપ્ત થયો છે.

એ રીતે સમસ્તકાળમાં તૃપ્ત, અતુલ, શાશ્વત અને અવ્યાબાધ નિર્વાણ સુખને પામીને સિદ્ધો સુખી રહે છે.

તેઓ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે.

કર્મરૂપી કવચથી ઉન્મુક્ત, અજર-અમર-અસંગ છે.

જેમણે બધાં દુઃખોને દૂર કરી દીધા છે. જાતિ-જન્મ-જરા-મરણના બંધનથી મુક્ત, શાશ્વત, અવ્યાબાધ સુખનો તે સિદ્ધો નિરંતર અનુભવ કરતાં રહે છે.

● ગાથા-૩૦૩ થી ૩૦૫ :-

સમગ્ર દેવોની અને તેના સમગ્ર કાળની જે ઋદ્ધિ છે, તેનું અનંતગણું કરીએ તો પણ જિનેશ્વર પરમાત્માની ઋદ્ધિના અનંતાનંત ભાગ બરાબર ન થાય.

સંપૂર્ણ વૈભવ અને ઋદ્ધિયુક્ત ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વિમાનવાસી દેવ પણ અરહંતોને વંદન કરે છે.

ભવનપતિ, વાણવ્યંતર, વિમાનવાસી દેવો અને ઋષિપાલિત પોતપોતાની બુદ્ધિથી જિન-મહિમા વર્ણવે છે.

● ગાથા-૩૦૬ થી ૩૦૮ :-

વીર અને ઈન્દ્રોની સ્તુતિના કર્તા, જેવો પોતે બધાં ઈન્દ્રો અને જિનેન્દ્રોની સ્તુતિ અને કિર્તન કર્યુ છે, તે સુરો, અસુરો, ગુરુ અને સિદ્ધો મને સિદ્ધિ આપો.

આ રીતે ભવનપત્યાદિ ચારે દેવનિકાય દેવોની સ્તુતિ સમગ્રરૂપે સમાપ્ત થઈ.

**દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક સૂત્ર-૯, આગમ-૩૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**



# ૩૩ વીરસ્તવ પ્રકીર્ણકસૂત્ર-૧૦

## મૂળ સૂત્રાનુવાદ

*૦ પયન્ના સૂત્રોમાં આ દશમું સૂત્ર છે, તેના ઉપરની કોઈ જ વૃત્તિ કે અવચૂરી આદિ અમારી જાણમાં આવેલ નથી.*

*૦ આપણે ત્યાં પયન્ના સૂત્રોની દશની સંખ્યા સ્વીકારવા છતાં તેમાં સ્વીકૃત્ પયન્ના વિશે બે પરંપરા અનુવર્તે છે.*

*(૧) પૂજ્યપાદ્ આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદ સૂરીશ્વરજીએ જે દશ પયન્નાને સંપાદિત કરીને પ્રકાશિત કર્યા તેમાં –*

*(૨) પૂજ્ય મુનિરાજશ્રી પુન્યવિજયજીએ સંપાદન કર્યુ તેમાં –*

*ઉક્ત બંને સંપાદનોમાં આઠ પયન્ના તો એક સમાન છે, પણ બે પયન્નામાં તેમની વચ્ચે મતભેદ છે.*

*પહેલાં આચાર્યશ્રીએ ગચ્છાચાર અને મરણસમાધિ પયન્ના સ્વીકારેલ છે, બીજા મુનિરાજશ્રીએ ચંદ્રવેધ્યક અને વીરસ્તવને સ્વીકાર્યા છે. અમોએ ગચ્છાચાર જોડે ચંદ્રવેધ્યકનો અનુવાદ તો કર્યો જ છે. એ રીતે બંને મતો સ્વીકાર્યા છે. પરંતુ વીરસ્તવ અને મરણ સમાધિમાં અમે અહીં માત્ર વીરસ્તવનો જ અનુવાદ કરેલ છે.*

*જો કે અમારા आगमसुत्ताणि-मूल માં બંને પયન્નાને અમે પ્રકાશિત કર્યા જ છે અને आगम सुत्ताणि-सटीकं માં મરણ સમાધિ પયન્નો અને તેની સંસ્કૃત છાયા પણ છપાવેલ જ છે.*

*પયન્ના માત્ર આ દશ જ છે, કે વિકલ્પ સ્વીકારીએ તો બાર જ છે, તેમ નથી. તે સિવાયના પણ પયન્ના મુદ્રિત સ્વરૂપે પણ હાલ ઉપલબ્ધ જ છે, તે જાણ ખાતર.*

*પયન્નાને શાસ્ત્રીય પરિભાષાથી વિચારો તો ગચ્છાચાર પયન્ના, નંદીસૂત્ર, સૂત્રકૃતાંગની ટીકા ખાસ જોવી.*

***૦ હવે પ્રસ્તુત “પયન્ના”ની ૪૩-ગાથાનો ક્રમશઃ અનુવાદ –***

● ગાથા-૧ :-

જગજીવ બંધુ, ભવિજનરૂપી કુમુદને વિકસાવનાર, પર્વત સમાનધીર, એવા વીરજિનેશ્વરને નમસ્કાર કરીને, તેમને પ્રગટ નામો વડે હું હવે સ્તવીશ.

● ગાથા-૨,૩ :-

અરુહ, અરિહંત, અરહંત, દેવ, જિન, વીર, પરમકરુણાલુ, સર્વજ્ઞ, સર્વદર્શી, સમર્થ, ત્રિલોકના નાથ, વીતરાગ, કેવલી, ત્રિભુવન ગુરુ, સર્વ ત્રિભુવન વરિષ્ઠ, ભગવન્, તીર્થંકર, શક્ર વડે નમસ્કાર કરાયેલા એવા જિનેન્દ્ર તમે જય પામો.

● ગાથા-૪ :-

શ્રી વર્ધમાન, હરિ, હર, કમલાસન પ્રમુખ નામોથી આપને, જડમતિ એવો હું સૂત્રાનુસાર યથાર્થ ગુણો વડે સ્તવીશ.

● ગાથા-૫ :-

ભવબીજરૂપ અંકુરથી થયેલ કર્મોને, ધ્યાનરૂપી અગ્નિ વડે બાળી ફરી ભવરૂપી ગહન વનમાં ન ઉગવા દેનારા છો, માટે હે નાથ ! આપ ''અરુહ'' છો.

● ગાથા-૬ :-

પ્રાણીઓને ઘોર ઉપસર્ગો, પરીષહો, કષાય ઉત્પન્ન કરનારા જે શત્રુઓ, તે બધાંને હે નાથ ! આપે સમૂળગા હણી નાંખેલ છે, તેથી આપ અરિહંત છો.

● ગાથા-૭,૮ :-

ઉત્તમ એવા વંદન, સ્તવન, નમસ્કાર, પૂજા, સત્કાર અને સિદ્ધિગમનની યોગ્યતાવાળા છો, તેથી આપ અરહંત છો.

દેવ મનુષ્ય અસુર આદિની ઉત્તમ પૂજાને આપ યોગ્ય છો, ધીરતાવાળા છો અને માનથી મૂકાયેલા છો, તે કારણથી હે નાથ ! આપ ''અરહંત'' છો.

● ગાથા-૯ થી ૧૨ :-

રથ, ગાડી અને શેષ સંગ્રહ નિદર્શિત કે પર્વતની ગુફાદિ તેમાંનું તમારે કંઈ જ દૂર નથી – તેથી હે જિનેશ્વર તમે ''અરહંત'' છો.

જેણે ઉત્તમ જ્ઞાન વડે સંસાર માર્ગનો અંત કરી, મરણને દૂર કરી, નિજ સ્વરૂપ રૂપ સંપત્તિ મેળવેલી છે – તે કારણથી આપ જ ''અરહંત'' છો.

આપને મનોહર કે અમનોહર શબ્દો છૂપા નથી, તેમજ મન અને કાયાના યોગને સિદ્ધાંતથી રંજિત કર્યા છે – તે કારણે હે નાથ ! આપ અરહંત છો.

દેવેન્દ્રો અને અનુત્તર દેવોની સમર્થ પૂજા આદિને યોગ્ય છો, કરોડો મર્યાદાનો અંત કરનારને શરણ યોગ્ય છો. તે કારણથી આપ ''અરહંત'' છો.

● ગાથા-૧૩,૧૪ :-

સિદ્ધિ વધુના સંગથી બીજા મોહશત્રુના વિજેતા છો અને અનંત સખ પુણ્ય પરિણતિથી પરિવેષ્ટિત છો માટે દેવ છો.

રાગાદિ વૈરીઓને દૂર કરીને, દુઃખ અને કલેશના આપે સમાધાન કર્યા છે, અર્થાત્ નિવાર્યા છે - તથા -

ગુણ આદિ વડે શત્રુને આકર્ષીને જય કર્યો છે.

તેથી હે જિનેશ્વર ! તમે દેવ છો.

● ગાથા-૧૫,૧૬ :-

– દુષ્ટ એવા આઠ કર્મોની ગ્રંથિને આપે પ્રાપ્ત ધનસમૂહથી દૂર કરી છે [ભેદી નાંખેલ છે.]

– ઉત્તમ મલ્લ સમૂહને આકલન કરીને આપે તપશ્ચરણથી શોધી નાંખેલા છે - અર્થાત્ -

તપ વડે કર્મરૂપી મલ્લને ખતમ કર્યા છે, તેથી વીર છો.

પ્રથમ વ્રતગ્રહણ દિવસે ઈન્દ્રની વિનય કરણની ઈચ્છાને હણીને તમે ઉત્તમોત્તમ મુનિ થયા છો, માટે મહાવીર છો.



● ગાથા-૧૭ :-

આપને સચરાચર પ્રાણીએ દુભવ્યા કે ભક્તિ કરી –

આપનો આક્રોશ કર્યો કે આપની સ્તુતિ કરી –

તેઓ આપના શત્રુપણે રહ્યા કે મિત્રપણે રહ્યા –

પરંતુ આપે તેમના મનને કરુણા રસથી રંજિત કર્યુ માટે આપ પરમકારુણિક - કરુણારસવાળા છો.

● ગાથા-૧૮ :-

બીજાના જે ભાવ કે સદ્ભાવ કે ભાવના, જે થયા-થશે કે થાય છે, તેને આપ કેવળજ્ઞાન વડે જાણો છો અને કહો પણ છો માટે હે નાથ. આપ સર્વજ્ઞ છો.

● ગાથા-૧૯ :-

સમસ્ત ભુવનમાં પોત-પોતાના સ્વરૂપે રહેલા નિર્બળ અથવા બળવાન્‌ને આપ સમપણે જુઓ છો, માટે હે નાથ ! આપ ''સર્વદર્શી'' છો.

● ગાથા-૨૦ :-

કર્મ અને ભવનો પાર પામ્યા છો - અથવા –

શ્રુતરૂપી જલધિને જાણીને તેનો સર્વથા પાર પામ્યા છો

માટે હે નાથ ! તમે ''પારગ'' છો.

● ગાથા-૨૧ :-

હે નાથ ! વર્તમાન, ભાવિ કે ભૂતવર્તી જે પદાર્થ તેને હાથમાં રહેલ આમળાના-ફળની જેમ આપ જાણો છો.

માટે આપ ''ત્રિકાળવિદ્'' છો.

● ગાથા-૨૨ :-

અનાથના નાથ છો, ભયંકર ગહન ભવવનમાં વર્તતા જીવોને ઉપદેશ દાનથી માર્ગરૂપી નયન આપો છો.

તેથી આપ ''નાથ'' છો.

● ગાથા-૨૩ :-

પ્રાણીઓના ચિત્તમાં પ્રવેશેલા સારી વસ્તુનો રાગ-રતિ,

તે રાગ રૂપને પુનઃદોષરૂપે વ્યાખ્યાયિત કર્યો છે.

અથવા વિપરીત કહ્યો છે - રાગને દૂર કર્યો છે.

– માટે હે પ્રભુ ! આપ ''વીતરાગ'' છો.

● ગાથા-૨૪ :-

કમળરૂપી આસન છે માટે આપ હરિ-ઈન્દ્ર છો.

સૂર્ય કે ઈન્દ્ર વગેરેના માનનું આપે ખંડન કરેલું છે, માટે હે પ્રભુ, આપ ''શંકર'' પણ છો.

હે જિનેશ્વર ! એક સમાન સુખ-આશ્રય આપની પાસેથી મળી રહે છે, એવા પ્રભુ તમે જ છો.

● ગાથા-૨૫ થી ૨૭ :-

જીવોનું મર્દન, ચૂર્ણન, વિનાશ, ભક્ષણ, હિંસા, હાથ અને પગનો વિનાશ, નખ અને હોઠોનું વિદારણ —

આ કાર્યોનું જેનું લક્ષ્ય કે આશ્રય જ્ઞાન છે.

અન્ય કુટિલતા, ત્રિશુલ, જટા, ગુરુ તિરસ્કાર, મનમાં અસૂયા, ગુણકારીની લઘુતા એવા ઘણાં દોષો હોય.

આવા બહુરૂપધારી દેવો તમારી પાસે વસે છે. તો પણ તેને વિકાર રહિત કર્યા માટે વીતરાગ છો.

● ગાથા-૨૮,૨૯ :-

સર્વ દ્રવ્યના પ્રત્યેક પર્યાયની અનંત પરિણતિ સ્વરૂપને એક સાથે અને ત્રિકાળ સંસ્થિત પણે જાણો છો માટે તમે કેવલિ છો, તે વિષયે તમારી અપ્રતિહત, અનવરત, અવિકલ શક્તિ ફેલાયેલી છે. રાગદ્વેષ રહિતપણે પદાર્થોને જાણેલા છે, માટે કેવલી-કેવળજ્ઞાની કહેલાં છે.

● ગાથા-૩૦,૩૧ :-

જે સંજ્ઞી પંચેન્દ્રિયને ત્રિભુવન શબ્દ વડે ગ્રાહ્યાર્થ થતાં તેઓનું સદ્ધર્મમાં જે જોડાણ કરે છે. અર્થાત્ પોતાની વાણી વડે ધર્મમાં જોડે છે, માટે તમે ત્રિભુવન ગુરુ છો.

પ્રત્યેક સૂક્ષ્મ જીવોને મોટા દુઃખથી નિવારનાર અને સર્વને હિતકારી હોવાથી તમે સંપૂર્ણ છો.

● ગાથા-૩૨ :-

બળ, વીર્ય, સત્વ, સૌભાગ્ય, રૂપ, વિજ્ઞાન, જ્ઞાનમાં ઉત્કૃષ્ટ છો. ઉત્તમ પંકજે વિચરો છો, માટે ત્રિભુવન શ્રેષ્ઠ છો.

● ગાથા-૩૩ :-

પ્રતિપૂર્ણ રૂપ, ધન, ધર્મ, કાંતિ, ઉધમ, યશવાળા છો. ભયસંજ્ઞા પણ તમારાથી શિથિલ બની છે, તેથી હે નાથ ! આપ ભયાંત [ભયના અંતકર] છો.

● ગાથા-૩૪ :-

આલોક, પરલોક આદિ સાત પ્રકારના ભય વિનાશ પામ્યા છે, તેથી હે જિનેશ ! તમે ભયાંત છો.

● ગાથા-૩૫ :-

ચતુર્વિધ સંઘ કે પ્રથમ ગણધરરૂપ એવા તીર્થને કરવાના આચારવાળા છો, માટે તીર્થંકર છો.

● ગાથા-૩૬ :-

એ રીતે ગુણસમૂહથી સમર્થ ! તમને શક્ર પણ અભિનંદે તેમાં શું આશ્ચર્ય ? તેથી શક્રથી અભિવંદિત હે જિનેશ્વર ! આપને નમસ્કાર થાઓ.

● ગાથા-૩૭ :-

મનઃપર્યવ, અવધિ, ઉપશાંત અને ક્ષયમોહ, એ ત્રણેને જિન કહે છે, તેમાં



આપ પરમ ઐશ્વર્યવાળા ઈન્દ્ર સમાન છો માટે આપને જિનેન્દ્ર કહેલાં છે.

● ગાથા-૩૮ :-

શ્રી સિદ્ધાર્થ નરેશ્વરના ઘરમાં ધન, કંચન, દેશ, કોશ વગેરેની તમે વૃદ્ધિ કરી માટે હે જિનેશ્વર ! તમે વર્ધમાન છો.

● ગાથા-૩૯ :-

કમળનો નિવાસ છે, હસ્તતલમાં શંખ, ચક્ર, સારંગ છે, વર્ષીદાન આપેલું છે, માટે હે જિનેશ્વર ! તમે વિષ્ણુ છો.

● ગાથા-૪૦ :-

તમારી પાસે શિવ-આયુધ નથી અને તમે નીલકંઠ પણ નથી, તો પણ પ્રાણીઓની બાહ્ય-અભ્યંતર કર્મરજને તમે હરો છો માટે આપ હર [શંકર] છો.

● ગાથા-૪૧ :-

કમલરૂપી આસન છે, ચારે મુખ ચતુર્વિધ ધર્મ કહો છો, હંસ-હ્રસ્વગમનથી જનાર છો, માટે તમે જ બ્રહ્મા કહેવાઓ છો.

● ગાથા-૪૨ :-

સમાન અર્થવાળા એવા જીવાદિ તત્ત્વોને સવિશેષ જાણો છો, ઉત્તમ નિર્મળ કેવળ પામ્યા છો, માટે તમે બુદ્ધ છો.

● ગાથા-૪૩ :-

શ્રી વીર જિણંદને આ નામાવલિ વડે મંદપુન્ય એવા મેં સંસ્તવ્યા છે. હે જિનવર મારા ઉપર કરુણા કરીને મને પવિત્ર શિવપંથમાં સ્થિર કરો.

**વીરસ્તવ પ્રકીર્ણક સૂત્ર-૧૦, આગમ-૩૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

— x — x — x — x —

# ભાગ-૨૮મો પૂર્ણ

— x — x —

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |